ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

નિયમસાર રહસ્ય

(ભાગ-૨)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૬૬ના શુદ્ધભાવ અધિકાર, ગાથા-૩૮ થી ૫૫ તથા કળશ-૩૬ થી ૭૫
ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત	વીર સંવત	ઈ. સન
૨૦૮૧	૨૫૫૧	૨૦૨૫

પ્રકાશન તિથિ

ભગવાની શ્રી મહાવીરસ્વામી નિર્વાણકલ્યાણક દિન,
આસો વદ-૦)), તા. ૨૧-૧૦-૨૦૨૫

પ્રાપ્તિ સ્થાન

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦
(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

ટાઈપ સેટિંગ

પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

– શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ.

અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારાજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,

આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.

સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તા:- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તા:- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર

સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તા:- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તા:- ૧૬-૨-૨૦૦૫

નિયમસાર રહસ્ય ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૭૨, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

અનુક્રમણિકા

પ્રવચન નં.	તારીખ	શ્લોક/ગાથા	પૃ.સં.
૩૪	૨૮-૦૩-૧૯૬૬	ગાથા-૩૮, શ્લોક-૩૬	૦૦૧
૩૫	૨૯-૦૩-૧૯૬૬	ગાથા-૩૮,	૦૧૫
૩૬	૩૦-૦૩-૧૯૬૬	શ્લોક-૫૪, ગાથા-૩૯,	૦૨૮
૩૭	૩૧-૦૩-૧૯૬૬	ગાથા-૩૯,	૦૪૧
૩૮	૦૧-૦૪-૧૯૬૬	શ્લોક-૫૫, ગાથા-૪૦	૦૫૩
૩૯	૦૨-૦૪-૧૯૬૬	ગાથા-૪૦,	૦૬૫
૪૦	૦૩-૦૪-૧૯૬૬	શ્લોક-૫૬-૫૭	૦૭૯
૪૧	૦૪-૦૪-૧૯૬૬	ગાથા-૪૧	૦૯૩
૪૨	૦૫-૦૪-૧૯૬૬	ગાથા-૪૧	૧૦૬
૪૩	૦૬-૦૪-૧૯૬૬	ગાથા-૪૧, શ્લોક-૫૮, ૫૯	૧૨૦
૪૪	૦૭-૦૪-૧૯૬૬	ગાથા-૪૨,	૧૩૫
૪૫	૦૮-૦૪-૧૯૬૬	ગાથા-૪૨	૧૪૭
૪૬	૦૯-૦૪-૧૯૬૬	ગાથા-૪૨	૧૬૨
૪૭	૧૦-૦૪-૧૯૬૬	ગાથા-૪૨, શ્લોક-૬૦, ૬૧	૧૭૫
૪૮	૧૧-૦૪-૧૯૬૬	શ્લોક-૬૧, ગાથા-૪૩	૧૮૮
૪૯	૧૨-૦૪-૧૯૬૬	ગાથા-૪૩	૨૦૦
૫૦	૧૫-૦૪-૧૯૬૬	ગાથા-૪૩	૨૧૪
૫૧	૧૬-૦૪-૧૯૬૬	શ્લોક-૬૫ થી ૬૮	૨૨૭
૫૨	૧૬-૦૪-૧૯૬૬	ગાથા-૪૪	૨૪૦
૫૩	૧૭-૦૪-૧૯૬૬	ગાથા-૪૪ થી ૪૬, શ્લોક-૬૯	૨૫૩

૫૪	૧૮–૦૪–૧૯૬૬	ગાથા–૪૫, ૪૬, શ્લોક–૭૦	૨૬૫
૫૫	૧૯–૦૪–૧૯૬૬	શ્લોક–૭૦, ૭૧, ગાથા–૪૭	૨૭૮
૫૬	૨૦–૦૪–૧૯૬૬	ગાથા–૪૮, શ્લોક–૭૨	૨૮૯
૫૭	૨૧–૦૪–૧૯૬૬	ગાથા–૪૯, શ્લોક–૭૩	૩૦૨
૫૮	૨૨–૦૪–૧૯૬૬	ગાથા–૫૦	૩૧૪
૫૯	૨૩–૦૪–૧૯૬૬	ગાથા–૫૦, શ્લોક–૭૪	૩૨૭
૬૦	૦૯–૦૫–૧૯૬૬	ગાથા–૫૧ થી ૫૫, શ્લોક–૭૫	૩૪૧

ૐ

શ્રી પરમાત્મને નમઃ

નિયમસાર રહસ્ય

(ભાગ–૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના ૧૯૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

શુદ્ધભાવ અધિકાર

ચૈત્ર સુદ-૬, સોમવાર, તા. ૨૮-૦૩-૧૯૬૬,
શ્લોક-૩૬, ગાથા-૩૮, પ્રવચન નં. ૩૪

(मालिनी)

अथ नययुगयुक्तिं लंघयन्तो न सन्तः
परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफाः।
सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति
क्षितिषु परमतोक्तेः किं फलं सज्जनानाम्।।३६।।

જે સત્પુરુષો છે—ધર્મી, એ '(**શ્લોકાર્થ :- જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા...**' ભગવાને આત્માના બે અંશમાં બે નય કહ્યા છે. દ્રવ્યાર્થિકનયે શુદ્ધ સત્તાગ્રાહક ત્રિકાળ પરમસ્વભાવગ્રાહક દૃષ્ટિથી આત્મા પર્યાય-અવસ્થા રહિત છે, પર્યાયદૃષ્ટિથી પર્યાયસહિત છે. એ બે નયોના સંબંધને. બે નયોના સંબંધને બરાબર જાણવો જોઈએ. વસ્તુ ભગવાન આત્મા એક સમયમાં મહાસત્તા વસ્તુ એકરૂપ છે એ દૃષ્ટિએ એમાં પર્યાય નથી એમ ધર્મીજીવોએ દ્રવ્યસત્તા ઉપર દૃષ્ટિ રાખી પર્યાયને ગૌણ કરીને, પર્યાય પર્યાયદૃષ્ટિએ છે એમ એને સંબંધ

જોડવો, પણ પર્યાય દ્રવ્યમાં છે એમ માનવું નહિ. શું કહ્યું સમજાણું આ?

વસ્તુ છે, આ રજકણ શરીર આદિ અજીવ એની અહીં વાત નથી, કર્મની અહીં વાત નથી, કર્મ જડ છે. આત્માના હોવાપણાના બે અંશો છે. એક કાયમનું હોવાપણું મહાસત્તાસ્વરૂપ એ દ્રવ્યાર્થિકનયનો કાયમી સ્વભાવને લક્ષમાં લ્યે એવા નયનો એ વિષય છે. એમ એણે--ધર્મીજીવે પોતાના આત્મામાં દ્રવ્યાર્થિકનયે એકરૂપ છે એમ નક્કી કરવું. આમાં ધર્મ કેમ થાય? એમ કોઈ સવારે પૂછતું હતું કે આમાં આત્મામાં ક્યાં ...? પણ આત્મામાં પરથી રુચિ છોડાવી અને આત્માની રુચિ કરવાનો ઉપદેશ છે. આ ભોગનું ને ફલાણું બધું આવે છેને? એમાં આત્મા તો આવતો નથી. અહીં તો આપણે આત્મા.. આત્મા ચાલે. એમ કહે. એઈ..! પણ એ આત્મા અનાદિ કાળનો વિષયમાં, ભોગમાં, પરમાં, લક્ષ્મીમાં રળવામાં રોકાય છે એ પાપ છે, એ રુચિ તારે છોડવી જોઈએ. એ માટે અધિકાર ચાલે છે. એઈ..! પ્રશ્ન તો થાયને માણસને. આપણે અહીં સમયસારમાં આત્મા.. આત્મા.. કેવી વાત ચાલે! અને આ વળી ભોગવે આવું ને રળે તો આમ થાય, ઢીકણું આમ થાય, દુઃખ થાય, ફલાણું થાય. સંસારમાં ક્યાંય સુખ નથી. આમ કરે તો ભોગવે તો પાપ છે ને તૃપ્તિ ન થાય.. પણ એ બધું પરની રુચિ છોડાવવા માટે છે. સમજાણું કાંઈ? એ વિષયમાં, ભોગમાં, પુણ્યમાં, રળવામાં પાપ છે એ બધી રુચિ છોડાવે છે. છોડ રુચિ, એમાં સુખ છે નહિ. સમજાણું કાંઈ?

એમ અહીંયા એક સમયનો ત્રિકાળ આત્મા એને દૃષ્ટિમાં લે તો પર્યાયને લક્ષમાં ગૌણ કરાય છે. સમજાય છે કાંઈ? અને પર્યાયદૃષ્ટિએ પર્યાય છે એમ એણે જાણવા માટે જાણવું. પર્યાય નથી એમ નહિ, અવસ્થા નથી એમ નહિ. અવસ્થાદૃષ્ટિએ અવસ્થા છે. એને ગૌણ કરી અને વસ્તુ ત્રિકાળ આનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો આશ્રય કરવો એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એમ બે નયનો સંબંધ કરીને, બે નયના સંબંધને નહિ ઓળંગતા '**પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા...**' પરમવીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એના પાદકમળ, એના યુગલ એટલે બેમાં મત્ત થયેલા સમકિતીઓ. ધર્મીજીવ વીતરાગના ચરણકમળમાં મત્ત થયેલા છે. એટલે કે એમણે કહેલા તત્ત્વોને સમજવામાં મસ્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એમણે જે તત્ત્વો કહ્યા એ બરાબર અને એમ જ છે, એમ જ્ઞાનીપુરુષ એમના કહેલા તત્ત્વમાં દ્રવ્યમાં મસ્ત છે, પર્યાયને બરાબર જાણે છે, એમણે કહેલા તત્ત્વોમાં જ એની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? '**પરમજિનના...**' પાછું જોયું? જિન એકલા નહિ. પરમજિન વીતરાગ પરમેશ્વર એના પાદપંકજ, પાદકમળ, એના યુગલ બેમાં મત્ત થયેલા ભ્રમર સમાન. ભમરો જેમ ફૂલનો પરાગ લેવા, રસ લેવા એમાં મસ્ત હોય છે, એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ વીતરાગે કહેલા તત્ત્વોના સારને લેવા મસ્ત હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા એવામાં, ફૂલના પરાગમાં રસમાં જેમ ભમરો મસ્ત છે, એમ વીતરાગે કહેલા તત્ત્વોમાં મસ્ત છે '**એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે.**' એવા આત્માઓ આત્માને જેવી રીતે ભગવાને કહ્યો, જોયો, જાણ્યો, ભગવાને જેવી રીતે પર્યાય, રાગાદિ જોયા, જાણ્યા, એમ જગતના નવે તત્ત્વો ભગવાને જેમ છે તેમ જોયા, જાણ્યા અને કહ્યા એનું જ્ઞાન કરીને જે આત્મા અંતરના સ્વરૂપમાં એકાકાર થાય છે, એ શીઘ્ર સમયસારને જરૂર પામે છે, એ અલ્પ કાળમાં આત્માની પ્રાપ્તિ કરે છે, એની મુક્તિ થાય છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ... જુઓ, બે વાત કરશે. એમણે કહેલા જે આત્મતત્ત્વ, જડતત્ત્વ, પુણ્ય-પાપતત્ત્વ આદિ જે સ્વરૂપ ભગવાને કહ્યું, છ દ્રવ્ય વસ્તુ એમાંથી આ આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છે એને પરથી તારવીને અંદરમાં અનુભવ કરશે એને અલ્પકાળમાં પરમાત્મપદની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? આહા..!

અરે..! '**પૃથ્વી ઉપર પરમતના કથનથી સજ્જનોને શું ફળ છે...**' એક વીતરાગ પરમેશ્વર જૈન તીર્થંકરદેવે કહેલા તત્ત્વો, એ સિવાય અજ્ઞાનીઓ ભગવાનના માર્ગથી વિરુદ્ધપણે કહેનારાઓ એવા અજ્ઞાનીના મતથી તને શું ફળ છે? કહો, સમજાણું કાંઈ? જુઓને, જ્યાં ત્યાં ચાલી નીકળે છે કે નહિ ધર્મને બહાને? પરમેશ્વર વીતરાગે શું કહ્યું છે? વીતરાગે છ દ્રવ્ય કહ્યા, નવ તત્ત્વ કહ્યા એમાં આત્મા પૂર્ણ શુદ્ધ અનંત ગુણનો પિંડ કહ્યો, એની અવસ્થા-હાલત કહી, એમાંથી હાલતનું લક્ષ છોડીને સ્વભાવનો આશ્રય કરવો એવી વાત વીતરાગ માર્ગ સિવાય બીજે હોય નહિ. સમજાણું કાંઈ?

'**પૃથ્વી ઉપર...**' આ દુનિયામાં '**પરમતના કથનથી...**' વીતરાગ પરમેશ્વર સિવાયના અજ્ઞાનીઓએ કહેલા માર્ગમાં સજ્જનને શું ફળ છે? ત્યાં શું એને મેળવવું છે કે ત્યાં સાંભળવા, વાંચવા, સમજવા શું જાય છે? એમ કહે છે. ન્યાલભાઈ! '**પૃથ્વી ઉપર...**' આ જગતની અંદર સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ ત્રિલોકનાથ એને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એણે ભગવાન આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ કહ્યું, એવા અનંત આત્માઓ પવિત્ર કહ્યા. પરમેશ્વરસ્વરૂપ જ આત્મા અંદર શક્તિએ છે. છતાં એની અવસ્થામાં મેલ, ભૂલ છે અને અવસ્થા ટળ્યે તેની નિર્મળ દશા થાય છે એવી વાત જૈન પરમેશ્વર સિવાય અન્યમતમાં ક્યાંય હોતી નથી. સમજાણું કાંઈ?

વેદાંતમાં કે બધા સાંખ્યમતમાં બધી વાતું કરે છેને ઘણા, એમાં આત્મા છે ને આત્મા છે. એમાં પણ છે કે નહિ?—ના, ના. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહેલી ચીજ આ દુનિયામાં બીજે ક્યાંય છે જ નહિ. બીજાની સાથે આ માર્ગને મેળવી અને એમાં પણ કાંઈક છે એમ લેવા જઈને સજ્જનને શું ફળ નીપજે છે? કહો, છગનભાઈ! ન્યાલભાઈ! જુઓને, જ્યાં ત્યાં બાવા ને કોઈ જોગી, કોઈ ફકીર હાલી નીકળ્યા જ્યાં ત્યાં, જાણે ત્યાં ધર્મ હશે

અને મોક્ષ હશે. જોકે અત્યારે તો બધા પૈસા ને સગવડતા માટે... બાવા ને ફકીર, જુઓ, હાલી નીકળ્યા છે કે નહિ? મુંબઈમાં અત્યારે નથી સાંઈ? હાલી નીકળ્યા છે. ન્યાં અત્યારે આ રાજકોટમાં વિરોધ કરે છે. વિરોધ કરવાના છે. આર્યસમાજ. છે શું પણ? તમે હાલી નીકળ્યા. જૈનો હાલી નીકળ્યા, લ્યો. સ્થાનકવાસી, દેરાવાસી ઓલા સાંઈ પાસે (દર્શન) કરવા. જૈનની ખબર ન મળે. જૈન પરમેશ્વર ત્રણલોકના નાથ, પાંચ પરમેશ્વર, પંચપરમેષ્ઠી જેવો જગતમાં કોઈ મંત્ર નથી. સમજાય છે કાંઈ? હજી તો ત્યાં કાંઈક લેવા જાય, બીજો મંત્ર આપો ને કાંઈક ફલાણું આપોને, અમારે કાંઈક લક્ષ્મી-બક્ષ્મી (વધે).

કીધુંને, હમણાં એક આવ્યો હતો ખાનગી, આમ દેખો તો મોટો બેરિસ્ટર જેવો દેખાય. લુગડા-બુગડા સારા. અહીં તો ઘણા માણસ આવે, ઘણી જાતના. આવ્યા ખાનગી. કીધું, મને પાંચ મિનિટ કામ છે. આમ દેખો તો બહુ સારો, પાંચસોનો પગાર હશે કે બહુ મોટો માણસ સારો. ખાનગી કહ્યું. શું છે? બહુ દેણામાં છું. દેણામાં છું તો મેં ભગવાન ભગવાન બહુ જપ્યા. પાંચ નવકારને. પછી? લક્ષ્મીને જપી. લક્ષ્મીદેવી. લક્ષ્મીદેવીને બહુ જપી તો અવાજ આવ્યો કે કાનજીસ્વામી પાસે જાઓ. મોટો સારો માણસ હોં દેખાવ. બિચારો મુંઝાય, દેણું બહુ હશે દેણું. એટલે કહે, કાનજીસ્વામી પાસે જાઓ તો એ પરમેશ્વરને બતાવશે. મેં કીધું, સીમંધર ભગવાનનું નામ લીધું? મેં કીધું, પૂછવા તો દ્યો. સમજ્યાને? અહીં તો અમારે પરમેશ્વર સીમંધર ભગવાન છે ભઈ અહીં તો. કહે, ઈ કંઈક ભૂલી ગયો છું, કાંઈક નામ કીધું હતું. ન્યાં તમને બતાવશે. કીધું, અહીં કાંઈ નથી હોં! અહીં તો આત્મા અને ધર્મની વાત છે. અહીં પૈસા-બૈસા મળે અને પૈસા થઈ જાય એની વાત નથી. બિચારો ડાહ્યો માણસ હતો. ન્યાલભાઈ! એવા ઘણા દુઃખીયા-સુખીયા આવે છે અંદર. આહા..હા..! સુખીયા લેવા માટે. દુઃખીયા સુખ લેવા માટે... લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી.. આઠ દિ' જપ્યો બરાબર, ત્યાં અવાજ આવ્યો, 'કાનજીસ્વામી પાસે જાઓ.' લક્ષ્મીને બહાને અહીં આવ્યો. કીધું, પૈસા-બૈસા બાપા અહીં નથી હોં! અહીં તો આ ભગવાન વીતરાગ પરમેશ્વર (છે). અહીં તો આપણે ચોખ્ખું કહ્યું, અહીં બાપુ કાંઈ છે નહિ. ઈ ભ્રમમાં તમને કો'કે નાખ્યા લાગે છે, તમને ભ્રમમાં આવી ગયું કાનજીસ્વામીનું નામ. અહીં તો આત્માની વાત છે.

પરમેશ્વર સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ પરમાત્મા સાક્ષાત્ અનંત થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન તીર્થંકરદેવ વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકર અને લાખો કેવળીઓ. એમ અનંત તીર્થંકરો થશે. એમણે કહેલો આત્મા અને એમણે કહેલા તત્ત્વો એમાંથી મોક્ષ અને આત્માની શાંતિ જોઈતી હોય તો એ વાત છે અમારી પાસે, કીધું, ભાઈ! પૈસા-બૈસા, બાયડી, છોકરા મળે એવું અહીં કંઈ છે નહિ. ઉઠી ગયો, તરત ઉઠી ગયો. સમજી ગયો કે અહીં ભૂલ ખાઈ ગયા. લક્ષ્મી દેવીએ કહ્યું કાનજીસ્વામી તોપણ ના પાડે છે. ... જ્યાં ત્યાં માને. ભ્રમણા થાય છેને. કોઈ મંત્ર ને કોઈ જંત્ર ને કોઈ દોરા

ને કોઈ ધાગા. મફતનો હેરાન હેરાન (થાય છે). પુણ્ય વિના પાઈ ત્રણ કાળમાં મળે નહિ. ધર્મીને પણ પુણ્યનું કામ શું છે? અહીં તો ઈ કહે છે. સમજાય છે કાંઈ?

સદ્ગ્રન પુરુષને આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ કહ્યો. આત્મા આનંદકંદ છે, ભાઈ! આત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. સમજાય છે કાંઈ? અનંતી શક્તિ. શાંતિ.. શાંતિથી ભરેલો આત્મા છે. એ સિવાય તારે જોવે છે શું? ત્યાં નજર કરતાં, શ્રદ્ધા કરતાં શાંતિ વળે અને ઠરતા કેવળજ્ઞાન થાય, એ તત્ત્વ સિવાય જોવે છે શું? આવો ત્રણલોકનો નાથ એ કણ-કણનો ભિખારી થઈને જ્યાં ત્યાં ફરે. કણ-કણનો ભિખારી. કોઈ કંઈક આપશે, કોઈ આપશે. કોઈ દ્યે એવું નથી, સાંભળને. સમજાણું કાંઈ? આ મોક્ષ પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે નથી એમ કહે છે અહીં તો. બાપુ! તારો ધર્મ તો અંદર આત્મા અખંડાનંદ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો છે. એ સર્વજ્ઞ પરમેશ્વર થયા એ અંતરના આત્માના અનુભવમાંથી થયા છે. સમજાણું કાંઈ?

એવો સર્વજ્ઞે કહેલો માર્ગ એ સિવાય ત્રણકાળમાં અન્યમતમાં જૈન વીતરાગ સિવાય અનેરા ૩૬૩ પાખંડમાં કે કોઈ મતમાં એવો માર્ગ છે નહિ. માટે સદ્ગ્રન પુરુષોએ વીતરાગમાર્ગ સિવાય બીજે ક્યાંય આથડવું નહિ. કહો! સમજાણું કાંઈ? ઓલો રજનીશ નીકળ્યો છે એક, આત્મા આમ છે. ધૂળ પણ આત્મા કેવો છે એ નક્કી કરને. વિકલ્પ તોડો. શું વિકલ્પ તોડે? શૂન્ય થઈ જાઓ. શેમાં પણ ઊંડા ઊતરે? ... વસ્તુ સમજ્યા વિના? પરમેશ્વરે આત્મા અનંતગુણનો પિંડ કહ્યો છે. આત્મા દેહદેવળમાં ચૈતન્યસૂર્ય અનંતગુણની રાશિ છે. એવો અનંતગુણમય છે અને સર્વજ્ઞપદસ્વરૂપે છે. સર્વજ્ઞપદસ્વરૂપે છે. એક એક આત્મામાં સર્વજ્ઞ થવાની પર્યાયમાં તાકાત છે. એવો આત્મા જાણ્યા વિના બીજી રીતે આત્મા કહે, કહે છે, સદ્ગ્રનને બીજું શું કામ છે તારે? કહો, ધર્મચંદજી! આહા..! જુઓને! આચાર્યે શું કીધું? સમજાણું?

'**क्षितिषु परमतोक्तेः**' '**परमतोक्तेः**'. '**क्षिति**' એટલે પૃથ્વી. '**परमतोक्तेः किं फलं सज्जनानाम्**'. આ સમજને, પ્રભુ! વીતરાગ કહે છે એને. કેવળજ્ઞાની પરમાત્મા જેના ઈન્દ્રો સેવક છે, જેના ગણધરો ભગત છે એવા સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અનંત તીર્થંકરો અહીંયા હતા એ તો મુક્તિમાં પધાર્યા, એ તો સિદ્ધપદમાં ગયા. આ ભગવાન અરિહંતપદે બિરાજે છે. એવા અરિહંતના પદના ચરણકમળના સેવકો, સદ્ગ્રનો એને વીતરાગમાર્ગ સિવાય બીજામાં ક્યાંય છે નહિ. પૃથ્વી ઉપર શું ફળ છે? '**(અર્થાત્ જગતના જૈનેતર દર્શનોનાં મિથ્યા કથનોથી...**' દેખો, '**સદ્ગ્રનોને શો લાભ છે?**)' એટલા ઊંધે રસ્તે ચડાવી દે. આમ આમ કરજો, ઓમ.. ઓમ.. ઓમ કરજો. શું ઓમ ઓમ કરે? ઓમ ઓમ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ શીતળ છાયા, શીતળ શિલા એવો ભગવાન આત્મા પરમેશ્વરે કહ્યો, જોયો અને જાણ્યો એમાં તું દૃષ્ટિ દે, વીતરાગે કહેલા તત્ત્વમાં તને

શાંતિ થશે, તને સુખ થશે, ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામીને મુક્તિ થશે. એ સિવાય માર્ગ ક્યાંય બીજે છે નહિ. કહો, સમજાણું આમાં? ઓહો..હો..! લ્યો, એ અધિકાર પૂરો થયો. એ જીવ અધિકાર પૂરો પહેલો.

હવે ત્રીજો અધિકાર લેવાનો વિચાર (છે). શુદ્ધભાવ અધિકાર. લ્યો, પાનું ઈ આવ્યું. ન્યાં જીવનું વર્ણન કર્યું. હવે એ જીવનો ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વભાવભાવ એનું વર્ણન છે આ. સમજાણું કાંઈ? પરમેશ્વરે કેવળજ્ઞાનીએ આત્માનો ભાવ જોયો ભાવ. એકરૂપ ત્રિકાળ ભાવ. એ ભાવનું શું સ્વરૂપ છે એને આ ત્રીજા અધિકારમાં (વર્ણવે છે). અજીવ અધિકાર છે એ જાણવા જેવો છે, આ આદરવા જેવાની વાત મુખ્ય (છે). '**હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.**' જુઓ, ત્રીજો.

'**ટીકા :— આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' છોડવાયોગ્ય અને આદરવાયોગ્ય તત્ત્વના સ્વરૂપનું આ વીતરાગમાર્ગમાં કથન છે. એક જ વસ્તુ છે એમ નથી, અનેક વસ્તુ છે. એમાંથી અંદરમાં હેય (અર્થાત્) છોડવાલાયક છે, આત્મા આદરવાલાયક છે. એવા બે પ્રકાર છે એનું આમાં કથન છે.

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।
છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

ઝીણી વાત છે જરી. '**જીવાદિ સાત તત્ત્વો...**' શું કહે છે? આ ભગવાન આત્મા જીવતત્ત્વ છે એવો જે એક વિકલ્પ. 'હું એક જીવ છું, આ બધા જીવ છે' એવો એક વિકલ્પ. અને 'આ અજીવ છે.' શરીર, વાણી, મન, કર્મ એ અજીવ છે. એ અજીવતત્ત્વ. અને જીવ છું અને બીજા જીવ છે એવો એક વિકલ્પ એ જીવતત્ત્વ, એમ. આત્મામાં થતા શુભ અને અશુભભાવ. દયા, દાન, વ્રતના પરિણામ તે શુભ છે અને હિંસા, જૂઠું, ચોરી પરિણામ થાય ભાવ એ પાપ છે. એ બેય થઈને આસ્રવતત્ત્વ છે. અને એ આસ્રવતત્ત્વ એટલે કે જે આત્માનો સ્વભાવ શુદ્ધ છે એ આસ્રવ ઉત્પન્ન થયો એમાં અટક્યો જરી એને અહીંયા ભાવબંધ કહે છે, બંધતત્ત્વ કહે છે. અને આત્મામાં શુદ્ધતાના અવલંબે, અંતર અવલંબે શુદ્ધતા પ્રગટ થાય એ સંવરતત્ત્વ, શુદ્ધતાની વૃદ્ધિ થાય એ નિર્જરાતત્ત્વ અને શુદ્ધતાની પૂર્ણ પર્યાય પ્રાપ્ત થાય એ મુક્તિતત્ત્વ. એ બધા તત્ત્વોનો સમૂહ એક ચૈતન્યના અખંડ આત્મદ્રવ્યની અપેક્ષાએ સાતેય તત્ત્વો પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતરંગ તત્ત્વ જે કર્મોપાધિથી રહિત. અપ્પણો શુદ્ધ શુદ્ધ એકરૂપ ભગવાન પરમમૂર્તિ અનંતગુણની એકરૂપે, એક જ અંતરમાં સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપાદેય નામ આદરણીય છે. એ સિવાય સાત તત્ત્વ તે ભેદરૂપની અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહ્યાં છે. ઓહો..હો..! સંવર,

નિર્જરા અને મોક્ષ એ પરદ્રવ્ય. કેમકે એ પર્યાય છે. પર્યાયમાંથી કંઈ નવું તત્ત્વ નીકળતું નથી, નવો લાભ થતો નથી. એથી આ ભગવાન આત્મા પરમેશ્વરે કેવળજ્ઞાની વીતરાગદેવે એકસ્વરૂપે આત્માને પૂર્ણ જોયો, એકરૂપ પરમઆનંદરૂપ પરમસ્વભાવ એ સિવાય જેટલા તત્ત્વના ભેદ ઊપજે છે—આસ્રવ, અજીવ, પુણ્ય, પાપ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ—બધી પર્યાયો મલિન કે નિર્મળ એને અહીંયા પરદ્રવ્ય કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, કર્મ અને બાયડી, છોકરા તો પરદ્રવ્ય છે જ, (આત્મામાં) ક્યાં ગરી ગયા? (પણ) આત્મામાં થતા પુણ્ય-પાપના ભાવ આસ્રવ એ આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પર્યાય નિર્મળ, એ એક સમયની દશાનો અંશ છે. અંશ છે તે ભેદરૂપ છે, ભેદ છે તે વ્યવહાર છે, વ્યવહાર છે તે પરદ્રવ્ય છે. એમ કહીને તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

જેની ખાણમાંથી પ્રવાહ નવો વહે એને દ્રવ્ય કહે છે, સ્વદ્રવ્ય. બાકી આ પુણ્ય-પાપની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાયમાંથી નવી અવસ્થા એમાંથી પ્રગટ થતી નથી. માટે જેમ રજકણોમાંથી આત્માની નવી પર્યાય-ધર્મ પ્રગટ ન થાય, એમ આ મોક્ષની પર્યાયમાંથી નવી પર્યાય પણ ઉત્પન્ન થતી નથી. સંવર પર્યાયમાંથી સંવર નવો થતો નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! મગનલાલજી! વાત આવી થોડી સૂક્ષ્મ છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી. જેમાંથી નવી નવી પર્યાય પ્રગટ થાય એવા દ્રવ્યને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એ. એ જ્ઞાનપ્રધાનથી કથન છે. અહીં દર્શનપ્રધાનમાં એકલો આત્મા, એકલો જ્ઞાયકસ્વભાવ. એની શ્રદ્ધા કરતા બીજી પર્યાયો છે એવું જ્ઞાન થાય એને પરદ્રવ્ય તરીકે કહેવામાં આવે છે. ઈ કહે છે, તત્ત્વાર્થશ્રદ્ધાનમાં બીજું પરદ્રવ્ય આવ્યું. ઈ તો એકરૂપની અપેક્ષાએ જ્ઞાનની વાત કરી. અહીં તો ભેદ પડ્યો તેને પરદ્રવ્ય કહે છે. એ અપેક્ષા છે. આહા..હા..!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં, કહે છેને, જુઓ, ઉપાદેય '**अप्पणो अप्पा**' ઈ આવશે આગળ. '**अप्पणो अप्पा**' આ '**अप्पणो अप्पा**', '**अप्पणो अप्पा**' પોતાનો આત્મા વસ્તુ જે અખંડ એકરૂપ એ જ આત્મા સમ્યગ્દૃષ્ટિને આદરણીય છે, બાકી આદરણીય નથી. હજી તો આ રાડ પાડે છે બધા. પુણ્ય-પાપ આદરણીય નહિ? શુભભાવથી કાંઈ લાભ થાય કે નહિ? આહા..હા..! અરે..! ભગવાન!

શ્રોતા :— સંવર, નિર્જરાની પર્યાય..

પૂજ્ય ગુરુદેવશ્રી :— સંવર, નિર્જરાની નહિ, સંવર, નિર્જરા એક સમયની પર્યાય છે. મોક્ષ પણ એક સમયની પર્યાય છે. આખું દ્રવ્ય તે દ્રવ્ય. એક સમયનો અવસ્થા તે પણ ભેદરૂપ છે. ભેદરૂપ છે માટે તેને વ્યવહાર કહીને અવસ્તુ કહીને એને પરદ્રવ્ય કીધું છે. આહા..હા..! ભારે વાત! શું છે ..ચંદજી! ઓલા તો હજી રાડ પાડે છે કે દયા, દાન, વ્રત પાળતા-પાળતા અમારે ધર્મ થાય કે નહિ? ઈ તો અહીં પુણ્યતત્ત્વમાં ગયું. અહીં તો કહે છે કે ઈ તત્ત્વ

તો ઠીક પણ સંવર, નિર્જરાતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...**' છે. કારણ કે એટલા ભેદને લક્ષે આત્માની નવી મુક્તિની પર્યાય કે શાંતિની પર્યાય પ્રગટ થતી નથી.

'દ્રવતિ ઈતિ દ્રવ્યં.' એ દ્રવ્ય દ્રવે નવી નવી નિર્મળ વીતરાગી દશાને તેને દ્રવ્ય કહીએ, સ્વ. પર્યાયને દ્રવ્ય ન કહીએ કારણ કે એમાંથી નવી પર્યાય દ્રવતી નથી. ભારે ભાઈ ઝીણું! ઓહો..હો..! હવે આ દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા. ન્યાલભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી એ તો પુણ્યમાં ગયું. આહા..હા..! અરે..! રાડ નાખે છે માણસ. અરે..! ભગવાન! રાડ ન નાખ. આ વીતરાગનો માર્ગ છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જેની હાજરીમાં સો સો ઈન્દ્રો હતા એ વખતે ભગવાનની વાણી નીકળેલી, દિવ્યધ્વનિથી નીકળેલી વાણીમાં આમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ વાત વીતરાગ પરમેશ્વર સિવાય ત્રણકાળમાં બીજે હોય નહિ. મરી જાય, સૂકાઈ જાય, જંગલમાં જઈને એકલો આત્મા છે ને એક જ છે ને બીજું નથી ને વ્યાપક છે ને અનંતમાં અનંત ભળી જશે... સમજાણું કાંઈ? એવી બધી વાતું કરનારા વીતરાગમાર્ગથી વિરુદ્ધ પાખંડમાર્ગ છે. આહા..હા..!

જુઓ, અસ્તિથી વાત કરે છે હોં! અપ્પણો અસ્તિ, અપ્પણો. આમાં પણ શું પરદ્રવ્ય નથી ત્યારે છે શું? બે વાત કરવી છેને અહીંયા. હેય જ્યારે પરદ્રવ્ય છે તો ઉપાદેય શું? '**સહજ...**' જુઓ, આ ઉપાદેય નથી એમ કીધું આને. સમ્યગ્દૃષ્ટિ જીવને એક અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એ જ આદરણીય નામ લક્ષમાં, ધ્યેયમાં, આશ્રયમાં લેવાલાયક છે. એ સિવાય વિકલ્પ, દયા, દાનનો, પાપનો, બંધનો, આસ્રવનો, સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયનો એ ખરેખર તેને આદરણીય છે નહિ. સમજાણું કાંઈ? કો'ક કહેશે કે આ તો આઠમા ગુણસ્થાનની વાત હશે. આ તો શરૂઆતની વાત છે, ભાઈ! તારી ખાણમાં તો ભગવાન અનંતા પડ્યા, બાપુ! ત્યાં નજર કરને! અનંત સિદ્ધ.. અનંત સિદ્ધ.. અનંત સિદ્ધ.. સિદ્ધ... સિદ્ધ.. સિદ્ધદશા પડી છે. સિદ્ધની એક દશામાં સિદ્ધ પડ્યા છે! શું કીધું? સિદ્ધની એક પર્યાયમાં સિદ્ધ પડ્યા છે! આત્મદ્રવ્યમાં એવી અનંતી અનંતી સિદ્ધની પર્યાયો અંદર પડી છે. સમજાણું કાંઈ? બહુ માર્ગ પણ વીતરાગનો લોકોને સાંભળવા મળ્યો નથી.

અજ્ઞાન છૂટી જાય. આહા..હા..! 'ઢિંગ ધણી માથે કિયો, કોણ ગંજે નરખેત.' ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ ચૈતન્યપ્રભુ ભગવાન બિરાજે છે. તું પોતે સાક્ષાત્ પૂર્ણાનંદનો પ્રભુ પોતે છો. એ દ્રવ્ય તેને સ્વદ્રવ્ય કહીએ. એ સિવાયના ભેદભાવ વિકાર અને પર્યાય નિર્મળ એ બધાને પરદ્રવ્ય કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ બાહ્યતત્ત્વ કહ્યા હોં! જુઓ પાઠમાં. '**जीवादिबहित्तच्चं**'. એઈ..! ... પરદ્રવ્ય પરદ્રવ્ય. કારણ કે બાહ્યતત્ત્વ તો પરદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? શું કીધું? પાઠની સાથે જરી મેળવ્યું પાછું.

'**जीवादिबहित्तच्चं**'નો અર્થ પરદ્રવ્ય કર્યો. ઓહો..! ભગવાન આત્મા..! ઈ બાહ્યતત્ત્વને

જ અહીં પરદ્રવ્ય કહ્યું. અંતર ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ સ્વતત્ત્વ એની અપેક્ષાએ આ બાહ્યતત્ત્વોને પરદ્રવ્ય, આને સ્વદ્રવ્ય કીધું તો આને પરદ્રવ્ય કીધું. અંતર તત્ત્વ કહ્યું તો આને પરતત્ત્વ કહ્યું. છેને અંદરમાં? બાહ્યતત્ત્વ '**हेयमुवादेयमप्पणो अप्पा**'. આહા..હા..! ભારે કઠણ આમાં માણસ કહે. સવારની વાત આવે છે ઈ. કહે છે કે આ બધા ભોગ, આ ફલાણું, આ લક્ષ્મીમાં કાંઈ નહિ. પણ આની શું કરવા માંડી? આત્માની કરોને. પણ આત્માની જ છે એમાં. તને ભોગમાં સુખબુદ્ધિ છે, મૂઢ છો. પૈસા કમાવામાં તું ઠીક માને છો, મૂઢ છો. પછી મને સુખ થશે, મૂઢ છો. એ દૃષ્ટિ છોડી દે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :— મૂઢને ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— મૂઢને સમજાવે છેને. કોને સમજાવે છે? મૂઢપણું મૂઢપણું ટાળવા માટે મૂઢને કહે છેને. શું કરવા કહે છે? (મૂઢપણું ટાળવા માટે).

ભાઈ! તું તો પરમેશ્વર છોને! વસ્તુમાં તું પરમેશ્વર છોને. આ કણ કણનો ભિખારી થઈને જ્યાં ત્યાં રખડે છો. ભિખારી થઈને. એ.. કોઈ પૈસો આપે, કોઈ મને બાયડી આપે, કોઈ મને ભોગ આપે, કોઈ મારા વખાણ આપે, મને આ કરે, મને કોઈ સારું પુણ્ય બંધાઈ જાય. શું ભિખારી શું થયો પણ તને આ? આહા..હા..! દાખલો નહોતો આપ્યો? ઓલો છાણનો પોદળો સારો દેખે ત્યાં છોડી આમ રાજી થઈ જાય. એલી પણ ત્રણ ખંડનો નાથ તું, શું થયું તને આ? છ ખંડનો નાથ. ત્રણ ખંડનો તો ઓલો અર્ધચક્રી. આ તો છો દ્રવ્યનો ચક્રવર્તી!

ત્રણકાળ-ત્રણલોકનો જાણનાર ભગવાન આત્મા જેની દશામાં સર્વજ્ઞપદ ત્રણકાળ-ત્રણલોકને જાણે આત્મા એ દશા આવી ક્યાંથી? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ત્રણકાળ-ત્રણલોકને એક સમયમાં જાણે. એ આવી ક્યાંથી દશા? બહારમાં લટકે છે તો આવે? અંદરમાં પડ્યો છે સર્વજ્ઞપદ, સર્વજ્ઞપદ. ધ્રુવસ્વરૂપે તો સર્વજ્ઞ તું સાક્ષાત્ અત્યારે છો. આહા..હા..!

એવા સર્વજ્ઞપદનું એકરૂપ તત્ત્વ એને અહીંયા સ્વતત્ત્વ અથવા સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. જ્યારે બહિતત્ત્વની સામે લઈએ તો અંતરતત્ત્વ એ કહ્યું. ઓલામાં અંતરતત્ત્વ આવશે, ૫૦ ગાથામાં. સમજાણું કાંઈ? ૫૦માં છે. '**अंतरतच्चं हवे अप्पा**' જુઓ, ૫૦.

पुव्वत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वंमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

છેને? અંતરતત્ત્વ એટલે અહીં જેને બાહ્યતત્ત્વ કહ્યું અને પછી '**हेयमुवादेयमप्पणो अप्पा**' કહ્યું એ '**अप्पणो अप्पा**' તે અંતરતત્ત્વ, '**अप्पणो अप्पा**' તે સ્વદ્રવ્ય. ભારે વાત! ભાઈસાહેબ! અમે તો અહીં ધર્મ સમજવા આવ્યા છીએ. આ ધર્મ, આ છે ધર્મ. ભાઈ! તું તો ત્રણલોકનો નાથ છો, બાપા! આહા..હા..! એક રાંકને, સમજ્યાને? ભિખારી ઓલી વાઘરણ ચક્રવર્તીની પાસે લઈ ન શકી. ચક્રવર્તીએ એને બોલાવી તોપણ ટેવ પડી ગઈ, વાઘરણને. હમેશા દાતણ નાખેને પાંચ દસ, તો રોટલી માંગે. ચક્રવર્તીએ ઘરે રાખી, આ રૂપાળી બહુ છેને. પણ

સવારે ગઈ થોડા દાતણ લઈને. ગોખલામાં રોટલો મૂકે, 'એ.. મા-બાપ આપજો.' વાઘરણને ટેવ પડી ગઈ. આ શું થયું પણ તને? ત્રણલોકનો નાથ બાદશાહ તારા પેટમાં—તારા ધ્રુવપણામાં અનંતા પરમાત્મા બિરાજે છે, અનંતા સિદ્ધ ભગવાનની પર્યાયો તારા પેટમાં—ધ્રુવમાં બિરાજે છે. આવું તારું તત્ત્વ અને કણ કણનો ભિખારી થઈને તું રખડે છો. મારે પુણ્ય જોઈએ ને મારે ફળ સ્વર્ગ જોઈએ, મારે સુખ જોઈએ ને મારે ભોગ જોઈએ. શું છે પણ તને? સમજાણું કાંઈ? 'ભોગં ન ભોક્તા ...' નથી ઓલું ભર્તૃહરિનું નથી? 'ભોગં ન ભોક્તા વયમેવ ભોક્તા' ભોગ તો ન ભોગવ્યા પણ વય ભોગવાઈ ગઈ. સવારે દિશાએ ગયા એમાં યાદ આવ્યું હતું. આ આવ્યુંને સવારે આયુષ્યનું? આયુષ્ય તારું ક્ષય થઈ જાય છે અને આ બધું વધે છે એમ તું માને છો. 'ભોગં ન ભોક્તા વયમેવ ભોક્તા' તેં ભોગ તો (ન) ભોગવ્યા પણ આ વય ભોગવાઈ ગઈ, તારી ચાલી ગઈ. વૈરાગ્યના ઓલામાં એવી વાત કરે છે. આમાં પણ આવે છે, જ્ઞાનાર્ણવમાં. સમજાણું કાંઈ?

આત્માના અનુભવના ભોગ વિના હેરાન હેરાન (થઈ ગયો). ઝાળા પડ્યા તારી પર્યાયમાં. આહા..હા..! ઝાળા—કાણા પડ્યા, મિથ્યાત્વના કાણા પડ્યા, ભાઈ! તારું શરીર બધું હણાઈ ગયું છે અંદર. આહા..હા..! તારું શરીર એટલે? જ્ઞાનશરીર છે આત્મા તો. આ શરીર છે એને? આ તો માટી છે. જ્ઞાનશરીર એ પર્યાયમાં જીર્ણ જીર્ણ થઈ જાય છે. રાગને માની, પુણ્યને માની, .. માની, ભોગને માની ઝાળા પડ્યા ભાઈ તારી પર્યાયમાં. ઓલો ભગવાન અંદર બિરાજે છે એની તો તને શ્રદ્ધા અને વિશ્વાસ નથી. આહા..હા..! એક હજાર બાણ વાગ્યા હોય અને આમ શરીર જર્જરીત થઈ જાય, મરી ગયો કહે છે. આ તો અનંતા જર્જરીત થઈ ગયા બાપા તને! સમજાણું કાંઈ? જ્યાં ત્યાં આમ.. આમ. પણ આ અંદર છેને.

અહીં તો કહે છે કે તારો એક સમયનો ધર્મદશા સંવરતત્ત્વ એમાં આશા ન રાખ. કારણ કે એમાંથી નવું થાય એવું નથી. આહા..હા..! ભારે! ભાવે ભરેલો ભંડાર છોને પ્રભુ તું. શુદ્ધભાવ છેને આ. આહા..હા..! ભાવથી ભરેલું સ્વરૂપ તારું છેને, ભાઈ! એકરૂપ. એ સિવાયના ભેદનો વિકલ્પ અને પર્યાય એ તારા એક તત્ત્વના અંતરતત્ત્વની અપેક્ષાએ એને બાહ્યતત્ત્વ, બાહ્યભાવ, બાહ્યભાવ અને એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સંવર, નિર્જરાને બાહ્યભાવ (કહ્યા). આરે.. આરે..! ન્યાલભાઈ! છે એમાં જુઓ. દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા. પ્રશ્ન કરતા, નહિ? અમારે વીરચંદભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? ઈ તો શુદ્ધ છે. આખો દિ' ભક્તિ, ટોકરા વગાડ્યા કરે. એ.. કાળીદાસભાઈ! આ ચોપડી ને આ ચોપડી ને આમાં લખ્યું, આમાં લખ્યું આ. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? શુદ્ધ છેને? ઈ તો શુદ્ધ છે તો પરદ્રવ્ય એને ઘરે શુદ્ધ રહ્યા, આને શું છે અહીં?

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરે કહેલું કુંદકુંદાચાર્ય ભગવાન પાસે જઈને આવીને

આ લખે છે. સીમંધર પરમાત્મા પાસે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્ય હેય? એ ગોઠતું નથી એને. અરે..! ભગવાન! ભાઈ! તને, જેમાંથી ખાણ ખીલે નહિ, ખાણમાંથી ખીલે નહિ એને ખાણ કેમ કહેવી? ખાણમાં તો ખજાના ભર્યો હોય કે નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે! આહા..હા..! એક કાંઈક ચરુ દેખાણો હોયને રતનનો, કેટલા લાગે છે? બહુ આ ... ઊંડુ. લાકડી તો નાખી જોઉં. આહા..! રતનના ઢગલા પડ્યા છે. ધૂળનો અર્થી છે. હમણા દાબી દઉં, રાતે વાત. .... બહુ રતન ભર્યા છે. દાળદર જાયને એનું. નરકમાં જાવાનું આવે.

આ તો ખજાનો આત્મા અનંત રતન, ચૈતન્યરત્નાકર આત્મા. અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા એના ગુણની સંખ્યાનો પાર (નથી). કેવળી પણ એક એક કહેવા માંગે તો એની જિંદગીમાં ન કહી શકે. કેવળી પણ એના વચન દ્વારા એક એક ગુણને જુદો પાડીને કહેવા માંગે, આખી જિંદગીમાં અનંત ન કહી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન, એના સિવાયની જે પર્યાયો છે, અવસ્થા છે, એ ક્ષાયિકસમકિતની પર્યાય છે એને અહીંયા બાહ્યતત્ત્વ અને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ઓહો..હો..! ભાઈ! તારે જેમાં નજર કરવા જેવી છે એ જ તારું દ્રવ્ય છે. આમાં નજર કર્યે તને કાંઈ ન્યાલ થવાય એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદથી ભરેલો ભાવ જેમાં નજર કર્યે ન્યાલ થાય. કંઈ સંવર, નિર્જરાની પર્યાયમાં નજર કર્યે કાંઈ ન્યાલ થવાય નહિ. આહા..હા..! વાત સાંભળીને હજી અંદર ગોઠવવી પડે માણસને. આ શું કહે છે આ? ઓલા તો કહે, પુણ્ય કરો, પુણ્યથી હળવે હળવે પાપ ઠેલે, પુણ્ય પાપને ઠેલે. ઓલો છોકરો-બોકરો માંદો પડ્યો હોયને બહુ, પછી બે-ચાર દિ' ચાલેને ઓલું. મરે નહિ અને .. પછી કહે, પેંડા-બેંડા વહેંચો છોકરાઓને. પુણ્યે પાપ ઠેલાય. પણ એમાં તું ન્યાં કરે એમાં એને શું થાય? એના પાપના ઉદય પ્રમાણે ત્યાં થાય. અહીં કહે, પુણ્ય કરો તો પાપ ઠેલાય. ક્યુ પણ પાપ? મિથ્યાત્વનું પાપ એ મહાપાપ છે. આ શુભભાવ એ પોતે ધર્મ માન તો એ મહાપાપ છે. આહા..હા..! કહો, છગનભાઈ! આહા..હા..! આ બધા દેશસેવા ને આ કર્યું ને આ કરીએ ને આ કરીએ બધું કેટલું કરીએ... મરી ગયાને ઓલા? રાણપુરમાં મરી ગયાને ઓલાના બનેવી. રતિભાઈના હતા ઈ. નાથાલાલ. તમે ધર્મવાળા માથા ફૂટો, અમે તો આ કરીએ છીએ હમણાં. ઈ એક ફેરી એમ કહેતા હતા બિચારા. તમે બધા ફૂટો. અહીં આવ્યા હતાને, અહીં રહ્યા હતા. અરે..! ભગવાન! એમ નથી, ભાઈ! ધર્મનું સ્વરૂપ તો પ્રત્યક્ષ જણાય એવું છે. એને તું માથાફૂટ કહે... તમે આ સાચું અને આ ખોટું કર્યા કરો. અમે તો આ કરીએ છીએ અમારું, દેશસેવા કરીએ, બસ. એઈ..! નાથાભાઈને ઓળખતાને? છે? છે હજી? એમ! એવું અહીં કહેતા પહેલા, અહીં રહ્યા હતા ત્યારે.

ભાઈ! સાંભળ તો ખરો, ભાઈ! છે તો બધુંય છે. ખોટું પણ છે, સાચું પણ છે. પણ આ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં સહજ... જુઓ છેને? **'વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** 'ટોચ ઉપરનું રત્ન, ચૂડામણિ, કલગીનું રતન.' દેખો! **'સહજ વૈરાગ્યરૂપ મહેલના...'** અહીં વૈરાગ્ય કેમ લીધો? કે પરથી ખસી ગયો છે. સહજ વૈરાગ્ય. રાગાદિથી ભિન્ન પાડી વૈરાગ્ય, સહજ વૈરાગ્ય. આત્માના પરમઆનંદ તરફ ઢળતાં જેને સહજ પર તરફથી વૈરાગ્ય છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો કંદ છે એમાં ઢળતાં, એમાં વળતાં પરથી જે ઘણો સહજ વૈરાગ્ય.. વૈરાગ્ય, ઉદાસ છે. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો. વૈરાગ્યરૂપ સહજ મહેલ હોં! ઓહો..હો..! સ્વાભાવિક વૈરાગ્ય, આમ કૃત્રિમ નહિ. શરીરમાં દુઃખ છે ને ફલાણું છે ને... આ બૌદ્ધ કહેને. બૌદ્ધને તો અનિત્યતા હતી એકલી. સમજાણું? ધર્મનું એને ભાન નહોતું. બૌદ્ધને નહિ? બૌદ્ધ ભગવાન કહેવાયને? ભગવાન શેનો? સાંભળને હવે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એ ભગવાન. ઓલો તો અનિત્યને માનનારો હતો એકલો. આ ક્ષણિક છે. વૈરાગ્ય, કૃત્રિમ વૈરાગ્ય એને હતો. વૈરાગ્ય તો એને કહીએ કે જે પર તરફથી ખસીને મહાસત્તા તરફ ઢળવાની દશા હોય એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસારમાં આવ્યું છેને, કે શભ-અશુભરાગ બેયને સરખા જાણે તેને વૈરાગ્ય કહીએ. શુભભાવને ઠીક અને અશુભને અઠીક (માને તે) મિથ્યાદષ્ટિ વૈરાગી નથી, રાગી છે. વૈરાગી એને કહીએ કે જેને પર તરફથી તો ઉદાસીન, ઉપેક્ષા છે, પણ અંદરમાં શુભ અને અશુભ બેય વિકલ્પો સરખા બંધના કારણ છે. એમ કરીને ખસ્યો છે તેને વૈરાગ્ય કહેવામાં આવે છે.

અહીં તો એથી વિશેષ લ્યે છે. આહા..હા..! એ તુ નથી એ તો ઠીક, પણ વર્તમાન પર્યાયમાંથી ખસીને વૈરાગ્ય થયો, ન્યાંથી ખસીને અંદરમાં જવા માંગે છે હવે એકાકાર. આહા..હા..! સમજાણું કાંઈ? સહજ વૈરાગ્ય. પૂર્ણાનંદ પ્રભુને ભેટવા જાવું છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા પરમસ્વભાવે, પરમભાવે બિરાજમાન તત્ત્વ છે ઈ. એને ભેટવા જાવું છે તેને રાગનો તો વૈરાગ્ય છે, પણ વર્તમાન પર્યાય તરફથી ઉપેક્ષા કરીને અંદરમાં જાવું છે, એને સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ કહેવામાં આવે છે. આહા..હા..!

'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...' પરદ્રવ્ય એટલે સમજાણું? આ સંવર, નિર્જરાની પર્યાય એનાથી પણ પરાઙ્મુખ છે. આહા..હા..! 'મા હણો, મા હણો.' હતુંને, ન્યાલભાઈ! મા હણો, મા હણો. વ્યાખ્યાનમાં પહેલા શરૂઆતમાં કરે. બાપુ! આ આત્માની પર્યાયો છે એનો આશ્રય કરતાં લાભ થાય એ દષ્ટિ મિથ્યાત્વ છે, તે આત્માને હણી નાખે છે. એને કહે છે કે મા હણો, હવે ન હણ, ભાઈ! પર્યાય તરફથી ઉપેક્ષા કર એને વૈરાગ્ય કહેવાય

છે. આહા..હા..! સંયોગથી તો ઉદાસીન, વિકલ્પથી ઉદાસીન, એક સમયની પર્યાય પ્રગટ થયેલી નિર્મળ હોય એનાથી પણ ઉદાસીન. સમજાણું કાંઈ? ઓહો..હો..! આ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગમાં આ વાત હોય, ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે, અહો..! પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે. જે મુનિ સંત ધર્માત્મા સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે. શિખરનો શિખામણિ. કલગીનું રતન. સમજાણું? રાજા આદિ નથી પહેરતા? જ્યારે મોટું.. કલગી નાખે, એને માથે નાખે રતન. એવો જે વૈરાગ્યમાં એકલો... કેવા વૈરાગ્યમાં? કે જેને રાગ, નિમિત્ત અને ભેદ તરફથી વૈરાગ્ય થયો છે. આહા..હા..!

જેને રાગમાં રહેવું ગોઠતું નથી, નિમિત્તમાં અટકવું ગોઠતું નથી, વિકલ્પમાં ગોઠતું નથી, પ્રગટ થયેલી પર્યાય નિર્મળ હોય એમાં રહેવું એટલામાં રહેવું જેને ગોઠતું નથી. સમજાણું કાંઈ? એ પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે. આહા..હા..! આ તે વર્ણન! ભાઈ! શાંતિના સાગરનું ચોસલું શાશ્વત તત્ત્વ પડ્યું છેને અંદર. આહા..! ભાઈ! અનાકુળ આનંદની મહા એકરૂપ ધ્રુવ પાટ પડી છેને આત્મા. અનાકુળ આનંદના રસની ધ્રુવભાવ પાટ પડી છેને, ભાઈ! એમાં જેને જાવું (છે) એને તો પર્યાયમાં અટકવું પણ પાલવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શિખામણિ.

'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...' દિગંબર મુનિની મુખ્યપણે વાત કરે છેને. પાંચ ઈન્દ્રિયના ફેલાવરહિત. લક્ષ જ નથી જ્યાં. અતીન્દ્રિય આનંદ ઉપર ત્યાં ચોંટ્યો છે. આહા..હા..! આ મુનિ. પોતે મુનિ છેન! મુનિપણાથી વાત કરે છે. **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત...'** એક એક ઈન્દ્રિયના વિષય તરફના ખંડ ખંડ ઈન્દ્રિયમાં જેનું અટકવું નથી, એનો વિસ્તાર જ નથી. અતીન્દ્રિય તરફમાં જ્યાં દૃષ્ટિ જામી ગઈ છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? કહે છે, ઓહો..! પાંચ ઈન્દ્રિયના વિસ્તારરહિત જેનો અંતર સંકોચ અંતરમાં ગયો છે. આ વિસ્તાર ગયો છે–નાશ (થયો છે). આહા..હા..! એક દેહમાત્ર રહી ગયું છે શરીર. **'જે પરમજિન યોગીશ્વર છે,...'** જે પરમ વીતરાગ સ્વરૂપને સાધવામાં ઈશ્વર છે. પોતાના પૂર્ણાનંદસ્વરૂપને સાધવામાં પરમઈશ્વર છે, પરમયોગીશ્વર, પરમ જોડાણમાં ઈશ્વર છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા ધ્રુવ એમાં ઉત્કૃષ્ટપણે જોડાવામાં ઈશ્વર છે. ઉત્કૃષ્ટ વાત લીધી છેને મુનિની.

'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે,...' ભગવાન આત્મા એકલો ધ્રુવ ધ્રુવની ધારી, નીરખે ધ્રુવની ધારી. એવું ચૈતન્ય ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એવું જે સ્વદ્રવ્ય એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. એવું જ્ઞાન જેમાં તીખું થઈને પકડ્યું છે એમ કહે છે. આહા..હા..! ઝીણી છીણી હોય ઈ કટકા કરેને? તીક્ષ્ણ બુદ્ધિ. જ્ઞાન અંતરમાં.. અંતરમાં જે જ્ઞાયક ત્રિકાળ ધ્રુવ એમાં જેની પકડ છે. .. વાત ઈ કરી કે આવો મુનિ. જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ એટલું. પાંચ ઈન્દ્રિયના ફેલાવરહિત અને દેહમાત્ર

વસ્તુ રહી છે. એવો પરમ મુનિ જેની સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ. હવે અહીં દ્રવ્ય આવ્યું, અહીંથી ખસીને હવે. આખો ભગવાન આત્મા પરમાનંદનો સાગર એકરૂપ પડ્યો છે, વસ્તુ ધ્રુવ પોતાની હોં! એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ ચોંટી છે '**એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.**' એવા આત્માને આત્મા ખરેખર આદરણીય છે. કહો, સમજાણું કાંઈ? અરે..! વાત આવી સાંભળવા મળે નહિ, એ વિચારે કે દિ'? સાંભળે કે દિ'? અને અંતરમાં ઉતરે કે દિ'? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, જેણે પરની બધી ઉપેક્ષાઓ કરી છે અને સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિથી અંતરમાં રોકાણો છે, એવા આત્માને. એવા આત્માને તે કાળે. એમ. તે આત્મા ઉપાદેય છે. એ આત્મા અંગીકાર થઈ ગયો છે. આદરણીય આત્મા થઈ ગયો છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અનુભવ કહેવાય છે. સમજાણું કાંઈ? મુનિની તો ઉત્કૃષ્ટ વાત કરી. ઉત્કૃષ્ટથી તો વાત કરી. મુનિ પોતે મુનિ છે એટલે. સમ્યગ્દૃષ્ટિથી આ શરૂઆત થાય છે. આહા..હા..! સાત તત્ત્વો કહ્યા ખરાને. સંવર, નિર્જરા આદિ છે. એવો જે પાછો ઉગ્ર મુનિ છે એને કહે છે, એની ઉપેક્ષા કરીને અહીં અંદર આત્માને પકડે છે. ત્યાંથી વાત કરી છે. સમજાણું કાંઈ?

ધર્મીને પહેલે ક્ષણે સમ્યગ્દર્શનના કાળમાં પણ આ જ હોય છે. બધી પરથી ઉપેક્ષા કરી, વિકલ્પથી ઉપેક્ષા કરી, ઉઘડેલા પર્યાયનો આશ્રય—અવલંબન છોડી, પરની ઉપેક્ષાનો વૈરાગ્ય કરી અને તીક્ષ્ણ બુદ્ધિથી અંદર દ્રવ્યને અંગીકાર (કરે છે), દ્રવ્ય ઉપર લક્ષ કરે છે એટલે તે આત્મા જ તેને ઉપાદેય અને આદરણીય રહે છે. આત્મા જ તેને ઉપાદેય અને આદરણીય રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજા તત્ત્વો પર્યાય આદિ હેય રૂપે, પરદ્રવ્ય રૂપે રહી જાય છે. આહા..હા..! આ હેય-ઉપાદેય. હજી તો ઓલાને પાપ હેય અને પુણ્ય ઉપાદેય. આ હેય અને આ ઉપાદેય. હજી ત્યાં વળગ્યા છે. સમજાણું કાંઈ? આ રીતે હેય-ઉપાદેયને સમજ્યા વિના એના અંતર તત્ત્વમાં એનું વલણ ઉપાદેય તરીકે જાય નહિ અને ઉપાદેય તરીકે ગયા વિના એને અનુભવ અને સમ્યગ્દર્શન થાય નહિ.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૭, મંગળવાર, તા. ૨૯-૦૩-૧૯૬૬,
ગાથા-૩૮, પ્રવચન નં. ૩૫

છોડવાયોગ્ય ખરેખર શું? અને આદરણીય ખરેખર શું? 'ખરેખર' છે એમાં. દરેકમાં એ શબ્દ પડ્યો છે. ખરેખર નિશ્ચયથી છોડવાયોગ્ય શું? અને નિશ્ચયથી આદરવાયોગ્ય શું? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' આત્મા એક સમયમાં શુદ્ધ એકરૂપ સ્વભાવ એ સિવાય જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એવી જે પર્યાયો એ બધાને અહીંયા પરદ્રવ્ય કહ્યા છે. સમજાણું કાંઈ? આમ આવો અહીં, કેમ મોડું થયું વળી? સમજાણું?

આ આત્મા એક સમયમાં બેહદ એક એક સ્વભાવથી શક્તિના ગુણથી ભરેલો ચૈતન્યપૂર અને આનંદનું પૂર આત્મા છે. ઈ કહેશે હમણાં. એવો એકરૂપ સ્વભાવભાવ એ સિવાય જેટલા 'જીવ છું' એવો વિકલ્પ, 'અજીવ છે' એવો રાગ કે પુણ્ય-પાપનો ભાવ કે દયા, દાન, વ્રતનો ભાવ કે સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની પર્યાય એ બધા એકરૂપ સ્વભાવની અપેક્ષાએ એ પર્યાયોને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. એ પરદ્રવ્ય હોવાને લીધે, આ કારણે. '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' પરવસ્તુ હોવાને લીધે '**ખરેખર ઉપાદેય નથી.**' ધર્મીજીવને એ સાત તત્ત્વોનો પર્યાય સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ખરેખર ઉપાદેય નથી.**' એમ કહ્યું છેને?

'**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...**' પરથી ઉપેક્ષા કરનારો આત્મા, પરથી ઉપેક્ષા કરનારો આત્મા એને વૈરાગી કહેવામાં આવ્યો છે. ઈ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. ધર્મીની દૃષ્ટિ પરદ્રવ્યની પર્યાય, પુણ્યના દયા, દાનના પરિણામ હો કે સંવર, નિર્જરાના પરિણામ હો કે મોક્ષપર્યાયનું લક્ષ હો પણ એ બધા પરિણામ પરદ્રવ્ય હોવાથી (તેનાથી) પરાઙ્મુખ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ એ પર્યાયોથી વિમુખ છે, પરાઙ્મુખ છે. સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે તેની સન્મુખ છે, આ સાત પ્રકારના પરદ્રવ્યના સ્વભાવથી પરાઙ્મુખ છે. કહો, સમજાણું આમાં?

'**પાંચ ઈન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' મુનિની મુખ્યપણે વાત કરી છે. '**જે પરમજિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...**' ભગવાન આત્મા એક સમયમાં એકલો શુદ્ધ સ્વભાવભાવ અભેદ એકરૂપ ભાવ એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે, જ્ઞાન તેમાં જોડાણું છે '**એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે...**' એ શુદ્ધ દ્રવ્યસ્વભાવ, શુદ્ધભાવ, એકરૂપ ભાવ, પરમપારિણામિકનો પિંડ ચૈતન્યભાવ એ જ

સમ્યગ્દૃષ્ટિ ધર્મીને ખરેખર એ જ આદરણીય છે. કહો, પોપટભાઈ! આહા..હા..! ભારે વાત પણ ભાઈ! કેટલાકને તો હજી પુણ્ય છોડ્યું જાય નહિ, પુણ્ય પરિણામની રુચિ. કહે, ના, ના, ના. અહીં તો કહે છે કે આત્માની પર્યાયમાં પ્રગટ થયો એ સંવર, નિર્જરા એ પર્યાયને પણ અહીંયા પરદ્રવ્ય ગણીને એનાથી વિમુખ અને સ્વભાવથી સન્મુખ એવા ધર્મીજીવને ખરેખર શુદ્ધ આત્મદ્રવ્યસ્વભાવ પરેશ્વરરૂપ જેનું છે, પોતાનું પરમેશ્વર રૂપ છે એ જ સમ્યગ્દૃષ્ટિ આદિ ધર્મીજીવને એ જ અંગીકાર કરવાલાયક છે. ખરેખર એ એક જ આદરણીય અને ઉપાદેય છે. આ બધું ક્યાં ગયું? સાધન. વ્યવહારરત્નત્રય સાધન, સાધક અને એ બધું પંચાસ્તિકાયમાં બહુ આવ્યું છે. સાધક કહ્યું ને સાધ્ય કહ્યું ને વ્યવહાર... અહીં તો કેટલા ભંગ પાડ્યા હતા એ બધા કાઢી નાખ્યા. વ્યવહારરત્નત્રય સાધક એ તો પરદ્રવ્ય છે, આદરણીય નથી. પણ એનાથી પ્રગટેલો સ્વભાવને આશ્રયે જે નિશ્ચયપર્યાય એ પણ પરદ્રવ્ય છે, એ પણ સાધકપણામાં મદદગાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એકસ્વરૂપે પ્રભુ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ રાખે છે, પોતે આત્મા હોં! એવો એકસ્વભાવી ભાવ, શુદ્ધભાવ એવો આત્મા ધર્મીજીવને અંતર્મુખમાં એ જ લક્ષમાં લેવા જેવો એટલે એ જ ઉપાદેય કહેવામાં આવે છે. આહા..હા..! હજી તો અહીં તકરાર બહારની કરે. ભગવાન! તકરાર રહેવા દે. એ તકરાર છેને, એ ખરેખર પોતાના આત્માની વિરુદ્ધની તકરાર છે. સમજાણું? જે કોઈ એમ કહે કે અરે..! શુભભાવથી અમને લાભ થાય, પુણ્ય કરતાં-કરતાં (લાભ થાશે), —એ બધા પોતાના ચૈતન્યના મહાપ્રતાપના માહાત્મ્યનો વિરોધ વિરોધ કરે છે. સમજાણું કાંઈ? બીજાનો વિરોધ નથી કરતા, એ પોતાના સ્વભાવના માહાત્મ્ય(નો વિરોધ કરે છે). ભગવાન આત્મા જેની સામે નજર નાખતા નિધાન આખું પડ્યું છે એ ઉપાદેય છે એમ નથી માનતા પણ આ રાગાદિ (ઉપાદેય છે એમ માને છે), તો એ સ્વભાવથી વિરુદ્ધ વિભાવ એનાથી લાભ થાય એ બધો વિભાવને જ મહિમા આપવા માંગે છે. આહા..હા..! એ સ્વભાવ એકાકાર શુદ્ધ પ્રભુ છે એનો મહિમા એને આવતો નથી. એને મહિમા આપવો ગોઠતો નથી.

શ્રોતા :— ખ્યાલમાં નથી આવતું?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ખ્યાલમાં પણ આવતું નથી, ખ્યાલમાં શું આવે? સમજાણું કાંઈ? એટલે કોઈને એમ લાગે કે આ વિરોધ કરે છે. એ વિરોધ કોઈનો નથી કરતા, એના પોતાના ચૈતન્ય અખંડાનંદ પ્રભુ એનો એને અંતરમાં આ સ્વભાવનું સાધન જ સ્વભાવ છે એમ માહાત્મ્ય નથી આવતું એટલે આનાથી થશે. એ પોતાના સ્વભાવના માહાત્મ્યને જ હણી રહ્યા છે. એટલી વાત એને ન બેઠી. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

શ્રોતા :— ... વૈરાગ્ય ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— વૈરાગ્યની વાત ક્યાં છે? પરનો કોઈપણ પર્યાય રાગાદિમાં લાભ નથી એમ વાત છે. એમાંથી લાભ આત્માને નીકળતો નથી. બરાબર હજી ધ્યાન રાખવું

પડશે એકાગ્ર (થઈને). આ બધું ... થઈ ગયું છેને મનમાં. ... મનને કદરતી નાખ્યું છે આમ. આ શરીરનું આ છે ને ઢીકણું આ છે ને ... આ છે. આ આત્મામાં કહે છે કે શરીરથી તો કાંઈ છે જ નહિ, વાણીથી નથી, કર્મથી નથી, પણ અંદર દયા, દાન ને વ્રતના પરિણામ કષાયની મંદતાના આવે એનાથી પણ આત્માનું માહાત્મ્ય પ્રગટ થતું નથી. ભગવાન એવો લંગડો નથી આત્મા કે રાગની મંદતાએ એનું ભાન થાય એવો એ લંગડો નથી એમ કહે છે. આહા..હા..! મોહનભાઈ! નથી એવો એને માનવો એ જ આત્માને માનતા નથી, અણાત્માને માને છે. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર છે, અતીન્દ્રિય અમૃતનું પૂર છે. કહેશે. સમજાય છે? શ્રુતજ્ઞાનનો અવતાર અને સુખસાગરનું પૂર છે (એમ) કળશમાં કહેશે. એક પાણીનો પ્રવાહ જેમ ચાલે, મોટો દરિયો ચાલ્યો આવતો હોય, બે માથોડા પાણી આવે ઘોડાપૂર જેને કહેતા. અમારે કાળુભા નદીમાં બહુ એવું પાણી આવે. ઘોડાપૂર આવે એકસાથે જ આવે. કારણ કે ચારે કોરનું ભેગું થઈને આવેને, વરસાદ પાંચ-દસ ઈંચ આવ્યો હોય, ચારે કોરના નહેરા, નેહરું બધું ભેગું થઈને (આવે). આટલું આટલું ઊંચું દળ, આમ દળ ચાલ્યું આવતું હોય પાણીનું. મોટો રેલો ચાલે એમ નહિ. સમજાય છે? છોકરાઓ રમતા હોય તો કાંઠેથી રાડુ પાડે, ભાગો, ભાગો, ઘોડાપૂર આવે છે, એમ કહે. છેટેથી લોકો દેખેને. છેટેથી દળ ચાલ્યું આવતું હોય આમ. એક માથોડા સુધી, ઘોડાપૂર કહે એને. ...

એમ આત્માનો અંતર સ્વભાવ ચૈતન્યના ઘોડાપૂર છે કહે છે. આનંદનું પૂર છે. અનંત અનંત આનંદનું પૂર. આવડો આત્મા એને બેસતો નથી. સમજાણું કાંઈ? અનંત આનંદનું પૂર છે. એ સ્વભાવસાગર આખો પડ્યો છે એના સ્વભાવના અંતર લક્ષે જ પ્રગટ થાય એવો છે ઈ. સમજાય છે કાંઈ? પણ જેને એ વાત નથી બેસતી એને ઈ પોતે પોતાનો વિરોધ કરે છે. હું આવડો નહિ હોં! હું આવડો નહિ, આવો નહિ હોં! હું તો કાંઈક રાગની મંદતા હોય તો મને મારો લાભ મળે, કાંઈક મારી પર્યાય ઉપર લક્ષ હોય તો મને લાભ મળે. એટલે લંગડો માન્યો. આત્મા એક સમયનું પૂર, ચૈતન્યનું નૂર આખું છે એને અંતરમાં આદરણીય માનનાર આ બધાની તુચ્છતા ગણે છે, પરદ્રવ્ય ગણે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**આત્મા' ખરેખર ઉપાદેય છે.**' ભગવાન આત્મા એકરૂપ સ્વભાવ ધ્રુવ ચૈતન્યની ડલ્લી ગાંગડો આખો. એકલો ભાવ, ભાવ, ભાવ એક સમયની અવસ્થા સિવાયનો. વાતેય સાંભળી જાય નહિ. આ શું કહે છે? આવો ધર્મ? ભાઈ! આ તો બધા કહે, મંદિર કર્યા, આ બધા કરવા, આ બધા કરવા, કરે છે. મૂળચંદભાઈ!

શ્રોતા :— બંધ કરી દેશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કરી ક્યાં શકે છે તે બંધ કરશે! કરી હતી કે નહિ ભલામણ? સારામાં સારું કરજો. બે બે લાખના ... ફરીને નહિ થાય, એમ કહે.

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એનો અર્થ થયો કે નહિ? ક્યાં કરી શકાય છે કે રોકી શકાય. આહા..હા..! એ કાળે જ્યારે થવાનું હોય ત્યારે થાય. પરમાણુના પિંડનો પર્યાય સંગ્રહ થઈને પર્યાયપણે પરિણમવાનો એ રીતે ત્યારે થાશે. એને કોઈ કરી શકે માંધાતા ઈન્દ્ર આદિ (એમ છે નહિ). સમજાણું કાંઈ?

આ કરી શકે છે, ઊલટાઈ અને સુલટાઈ. કાં એક સમયની પર્યાયમાં માહાત્મ્ય આપી શકે છે. રાગને માહાત્મ્ય આપી શકે છે મિથ્યાભાવમાં. સમજાણું કાંઈ? એ કરી શકે છે. કરતો આવે છે, ઈ કરી શકે છે અજ્ઞાનભાવે. અજ્ઞાનભાવે પરના માહાત્મ્ય રાગની મંદતાના એના ફળના. એ તો સવારે ઘણું આવે છેને. ધૂળના ને બધું ઘણું આવે છે સવારે. અડધો કલાક હતુંને થોડું ઉપોદ્ઘાત. હેતુ હતો. ભાઈ! પરમાં ક્યાંય ગંધ નથી સુખની. સુખની એટલે ધર્મની, ધર્મની. ધર્મ અને સુખ બેય એક ચીજ છે. આત્મામાં ધર્મ નામ સુખ અને આનંદ પડ્યો છે એની દૃષ્ટિ કરતાં ધર્મ નામ સુખની શાંતિ પર્યાયમાં પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ સિવાય ક્યાંયથી ધર્મ પ્રગટ થાય એવું નથી. ધર્મ એટલે સુખ, સુખ એટલે ધર્મ. આહા..હા..! અધર્મ એટલે દુઃખ અને દુઃખ એટલે અધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ અધર્મ છે. આહા..હા..! દુઃખરૂપ છે. એને આશ્રયે આત્માનું લક્ષ થાય અને શરણે જવાય એવી તાકાત એ પરિણામમાં નથી. આહા..હા..! પોપટભાઈ! ભારે વાત, ભાઈ!

ભાઈ! તારા પરમાત્મસ્વભાવમાં તાકાત છે. એકદમ ત્રાટક મારતો અંદર એકાકાર થાય એવી તાકાત છે આત્મામાં. સમજાણું કાંઈ? હજી હા તો પાડે, વિશ્વાસ તો કરે. જેને વાત વિશ્વાસમાં આવવી કઠણ છે. ચારે કોર ચીંડા ગોતે. અહીંથી મળશે ને અહીંથી થાશે ને આમ થાશે ને ધૂળ થાશે. સમજાણું કાંઈ? એવી તીક્ષ્ણબુદ્ધિ જેને કહીએ, એને તીક્ષ્ણ બુદ્ધિ કહીએ. કોને? કે જે પોતાના જ્ઞાનની બુદ્ધિને વર્તમાન પર્યાય ઉપરથી લક્ષ છોડીને અંતર્મુખમાં જે બુદ્ધિ કરે તેને તીક્ષ્ણબુદ્ધિ કહેવાય છે. ક્ષયોપશમજ્ઞાનનો ઓછો વત્તો એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? જે પોતાના જ્ઞાનની નજરને જ્ઞાતા ઉપર લગાવે છે એને તીક્ષ્ણ બુદ્ધિ કહે છે. આહા..હા..! ... એકાંત છે, ... ભગવાન! તું કહે એમ થાય તને ઊંધી દૃષ્ટિએ. સવળું નહિ થાય એમાં. તું માન એવું થાશે તારી દૃષ્ટિમાં. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**એવા આત્માને...**' એવા આત્માને '**આત્મા' ખરેખર ઉપાદેય છે.**' જેની તીક્ષ્ણબુદ્ધિ સ્વદ્રવ્યમાં લાગી છે એવા આત્માને આત્મા ખરેખર અંતર્મુખે આદરણીય છે. આ ધર્મની શરૂઆતનો પહેલો રસ્તો અને માર્ગ છે. હવે કહે છે, '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' અગમ્ય વાતું છે બધી. શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધભાવ જે આત્મા જેને કહ્યો, શુદ્ધભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, પરમપારિણામિક ચૈતન્યના પૂર, આનંદના પૂર એવો જે આત્મા એ ઉદય નામ દયા, દાનના પરિણામથી અગમ્ય

છે. સમજાણું કાંઈ? ઉદય, પહેલો છેને ઉદય? ઉદયભાવ વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણ-ગુણીનો ભેદ એવો વિકલ્પ જે રાગની મંદતાનો ઉઠે એનાથી ભગવાન અગમ્ય છે. એનાથી જણાતો નથી. સમજાણું કાંઈ? ઉદય અને ચાર. નીચે છે જુઓ, ભાવાંતરો શબ્દ છેને? પોતાનો શુદ્ધભાવ, ધ્રુવભાવ, એકરૂપ ભાવથી આ ચાર ભાવ અનેરા છે, અનેરા છે. એકરૂપ ભાવ, ધ્રુવભાવ, ચૈતન્યનું પૂર ભાવ એકરૂપ ધ્રુવભાવ એનાથી આ ચાર ભાવ અનેરા છે. અનેરા એટલે અન્ય છે. શું અન્ય છે? ઉદય અન્ય છે. વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ ઉદયભાવ છે, એનાથી ગમ્ય નથી. કેમકે વસ્તુ ત્રિકાળ એ ઉદયથી અન્ય છે.

'ઔપશમિક...' સમ્યગ્દર્શન આદિનો પર્યાય એ ઔપશમિક છે, એનાથી ગમ્ય નથી. એટલે? કે એને આશ્રયે પ્રગટ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? છે તો ઉપશમભાવને ગમ્ય, પણ ઉપશમભાવ એ સમ્યગ્દર્શનની પર્યાય છે, એ પર્યાયને આશ્રયે ગમ્ય નથી. કેમકે પરમસ્વભાવભાવ એનાથી ઉપશમપર્યાય અનેરો ભાવ છે. અનેરા ભાવને આશ્રયે અનેરો ભાવ પ્રગટ થાતો નથી. સમજાણું કાંઈ? ઉપશમભાવ.

'ક્ષાયોપશમિક...' ભાવ. એ જ્ઞાનનો, સમ્યગ્દર્શન આદિનો ક્ષયોપશમભાવ પર્યાય. કાંઈક વિકાસ, કાંઈક વિઘ્ન. એવો ભાવ એનાથી અગમ્ય છે. અગમ્ય એટલે? કે એના આશ્રયથી પ્રગટ થાય નહિ એ અપેક્ષાએ એને અગમ્ય કહ્યો છે. નહિતર ક્ષયોપશમસમકિત આદિને તો ગમ્ય છે. પણ ક્ષયોપશમસમકિત અને ક્ષયોપશમજ્ઞાન એને લક્ષે પ્રાપ્ત થાય એવો નથી. સમજાણું કાંઈ? એનું લક્ષ આમ આ.. આ.. આ.. એમ લક્ષ રાખીને આ પ્રાપ્ત થાય એમ નથી. બહુ વાતું... ન્યાલભાઈ! આકરી વાતું, ભાઈ! ઓલા કહે, 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન' પછી આગળ આવે ત્યારે 'અટકે ત્યાગ' એ પછી પણ આ પહેલું થાય એને તો લ્યો એમ કહે છે. .. ઈ આવતું હતું. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' સામે બોલે 'થાય ન તેને જ્ઞાન'. ત્યારે ઓલા કણબી સાંભળવા આવ્યા હતા. કાનાતળાવવાળા છેને? બીજું પદ કેમ બોલતા નથી આ? ઓલા છેને? કાનાતળાવવાળા નથી? પણ 'અટકે ત્યાગ વૈરાગ્યમાં' ઈ અર્થ કેમ નથી કરતા? ઓલામાં જોર કરે. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન, અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.' ઈ આવે છે.

કહે છે, ભાઈ! અહીં તો ઘણી નંબરની, ચોખ્ખા નંબરની વાત છે. કહે છે કે જ્ઞાનનો ક્ષયોપશમ છેને વિકાસ, અરે..! સમ્યગ્દર્શન પૂર્વકનો ક્ષયોપશમભાવ, એને લક્ષે આ લક્ષ થઈ શકતું નથી. માટે તેને અહીંયા ક્ષયોપશમથી અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે. 'ક્ષાયિક,...' ક્ષાયિકભાવ. સમજાણું કાંઈ? શું કીધું? ક્ષાયિકભાવ. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવસ્વભાવ એકરૂપ પરમાત્મા પોતે પોતાનો સ્વભાવ, ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકર કહે છે કે જે અંદરમાં પર્યાયમાં રાગાદિ મંદ થયો એના ગમ્ય નથી, ઉપશમને ગમ્ય નથી, ક્ષયોપશમને અને ક્ષાયિકને (ગમ્ય) એ ચીજ નથી. આહા..હા..!

આત્મામાં સમ્યગ્દર્શન જે આત્મા શુદ્ધ ધ્રુવ એની ખાણમાંથી અંદર એકાગ્ર થઈને જે સમ્યગ્દર્શન પ્રગટ થાય એ ધર્મ. એ ધર્મને લક્ષે આત્મા પ્રગટ થાય એમ નથી પાછું, એમ કહે છે. આહા..હા..! ગજબની વાત! માણસને સાંભળવા મળે નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકનું જ્ઞાન, એની ધ્વનિમાં આવેલી આ વાત છે. અને તે ન્યાયથી છેને, ખ્યાલમાં બેસે છે કે નહિ? એક સમયનો ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યનું દળ, ચૈતન્યપૂર આખો આત્મા સુખનો સાગર આત્મા છે વસ્તુ ધ્રુવસ્વરૂપ છે એ ભગવાન આત્મા એનું લક્ષ કરવાથી જ આત્માને ધર્મ અને શાંતિ થાય. સમજાણું કાંઈ?

એ ચાર ભાવ જે કીધા—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર પર્યાય છે, અવસ્થા છે. અવસ્થાને લક્ષે અવસ્થાયીમાંથી નવી દશા પ્રગટ થાય નહિ. ભારે વાત, ભાઈ! આહા..હા..! 'એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...' ભગવાન આત્મા એક સમયમાં પરમેશ્વરનો પિંડ પોતે છે આત્મા. જેટલી સર્વજ્ઞ પરમેશ્વરને સર્વજ્ઞતા, અનંતઆનંદ આદિ પ્રગટ્યા એ બધા ક્યાંથી આવ્યા? અંતર ધ્રુવસ્વરૂપ પડ્ય છું, અંતરમાં શક્તિનું આખું સત્ત્વ પ્રભુ આત્મા છે એમાંથી પ્રવાહ આવ્યો છે. આહા..હા..! એવો એક સમયનો સર્વજ્ઞ કેવળીએ દીઠેલો આત્મા '**सव्वण्हुणाणदिट्ठो**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે આ આત્માને એમ જોયો છે કે શરીર, વાણી એ આત્મા નહિ, પુણ્ય-પાપના વિકલ્પ રાગ મંદ આદિ ઉઠે એ આત્મા નહિ, એક સમયની વિકાસ દશાનો અંશ એ આત્મા આખો નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે આત્માને એવો જોયો છે, દરેકનો હોં! આત્મા પૂર્ણ અનંતગુણની રાશિ એકરૂપ દળ ચૈતન્ય ધ્રુવસ્વરૂપ એને ભગવાને આત્મા જોયો અને કહ્યો. એ સિવાય શરીર, વાણી, મન આ તો માટી ધૂળ છે, જડ છે, અંદર પુણ્ય-પાપ દયા, દાન, વ્રતના પરિણામ ઉઠે એ પુણ્યના પરિણામ છે, રાગ છે, વિકલ્પ છે, તે આત્મા નથી. એ તો ઉદયભાવમાં ગયું. અને ક્ષયોપશમભાવ અંદર વિકાસ જ્ઞાનનો કંઈક હોય ઉઘાડ ભાવ, વીર્યનો ઉઘાડ હોય, દર્શનનો ઉઘાડ હોય એ તો એક સમયની દશા છે. એક સમયની દશા એ વ્યવહારઆત્મામાં જાય છે, નિશ્ચયઆત્મામાં આવતું નથી. આહા..હા..! એથી ભગવાન કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ તો ખરેખર ધ્રુવ એકરૂપ સ્વરૂપ અંદર છેને. ત્યાં અંતરમાં લક્ષ કરવાથી તને શાંતિ અને ધર્મ થાય એવું છે. બાકી પ્રગટેલી પર્યાયથી પણ લક્ષ કરવાથી ધર્મની શુદ્ધિની સુખની વૃદ્ધિ ઉત્પન્ન થતી નથી. આહા..!

અરે..! એને અનંત કાળે માંડ મનુષ્યપણું મળ્યું એમાં એને સાંભળવાનું હજી સત્ય શું એ મળે નહિ. હવે સાંભળ્યા વિના કેની રુચિ કરવી અને ક્યાં જાવું અને ક્યાંથી ખસવું એની ખબરું ન મળે અને એને ધર્મ કરવો છે. અનંતકાળમાં એમને એમ એણે હાંક્યું અને ખોયું છે. ખોયું છે, ભાઈ! એને ખબર નથી. એણે પોતાનો જ દ્રોહ કર્યો છે. બીજાનો

કોઈ દ્રોહ કરી શકતું નથી. ભગવાન આત્મા જેમાં અનંત અનંત કેવળજ્ઞાન, અનંતઆનંદ આદિ દશાઓ જેમાં શક્તિ, સત્ત્વ આખું પડ્યું છે એનું માહાત્મ્ય ન કરતાં રાગ અને એક સમયની દશાનું જેને માહાત્મ્ય આવે છે એ આત્માના ત્રિકાળ સ્વભાવનો દ્રોહ કરે છે. એનું નામ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કોઈનો દ્રોહ કરતું જ નથી ત્રણકાળમાં. પરનું કોણ કરે? ભાઈ! પર તો સ્વતંત્ર આત્માઓ છે, જગતના રજકણો ભગવાને જોયા અજીવતત્ત્વ એ સ્વતંત્ર છે, રજકણો છે. એનો કોઈ કર્તા હર્તા છે નહિ. સ્વયંસિદ્ધ વસ્તુ સ્વયં છે.

અહીં કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ તો એક સમયમાં પૂર્ણ આનંદકંદ અંદર છે. એનું માહાત્મ્ય ન કરતા તને એક રાગનું માહાત્મ્ય આવે, સંયોગનું માહાત્મ્ય આવે કે એનાથી મને લાભ થશે. સમજાય છે કાંઈ? અને ઉઘાડજ્ઞાનનો કાંઈક વિકાસ હોય, ક્ષયોપશમ, એનાથી આત્માને ધર્મ થશે. ભાઈ! તેં માહાત્મ્ય તારા સ્વભાવથી વિરુદ્ધવાળાને આપ્યું અને કાં પૂર્ણ સ્વભાવથી અલ્પભાવને તેં માહાત્મ્ય આપ્યું. આહા..હા..! એ વિરુદ્ધ છે. ત્રિકાળ અખંડાનંદ પ્રભુ આત્મા ધ્રુવસ્વરૂપ જે ચૈતન્યનું દળ અને સુખનું પૂર આત્મા છે એક સમયમાં એના માહાત્મ્ય ન કરતા, એનું અધિકપણું એને ન આપતા, તારી જ્ઞાનની ઉઘાડદશાને પણ એક સમયની દશાને અધિકપણું આપ્યું એ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એક સમય તો તદ્દન વિરુદ્ધ ભાવ છે. એ... ન્યાલભાઈ! ભારે વાતું, બાપા! આહા..હા..!

ભાઈ! તારી વાત કેવળીએ જોઈ છે એ કહી છે, બાપુ! તને ખ્યાલમાં નથી આવતી, ભાઈ! એ અનંતકાળમાં અનંતવાર સાધુ થયો, ક્રિયાકાંડી થયો, મરી ગયો કરી કરીને. ભગવાન આત્મા અંદર પરમેશ્વરે કહ્યો આત્મા એનું એને અંતરમાં માહાત્મ્ય એક સેકંડ પણ કોઈ દિ' કર્યું નથી. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. એ ચાર ભાવથી અગમ્ય છે ભગવાન આત્મા. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ આત્માની ચાર પર્યાય છે, પર્યાય છે. હજી પર્યાય શું, દ્રવ્ય શું ખબર ન મળે કાંઈ. આ તો જુદાં છે ધૂળ માટી છે, માંસ છે, અજીવતત્ત્વ છે, કર્મ જડ છે, ધૂળ છે એ તો જુદાં છે. પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ થાય એ પણ આસ્રવતત્ત્વ એ ભગવાન આત્માથી જુદી ચીજ છે. પણ એની દશામાં વર્તમાન વિકાસનો અંશ જેટલો છે જ્ઞાન, દર્શન અને વીર્યનો એ અંશ છે, એ તો એક અંશ છે. ભગવાન આત્મા આખો અંશી અનંતગુણનો પિંડ છે. એવા સ્વભાવની દૃષ્ટિનું માહાત્મ્ય ન કરતા એને એક સમયની દશાનું માહાત્મ્ય થાય એ આત્માનો દ્રોહ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાને પડી ન હોય વાત, હવે એ વિચારે કે દિ' અને સાંભળે કે દિ' અને સમજે કે દિ'? આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત તીર્થંકરો થયા. વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુ આદિ તીર્થંકરો અને કેવળીઓ લાખ્ખો બિરાજે છે. એ અનંત કેવળી અને તીર્થંકરોનું

એક જ કથન છે કે ભાઈ! તારો ભગવાન પૂર્ણાનંદ ગાંઠમાં પડ્યો છેને અંદર. મૃગલાને ડુંટીમાં કસ્તુરી પણ એનું એને માહાત્મ્ય આવતું નથી. એમ આ પરમાત્મા પોતે જ અંદર સ્વરૂપે ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એવા ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિનું માહાત્મ્ય ન આવતા, એનો આદર ન થતા, એને નિમિત્તનો આદર, રાગની મંદતા, દયા, દાનના વિકલ્પ શુભરાગનો આદર અને એને જાણનારો વિકાસનો આદર એ તો વસ્તુના સ્વભાવથી વિપરીત ભાવનો આદર છે. સમજાણું કાંઈ? એને મિથ્યાદૃષ્ટિપણું કહે છે. આહા..હા..!

કહે છે કે એ ચાર ભાવાંતરોને અગોચર છે. આહા..! એ પ્રભુ પરમાત્મસ્વરૂપ જ સાક્ષાત્ કેવળજ્ઞાની જે પર્યાયમાં પ્રગટ થયા એ બધી પર્યાયોનો પિંડ આત્મા ભગવાન ધ્રુવસ્વરૂપે છે. એમાંથી દશા નીકળે છે, કોઈ બહારથી આવતી નથી. સમજાણું કાંઈ? લીંડીપીપરનો ચોસઠ પહોરો તીખો સ્વભાવ અંદર પીપરમાં પૂરો ભર્યો છે. (પીપર) આવડી (નાની) હોવા છતાં પૂરો અંદર ભર્યો છે આખો, લીલો રંગ, સુંવાળો ભાવ અને તીખો પૂરો ભર્યો છે, એને ખરેખર લીંડીપીપર કહીએ. બહારની કાળી દેખાય એ ખરેખર લીંડીપીપર નહિ. આહા..હા..! એમ ભગવાન આત્મા જેના સ્વભાવમાં અનંત અનંત બેહદ જ્ઞાન, દર્શન, આનંદ જેની શક્તિના સત્‌માં પડ્યા છે એવા શુદ્ધ ધ્રુવને પરમાર્થે આત્મા કહેવામાં આવે છે. એ પરમાર્થ આત્મા ભગવાન.. સમજાણું કાંઈ? કહે છે કે ચાર ભાવને અગમ્ય છે. આહા..હા..! એ પર્યાય જે ઉઘડેલી એને લક્ષે લક્ષ થાય એવું નથી. આહા..! દિશા ફેર છે, ભાઈ! તારી દિશા અંતરના સ્વરૂપમાં જવાને માટે બહારથી વિમુખ થાય ત્યારે અંતરમાં સન્મુખ થાય એવી તારી દશા છે. શું દશા અને શું દિશા. કરવું શું? ... એક જ રસ્તો છે ત્રણકાળ-ત્રણલોકમાં. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' બીજો સહેલો, પણ કઈ રીતે? ખાવું હોય તો મોઢું હલાવ્યા વિના બીજો કોઈ રસ્તો? કાનમાં નાખીને કે બીજે નાખીને પેટ ભરાય એવો રસ્તો? રસ્તો એક જ હોય. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય મહારાજ કહે છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે એમ છે, તું ખ્યાલમાં લે તો તને બેસે એવું છે. ભાઈ! આખી ચીજ છેને, પ્રભુ! એક સમયનો જ આત્મા, એક સમયની દશા પૂરતો આત્મા એટલો છે? સમજાણું? આખું તત્ત્વ છેને. ધ્રુવતત્ત્વ દળ છેને. અનાદિ-અનંત ચૈતન્યદળ આનંદકંદ એવા અનંતગુણનો પિંડ આત્મા છે. સમજાણું કાંઈ? ભગવાને આકાશના પ્રદેશ જે અનંત જોયા, અલોક, અલોક છે. અલોક છેને અનંત. એના અનંત પ્રદેશો છે એથી અનંતગુણા એક જીવમાં ગુણ ભગવાને જોયા છે. આહા..હા..! એવા અનંતગુણનો પિંડ તે ધ્રુવ તેને ભગવાને પરમાર્થઆત્મા કહ્યો છે, એક સમયની દશાને વ્યવહારઆત્મા કહ્યો, પુણ્ય-પાપને અનાત્મા કહ્યા, જડને તો જડ કહ્યા, લ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી '**ववहारोऽभूदत्थो**' કીધુંને. એનો અર્થ ઈ છે. આહા..હા..!

કહે છે, આ ભગવાન આત્મા ચાર ભાવને અગમ્ય હોવાથી, એ ભગવાન આત્મા વસ્તુ

ધ્રુવ દ્રવ્યકર્મ નામ આઠ કર્મથી રહિત છે. દ્રવ્યકર્મ તો જડ છે, રજકણ છે, માટી છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ તો રજકણ છે, અજીવતત્ત્વ છે, રૂપી મૂર્ત દળ પુદ્ગલના રજકણો છે. વિહૂયરયમલા આવે છે કે નહિ? એના અર્થની ખબર ન હોય. કોને ખબર છે. રય-રજ એટલે ધૂળ છે આઠ કર્મની અને મળ એટલે અંદર પુણ્ય-પાપના ભાવ થાય તે મળ-મેલ છે, એ ભાવકર્મ છે. સમજાણું કાંઈ? પહેલું દ્રવ્યકર્મ લીધું. એ આત્મા ભગવાન અંદર રજકણના તત્ત્વથી અજીવથી ભિન્ન તત્ત્વ છે.

'**ભાવકર્મ,...**' પુણ્ય અને પાપ, શુભ અને અશુભ વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ તે આત્મતત્ત્વ નહિ અને આત્મતત્ત્વ તે આસ્રવતત્ત્વ નહિ. આસ્રવતત્ત્વ તે અજીવતત્ત્વ નહિ અને અજીવતત્ત્વ તે આસ્રવતત્ત્વ નહિ. આહા..! સમજાણું કાંઈ? એ ભાવકર્મ. શુભ- અશુભ પરિણામ થાય, દયા, દાન, ભક્તિ, વ્રત, તપના, પૂજાના વિકલ્પો ઉઠે એ શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપરાગ છે. બેય ભાવકર્મ વિકારી મેલ છે. એનાથી પણ ભગવાન આત્મા મેલથી રહિત નિર્મળાનંદ છે. આહા..હા..! અત્યારે હાં અંદર વસ્તુ.

નોકર્મ એટલે આ શરીર, આ વાણી એ નોકર્મ કહેવાય. જે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એવી '**ઉપાધિથી જનિત...**' એવી ઉપાધિથી ઉત્પન્ન થયેલા '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' ભગવાન આખું દળ ચૈતન્યપ્રભુનું પડ્યું છે એ વિકાર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત આખો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને કારણપરમાત્મા કહે છે. બીજો ભગવાન નહિ, હોં! કરનારો-ફરનારો કોઈ નથી. ઈશ્વર-બિશ્વર કોઈ નથી. પોતે જ પોતાનો કારણપરમાત્મા છે. અનંતગુણનો પિંડ ભગવાન કહે છે, એ કારણપરમાત્મા ઉપર આશ્રય કર તો કેવળજ્ઞાનાદિ કાર્યપરમાત્મા થાય. એ સિવાય બીજી કોઈ રીત વીતરાગમાર્ગમાં છે નહિ. અન્યમાં તો છે જ નહિ. એ તો વાત કરી હતીને. વીતરાગ સિવાય જેટલા માર્ગો અજ્ઞાનીઓએ કહ્યા અને વર્ણવ્યા છે એ બધા ઊંધા અને અવળા. એક સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ તીર્થંકરે કહેલું તત્ત્વ, એણે કહેલા છ દ્રવ્ય એ સિવાય જગતમાં કોઈ સાચી વાત જાણી નથી.

ઈ ભગવાન કહે છે કે ભાઈ! અમે જોયું છે કે તારો આત્મા તો આનંદકંદ છેને. આહા..હા..! આમ જ્ઞાનના ઉપયોગવાળો જાણવું.. જાણવું.. જાણવું.. જાણવાના દળવાળો આત્મા છેને. એ આત્મા જડકર્મ, વિકારી પરિણામ અને શરીર, વાણીથી જુદો છેને. જુદો ન હોય તો બે જુદાં પડે કે દિ'? સમજાણું કાંઈ?

શ્રોતા :— કઈ દુનિયામાં આવું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભગવાનની દુનિયામાં! એ ભગવાન કહે છે કે મારી જેવો થા. એમ કહે છે. આ રાંકો થઈને રખડી રહ્યો છેને. એમ કહે છે.

શ્રોતા :— ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યાં ગમે? સમજ્યા વિના ગમે? શેનું ગમે? નિગોદમાં અનંતકાળ રહ્યો, બાપા! તને ખબર નથી, ભાઈ! એક શરીરમાં અનંતા જીવ, એક બટાટાની (કણીમાં). અનંતા, એમાં મિથ્યાદૃષ્ટિપણે અનંતવાર રહ્યો. અનંતા ભવ કર્યા એના. એક આત્માના ભાન વિના. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, સ્વર્ગમાં અનંતવાર ગયો ધૂળમાં. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો'. આત્મા અખંડાનંદ પ્રભુ એના અનુભવના સમ્યગ્દર્શન વિના એણે બધું અનંતવાર કર્યું છે. રખડ્યો ચાર ગતિમાં એવું કર્યું છે. કહો, સમજાણું કાંઈ? અરે..! એનો ઈતિહાસ ક્યાં સાંભળ્યો છે એણે? બીજા ઈતિહાસ જોવે પણ તારો ઈતિહાસ સાંભળ્યો છે તેં? ભાઈ! તેં નિગોદના અનંતા ભવ કર્યા છે, સ્વર્ગના અનંતા કર્યા, નરકના અનંતા કર્યા, ઢોરના અનંતા કર્યા, રાજા, મહારાજા અબજોપતિના ભવ અનંતા કર્યા, ભિખારીના અનંતા ભવ કર્યા. બાપુ! તારી આદિ નથી. આદિ છે? નવો છે? આત્મા થાય એવો છે ક્યાંય? રહ્યો ક્યાં ત્યારે અત્યાર સુધી? એ ચાર ગતિના ધોકા—દુઃખ સહન કર્યા એણે. સ્વર્ગમાં પણ દુઃખ છે. સમજાય છે? આ શેઠાઈ-બેઠાઈ ધૂળના ધણી કહેવાય એ બધા દુઃખના દાળિયા છે. મલૂકચંદભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા જેનામાં પરમ આનંદ અને શાંતરસનો કંદ પ્રભુ શિલા પડી છે. એવા ધ્રુવના ધ્યાન વિના, એવા ધ્રુવના લક્ષ વિના, એ ધ્રુવને ધ્યેય કર્યા વિના તને શાંતિ અને સુખ ત્રણકાળમાં થાય એવા નથી. ધ્રુવના ધ્યાન વિના ધર્મ ત્રણકાળમાં થાય એવો નથી. આહા..હા..! ઈ કહે છે અહીં. આ શુદ્ધભાવ અધિકાર છે. સમજાણું કાંઈ?

'**અનાદિ-અનંત...**' કેવો છે પ્રભુ? અનાદિ-અનંત છે. એ કંઈ આદિ છે એની? આત્માની આદિ છે આની કે પહેલો નહોતો અને થયો? છે, છે, છે. આદિ વિનાનો અનંતકાળનો છે, છે અને છે. કોઈએ કર્યો છે? ઈશ્વર-બિશ્વર કોઈ કર્તા છે? ત્રણકાળમાં કોઈ કર્તા નથી. તું જ પોતે અનાદિનો છો. તારી આદિ નથી એટલા કાળનો અનાદિ. ભગવાને જોયો છે કે અનાદિનો છે એમ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. અનાદિ છતાં અનાદિ છે એમ જોયું છે. અનંત છે. અનાદિ-અનંત છે. ભવિષ્યમાં પણ એમને એમ અનંતકાળ રહીશ. કાંઈ તારો નાશ થઈ જાય અને કોઈમાં ભળી જા એવો તું નથી. '**અનાદિ-અનંત અમૂર્ત...**' છે. ભગવાન આત્માને રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. આ તો ધૂળને રંગ, સ્પર્શ છે, આ તો માટીને છે. આત્માના છે રંગ, ગંધ, સ્પર્શ? રંગ, ગંધ, સ્પર્શ છે આત્માને? એ તો અરૂપી છે, અમૂર્ત છે પણ વસ્તુ છે. અમૂર્ત પણ વસ્તુનું દળ છે આખું. અનંતગુણનો પિંડ છે.

'**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' છે. ઈન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવો નથી. આહા..હા..! '**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' ભગવાન આત્મા... આ ઈન્દ્રિયોથી તો આ જાણવામાં નિમિત્ત થાય. કાન શબ્દ જાણવામાં, આંખ રૂપ જાણવામાં, (નાક) ગંધ જાણવામાં, રસ, ગંધ, સ્પર્શ આત્માને જાણવામાં કામ કરે આ? આ તો માટી છે. અતીન્દ્રિયસ્વભાવવાળો ભગવાન છે.

એ અતીન્દ્રિયજ્ઞાનથી જણાય એવો છે, બીજા કોઈ જ્ઞાનથી જણાય એવો નથી. આહા..હા..! ભારે વાત પણ એવી થઈ પડે છે માણસને. વાત તો મોટી મોટી કેવી વાત હશે. આ તો હજી સમ્યગ્દર્શન થવાની પહેલી વાત છે. સમ્યગ્દર્શન વિના ધર્મ ત્રણકાળમાં ન હોય અને સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ એ બધા એકડા વિનાના મીંડા છે. કોરે કાગળે રણમાં પોક (છે). સમજાણું કાંઈ? એ અહીં વાત પહેલી કરે છે. બાપુ! તારું તત્ત્વ આવું છે કે અતીન્દ્રિયસ્વભાવવાળો તું છો.

સહજ '**શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...**' જુઓ, શુદ્ધ શુદ્ધ સ્વરૂપ સ્વાભાવિક અનાદિનું સ્વાભાવિક, પરમપારિણામિકભાવ. ઓલા ચાર ભાવ છેને? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાય છે. આ વસ્તુ છે ત્રિકાળી. આહા..હા..! શુદ્ધ સહજ પરમપારિણામિક વસ્તુ વસ્તુ વસ્તુ. જેને પર નિમિત્તની હયાતીની કે અહયાતીની અપેક્ષા નથી એવું એ તત્ત્વ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ અનાદિ-અનંત ભગવાને જોયું છે. એવો તું છો. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે. એ ભગવાન આત્માનો.. જુઓ, એ ચાર પર્યાયનો સ્વભાવ ન લીધો ભાઈ! એ તારો સ્વભાવ નથી, એ તો એક સમયની દશા એટલે કાઢી નાખવા જેવી છે. લક્ષ છોડી દે એનું લક્ષ છોડી દે. આહા..હા..! હજી તો શરીરની ક્રિયાથી અને રાગની મંદતાથી ધર્મ થાય. આ તે કેવી રખડવાની દશા! પોપટભાઈ!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર દ્વારા કહેલું મુનિઓ સંતો કહે છે, ભાઈ! ભગવાન! તારું સ્વરૂપ તો અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ સહજ પરમ સ્વભાવવાળું તત્ત્વ જેનો સ્વભાવ એવો આ કારણપરમાત્મા એ તું છો કે જેમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટ થાય એવી ખાણ તું છો. આહા..હા..! અતીન્દ્રિય સ્વભાવનો પિંડ છોને, પ્રભુ! એની ઉપર નજર કરતા, એનો આશ્રય કરતા, એને ધ્યેય બનાવતા તને સમ્યગ્દર્શન થાય. એને ધ્યેય બનાવીને સ્વસંવેદનજ્ઞાન થાય. એને જ્ઞાન કહેવાય, બાકી બધા ધૂળધાણી. એને ધ્યેય બનાવીને એમાં ઠરે એને ચારિત્ર કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.**' એમ આવ્યુંને જુઓ. ભાઈ! 'ખરેખર' (શબ્દ) ત્રણ વાર આવ્યો. પહેલું કીધુંને, '**ખરેખર ઉપાદેય નથી.**' આ જીવ ધ્રુવસ્વભાવ સિવાય એ પર્યાયમાં આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ પર્યાય છે. એ પર્યાય પણ આદરણીય છે નહિ. કેમકે એ પરદ્રવ્ય (છે). આત્મામાંથી નવી દશા આવે છે, પર્યાયમાંથી પર્યાય આવતી નથી. માટે પરદ્રવ્ય હોવાથી ખરેખર ઉપાદેય નથી એમ કહ્યું. પછી કહ્યું હતું કે '**આત્મા' ખરેખર ઉપાદેય છે...**' અહીં એ કહ્યું કે આવો કારણપરમાત્મા એની વ્યાખ્યા કરીને કહ્યું કે '**તે ખરેખર 'આત્મા' છે.**' તે ખરેખર આત્મા છે. ઓલા ઉપાદેયમાં બે નાખ્યા હતા, આ ખરેખર આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમેશ્વર કેવળીએ જે જોયો આત્મા તે આત્મા એને પાંચ પ્રકારની

પર્યાયો આસ્રવ, સંવર, નિર્જરા, બંધ કે મોક્ષની એ પરદ્રવ્ય છે, કહે છે. એમાંથી તને લાભ, એને લક્ષે લાભ નથી. માટે ખરેખર તે હેય છે. અને આત્મા એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે ખરેખર ઉપાદેય છે. હવે આત્મા કોને કહેવો? કે આને. એ અમૂર્ત અનાદિ-અનંત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ સ્વભાવિક પરમસ્વરૂપ ભગવાનમૂર્તિ આત્મા પોતાનો એવો કારણપરમાત્મા, એવો કારણપ્રભુ પોતે હોં! તે ખરેખર આ આત્મા છે.

'**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' જેને નજીકમાં કેવળજ્ઞાન પામવું છે અને મોક્ષ જાવું છે, જેને સંસારના અંત લાવવા છે. સંસાર નામ વિકારીભાવ એનો અંત લાવવો છે. અંત આવવો છે એવા અતિ-આસન્ન પાછું, અતિ નિકટ છે જેને મોક્ષ એવા ભવ્યજીવોને, ભવ્યજીવોને. એવો નિજ પરમાત્મા પોતાનો જે આત્મા કીધો કારણધ્રુવ અનાદિ-અનંત અનંતગુણનો પિંડ એ નિજ પરમાત્મા સિવાય કાંઈ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન કેવળી પણ શુભભાવમાં નિમિત્ત તરીકે આદરણીય વ્યવહારે કહેવાય. નિશ્ચયસમ્યગ્દૃષ્ટિને આ આત્મા સિવાય (બીજું કાંઈ) આદરણીય છે નહિ. સમજાણું કાંઈ? '**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' જેને સંસારના કિનારા આવી ગયા, થઈ ગયા છે, મોક્ષ જેને નજીકમાં થવાનો છે એવા અતિ-આસન્ન ભવ્યજીવને '**એવા નિજપરમાત્મા...**' જે આવો આત્મા કહ્યો. અનાદિ-અનંત શુદ્ધ નિત્ય ધ્રુવસ્વભાવ, પરમસ્વભાવ એ નિજ પરમાત્મા. ભગવાન કેવળી નહિ, કેવળી પર રહી ગયા. '**નિજપરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' આહા..હા..! આકરી વાત ભારે પડે! કાંઈ ઉપાદેય નથી, પાછું એમ. ઓલામાં કહ્યું કે ખરેખર ઉપાદેય છે, હવે એ સિવાય કાંઈ ઉપાદેય નથી. અનેકાંત કર્યું. આહા..હા..!

મહાન શક્તિનું તત્ત્વ આખું પૂર્ણ અનંત અનંતગુણનું પૂર તત્ત્વ ગુણરૂપે ધ્રુવ એને કારણપરમાત્મા અહીં પરમેશ્વરે કહ્યો છે. એ કારણપરમાત્મા પોતાનો નિજ ભગવાન એનો આદર કરીને અંદર દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. પહેલી દૃષ્ટિ એટલે સમ્યગ્દર્શન પછી એમાં ઠરવું એ ચારિત્ર. સમજાણું કાંઈ? એ '**નિજપરમાત્મા સિવાય (બીજું) કાંઈ...**' આદરણીય નથી. મોક્ષનો પર્યાય એક સમયનો છે, સંવર, નિર્જરા એક સમયની છે એ આદરણીય નથી. આદરણીય આ તત્ત્વ છે. એ તત્ત્વને આદરણીય થતા એ દશા નવી શાંતિની, કેવળજ્ઞાનની, પરમાત્માની, ધર્મની દશા પ્રગટ થાય છે. એ આત્માના અંતર ધ્રુવને અવલંબે થાય. બીજાને અવલંબે ત્રણકાળમાં થાતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જેને આ વાત રુચતી નથી એ આત્માનો જ વિરોધ કરે છે, કોઈનો (બીજાનો વિરોધ) કરતા નથી, કોઈનો (બીજાનો વિરોધ) કરતા નથી. કોઈ દિ' ત્રણકાળમાં કોઈનો (બીજાનો વિરોધ) કરતા નથી.

આ ભગવાન આવો આત્મા અનંતઆનંદનું પૂર, અનંતજ્ઞાનનું પૂર એ સીધો સ્વભાવમાં આશ્રય કરે તો લાભ થાય એમ જેને બેસતું નથી એ બીજાથી લાભ થાય એમ કરીને બીજાની પણ વાત ન ગોઠે એનો અર્થ કે એને આત્માનો વિરોધ પોતાનો છે. સમજાણું? 'હું એવડો

નહિ, હું એવડો નહિ. ના, ના, ના, એવડો નહિ. હમણાં નહિ, હમણાં નહિ, હમણાં નહિ.'

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— પ્રવૃત્તિ કે દિ' હતી? કોણ પ્રવૃત્તિ કરતો'તો જગતમાં? અહીં ભગવાન તો કહે છે કે આ શરીરનો એક રજકણ પણ આત્મા હલાવી શકતો નથી. આ તો જડ છે. અજીવની પર્યાયને હું હલાવું એ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી એમ કહે છે. અત્યારે. આ જડ તત્ત્વ, અજીવતત્ત્વ છે આ તો. અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવમાં છે. આત્મામાં છે? આત્માથી એની પર્યાય ચાલે આ? પર્યાય છે કે નહિ એને જડને? કે પર્યાય વિનાનું-અવસ્થા વિનાનું તત્ત્વ છે આ? દરેક દ્રવ્યમાં ગુણ અને પર્યાય ભરેલા છે. આત્મા હો કે જડ રજકણ. છ દ્રવ્ય ભગવાને જોયા છે. બે દ્રવ્ય નથી જોયા, ભગવાને તો છ દ્રવ્ય જોયા છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્ગલ એવા છ દ્રવ્ય ભગવાન કેવળીએ જોયા છે. છએ દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ દ્રવ્યનો કોઈ કર્તા નથી. સર્વની પર્યાય પોતાથી થાય છે. બીજો માને કે આ શરીરની ક્રિયા હલાવું હું, (એ) અજીવને જીવ માનનારા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને જીવ અને અજીવતત્ત્વનો વિવેક નથી. કહો, કોણ પ્રવૃત્તિ કરે છે?

શ્રોતા :— દિવસ અને રાત દોડાદોડ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— દોડાદોડ કરે મોહની. રાગ ને દ્વેષ, મોહ. રાગ ને મોહભાવ ને વિકાર કરે એ તો કહ્યું. વિકાર કરે, શું જડનું કરી શકે પરનું?

શ્રોતા :— માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— માને તો મૂઢ ગમે ઈ માને નહિ. માને તો હાથમાં વિષ્ટા લઈને માને કે આ અમૃત છે, તો કોઈ ના પાડે? માને ગમે ઈ એટલે ઈ કાંઈ વસ્તુ થઈ જાય કાંઈ સત્? સમજાણું કાંઈ? બહુ ગાથા ઊંચી છે આ તો. આહા..હા..!

જૈન પરમેશ્વરનું માખણ તત્ત્વ છે આ. બાર અંગનું રહસ્ય છે આ. વીતરાગદેવના અંતરના રહસ્યનો અભિપ્રાય આ છે. આહા..હા..! ભાઈ! તું પૂરો ભગવાન છોને બાપુ ધ્રુવમાં! એ ધ્રુવનો આશ્રય કર, દૃષ્ટિ કર, આશ્રય લ્યે, લક્ષ કર એમાં કલ્યાણ છે. બાકી બધી વાતું થોથેથોથાં છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! આ વાત સાંભળી પણ ન હોય કોઈ દિ' પોણોસો વર્ષમાં. આ કરો ને આ કરો ને ધૂળ કરો આ કરો. મરી ગયો જડનું અભિમાન કરી કરીને.

અહીં તો કહે છે કે શુભ-અશુભભાવ પણ વિકાર, એ તારી ચીજ નહિ. તારી ચીજમાં વિકાર હોય તો વિકાર કોઈ દિ' ટળે નહિ અને ટળે તે તારામાં નથી. એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું અંતર લક્ષ, દૃષ્ટિ કરવી અને આ બધી અવસ્થાને, રાગને હેય જાણવી. ઉપાદેય આને જાણવું એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહેવાય છે. સમ્યગ્દર્શન સાથે સમ્યક્જ્ઞાન થાય. પછી સ્વરૂપમાં ઠરે ત્યારે ચારિત્ર કહેવાય અને એનાથી પછી મુક્તિ થાય.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૮, બુધવાર, તા. ૩૦-૦૩-૧૯૬૬,
શ્લોક-૫૪, ગાથા-૩૯, પ્રવચન નં. ૩૬

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ કહો કે આત્મ ત્રિકાળ સ્વભાવ કહો કે જ્ઞાયકભાવ કહો કે ધ્રુવભાવ કહો, એ શરણલાયક છે. આત્માને શરણલાયક, જેનો આશ્રય કરવાથી શાંતિ-ધર્મ પ્રગટ થાય એવો જે ત્રિકાળી શુદ્ધભાવ એ આત્માનો જ્ઞાયકભાવ કહેવામાં આવે છે. એની ૩૮ ગાથા પૂરી થઈ, એનો શ્લોક કહે છે.

(मालिनी)

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।
दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।

જુઓ, આ માખણની વાત છે. આ આત્મા જેને સાર તત્ત્વ કહીએ... શું કહે છે? આ ઝીણું તત્ત્વ તદ્દન. આ આત્મા જે છે ધ્રુવ એક સેકંડના અસંખ્યભાગમાં જેનું ધ્રુવતત્ત્વ છે. તત્ત્વ અનાદિ-અનંત આનંદ અને જ્ઞાનનું પૂર એવો આત્મા ધ્રુવ છે અનાદિ-અનંત, એ જ આત્માને શરણભૂત છે. એટલે કે એવા તત્ત્વનો આશ્રય કરવાથી, અંતર લક્ષ કરવાથી આત્માને આનંદની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું જુઓ. પહેલો શબ્દ છેને.

'શ્લોકાર્થ :— સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' શ્લોકાર્થ છે. હવે એની અંદર શું કહે છે? આ શરીરાદિ છેને રજકણો એ તત્ત્વ છે. આ પણ તત્ત્વ છેને આ માટી જડ, અંદર કર્મ એ બધા આવે જાય એવા અનિત્ય છે. આવે જાય એવા અનિત્ય છે. એની આત્માની પર્યાયમાં થાય એ એક ક્ષણની અવસ્થાવાળું તત્ત્વ છે. આ શરીર, વાણી, કર્મ, બહારના સંયોગો... એ તો હમણાં શબ્દ જોયો હતો, યુવક યાત્રા ન થઈ શકે. .... યાત્રાનો અર્થ શું કરવો? આવે જાય, આવે જાય, એમ. એ શબ્દ એમાં આવ્યો હતો. સાધુએ લોકયાત્રા ન ઈચ્છવી. એટલે કે મારી પાસે ઘણા લોકો સાંભળવા આવે અને મને માને તો બહુ સારુ, એવા સાધુઓ લોકયાત્રાના કામી છે. એને આત્મા ચિદાનંદ ભગવાન એને ધ્યાનને અલાયક અને અયોગ્ય છે. સમજાણું કાંઈ?

અહીંયા, ભાઈ! તું અનાદિ ચૈતન્યતત્ત્વ છો. સચ્ચિદાનંદ ધ્રુવ આનંદકંદસ્વરૂપ. બધા તત્ત્વો એટલે કે આ શરીર, વાણી તત્ત્વો અજીવ છે. એ તો આવે જાય. એને રસ્તે આવ્યા છે એટલે અટક્યા છે, જરી અટકવાનો એમાં ભાવ છે. એ પરિવર્તનને રસ્તે છે. સમજાણું કાંઈ?

આ બધા શરીર આ તો માટી જડ તત્ત્વો છે, વાણી તત્ત્વ, આ તત્ત્વ, અંદર કર્મ તત્ત્વ આ બાયડી, છોકરાના અંદર શરીર હો કે એનું આત્મતત્ત્વ એ બધા એના રસ્તે જાય છે. પરિવર્તન કરતા પલટતા-પલટતા એના રસ્તે જાય છે, રસ્તે જતા અહીંયા થોભાણા છે થોડા. બરાબર છે? સમજાણું કાંઈ? એ થોભાણા છે ઈ તત્ત્વ તારું નથી. દરબાર! આ ઝીણી વાત છે આ જરી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો જરી પર્યાયતત્ત્વ પણ કાઢી નાખવું છેને એટલે આ લક્ષમાં (આવ્યું). આ બધા શરીર આદિ કે કુટુંબ, પરિવાર, આ મકાન એ બધા તત્ત્વો અજીવ છે. એમાં બીજો આત્મા હો તોપણ આ જીવથી જુદું તત્ત્વ છે. એ બધા પલટતા-પલટતા એની સ્થિતિનો કાળ કંઈક છે એટલે ત્યાં થંભ્યા છે થોડીવાર. આત્માને કારણે આ નથી થંભ્યા અહીંયા. કારણ કે ઈ તત્ત્વ આત્માથી ભિન્ન તત્ત્વ છે આખું, જુદાં છે. સમજાણું કાંઈ? એમ કર્મના રજકણો પણ પરમાણુ પલટતા કાંઈક એની અમુક સ્થિતિનો કાળ છે એટલે ત્યાં અટકેલા છે. એ તારે કારણે અટકેલા નથી અને તારે કારણે આવ્યા નથી. માટે એ તત્ત્વમાંથી દૃષ્ટિ ઉઠાવ, એ તત્ત્વમાં તું નથી, એ તત્ત્વમાં તું નથી અને એ તત્ત્વ તારામાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' હવે આત્મામાં પર્યાય થાય છે પુણ્ય-પાપના ભાવ એ પણ એક ક્ષણિક અવસ્થાવાળી દશા છે, ઈ તત્ત્વ છે. આત્માની દશામાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ થાય એ એક અજીવતત્ત્વ છે અથવા અચેતન આસ્રવતત્ત્વ છે. એની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-પલટતામાં સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વ થાય પણ એક સમયનું ટકતું, એક સમયનું ટકતું તત્ત્વ છે. ઓલા પલટતા-પલટતા મુદતે આવીને રહ્યા છે, અહીં તારી દશામાં એક સમયની એવી અવસ્થાનું તત્ત્વ છે. એ બધા તત્ત્વોમાં જે એક સાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જગતના શરીર, વાણીના તત્ત્વો આવ્યા, ગયા એને કારણે આવીને થંભ્યા, તારે કારણે તારી દશામાં-અવસ્થામાં પુણ્ય અને પાપનો ભાવ થાય કે સંવર, નિર્જરાની ધર્મદશા ક્ષણિક અવસ્થા થાય એ પણ એક સમયની દશા પૂરતું એ તત્ત્વ છે. એ બધા તત્ત્વોમાં સારતત્ત્વ જે છે એ ધ્રુવતત્ત્વ અખંડાનંદ આત્મા તે સારતત્ત્વ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ સાર છેને. સાર એટલે આનંદકંદ છે. હમણાં આવે છેને એ તો હજી, આ તો પહેલો શબ્દ ચાલે છે હજી. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર...'** એ ઉપરની વ્યાખ્યા થઈ. સર્વ એટલે તત્ત્વો ઝાઝા છે એમ તો થયુંને. ભાઈ! ઘણા છે એમ તો થયુંને, એક જ આત્મા છે એમ નહિ. ઘણા સર્વ તત્ત્વો. આ શરીર, રજકણ, આવા બીજા આત્માઓ, બીજા આત્માઓ એ બધા તત્ત્વો અને આ શરીરાદિ તત્ત્વો આવ-જાવ કરનારા એને કાળે

એવા તત્ત્વથી તારું તત્ત્વ જુદું છે. આહા..હા..! પૈસા પણ ધૂળમાં ગયા, એ બધા એમાં આવી ગયા. પૈસા એને કાળે ફરવા નીકળ્યા છે અને થોડીવાર ત્યાં થંભ્યા છે. પરિવર્તન કરતા-કરતા ત્યાં થોડીવાર થંભ્યા છે. એ.. મોહનભાઈ! ત્યાં ઘણી જાય છે કે મારા પૈસા. એવો ગળેપડુ. શું કહે છે? ..ભાઈ! ગળેપડુ ...

એ રજકણો માટીના પૈસા-ધૂળ જે છે, રૂપિયા નોટું ધૂળની દશા પલટતી પલટતી એને કાળે ત્યાં ટકી છે થોડીવાર, તારે કારણે નહિ. એ તો જગતના તત્ત્વો અજીવતત્ત્વ છે. આહા..હા..! ત્યાં માની બેઠો કે એ મારા, મૂઢ છો? કહે છે. પોપટભાઈ! કહો, સમજાણું કે નહિ આમાં? સર્વ તત્ત્વોમાં એક સાર છેને. સર્વ કીધા અને એક સાર પાછું કહેવું છે. પલટો ખાતા.. ઓલો યાત્રાનો શબ્દ આવ્યોને જરી. ... યાત્રાનો આવ્યોને. સાધુ આવા જો હોય તે ધ્યાનને પાત્ર નથી. સમજાણું? કીર્તિ, પૂજા, અભિમાન ત્રિલોક યાત્રા અનુરંજિત બોધચક્ષુ .. ધ્યાને ન યોગ્યતા. જે સાધુ નામ ધરાવીને સાધુ થઈને પણ કીર્તિના લોભી છે, પ્રતિષ્ઠાના લોભી છે, અભિમાનના અર્થમાં આસક્ત છે, દુઃખી છે, અનુકૂળ ન મળે તો દુઃખ થાય છે અને લોકયાત્રાથી પ્રસન્ન થાય છે. જાજા માણસ માને, આવે, સાંભળે, આવે-જાય. 'હમારે પાસ બહુત-સે લોગ આવે જાવે ઔર હમકો માને.' એવી વાંછા જેને છે, ઈ આત્મા અખંડાનંદ ઉપર દૃષ્ટિ નહિ કરી શકે. એને અંતરમાં ધ્યાન નહિ આવી શકે. આહા..હા..! આ તો ... લોકયાત્રા શબ્દ હતોને, એ ઉપરથી. લોકયાત્રાનો અર્થ આવે જાય. આમાં લોકયાત્રાનો અર્થ આપણે ભાઈ અજીવમાં ગયોને. એટલે એ અર્થ જરી... ઈ આમાં પહેલું જોયું. લોકયાત્રા. પુદ્ગલ વિના જીવને લોકયાત્રા ન થાય. એટલે બધું આવવું-જવું બધું રજકણનું થાય છે, તું તો જ્ઞાનમૂર્તિ છો. તું તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ મૂર્તિ. આ રજકણો આવે ને જાય સંયોગે. એ તત્ત્વમાં તું નથી અને તારા તત્ત્વમાં એ નથી. સમજાણું કાંઈ?

અહીં તો એમ કે એમાં જેની એમ જ ઈચ્છાઓ છે, આ ઝાઝા માણસ આવે, સાંભળે, લોકો માને એવી જેની અભિલાષા એને આત્મતત્ત્વમાં ઉતરવાનો વખત છે નહિ. આહા..હા..! ન્યાલભાઈ! ઓલું ભેગું કરવું છે ઈ. ભાઈ! પ્રભુ! એ બહારના ઝાઝા તત્ત્વો માણસો આવે-જાય એથી તને શું લાભ? તારું તત્ત્વ તો અંદર સચ્ચિદાનંદ આનંદકંદસ્વરૂપ છે એ તો તારી પાસે જ છે એટલે તું જ છો. એની પાસે તું જાને. તારી દૃષ્ટિ જે આમ મૂકી છે જ્યાં ત્યાં, ગોઠવી છે કે આ આવે ને આ જાય, આ આવે ને આ જાય ત્યાં તારી દૃષ્ટિ પડી છે. આ અંતમાં પુણ્ય-પાપના પરિણામમાં પુણ્ય થાય ને પાપ જાય, પાપ થાય ને પુણ્ય થાય ત્યાં તારી દૃષ્ટિ પડી છે. એ ભાઈ એના ઉપરથી દૃષ્ટિ છોડી દે. અનંતકાળમાં ભગવાન સારતત્ત્વ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ એના ઉપર તેં દૃષ્ટિ એક ક્ષણ અનંતકાળમાં કરી નથી. અને એ તત્ત્વ ઉપર દૃષ્ટિ કર્યા વિના સમ્યક્ ધ્યાન અને આનંદ થાતો નથી. કહો, સમજાણું કાંઈ?

'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' આ બધા આવે ને જાય. આ તો .... ઓલા બધા મકાનો-બકાનો થાય છે કે જાય છે કે શું કહેવું આને? એ.. શાંતિભાઈ! ક્યાં ગયા? આવ્યા નથી? એ.. બેઠા. હમણાં વાત થઈ હતીને અંદર. આ મકાન બધા થાય છે કે જાય છે કે રહે છે? કોને માટે? શું છે આ? આહા..હા..! એ થાય છે તો એનાથી અને રહે છે તો એનાથી અને જાઈશ તું તો એનાથી નહિ અને એ જાશે તો તારાથી નહિ.

... એવો પ્રભુ તું પોતે આનંદનો નાથ છો. કહેશે હમણાં. એવા તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના તને ક્યાંય શાંતિ અને સ્વતંત્રતાના સુખનો લાભ ક્યાંયથી મળે એવો નથી. આહા..હા..! એ આ શરીરના તત્ત્વો, આ બહારના તત્ત્વો, આ મકાન ને આ માનસ્તંભ... એક જણો કહે, માનસ્તંભ શાશ્વત એક રહેશે એના ઘરે અને આત્મા સૌ પોતપોતાની સ્થિતિ પ્રમાણે ચાલ્યા જાશે. ક્યાં રહેશે ને કોણ રહેશે એની કોને ખબર છે આમાં. ક્યાં રહેશે કોને ઘરે? એ તો એના પરમાણુનું દળ છે. ત્યાં રહેવું હોય એટલો કાળ રહેશે. આત્માને એની સાથે સંબંધ શું છે? આહા..હા..! એઈ..! આ તમારા મંદિર સાથે સંબંધ નથી એમ કહે છે.

પ્રભુ! તું તો સચેતન જાગ્રત જ્યોત ચૈતન્યપ્રકાશનું પૂર છોને ભાઈ તું! જાગ્રત ચૈતન્યપ્રકાશનું નૂર પૂર, નૂર પૂર, તેજ છો તું. એ ચૈતન્ય એકરૂપ તત્ત્વ છે. એમાં આ બધા તત્ત્વોનું સારપણું એમાં નથી. એ બધું ભિન્ન છે. કર્મ, શરીર આ બધું. એ તો ઠીક પણ આત્મામાં પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવી જે પર્યાયો ઉત્પન્ન થાય છે એ પણ સારતત્ત્વ નહિ. એ બધામાં અંતરમાં તત્ત્વ ધ્રુવ અખંડાનંદ પ્રભુ એ સર્વ તત્ત્વોમાં જે એક જ સાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ-ત્રણલોકનું જ્ઞાન હતું. એવા વીતરાગ પરમેશ્વરના મુખમાંથી ધ્વનિ નીકળી ઈન્દ્રો, સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં, એ આ મુનિઓ કહી રહ્યા છે.

અરે.. આત્મા! સર્વ તત્ત્વોમાં સાર તો પ્રભુ તું પૂર્ણ આનંદથી ભરેલો ધ્રુવતત્ત્વ એ સારતત્ત્વ છે. બાકી તારે માટે બીજું કોઈ સારતત્ત્વ નથી. આહા..હા..!

શ્રોતા :— ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ ઓથ ગોતે છે, આ ઓથ છે તું, કહે છે. પણ ગોતતો નથી. જેમાંથી ઓથ મળે એને ગોતતો નથી. આપણી કાઠિયાવાડી સાદી ભાષા છોને ઈ તો, ઓથ તો. હિન્દીવાળાને શું હશે? તમારી ભાષા શી હશે? એઈ..! ઓથ ઓથ એટલે શું? સહારા, સહારા લેતે હૈં. કહે છે, ભગવાન! ધ્રુવ સચ્ચિદાનંદ સત્ સત્ સત્ જ્ઞાન અને આનંદનો કંદ આત્મા એ તારે માટે સહારો લેવાલાયક છે. એ જ સત્ અને એ જ તારે માટે... શું કીધું આપણી ભાષામાં? ઓથ ઓથ. ઓથ ગોતે છોને જ્યાં ત્યાં? ગરીબ હોય તો શેઠિયાની ગોતે, શેઠિયો હોય તો રાજાની ગોતે.

શ્રોતા :— સારા માણસની ઓથ ગોતે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, પણ ઈ સારો માણસ જ તું છો કહે છે અહીં તો. અહીંયા તો ભગવાન સાક્ષાત્ પરમેશ્વર પણ તારે માટે ઓથને માટે કામ આવે એવા નથી એમ કહે છે, લે! આહા..હા..! કહો, પોપટભાઈ!

સર્વ તત્ત્વો. ઘણા તત્ત્વો સિદ્ધ કર્યા. એક જ આત્મા છે એમ નહિ. છે અનંત આત્માઓ, અનંત રજકણો. સમજાય છે? એમ પુણ્ય અને પાપના તત્ત્વો છે પર્યાયમાં, એમ સંવર, નિર્જરા પર્યાય છે. એ તત્ત્વ છે, ભાવ છે, અવસ્થા છે, દશા છે એમ સિદ્ધ કર્યું. પણ એ બધી દશાઓ અને પરપદાર્થના તત્ત્વમાં સારમાં સાર હોય તો તું ધ્રુવતત્ત્વ તે સાર છે. આહા..! આ લાકડામાં સાર નથી કહેતા? શું કહેવાય છે? સાર. આ સીસમનું નહિ? ... ઓલું નાખે. ગુમિ નાખે છે, નહિ? અંદર ... સાર કાઢીને નાખે. ... ખબર ન પડે, હોય લાકડું. હોય અંદર એક હથિયાર. સાર કાઢેલો હોયને અંદરમાંથી નાખે એમાં ઈ. ગુમિ થાય છેને? એમ આ ભગવાન આત્મા શરીરના લાકડા, હાડકાના મધ્યમાં અને પરમાણુ જે કર્મ છે જડ માટી ધૂળ આવે ને જાય એના મધ્યમાં અને પુણ્ય-પાપની પર્યાય ને સંવરની પર્યાયના મધ્યમાં આ એક ધ્રુવરૂપે સાર આત્મા તું છો. આહા..હા..! સમજાય છે કાંઈ?

'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' ધ્રુવ છે, સત્ છે, શાશ્વત છે, એકરૂપ રહેનાર ભગવાન ધ્રુવ છે. બીજા તત્ત્વો તો દૂર કર્યા, અજીવ અને બીજા જીવો, એની દશાના તત્ત્વો પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ પણ એક એક સમયનું તત્ત્વ છે. એ પણ પલટતી દશાવાળું છે, મોક્ષ પણ પલટતી દશા છે. આહા..હા..! મોક્ષ ઈ અવસ્થા છે, મોક્ષ ગુણ નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન એક સમયની દશા છે. એ દશા પૂરતું તત્ત્વ છે. એમાં બધામાં સારતત્ત્વ ધ્રુવતત્ત્વ તું આત્મા છો, કહે છે. ભારે વાત! સાંભળી જાય નહિ. શું આ કહે છે? આ તે વીતરાગનું તત્ત્વ આવું હશે? આપણે તો ભઈ કંદમૂળ ન ખાવા, ફલાણું (કરવું) એવી વાતું હોય. એઈ..! પોપટભાઈ! હવે સાંભળને, બાપા! એ વાતું તો બધી બહારની વાતું છે. અનંતકાળમાં આ તત્ત્વ સારમાં સાર માખણ એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદનો નાથ આત્મા પોતે ધ્રુવ એની દૃષ્ટિ કર્યા વિના ત્રણકાળમાં ધર્મ અને શાંતિ થાય એવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ઓથ લેવાલાયક એ ધ્રુવ ચીજ છે કે જે કોઈ દિ' હલે નહિ ને કાંઈ થાય નહિ ને અપૂર્ણ રહે નહિ અને એમાં દુઃખ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...' જુઓ, કેવો છે ભગવાન ધ્રુવ? નિત્ય રહેનારું, નિત્ય રહેનારું આત્મતત્ત્વ કાયમ અનાદિ-અનંત નિત્ય. જેટલા નાશ થવાયોગ્ય પદાર્થ છે એનાથી તે તદ્દન દૂર છે. એ પુણ્ય-પાપ ને સંવર, નિર્જરાની પર્યાય પણ પલટતી છે, એનાથી ધ્રુવતત્ત્વ દૂર છે. આરે..! ગજબ વાત! સમજાય છે કાંઈ? આ બીજા તત્ત્વો તો આમ બધા પલટતા પર્યાયે છે એનાથી તો દૂર

છે, શરીર, કર્મ, વાણી, આ ધૂળ બહારના પદાર્થો પણ અંદરની પલટતી અવસ્થા-દશા, એ અવસ્થા પલટતીથી પણ આ ધ્રુવતત્ત્વ એનાથી દૂર છે. ભેગું પલટીને ભેગું ભળી જતું નથી. આહા..હા..! શું કહે છે આ વાત? સમજાણું? જ્યાં ખાણ છે ત્યાં નજર કરાવે છે. આહા..હા..!

આનંદની ખાણ કહેશે હમણાં જુઓ. '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય...**' નાશ પામવાયોગ્ય પર્યાય એવા ભાવોથી દૂર તત્ત્વ છે. આહા..હા..! એને માહાત્મ્ય આવતું નથી. આ તે હું આવડો? હું આવડો? બીજાને મોટો ઠરાવે કે આ મોટા છે, આ મોટા છે. આ મોટા પૈસાવાળા છે, કરોડપતિ છે ને અબજોપતિ છે ને મોટા બુદ્ધિવાળા છે ને મોટા- મોટા માંધાતા છે. તું ખરો કે નહિ કાંઈ? આ તારી દશા પલટતી એ પણ પલટતી દશાથી ધ્રુવતત્ત્વ ભિન્ન છે. પલટતી તો અવસ્થા છે. પુણ્ય, પાપ, દયા, દાન, સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય તો પલટતી અવસ્થા તત્ત્વ છે, હાલત તત્ત્વ છે, દશારૂપી તત્ત્વ છે, આ ધ્રુવરૂપી તત્ત્વ સત્ છે. કહો, સમજાણું આમાં? આ શું કહેવાય છે આ? કહે છે કે તારે ધર્મ કરવો હોય તો ક્યાંથી થાય એમ કહેવાય છે.

ધર્મ એ શાંતિની એક પર્યાય છે. ધર્મ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની એક વીતરાગી પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. એ અવસ્થા તત્ત્વથી પણ ભિન્ન ધ્રુવતત્ત્વને અહીં સાર તત્ત્વ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ભારે વાત ભાઈ! હજી અહીં તો સાર એને બધા બાયડી, છોકરા સાર, ધૂળધમાહા સાર. અંદરમાં કદાચિત્ પુણ્યભાવ કરેને.. ઓહો..હો..! બહુ કર્યું અમે તો. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કર્યા, અમે તો બહુ કર્યું, ધર્મ કર્યો. શું ધૂળ કર્યું? સાંભળને હવે. એ તો પુણ્યપરિણામ છે, એ તો બંધનું કારણ છે. એ કંઈ મૂળ તત્ત્વ નથી. અહીં તો સંવર, નિર્જરાતત્ત્વ જેને આશ્રયે થાય એ સંવર, નિર્જરાતત્ત્વથી પણ દૂર તત્ત્વ જેનાથી આશ્રય થાય એ તત્ત્વને સાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ શું કહે છે? માણસને મગજમાં ... આ તે કેવળી વીતરાગનો માર્ગ હશે? કે કોઈનો? આ તો કાંઈક બીજો માર્ગ લાગે છે, આપણો માર્ગ નથી લાગતો. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રિઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, જીવિહા... આવ્યું ક્યાંય એમાં? સાંભળ! એમાં આવ્યું.

આવું જે ધ્રુવતત્ત્વ છે એની દૃષ્ટિ કર્યા વિના તું અલ્પજ્ઞાન અને અલ્પદર્શનની પર્યાય વિકાસરૂપ અને પુણ્ય-પાપના પરિણામ એટલો હું, એ તારા જીવતરને તેં મારી નાખ્યું છે એમ કહે છે. તારો જીવ જ્ઞાનાનંદથી ભરેલો તત્ત્વ એનો તેં અનાદર કર્યો એનો અર્થ કે તેં જીવને મારી નાખ્યો છે. એ જીવિયા... નું આ મિચ્છામી દુક્કડમ કરાવે છે હવે. શું કીધું? જેચંદભાઈ! આ શું કહેવાય છે? સાંભળતા નથી? અહીં તો બરાબર સાંભળવું પડશે, નહિતર કોરડા પડશે અહીં તો. જેચંદભાઈ! આ શું કહેવાય છે આ? એમ કહે છે, ભાઈ! કે અંદર વસ્તુ છે કે નહિ તું ત્રિકાળ રહેનારી? કોઈ ત્રિકાળ તત્ત્વ, ત્રિકાળ તત્ત્વ છે કે એક ક્ષણની દશા જેટલું તત્ત્વ છે? કે સંયોગીતત્ત્વમાં તું છો? આ સંયોગી છેને, આ તો ધૂળ ને બાહ્ય

શરીર એ તો સંયોગીતત્ત્વ, એમાં ક્યાં આત્મા હતો? હવે સંયોગીભાવ છે પુણ્ય અને પાપના એમાં તું તત્ત્વ છો? એ આત્મતત્ત્વ છે? હવે એની સમયની દશા નિર્મળ આદિ થાય એટલા તત્ત્વમાં આખું તત્ત્વ છે? આહા..હા..!

અહીં તો કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવડું તત્ત્વ તું છો? એ ધ્રુવતત્ત્વ જે છે જેમાંથી અનંતા કેવળજ્ઞાનના પર્યાયનો પ્રવાહ હાલ્યા જ કરે, એવો ભગવાન આત્મા ધ્રુવ આખો છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે તેને નિશ્ચયઆત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? અરે..! એનું એ ધ્રુવ એના ઉપર એનું માહાત્મ્ય જાતું નથી. આ તે શું હશે આવડો મોટો? ઈ કરતા આમ કરીએ આવે ઈ દેખાય, આ કર્યું, આ ભાષણ કર્યા, આ બોલ્યા આમ કરો, આમ કરો તો લોકો રાજી થાય, હા કાંઈક કરતા લાગે છે. અરે..! ભગવાન! એ વાણી તો બાપા જડ છેને, ભાઈ! આ તો માટી છે. આ ધ્વનિ ઉઠે એ તો જડ છે. આ પણ જડ છે, એમાં તું ક્યાં આત્મા આવ્યો? એમાંથી તને શું લાભ થયો? બોલવામાં, ચાલવામાં એમાં તને શું લાભ? એ તત્ત્વથી તારું તત્ત્વ જુદું છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યાં ગયા હતા પણ ત્યારે? ... ગયા હતા. એક લુગડું આમ નાખીને અડધું આમ કરીને માથે આમને... હાલી નીકળ્યા હતા જાણે. બ્રહ્મચારી છું. એ વખતે એવો કાંઈક હતો વેશ. કુદરતી ઉપચાર! આ કુદરતી આ ઉપચાર છે. ભગવાન! તારી મોટપ એટલી છે અંતર તત્ત્વના ધ્રુવની કે જે એક સમયના તત્ત્વમાં તું આવતો નથી એવું તત્ત્વ તે સારતત્ત્વ છે એમ કહે છે. આહા..હા..! એ શરીર, વાણીમાં તો તું આવતો નથી, બાયડી, છોકરા કો'ક આવતું એ તો પરવસ્તુ છે, ન્યાં ધૂળ ને તારે શું? એ એને રસ્તે ચાલ્યા જવાના, તું તારે રસ્તે ચાલ્યો જવાનો. એ કંઈ તારે માટે તારે ઘરે નથી આવ્યા અહીં. એને રસ્તે આવતા-આવતા ત્યાં થંભી ગયા થોડીવાર અને તેં માની લીધું કે મારા છે. મૂઢ છો.

અહીં તો પરિણતિનો પર્યાય એને કારણે આવ્યો છે એટલોય તું નથી એમ સિદ્ધ કરવું છે અહીં તો. આહા..હા..! પલટતો-પલટતો, બદલતી- બદલતી અવસ્થા ક્ષણિક છેને નવી. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છેને. એ પરિણતિનો પર્યાય બદલે એટલોય તું નથી. આહા..હા..! એ સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે. એ બધી પર્યાયો જે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થાય એનાથી ધ્રુવ ભગવાન દૂર છે. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય. સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય. નહિ શરીર, બાયડી, નહિ દેવ-ગુરુ-શાસ્ત્ર, નહિ પુણ્ય-પાપ, પ્રગટેલી પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. એ તો બીજી ભાષાએ કહ્યુંને, '**भूदत्थमस्सिदो खलु**'. ઈ વાતને અહીં બીજી રીતે મોક્ષમાર્ગ છેને તો સ્પષ્ટ કરીને વાત કરે છે. ભૂતાર્થ ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ ધ્રુવ ધ્રુવ, જેના ભંડારમાં... અહીં કહેશે હવે, સમજાય છે? '**શુદ્ધ જ્ઞાનનો**

અવતાર છે,' એ તો પછી કહેશે. જ્ઞાનનો અવતાર એટલે ઊપજવું, જન્મવું એમ નહિ. એ જ્ઞાનનો અવતાર (એટલે) જ્ઞાનનું સ્વરૂપ જ આખું એ છે. ચૈતન્યબિંબ ભગવાન ચૈતન્યસૂર્ય ભગવાન, જ્ઞાનનો અવતાર છે એટલે જ્ઞાનરૂપ જ એ છે. એકરૂપ જ્ઞાન હોં! પર્યાય નહિ, રાગ નહિ, પર નહિ. એકરૂપ ચૈતન્યબિંબ એ જ્ઞાનનો અવતાર. એમાં કોઈ રાગ આવે કે પુણ્ય આવે કે બીજું તત્ત્વ આવે એવું એ નથી. એવો ભગવાન શુદ્ધ ધ્રુવતત્ત્વ છો એ સમ્યગ્દર્શનમાં વિષય કરવાલાયક છે. ધર્મને પ્રગટ કરવા માટે ધ્યેય, આવું ધ્યેય તેને સારતત્ત્વ કહે છે.

એમાં એક લેખ છે ભાઈ એમ કે અજ્ઞાનીઓ ધ્યાન કરવા મથે પણ ધ્યેય શું... એ શ્લોક છે જ્ઞાનાર્ણવમાં. ધ્યેય શું? ધ્યાન શું? ક્રિયા શું? ફળ શું? એ બધું નક્કી કર્યા વિના એમ કે કરો આત્મા, આત્મા. શું પણ આત્મા? વિકલ્પ તોડી નાખો. પણ ધ્યેય શું? ધ્યેય શું? ધ્યાન કરવાલાયક ચીજ શું? કેવડી ચીજ છે ઈ? ઈ અહીં કહે છે. સમજાણું કાંઈ? અત્યારે તો એમેય ચાલ્યું છેને બધું, આમ બેસી જાઓ પછી શૂન્ય થઈ જાઓ. પણ ભાઈ એમ નથી. વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ, ધ્યેય આવું તત્ત્વ છે ઈ દૃષ્ટિમાં અને લક્ષમાં અથવા પહેલા જ્ઞાનમાં નહિ લે ત્યાં સુધી એમાં ધ્યાનમાં ધ્યેયવાળી ચીજ કેવડી મોટી છે એનો ખ્યાલ વિના એના તરફ દૃષ્ટિ ઝુકશે નહિ, વિકલ્પ તૂટશે નહિ. સમજાણું કાંઈ? અત્યારે હવે જૈનને નામે ચાલ્યું છે બધું. ઘણા એઈ ફલાણો આમ કહે છે, હોં! સોનગઢ કહે છેને એવું લાગે છે. કેટલાક આપણા માયલા (એમ કહે છે). અરે..! સાંભળ રે સાંભળ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનું તત્ત્વ જ જુદું છે, ભાઈ! સમજાણું કાંઈ? છગનભાઈ! ઘણા હાલી નીકળ્યા છે. એક ફલાણો એવું ભાષણ કરે છે. મોટી દાઢી રાખે. તે શું છે પણ? આમ. શું છે પણ? ધ્યેય શું છે એ નક્કી કર્યું છે? રાગ ટાળવો છે તો ટાળનાર એની દશામાં ટાળે એ દશાવાન કેવો છે? સમજાણું કાંઈ? અરે..! ઈ સસલાના શીંગડા જેવા ધ્યાન!

અહીં તો કહે છે કે ભાઈ! સર્વ તત્ત્વમાં ધ્રુવ એક વસ્તુ તત્ત્વ, ધ્રુવતત્ત્વ છે અનંતગુણનો પિંડ, સમસ્ત પર્યાયો નાશ થવાથી દૂર. આ બધી પર્યાયો છે ખરી, ભાઈ! છે, નથી એમ નહિ. પણ છે એનાથી દૂર ધ્રુવ છે એમ સિદ્ધ કરવું છે અહીં. બીજા તત્ત્વો પણ છે, પર્યાય પણ છે, અવસ્થા છે. અવસ્થાના તત્ત્વથી એ તત્ત્વ ધ્રુવતત્ત્વ ભિન્ન છે. આહા..! એકાંત થઈ જાય નહિ? કેટલાકને એમ લાગે. આ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. આખા સત્‌ને સત્ કહેવું. એઈ..! અહીં તો ઉત્પાદ-વ્યય વિનાના ધ્રુવને સારતત્ત્વ કહે છે. સારતત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? પાછો એ ક્યાં ગયો? પણ સાંભળને! એ તો નાશ પામવાયોગ્ય પર્યાયમાં ગયો. એનાથી દૂર ભગવાન ધ્રુવસ્વરૂપ એકાકાર છે તે દૂર છે. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' અનંતકાળના રખડવામાં ચોર્યાશીના અવતાર કરીને મરી ગયો હેરાન થઈને. કોઈ દિ' આ તત્ત્વ કેવું? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કહે છે એ તત્ત્વનું માહાત્મ્ય એણે સાંભળ્યું નથી. ના પાડીને. શ્રુત પરિચીત. સાંભળ્યું નથી. આહા..હા..! પોપટભાઈ!

ભગવાન! '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' શું કહે છે? આ ઈચ્છા છેને, એના સ્વરૂપમાં-ધ્રુવમાં છે જ નહિ એમ કહે છે. નષ્ટ કર્યો છે એનો અર્થ (છે જ નહિ). ભગવાન આત્મા ધ્રુવ ધ્રુવ બિંબ, સત્ ચિદ્‌બિંબ વસ્તુ ધ્રુવ એમાં દુર્વાર, ઈચ્છાને ટાળવી મહા મુશ્કેલ એવા ઈચ્છાનું સ્વરૂપ જ જેનામાં નથી. નથી એટલે કે નાશ કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! છે જ નહિ અંદર. સમજાણું કાંઈ? દુર્વાર—વારી ન શકાય એવો કામ-ઈચ્છા, ઈચ્છા. આ કરું, આ કરું એવી ઈચ્છા. જે ધ્રુવતત્ત્વમાં જેનો નાશ છે એટલે કે નથી. એને નાશ કર્યો છે એટલે કે એનામાં નથી. અનાદિ એ ધ્રુવતત્ત્વ ભગવાન આત્મામાં ઈચ્છા છે જ નહિ.

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' પાપરૂપી વૃક્ષના છેદવાને એટલે કે જેમાં પાપની ઉત્પત્તિ છે જ નહિ. એવો ભગવાન ધ્રુવ આનંદકંદ પ્રભુ જેમાં પાપ છે જ નહિ. જેનો આશ્રય કરવાથી આનંદ પ્રગટે અને પાપ અને પુણ્યનો વ્યય થઈ જાય, પણ વસ્તુમાં ઈ છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો...**' પાછો આમ કુહાડો હોયને સરખો. મારે વૃક્ષના મૂળમાં. ભગવાન આત્મા જે ધ્રુવ છે એક સમયની પર્યાયથી પાર છે, અનેરા અન્ય તત્ત્વોથી તદ્દન પૃથક્ છે અને એક સમયની દશાથી પાર ભિન્ન છે એ તત્ત્વ જ એવું છે કે પાપરૂપી વૃક્ષને છેદનારો એ કુહાડો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એણે ભગવાન આત્મા કેવડો છે એનું એણે માહાત્મ્ય સાંભળ્યું નથી. સમજ્યા વિના કરો ધર્મ! શેમાં ધૂળમાં ધર્મ થાતા'તા? સમજાણું કાંઈ?

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' ભગવાન આત્મા છે સત્તા, સત્ સત્તા, સત્ પર્યાયરૂપે પણ છે, અહીં તો સત્ ત્રિકાળી સત્તા એ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ જ (છે), એકલો શુદ્ધ જ્ઞાનનો પિંડલો છે. એકલો ચૈતન્યસૂર્ય એકલો છે ઈ. ચૈતન્ય ધ્રુવ સૂર્ય છે. સત્તા—હોવાવાળું એ એકલું ચૈતન્યસૂર્યસ્વરૂપ જ આત્મા છે. આરે..આરે..! આ બધા આત્માની વાત ચાલે છે, હોં! બધા આત્મા ધ્રુવપણે આવા છે અને એની અંતર દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આ તો ગાથા જ બે એક દિ' હાલી કે નહિ પહેલી. '**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' ભાઈ! પ્રભુ! તારું તત્ત્વ તો મોટી ખાણ છેને. આહા..હા..! કહે છે, એ તો જ્ઞાનથી ભરેલો ભંડાર છે. એક સમયની દશા નહિ હોં! કેવળજ્ઞાન કે ચાર જ્ઞાન કે ઉઘડેલો વિકાસ એ નહિ, એ તો એક સમયની દશા છે. આ તો ધ્રુવ એકલો જ્ઞાનનું તેજ નૂર, પ્રકાશનું પૂર છે આત્મા. આવા આત્માને નિશ્ચયઆત્મા પરમાર્થે આત્મા, ખરેખર આત્મા એ દૃષ્ટિને લક્ષમાં લેવાલાયક આત્મા કહેવામાં આવે છે. આહા..હા..!

શ્રોતા :— અલૌકિક છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીં તો અલૌકિક છેને. લોક તો તમારી પાસે પડ્યું છે બધું. આહા..હા..! એ.. મોહનભાઈ! લોક તો કર્યા કરે છે, રાડ પાડ્યા કરે છે પોકાર કરે, અરે..!

અમે દુઃખી છીએ, અમે દુઃખી છીએ. કો'ક પૈસા વિના દુઃખી, કોઈ છોકરા વિના દુઃખી, કોઈ વાંઝિયા દુઃખી, કોઈ વાંઢા દુઃખી. માન્યતામાં દુઃખી છો, સાંભળને કહે છે.

આ ભગવાન આત્મા... જુઓ કહે છે, '**જે સુખસાગરનું પૂર છે...**' આહા..હા..! એ સુખના સાગરનું પૂર. અનંત અનંતઆનંદનું પૂર. ઘોડાપૂરનો દાખલો નહોતો આપ્યો કાલે? અમારે કાળુભાર (નદી) ઉમરાળામાં છેને. જ્યારે નાના છોકરા હતા, ત્યારે પાણી બહુ આવે. મોટી નદી છેને મોટી, માથેથી બહુ પાણી આવે, બહુ. અમુક છોકરા રમતા હોય, દસ દસ.. રાડું પાડે માથે, એઈ..! બહાર નીકળો. ઘોડાપૂર આવે છે. અમે તો ક્યાંય ભાળતા ન હોય. વરસાદ નહિ, વાદળા નહિ માથે. માથે નહિ વરસાદ, નહિ વાદળું. નદી કોરી કડાટ. ઓલા રાડું પાડે બહારથી. એ.. માથે ઘોડાપૂર આવે છે. અહીં કોણ જોવે? નવરું કોણ? ઓલા ... રમવામાં હોય. ઘોડાપૂર, આવડું પાણી હોં! આટલા સુધી દળ હાલ્યું આવતું હોય. એકસાથે દળ. માથે ઘારિયાની ઓલી છેને, શું કહેવાય ઈ? કરિયાણા. ન્યાં કાળુભાર નીકળી છે ન્યાંથી. કરિયાણું છેને ઓલી કોર. એની ઓલી કોરથી નીકળી છે. ન્યાંથી નીકળીને અહીં આવી છે. ન્યાંથી નીકળી હતી. ન્યાં ગયા હતાને કરિયાણા. મોટી નદી. ન્યાં સાધારણ, અહીં તો મોટી. ઈ તો કહે છે કે માપના પૂર છે. ઘોડાપૂર પણ માપના પૂર છે. માપ માપ. આ ભગવાન આત્મા આનંદનું પૂર અમાપનું પૂર છે. જેનો સ્વભાવ છેને, એ તો આનંદનો સાગર અને પૂર. આહા..! નદીનું પૂર ન લીધું, ભાઈ! શબ્દો કેવા વાપર્યા છે! નદીનું માપ છે. સાગર, ડોલે સાગર આખો ... એકલો. આહા..હા..!

ભગવાન! તારું તત્ત્વ શરીર, વાણીથી તો જુદું, કર્મથી જુદું, પુણ્ય-પાપના (ભાવથી જુદું), એક સમયની નિર્મળ દશાના વિકાસમાં નહિ આવતું, નહિ આવેલું એવું એનાથી દૂર એવા ધ્રુવતત્ત્વમાં તો સુખના સાગરનું પૂર પડ્યું છે, કહે છે. આહા..હા..! ન્યાં ભેટો કરવા જાતો નથી અને તારે સુખ જોવે, ક્યાંથી મળશે? સમજાણું કાંઈ? બહુ છેટેથી ... બહુ આઘે જાયને. ઓલી કોર .... દેખાય. છોકરાઓ કોણ રમતમાં દેખતા હોય. શું છે? પૂર આવે છે. પૂર એટલે શું હશે? ઘોડાપૂર. ઘોડો દોડતો હશે? કેટલા ઝપાટાબંધ પાણી આવે. અહીં કહે છે કે ઝપાટાબંધ પાણી એવું પડ્યું છે તારામાં, સુખનો સાગર છો, ભાઈ! આહા..હા..! એને વિશ્વાસ નથી આવતો. એને વિશ્વાસ અહીં ધૂળમાં છે ને આમાં છે, કાં પુણ્યપરિણામ કરીએ એમાં સુખ છે, કાં પાપ કરીએ એમાં સુખ છે. મહામિથ્યાદષ્ટિ છો, કહે છે. તારી દષ્ટિ સાચી નથી. સમજાણું કાંઈ?

'**જે સુખસાગરનું પૂર છે...**' એકલો આનંદ અતીન્દ્રિયરસનો કંદ છે, પૂર્ણાનંદનો. આહા..હા..! એક કંદનો કટકો થાય છેને, એવા કટકા. કંદમૂળ નથી થાતા? જંગલમાં યોગીઓ હોયને, એક કટકો ખાય તો બાર મહિના સુધી એને ખાવું ન પડે, બાર મહિના સુધી. એક પા ભાર ખાય આટલો. એ તો ઘણા રજકણનો પિંડ છે. સમજાણું કાંઈ? હમણાં તો એવી

ઔષધિ કહે છે કે પંદર પંદર દિ' સુધી ખાય રૂપિયાભાર તો... ઓલા તો બાર બાર મહિના સુધી જંગલમાં પડ્યા રહે. પાણી ન પીવે. એટલા રજકણનો સ્કંધનો પિંડ જેમાં આવું છે. આ તો ભગવાન ચૈતન્યનો રસકંદ છે આખો. પેલું તો ધૂળ છે, માટી. એના માહાત્મ્ય આવે. આહા..હા..! બાર મહિના સુધી પાણી ન જોવે અને આહાર ન જોવે! બાર મહિના ... આવી મોંઘવારીમાં એવું કંદમૂળ હોય તો બહુ કામ આવે. ઠીક! આ કામ આવે એવું (છે) એમ કહે છે અહીં તો. ભિખારાપણે રાંકો થઈને ફરે છે જ્યાં ત્યાં. રાંક છો, ભિખારી છો? મને આ દ્યો, મને આ દ્યો, મને આ દ્યો... પૂર્ણ છોને પ્રભુ! પૂર્ણ છો અને કોની પાસે માંગે છો? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વરના પોકાર છે, દિવ્યધ્વનિના રણકાર સમવસરણમાં ભગવાન કરે છે. ભાઈ! ભગવાન પાસે જઈને આવીને આ શાસ્ત્રો લખ્યા છેને. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય ભગવાન પાસે જઈને આઠ દિ' રહ્યા હતા સીમંધર પરમાત્મા પાસે. સંવત ૪૯. આવીને આ રચ્યાં છે. સમજાણું કાંઈ? પરમાત્મા વીતરાગદેવ આત્માને બધા તત્ત્વોથી બીજું તત્ત્વ સુખનો સાગર તત્ત્વ (બતાવે) છે. આહા..! એને માહાત્મ્ય (આવતું નથી). આવડો હું, તો ઈ દેખાતો કેમ નથી? પણ તું જોવા આંખ્યું ઉઘાડ ત્યારેને. નળિયા થયા સોનાના પણ કેમ દેખાતા નથી? એક બારણું, એક ઓરડો હોય મોટો હોય, એમાં એક બારણું હોય, એ બંધ કર્યું હોય, આંખમાં ચીપડા, ત્રણ ગોદડા ઓઢીને સૂતો હોય. હવે એને કહે કે જો, નળિયા સોનાના થયા. શી રીતે જોવું પણ એને? એમ અહીં કહે છે કે આત્મા સાંભળ તો ખરો. મને કર્મે મારી નાખ્યા, મને શરીરે મારી નાખ્યા, મને આણે મારી નાખ્યા. આવા આવા ચીપડા વાળીને બેઠો અને આંખ્યું બંધ કરીને બેઠો, આત્મા શું છે એનું ભાન ન મળે. સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ. ઈન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી સાંભળતા હશે તો કેવું તત્ત્વ હશે? વાર્તા જેવું તત્ત્વ હશે? એક હતો ચકલો અને ચકલી લાવી ચોખાનો દાણો, ખીચડી કરી.. છોકરાઓ ... નથી? સમજ્યા? એવી કથા હશે? આ તો ભગવાન આત્માની કથા, આત્મકથા કે જે પરમેશ્વરના મુખથી નીકળેલી પરમેશ્વર થવાને લાયક જીવને માટે કહે છે. આહા..હા..! ભાઈ! તું સુખના સાગરનું પૂર છોને. જ્યાં નજર કર્યે તને નિધાન નજરે પડે એવું તત્ત્વ તું છો. એ તત્ત્વ તું છો. સમીપ પણ નહિ, એ છો તું. આહા..હા..! ન્યાં નજર કરવાનો વખત મળતો નથી, વખત મળતો નથી. આ કરું, આખો દિ' જંજાળ!

મરીને જાવું ક્યાંક જાવું હાલીને, ઓલા મરીને બિચારા ક્યાંક જાશે. સૌને રસ્તે સૌ પડી જશે. સૌને રસ્તે આવ્યા છે. આ મારા બાપ છે ને આ મારી મા છે ને આ મારી બાયડી છે. હવે ઈ બાયડી હતી મરીને, પૂર્વે દીકરી હતી, એ દીકરી મરીને અહીં બાયડી થઈ. મારી બાયડી છે. પૂર્વે એનો બાપ હતો એનો દીકરો હતો, દીકરો એનો બાપ હતો, મરીને અહીં દીકરો થયો. એઈ..! ગાંડાના ખેલ. એને ખબર નથી. આ બધા, આત્મા તો બધા પરિવર્તન

કરતા કરતા અનંતવાર બાપ થયા, મા થઈ, દીકરી થઈ, બાયડી થઈ, છોકરા થયા, શું છે પણ તને? અનાદિનું તત્ત્વ છો. એના સંગમાં તો અનંતવાર આવી ગયો છો. સમજાણું કાંઈ? ચૈતન્યનો તેં સંગ કર્યો નથી. પુણ્ય-પાપના વિકલ્પથી પાર પ્રભુ, એક સમયની દશાના તત્ત્વથી પણ પ્રભુ સુખસાગર પાર તત્ત્વ '**અને જે ક્લેશોદધિનો કિનારો છે,...**' આહા..હા..! એ ક્લેશનો દરિયો. અહીં સુખસાગર કીધુંને આમ, તો અહીં કહે છે કે ક્લેશનો દરિયો એનો કિનારો છે એટલે કે એનામાં છે નહિ. આહા..હા..! ક્લેશની ગંધ નથી એનામાં, દુઃખની ગંધ નથી. અહીં સુખના સાગરની સામે કહે છે. સમજાણું કાંઈ? ક્લેશનો ઉદધિ એનો કિનારો છે, ત્યાં અંત છે. એટલે ક્લેશ અહીં રહી ગયો, ત્યાં કંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક જરી જરી સગવડતા (મળે), એક જરી ખાવાનું કાંઈક મળે (એમાં) આહા..હા..! ગલગલિયા થઈ જાય. આહા..હા..! શું મૂઢ પણ શું થઈ ગયું તને આ? સમજાણું કાંઈ? આ તો ધૂળના રજકણ મળ્યા..

દાખલો નહોતો આપ્યો પરમ દિ'? આ રજકણો પૂર્વે જમૈયાપણે પરિણમ્યા હતા. ઝેરપણે પરિણમ્યા હતા આ રજકણો. એ અહીં આવીને (રહ્યા છે). આ તો અનંતવાર બદલતા બદલતા અહીં આવ્યા છે. પૂર્વે વેરીના શસ્ત્રપણે પરિણમેલા. વેરીના શસ્ત્રપણે પરિણમેલા રજકણો, ઈ અહીં સજ્જનપણે એને માને છે કે આ મારા છે. સમજાણું કાંઈ? પૂર્વનો વેરી હોય એ અહીં દીકરો જન્મે, ત્યાં મારો દીકરો છે. પૂર્વનો વેરી હતો, માથું કાપી નાખ્યું હતું ઈ હતો. ઈ વંશ રાખે છે! એઈ..! સમજાણું? શું કીધું આ સમજાણું? આહા..હા..!

એ ક્લેશઉદધિનો કિનારો. અંત છે, ક્લેશની ત્યાં ગંધ નથી. એવો ભગવાન આત્મા કે જે '**સમયસાર...**' સમયસાર '**સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.**' ઓહો..! એવો ભગવાન આત્મા જયવંત ત્રિકાળ વર્તે છે. એવા ભગવાન ધ્રુવ આત્મામાં નજર કર, આશ્રય લે, શરણ કર, ત્યાં શાંતિ છે. ત્યાં ધર્મ છે, બાકી ક્યાંય ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? પણ નનૂર નનૂર થઈ ગયો છે નનૂર. એક બાયડીને મારતો હતો એનો ધણી. એવી મારે સોટીઓ. શું કહેવાય આ? નેતરની. શરીર ઠીક હતું જાડુપાડું. ઉંહકારો કરે નહિ. ... હેઠે સાસરો બેઠો હોય. નનૂર છો? આ નનૂર થયો છે કહે છે. ગણકારતો નથી. પણ તું આ છો, એની શ્રદ્ધા અને જ્ઞાન તો કર અંતરમાં. આહા..હા..! રખડ્યા રખડ, રખડ્યા રખડ રખડાઉ. બહારચલો, બહારચલો. બુદ્ધિ બહારમાં અને માને કે અમે સુખી છીએ. બહિરબુદ્ધિ, મતિની ભ્રષ્ટતા, બહારમાં આ હું, આ હું, આ હું. આ હું, આ હું નહિ. સમજાણું કાંઈ? એની બુદ્ધિને સમ્યક્‌બુદ્ધિને શાંતિબુદ્ધિ કહે છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. ધર્મ બીજી કોઈ ચીજ નથી. આહા..હા..! '**તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.**' લ્યો. એક ક્લેશમાં કેટલું ભરી દીધું છે. જુઓ, એ ૩૮ ગાથા થઈ. એક પહેલો થયો શુદ્ધભાવ અધિકારનો. ૩૯ (ગાથા).

णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।
णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।
જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

ભગવાન આત્મા...

'**ટીકા :— આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' નિર્વિકલ્પ એકરૂપ અભેદસ્વરૂપ ચૈતન્ય એનું કથન. સમજાણું કાંઈ? જેને વર્ણવ્યો એના વર્ણનનું કથન. એકરૂપ ચૈતન્યપિંડ પ્રભ! નિર્વિકલ્પ એટલે ભેદ વિનાનો, ભેદ વિનાનો. એક સમયની પર્યાય વિનાનો એવું જે નિર્વિકલ્પ એકરૂપ ધ્રુવતત્ત્વ કે જે સમ્યગ્દર્શનનું ધ્યેય નામ વિષય છે એવા તત્ત્વને અહીંયા નિર્વિકલ્પ તત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? એવા તત્ત્વને આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? પહેલી ધર્મદશા હોં પહેલી. સમ્યગ્દર્શનની પહેલી ધર્મદશા. આવું જે નિર્વિકલ્પ તત્ત્વ કહેશે, આને કહ્યું, એને આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ધર્મદશા પહેલી થાય છે. સમજાણું કાંઈ?

'**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' કેવો છે ભગવાન આત્મા અંદર ધ્રુવ? ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે. આહા..હા..! મુડી બતાવેને, એની પાસે પાંચ કરોડની મુડી હોય. એનો બાપ મરી ગયો હોય અને મોસાળવાળાને મામાને સોંપ્યું હોય. બાર-પંદર વર્ષનો થાય ત્યારે એના કાનમાં નાખે કે આ બધી મુડી તારી છે હોં! આ તો મોસાળીયા બધા ટ્રસ્ટી છે. હેં! આ બધું શું છે? આ બંગલા ને આ બધું તારું છે. આ તો ટ્રસ્ટી કર્યા હતા મોસાળવાળાને. ત્યારે કેટલો ખુશ થાતો હશે! આહા..! હેં! મોટા થાઈશ ત્યારે તને સોંપવાનું છે. અહીં કહે છે કે આ બધી મુડી તારી છે. તારા તત્ત્વમાં આવડી બધી મુડી પડી છે, તને ખબર નથી. તેં સોંપી છે દૃષ્ટિ મિથ્યાત્વમાં તેં મિથ્યાત્વમાં સોંપી દીધું છે પરને કે આ મારું નહિ. સમજાણું કાંઈ? રાંકો થઈને કણ કણ માંગે ભિખારી. છ ખંડનો રાજા ચક્રવર્તી કણ કણ માંગે. એક કણ આપજો બાપા, એક કણ આપજો હોં! ઓલો ભિખારી માંગતો નથી? એ.. બાપા! વધ્યુંઘટ્યું કાંઈ આપજો હોં! સો વાર બોલે ત્યારે થોડુંઘણું ચણા ગાંઠ્યાનો ભૂક્કો હોયને, એ વાણિયા આપે. ... એમ આ માંગ્યા માંગ કરે, એમાં કોઈ પુણ્ય હોય તો મળે બહારનું. એમાં આત્માને તો ખોવે. આત્માને ખોવે અને બહારમાં મને મળ્યું એમ માને. ભિખારી છે રાંકો.

ત્રણલોકનો નાથ બાદશાહ એક રાગ અને બહારના ફળમાં ખુશી થાય. આહા..! કાંઈક જરી મોટો કરે અને માન આપે થોડું તો.. અભિનંદન અમને આપ્યું. બહુ સારી વાત છે. એઈ..! ભગવાન! તું તો નિરુપાધિ, ત્રિકાળ નિરુપાધિ તારું સ્વરૂપ છેને, ભાઈ! '**એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' જુઓ ભાષા! એવા શુદ્ધ જીવાસ્તિકાય. પાછું જીવ એમ નથી લીધો.

જીવાસ્તિકાય. કારણ કે અસ્તિ અને અસંખ્યપ્રદેશી વસ્તુ છે. સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશી વસ્તુ છે. સર્વજ્ઞ સિવાય બીજે એ હોઈ શકે નહિ ક્યાંય, પરમેશ્વર વીતરાગ સિવાય. એવો શુદ્ધ જીવાસ્તિકાય અસ્તિ છે. અસંખ્યપ્રદેશી સમૂહ છે ભગવાન આત્મા.

'**ખરેખર વિભાવસ્વભાવસ્થાનો (-વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી;...**' એવા સ્વરૂપમાં વિભાવના, વિકારના પ્રકાર એક્કેય છે જ નહિ. અહીં અવસ્થામાં હોવા છતાં સ્વભાવમાં નથી એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અવસ્થામાં પણ છે અને અંદર પણ છે, એ તો એકાંત છે. આ અનેકાંત સિદ્ધ કરે છે. અવસ્થામાં છે, વસ્તુમાં નથી. એમ દૃષ્ટિ કરતાં, અનેકાંતની દૃષ્ટિ પ્રગટતા આત્મામાં અમૃતનું વેદન આવે એને ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૦, ગુરુવાર, તા. ૩૧-૦૩-૧૯૬૬, ગાથા-૩૯, પ્રવચન નં. ૩૭

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ એટલે આ પર્યાયની વાત નથી. ભાવના ત્રણ પ્રકાર આવે છેને? શુભ, અશુભ અને શુદ્ધ. એ અહીં શુદ્ધપર્યાયની આ વ્યાખ્યા નથી. જે શુદ્ધભાવે સંવર અને નિર્જરા થાય એનાથી મુક્તિ થાય એ આ પર્યાયની વાત નથી અત્યારે. આ તો ત્રિકાળ એક સ્વભાવભાવ એકરૂપ જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવસ્વરૂપ જે ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે. જેને કર્મના નિમિત્તની અને નિમિત્તના અભાવની કોઈ અપેક્ષા નથી. એવું જેનું ત્રિકાળ ત્રણે કાળ, નિગોદથી ગમે ત્યાં જુઓ તો એ ત્રણે કાળ પરમપારિણામિક સ્વભાવભાવ એવો જે શુદ્ધભાવ, એવો જે સ્વભાવ સત્ત્વ ધ્રુવભાવ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે.

'**એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' એવો શુદ્ધ જીવ અસ્તિ કાય. એટલે એ શુદ્ધ છે, અસંખ્યપ્રદેશી એકરૂપ સ્વભાવ એવા શુદ્ધ જીવાસ્તિકાયરૂપ શુદ્ધભાવમાં '**ખરેખર વિભાવસ્વભાવસ્થાનો (-વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી;...**' સમજાય છે કાંઈ? એ વસ્તુ શુદ્ધભાવ એ વિકારને અડ્યો નથી, સ્પર્શ્યો નથી, વિકાર એનામાં છે જ નહિ. કહો, કર્મ સ્પર્શ્યું નથી, એ વળી એકકોર રહી ગયું. આ તો વિકારી એક સમયની વિકારદશાના ભેદો જે શુદ્ધભાવ વસ્તુ એકરૂપ જે ધ્રુવ સમ્યગ્દર્શનનો આશ્રય ધ્રુવ, સમ્યગ્દર્શનનું ધ્યેય ધ્રુવ એવો શુદ્ધભાવ ખરેખર એને વિકારના, વિભાવના સ્વભાવના સ્થાનો નથી. વિકારના સ્થાનો એટલે પ્રકારો એમાં છે જ નહિ. એનો અર્થ એની પર્યાયમાં અવસ્થાના અંશમાં એ છે. સમજાય છે કાંઈ? શુદ્ધભાવ એકરૂપ સ્વભાવમાં એ નથી. આનું નામ અનેકાંત અને અસ્તિ-નાસ્તિ

કહેવામાં આવે છે. સમજાણું? ક્યારે?—અત્યારે.

વસ્તુ ધ્રુવ એકલો ચૈતન્યપિંડ આનંદ શુદ્ધભાવ એકરૂપ ભાવ, નિર્લેપ ભીંત ધ્રુવની. વસ્તુ, વસ્તુ, વસ્તુ. એમાં પોતાપણું શુદ્ધભાવે છે અને વિભાવના અનેક પ્રકારો, સ્થાનો કહ્યા છેને? સ્થાનો છે ખરા પર્યાયમાં હોં પાછા. છે એ શુદ્ધભાવમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? વસ્તુ પૂર્ણ ધ્રુવ શુદ્ધભાવ એમાં વિકારના ભેદના પ્રકારોનો અભાવ, નાસ્તિ, નાસ્તિ નથી. એ શુદ્ધભાવ એકરૂપ છે એની અંતરમાં દૃષ્ટિ કરવી એનું નામ ભૂતાર્થ છતો કાયમી અસલી પદાર્થ એને આશ્રયે દૃષ્ટિ થઈ એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય એકલો ધ્રુવસ્વભાવ છે, શુદ્ધભાવ શુદ્ધભાવ. નિમિત્ત તો નથી, વિકાર નથી પણ અહીં તો પર્યાયના ભેદો પણ નથી એના વિષયમાં. અહીં તો હળવે હળવે લ્યે છેને. પહેલા તો કાઢી નાખ્યું. હવે એને હળવે હળવે સિદ્ધ કરતા જાય છે.

એકરૂપ જીવ ધ્રુવસ્વરૂપ શુદ્ધભાવ એમાં ભેદ જ નથી કાંઈ. એવો એકરૂપ સ્વભાવ અંતર દૃષ્ટિમાં લ્યો, વર્તમાન જ્ઞાનને એવા શુદ્ધ જીવ, શુદ્ધભાવને જ્ઞાનમાં જ્ઞેય બનાવવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન છે. શું કહે છે આ? ઓલા કહે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન, લ્યો. નવ તત્ત્વની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન. પોપટભાઈ! એ એમાં નથી કહે છે વસ્તુમાં. બહુ આકરી વાત. માણસને ત્યારે લાગને કે બીજો રસ્તો લ્યો, જેમાં ઝટ સમજાય તો ખરું. ઊંધુ. શરણભૂત પ્રભુ, કહે છે, અરે..! મહા પવિત્રનું ધામ એકલું ચૈતન્ય. સવારે નહોતું આવ્યું ઈ? અપવિત્રનું ધામ શરીરનો લોચો સાથે ફેરવવો શરમ નથી લાગતી? એઈ..! આવે છેને ઓલામાં, નહિ? 'શરમ જનક જન્મો ટળે'. યોગસારમાં આવે છે. ભગવાન આત્મા એકલો અતીન્દ્રિયનું, મેસુબનું જેમ ચોસલું એકલો રસનો ઘીનો પીધેલો હોય છે કે નહિ? ચાર શેર ઘીનું પીધેલું ચોસલું. આમ મૂકે ત્યાં .... ફાવાભાઈ! નામ સાંભળતા ગલગલિયા થાય એવું છે કે નહિ? ઉમરાળાના કંદોઈ બહુ ઊંચો કરે, મેસુબ બહુ ઊંચો કરે હોં! દીક્ષામાં કર્યો હતો અમારી, દસ રૂપિયાનો મણ પણ હોય હોં! એટલો ઊંચો. એ તો અત્યારે પાંચ રૂપિયે શેર ન મળે એવો. દીક્ષામાં દીધો હતો, પહેલે દિ' દીક્ષામાં દીધો હતો. ઈ બહુ ઊંચો. લોકો તો વખાણ કરે. ઓહો..હો..! એવું સાંભળ્યું હતું તે દિ'.

તને આ ભગવાન આત્મા મહા આનંદનું ચોસલું, આમ ટપકતું આનંદથી રસનું તરબોળ પડ્યું છે આત્મા! આહા..હા..! ધૂળમાં ખ્યાલ આવે કે આમ મોઢામાં નાખે ત્યાં થઈ જાય ધૂળ. શું કહેવાય? થૂક. મોઢામાં નાખે ત્યાં થૂક થઈ જાય, હેઠે ઉતરે ને લાળ થઈ જાય અને છ કલાકે વિષ્ટા થઈ જાય. આહા..હા..! ચૈતન્ય એ ઝેરનું મારણ, વિકારને મારણ કરનારું અમૃત છે. સમજાણું કાંઈ? આવ્યું હતુંને કાલે? ઓલામાં શું આવ્યું હતું? પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે એમ કીધું હતુંને. સમજાણું કાંઈ? એના મહાન સત્તાના ધામના સ્વભાવનું એને કોઈ રીતે અંતર માહાત્મ્ય આવતું નથી. આમ.. આમ.. આમ.. જાણે ક્યાંક હશે, ક્યાંક

હશે. ક્યાંય નથી, ધૂળમાંય નથી, સાંભળને!

અહીં તો કહે છે કે પુણ્યના પરિણામ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, શું કીધું? એ ભાવ શુદ્ધભાવમાં નથી. સમજાણું કાંઈ? કહો, શુકનચંદજી! આવે છે કે નહિ? 'સોલહ તીર્થંકરપદ પાય' આમ રાજી રાજી થઈ જાય. આહા..હા..! અહીં કહે છે કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ તારા ધ્રુવસ્વભાવ, જીવસ્વભાવ, શુદ્ધભાવમાં નથી. નથી એ થાય એનાથી રાજી શેનો તું થાય છે પણ? આહા..!

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— હોય છે કીધુંને. પણ ઈ શુદ્ધભાવમાં નથી. જેમાં નજર માંડે છે અને જે નજરનું નિધાન છે, શું કીધું? નિજનેત્રના નિધાન છે, જ્ઞાનનેત્રના નિધાન છે એ નિધાન શુદ્ધભાવમાં એ ભાવ નથી. આહા..હા..! ગળે ઉતરવું એને (કઠણ પડે છે). પોતાનું માહાત્મ્ય પોતે શું ચીજ છે (એ ખબર નથી)! આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાય...**' એ શુદ્ધ જીવાસ્તિકાય કહો કે શુદ્ધભાવ કહો, હોં! શું કીધું? શુદ્ધભાવ છેને માથે? ઈ શુદ્ધભાવ કહો કે જ્ઞાયકભાવ કહો કે ધ્રુવભાવ કહો કે શુદ્ધ જીવાસ્તિકાય કહો. શુદ્ધ જીવાસ્તિકાય. શુદ્ધ ચૈતન્ય અસ્તિ કાય એકરૂપ. ક્ષેત્રે, ભાવે, કાળે એકરૂપ વસ્તુ છે. જેની દૃષ્ટિ નિર્વિકલ્પ કર્યે એ નિર્વિકલ્પ તત્ત્વ, માથે આવ્યું હતુંને? નિર્વિકલ્પ તત્ત્વ. જે દૃષ્ટિ નિર્વિકલ્પ થયે નિર્વિકલ્પ તત્ત્વ દૃષ્ટિમાં આવે. સમજાણું કાંઈ? ઈ એક બોલ કહ્યો, '**णो खलु सहावठाणा**' એની વ્યાખ્યા કરી. '**खलु**' '**खलु**' છે ખરુંને. '**खलु**' એટલે ખરેખર. '**खलु**' એટલે ખરેખર. ખરેખર નથી.

કર્તાકર્મ (અધિકારની) ૭૫ (ગાથામાં) આવે છેને? વિકાર કર્મનું કાર્ય છે, આત્માનું નહિ. ત્યારે એક જણાએ ત્યાં (સંવત) ૧૯૯૯માં પ્રશ્ન કર્યો હતો, ખરેખર એનું છે? ખરેખર જીવનું છે કે ખરેખર કર્મનું છે? એમ કહો. ભાઈ! કેવા? સોમચંદભાઈ. સોમચંદભાઈએ પૂછ્યું હતું. ખારા હતાને ખારા. કીધું, જુઓ, નિશ્ચયથી તો સ્વભાવમાં પર્યાયમાં પણ નથી, કહો! તેથી એને નિશ્ચયથી વિકાર કર્મના છે એમ કહ્યું છે. પણ એમ કરીને કોઈ એમ લેવા જાય કે કર્મને લઈને વિકાર છે એથી અહીં (વિકારને કર્મના) કહ્યા છે એમ નથી. સમજાણું કાંઈ? કર્મ વ્યાપક છે અને વિકાર વ્યાપ્ય છે એમ ત્યાં લીધું છે. એટલે શું? એટલે શું સમજાણું? શું?

શ્રોતા :— કર્મને કારણે વિકાર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ ભાષા નથી આવી અત્યારે.

શ્રોતા :— વ્યાપક અને વ્યાપ્ય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— વ્યાપક અને વ્યાપ્ય. કર્મ વ્યાપક છે એટલે પ્રસરે છે, ફેલાય છે. ત્યારે એ ફેલાયેલી અવસ્થામાં વિકાર થાય છે, એ કર્મ ફેલાય એમાં. એમ આવે છે

ત્યાં. એટલે કે એ વિકારભાવ ખરેખર જીવદ્રવ્યનું કર્મ, કાર્ય, કર્તવ્ય છે નહિ, કરતુતિ એની નથી. એમ બતાવવા કે વસ્તુના સ્વભાવમાં જે નથી એ સ્વભાવનું કાર્ય કેમ હોય? એથી એને કર્મ અને વિકારને બેને એકમાં નાખીને કર્મ જે દ્રવ્ય છે (એ) પ્રસર્યું અને વિકાર થયો. ભગવાન સ્વભાવ પ્રસરીને વિકાર થાય, એની ખાણમાં વિકાર નથી તો પ્રસરે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

શુદ્ધભાવ વિસ્તાર પામે અને વિકાર, વિભાવ જન્મે, છે એમાં અંદર? એથી એમાં કહ્યું કે ભાઈ! ભગવાન! તારો ભાવ તો શુદ્ધ ચૈતન્ય આનંદ છેને. એ આનંદ તે કેવો? એકરૂપી ત્રિકાળ, એમ. એમાં વિકાર-બિકાર નથી. માટે વિકાર તારું કાર્ય નથી. પણ એનો અર્થ કોઈ એમ લઈ જાય કે કર્મ વિકાર કરાવે છે, જુઓ આમાં નીકળ્યું. દ્રવ્યકર્મથી ભાવકર્મ એમ કહેવાનો આશય ત્યાં નથી. સ્વભાવરૂપી ભાવ એનું કર્મ નિર્મળાનંદ હોય, એનું કર્મ વિકાર ન હોય. એ અપેક્ષા બતાવીને વિકારના પરિણામ કર્મનું કાર્ય, વ્યાપ્ય (વિકાર) એનું વ્યાપક (કર્મ)નું છે. આ ભગવાન વ્યાપક થઈને પ્રસરે, ફેલાય (એમ નથી). એ તો આનંદની મૂર્તિ આત્મા છે, આનંદ ફેલાય તો આનંદ દશામાં આવે. સ્વચ્છ જળ, નિર્મળ જળ ફેલાય તો બધા નિર્મળ જળના પર્યાય આવે. મેલું જળ-પાણી ફેલાય તો મેલું પાણી આવે અંદર.

એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જીવાસ્તિકાય એમાં કે દિ' વિકલ્પની ગંધ હતી? સંસાર એમાં હતો કે દિ'? હતો કે દિ' કે જેનો નાશ થવો છે વસ્તુમાં? સમજાણું કાંઈ? એવો જે શુદ્ધ જીવાસ્તિકાય એવો શુદ્ધભાવ એમાં વિકારના સ્થાનો નથી. ત્યારે કોઈ કહે કે વિકારના સ્થાનો છેને?—પર્યાયમાં છે. તો પર્યાયમાં છે તો ઈ કર્મના છે કે આત્માના છે? એઈ..! અહીં તો કહે છે, નહિ. પર્યાયના એના અવસ્થાના અંશના ભલે હો, શુદ્ધભાવમાં એ નથી. ઈ કર્તાકર્મ જ્યાં સિદ્ધ કરવું હોય ત્યાં વળી કર્મના કહે. ભઈ, અપેક્ષા સમજવી જોઈએને એની વાતની. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. એવી ચીજ છે કે નહિ? છે.. છે.. છે.. છે.. છે.. છે.. અનાદિ-અનંત છે.. છે.. છે... છે. આદિ અને અંત વિનાનું ત્રિકાળી નિરુપાધિ છે.. છે.. છે.. છે. એવો શુદ્ધ જીવાસ્તિકાયનો શુદ્ધ ધ્રુવસ્વભાવ એમાં વિકારના પ્રકારની ગંધ નથી. એને શુદ્ધભાવ અને એને શુદ્ધ જીવાસ્તિકાય કહેવામાં આવે છે. લ્યો, શુદ્ધ જીવાસ્તિકાય એને કહેવાય. પર્યાયને શુદ્ધ જીવાસ્તિકાય નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એની નિર્મળ પર્યાય થાય ઈ શુદ્ધ જીવાસ્તિકાય નહિ, તો વળી વિકારી પર્યાય થાય એ શુદ્ધ જીવાસ્તિકાય? આરે.. આરે..! ભારે વાત, ભાઈ! એ.. ન્યાલભાઈ! આ તો અગમનિગમની વાત છે. આહા..હા..!

ભાઈ! તું મોટો પ્રભુ છો હોં! તારા સ્વભાવમાં તો એકલું ભગવાનપણું એટલે મહિમાપણું જ ભર્યું છે. દરેક ગુણ મહિમાવાળો અનંત અનંત અને એક ગુણમાં અનંત મહિમા પાછી.

એવો શુદ્ધભાવ કહે છે કે (એમાં) વિભાવની ગંધ નથી, ભાઈ! નથી એટલે એને ટાળવું એ કાંઈ રહેતું નથી એમ કહે છે. આહા..હા..! શુદ્ધભાવ એમાં દૃષ્ટિ થઈ, ખલાસ થઈ ગયું. એ વિભાવની ઉત્પત્તિ જ થતી નથી કેમકે એમાં નથી અને સ્થિરતા થતા જરી આસક્તિની ઉત્પત્તિ હતી એ પણ સ્થિર થતા ધ્રુવ, ધ્રુવમાં ઠરતા વિકલ્પ ઉઠતા નથી એનું નામ વીતરાગ ચારિત્ર કહેવાય છે. સમજાણું કાંઈ? ઈ એક બોલ કહ્યો '**णो खलु सहावठाणा**'.

'**(શુદ્ધ જીવાસ્તિકાયને)...**' લ્યો. ઈ શુદ્ધ જીવાસ્તિકાય કહો કે શુદ્ધભાવ કહો. '**પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મા એકલો ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ આત્મા નિત્ય આનંદનો કંદ એવો શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધભાવ એને ભલો કે ભુંડો મોહ કે રાગ-દ્વેષનો અભાવ છે. એને શુભ-અશુભ રાગ-દ્વેષ અને પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ-દ્વેષનો અભાવ છે. સમજાણું કાંઈ? પ્રશસ્ત નામ શુભ અને અપ્રશસ્ત નામ અશુભ સમસ્ત મોહ-રાગ-દ્વેષનો શુદ્ધ જીવાસ્તિકાયમાં, વસ્તુમાં, ત્રિકાળમાં એ સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ છે. આમાં વાંધો શું કાઢે છે? પણ ઈ તો અભાવ થાય ત્યારે. તેથી તો અહીં 'ત્રિકાળ નિરુપાધિ' પહેલો શબ્દ વાપર્યો છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા જેને શુભ કે અશુભ મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી '**માન-અપમાનના હેતુભૂત...**' માન-અપમાનનું નિમિત્તભૂત '**કર્મોદયનાં સ્થાનો નથી;...**' કર્મના નિમિત્તથી અંદરમાં લક્ષ જઈને અમને માન, અમે મોટા, અમે દીન, અમને અપમાન... ભગવાન! એ નિમિત્તના સ્થાનમાં જોડાવાથી એ માન-અપમાન છે એ ભગવાન આત્મામાં સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના પ્રકાર તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'લહી ભવ્યતા મોટું માન' એક આવે છે આનંદઘનજીમાં. 'લહી ભવ્યતા મોટું માન, ... અભવ્ય ત્રિભુવન અપમાન'. ભગવાનના મુખમાં એમ નીકળે કે આ પ્રાણી ભવ્ય સમકિતી છે. કહે છે કે તારે હવે માન કોનું જોઈએ છે? સમજાણું કાંઈ? કેમ નથી તમારે આવ્યા? સવારે તો આવ્યા હતા. સમજાણું કાંઈ? 'લહી ભવ્યતા મોટું માન'. સર્વજ્ઞના મુખમાં નીકળી વાણી કે આ પ્રાણી પાત્ર છે. સમજાણું કાંઈ? કહે છે કે તારા સ્વરૂપમાં માન-અપમાનના વિકલ્પો નથી, આ જ્યાં કહ્યું એટલે તને જે જોઈતું હોય ઈ માન આત્મામાં છે. ભગવાને કહ્યું એમાં બધું આવી ગયું કહે છે. અને મહા મોટો ત્યાગી થયો હોય સાધુ બાવો, મોટા મુનિ પંચમહાવ્રતધારી ભગવાનની વાણીમાં આવે કે આ સ્વરૂપને માટે લાયક નથી. કોનું તારે અપમાન જોવે છે? ત્રણલોકના નાથે તને ન સ્વીકાર્યો. અહીં તો કહે છે કે એ બહારના માન-અપમાન એ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીકૃષ્ણને કહ્યુંને ભગવાને, બહુ દીન થઈ ગયા એટલે કહ્યું. મહારાજ! આપના કુળે જન્મ્યો હું, આ ન જાઉં, હોં ન જાઉં પ્રભુ! ન જાઉં, ન જાઉં પ્રભુ! નરકદેહે, નાથ! ત્રણલોકના

નાથ! તારા કુળે અવતર્યો અને આપ મોક્ષ પધારો અને હું જાઉં બીજે, ન જાઉં.. ન જાઉં. ભગવાનની વાણી નીકળી, તીર્થંકર થવાના છે. મારા જેવા તીર્થંકર. ઈ બધા વિકલ્પો હોં! સમજાણું કાંઈ? સાંભળીને હરખ આવ્યો તોય વિકલ્પ અને દીનતા આવી તોય વિકલ્પ. ઈ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ માન-અપમાન વસ્તુમાં ક્યાં છે? પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ એકસ્વભાવી છે ત્યાં આવા તીર્થંકરની વાણી આવી કે તું તીર્થંકર થઈશ, તોય કહે છે કે એવા વિકલ્પનું માન સ્વરૂપમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અપમાન. જે કોઈ સર્વજ્ઞ પરમેશ્વરને પરમઆનંદ અતીન્દ્રિય ન માને એ અભવ્ય છે. આવે છેને? પ્રવચનસાર. અભવ્ય છે. આહા..હા..! કાંતિભાઈ! આવે છેને? આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પોતે જ્યાં આનંદમૂર્તિ છે ધ્રુવ એમાં ક્યાં આવ્યું આ? હવે જ્યાં એ દશા પ્રગટ થઈ ગઈ પૂર્ણ એને અતીન્દ્રિય આનંદમાં ઉણપ અને ખોટ શું હોય કે જેને આહાર-પાણીની ઈચ્છા થાય? સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા અતીન્દ્રિયની કળાએ જ્યાં ખીલી ઉઠ્યો આખો, નથી આહાર, નથી પાણી, નથી કાંઈ એવા પરમાનંદની દશા એવી ન માને, કુંદકુંદાચાર્ય કહે છે કે અભવી છો. તને આત્મામાં એકરૂપ આનંદ છે એની શ્રદ્ધા નથી. જો એની શ્રદ્ધા હોય તો પર્યાયમાં પ્રગટ કેવળીને હોય એ શ્રદ્ધા આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

'**માન-અપમાનના હેતુભૂત કર્મોદય...**' જોયું? માન-અપમાનનું નિમિત્ત તો કર્મોદય પાછા. આમથી નાખ્યું. એનાથી થતા માન-અપમાનના પ્રકાર અસંખ્ય એ વસ્તુમાં નથી. વસ્તુ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવસ્વભાવ શુદ્ધ જીવાસ્તિકાય એવો ચૈતન્યપિંડલો એમાં માન-અપમાનની ગંધ નથી. કર્મના નિમિત્તે ભાવ થાય પણ જે ભાવ મોહ ને રાગ-દ્વેષનો અભાવ સ્વભાવમાં છે, ઈ તો પહેલું કહ્યું. '**પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત...**' જે કર્મના નિમિત્તના જે પ્રકાર પડે એવું સ્વરૂપમાં છે જ નહિ. એવા શુદ્ધભાવને ધ્રુવ અને ભૂતાર્થ તત્ત્વ કહે છે. ભૂતાર્થ તત્ત્વ, છતું તત્ત્વ, છતું તત્ત્વ. એવા શુદ્ધ જીવાસ્તિકાયને છતું તત્ત્વ મહાન હયાતીવાળો ભાવ (કહે છે). એમાં દૃષ્ટિ થવી એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રીજો બોલ. '**(શુદ્ધ જીવાસ્તિકાયને)...**' ભગવાન શુદ્ધ ધ્રુવ એક સમયની વિકૃત અને અવિકૃત પર્યાય વિનાનું તત્ત્વ જે છે એવો શુદ્ધ જીવાસ્તિકાય પ્રભુ ભગવાન આત્મા એને '**શુભ પરિણતિનો અભાવ હોવાથી...**' સમજાણું કાંઈ? '**શુભકર્મ નથી,...**' એને શુભ પરિણતિ દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ પરિણતિનો શુદ્ધભાવમાં અભાવ છે. શુભ પરિણતિ. પરિણતિ એટલે કે પર્યાય વિકૃત. દયા, દાન, ભક્તિ, તીર્થંકરગોત્ર આદિનો ભાવ. સમજાય છે? એવો જે શુભભાવ એની પરિણતિ એટલે અવસ્થા એ શુભપરિણતિનો તો અભાવ છે. ભગવાન ધ્રુવ જીવસ્વભાવ, ધ્રુવસ્વભાવ, શુદ્ધભાવ એમાં શુભ વિકૃત ક્ષણિક

પર્યાય, શુભનો અભાવ છે તેથી '**શુભકર્મ નથી,...**' શુભ પરિણતિનો એમાં અભાવ છે. શુભ પરિણતિ હોય તો કર્મ બંધાય, શુભકર્મ હોય. શુભ પરિણતિ જેનામાં નથી. આરે.. આરે..! ઓલા કહે કે શુભ પરિણતિથી તો ક્ષાયિકસમકિત થાય. અરે..! ભગવાન! બહુ કરી પણ ભાઈ તેં! સમજાણું કાંઈ? ઈ આજે લેખ પાછો આવ્યો છે ઈનો ઈ હોં! જે લેખ પહેલો લખ્યો હતોને. અરે..! સોનગઢના નેતાઓ જરી કૃપા કરીને સુધારો, સુધારો. દાન, પૂજામાં કાંઈક ધર્મ સંવર, નિર્જરા છે. એઈ..! દેવાનુપ્રિયા! બધા અર્થ એણે કર્યા છે, બધા અંદર લખ્યા છે. સુધારો એમ કહે છે. જુઓ, તમને સુધારો કહે છે. અરે..! ભગવાન! પ્રભુ! તને ખબર નથી, બાપુ! તારા પવિત્રના ધામની તને પવિત્રતાની ખબર નથી, ભાઈ! એ પવિત્રનો ધામ એમાં શુભવિકલ્પનો અભાવ છે. શુભપરિણતિનો અભાવ છે તેથી શુભકર્મનો અભાવ છે.

તેથી '**શુભકર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી,...**' ત્રણપટ્ટી વાત નાખી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કોને કહે છે? આ પંચમકાળના મુનિ વર્તમાન આત્મ શુદ્ધભાવ તત્ત્વ આવું (છે) એમ કહે છે. આ કોઈ ચોથા કાળના જીવની ને ફલાણા જીવની અહીં વાત નથી. આહા..! કુંદકુંદાચાર્યે લખ્યું હશે અને આ ટીકાકાર કરે છે એને ખબર નથી કે આ પંચમકાળ છે? પંચમકાળ છે તે શુદ્ધ જીવતત્તવને કાળ લાગુ ક્યાં પડે છે? કહે છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રિકાળ નિરુપાધિ કહ્યું. ત્રિકાળ શબ્દે કોઈ કાળ એને લાગુ પડતો નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા... પણ એને એ વિશ્વાસમાં શું છે? આ તે કોઈ મહાન પદાર્થ છે. એક સમયની દશામાં પણ જ્યાં આખો આવતો નથી, કેવળજ્ઞાનની એક પર્યાયમાં આખું તત્ત્વ આવતું નથી. કેવળજ્ઞાનની પર્યાયમાં આખું તત્ત્વ એમાં આવતું નથી. તો વળી રાગ ને ફલાણામાં આત્મા હોય ઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

સિદ્ધ તો શું કરવું છે? '**णो हरिसभावठाणा**' એમ સિદ્ધ કરવું છે. હરખ નથી હરખ. ભગવાન આત્મામાં હરખ નથી. એક જણો બહુ ભજન કરતોને, ભજન ભગવાનનું આમ.. આમ.. આહા..હા..! આમાં તીર્થંકરગોત્ર બંધાઈ જાય કહે. (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. પણ એ ક્યાં છે? બાંધવું પણ ક્યાં છે? એમાં એવી ધૂન લાગેને આમ. હાર્મોનિયમ... ભગવાનની સામે આમ ધૂન લાગે. એઈ..! પોપટભાઈ! ઉત્કૃષ્ટ રસ આવવો જોઈએ. ઉત્કૃષ્ટ રસ આવે એટલે બંધાય. એ તો કહ્યું હતું, ૧૯૮૪માં, રાણપુર. પણ આ ક્યાંથી કાઢ્યું ખામણામાં? ખામણામાં આવે છે. જઘન્ય (રસ આવે તો) કર્મની કોડું ખપે અને ઉત્કૃષ્ટ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. એવું આવે છે ખામણામાં. પણ આ ક્યાંથી કાઢ્યું? કીધું, કોણે લખ્યું આ? ૮૪માં રાણપુરમાં કહ્યું, આ કોણે કહ્યું? જઘન્ય રસ આવે તો નિર્જરા થાય અને ઉત્કૃષ્ટ આવે તો કર્મ બંધાય-તીર્થંકર (ગોત્ર) બંધાય. એ.. ન્યાલભાઈ! ઈ આવે છે ખામણામાં. ભગવાનના ગુણગ્રામ કરતા જઘન્ય રસ હોય તો.. એ.. ભગવાનજીભાઈ! આ બધા રહ્યા

જુઓને, અગ્રેસર છેને એમાં ઈ. આવે છે કે નહિ હિંમતભાઈ? ખામણામાં આવે છે. ભગવાનના ગુણગ્રામ કરતા જઘન્ય રસ ઊપજે તો કર્મની કોડું ખપે, કોડું ખપે. ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. ભાઈ! આ ક્યાંથી કાઢ્યું આવું?

ભગવાન આત્મા પરના ગુણગ્રામ કરે એ તો શુભરાગ છે. આવતું હતું કે નહિ ખામણામાં? કરતા હતા ઈ બધા, મૂળચંદભાઈ. અહીં તો કહે છે, ભગવાનના ગુણગ્રામ ગાય, તીર્થંકર જે સમકિતી તોપણ તે શુભપરિણામની વિકલ્પ પરિણતિ છે, એમાં નિર્જરા જરીયે નથી. સમજાણું કાંઈ? પણ એ શુભપરિણતિ જ આત્મામાં નથી અહીં તો કહે છે. આહા..હા..! એ શુભપરિણતિ એટલે નિર્મળ શુભ વિકારી પર્યાય. અશુભની અપેક્ષાએ એને નિર્મળ કહેને. વિશુદ્ધ. ઓહો..હો..! તેથી શુભકર્મ જ નથી. શુભ પરિણતિ હોય તો અહીં શુભકર્મ હોયને. શુભ પરિણતિ અહીં હોય તો શુભકર્મ હોયને. અને શુભકર્મ અહીંયા હોય તો સુખ સંસારનું હોયને? શુભકર્મનો અભાવ હોવાથી સંસારના હોંશની કલ્પનાનું સુખ જીવમાં નથી. જીવના શુદ્ધ ધ્રુવભાવમાં શુદ્ધભાવમાં એ સંસારની હોંશનું સુખ નથી. આમ પાંચ પાંચ લાખ, દસ દસ લાખ રૂપિયા.. ખમ્મા અન્નદાતા, ખમ્મા અન્નદાતા! ઓહો..હો..! સમજાણું? દેવ ઊપજે જ્યારે સ્વર્ગમાં, દેવ દેવ પહેલો ઊપજેને? સારી પુણ્યની પ્રકૃતિવાળો સૌધર્મ દેવલોકનો ઈન્દ્ર આદિ એકદમ જુવાન ઊપજે. માથે કપડું હોયને, આમ.. શું છે આ? ક્યાં હું છું? આ શું છે? અહો..! ત્યાં તો લાખો, કરોડો દેવો આમ હાથની અંજલી કરીને ઊભા હોય. લાખો કરોડો. ઓહો..! આ શું છે? 'અન્નદાતા! આપ મહા કોઈ પુણ્ય કરીને આવ્યા, અમારા નાથ થઈને આવ્યા છો. અમે આપના સેવકો છીએ. અમે દેવ છીએ.' કરોડો દેવો આમ હાથની અંજલી કરીને આમ ઊભા હોય. કરોડો દેવો, ક્યાંય નજર પડતી ન હોય હોં! અસંખ્ય અસંખ્ય. શું છે આ? આપ ઈન્દ્ર થઈને અવતર્યા છો. આપે પૂર્વે આત્માના ધ્યાન, જ્ઞાન કર્યા, નિર્જરા ઘણી કરી. એમાં શુભભાવ રહી ગયો છે એના પુણ્ય બંધાણા. એમાં ઈન્દ્રપદ તમને મળ્યું છે. અમે અસંખ્ય દેવો એના આપ સ્વામિ છો. ત્યારે હવે..? ચાલો પહેલા ભગવાનના દર્શન કરો. શાશ્વત મંદિર છેને, પ્રતિમા? મંદિરો શાશ્વત, રત્નમણિની પ્રતિમાઓ છે ત્યાં. ચાલો દર્શન કરો અને પછી અમારી સાથે પાંચ ઈન્દ્રિયના વિષયના ભોગ ભોગવો... ઈન્દ્રપદમાં વિચરો. આપ મહા ભાગ્યશાળી, મહા પુણ્યશાળી, મહા.. બહુ વખાણ કરે. શાસ્ત્રમાં બહુ આવે છે. એમાં ઓલાને જરી હરખ થાય તો કહે છે, ઈ હરખ આત્મામાં નથી. સમજાણું કાંઈ? ઈ હરખનું સુખ, સંસારના સુખની કલ્પના. કેટલું સુખ હોઈ ઈ એને. આહા..હા..! બે સાગરની સ્થિતિ શક્રેન્દ્રની. આહા..હા..! ૩૨ લાખ વિમાન, એક એક વિમાન મોટા અસંખ્ય દેવ. એ અસંખ્ય દેવ રહે છે કેટલાક મોટા વિમાનમાં. આમ નજર નાખી ન રહે. અન્નદાતા! અમારા રાજા! આપ ઈન્દ્ર છો. વિકલ્પ આવે, સમકિતી છેને. આ વિકલ્પ અમારા શુદ્ધભાવમાં નથી. એથી હરખનું સુખ અમને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને હરખ નથી આવતો

કહે છે અંદર દષ્ટિમાં હોં! વિકલ્પમાં જરી આવે, નિષેધ વર્તે છે. અરે..! અમે શુદ્ધ છીએ. અમે આરાધન કરીને તો અહીંયા આવ્યા છીએ. બાકી રહી ગયું આરાધન, અરે..! અવતાર લેવા પડ્યા ઈન્દ્રના. ઈન્દ્રના અવતાર એના ઓરતા. ઈન્દ્રના અવતાર એના ઓરતા. સમજાણું કાંઈ? હું ઈ નથી. છતાં જરી વિકલ્પ આવે. અહીં તો જરીક કાંઈક થઈ જાય તો આહા..હા..! પચ્ચીશ-પચાસનો પગાર હોય અને બે હજારનો પગાર મહિને થાય ત્યાં તો ઓહો..હો..! આભે પાટુ! આભે પાટુ અડે તો નહિ, માને. જાઓ આમ કરો, જાઓ આમ કરો. શું છે પણ? હળવે હળવે તો બોલ. પ્યાલો ફાટી જાય. આહા..હા..! ધર્મીને એવા સ્થાનમાં અવતર્યા અને એવી પરિણતિનો જરી ભાગ આવ્યો, અંતર મારા શુદ્ધભાવમાં આ નથી. આ મારામાં નથી. એટલે એને એકત્વબુદ્ધિ થતી નથી. એનો રસ બધો ઢીલો પડી જાય છે. આહા..હા..!

સુખમાં ઊભો રહેવા ન દીધો, એમ કહે છે. જરીક સુખમાં તો ઊભો રાખવો તો થોડો. આહા..હા..! ઈ જ કહે છે કે આત્માના સુખ, જીવ સત્તાના ભાનમાં દષ્ટિ છે, હરખ નથી મારા સ્વરૂપમાં. આવો હરખ હોં! સંસારસુખ તે ઈન્દ્રોના. આમ નજરું ન નખાય એટલા બે સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ. ખબર છે એને કે બે સાગરની સ્થિતિ ઈન્દ્રની છે. ત્યાં સુધી અહીંથી નીકળાશે નહિ. સમજાણું કાંઈ? અંદર શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ જીવની અંતર દષ્ટિ પડી છેને, ઈ એ એને હરખનો સ્વામિ થવા દેતું નથી, એને ધણી થવા દેતું નથી. સમજાણું કાંઈ? સંસારસુખ ભગવાન આત્મામાં નથી. સંસારસુખ એટલે દુઃખ. પણ ઈ સંસારસુખ એટલે દુઃખ. પ્રતિકૂળતાનું જરી આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

શુદ્ધ જીવભાવ પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ ભાવ એમાં આવો હરખ એવું સંસારસુખ (નથી). છ ખંડના રાજના ચક્રવર્તી. છ ખંડમાં એના જેવો જીવ ન હોય. ચક્રવર્તી. એટલું બળ શરીરનું, એટલી ઋદ્ધિ, એટલી લક્ષ્મી, નવ નિધાન. નવ નિધાન હોં! લક્ષ્મી ખૂટે નહિ. લક્ષ્મી એમાં ન હોય પણ એમાં કળા અને કારીગરી એટલી હોય કે આનાથી આમ લક્ષ્મી બનશે, આનાથી આમ સોનુ થાશે, આમાંથી મણિરત્ન પાકશે, આનાથી આમ હીરા પાકશે એવા બધા એમાં લેખ હોય. ખૂટે નહિ. નવ નિધાન. એક એક નિધાનનો એક પલ્યોપમનો દેવ સ્વામિ. સમ્યગ્દષ્ટિ છેને. અમારા શુદ્ધભાવમાં આ હરખ અને સંસારના સુખની કલ્પનાનું સ્થાન નથી. પોપટભાઈ! આ બધું અત્યારે જ સમજવા જેવું છે આ.

શ્રોતા :— ...એવું હોય તો સુખ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ હાટુ તો દાખલો આપ્યો. એવા નિધાન જેને ખૂટે નહિ. આ તો વાપરે એ પૈસાની સંખ્યા હોય, ન્યાં સંખ્યા ન હોય. આમ કરો તો આમ થાશે અને આમ કરો તો આમ થાશે. ફલાણી ધાતુનો રસને અહીં નાખો તો એના સોના પાકશે. કરોડો અબજો મણ એક એક મિનિટમાં પાકે. એવું એમાં લખાણ હોય છે. એઈ..! એને

નિધાન કહે છે. વિદ્યાઓ ભરી હોય છે. આહા..હા..! પામર જીવને તો એમ થઈ જાય.. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધભાવની શ્રદ્ધા અને દૃષ્ટિ છે. આવા શુદ્ધભાવ, શુદ્ધભાવ, શુદ્ધભાવ, શુદ્ધભાવ. હરખ ઊપજતો નથી. જરી વિકલ્પ આવે તો એનો સ્વામિ થાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ ધર્મના ધોરી ધર્મી કહેવાય છે. ધર્મ એ કંઈ વાતું નથી. લ્યો, આમ કર્યું ને આ કર્યું. શું કરે? અહીં ઈ કહે છે કે એને સુખ નથી સંસારનું. જ્યાં જીવતત્ત્વને દૃષ્ટિમાં લીધો, શુદ્ધ જીવાસ્તિકાય દૃષ્ટિમાં લીધો છે એને જરી વિકલ્પ આવે પણ એનો આંતરો પાડીને મારામાં આ નથી. મારા તત્ત્વમાં નથી. એ તત્ત્વ ભિન્ન છે. મને સુખ નથી સંસારમાં, મારા સ્વભાવમાં, મારો સ્વભાવ અતીન્દ્રિય આનંદમય છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું?

અહર્ષના સ્થાન. શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન શુદ્ધભાવ સત્તાનું મહા સામર્થ્યસ્વરૂપ એકરૂપ ભગવાન આત્મા એને '**અશુભ પરિણતિનો અભાવ હોવાથી...**' એને પાપની પર્યાય નથી એનામાં. એ અશુભનું પરિણમવું એ જીવદ્રવ્યમાં નથી.

શ્રોતા :— સાચું નિધાન તો એ છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ નિધાન છે! એ નિધાનની શ્રદ્ધા થતી નથી. બહારમાં ભટકે (છે). બહારથી બહાર! બહિરબુદ્ધિ, બહિરમતિ, બહિર વિસ્મયતા એને આડે એને સંસારમાંથી ખસવું ગોઠતું નથી. આહા..હા..! છોકરો સારો જ્યાં પાકે ત્યાં હરખના પાર ન રહે, હોં! એની માને તો વળી કેટલું થાતું હશે. ઓહો..! બાપા! કુળ ઉજળા થયા. ધૂળેય નથી. મૂરખ છો કહે છે. અહીં તો ઈ કહે છે. એવા અશુભનો વિકલ્પ તે તારા જીવ શુદ્ધભાવમાં નથી. ક્યાંથી ઊભો થયો? શું કર્યું તેં? આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધભાવ ધ્રુવભાવ એકભાવ જ્ઞાયકભાવ એવા જીવાસ્તિકાયની પ્રતીતિ, શ્રદ્ધા, જ્ઞાન હોવાથી એને અશુભ પરિણતિ દ્રવ્યમાં ભાળતો નથી. વસ્તુમાં અશુભ પરિણતિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એને '**અશુભકર્મ નથી,...**' એ શુદ્ધ ધ્રુવભાવમાં અશુભકર્મ જ નથી. આહા..હા..!

શ્રોતા :— ... આ વાતની મસ્તી... અનુભવ થાય તો તો...!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એના હાટુ તો વાત હાલે છે આ. આ કર, ઈ કર, ઈ કરવા જેવું આ, બાકી કાંઈ કરવા જેવું નથી. આહા..! ઉઠી જા બધેથી, બધેથી ઉઠી જા, એકમાં સ્થાપ. સમજાણું કાંઈ? ઉઠવા જેવું છે કહે છે બીજેથી, રહેવા જેવું નથી. રહેનારનું રહેઠાણ સ્થાન તો શુદ્ધભાવ છે. નિર્જરામાં આવે છેને? નિર્જરા અધિકારમાં આવે છે. એ વિકલ્પમાં રહેનારને રહેઠાણનું સ્થાન ન મળે હોં ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવસ્વભાવ મહા પરમાત્મા પોતે મહાન પ્રભુ એવા મહાન પ્રભુમાં અશુભપરિણતિનો જ જ્યાં અભાવ (છે). હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, વાસના

વિકાર એવી અશુભપર્યાયનો જ જેમાં અભાવ, એથી એને અશુભકર્મ જ ક્યાં છે. અશુભ કર્મ નથી તેથી '**અશુભકર્મનો અભાવ હોવાથી દુઃખ નથી,...**' આહા..હા..! નરકમાં પડ્યો સાતમી નરકનો નારકી, જ્યાં દષ્ટિ પડી છે એવા શુદ્ધભાવમાં દુઃખ જ નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઘુંટવું જોઈએને, ઘુંટવું જોઈએને. ... બહાર ડોકિયા મારે ફટ દઈને. જરીક છોકરો સારો થાય તો હવે ઠીક. જરીક ઓલો થાય તો ઠીક. આહા..હા..! જરીક શરીરમાં ઠીક રહેને બે, પાંચ વર્ષ સરખું, હવે બહુ હરેડે ચડી ગયું શરીર. ધૂળ ઠરી એમાં તને શું પણ થયું? આહા..હા..! દુઃખની ગંધ નથી. બાપુ! આત્મા શુદ્ધજીવસ્વભાવ વસ્તુ, શુદ્ધજીવાસ્તિકાય એમાં જ્યાં અશુભ પરિણતિનો અભાવ, અશુભભાવનો જ અભાવ, એ શુદ્ધજીવભાવમાં અશુદ્ધભાવનો જ અભાવ, અશુદ્ધપર્યાયનો અભાવ એને લઈને અશુભ કર્મ ક્યાં આવ્યું તારે? કહે છે. અને અશુભકર્મના નિમિત્તે કોઈ સંયોગ એવા મળ્યા અને એમાં દુઃખ થાય ભાવમાં, એ દુઃખ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— આંખો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— આંખ્યું ઉઘાડી ભલે હોય, આ આંખની ક્યાં કામ છે ન્યાં? આહા..હા..! ઈ હાટુ તો વાત થાય છે આ.

ભાઈ! તું જીવાસ્તિકાય છોને. શુદ્ધજીવાસ્તિકાય છોને. તું જીવ છોને. તો તું જીવ છો તો કેવો છો, ખબર છે તને? તું જીવ છોને? તો એ જીવ કેવડો અને કેવો છે? કે અશુભપરિણતિ અને શુભપરિણતિ નથી એવો તું જીવ છો. સમજાણું કાંઈ? કેમકે શુભ અને અશુભપરિણતિ તો આસ્રવતત્ત્વ છે, શુદ્ધભાવમાં એ નથી. આસ્રવતત્ત્વ નથી તો એનું બંધ જે કર્મ એ પણ નથી, એ નથી તો એમાં જે હર્ષ-શોકનો વિકલ્પ ઉઠે એ પણ નથી,. સુખ-દુઃખનો. આહા..હા..!

સાતમી નરકમાં રવરવ નરકે પડેલો સમકિતી શુદ્ધજીવભાવની દષ્ટિમાં દુઃખ નથી, નથી, નથી. જરીક નબળાઈને લઈને વેદનમાં જરી દ્વેષ આવી જાય છે, એ શુદ્ધજીવમાં નથી. સમજાણું કાંઈ? મારા શુદ્ધજીવમાં નથી. એટલો વિવેક રાખીને એ શોકની સાથે એક થતો નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? આહા..હા..! અરે..! એના ઘરની નિધિ કેવડી એણે કોઈ દિ' સાંભળી નથી. આ બહારની વાતું. જરીક હોય એમાં જ્યાં પાંચ પચાસ કરોડ, બે કરોડ થાય ત્યાં તો જાણે ઓહો..હો..! શું થઈ ગયું જાણે! શું કમાણા અને ક્યાં ગયા! ક્યાં ગયા? ભાઈ! એ કર્મ જ તારું નથી, કર્મના કારણના પરિણામ જ તારા નથી, તો પરિણામનું જે નિમિત્ત થાય હરખ-શોકમાં એ કર્મ જ નથી પછી તને ક્યાં આવ્યા ઈ ભાવ? આહા..હા..! સમજાણું? ભારે વાત કરી છે પણ આ.

આ તો શુદ્ધજીવ, શુદ્ધજીવ, પ્રભુ! તું શુદ્ધજીવ છો. શુદ્ધજીવમાં આ સુખ-દુઃખના પરિણામનું કારણ કર્મ અને કર્મનું કારણ શુભ-અશુભપરિણતિ એ બધુંય નથી તારામાં. આહા..હા..! એને

શુદ્ધજીવાસ્તિકાય કહેવામાં આવે છે. આહા..હા..! આ કહે, જીવ માનો. ઓલા નથી કહેતા? શું કહેવાય છે? જીવ વિચારણા આવે છેને દેરાવાસીમાં? જીવ વિચાર. એ જીવ વિચાર શીખ્યો અને આ ૫૬૩ ભેદ શીખ્યો. જીવના ૫૬૩ ભેદ આવે છેને? ૫૬૦ ઓલા જડના. આ જીવના ૫૬૩ શીખી ગયો. બધો જીવ વિચાર આવડે છે. બહુ સારી વાત છે. સાંભળ તો ખરો હવે. જીવ વિચાર આને કહીએ. એ.. તમારે આવે છે કે નહિ? ધીરૂભાઈ! શીખ્યા નહિ હોય. ઈ આવે છે જીવ વિચાર.

અહીં કહે છે કે તું ક્યાં છો? તું કેવડો છો? તું જ્યાં છે ત્યાં શુભ-અશુભપરિણતિ નથી. તું જ્યાં છે ત્યાં શુભ-અશુભપરિણતિથી બંધાયેલું કર્મ તું છે ત્યાં નથી. અને તે કર્મના ફળતા સંયોગ વખતે હરખ-શોકનો સુખ-દુઃખની કલ્પના થાય એ તું જ્યાં છે ત્યાં તે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.**' શોક તારા ઘરમાં નથી એમ કહે છે. એ શોક તારા ઘરમાં નથી. ક્યાંથી તેં ઊભો કર્યો? સમજાણું? ઊભો કર્યો હોય તોપણ જીવના ઘરમાં નથી, લે! ન્યાલભાઈ! આ જીવની વ્યાખ્યા છે. જીવતત્ત્વની શ્રદ્ધાની વાત ચાલે છે આ. નવ તત્ત્વમાં જીવને, કેવા જીવને માન્યે જીવ માન્યો કહેવાય? નવ તત્ત્વમાં કેવા જીવને કેવી રીતે માન્યો એને જીવતત્ત્વ માન્યું કહેવાય? આહા..હા..! એ નવ તત્ત્વમાં જીવને શુદ્ધભાવ એકરૂપે માન્યો તેને જીવતત્ત્વ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? ઓહો..હો..! આવી સીધી વાત, આ સરળ વાત. એવી કરી મૂકી છેને. શાસ્ત્રને બહાને પણ શીખ્યા નહિ, સમજ્યા નહિ એને તો ન બેઠું, પણ આ શાસ્ત્રના બહાને એ આમ છે, એ આમ છે ને એ આમ છે. એકાંત થઈ જશે, જો એકાંત શુદ્ધ કહેશો તો. પણ શુદ્ધ દ્રવ્યે શુદ્ધ કહે છે કે પર્યાયે શુદ્ધ? પર્યાયમાં અશુદ્ધતા છે એ તો વાત કહે છે. માટે વસ્તુમાં નથી. આહા..હા..! અને વસ્તુમાં એ નથી એવું જ્યારે જ્ઞાન થાય ત્યારે પર્યાયમાં અશુદ્ધતા છે તે જ્ઞેયપણે જ્ઞાનમાં જાણવાલાયક રહી જાય. સમજાણું કાંઈ? એ ૩૯ ગાથા (પૂરી થઈ).

વિભાવસ્વભાવસ્થાન, માન-અપમાનસ્થાન અને હરખસ્થાન અને અહર્ષસ્થાન એ આત્મામાં નથી. એનો શ્લોક કહેશે, લ્યો.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૧, શુક્રવાર, તા. ૧-૦૪-૧૯૬૬,
શ્લોક-૫૫, ગાથા-૪૦, પ્રવચન નં. ૩૮

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. '(હવે, **૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—)'**

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियब्दिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।

'**निर्भेदोदित**' શેમાંથી કાઢ્યું છે?

શ્રોતા :— બીજી લીટીનો પહેલો શબ્દ.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પ્રગટ. (શ્રોતા :- પ્રગટ પ્રકાશમાન). નિર્ભેદ. નિર્ભેદનો અર્થ ક્યાં ગયો? નિર્ભેદ-ઉદિત એમ. અભેદરૂપ પ્રગટ છે. નિર્ભેદોદિતનો અર્થ 'પ્રગટ' એટલું જ?

શ્રોતા :— નિર્ભેદનો અર્થ પ્રગટ અને ઉદિતનો અર્થ પ્રકાશમાન.

પુજ્ય ગુરુદેવશ્રી :— નિર્ભેદનો અર્થ ભેદરહિત ઉદયમાન સુખમય નિરાકાર પ્રકાશમાન છે.

શુદ્ધભાવ, શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ એટલે આત્મા. એક સમયમાં આત્મા ધ્રુવસ્વભાવ એને અહીંયા શુદ્ધભાવ અથવા એને આત્મા કહે છે. એ આત્મા '**પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' આત્મા શાશ્વત છે, ધ્રુવ છે એમાં રાગ ને દ્વેષના સ્થાન ને પ્રકાર છે જ નહિ. સમજાણું કાંઈ? આત્મા પ્રીતિ-અપ્રીતિ એ રાગ તો આસ્રવ છે એ સ્વરૂપમાં નથી. અત્યારે હોં! જે પ્રીતિ-અપ્રીતિના વિકલ્પ છે (એ) પર્યાયમાં અંશમાં ભલે હો, વસ્તુમાં નથી. વસ્તુ જેને આત્મા (કહીએ), શુદ્ધભાવરૂપ આત્મા (કહીએ) એ તો પ્રીતિ-અપ્રીતિરહિત (છે). નાસ્તિથી વાત કરી, અસ્તિથી કહ્યું કે શાશ્વતપદ છે. એવું શાશ્વતપદ અંતર્મુખ દૃષ્ટિ કરવાનો જે વિષય, જેનું લક્ષ અને રુચિ કરતા સમ્યગ્દર્શન થાય એવું શાશ્વતપદ ચૈતન્ય ધ્રુવ એ પ્રીતિ-અપ્રીતિના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ તત્ત્વ છે. સમજાણું કાંઈ? શાશ્વત છે, શાશ્વત છે ઈ. તત્ત્વ છે. અરૂપી વિજ્ઞાનઘન શાશ્વતપદ છે વસ્તુ. એની રુચિ કેમ કરતો નથી? એમ કહે છે. સમજાણું કાંઈ? બીજી બધી રુચિ કરે છે પણ આવો ભગવાન આત્મા એક સમયનો શાશ્વત સ્વરૂપ પ્રભુ, પુણ્ય-પાપના વિકલ્પ અને ભાવથી રહિત એની રુચિ કેમ કરતો નથી? જે કરવાનું છે એ તો એ છે. ધર્મની સ્થિતિની શરૂઆતમાં ધર્મીને કરવાનું તો એ છે. સમજાય છે કાંઈ? શાશ્વત વસ્તુ સત્.. સત્.. સત્.. એની રુચિ, પુણ્ય-પાપના વિકલ્પ વિનાના તત્ત્વની

રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને પ્રથમ ધર્મ છે. એ વિના એકેય સાચો ધર્મ એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'જે નિઃશેષપણે અંતર્મુખ...' કેવો છે આત્મા વસ્તુ-શુદ્ધભાવ, ધ્રુવસ્વભાવ? એટલે કે અશુદ્ધ ચાર પર્યાયો જે છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એવી અપેક્ષાની પર્યાય વિનાનું તત્ત્વ છે જે સર્વથા અંતર્મુખ છે, સર્વથા અંતર્મુખ છે. સમજાણું કાંઈ? બહારની જે પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ કે ક્ષાયિકસમકિત, ચારિત્રપર્યાય આદિ એથી આ સર્વથા અંતર્મુખ છે. ઓલી તો બહિરપર્યાય છે. સમજાણું કાંઈ? ધર્મની સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પર્યાય, ચારિત્રપર્યાય, ક્ષાયિકસમકિત આદિ પર્યાય એ અંતર્મુખ વસ્તુ નથી. એ તો બહિર્મુખનો પર્યાય પ્રગટ થયો છે. સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલ તત્ત્વ બહિરતત્ત્વ છે. સમજાણું? સર્વથા કીધું છેને? કોઈ અપેક્ષાએ પણ એ બાહ્ય પર્યાયના અંશમાં એ તત્ત્વ આવતું જ નથી. સર્વથા... અનેકાંત વીતરાગનો માર્ગ છે એટલે કથંચિત્ અંતર્મુખ અને કથંચિત્ બહિર્મુખ એમ હોવું જોઈએ કે નહિ? ભાઈ! ધ્રુવ વસ્તુ જે છે ચૈતન્ય શુદ્ધભાવ એક સમયનો પરમાત્મા પોતે વર્તમાન, એ સર્વથા અંતર્મુખ તત્ત્વ ધ્રુવ છે. એક સમયની પર્યાયમાં એ ધ્રુવ આવે એવું એ તત્ત્વ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

શ્રોતા :— એમાં કથંચિત્.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કથંચિત્ શેનું હોય પણ? વસ્તુ છે. સર્વથા અંતર્મુખ તત્ત્વ ચૈતન્યપિંડ વિજ્ઞાનઘન શુદ્ધ ધ્રુવ જે છે એ ઉત્પાદ-વ્યયની પર્યાયમાં એ ધ્રુવ સર્વથા આવતું નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ છેને વસ્તુ, એક સમયનો પર્યાયનો અંશ લક્ષમાં ન લેતા, વસ્તુ જે છે એક સમયની ધ્રુવ વસ્તુ છે એ તો સર્વથા અંતર્મુખ જ તત્ત્વ છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે અરે..! પ્રભુ! એની તું રુચિ કેમ કરતો નથી? સમજાણું કાંઈ? નિમિત્તની રુચિ, રાગની રુચિ ને પુણ્યની રુચિ, પાપની રુચિ, આ દેહની ક્રિયા હું કરું એવી રુચિ, વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રતના એ વિકલ્પ શુભરાગ એની રુચિ એ તો બધો મિથ્યાત્વભાવ છે. એની રુચિ એટલે 'આ હું' એવો ભાવ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ અંતર્મુખ તત્ત્વ સર્વથા છે એવા તત્ત્વને રુચિમાં ન લેતા બહિર્મુખનો વિકલ્પ આદિ, એક સમયનો ક્ષયોપશમ જ્ઞાનનો પર્યાય વિકાસનો ઉઘાડ છે 'એટલો હું' એ તો બહિરતત્ત્વ છે, 'એટલો હું' એ તો મિથ્યાદષ્ટિના શ્રદ્ધાનો એ ભાવ છે. સમજાણું કાંઈ?

ન્યાલની જ વાત છેને આ તો ભાઈ! વસ્તુ અંતર્મુખ મહાન પદાર્થ એની નજરું તેં કરી નથી કહે છે, ભાઈ! એ બધી નજર તારી બહારમાં વર્તે છે. એક સમયનો પર્યાય કે રાગની મંદતાનો રાગ એના ઉપર તારી રુચિ અને એ અસ્તિત્વ ને તત્ત્વ હું છું એવો જે ભાવ એ તો મિથ્યાભાવ છે, ભ્રમભાવ છે, એ ચાર ગતિમાં ઉત્પન્ન કરવાના બીજડાં છે.

મોક્ષનું બીજ તો સર્વથા અંતર્મુખ તત્ત્વ એ છે. આહા..હા..! સર્વથા અંતર્મુખ, અંતર્મુખ સર્વથા એક સમયની પર્યાયમાં બિલકુલ ન આવે એવું એમ. અંતર્મુખ અંતર્મુખ. આખી ચીજ જ સ્વસન્મુખ પડી છે આખી એની રુચિ કર. સમજાણું કાંઈ?

માણસ કહે, આવું સર્વથા આવું છે તો પછી એક સમયનો પર્યાય, રાગાદિ છે કે નહિ એમાં? એમાં છે જ નહિ. એમાં છે નહિ ત્યારે સર્વથા અંતર્મુખ સ્થિતિનું તત્ત્વ સિદ્ધ થાય છે. સમજાણું? કોઈ કહે કે 'ભાઈ! આ દ્રવ્ય છે આખું, આખું દ્રવ્ય અને એક સમયની પર્યાય એ લેને લક્ષમાં. એ આખું દ્રવ્ય કહેવાય, એ પદાર્થ કહેવાય.' એ વસ્તુ નહિ. સમજાણું? જેમાં એક સમયની દશા, વિકાસ અને વિકાર. વિકાસ જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ અને વિકાર એ બધુંય અપૂર્ણ અને વિપરીત એ તત્ત્વમાં અંતર્મુખ તત્ત્વ આવતું નથી. એમાં અંતર્મુખ તત્ત્વ જે સર્વથા તે પર્યાયમાં નથી અને એ પર્યાય અંતર્મુખ તત્ત્વમાં નથી. આહા..હા..! ભારે ઝીણું પડેને માણસને એટલે પછી રસ્તા એવા કરી નાખ્યા છેને. લોકોને સારું પડે આ, ભક્તિ કરે, પૂજા કરે, દાન, દયા કરે, કરતાં-કરતાં ધર્મ થાય. આહા..હા..! ભાઈ! એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

વસ્તુસ્વભાવ જે તત્ત્વ છે, ચૈતન્યતત્ત્વ છે, તત્ત્વ છે, ભાવ છે એ એકરૂપ છે. એવો જે ભાવ તેને સર્વથા અંતર્મુખ વસ્તુ (છે) અને તે નિર્ભેદ ઉદય થાતું. ઓલું નિર્ભેદ ઉપર લક્ષ ગયું એટલે. તમારું પ્રગટ થતું ખટક્યું. ભાઈ! પ્રગટ ખટક્યું. એકરૂપ ઉદય છે એમ. નિર્ભેદ ઉદય છે. એકરૂપ ઉદય છે. ઉદય એટલે એકરૂપ છે એમ. એકરૂપ વસ્તુ પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? પ્રગટ કહો તોપણ પ્રગટ બરાબર છે. વસ્તુ વસ્તુ છે, એક સમયનો ધ્રુવ અનંતસત્ત્વનું એક સત્ત્વસ્વરૂપ પ્રગટ જ છે. વસ્તુ અપ્રગટ છે? વસ્તુ છેને. છે છે, ઈ છે તે અસ્તિરૂપે પ્રગટ (છે), પ્રગટ એટલે છે. એ પ્રકાશમાન છે, નિર્ભેદ પ્રકાશમાન છે. પ્રગટ પ્રકાશમાન વસ્તુ ધ્રુવ ધ્રુવ પારિણામિક ચૈતન્યભાવસ્વભાવભાવ એ વ્યક્ત વસ્તુ તરીકે વ્યક્ત જ છે. વસ્તુ અવ્યક્ત છે? પર્યાયમાં વ્યક્ત-પ્રગટ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તરીકે નિર્ભેદ પ્રગટ પ્રકાશમાન વસ્તુ અંતર્મુખ પ્રકાશમાન છે, અંતર્મુખ પ્રકાશમાન છે. એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એવા આત્માને સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા તરીકે એને કહ્યો અને એને શુદ્ધભાવ કહ્યો. એવા ભાવની અંદર રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી છે. આહા..હા..! બાકી બધું થોથેથોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. કાંતિભાઈ! આ નિર્ભેદ. 'એક દેખિયે જાનીયે...' વિરજીભાઈ બહુ કહેતા. આહા..હા..! 'એક દેખિયે જાનિયે રમી રહીએ ઈક ઠૌર, સમલ વિમલ ન વિચારીયે, યહિ સિદ્ધ નહીં ઔર.' આ નિર્મળપર્યાય અને આ સમળ એવા બે ભેદ પણ નહિ.

નિર્ભેદ એકલું તત્ત્વ છે. એક સમયમાં આખો ભગવાન મહા પરમાત્મા, મહા પરમાત્મા પોતે એક સમયમાં છે એને અહીંયા સર્વથા અંતર્મુખ પ્રગટ પ્રકાશમાન વસ્તુ સ્વરૂપે એવો

સુખનો બનેલો (કહ્યો છે). બનેલો. **'शर्मनिर्मित, शर्मनिर्मित' 'शर्म'** નામ આનંદ, અતીન્દ્રિય આનંદથી બનેલો. એટલે કે અતીન્દ્રિય આનંદ જેનું રૂપ જ ઇ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બનેલો એટલે? ભાષા તો એમ જ આવે શાસ્ત્રમાં આવે તો. ત્રણલોક છ દ્રવ્યથી બન્યા છે એમ આવે છેને? પંચાસ્તિકાયમાં. છે એને બનેલો એ શબ્દથી કથન કરવું છે. બનેલો એટલે આત્મા અને એનો અનંતઆનંદ જે અતીન્દ્રિય આનંદ, બેહદ અતીન્દ્રિય અમૃતનો આનંદ એ રૂપે જ આત્મા છે. એને અહીંયા સુખનો બનેલો એમ કથન કરવામાં આવે છે. આહા..હા..!

અરે..! આત્મા શું? પરમાત્મા સ્વરૂપે એનું એને શ્રવણ કરવામાં એને આવ્યું નથી કે આ આવો છે. શ્રવણ કરવામાં આવે અને આનંદ બેસી ન જાય એમ બને નહિ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એને શ્રવણ કર્યું કહેવાય. આહા..! સમજાણું કાંઈ? અહીં તો સમજાય છે કાંઈ એટલે? દીકરીયું છે, દીકરાઓ છોકરા હોય એ બધા શરીરથી ઓળખાવાય છે. અંદરમાં એ કંઈ છે જ નહિ એમ કહે છે. જે વસ્તુ છે એક સમયની એમાં આ કંઈ શરીરનો આ અવયવ ને રાગ ને કર્મ ને ભેદ ને વિકલ્પ ને નિર્મળ પર્યાય પ્રગટેલી એ પણ વસ્તુ ધ્રુવમાં તો છે જ નહિ. પછી કોને કહેવું આ અને કોને કહેવું આ? આ સ્ત્રી ને આ પુરુષ એ વસ્તુમાં જ નથી એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? સુભાષચંદજી! સમજાય છે કે નહિ? આહા..હા..! બહારમાં તકરાર કરી... અરે..! ભગવાન! બહારથી પ્રભુ! એ નહિ મળે, ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જેણે અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ એક સમયમાં જોયા, ભગવાન ભાખે છે દિવ્યધ્વનિ દ્વારા, ભાઈ! તું તો એવો અંતર્મુખ તત્ત્વ છો સર્વથા કે જે અનંત અતીન્દ્રિય બેહદ બેહદ અપરિમિત અચિંત્ય, જેના સુખનો સ્વભાવ બેહદ છે એવો આત્મા તે ધ્રુવ એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખની વિકૃત અવસ્થાનો અંશ જે દેખાય, સંસારનો ઉદયભાવ, દુઃખરૂપ દશા એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— ... શબ્દમાં સમાતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમાતું નથી એમ ઇ કહે છે. એથી સમાતું નથી અહીં.

વસ્તુ અને વસ્તુનો સ્વભાવ, અહીં ભાવની વ્યાખ્યા છેને? ભાવ, શુદ્ધભાવ એ અનંત બેહદ અતીન્દ્રિય એક આનંદ, એક આનંદ, અભેદ આનંદ, નિર્ભેદ પ્રગટ પ્રકાશમાન આનંદ એવું સ્વરૂપ જ એનું છે એથી એથી બનેલો એટલે એમ છે એમ કહેવામાં આવે છે. અરે..! ભગવાન! કહે છે, આવા આત્માની સન્મુખ થઈને તું રુચિ કેમ કરતો નથી? કરવાનું તો એ છે. આહા..! સમજાય છે કાંઈ? ભાવ એના ખ્યાલમાં આવે નહિ કે આ શું છે, ત્યાં સુધી એની સન્મુખતાની રુચિ કેમ થાય એને? સમજાણું આમાં?

'**સુખનો બનેલો છે,...**' ભારે ભાષા ભાઈ! '**નિર્મિત**' શબ્દ પડ્યો છેને? એ નિર્માયેલો જ છે. અતીન્દ્રિય આનંદથી જ નિર્માયેલો નિર્મિત છે અનાદિથી. એવો ભગવાન આત્મા એમાં તારી નજર કરવા જેવી છે. બાકી નજર બીજેથી ઉઠાવવા જેવી છે. આહા..હા..! આ તો વ્યવહારે ... વ્યવહાર સાધ્ય ને... શું કહેવાય? વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. એઈ..! પંચાસ્તિકાય. આહા..! અરે..! ભગવાન! ઓલા કહે, વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. વ્યવહાર પહેલો, નિશ્ચય પછી. સાંભળ ભાઈ! ઓહો..હો..! એ તો સાધન અપેક્ષાએ વિકલ્પની મંદતા એને વ્યવહાર નિમિત્તની યોગ્યતા ગણીને સાધનનો ઉપચાર કર્યો છે. ભગવાન આત્મામાં એક સાધન નામનો, જેમ આ અનંત અપરિમિત પ્રગટ નિર્ભેદ સુખસ્વભાવ છે એવો એ ભગવાન આત્મામાં કરણ નામનો નિર્ભેદ, અભેદ, એકરૂપ પ્રગટ કરણ નામનો સ્વભાવ પડ્યો છે તેને શુદ્ધભાવ જીવ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવી તે કથા કેવી આ? નવા આવેને એને એવું લાગે. એ.. જેચંદભાઈ! આ દેરાસર... કાલે આવ્યા હતા, ઈ બોલતા હતા. સુરેન્દ્રનગરના હતા. ક્ષત્રિય, બ્રહ્મક્ષત્રિય જુવાન આવ્યા હતા. આ બધી આત્માની વાત (કરો છો), આત્મા વળી.. સેવા-બેવાનું કાંઈ ખરું કે નહિ? અને આ બધી... આહા..હા..! મોટા બંગલા ને મોટા આ ને આ... આ શું કહે? ધર્મમાં... શું કહેવાય ઈ ભાઈ? આડંબર આડંબર. ભાઈ! ભગવાન! બાપુ! શાંત થા. એ ચીજો કોઈની કરી થતી નથી, એ એને કાળે થયેલો પર્યાય છે. ભાઈ! આ વાતું ગંભીર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પુદ્ગલના પરમાણુના પરિણમનના સમૂહના કાળે એનો પર્યાય રચાય અને તે કાળે ત્યાં થંભીને પડેલો છે. એનો આત્મા કર્તા છે નહિ. આહા..હા..! આ વાત! વીતરાગમાર્ગ ... એકકોર આત્માની વાત આવી કરો, એકકોર આવા બધા મંદિરો ને હાથીના ઓલા મોટા... શું કહેવાય? મહોત્સવ. એ.. જ્ઞાનચંદજી! કલ્યાણક, પંચકલ્યાણક. મુંબઈમાં જુઓ તો આમ હાથી ને ... બે હાથી હતાને? બે હાથી હતા. હતા તમે? કોઈને શંકા પડી જાય કે આ ... શું કહેવાય? ... શું કહેવાય? હૈયું હૈયું. હૈયે હૈયું. માણસ નથી કહેતા? હૈયે હોય એવું ગવાયને. એટલું બધું માણસ. પણ એલા તમે તો ધર્મ કહો છો કે આમ થાય અને આ શું? એઈ..! ભાઈ! શાંત થા, બાપા! એ જગતના તત્ત્વો છે અજીવ અને અજીવતત્ત્વનો પણ એના ક્રમસર થયેલો પર્યાય એ પર્યાયનો કર્તા એ પરમાણુ છે. કોઈ જીવ કહે કે અમે મંદિર બનાવીએ છીએ, એ ભ્રમ છે, અજ્ઞાનીનો ભ્રમ છે. આહા..હા..! સમજાણું? એને શુભભાવ હોય, શુભભાવ હો. એ શુભભાવ તે પણ પુણ્યબંધનું કારણ છે, પણ પાપના ભાવથી બચવાને કાળે અથવા તે કાળે તે જ આવવાનો એને કાળ હોય છે. આહા..હા..! એવો શુભભાવ હોય છે ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. એટલી એની મર્યાદા છે. એથી આઘી મર્યાદા કરો કે કોઈએ રચ્યું છે અને શુભભાવ હતો તો આ બન્યું છે અને શુભભાવ હતો તો એનાથી આત્માનો ધર્મ થયો છે તો એ વાતની સત્યતા નથી. સમજાણું કાંઈ? આહા..! અરે..! દાન,

પૂજામાં કાંઈક સંવર, નિર્જરા કહો ભાઈ! ... ભગવાન! ભાઈ! તને ભગવાનના ભેટાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પરમાત્મા પોતે એક સમયનો પ્રભુ પરમેશ્વર પોકાર કરે છે દિવ્યધ્વનિ દ્વારા. ઈન્દ્રની મધ્યમાં કરોડો ... ધ્વનિમાં એમ આવે છે, ભાઈ! તું તો અખંડ આનંદનો કંદ બનેલું તત્ત્વ છોને. એવું જ તારું સ્વરૂપ છેને, ભાઈ! એની ઉપર રુચિ કર, બાકી બધું આવે તે જાણવા જેવું છે, આદરવા જેવું નથી. આહા..હા..! આ તે વાત! 'એને અનેકાંત ન કહેવાય' એમ કહે છે. 'એકાંત કહેવાય.' ભાઈ! ભાષામાં એમ આવે. વ્યવહારે ઉપાદેય છે એમ આવે, પણ ખરેખર તો આત્માનો સ્વભાવ, શુદ્ધ ધ્રુવ ઉપાદેય સિવાય એની પ્રગટેલી પર્યાય પણ જ્યાં પ્રગટવાયોગ્ય છે એ પણ ઉપાદેય નથી. સમજાણું કાંઈ?

એવો ભગવાન પ્રગટ નિર્ભેદ, ભેદ વિનાની ચીજ છે. આ ગુણી અને આ એનો સુખગુણ એવું જેમાં નથી. વસ્તુ અને એનો આ સુખગુણ એવો જેમાં ભેદ નથી. ભાઈ! એ ઉપર જરી લક્ષ ગયું. નિર્ભેદ છેને ઉદિત. નિર્ભેદ ઉદિત એવો સુખનો બનેલો. એટલે એક ગુણ જુદો પાડ્યોને, આવો ગુણ કહે છે કે, બાપુ! ગુણ જે કીધોને, તો એ નિર્ભેદ એકરૂપ જ વસ્તુ છે. એમાં વળી આ આનંદગુણ છે અને આ આત્મા આ છે એનો ધરનાર એવો પણ ભેદ નથી. સમજાણું કાંઈ? એવા આત્માની ભાઈ! તું રુચિ કેમ કરતો નથી? આહા..હા..! એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? ભાઈ! એમાં રુચિ કરવા જેવી ચીજ તો, પોષાણની ચીજ તો આ છે. પોષાણ સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે. વેપારીને માલ પોષાય એ પોષાણનો માલ કહેવાય. પોષાણનો એટલે? ચાર રૂપિયે મણ મેથી મળતી હોય મેથી કે ઘઉં લ્યોને, ઘઉં તો ક્યાં અત્યારે મળે? પણ આ તો પહેલાં. આ તો પહેલાંની વાત છે. સમજ્યાને? વીસ રૂપિયે મણ લ્યોને, તમારે જે હોઈ ઈ. ત્યાંથી વીસ રૂપિયે મળતા હોય, એક રૂપિયો ચડતો હોય ઓલાનો ખરચ અને પછી અહીં બાવીસે વેચાતો હોય તો એ માલા વેપારીને પોસાય. વીસે ત્યાં લે એમાં રૂપિયો ચડે અને અહીં વેચાય સાડી વીસે. એ માલ પોસાય? એનું નામ અહીં પોષાય. ઈ અમારી કાઠિયાવાડી ભાષા છે. વાણિયા પોષાય ત્યાંથી માલ લાવે. ઘઉં જ્યાં પાકતા હોય ત્યાંથી લાવે, મેથી જ્યાં પાકતી હોય ત્યાંથી લાવે. એઈ..! પીત્તળ જ્યાં થાતું હોય ત્યાંથી લાવતા હશેને. ઠામણા ને ઢીકણા, ફીકણા જ્યાં સોઘું મળે ત્યાંથી. ... અમુક ઠેકાણે મેથી પાકે, અમુક ઠેકાણે મરચા બહુ પાકે ઢગલાના ઢગલા. આ ઉગામેડીમાં મરચા.. મરચા.. મરચા... મરચા લેવા ત્યાં આવે. બહુ હજારો મણ. બહુ મળતા ત્યાં. ગંધ મારે મરચા.. મરચા. ન્યાં મેથીનો પાક નથી. ઈ જાણે, આ અમારા બધા વેપારી હોયને. ઘઉં ફેલાણા ઠેકાણેથી લાવવા. મગની દાળ ત્યાંથી લાવવી એ બધું જાણે. શું કહેવાય બીડીના પત્તા, પાંદડા? એના બે પ્રકારના નામ આવે છેને? એક તીગડું અને એક આપટો. ઈ પાછો ક્યાંક સોંઘો પાકતો હોય ત્યાં જાય એ બધા. ઈ પોષાય

તો જાય, નહિતર ન જાય. આહા..હા..!

અહીં પોષાય એવું અહીં છે કહે છે. ભાઈ! આવો ભગવાન આત્મા '**નભમંડળ સમાન અકૃત છે,...**' દાખલો કેવો આપ્યો છે! આકાશનું મંડળ સર્વવ્યાપક છેને એક. આકાશનું મંડળ સર્વવ્યાપક એક ચીજ, સર્વવ્યાપક છે આમ. એની પેઠે ભગવાન આત્મા અણકરેલું તત્ત્વ છે. છે નીચે? જુઓ, 'અકૃત = કોઈથી નહિ કરાયેલો.' કોઈ એનો કર્તા-ફર્તા ઈશ્વર નથી. એવો એ શુદ્ધ ધ્રુવ તત્ત્વ છે. જ્ઞાયકભાવ એક સમયનો પરમાનંદમૂર્તિ, જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. કોણ બનાવે? સત્ છે એને કોણ બનાવે? સત્ છે. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. આત્મા અંતર્મુખ અભેદ અતીન્દ્રિય સુખનો પિંડ છે. સ્વયંસિદ્ધ શાશ્વત છે, લ્યો. ઓલું પ્રીતિ-અપ્રીતિ... સ્વયંસિદ્ધ શાશ્વત. એના ભાવમાં જ્ઞાનમાં ખ્યાલમાં આવું તત્ત્વ છે એવું પહેલું ખ્યાલમાં આવવું જોઈએ. આવીને પછી અંતર્મુખ રુચિ કરવા જેવું એ છે એમ કહે છે. અકૃત છે.

'**ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...**' જેનું ચૈતન્યરૂપી અમૃત, ચૈતન્ય-અમૃત એનું પૂર છે. દળ છેને. ચૈતન્યઅમૃતનું દળ છે, સ્વભાવ છે, સત્ત્વ છે, ભાવરૂપ એકરૂપ તત્ત્વ સ્વભાવ છે. એવાથી ભરેલું. ચૈતન્યામૃતના પૂરથી ભરેલું. વળી એક કોઈ વાસણ હોય એમાં દૂધ રહે એમ હશે આ? દૂધમાં જેમ સફેદાઈ ભરેલી છે એ અભેદ છે, સાકરમાં જેમ ગળપણ ભરેલું છે એ અભેદ એકરૂપ છે. સાકર અને ગળપણ બે કાંઈ જુદી ચીજ નથી. સાકર કેવી? કે ગળપણથી ભરેલી. ભરેલી એટલે અભેદ એકસ્વરૂપ જ છે. એમ ભગવાન આત્મા ચૈતન્ય મહાપ્રભુ શાશ્વત વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય જેની રુચિ કર્યે આત્માને આત્મસાક્ષાત્કાર અને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? '**ચૈતન્યામૃતના પૂરથી...**' એમને પણ શબ્દો ઘણા થોડા પડે છે. ચૈતન્યના અમૃતનું પૂર દળ પડ્યું છેને. જાગ્રત પ્રકાશ ચૈતન્યજ્યોત, જાગ્રત પ્રકાશનું સત્ત્વનું સત્ત્વ એવું જે ભરપૂર ભરેલું સ્વરૂપ છે. આ શુદ્ધભાવની વ્યાખ્યા ચાલે છે. એટલે અહીં કહે છે કે આત્મા. સમજાણું કાંઈ?

'**જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...**' આહા..હા..! જે વિચારવંત. ઈહા, અવાય નિર્ણય કરનારા જીવોને, એવા વિચારવંત ડાહ્યા પુરુષો. સમજાણું કાંઈ? '**પ્રેક્ષાવતાં ગોચરે**' એમ છેને? '**પ્રેક્ષાવતાં ગોચરે**' જેની વિચારધારા, વિચારધારા સ્વભાવસન્મુખ થાય છે એવા વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય આત્મા આવો આત્મા છે. આ છે પર્યાય. અત્યાર સુધી જે કીધું એ કીધું શુદ્ધભાવ ધ્રુવ અને વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય છે. પર્યાય વિચારવંત જે જ્ઞાનની દશા, 'આવો આત્મા છે' એવા વિચારવંતની નિર્મળ પર્યાયને ગમ્ય છે. તેનાથી તે જાણી શકાય એવો છે. આહા..હા..! ડાહ્યો એટલે વિચારવંત એ જ ડાહ્યો છે. વિચાર કરનારો એ ડાહ્યો છે. આ આત્મા, એને ડાહ્યો કહે છે. 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ'. આહા..હા..! વાંકાનેરના હતાને ઓલા ડાહ્યાભાઈ ધોળશા. મરવા પડ્યો ત્યારે (કહે), 'ડાહ્યા

તારું ડહાપણ ત્યારે કહીએ, હવે આ મરવા ટાણે શાંતિ રાખ તો.' અત્યાર સુધી બધા નાટક પાડ્યા ને.. એક એક રાતના પંદરસો પંદરસો લે. તે દિ' હોં! ફાવાભાઈ ખબર છેને? આપણે મીરાંબાઈનું જોવા ગયા હતા, ભરૂચ. મીરાબાઈનું નાટક એનું હતું. જોવા ગયા હતા. ઓલા મોહનલાલજી આવ્યા હતા. ડાહ્યાભાઈ ધોળશા. એક રાતના પંદરસો, તે દિ' હોં! એટલે કઈ સાલ હશે? (સંવત) ૧૯૬૫-૬૬, ૬૫-૬૬ની વાત છે. એક એક અઠવાડિયાના ત્રણ પાડતા ત્રણ. પાંચ હજારની પેદાશ આવતી. તે દિ' હોં, ૬૫ની સાલમાં. અમને તો એમ લાગે કે ઓહો..હો..! એક રાતના પંદરસો! એ મરવા ટાણે હેં.. હેં.. થઈ ગયા એને. એલા ડાહ્યા! તેં આ બધું અત્યાર સુધી કર્યુંને, હવે આ મરવા ટાણે સમાધાન શી રીતે કરવું? આમ આંતરડા ને કફ ને આ ને આ.. બધા ... જોવે. ભાઈને કેમ છે? ભાઈને કેમ છે? ડાહ્યા થઈને પંકાણા હોય ઈ મરવા ટાણે.. હાય.. હાય..! સમજાણું કાંઈ?

શ્રોતા :— ડાહ્યો એટલે...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ડાહ્યા એટલે આત્માને સમજવાની વિચારધારામાં વર્તે તે ડાહ્યો. એ ઓલા વિચારવંત અને ડાહ્યા બેઈને જુદાં પાડવા... ખબર છે. ખ્યાલ છેને! સમજાણું કાંઈ? વિચારવંત ડાહ્યો એમ છે. ઈ ખ્યાલ કરતા, પહેલેથી ઉપાડી ત્યારથી ખ્યાલ છે. ખબર નથી અમને? ઈ વિચારવંત એ ડાહ્યો, એમ. કોનો વિચારવંત? આવા ધ્રુવસ્વરૂપ જે ભગવાન આત્મા એનો વિચારવંત એ ડાહ્યો. સમજાણું કે નહિ? આહા..હા..! એને બે ભેદ પાડવાં છે—વિચારવંત અને ડાહ્યો. આહા..હા..!

ભાઈ! એ વિચારવંત તે ડાહ્યો. કોનો વિચારવંત? આવો આત્મા એક સમયમાં પરમાત્મસ્વરૂપ એનો વિચારવંત ડાહ્યો એવા પુરુષોને-એવા આત્માને ગમ્ય છે. પુરુષ શબ્દે એકલો કંઈ આ પુરુષવેદવાળો એમ નહિ. વિચારવંત ડાહ્યા આત્માને ગમ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આઠ વર્ષની બાળિકા પણ આત્મજ્ઞાન કરે તો એને વિચારવંત ડાહ્યા કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? પુરુષ એટલે આત્મા. સમજાણું કાંઈ? પુરુષ એટલે આ પુરુષ નહિ, આ તો ઓળખવાની... આ તો જડની માટીની ચીજ છે. આમાં પુરુષ કોને કહેવો? આ તો માટી છે. અંદર પુરુષવેદનો ઉદય છે એ વિકાર છે. એમાં આત્મા ક્યાં આવ્યો? એ આત્મા નથી. આ પણ આત્મા નથી અને ... ઉદયનો વિકલ્પ થાય એ પણ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વિકલ્પને જાણતો પ્રગટ જ્ઞાનનો પર્યાય એ પણ આત્મા ધ્રુવ આ શુદ્ધ છે એ નહિ. સમજાણું કાંઈ? નિરાલંબી માર્ગ, બાપુ! સૂક્ષ્મ વિષય છે. એને જ અહીંયા વિચારવંત અને ડાહ્યા કહ્યા છે. બીજા વિચારી વિચારીને ઊંધા વિચાર કરીને બધે અવળાને પકડે (એ ડાહ્યો નથી). આ વિચારવંત ડાહ્યા એ આને પકડે તેને વિચારવંત ડાહ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દુનિયાના ડાહ્યા લેપાય છે કર્મથી રખડે એ ડાહ્યા કહેવામાં આવતા નથી. એ મોટા મૂર્ખ છે એમ કહે છે. આહા..હા..! જેના પરિણામમાં નરકની ગતિ મળે, જેના પરિણામમાં

માખી, ગધેડા થાય એ ડાહ્યા શેના? આહા..હા..! સમજાણું કાંઈ?

આવો ભગવાન આત્મા એના વિચારની મતીની ધારાએ ડાહ્યા પુરુષો ... છે એને જે ગમ્ય છે. એટલે કે રાગને ગમ્ય નથી, પુણ્યને ગમ્ય નથી, વ્યવહારને ગમ્ય નથી એમ કહ્યું અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કષાયની મંદતા કરી ને રાગની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, વ્રત ખૂબ કર્યા માટે આત્મા એનાથી જણાય?–ના, બિલકુલ નહિ, જરીયે નહિ. આહા..હા..! અરે..! એવો નમાલો શું કરવા તું માને છો? એવા રાગની મંદતાની સહાય હોય તો જ હું જણાઉં. એ તો તેં જ તારા આત્માને નમાલો કલ્પીને આ વાત કીધી છે. એ નમાલો એવો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

વિચારવંત ડાહ્યા પુરુષોને આત્મા ગમ્ય છે. '**એવા આત્મામાં...**' આ વ્યાખ્યા પૂરી થઈ ગઈ. '**એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...**' એટલે એમ કેમ કહ્યું? કે કોઈ કર્મ તને નડે છે માટે રુચિ કરતો નથી એમ નથી. આહા..હા..! રુચિ બીજે તેં કરી છે. સમજાય છે કાંઈ? પુણ્યના પરિણામમાં, પાપના પરિણામમાં, ધૂળમાં, ભોગમાં.. આહા..હા..! '**એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...**' '**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं**' છેને? '**त्वं**'નો અર્થ તું. દેખો! ભાઈ! તું જ કર્તા છો તે રુચિનો, ઊંધી રુચિનો કર્તા તું છો. આહા..હા..! ઊભી કરી છે પુણ્ય-પાપના વિકલ્પો અને એ મારું કાર્ય આનું આ કરું, ધૂળ કરું, દેશનું કરું, ગામનું કરું. ધૂળેય કરતો નથી, સાંભળને! વિકલ્પનો કર્તા એ પણ તેં ઊભું કરેલું ઊંધી દૃષ્ટિથી છે. આહા..હા..! નિર્વિકલ્પ તત્ત્વ કહ્યુંને પહેલું, માથે કહ્યુંને? ભાઈ! એવા નિર્વિકલ્પ તત્ત્વની રુચિ કેમ કરતો નથી? તારી કરી થાય છે, એ કંઈ કોઈ કરાવે તો થાય એવું નથી. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આવો માર્ગ, સ્વતંત્ર નિર્લેપ માર્ગ એવો પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો કહેલો, અરે..! જગતને સાંભળવા મળે નહિ અને એ સાંભળ્યા વિના ઈ શું છે એની ખબરું પડે નહિ અને ખબરું પડ્યા વિના ક્યાં વળવું એની એને વલણની, વલણ કેમ વાળવું એની ખબર નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એવા આત્મામાં. આવો આત્મા એમ. સમજાય છે? જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય છે અને માથે કહેલો એવો છે, માથે કહેલો એવો છે અને વિચારવંતને ગમ્ય છે એમાં તું રુચિ કેમ કરતો નથી? હવે કહે છે. એટલે તું વિચારવંત થઈને, ડાહ્યો થઈને તું કેમ રુચિ કરતો નથી? એમ થયું કે નહિ? આહા..! ... આહા..હા..!

'**અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?**' અરે..! આ ભગવાન આત્માની રુચિ કરતો નથી અને શુભ-અશુભરાગ.. ઈ છેને માથે મૂળ તો, પ્રીતિ-અપ્રીતિ. એવા દુષ્કૃતરૂપી સંસાર. એ શુભ-અશુભભાવ બધું દુષ્કૃત છે. એનાથી હરખ-અહરખ વિનાનો કીધો છેને એને. એ શુભ-અશુભભાવ તો દુષ્કૃત છે. એવા સંસારના સુખને, જેના ફળ સંસારની અનુકૂળતા-પ્રતિકૂળતા મળે એવાને કેમ વાંછે છે? ભાઈ! એમાં ક્યાંય સુખ નથી ધૂળમાં ક્યાંય. સમજાય

છે? બેય કીધું. આને કરતો નથી, દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે? આમ કરતો નથી અને આમ કેમ કરે છે? એ શ્લોક પૂરો થયો. ૪૦.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ કરતો નથી એટલે? ઊંધી માન્યતાને લઈને. કીધું, શું કીધું આ? રુચિ કરતો નથી માટે. આમ રુચિ કરતો નથી માટે આમ રુચિ કરે છે. એ માટે. સીધી વાત છે. એકને એક બે જેવી વાત છે. મીઠાશ ચડી ગઈ છેને મીઠાશ આમ બહારની. આ વસ્તુ આ કોણ છે એના ખ્યાલમાં મહત્તાનું માહાત્મ્ય જ આવતું નથી. સાધુ થયો અનંતવાર બાહ્ય ક્રિયાકાંડી, પંચમહાવ્રતનો પાળનાર, અઠ્યાવીશ મૂળગુણનો (પાળનાર) દિગંબર સંત હોં! દિગંબર દ્રવ્યલિંગી. આમ 'આવો આત્મા' એમ રુચિ તું કરતો નથી, તેં કરી નથી. અને એવા શુભાદિ ભાવમાં રુચિમાં પડ્યો એ સંસારના સુખને કેમ ઈચ્છે છે, ભાઈ? સમજાણું કાંઈ? ૪૦.

'**णो ठिदिबंधट्ठाणा**' એ શુદ્ધભાવની વ્યાખ્યા છે આ. શુદ્ધભાવ કહો કે આત્મા વસ્તુ.. વસ્તુ.. વસ્તુ (કહો). ધ્રુવ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનું તત્ત્વ આખું. એ વસ્તુ શું છે? એને અહીંયા આત્માને શુદ્ધભાવ કહેવામાં આવે છે. અને એને આશ્રયે નિયમસાર એટલે મોક્ષમાર્ગ પ્રગટે છે એમ અહીં કહેવું છે. આ નિયમસાર છેને. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આવા સ્વરૂપને આશ્રયે પ્રગટ થાય છે, બાકી બીજો ત્રણકાળમાં બીજો એનો પ્રકાર ને પંથ ને રીત નથી. સમજાણું કાંઈ?

णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।
णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।

પોકાર કરે છે, અરે..! પણ અત્યારે આ બધું છેને? તમે અબદ્ધસ્પૃષ્ટ અત્યારે માનો છો. પણ આ અત્યારની વાત છે વસ્તુદૃષ્ટિની. ઓલા કહે છે, એકાંત થઈ જાય છે, એકાંત થઈ જાય છે. પણ પર્યાયમાં છે, વસ્તુમાં નથી ઈ તો અહીં વાત ચાલે છે. આહા..હા..! અને પર્યાયમાં છે એ તો લક્ષ ને રુચિ તો અનાદિની છે, હવે તારે કરવું છે શું? ઓલા કહે, સોનગઢવાળા આમ કરે છે. ઈ તો પર્યાય ને અશુદ્ધતા માનતા જ નથી. ભગવાન! સાંભળતો ખરો, ભાઈ! પર્યાયમાં તો આ બધુંય છે. ન હોય તો પછી 'આમાં નથી' એમ ક્યાંથી આવ્યું? આમાં છે, આમાં નથી, એમાં હોય તો પછી તો એકમેક તત્ત્વ થઈ ગયું એ તો. રાગાદિનો અંશ કે પ્રકૃતિના સંબંધનો વિકાર વસ્તુમાં હોય તો આ બે તો રહ્યું નહિ. આહા..! પણ બેમાં હોય શેનું પણ? વસ્તુ છે આખી ચિદાનંદઘન આનંદઘન એક સમયનો વિકૃતભાવ ઊભો કરેલો છે. છે ખરો. આમાં નથી. વ્યવહારનયનો વિષય, વ્યવહારનયનો વિષય એ પર્યાય છે ખરી. વેદાંતની પેઠે નથી કે કંઈ નથી, ભ્રમ છે, ભ્રમણા છે. ભ્રમણા પણ છે કે નહિ? સમજાય છે? વેદાંત કહે છે એમ નથી. આ તત્ત્વ વીતરાગનું કહેલું બીજું

છે. વેદાંતવાળા તો કહે છે કે એકલો સર્વવ્યાપક આત્મા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ બધું શુદ્ધ છે. એમ નથી. એને અજ્ઞાનમાં એકેય તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? આવી વાત સાંભળે એટલે એકાંતની વાત ચાલે તો આપણામાં પણ એવી વાત છે ઈ કહે છે. ધૂળમાંય નથી બીજામાં.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેણે એક સમયમાં છ દ્રવ્ય, નવ તત્ત્વ સમયમાં પ્રત્યક્ષ સ્વસહિત જાણ્યા એણે પર્યાયમાં આવું જાણ્યું છે પણ વસ્તુમાં નથી એમ દૃષ્ટિ કરાવવી છે. પર્યાય તો છે. છે નહિ તો પછી કોને કહે છે આ? આમાં નથી, આમાં નથી એની રુચિ કર. તો પછી એનો શું અર્થ? ... નથી? કર્મનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પણ નથી? જડ છે? અહીં વિકારભાવ કરે એની સાથે વિકાર નૈમિત્તિક છે અને કર્મ નિમિત્ત છે. વ્યવહાર છે, વસ્તુમાં નથી. જેની રુચિ કરવી છે અને જેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એ ચીજમાં એ નથી. છૂટવાનો માર્ગ જેનાથી પ્રાપ્ત થાય એમાં બંધ અને બંધના ભાવ કેમ હોય? સમજાણું કાંઈ?

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

આ નથી, નથી કરીને (વાત કરે છે એટલે) ઓલા જાણે કે નથી. વ્યવહારનો લોપ થઈ જશે. પણ સાંભળને, આ વ્યવહારના લોપની જ વાત છે આ. વ્યવહાર છે. છે એનો લોપ કે ન હોય એનો? સમજાણું કાંઈ?

'**ટીકા :— અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ,...**' જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિ છેને એનો સ્વભાવ. સ્થિતિ એટલે એની મુદત, અનુભાગ એટલે એનો પાક-રસ અને પ્રદેશ એટલે સંખ્યા. રજકણોની સંખ્યા. કર્મના ચાર પ્રકાર. એક પ્રકૃતિ (એટલે) કર્મનો સ્વભાવ, એક સ્થિતિ (એટલે) કર્મની મુદત પરમાણુની અંદર, એક અનુભાગ નામ ફળ દેવાની શક્તિ એનામાં હોં! અને પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા, ગણના એને અહીંયા પ્રદેશબંધ (કહે છે). એના '**સ્થાનોનો...**' એના પ્રકારોનો. પ્રકાર છેને બધા પાછા. પ્રકૃતિબંધમાં આઠ પ્રકાર છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ. સ્થિતિબંધના ઘણા પ્રકાર... આદિ. એ સ્થાનોનો.. સમજાણું? ... ચોથું? '**ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી...**' એ પ્રકૃતિ આદિના ચાર પ્રકાર એ આત્મામાં નથી અને એનાથી ઉદય થાય પાછો, ઉદય થાય અને આત્મામાં વિકાર થાય, એમાંથી થાય એવો કોઈ પ્રકાર ધ્રુવ, શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં નથી. જેને શુદ્ધભાવ કહીએ, જેને આત્મા કહીએ, આત્મા ધ્રુવ કહીએ એમાં આ કર્મ ને પ્રકૃતિનો ઉદય, કર્મ કાંઈ નથી. આહા..હા..! આ ગોમ્મટસાર કેટલા... છે જુઓ, એ કહ્યું છે ભાઈ! નિમિત્ત-નૈમિત્તિકસંબંધે વ્યવહારના... છે બધા. વસ્તુ નથી કર્મ? કર્મની પ્રકૃતિ આદિ બધું છે. આત્મામાં તો નથી પણ એના સંબંધે જોડાણ થાય છે યોગ્યતા એ પણ આત્મામાં દ્રવ્યમાં નથી. જડબંધ તો નથી પણ ભાવબંધની જે યોગ્યતા છે એ પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ચાર બોલ લીધા છેને અનુભાગના... '**जीवस्स ण उदयठाणा**'. એના પાછો પાક થાય ને ઉદય થઈને આમ થાય ને આ ઉદયનો આમ પ્રકાર ને જીવમાં આવો પ્રકાર... એવું સત્ત્વ જે ચૈતન્ય ધ્રુવસ્વરૂપ ભગવાન એનામાં એ અડ્યો પણ નથી, એને સ્પર્શ્યો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ અત્યારે હોં અત્યારે!

વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ એ તત્ત્વમાં ચાર પ્રકારના કર્મપ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ અને ઉદય પ્રગટ પરમાણું. એ આત્મામાં ઉદય આવ્યો '**विपाको अनुभवः**' આવે છે કે નહિ તત્ત્વાર્થસૂત્રમાં? આવે છે કે નહિ? '**विपाको अनुभवः**' એ વળી વિપાક એટલે કર્મનો વિપાક અને અનુભવ એ આત્મા પાછો. એમ તો નથી પણ કર્મનો વિપાક પણ આત્મામાં નથી અને એના સંબંધે જરી વિકાર થઈને વેદન કરે એવો વિપાક પણ જીવમાં નથી. એવો શુદ્ધભાવ તેની રુચિ કરીને સમ્યગ્દર્શન કરવા જેવું છે. એમાં કરીને પછી ઠરવા જેવું છે એમ કહેવું છે અહીં. ઠરવું એટલે ચારિત્ર. પહેલા દર્શન ને જ્ઞાન અને પછી સ્થિરતા. એમ ત્રણ લેવું છેને અહીં તો. મોક્ષમાર્ગ!

'**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...**' લ્યો ઠીક. ભગવાન આત્મા વસ્તુ જે છે એ સદા નિરુપરાગ-ઉપરાગ વિનાનું, ઉપરાગ એટલે કોઈ પદાર્થમાં.. નીચે 'અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે..' અન્ય ઉપાધિના નિમિત્તની સમીપતાને નિમિત્તે 'ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ,...' જે ઉપાધિ હોય એને અનુરૂપ વિકારભાવ એને અહીંયા 'ઔપાધિક ભાવ, વિકાર, મલિનતા.' ઈ ઉપરાગની વ્યાખ્યા આટલી. સમજ્યાને? એ વિનાનો. આ ભગવાન આત્મામાં કોઈ ઉપરાગ જ નથી. કર્મના આદિના નિમિત્તથી થતો ભાવ એ આત્મામાં નથી. સદા પાછું હોં! ત્રણે કાળ. ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ એ સદા નિરુપરાગ, મલિન ને ઉપાધિભાવ અને વિકાર બિલકુલ નથી. પર્યાયમાં છે અંશમાં વિકૃતરૂપે. ઉપરથી ઉત્પન્ન કરેલો ભાવ એ વસ્તુમાં નથી. વસ્તુ જે મહાન પદાર્થ ભગવાન એમાં નથી. એમાં તો શાંતિ અને આનંદ વસેલા છે. એમાં આ વિકાર, નિરુપાધિમાં આ ઉપાધિ ક્યાંથી અંદર હોય? સમજાણું કાંઈ?

'**એવા નિરંજન (નિર્દોષ) નિજપરમાત્મતત્ત્વને...**' નિજપરમાત્મતત્ત્વ. અહીંયા પોતાના આત્માની વાત છે. '**ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.**' લ્યો. આવું જે નિજપરમાત્મતત્ત્વ પ્રભુ એને નિશ્ચય સ્વરૂપના દૃષ્ટિએ વસ્તુ જોતા ખરેખર એમ. નિજ પ્રભુને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, જઘન્ય એટલે સ્થૂળ, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા સ્થિતિ. સ્થિતિ થોડી અંતર્મુહૂર્તની અને કોઈ વિશેષ અને કોઈ પૂરી એવા સ્થિતિબંધના સ્થાન નિજ પ્રભુ આત્મા, શુદ્ધભાવરૂપી આત્મા જેને અહીંયા નિજપરમાત્મતત્ત્વ કહ્યું. એને શુદ્ધભાવ કહેવો. એને આત્મા કહેવો, એને શુદ્ધ જીવાસ્તિકાય કહેવો. એમાં નથી. એથી એવું નથી એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૨, શનિવાર, તા. ૨-૦૪-૧૯૬૬, ગાથા-૪૦, પ્રવચન નં. ૩૯

આ આત્મા એને કર્મ જે સંયોગ છેને, કર્મ જડ, ખરેખર એ કર્મનું બંધન અને એનો ભાવ જ આત્મામાં નથી. એટલે કે આ આત્મા જે છે એ શુદ્ધભાવ પૂર્ણાનંદ પ્રભુ આત્મા શુદ્ધ છે. એની અંદર આ કર્મ, આ શરીર, વાણી, મન તો નથી એનામાં. આ તો માટી પર છે. એમ કર્મ જે છે, કર્મ જડ એ પણ જડકર્મ છે એ આત્માના સ્વરૂપમાં નથી. નથી સમજાતું? એઈ..! ભાઈલાલભાઈ! આ બધા તમારી વતી દલીલ કરે છે.

જેને પ્રથમ સમ્યગ્દર્શન, જેને પ્રથમ ધર્મ-સમ્યગ્દર્શન પ્રગટ કરવો હોય, પહેલામાં પહેલો ધર્મ જે અનાદિથી દુઃખી કર્મ મારા ને રાગ-દ્વેષ મારા ને પરવસ્તુ મારી અને સ્વવસ્તુ શુદ્ધ ચૈતન્ય તે મારી નહિ એવી માન્યતાથી અનાદિકાળથી દુઃખી, દુઃખી, દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? વસ્તુ ભવગાન એક સેકંડના અસંખ્યભાગમાં... શુદ્ધ(ભાવ) અધિકાર ચાલે છે. શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા, અનંતગુણનો પિંડ પ્રભુ શુદ્ધ છે. એને પોતાનો ન માનતા, એ સ્વ છે, એને પોતાનો ન માનતા આ કર્મબંધન, શરીર, વાણી, મન અને કર્મના ભેદોના બધા પ્રકાર એ મારામાં છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની દુઃખદાયક પાપદષ્ટિ અનાદિની છે.

શ્રોતા :— અનાદિના કર્મ કે દિ'...

પૂજ્ય ગુરુદેવશ્રી :— કર્મ ક્યાં છે? ભાવ કીધો અહીં તો. એ દષ્ટિ અનાદિની વિપરીત છે. કર્મ પણ અનાદિનું ક્રમે ક્રમે એને કારણે ચાલ્યું આવે છે. આ દુઃખી એટલે આત્મા વસ્તુ જે છે આત્મા એમાં અતીન્દ્રિય આનંદ છે. અતીન્દ્રિય આનંદનો જ્યાં અનુભવ નથી ત્યાં એને શરીર, વાણી, કર્મ, પુણ્ય-પાપ મારા એવી માન્યતા છે એ માન્યતા તે દુઃખરૂપ અને આકુળતા છે. એટલે એને આત્માના આનંદનું ભાન નથી પણ તે દુઃખ છે. દુઃખ સંયોગની અહીં વ્યાખ્યા નથી. પ્રતિકૂળ સંયોગ તે દુઃખ અને અનુકૂળ સંયોગ તે સુખ એ વસ્તુસ્વરૂપમાં છે જ નહિ. એ તો પરચીજ છે. પરમાં સુખ-દુઃખનું કારણ છે નહિ. પણ પોતે સિદ્ધ સમાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે જે આત્મા અંતર જોયો, બધાનો હોં! એ આત્મા તો શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદકંદ આત્મા છે. જેને અહીં શુદ્ધભાવ તરીકે વર્ણવાય છે. એવા શુદ્ધભાવની અંતર દષ્ટિના અભાવને લઈને અનાદિકાળથી રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ મારા અને કર્મ મારા એમ પરવસ્તુ મારાપણાની માન્યતાએ મિથ્યાપણાના સેવનથી અનાદિથી દુઃખી, દુઃખી અને દુઃખી છે. પોપટભાઈ!

શ્રોતા :— નવી વાત છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— નવી (નથી), અનાદિની છે પણ એને ખ્યાલમાં નથીને. અરે..! આ તે હું કોણ છું?

આત્મા એટલે કે આ શુદ્ધભાવ. જ્ઞાન ચૈતન્યજ્યોત પૂર્ણાનંદનો નાથ જેની એક અંતરદષ્ટિ કર્યે જેને શાંતિ અને આનંદ આવે એવો આત્મા. એવા આત્માની અનાદિકાળથી અજ્ઞાનીને (દષ્ટિ થઈ નથી). ત્યાગી થયો, સમજાય છે કાંઈ? સાધુ નામ ધરાવ્યા, પંચમહાવ્રતની ક્રિયા પાળીએ એમ માન્યું પણ એ બધા મિથ્યાદષ્ટિ દુઃખી છે અનાદિથી. આહા..હા..! આત્મા... જુઓ, કહે છે, '**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...**' જુઓ, પહેલી લીટી. ૪૦મી ગાથા. '**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...**' ભગવાન આત્મા તો નિરુપરાગ નામ મલિનતાનો વિકાર એ સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એ નિરુપરાગ એટલે વિકારભાવ, મલિનતા, દુઃખરૂપભાવ, મિથ્યાત્વભાવ, આ શરીર મારું અને હું શુદ્ધભાવ એ નહિ, પુણ્ય-પાપના વિકલ્પ થાય વિકારભાવ શુભ-અશુભભાવ, દયા, દાન વૃત્તિના ભાવ પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઉઠે રાગ એ પુણ્ય રાગ વિકાર, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાની વૃત્તિ ઉઠે એ પાપ—એ બેય વિકાર તે હું છું અને વિકાર વિનાની નિરુપાધિ ચીજવાળો હું છું એ ભૂલી ગયો છે એથી તેની દષ્ટિમાં મિથ્યાત્વનું દુઃખ વેદાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— દુઃખી હોય તો નજરે ચડેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ દુઃખી શું દેખાતા નથી? ક્યાં છે? આનંદ ક્યાં છે? લાવો. દુઃખી એટલે શું? રોટલા ન મળે માટે દુઃખી, નિર્ધનતા તે દુઃખી કહે છે કોણ એને? સમજાણું કાંઈ? અને સ્વર્ગના ઈન્દ્રો થયા માટે સુખી કહે છે કોણ? ભગવાન ના પાડે છે કે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? સુખ તો એને કહીએ સ્વાધીનતા. આત્મામાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ આત્મા છે એની અંતરદષ્ટિ કરીને આસ્વાદ અતીન્દ્રિય આનંદનું વેદન થાય એને ભગવાન સુખ કહે છે. એ સમ્યગ્દષ્ટિને સુખ હોય છે, અજ્ઞાનીને સુખ હોતું નથી. સમજાય છે કાંઈ?

'**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...**' ભગવાન આત્મા એ તો સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે અંદર એની એને ખબર નથી. '**એવા નિરંજન (નિર્દોષ)...**' ભગવાન આત્મા પવિત્રનું ધામ નિજ પરમાત્મતત્ત્વ. એ પોતાનું પરમસ્વરૂપ અનંતજ્ઞાન, અનંદર્શન, અનંત આનંદનું તત્ત્વ આત્મા એને ખરેખર દ્રવ્યકર્મ-જડકર્મના નાના-મોટા ઉત્કૃષ્ટ સ્થિતિબંધના (સ્થાનો નથી). કર્મ જ જેને નથી પછી એના સ્થાન સ્થિતિબંધ ક્યાંથી આવ્યા? આરે..! આ તો ભારે વાત, ભાઈ! એ વર્તમાન અવસ્થાના લક્ષવાળા જીવને કર્મનો સંબંધ છે એ વ્યવહાર છે. એ સંબંધ સ્વીકારવો અને સંબંધરહિત ત્રિકાળને ન સ્વીકારવો એનું નામ ભગવાન મિથ્યાદષ્ટિ અજ્ઞાની મિથ્યાત્વી દુઃખી કહે છે. સમજાય છે કાંઈ?

શ્રોતા :— સંબંધ સ્વીકારે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ સંબંધ વિનાનો સ્વભાવ, સંબંધવાળો આનંદ સંબંધવાળો હું દેખાતો નથી. હું આત્મા એટલે આનંદ અને જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય અને સુખના સાગરથી ભરેલો ભગવાન. સુખ ક્યુ? આ ધૂળના સુખ માને એ તો મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? પુણ્યમાં સુખ, પૈસામાં સુખ, સ્ત્રીમાં સુખ, માંસ-હાડકાને ભોગવવામાં સુખ એ તો માન્યતા મૂઢ જીવની મિથ્યાદૃષ્ટિની છે. એ સુખ નથી, એ માન્યતા દુઃખની છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુખ એટલે કે જે આત્મામાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એને આ બંધનના વિકારી ભાવ જે વર્તમાન સંબંધપણે સમયમાં વર્તે છે એની રુચિ, આશ્રય, અવલંબન છોડી, શુદ્ધભાવ ત્રિકાળ જ્ઞાનાનંદ આત્મા છું, એનો અંતર આશ્રય કરીને જે સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી પ્રગટે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે એ જીવને ધર્મી અને સુખી કહેવાય છે. સમજાણું કાંઈ?

મૂળ વાત જ એણે લક્ષમાં લીધી નથી અનંતકાળથી. એમને એમ મૂઢપણે મરી ગયો ચોર્યાસીના અવતારમાં! નરક અને નિગોદ, ભિખારીપણે, દેવ અને રાજા, રંક બધા ભિખારી. ભગવાન આત્મા બાદશાહ અનંતગુણનો પિંડ છે એની દૃષ્ટિ અને એની અધિકાઈ ન માનતા પોતાના સ્વભાવની શુદ્ધતાથી પુણ્ય-પાપના રાગને અધિકપણે વિશેષપણે એમાં પ્રસન્નતાપણે તેને અધિકપણે સ્વીકારે છે એ મિથ્યાદૃષ્ટિ દુઃખી અને અજ્ઞાની (છે). એ ચાર ગતિના રાહના ભાવ લઈને ફરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ભાતું લઈને ફરે છે ચાર ગતિમાં રખડવાનું. સમજાણું? રાહ ખર્ચ. રાહ ખર્ચ સમજાણું કે નહિ? આ રસ્તામાં જાય ત્યારે ખર્ચી-બર્ચી રાખેને હાથમાં. કાં ભાતુ-બાતુ રાખે છે કે નહિ? મેસુબ લઈ જાય. ઘરવાળા વળી ગાંઠિયા લઈ જાય કાં ઢેબરા લઈ જાય પંથે જાય ત્યાં. એમ આ આત્મા, કહે છે કે ચાર ગતિના રાહે પડેલો અનંતકાળથી નરક અને નિગોદ ને ચાર ગતિના પંથે પડેલો પોતાનો શુદ્ધ ચૈતન્યભાવ સ્વભાવભાવ પિંડભાવ એની દૃષ્ટિનો અનાદર કરી એટલો ઈ હું એમ અનાદર કરી અને પુણ્ય ને પાપ ને એના ફળ એ મારા, એ તે હું એવી મિથ્યાદૃષ્ટિનો ભાવ એને ચાર ગતિના પંથનો રાહનો ખર્ચ લઈને ફરે છે. પોપટભાઈ! આહા..હા..! ભારે પણ. વાતેય સાંભળી ન હોય હવે એને આ શું હશે આ તે? આવું તે ભગવાન કહેતા હશે વીતરાગ? વીતરાગના વાડામાં સાંભળવાનું મળે નહિ આવું.

અહીં તો કહે છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકંડના અસંખ્યભાગમાં કેવળજ્ઞાન ત્રણકાળનું હતું. એ કેવળજ્ઞાની એમ ફરમાવે છે કે ભાઈ! તારો ભાવ જે ત્રિકાળી નિત્યાનંદ અનાકુળ કંદ છે એ સ્વરૂપે તું છો તે તારું જીવસ્વરૂપ છે. એ સિવાય જેટલા વિકૃતભાવ ઉત્પન્ન થાય કે એના સંબંધે કર્મ થાય કે એના સંબંધે આ ધૂળ આદિનો સંયોગ મળે એ બધી ચીજ પર છે. 'એ પરમાં હું છું અને મારામાં હું નથી' એવી

માન્યતા મિથ્યાત્વની, અજ્ઞાનની, ચાર ગતિના નિગોદના રાહની ગતિનો ભાવ છે. સમજાણું કાંઈ?

અને મોક્ષના રાહનો પંથ, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ અનાકુળ છું એવી અંતરમાં દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવનો અંતર્મુખ થઈ એનો સ્વીકાર, તેટલો હું અને આ રાગાદિ હું નહિ એવી દૃષ્ટિનો અનુભવ એ આત્માને મોક્ષના પંથે લઈ જવાનો માર્ગ છે. સમજાણું કાંઈ? આરે વળી ભારે વાતું.

ધર્મ એટલે આ ધર્મ, બીજો ક્યો ધર્મ? ધર્મ કરો, ધર્મ કરો. ત્યાં ધૂળમાં ધર્મ છે? પૈસામાં શરીરમાં? આ તો માટી છે, ધૂળ છે. આ તો પુદ્ગલ માટી જડ છે. કો'કના રજકણ ક્યાંકથી આવીને અહીં આવ્યા છે. પાછા રાખ થઈ જશે. આ ક્યાં આત્મા હતો. સમજાણું કાંઈ? પૈસા ક્યાં આત્મા (છે)? એ તો જડ ધૂળ છે, અજીવ પુદ્ગલ છે. એ વડે ધર્મ થાય આત્માને? એઈ..! ધૂળમાંય ન થાય. મરી ગયો મૂઢ થઈને. સમજાણું કાંઈ? શરીર જ પીંડલા માંસના લોચા, ચૈતન્ય પવિત્ર અને આ લોચા અપવિત્રના સાથે રાખવા માન્યતામાં, કહે છે કે, કલંક છે પ્રભુ તને! સમજાણું કાંઈ?

અહીં તો સદા નિરુપરાગ ભગવાન આત્મા એને આત્મા કહીએ. પુણ્ય-પાપના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે. શુભ, અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પુણ્યપરિણામ આસ્રવ છે, એ આત્મા નથી. અને એનાથી બંધન થાય કર્મ રજકણ અજીવતત્ત્વ છે અને એનાથી બહારનો સંયોગ મળે એ પણ પરતત્ત્વ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? **'એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને...'** જડકર્મના સ્થિતિસ્થાન. કર્મ જ જેને નથી વળી મુદત ક્યાંથી આવી? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ...'** સ્વભાવ એ જીવને નથી. એ શુદ્ધભાવમાં નથી. ઓલાએ વળી સ્વ-આકારનો અર્થ સ્વીકાર કર્યો છે. સ્વીકાર.. શું કર્યું છે એણે? છે પાઠમાં સ્વ-આકાર. સ્વીકાર (કર્યો).

આત્મા.. ભાઈ! એ આત્મા એટલે સ્ફટિક શુદ્ધ આનંદકંદનું ચૈતન્યરતન. આત્મા એટલે અતીન્દ્રિય આનંદનું અને જ્ઞાનના પ્રકાશના નૂરના તેજનું ચેતન સ્ફટિકરતન એને આત્મા ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ કહે છે. એ આત્મા સિવાય એને કર્મના સંબંધમાં આકૃતિ કર્મની પ્રકૃતિ પડે કર્મના રજકણની, એ આત્મામાં ક્યાં છે? વસ્તુમાં હોય તો છુટા પડે નહિ. વસ્તુમાં નથી, એ તો એને ઘરે એના રજકણમાં રજકણ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદળમાં તેનો સ્પર્શ કર્મનો નથી. આહા..હા..! ગળે ઊતરવું એને.. કોઈ દિ' દરકાર જ કરી નથી. બાબુભાઈ! સાંભળ્યું નથી. ન્યાં મુંબઈમાં ક્યાં ગોળા મારે આડાઅવળા, સાંભળે અને જાય. થઈ ગયો જાઓ ધર્મ! એક તો રળવામાં આખો દિ' પાપ. પાછા સાંભળવામાં કહે કે આ કરો ને આ કરો એમાં તમને ધર્મ થશે. એ પણ મિથ્યાદૃષ્ટિનું પાપ. એઈ..! આહા..હા..!

અહીં કહે છે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, ભાઈ! તું શુદ્ધ જીવસ્વભાવભાવ છે. તું કોઈ ચીજ છો કે નહિ? ચીજ છો કે અચીજ છો? વસ્તુ છે કે અવસ્તુ છે? પદાર્થ છે કે અપદાર્થ છે? ભલે અરૂપી છે, પણ અરૂપી આનંદકંદ અનાકુળ શાંત અને અનંતગુણનો રસ અરૂપી કંદ છે આત્મા. એવા આત્માની અંતર દૃષ્ટિ કરવામાં શુદ્ધ જીવભાવમાં આ કર્મનો કોઈ લેપ-બેપ એને છે નહિ. એવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ આત્માનો સ્વીકાર, આત્માનો આસ્તિક અને એને સમ્યગ્દર્શનરૂપી ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ સમ્યગ્દર્શનના આવા સ્વીકાર ધર્મ વિના એ મરી જાય વ્રત ને દયા ને કામ ને ક્રોધ ને દાન ને તપસ્યા કરી કરીને, એકડા વિનાના મીંડા ચાર ગતિમાં રખડવાના છે ઈ. સમજાણું કાંઈ?

કહે છે, એ પુદ્ગલની જે આઠ પ્રકૃતિ છેને, કહે છેને, જ્ઞાનાવરણીયની પ્રકૃતિ, દર્શનાવરણીયનો સ્વભાવ કેવો? કે આત્માના જ્ઞાનને રોકે. કોણ? ઓલો જ્ઞાનાવરણીયનો સ્વભાવ. કહે છે કે પણ એ સ્વભાવ જે કહે છે એ તારા આત્મામાં નથી, સાંભળને હવે. આહા..હા..! હા-નાનો વેર થઈ ગયો છે અનાદિથી. ભગવાન કહે છે કે તારામાં જે નથી એને તું માને છો. ના છે એની હા કરે છો, આ તારા મિથ્યાદૃષ્ટિનું તેં વેર ઊભું કર્યું છે. આહા..હા..! ભારે વાત પણ, ભાઈ!

શ્રીમદ્‌ે લખ્યું છેને એક પત્રમાં? કે પ્રભુમાં અનંતગુણ લક્ષણે અનંતગુણ પ્રભુના પૂરા ગુણે પ્રભુ પણ એના અપલખણનો પણ પાર ન મળે. ત્યારે ઓલા લોકો કહે, આ પ્રભુના અપલખણ કહે છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ એટલે તું એમ કહે છે. તું મોટો પ્રભુ છો, ભાઈ! એ સિદ્ધ ભગવાન થશે, ક્યાંથી થાશે? બહારથી આવે એવું છે ઈ પદ? કેવળજ્ઞાન, કેવળદર્શન, અરિહંતપદ અને સિદ્ધપદ થયા એ તો પર્યાય નિર્મળ થઈ, એ ક્યાંથી આવી? શરીરમાંથી આવી? દયા, દાનના વિકલ્પ રાગમાંથી આવી? સમજાણું કાંઈ? એ અંતર શક્તિનું આખું તત્ત્વ અનંતગુણનો રાશિ પિંડ, ગુણનો ગાંસડો આખો એકલો છે ભગવાન. એના અંતરમાં એકાગ્ર થતા પ્રથમ સમ્યગ્દર્શન થાય ત્યારે શક્તિનો વિકાસ અંશે થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વ્યાખ્યા, ભાઈ! આખી જિંદગી ભ્રમમાં ને ભ્રમમાં ગાળે, આંખ્યું વીંચીને જાય ચોર્યાશીના અવતારમાં વેગે.

કહે છે, એવો ભગવાન આત્મા, જ્યાં તારી દૃષ્ટિ થંભે અને થંભવાલાયક એવું તત્ત્વ છે એવા તત્ત્વમાં આ પુદ્ગલના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.. કહે છેને, જ્ઞાનાવરણીયની પ્રકૃતિએ જ્ઞાનને રોક્યું, દર્શનાવરણીયે દર્શનને રોક્યું, અંતરાયે વીર્યને રોક્યું. હવે સાંભળને હવે, એ તો પર્યાય ઉપર એકત્વ તું થાય છે એથી તારી દશા રોકાયેલી છે ત્યારે કર્મને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પણ એ નિમિત્ત અને તેના તરફની રોકાયેલી પર્યાયનો અંશ તે ત્રિકાળ વસ્તુમાં નથી. આહા..હા..! ભારે કઠણ પણ વાત!

અહીં તો નિજ પરમાત્મતત્ત્વ કહ્યું છેને? આહા..હા..! ભાઈ! એ આઠ વર્ષની બાળિકા હોય તોપણ આવો આત્મા છે એનો. એ ઢેઢ, ભંગ્યાનું શરીર હોય એનો આત્મા પણ આત્મા તો આવો જ છે. આહા..હા..!

શ્રોતા :— છકાય..

પૂજ્ય ગુરુદેવશ્રી :— છકાય ક્યાં, છકાય આત્મા જ નથી, ભગવાન ના પાડે છે. આત્મા તે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ તે આત્મા. છકાયના શરીર તો જડ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુના શરીર તો અજીવ જડ છે, એ ક્યાં આત્મા હતો? એઈ..! આહા..હા..! આ આત્મા છે? આ તો માટી છે, અજીવતત્ત્વ જડ પુદ્ગલની દશા છે માટી. દાળ, ભાત, રોટલામાંથી ઊભું થયેલું ઢીંગલું છે આ. આત્મા છે આ? આ તો માટી જગતની છે. જગતની ચીજ છે અજીવ, પુદ્ગલ માટી ધૂળ. ત્રસ, આ ત્રસ છે?

એણે પોતાના ભાવની મહત્તા જ લક્ષમાં કોઈ દિ' લીધી નથી. એથી એણે મહત્તા પરને આપી અને એ જેને મહત્તા આપી એનાથી છૂટો કેમ પડે ઈ? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં, એ આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન કરી શકે છે હોં આ. અને દેડકો આવડો, મંડુક આવડો દેડકો ભગવાનના સમવસરણમાં હોય તો ઈ આવું ભાન કરી શકે છે. એમ નહિ કે મોટા માણસ હોય ને આવું ભણ્યા હોય ને આવું કર્યું હોય તો ... એવું કાંઈ છે નહિ. અક્ષરનું જ્ઞાન ન હોય અને આત્માનું ભાન કરી શકે છે. આહા..હા..!

અહીં તો પરમેશ્વર ભગવાન તીર્થંકરદેવ એમ ફરમાવે છે એમ સંતો કહે છે. ભાઈ! એ તારો શુદ્ધભાવ છેને અંદર, પવિત્રધામ ધ્રુવધામ ધ્રુવધામ એ એકરૂપે ચિદાનંદ ભગવાન છે એની દૃષ્ટિ તું કર, એ વિના આ બધી ચીજો તારામાં નથી. એમ માન્યતા કર્યા વિના તને સમ્યગ્દર્શનની ધર્મની શરૂઆતનું પહેલું પગથિયું નિર્મળ નહિ થાય. આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના એ વ્રત ને તપ ને ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા જેવા છે. તારા આત્માને કંઈ લાભદાયક છે નહિ. નુકશાનકારક છે. કીધુંને, મિથ્યા. 'મારા છે' એમ માન્યું એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો ગર્વ ઊતરી જાય એવું છે હોં માણસના. ખોટાની જ વાત કહે છેને.

તે સ્થાનો નિરંજન નિજપરમાત્માને નથી. જુઓ, છેને? કર્મના પ્રકારની પ્રકૃતિઓના ભેદો એ એનું અસ્તિત્વ છે એનામાં, શુદ્ધભાવ ચૈતન્યના અસ્તિત્વમાં એ નથી. એમ શુદ્ધભાવની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ભગવાન (કહે છે). પહેલામાં પહેલી ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહા..હા..! એક તો સાંભળવાને મળે નહિ, હવે એ કે દિ' સાંભળે? એ કે દિ' વિચારે? અને કે દિ' પ્રયોગમાં મૂકે? એમને એમ બફમમાં ને બફમમાં, મૂઢતામાં ને મૂઢતામાં પાગલપણામાં જિંદગીઓ ગઈ. અનંતકાળથી જાય એવી અત્યાર સુધી જેને આ ભાન નથી એ બધા પાગલપણે જિંદગીઓ ગાળે છે. પોપટભાઈ! આ બધા ડાહ્યા હોય

ઈ પણ? ક્યાં ગયા ઓલા ગયા? નટુભાઈ ગયા? કાલ સુધી ન રહ્યા? કાલે આવશે. ઠીક! વકીલ છેને.

શ્રોતા :— વકીલ તો ડાહ્યા જ હોયને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ડાહ્યા કોણ કહે છે? એને હાટુ તો સંભાર્યા. વકીલ એટલે શું પણ? પાંચ હજારનો પગાર લેતો હોય તો શું? મૂરખ છે મોટો, કહે છે. આત્મા પૂર્ણાનંદ પ્રભુને સ્વીકારતો નથી અને એ પુણ્યના ફળ મારા અને અમે રળીએ છીએ અને અમારો જે ઉઘાડ છેને વકીલાતનો એ અમારો છે, એ માન્યતા મિથ્યાદષ્ટિ પાખંડી અજ્ઞાનીની છે, એ.. કનુભાઈ! આ જજ છે લ્યોને આ. અમદાવાદના. સમજાણું કાંઈ? એ ભાવ જે જ્ઞાનના ઉઘાડનો જે પરનો વકીલાતનો, વેપારનો એ ઉઘાડભાવ છે ઈ બંધનું કારણ દુઃખદાયક છે, એ આત્માનો ભાવ જ નથી, એમ અહીં ભગવાન કહે છે. આહા..હા..! શું કીધું આ? એ.. તમારા શું કહેવાય? લાદી. બાબુભાઈ! તમારે શું છે? સોનાનું છે? શું છે? લોઢાનું? લોઢાની કળાની ઓલી કળા, સોનાની કળા, વકીલાતની કળા, લાદીની કળા. ભગવાન કહે છે, એ ઉઘાડ જે છેને આમ.. આમ.. આમ કરે, ઈ કરી તો શકતો નથી પરનું, પણ જે ઉઘાડભાવ પરસંબંધીનો છે એ દુઃખદાયક છે. એ મારો છે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહા..હા..!

શ્રોતા :— એ ઉઘાડ મારો નથી તો કેમ ...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ તો જડનો છે, તને હોય તો શાંતિ મળવી જોઈએને. જડને ઉઘાડમાં જાણવા મળ્યું, એમાં ચૈતન્યનો ઉઘાડ ક્યાં આવ્યો?

શ્રોતા :— પર્યાય તો જ્ઞાનની છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ પર્યાય નથી એની. ખરેખર એની પર્યાય શાંતિની અને જ્ઞાનની. સ્વને પકડે તે પર્યાય તેની. આકરી વાત છે ભાઈ આ. સમજાણું કાંઈ? એવા તો અનંતવાર અગિયાર અંગના શાસ્ત્રના અગિયાર અંગના જાણપણા કર્યા, તોપણ કહે છે કે મિથ્યાદષ્ટિ મૂઢ છો. વસ્તુ શુદ્ધ એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા જેને અમે કહીએ છીએ, ભગવાન કહે છે, આત્મા જેને અમે કહીએ છીએ, એ આત્મા શુદ્ધભાવથી ભરેલો આનંદકંદ છે. એની તને રુચિ અને દષ્ટિ સન્મુખની નથી. આમાં તું માની બેઠો છો તે મિથ્યાત્વનું દુઃખ વેદે છે.

શ્રોતા :— અત્યારે બાદશાહનું વર્ણન કરે તો... બીજી કોઈ વાત સ્વીકારવા તૈયાર નથી!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સ્વીકારે, શેના પણ સ્વીકારે? વિષ્ટાને સ્વીકારતા હશે ન્યાં? એઈ..! આહા..હા..! ઓહો..! અહીં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપની દષ્ટિ કર્યા વિના તેની સત્યતાનો સ્વીકાર આવતો નથી. અને સત્યનો સ્વીકાર થયા વિના સમ્યગ્દર્શન આવતું નથી. આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના સમ્યક્જ્ઞાન હોય નહિ અને સમ્યક્જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરો અનંત થયા તેણે કહ્યું, અત્યારે ભગવાન બિરાજે

છે તે એમ કહે છે. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરદેવ બિરાજે છે. સીમંધર ભગવાન બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ. અનંત તીર્થંકરો થશે તે એક જ અવાજે આ વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કઠણ પણ માણસને લાગેને. ઉપર ચડી ગયો હોય એને હેઠું ઉતરવું (આકરું પડે). એને જાણે, ક્યાંય પાસ થઈ ગયો. સાતમી ચોપડીમાં પાસ થઈ ગયો એમ એને લાગે. સારો પરીક્ષા લેવા આવે ઈ કહે કે હેઠો ઉતર હેઠો, એકડીયમાં (જા). ક્યાં ગયો અહીં? ચડાવ્યો કોણે તને? તને ચડાવો કોણે કર્યો? શેઠિયાના દીકરા છે, ચડાવા કર્યા. નહોતા? તલકચંદભાઈ કહે છે આપણે. ભણવામાં બહુ ધ્યાન નહિ, નારણશેઠના દીકરાના દીકરા છે. ચડાવો કરીને ચડાવી દે માથે. લાઠી. પણ આ તો ચોથી ચોપડીનો ઉત્તર આવડતો નથી ને આ છઠ્ઠીમાં ક્યાંથી બેઠા? ભાઈ, શેઠિયાના દીકરા, ચડાવો કરીને ચડી ગયા. એમ આ ભાન ન મળે શ્રદ્ધાનું. અજ્ઞાની આવીને ચડાવા (કરે કે) તમે તો ધર્મી છો, તમારું તો કલ્યાણ થઈ જશે. સાચી-ખોટીની પરીક્ષા લેવા ગયા ત્યાં તો (ખબર પડી) કે આ તો મૂઢ છે, ભાન ક્યાં છે આને કાંઈ? હેઠો ઊતરી જા. કોણે ચડાવ્યો તને ધર્મમાં? પાંચેય કાઢી નાખે. આંકડો લાવ, જવાબ તો લાવે. છઠ્ઠી ચોપડીમાં બેઠો છો તો જવાબ લાવ. છઠ્ઠી ચોપડીને યોગ્ય જવાબ લાવ. એં... અમને ચડાવે ચડાવ્યો છે. ચડાવે ચડાવ્યો તો હેઠે ઊતરી જા.

એમ સર્વજ્ઞ પરમેશ્વરની પરીક્ષામાં વીતરાગ ... અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ છે. સમજાય છે કાંઈ? એની પરીક્ષા.. એવું આવે છે હોં! જ્ઞાનાર્ણવમાં ઘણું આવે છે. પરીક્ષા કર્યા વિના માને એ બધા મૂઢ છે, કહે છે. એવું આવે છે. હું તો પહેલા કહેતો. સૂયગડાંગનું સાતમું અધ્યયન છે. '...' એ પહેલા શબ્દ આવતો. પરીક્ષા કર્યા વિના માન્યું છે તેમાં આત્માને સિદ્ધિ કાંઈ નથી. પરીક્ષા નથી કે આત્મા કોણ છે? આ વિકાર છે ઈ શું છે? આ જડ તે શું છે? સાત તત્ત્વમાં સાત તત્ત્વના ભિન્ન અને વિવેકના ભેદજ્ઞાનની ખબર નથી. શરીર, વાણી, મન અને પૈસા એ તો માટી ધૂળ અજીવ છે, ઈ તું છો? કર્મ એ જડ છે, ઈ તું છો? પરવસ્તુ લાભદાયક હોય ત્રણકાળમાં? ઈ તો સવારે ઘણું આવ્યું હતું. એ.. પોપટભાઈ! ધન ને બાયડી, છોકરા સારાથી આત્માને લાભ થાય એમ માનનારા મૂઢ જીવ છે.

પરમેશ્વર છે આ તો સર્વજ્ઞદેવ. એના સેવકો ઈન્દ્રો, બત્રીસ લાખ વિમાનના લાડા શક્રેન્દ્ર, ઈશાનઈન્દ્ર, ગણધરો, ચક્રવર્તી, જ્ઞાની સમકિતીનું રાજ, કેવળીનું રાજ છે આ તો. સર્વજ્ઞ પરમેશ્વરનું શાસનરાજ! એ શાસનમાં, કહે છે, જેણે ભગવાન આત્માને આવા કર્મના સંબંધવાળો પર્યાયમાં સ્વીકાર્યો, અંશમાં સ્વીકાર્યો, એ અંશને આત્મા માન્યો એણે ત્રિકાળ શુદ્ધભાવને આત્મા માન્યો નથી. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એની ખ્યાલની ખબરું તો કરે. ખબર વિના રુચિ કેની કોર કરશે? અંતર્મુખ ભગવાન મહાપ્રભુ પોતે બિરાજે છે. આહા..હા..! ઈ વાત કરી, પ્રકૃતિની કરી. હવે પ્રદેશની કરે છે.

'અશુદ્ધ અંતઃતત્ત્વ...' આત્માની પર્યાય જે મલિન છેને મલિન, મલિન સાથે સંબંધ

છેને, સ્વભાવ સાથે ક્યાં સંબંધ છે? ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપે પરમાત્મા પોતે નિજ આનંદકંદ છે, એની વર્તમાનમાં પુણ્ય-પાપના ભ્રમણાની જે પર્યાય છે એ પર્યાયની સાથે કર્મપુદ્ગલનો સંબંધ છે. સમજાણું કાંઈ? એ '**(-અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્ગલના પ્રદેશોને પરસ્પર પ્રવેશ...**' અશુદ્ધપર્યાય વિકારી અને કર્મના પરમાણુ, બેય એક જગ્યાએ ભેગા થાય છે. એવો '**તે પ્રદેશબંધ છે; આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.**' આહા..હા..! અશુદ્ધતા જ જ્યાં નથી. અશુદ્ધતાના પર્યાય સાથે કર્મના પ્રદેશનો સંબંધ હતો, આત્મા સાથે કાંઈ છે નહિ. આ તે વાતનો સ્વીકાર... એ નિજ પરમાત્મા જે છે નિરંજન નિજ સ્વરૂપ ભગવાન આત્મા એમાં આ અશુદ્ધતાનો સંબંધ પ્રદેશનો છે નહિ.

શ્રોતા :— અશુદ્ધતામાં પ્રવેશ કેમ થતો હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— થાય ક્યાં? જોડે હોય છે. અહીં અશુદ્ધતા હોય ત્યાં રજકણ હોય છે પ્રદેશના. અશુદ્ધતા અહીં છેને. આત્મા અસંખ્યપ્રદેશી છે કે નહિ અંદર? જ્યાં અશુદ્ધતા સમય-સમયની જે દશા છે એની સાથે ઓલા રજકણો જોડે છે, રજકણ પરમાણુ. અંદર છેને, ઈ કંઈ બહાર ઉપર અદ્ધર નથી. જોડે છે. એનો પ્રવેશ કહ્યો છે. આ માટી છે એ તો જુદું તત્ત્વ છે પણ ઓલા રજકણ છેને કર્મના ઝીણા ધૂળ મૂર્ત એ અરૂપી ભગવાન આત્માની જોડે રહેલા છે. એ અશુદ્ધતાને અને એને સંબંધ છે. એવો પ્રવેશ કીધો. ઈ વસ્તુના સ્વભાવમાં છે નહિ. એ ક્યાં વિચાર (કર્યા છે) કે શું હશે અંદર આ? સમજાણું કાંઈ? એક સમયની મલિનતાનો અંશ આત્માની દશાનો અને કર્મના પ્રદેશો રજકણની સંખ્યા છે પરમાણુની. ભગવાને જેને પ્રદેશબંધ કીધો. એ બેનો સંબંધ એ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ... આવું આવું તત્ત્વ શું હશે આ? આ તે કંઈ વીતરાગમાર્ગનું તત્ત્વ હશે આવું? ઓલામાં આવે કે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રિ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, ... તસ્સ મિચ્છામી દુક્કડમ, એમાં કાંઈ સમજવાનું (આવે)? એઈ..! મોહનભાઈ! આ તો કહે છે કે એ તો શુભવિકલ્પની વાત છે. આ તો શુભવિકલ્પ પણ તારા સ્વરૂપમાં નથી એવા તત્ત્વની વાત છે. આહા..હા..!

શુભરાગ અશુભથી ટળીને શુભનો હોય વિકલ્પ એ વખતે. પણ એ ક્યાં, ઈ તો પરલક્ષી વિકાર છે. ઈ ક્યાં સ્વરૂપમાં છે? સમજાણું કાંઈ? ગોખી જાય એમને એમ... અપ્પાણં વોસરે. અપ્પાણં વોસરે, આત્માને આખો વોસરાવ્યો. પણ આત્માને તું વોસરાવે છે ઈ ક્યો આત્મા વોસરાવે છો? અને ક્યો આત્મા અંગીકાર કરે છો? છે કાંઈ ખબર? અપ્પાણં વોસરામી. ઈ કહે છે અહીંયા.

ભાઈ! તું અપ્પાણં અને આત્મા જેને શુદ્ધભાવ એની તો તને ખબર નથી અને રાગાદિ વિકલ્પ થાય એને તું આત્મા માને છો. એને વોસરાવું છું. શું વોસરાવે છે? પણ આની કોર સમજ્યા વિના વોસરે ક્યાંથી ટળે? શ્રીમદ્દે ટીકા કરી છે કે અપ્પાણં વોસરે એમાં આખો આત્મા વોસરાવી દ્યે અજ્ઞાનીઓ. આત્માની જેને ખબર નથી. એ.. જ્ઞાનચંદજી!

શ્રોતા :— ધર્મ કરવા માટે આટલું સમજવું, વાંચવું અને વિચારવું પડતું હશે એ હમણા ખબર પડી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— હમણા ખબર પડી પચાસ વર્ષે. કેટલા વર્ષ થયા? બાવન. બાવન વર્ષ મુંડાવ્યું ત્યારે ખબર પડી કહે છે. અત્યાર સુધી લૂગડું આમ અડધું રાખીને ફરતા ને આમ કરીને ફરતા હતા અને ભાષણો આપતા હતા.

શ્રોતા :— જાગ્યા ત્યારથી સવાર!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ વાત સાચી.

શ્રોતા :— બાધા લીધી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— બસ, એ લેવું, આ કરવું. થઈ રહ્યું. અરે..! ભાઈ! બાપા! ધર્મ એટલે એક સમયનો ધર્મ અપૂર્વ મોક્ષની શરૂઆત કરાવી દે! એક સમયનો ધર્મ અનંતા જન્મ-મરણનો અંત લાવી દે! આહા..! એવો ભગવાન આત્મા જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ જ જેમાં નથી. એવા ભાવની દૃષ્ટિ અંતરમાં થતા ભવ ક્યાં અને ભવનો ભાવ ક્યાં? સમજાય છે કાંઈ? આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણે ના પાડી? આહા..હા..!

એ વસ્તુનું શું સ્વરૂપ છે? વિકાર શું છે અને સંયોગે કર્મ શું અને ફળ શું? એનો જ્યાં સુધી ભાવમાં ખ્યાલ ન આવે ત્યાં સુધી એનાથી જુદો પડીને સ્વભાવની પ્રતીતિ કરી શકે નહિ. સમજાય છે કાંઈ?

એ બંધના સ્થાનો નથી, લ્યો. '**શુભાશુભકર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે;...**' કર્મમાં હોં! કર્મની નિર્જરાના સમયે. જોયું? શુભાશુભકર્મની નિર્જરા રજકણમાં થાયને? એ ટાણે સુખદુઃખ ફળ દેવાની શક્તિ ઓલા કર્મમાં હોં! આ તો સુખદુઃખ ફળ દેવાની શક્તિ જડમાં. '**તે અનુભાગબંધ છે;...**' જડમાં, એ આત્માને નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન તો આનંદના અનુભાગરસથી ભરેલો છે. જેના અતીન્દ્રિય આનંદના એક સમયના સ્વાદમાં ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા ઉકરડા જેવા લાગે, ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા ઉકરડાના તરણા જેવા લાગે એવો ભગવાન સમ્યગ્દર્શનમાં ભાન થતા સુખનો સ્વાદ આવતા, એ ચીજનું ભાન થતા, દુનિયા ત્રણલોક અને ત્રણકાળ સડેલા તરણા જેવી લાગે. સમજાણું કાંઈ? કિંમત ચૈતન્યની આગળ પરની કાંઈ રહે નહિ. અને જેને ચૈતન્ય ભગવાનની કિંમત નથી એણે પરની કિંમતું અને મહત્તા આપી છે એણે ભગવાન આત્માનો અનાદર કરીને મિથ્યાત્વભાવને સેવ્યો છે. સમજાણું કાંઈ?

'**આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજપરમાત્મતત્ત્વને વિષે) નથી.**' આત્મામાં એ નથી. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. એમાં હોય તો જુદાં પડે ક્યાંથી અને જુદાં પડે

તે એનામાં નથી. સમજાણું કાંઈ? ઓલી બાઈડ્યું રોવેને બહુ, મરી ગયો હોય, ત્યારે બાયડી બધી વાળે, ભાઈ! એ આપણા હોત તો શું કરવા જાય? વાતું કરે. બધા ઢોંગે ઢોંગ. ભાન ક્યાં છે એને અને ઓલાને રોતાને? ઓલી ડોસી હોયને, પાંચ-પચ્ચીસ રોવેને જરી.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— આવે, ઢોંગે ઢોંગ બધા. કો'કને લાગ્યું હોય તો રાગ-દ્વેષ થાય. એ ઢોંગ છેને પણ. એક છોકરો મરી ગયો હતો. જુવાન હોં! હાથ ઉપડતો નહોતો ... બાઈને, એની માને. હાય.. હાય..! આ તો નજરે જોયેલા હોં, નજરે જોયેલા. નજરે જોયેલા બધા. આ તમારા સગા અને સંબંધીમાંથી. સાધુ થયા પછી. અને છોકરો એકનો એક મરી ગયો આમ. માણસ ઘણું આવ્યું. પણ હાથ ઉપડતો નહોતો એનો. હાય.. હાય..! એ તો અંદર શોકમાં મૂઢતામાં મુંઝાઈ ગઈ છે. કોના છોકરા અને કોના બાપા? કો'કની ચીજ ક્યાંક આવી હતી થોડી અને શરીરના રજકણ, એ આત્મા જુદો, એના રજકણ જુદાં, એની મુદતે આવ્યા અને મુદતે ચાલ્યા ગયા. તારામાં ક્યાં ગરી ગયા? છોકરો ક્યાં તારો હતો? આહા..હા..! નવ મહિના પેટમાં રહે, બહારમાં આવે ત્યાં.. આહા..હા..! આ મારો દીકરો. પણ તારો હોય ઈ જુદો પડે કેમ? જુદો હોય શેનો? એઈ..! ભારે વાત, ભાઈ!

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં રાગના શુભપરિણામ પણ મારા માનતો નથી ત્યાં આ બાયડી, છોકરામાં પડ્યો પણ એ મારું માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિરંજન ભગવાન આત્મામાં આ વસ્તુ છે જ નહિ. '**વળી દ્રવ્યકર્મ,...**' જડ આ રજકણો બધા સામાન્ય '**તથા ભાવકર્મ...**' વિકાર એના '**ઉદયનાં સ્થાનો...**' જોયું? બેય લીધું આમાં. વિકારના સ્થાન. ભેદ પડેને, શુભ-અશુભ પુણ્ય-પાપના. દયા, દાન શુભભાવના, હિંસા, જૂઠાના અશુભભાવનાં. એના જેટલા અસંખ્ય પ્રકાર પડે શુભ-અશુભભાવના, એ વસ્તુમાં નથી. એ વિકારી ભાવો શુભાશુભભાવ છે, આત્મામાં નથી. ઈ તો આસ્રવતત્ત્વ થયું. દ્રવ્યકર્મ તો અજીવતત્ત્વ થયું. નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ તત્ત્વમાં આ પુણ્યના પરિણામ થાય ઈ ક્યું તત્ત્વ? ઈ તો આસ્રવતત્ત્વ છે. પુણ્યાસ્રવ જેનાથી આવે. હિંસા, જૂઠાના પરિણામ પાપતત્ત્વ એનાથી પાપરજકણો આવે. રજકણો એ અજીવ છે, ઈ દ્રવ્યકર્મ છે અને પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, વ્રતના, ભક્તિના, દાનના એ બધું ભાવકર્મ વિકારી પરિણામ છે. એ આત્મામાં છે નહિ. એને પોતાના માને તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. જે તત્ત્વ એનું નથી તેને તેનું માનવું છે, જે તત્ત્વ તેનું છે તેનું તેને ન માનવું (એ મિથ્યાદૃષ્ટિપણું છે). પરસેવા ઊતરી જાય એવું છે જરી. આહા..હા..!

ભગવાન પરમેશ્વર ત્રણલોકના નાથ સમવસરણની સભામાં મહાવિદેહક્ષેત્રમાં એમ વર્ણવી રહ્યા છે. પરમેશ્વરના મુખમાંથી આ વાણી આવેલી છે. કુંદકુંદાચાર્ય ત્યાં આઠ દિન ગયા

હતા, રહ્યા હતા પછી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. સંવત ૪૯. સમજાણું? અને નો ન્યાં ગયા હોય અને બીજા જ્ઞાનીએ બનાવ્યું હોય તોપણ ભગવાન પાસે ગયેલા જ એને સમજવા અને એ કહે છે ઈ. આત્મા ભગવાન છેને પોતે. આહા..હા..! મોહનભાઈ! શું કરવું હવે આમાં? સુખ-દુઃખનું ને આ બધું... પહોળો થઈને ફર્યો, કહે છે કે ઈ બધું તારું નહિ. પહોળો થઈને ફર્યો. પુણ્યપરિણામ મારા, પાપપરિણામ મારા, કર્મ મારું, અમે બાંધ્યા એના ફળ આ, આ છોકરા મારા, આ બાયડી મારી ને આ ધૂળ પૈસા મારા, પણ તારા હોય નહિ ત્રણકાળમાં. સાંભળને! જુદાં પડે ઈ તારા હોય? પુણ્ય-પાપના પરિણામ પણ છુટા પડી જાય છે. સિદ્ધમાં રહે છે?

શ્રોતા :— વર્તમાનમાં?

પૂજ્ય ગુરુદેવશ્રી :— વર્તમાનમાં પણ છુટા છે, ઈ હાટુ તો કહે છે અહીં. સિદ્ધમાં નથી માટે તારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ દ્રવ્યકર્મ-આઠ કર્મો સામાન્ય, '**તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનો...**' પછી એમાં બધું (લઈ લેવું). જ્ઞાનની હીનતા આદિના પ્રકાર છેને? દર્શનની હીનતા, વીર્યની હીનતા, રાગ-દ્વેષના પરિણામ એ બધાનો '**અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.**'

શ્રોતા :— આવી સારી લાભની વાત હોવા છતાં..

પૂજ્ય ગુરુદેવશ્રી :— એણે સાંભળી નથી. એને ગોઠી (નથી). એને ગોઠ્યું છે આ બહારનું, બહારનું. અનાદિથી સાધુ થયોને સાધુ નામધારી, દિગંબર થયો હોં! જંગલમાં (વસ્યો). રાણીઓ હજારોને છોડીને, પણ આ અંતરતત્ત્વ પૂર્ણાનંદનો નાથ છે એની એને રુચિની ખબર પડી નહિ. આ ક્રિયા કરીએ છીએ ને આ કરીએ છીએ ને આ કરીએ એ અમારું સાધુપણું અને આનાથી આપણું કલ્યાણ થઈ જશે. એવી અનાદિકાળની દશા સેવતો આવે છે, એથી આ વાત એને સાંભળવી આમ આકરી લાગે છે. આહા..હા..! આ તો ભારે આકરો ધર્મ! વીતરાગમાર્ગ ભારે આકરો વીતરાગમાર્ગ! બાપુ! વીતરાગમાર્ગ જ આ છે, બીજો માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ?

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावदयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।

જુઓ, આ સ્વભાવ આવ્યોને ઈ. એ સમ્યક્ સ્વભાવ એ શુદ્ધભાવ છે. આહા..હા..!

એ ભગવાન કહે છે, હે જગત! હે જગત! જગત એટલે કે જગતમાં રહેલા જીવો, એમ. કાઠિયાવાડી એમ કહેને? કાઠિયાવાડી આવ્યા. કાઠિયાવાડ આવ્યું એમ કહેને? કાઠિયાવાડ આવતું હશે? કાઠિયાવાડના માણસો આવ્યા, દક્ષિણ આવ્યું, આ પંજાબ આવ્યું. એમ કહેને? પંજાબના માણસો. એમ હે જગત, એટલે હે જગતના જીવો એમ. સમજાણું કાંઈ? હે જગતના જીવો! '**મોહરહિત થઈને...**' ભગવાન એકવાર તો પરની સાવધાનીના વિકલ્પો એ સ્વરૂપમાં નથી એવો નિર્ણય કરીને એકવાર મિથ્યાત્વભાવને છોડી, એકવાર ભગવાન આત્માના સાવધાન સ્વભાવ તરફ જોડાય અને પર તરફના સાવધાનના વિકલ્પની એકતા તોડી '**સર્વ તરફથી પ્રકાશમાન...**' ભગવાન આત્મા ચારે બાજુથી પ્રકાશમાન. અસંખ્ય પ્રદેશે ચૈતન્યના તેજના નૂરનું પૂર. આહા..હા..! એ આત્મા. એ અસંખ્ય પ્રદેશે.... અંસખ્ય પ્રદેશ સર્વજ્ઞમાં જ હોય વીતરાગમાં હોં! અન્યમતમાં એ હોય નહિ. અન્યમતમાં એક્કે વાત સાચી હોય જ નહિ. વીતરાગ સિવાય. જેટલા ગપ્પા મારતા હોય બધા, આત્મા આત્માની વાતું અત્યારે ઘણા કરે છેને, બધી ગપ્પેગપ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો સિવાય કોઈ તત્ત્વમાં ગંધ સાચી એક્કે છે નહિ. પણ એ વીતરાગનું તત્ત્વ આવું છે, ભાઈ! એક એક આત્મા તારો મોહરહિત થઈને...

ભાઈ! એકવાર પરની કિંમતની મહત્તા ઘટાડી દે. એકવાર પુણ્-પાપના વિકલ્પો, શરીર, કર્મ, ફળાદિ બધાના મહત્તા, અધિકતા, વિશેષતા એવો જે માનેલો મોહભાવ એને છોડીને '**સર્વ તરફથી પ્રકાશમાન...**' ભગવાન ચૈતન્યના નૂર છે. પરમાત્મા સ્વરૂપ અંદર તારું છે, ભાઈ! એવા તે '**સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને...**' આ શુદ્ધભાવ કહ્યોને? શુદ્ધભાવ અધિકાર ચાલે છે એ સમ્યક્ સ્વભાવ. ત્રિકાળ ધ્રુવ શુદ્ધભાવ એકરૂપ પરમસ્વભાવભાવ એવો જે જીવ શુદ્ધભાવ, શુદ્ધ જીવાસ્તિકાય એવા સમ્યક્ સ્વભાવ, સત્ય સ્વભાવ. એટલે? પુણ્ય-પાપનો ભાવ એ પણ સમ્યક્ સ્વભાવ નહિ. શુભ-અશુભભાવ એ સમ્યક્ સ્વભાવ નહિ. કર્મ ને શરીર ને બાહ્ય ચીજો, ભગવાન! એ સમ્યક્ સ્વભાવ નહિ. એ તો બધું વિપરીત ભાવવાળું તત્ત્વ છે.

કહે છે, '**તે સમ્યક્ સ્વભાવને જ...**' એમ કીધું છેને? મિશ્ર ન કર હવે કહે છે. એકલો ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું તત્ત્વ જે એકલું ચારે બાજુ જેમાં પ્રકાશ ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્યપ્રકાશના તેજ છે એને અનુભવો. એની દૃષ્ટિ કરો અને એનો અનુભવ કરો. એ ધર્મ છે. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ'. આ અનુભવ એ ધર્મ છે. અનંત તીર્થંકરો, અનંત સંતોએ આ અનુભવ કરીને પરમાત્મપદને પામ્યા છે. સિદ્ધ પણ એ જ અનુભવનું આચરણ સેવી રહ્યા છે. આવે છેને? ભાઈ! અનુભવપ્રકાશમાં આવે છે. અરિહંત, સિદ્ધ એવો શબ્દ છે, અનુષ્ઠાન. આચરણ સેવી રહ્યા છે સિદ્ધ પણ. પોતાના શુદ્ધના અનુસરનાર. સમજાણું કાંઈ? આરે..! આ આચરણ

કઈ જાતનું? બહારની ક્રિયા હોય, આ કરવું, તે કરવું. ભાઈ! એ આંગળી આમ હલે એ બાપુ તારા કર્તવ્ય નથી, પ્રભુ! એ તો પક્ષઘાત થાય તો ક્યાં હલાવી શકે છે? ઈચ્છા હોય, લ્યો. ઉં..ઉં.. તોતડાઈ. ભાષામાં તોતડાઈ, ગળામાં તોતડાઈ, હાથમાં તોતડાઈ. તોતડાઈ એટલે બાળકબુદ્ધિ. કેમ જેચંદભાઈ? એ તો સ્વયં છેને જડને, તમારે નહિ. એ સ્વયં થઈ ગયું છે. સ્વયં સ્વયં. એ જડને એમ છે કહે છે, એમ કહે છે. પણ આ કહે છે, મને. પણ એ તો જડને છે. આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— શેના .. આવે છે? શેના આવે છે? એ શરીરમાં કાંઈક થતા 'મને થાય' એવી માન્યતાનું દુઃખ થાય છે એને. શરીરનું બિલકુલ નહિ, ભગવાન ના પાડે છે. જડને લઈને આત્માને દુઃખ ત્રણકાળ-ત્રણલોકમાં હોઈ શકે નહિ. અને પરને લઈને સુખ, જગતનું સુખ હોં, જગતનું માનેલું એ પરને લઈને નહિ. તારી કલ્પનામાં ઊભો કરેલો રાગ એને સુખ-દુઃખની કલ્પનાથી માની રહ્યો છે. સમજાણું કાંઈ? આરે.. જાણે આ તે કોઈ એલ.એલ.બી.ની વાત કહે છે? મોક્ષની વાતું હશે? પહેલા ધર્મની શરૂઆતની આ વાત છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. પહેલું ચોથું ગુણસ્થાન જેને સમ્યગ્દર્શન કહીએ. પછી પાંચમું આવે, પછી છઠ્ઠું આવે. ચોથા વિના પાંચમા, છઠ્ઠા ક્યાંથી આવી ગયા અદ્ધરથી એકદમ? ચોથાના ઠેકાણા ન મળે. ચારિત્રવંત થઈ ગયા, વ્રતધારી થઈ ગયા. ધૂળેય નથી વ્રતધારી, સાંભળને!

કહે છે, અરે..! જગતના જીવો મોહરહિત થઈને '**अपगतमोहीभूय**' છેને? ભગવાન ચૈતન્ય તો પ્રકાશવંત છેને, પ્રભુ! એ વિકલ્પ ઉઠે છે એ તો અચેતન અંધારા છે. એ દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ અંધારા અચેતન વિકાર છે. ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એને અનુભવો. '**કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...**' આ કર્મથી બંધાયેલો ને સ્પર્શવાળો ને ભેદવાળો ને રાગવાળો એ ભાવો '**સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...**' ઉપર તરે છે ઉપર. '**ખરેખર સ્થિતિ પામતા નથી.**' એ અંદર ભગવાનસ્વરૂપમાં છે નહિ, ઉપર ને ઉપર તરે છે. વસ્તુ ચૈતન્યગોળો ચિદ્ભાવ શુદ્ધભાવનો ગોળો એ ઉપર ઉપર લટકે છે, અંદરમાં પ્રવેશ નથી પામતા. ચૌદમી ગાથાનો આ શ્લોક છે. ચૌદમી ગાથા છેને?

શ્રોતા :— ... સમજી શકે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ગમે એવો આત્મા હોય, આત્મા હોય એ સમજી શકે. નરકનો નારકીનો આત્મા પણ સમજી શકે. સમજાણું કાંઈ? આત્મા જોઈએ, જડ હોય તો ન સમજે. આ તો માટી છે બધા.

શ્રેણિક રાજા. સાંભળ્યું છે કે નહિ? ભગવાનના ભગત સમકિતી હતા, ક્ષાયિક સમકિતી.

એણે તીર્થંકરગોત્ર બાંધ્યું છે. એ પહેલી નરકમાં છે અત્યારે ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિમાં.

શ્રોતા :— ત્યાં તેઓ શું કરે છે

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ આ આત્માના આનંદને અનુભવે છે, અમે આત્મા શુદ્ધ છીએ. અમે નરકમાં નથી, અમે રાગમાં નથી, અમે દુઃખમાં નથી. એ નરકમાં અનુભવે છે. ભવિષ્યમાં આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે. ભાન છે કે અમે અબદ્ધસ્પૃષ્ટ ચૈતન્યમૂર્તિ છીએ. એ બધું ઉપર તરે છે, જાણવાલાયક છે, આદરવાલાયક નહિ.

'ઉપર તરતા હોવા છતાં...' એટલે ઉપર છે માટે, એમ. ખરેખર અંતર શુદ્ધ ધ્રુવસ્વભાવ કે શુદ્ધભાવ અથવા સમ્યક્ સ્વભાવ જે માથે કહ્યો એમાં એનો પ્રવેશ નથી. પુણ્ય પાપનો નથી, ભેદોનો એમાં પ્રવેશ નથી, કર્મનો નથી એવું એ તત્ત્વ છે. એને ભાઈ, તમે દષ્ટિ કરો, અનુભવ કરો, એ અનુભવ થવાને લાયક જ આત્મા છે. સમજાય છે કાંઈ? એ કરી શકવાને લાયક એ છે. વિકાર કરવાને ખરેખર લાયક છે જ નહિ. એ તો ઊભું કર્યું નવું. આહા..હા..! આવાને અનુભવો કે જેથી તમને આનંદ થાય અને જન્મ-મરણથી મુક્ત થવાય.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૩, રવિવાર, તા. ૩-૦૪-૧૯૬૬, શ્લોક-૫૬, ૫૭, પ્રવચન નં. ૪૦

શુદ્ધભાવ અધિકાર છે. એની ૪૦મી ગાથાનો કળશ છે કળશ.

'વળી (૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—'

(अनुष्टुभ)

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।
विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।

જુઓ, શું કહે છે? ગાથામાં એમ હતું કે આ આત્મા છેને આત્મા, એમાં કર્મની પ્રકૃતિ, સ્થિતિ, એના પ્રદેશ અને અનુભાગના પ્રકાર આત્મામાં નથી. સમજાણું કાંઈ? એ તો પરચીજ છે, એ આત્મામાં નથી. અને ઉદયસ્થાન વિકારી પર્યાયો પણ વસ્તુ જે શુદ્ધઘન જ્ઞાનાનંદ ઘન છે એમાં એ નથી. ત્યારે છે શું ઈ? એ આમાં કળશમાં નાખ્યું છે. આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. તારી નજર પડ્યે જ આનંદ થાય એવી એ ચીજ છે. નજર વિકલ્પો, વિકાર અને પરમાં, અનાદિથી પોતાપણાનું સ્વરૂપ ભૂલીને, વિકાર આદિમાં (પોતાપણું) માની અને પોતે જ પોતાના વિકારના ભેખને ધારી અને ચાર ગતિમાં રખડી રહ્યો છે. એ ભેખ

અને વિકારાદિ તારા મૂળ સ્વરૂપમાં નથી. એવા ઉપયોગને ફેરવી નાખવો. ઉપયોગ એટલે જાણવા-દેખવાની દશા એ વિકાર અને પર તરફમાં જે એકાકાર અથવા એના અસ્તિત્વમાં હું છું એમ જે માન્યું છે એ ઉપયોગને ફેરવવો.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— નહોતું સમજાણું? ઠીક. નજર કહો કે ઉપયોગ કહો. અંતરની નજરમાં કેવો છે આત્મા? કે '**જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...**' આહા..હા..! ભગવાન આત્મા જે નિત્ય છે. સત્ છેને, કાયમની ચીજ છેને, એને આ શરીર ને કર્મની સાથે પરમાર્થે કાંઈ સંબંધ નથી. એવો ભગવાન આત્મા નિત્ય-શુદ્ધ. એ તદ્દન નિર્મળાનંદ પ્રભુ છે. એણે વિકારની, પુણ્ય- પાપની લાગણીઓની, વિકારનો ભેખ એણે અશુદ્ધ ચિંતવનથી ધારી રાખ્યો છે, એના સ્વરૂપમાં નથી. ઝીણી વાત છે. એણે કોઈ દિ' આત્મા સામું નજર કરી નથી. જ્યાં નજર કરવી જોઈએ ત્યાં કરી નથી અને જ્યાં નજર કરવા જેવી નથી ત્યાં કરીને જ અનાદિથી પડ્યો છે. પોપટભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા નિત્ય અને શુદ્ધ. આ આત્મા હોં અંદર જે વસ્તુ ત્યાં નજર કર્યે ભગવાન આત્મા અંતર ઉપયોગને વાળતા, અંતર જ્ઞાનદશાની વર્તમાન અવસ્થાને વિકાર અને સંયોગ એ ઉપર એનું લક્ષ જે અનાદિથી તરવરે છે, તરવરે છે સમજાય છેને? આપણી તો કાઠિયાવાડી ભાષા છે. એમાંને એમાં લક્ષ છે એને આમ જો અંદરમાં કહે છે. એ તારો આત્મા શુદ્ધ ચિદાનંદ છે. એકલો જ્ઞાનનો, આનંદનો કંદ આત્મા છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો અને આ બધું હું, એવી અશુદ્ધચિંતવના... અનુભવપ્રકાશમાં ભાઈ કહે છેને? એ અશુદ્ધ ચિંતવના તને ગળે પડી છે.

ભગવાન પોતે આત્મા એનું નિત્યાનંદસ્વરૂપ હોવા છતાં અનાદિથી એની ચિંતવનામાં વિકલ્પો ને આ ને તે ને આ ને તે ને ભોગ ને રાગ-દ્વેષને વિકલ્પ આ ને તે વિકલ્પ, એવી અશુદ્ધની ચિંતવના એ એને ગળે પડી અને એ આત્મામાં અર્પાઈ ગઈ છે કે જાણે આ જ હું છું. સમજાય છે કાંઈ? કહે છે કે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ સમવસરણમાં જે સંતોને સહેલો માર્ગ ભગવાને દિવ્યધ્વનિએ કહ્યો હતો. પરમાત્મા સર્વજ્ઞદેવ, વીરજયંતિ છેને આ, ભગવાને જન્મીને પછી તો કેવળજ્ઞાન પામી દિવ્યધ્વનિના અવાજમાં ભગવાને સંતોને ધર્માત્માને, તું તારા સ્વરૂપમાં પ્રભુ ત્રિકાળ છો, ત્યાં નજર કર તો તારું નિધાન તને સ્વરૂપની સગાઈ થઈ, એકાગ્ર થઈને મુક્તિ તને થશે. એમ ભગવાન પરમાત્મા તીર્થંકરદેવે ધર્મસભામાં ચક્રવર્તીઓને, સંતોને, ઈન્દ્રોને આમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

માથે આપણે આવી ગયું હતુંને? જગત મોહરહિત. જગતનો અર્થ સર્વ પ્રાણી જીવ રાશિ. જગતનો અર્થ જ ઈ છે. માથે હતુંને? ક્યાં છે? ખબર પડવી જોઈએને ક્યાં છે. ઈ જગત શબ્દે આખી દુનિયાના સર્વ પ્રાણીઓ. સર્વ પ્રાણીઓને કહે છે, હે ભગવાન! સર્વ જીવો

અમારી વાત સાંભળો. આહા..હા..! તમે તો ચિદાનંદ જ્ઞાનના આનંદની... શું કહે છે? **'સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ...'** આટલા શબ્દ છે. ભગવાન તારામાં તો એકલું ચૈતન્ય જ્ઞાનપ્રકાશનો પુંજ તું તો છો. અને આનંદ છો. બે વાત લેવી છેને મૂળ તો, જ્ઞાન અને આનંદ. ભલે અનંતગુણ સાથે હો, પણ મુખ્યપણામાં તો જ્ઞાન અને આનંદ. જાણવું એ મુખ્ય છે અને આનંદ એ પ્રગટ કરવું જેને છે. આનંદ જોઈએ છે. એટલે જ્ઞાન અને આનંદ તારું રૂપ જ એનું છે, ભાઈ! આ દેહના પડદાની પાછળ, એ પુણ્ય- પાપના રાગની પાછળ ભગવાન તારું આનંદ અને જ્ઞાનનું આખું રૂપ જ પડ્યું છે. તારા નજરને આળસે નારાયણ તને મળતા નથી. અરે..! શું કરવું? માણસ કહે. ધર્મ એટલે કેમ થાતો હશે? એની ખબર નથી. સમજાણું કાંઈ? જાણે પૂજા કરીએ ને ભગવાનની જાત્રા કરીએ તો ત્યાંથી ધર્મ થઈ જશે. અથવા કાંઈ દયા પાળીએ ને વ્રત કરીએ ને અપવાસ કરીએ ને ભટક્યા ભટક અનાદિનો અજ્ઞાની... એ તો શુભરાગનો વિકલ્પ છે, ધર્મ નથી.

ધર્મ તો જેમાં ધર્મી એવો આત્મા જ્ઞાન અને આનંદ એવો જેનામાં સ્વભાવ, ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ પડ્યો છે એમાં દૃષ્ટિ કર્યે જીવને પ્રગટ દશા થાય એને ભગવાન ધર્મ કહે છે. એ વાતેય સાંભળી ન હોય. બિચારાએ આખી જિંદગી એમને એમ (કાઢી નાખી હોય). પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ, સીત્તેર (વર્ષ) મૂંઢપણે (ગાળી હોય). વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર જે મુદ્દાની રકમ બતાવે છે એ રકમ ઉપર તો એનું લક્ષ નથી. મુદ્દાની કેમ કીધું? ઓલી વાત વ્યવહારની આવે વચમા, દયા, દાન, વ્રતાદિના શુભરાગ હોય પણ એ કંઈ મુદ્દાની રકમ નથી. આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— સુખ અહીં હશે કે સુખ બહાર હશે? ક્યાં હશે? કહો, સમજાણું કાંઈ? ક્યાં ગયા? ફાવાભાઈ નથી? ન્યાં બેઠા, ઠીક. સમજાણું કાંઈ? ઈ તો અહીં સ્થાન છેને, ન જોયા એટલે કીધું ક્યાં છે? આહા..હા..!

શ્રોતા :— ઘરના છે એને તો સંભારી-સંભારીને આપો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ફાવાભાઈ! કહે છે, ઘરના છે એને તો આપો. એમ કહે છે ઈ. આ કોઈને અપાતું હશે? ઈ જ કહે છે કે ભાઈ! પણ તારી પાસે ક્યાં નથી તે તું લેવા માંગે છે? એમ કહે છે. ઈ તો અહીં કહે છે. શું કહે છે?

નિત્ય... કાયમી... કાયમી... કાયમી... કાયમી શુદ્ધ જ્ઞાનાનંદની સંપદાની ઉત્કૃષ્ટ નામ આખરમાં આખર છેલ્લામાં છેલ્લો જે ઉત્કૃષ્ટ કહેવાય એવો ઉત્કૃષ્ટની ખાણ તો તું આત્મા છો. આહા..! આટલા તો વિશેષણ વાપર્યા છે. સમજાણું કાંઈ? ભાઈ! તું પોતે જ આવો છો. તું તારા સમીપમાં છો એમ કહેવું એ હજી વ્યવહાર. તારું સ્વરૂપ જ એવું છે. નિત્ય પ્રભુ, જેમાં ફક્ત વર્તમાન ઉપયોગની દશાને વાળવી એટલો જ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ

અનાદિનો પર પ્રયત્નમાં અને પરની લાલસામાં, વિકલ્પની જે દશા કૃત્રિમ એમાં વળી ગયેલો છે એ સંસાર છે, એ દુઃખ છે, એ જન્મ-મરણના મૂળિયા ઈ જ છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન વીરે એ વર્ણવ્યું હતું, વીરે એ વર્ણવ્યું હતું વીરસભામાં. એની વીરસભા હતીને? વીરની સભા કહેવાયને? મહાવીર. આહા..! ભાઈ! મહાવીરનું સમવસરણ કહેવાયને, એમ કહેવાયને, શું કહેવાય? મહાવીર ભગવાનનું સમવસરણ. ચાલો ભગવાનના સમવસરણમાં. આહા..હા..! કહે છે, પ્રભુ! તું તો કાયમી પવિત્ર આનંદ ચિદાનંદ એની સંપદા એટલે લક્ષ્મીનું ઉત્કૃષ્ટ નામ છેલ્લામાં છેલ્લું જે ઉત્કૃષ્ટપણું કહેવાય એની તો તું ખાણ છો. આહા..હા..! પોતાને આવો મોટો માનવો, કઈ ગજે માપે એને? સમજાણું કાંઈ? ગજ સમજો છોને? ગજ નહિ? ગજ નામ માપ કરે છેને? માપ. કપડાનું માપ કરેને, આ કેટલા હાથ ને ઈ. મીટર હવે કહે છે તમારે, નહિ? સડકુમાં લખે છે મીટર. સો મીટર, બસ્સો મીટર. આઠસો મીટર સુધી લખ્યું હોય. ઈ શું મીટર હશે, કોણ જાણે?

કહે છે કે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ વીરપ્રભુએ, મહાવીર ભગવાને,... આ જયંતીમાં કેટલાય એવા ફૂંકશેને, ભગવાને આણ કીધું ને જીવો ને જીવવા દ્યો, ભગવાને આમ કીધું. ભગવાન મહાવીરનો સંદેશ, ત્યારે ઓલા પોકાર કરે, જીવો અને જીવવા દ્યો. ભાઈ, એ જીવવું (નહિ). જીવવું એ આ જીવવું. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે ગણધરોની સમીપમાં, ઈન્દ્રોની સમીપમાં સાક્ષાત્ વાણીમાં આ કહ્યું હતું. ભાઈ! તું તો પૂરી પૂરી સંપદાની ખાણ છો. ખાણમાંથી જેટલી એકાગ્રતા થાય એટલું નીકળે એવી ખાણ તું છો. આહા..હા..! આ ચીરોળીની ખાણ નથી? જેચંદભાઈનો પ્રકાશ ઊંડો ઊંડો જઈને ચીરોળી કાઢે છે. ન્યાં ગયા હતાને. ચિરોળી ઊંચી બહુ ધોળી હોં! સફેદ આમ. લોટ થાય એવો લોટ દેખાય, આ બાજરાનો થાય એવો. લશ્કરના માણસો ઢેબરામાં ભેગું નાખીને ખાય એટલે હાડકા-બાડકા મજબુત થાય, એમ માણસો માને. બાપુ! આ આત્મા એવી ખાણ છે... ઓલા પથરા બહુ સુંવાળા, ધોળા આવા નીકળે. શું કહેવાય? ચીરોળી. ઉપરમાં સાધારણ (હોય), એમ કરતા કરતા કરતા ઊંડે ઊંડે જાયને... એમ આ ભગવાન ઊંડે ઊંડે જાય તો અંદરમાં સફેદ આનંદની ખાણ પડી છે, કહે છે.

આ શરીરને લક્ષમાંથી છોડી દે, કર્મને લક્ષમાંથી છોડી દે, પુણ્ય-પાપના વિકલ્પને લક્ષમાંથી છોડી દે અને વર્તમાન લક્ષ કરનારી પર્યાયને પણ પર્યાયનું લક્ષ છોડી દે. ઊંડી ખાણમાં જાવું છેને. પ્રકાશનો પર્યાય, પ્રકાશ નામ છે એનું. ઓલું કર્યું છે, પુણ્ય હશે એમ થાશે. અજમાઈશ કરીએ છીએ એમ કહેતો હતો. પ્રયોગ કરીએ છીએ, પણ એને હખ ન આવે તો અમારે શું કરવું? અમે તો ... પ્રયોગ કરીએ છીએ, એમાંથી મળવું હોય એમ મળશે. અહીં તો પ્રયોગ કરે એને મળ્યા વિના રહે નહિ. એની ખાણ એવી ઊંડી છે. સફેદ પથરા કાઢતા હતા. સફેદ આમ. હાથમાં લેતા આમ લાગે, આનો લોટ જ એવો ... માખણ જેવો. એટલા રજકણના સુંવાળાનું પરિણમન ઊંડુ જતાં એનું ઉપર જતાં સાધારણ.

આ ભગવાન આત્મા, આ માટી આઘો જતા જડકર્મ, એમાં આઘો જતા પુણ્ય અને પાપના ભેખ, એને જાણનારું જોતા એની જ્ઞાનની પર્યાય અને એ પર્યાય અંદરમાં જોતા અખંડાનંદની ખાણ. કહો, સમજાણું કાંઈ? હવે ધૂળમાં ખાણમાં કાંઈ નથી. એ તો દાખલો એક આપ્યો. ઓલું જોયું હતું, ત્યાં ગયા હતાને. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે એમ ફરમાવ્યું છે ઈ અહીં સંતો કહે છે. ભાઈ! તું ક્યાં અધૂરો છો તો તારે બીજા પાસે માંગવું છે. તું ક્યાં પૂરો નથી કે જેથી તારી નજર બીજું માંગવામાં જાય છે? ભગવાન! તું તો તારી લક્ષ્મીની ઉત્કૃષ્ટ ખાણ છેને. છે? નટુભાઈ! છેલ્લી લીટીમાં છેને. આ માંગ્યા કરે છેને, આ વકીલાતમાં ને આ ભિખારીમાં ને અહીં મળશે ને અહીં મળશે. ને અહીં મળશે. આહા..હા..! એ ઉત્કૃષ્ટ ખાણ છે હોં! આ જગતની ખાણું એ બધી ધૂળની, એમાં કાંઈ ન મળે. હીરાની ખાણું નીકળી. એક ઠેકાણે નીકળ્યાને, બહુ હીરા નીકળ્યા છેને. રાજી રાજી થઈ ગયા છે. બાપા! એ બધી ધૂળ નાશવાન અને એમાં મુંઝવીને મારી નાખશે તને. આહા.. આહા..! એ ખાણું ખોટી છે. આ ચિદાનંદ ખાણ તારી, ભાઈ!

એક ઉપયોગને અંતરમાં આ ચીજ વસ્તુ શું છે? કે પૂર્ણાનંદની ખાણ છે એમ નજર કરતાં... **'અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે...'** અસ્તિ-નાસ્તિ કરે છે. ભાઈ! તારું પદ એવું છે અંદર કે જેમાં વિપદાનું સ્થાન નથી. વિપદાઓનું અત્યંતપણે અપદ, અત્યંતપણે અસ્થાન. વિકલ્પ ને દુઃખની લાગણીની જેમાં ગંધ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? સામે-સામે શબ્દ છે. સંપદાની ખાણ છે અને વિપદાની અત્યંતપણે અખાણ છે, અપદ છે એમ કહેવું છે. સંપદાની સામે આમ ગુલાંટ મારી છે. સમજાણું કાંઈ? આહા..હા..! સંપદા અને વિપદા. એ સંપદા આનંદકંદની ખાણ અને વિપદાની ગંધ જેમાં નથી જરીયે. આપદા જેનામાં નથી જરીયે. આ હોળી કરેને, આમ થયું, એ.. મને આમ થઈ ગયું, મને આમ થઈ ગયું. વિકલ્પ ઉઠાવી પુણ્ય અને પાપના વિકારની લાગણી ઉઠાવીને હું દુઃખી, મને ક્યાંય શાંતિ (નથી). ધૂળમાં ક્યાં ન્યાં શાંતી હતી? સમજાણું કાંઈ?

'વિપદાઓનું...' વિપદા એટલે કોઈ સ્થાન, અરે..! આહા..! દુઃખ આવી પડ્યા, નિર્ધનતા થઈ ગઈ, ધૂળ થઈ ગઈ. ઈ તો તારી કલ્પનામાં હોં! કલ્પના. એ કલ્પનાનું જે વિપદાપણું છે એનું એ અસ્થાન છે. કાઢ્યું, એમાંથી ભાઈ! ઉદયસ્થાન નથી ને દ્રવ્યકર્મ નથી, કહ્યુંને? આહા..હા..! એ બધી વિપદા. આહા..! પણ એને નજર નાખવી, ફેરવવી એને ગોઠતી નથી. કોણ જાણે શું (કામ) એની કિંમત લાગતી નથી એને! સમજાણું કાંઈ? પરમાનંદની મૂર્તિ પ્રભુ પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે. ભાઈ! તારી ખાણમાં તો મોટા આનંદના રત્નો પડ્યા છેને. એક એક અનંતી પર્યાય આનંદની કાઢ તો અનંતી અનંતી ખાણમાંથી ખૂટે એવું નથી. એવી એ ખાણ છે. આ ખાણ તો ખૂટી જશે. પાંચ-પચાસ લાખ મળે, ધૂળ લાખ મળે થઈ રહ્યું, હવે નથી. હવે તળિયે પાણી નીકળ્યા. સમજાણું કાંઈ? આ તો તળિયે જતા

એ વિપદાઓનું તો અસ્થાન છે, સંપદાનું એ સ્થાન છે. ભારે વાત, ભાઈ! બાબુભાઈ! કઈ આ સંપદા હશે આ બધી? પૈસાની?

ઉપર કહ્યુંને, નિત્ય-શુદ્ધ ચિદાનંદ પ્રભુ આત્મા બધા એવા છે. આબાળગોપાળ, બાળગોપાળ શરીરની સ્થિતિ એ આત્માની ઉંમર નથી. આત્મા તો નિત્ય છે. એને સ્થિતિ લાગુ પડતી નથી. એ તો સ્થિતિ વિનાનો છે, અવિનાશી છે. એવા અવિનાશીમાં આનંદ અને જ્ઞાનની ખાણ એ મુખ્યપણે બે કહ્યું. અનંતગુણની ખાણ, ખૂટે નહિ એવી ખાણ અને વિપદાઓનું અત્યંતપણે અપદ છે. આહા..હા..! નરકમાં નારકી જીવ એટલે આમ વિંછીઓ કરડતા હોય, પણ સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ ત્યાં પણ છે નરકમાં હોં! જેમ શ્રેણિક રાજા અત્યારે છેને ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ, પણ એ આનંદની ખાણમાં નજર કરે છેને, આનંદને વેદે છે. આહા..હા..! એ ખાણમાં વિપદાની ગંધ નથી. સમજાણું કાંઈ? આ વળી કેવું? આવું.. આવું.. આવું. ઓલું તો ભાઈ કર્મ અમને ચોંટ્યા છે અને અપવાસ-બપવાસ કરીએ તો તપસ્યાથી કર્મ ખપે, લ્યો. સીધી વાત. એ.. શાંતિભાઈ! કેમ હતું? સીધું હતું કે નહિ? આ વળી એવું કાઢ્યું આડુંઅવળું. આ કરવાનું તો પાર નહિ એવું કરવાનું છે.

અનાદિથી આમ અજ્ઞાનમાં રાગ ને દ્વેષની ક્રિયામાં અને દેહમાં લક્ષ પડ્યું છે, એ ગુલાંટ ખાય ઈ કરવાનું નથી? એ જ કરવાનું અને એ જ પુરુષાર્થ અને એ જ પ્રયત્ન ને એ જ તત્પરનો (પ્રયત્ન), આત્મામાં તત્પરતા કરવી એ જ પ્રયત્ન છે. વળી પ્રયત્ન બીજી કઈ ક્રિયા હશે? પણ એ ક્રિયાની તો ખબર પડતી નથી. બહારથી કાંઈક કરતો હોય, આમ આમ આમ ને લુગડું ફેરવતો હોય ને આહા..! ક્રિયા બહુ સારી કરે છે! ધીરૂભાઈ! કેટલા વર્ષ, નહિ? ઓલા મુહપત્તિના કેટલા બોલ આવે છે? કેટલા આવે છે? એને ખબર હોય ચેતનવિજયને ખબર છે. કરતા હતાને બધું. આહા..હા..! અરે..! ભગવાન! ... તારું કરને, ભાઈ! એ તો બધી જડની ક્રિયાઓ અને એમાં વિકલ્પ ઉઠે એ પણ જરી રાગ અને વિકાર છે. આહા..હા..! ભારે પણ માણસને એમ થાય.. એ.. ભગવાનજીભાઈ! અત્યાર સુધી સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા કર્યા, ચોવિહાર કર્યા, હવે આ બીજું નીકળ્યું. ભાઈ! તારે જે નિર્દોષતા કાઢવી છેને, ભાઈ! એ નિર્દોષતાનો તો ભંડાર તું છો. નિર્દોષતા તારે પ્રગટ કરવી છેને? સદોષતા ટાળવી છેને? નિર્દોષતા પ્રગટ ક્યાંથી થશે? એ નિર્દોષતાની તો ખાણ છે આત્મા. એની ખાણમાં એકાકાર થયે નિર્દોષતા પ્રગટ થશે. બાકી કોઈ એનો ઉપાય નથી.

શ્રોતા :— નિર્દોષ પુરુષના...

પૂજ્ય ગુરુદેવશ્રી :— નિર્દોષ પુરુષ નહિ, નિર્દોષ આત્મા. ન્યાલભાઈ નથી હમણાં.

'વિપદાઓનું અત્યંતપણે અપદ છે (અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી)...' ભગવાન આત્મામાં કષાયની જ્વાળાની ત્યાં ગંધ નથી. અકષાયસ્વભાવથી ભરેલો ભગવાન એમાં વિકલ્પની કષાયની જ્વાળાની ત્યાં ગંધ નથી. એવું ચૈતન્યતત્ત્વ બિરાજમાન તું પોતે

છો. પણ તને તારી કિંમત છે નહિ. પ્રવીણભાઈ! આહા..હા..! જુઓ, આત્મા આત્મા કહે તો આવો આત્મા. સમજાય છે? આમ આત્મા આત્મા કહે, પણ આવો આત્મા. જે વસ્તુપણે પૂર્ણ શુદ્ધ અને આનંદ છે અને વિપદાનું અભાવસ્થાન છે. વિપદા એમાં છે નહિ. પુણ્યનો વિકલ્પ જે ઉઠે દયા, દાનના પરિણામ એ વિપદા-દુઃખ છે, વિકૃત વિકાર છે, એનું એ અસ્થાન છે. આહા..હા..!

ભાઈ! તારી જાતને તેં મોટી કોઈ દિ' માની નહિ અને તારી જાત વિનાની કજાતને તેં મોટી માનીને દુઃખી થયો. જ્યાં વિપદા બિલકુલ નથી '**એવા આ જ પદને...**' જુઓ, આહા..હા..! અનેકાંત કર્યું હોં! '**એવા આ જ...**' આ જ. જ્ઞાન ને આનંદની ખાણ આ જ. આ એટલે તે જ, જેમાં વિપદા વિકલ્પનો અભાવ છે તે જ પદને. એવું જે મારું પદ એને '**હું અનુભવું છું.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એનું નામ મુનિપણું અને એનું નામ ધર્મ છે. આ મુનિ છે, સંત છે દિગંબર મુનિ. મુનિપણું કેવું હોય? હું તો અતીન્દ્રિય આનંદના નિજપદને અનુભવું છું. વિપદા જેમાં નથી એવા પદનું અનુભવનું આચરણ સ્થિર થવું એ અમારું મુનિપણું છે. દેહાદિની ક્રિયા મુનિપણું નહિ, પંચમહાવ્રતના વિકલ્પો ઉઠે એ મુનિપણું નહિ. આહા..હા..! ભારે વાતું પણ ભાઈ આ!

'**આ જ પદને...**' આ જ એમ કહે છેને? 'આ' બતાવે છે શું? હયાતી, વિદ્યમાનતા. આ જ્ઞાન અને આનંદની ખાણ આ. વિપદાનું અભાવસ્થાન તે આ. એ પદને હું અનુભવું છું. એવા નિજપદને અનુસરીને મારી દશા થાય છે. એનું નામ મુનિપણું અને ધર્મ કહેવાય છે. આહા..હા..! (શ્રોતા :- આજે આપે આનંદની ખાણ બતાવી દીધી!) સમજાણું કાંઈ? આ શ્લોક ઈ આવ્યો છે કે નહિ? સવારે સ્વસંવેદન આવ્યું હતું. કહો, આમાં સમજાય છે કે નહિ? એઈ.. છોકરાઓ! એ.. મોહનલાલજી! મોહન! આ બધા થયા છેને, શું થયા હતા? અકલંક નિકલંક. શું થયો હતો ઈ? અકલંક થયો હતો? અકલંક આ છે આત્મા એમ કહે છે. અકલંક થયો હતો. એ પાટીદાર છે. હુશિયાર છે. કણરાથી બી ભોગવે તેનું નામ કણબી. બીડાથી કણ ભોગવે એનું નામ ... આ ભગવાન ચૈતન્યમૂર્તિ જે મોક્ષનું બીજ છે એને રાખીને અનુભવદશા કરે એનું નામ કણબી છે. આવે છે, અનુભવપ્રકાશમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! તારું બીજડું તો ચિદાનંદ છેને. એને કહે છે કે હું તો મારા નિજપદને, વિપદાનો જ્યાં અભાવ છે અને સંપદાનો જ્યાં ભરપૂર ભાવ છે એને હું અનુભવું છું. મારી દષ્ટિ ત્યાં પડી છે. લખવા વખતે વિકલ્પ ઉઠે તોય કહે છે, હું તો ત્યાં છું. રાગમાં ને વિકલ્પમાં ને પુસ્તક બનાવવામાં હું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુસ્તકની રચના આ શ્લોક થાય છે એમાં હું નથી. એ તો જડની પર્યાયથી આ પુસ્તક રચાય છે. આહા..હા..! અને આ વિકલ્પ ઉઠ્યો છે જરી આ, એમાં હું નથી. હું તો જ્યાં છું એ રાગરહિત પદને અનુભવું છું, એમ કહે છે. વિકલ્પને હું અનુભવતો નથી. આહા..હા..! ક્યાં ગયા કાંતિભાઈ? વીરજીભાઈ

યાદ આવ્યા. એક ફેરી વિરજીભાઈ કહેતા હતા, રાગ સામું જોવે કોણ? રાગ આવે અની સામે જોવે શું કામ? આમ પડ્યો છે મોટો ચિદાનંદ પ્રભુ. સમજાણું કાંઈ? '**એવા આ જ પદને હું અનુભવું છું.**' હું અનુભવું છું. હું આવો એને હું અનુભવું છું. ૫૭.

(वसन्ततिलका)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

જેને રખડવાની દુકાન ઉઠાવવી હોય એની વાત છે આ. કનુભાઈ! જેને રખડવાની દુકાન સ્થાપી છે એને ઉથાપવી હોય એની આ વાત છે. અનાદિથી દુઃખની દુકાન સ્થાપી છે. એને દેવાળું કાઢીને ભુંહાડિયો વાળવાની વાત છે. કહો, સમજાણું કાંઈ? ઈ તો કહે છે કે તું પરની ઓશિયાળી રાખીશ તો પરાધીન થઈશ. પરાધીન સ્વપ્ને સુખ નથી.

શ્રોતા :— આપે કહ્યું કે ભગવાન તો સહેલું કરીને સમજાવે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમજાવ્યે ઈ સમજે તો એને સહેલું કરીને સમજ્યો એમ કહેવામાં આવે. હવે કહે છે જુઓ,

'**શ્લોકાર્થ :— (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી...**' બેય. શુભભાવ કે અશુભભાવથી બંધાયેલું કર્મ. એ '**સર્વ કર્મરૂપી વિષવૃક્ષો...**' એ બધા કર્મ ઝેરના ઝાડ છે. આહા..હા..! એ બધું ન્યાં લીધું છે. પ્રકૃતિ લીધી છે. ઓહો..હો..! આત્મા એમાં ઉપર જેટલી પ્રકૃતિઓ કર્મની નામકર્મ આદિની બંધાણી હોય, જશોકીર્તિ... સમજાય છે કાંઈ? બાદર, પર્યાપ્ત એવી પ્રકૃતિઓ કર્મની છે, આઠ કર્મ છે અને આઠ કર્મના પેટાભેદ ૧૪૮ પ્રકૃતિ છે. ભગવાન પરમેશ્વરે આઠ કર્મ જોયા એના પેટાભેદોના ભાગ ૧૪૮ છે અંદર. એ પ્રકૃતિ બધા વિષના ઝેરનું ઝાડ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું હોયને, તીર્થંકરગોત્ર બાંધેલું એ પણ ઝેરનું ઝાડ છે. કાળાકેરની વાત લોકોને કઠણ પડેને. પણ તીર્થંકરપ્રકૃતિ એ તો જડ છે, પરમાણુ છે અને જે ભાવ હતો એ તો આસ્રવ હતો. એ આસ્રવ પુણ્ય હોય એનું બંધન થાય. સમજાય છે કાંઈ? ધર્મથી બંધન હોય નહિ. આહા..હા..!

અહીં કહે છે કે એ સર્વ કર્મ. સર્વ કર્મમાં બાકી રાખ્યું છે કાંઈ? પાછી નાખી એમાં આવી ગઈ જાણીને. સ્પષ્ટ કરી. આઠ કર્મમાં કોઈ તીર્થંકરપ્રકૃતિના રજકણો બંધાઈ ગયા હોય તોપણ ભગવાન પરમાત્મા કહે છે ઈ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. એમાં આત્માને લાભ જરીયે નથી, એમ કહે છે. ઓલા રાજી થઈ જાય, આહા..! પુણ્યફલા અરહંતા. અરે..! એ તો પુણ્યનું ફળ તો સંયોગ સમવસરણની વાત કરી. પુણ્યનું ફળ શું વીતરાગતા અંદરમાં પુણ્યના ફળે મળે? અહીં તો કહે છે કે આત્મા અમૃતનું ઝાડ છે, પ્રકૃતિ ઝેરનું ઝાડ છે. બે ઝાડ

છે, ભાઈ! આહા..હા..! ભગવાન! કીધુંને બધું પહેલું? અમૃતની સંપદાની ખાણ છે. ખાણ કહો. અંદર તો સંપદા એકલી આનંદની ખાણ પડી છે, એમાંથી આનંદ નીકળે એવું છે. પ્રકૃતિમાં એકલું ઝેર છે. કરે છે, કોનો વિરોધ કરે છે? એનો કે આનો? એઈ..! પણ આ લખ્યા છે એનું ચાલે છે કે કોઈ કલ્પનાની ઘરની વાત છે આમાં? આ શું કહે છે? આહા..હા..! લખ્યાનો સ્પષ્ટીકરણનો ઉકેલ છે.

'સર્વ કર્મ...' શબ્દ જે પડ્યો છે, સમયસારમાં એ જ આવે છે, એની જ આ વ્યાખ્યા કરે છે. ૧૪૮ પ્રકૃતિને સમયસારમાં ઝેરના ઝાડ કહ્યા છે. કાંતિભાઈ! આહા..હા..! ભગવાન! તું તો અમૃતનો પિંડ છોને. અતીન્દ્રિય અમૃતનો પિંડ પ્રભુ, તારાથી વિરુદ્ધ પરમાણુના પ્રકાર પડ્યા જે સ્વભાવ આદિ એ તો બધા અમૃતથી વિરુદ્ધ માટે ઝેર છે. આહા..હા..! હજી તો શુભભાવને ભગવાને ઝેર કહ્યું છે. સમજાણું કાંઈ? આત્મા અમૃતની ખાણ અતીન્દ્રિય આનંદ એમાંથી જેટલો વિકલ્પ ઉઠાવે શુભનો હોં, એ દયા ને દાન ને ભક્તિ ને પૂજાનો શુભભાવ એ અશુભથી બચવા હો ભલે, છે ઝેર. રાડ નાખે એવું છેને, માણસને પછી. સમયસારમાં પાઠમાં છે એ તો વાત છે. કહો, હીરાલાલજી!

શ્રોતા :— વિષવૃક્ષ... પણ આ ઝેર છે એમ સાંભળીએ ત્યાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :— પણ આ વિષ એટલે ઝેર અને વૃક્ષ, એનું ઝેરનું ઝાડ છે. ઝાડ ફળે, ઝેરના ઝાડમાં ફળે શું? કેરી પકવવી છે એમાં? પહેલી વાત કરી કે ભગવાન આત્મા આનંદની ખાણ કીધી. ખાણ કહો કે વૃક્ષ કહો. એમાંથી આનંદના ફળ જ પાકે. અતીન્દ્રિય આનંદના ફળ પાકે એવું ઝાડ હોય તે આત્મા. એનાથી વિપરીત લક્ષણવાળા તત્ત્વો પ્રકૃતિના ૧૪૮ જડ માટી ધૂળ ઝીણી રજકણ છે. આ માટી સ્થૂળ છે, કર્મના રજકણો ઝીણા ઝીણા પણ છે રજકણ, માટી, ધૂળ, મૂર્ત અને અજીવ. ભગવાન ચૈતન્ય અને એની સામે એ પ્રકૃતિ જડ. અહીં ચૈતન્ય અમૃતની ખાણ તો પ્રકૃતિ ઝેરની ખાણ અને ઝેરનું વૃક્ષ છે એમ કહ્યું છે. એ વૃક્ષ ફાલશે તો એમાંથી ઝેરના ફળ પાકશે, આત્માના નહિ. આહા..હા..! એટલે એમ કે આપણે કાંઈક બાંધીએને, પુણ્ય બાંધીએને પછી એમાંથી આપણને દેવલોક થાય ને પછી કાંઈક સાધન થાય, પૈસા-બૈસાના સાધન થાય, નિવૃત્તિથી પછી ધર્મ-બર્મ કરીએ. મૂઢ છો, સાંભળને! નટુભાઈ! તારા સ્વભાવથી ચૈતન્યમૂર્તિથી વિરુદ્ધના સ્વભાવ લક્ષણવાળા એ કર્મોના પ્રકૃતિભાવ. તું અમૃત છો તો એ ઝેર છે. તું જીવ છો તો તે જડ છે, તું અરૂપી તો એ રૂપી છે, તું શાંતિદાયક છો તો એ અશાંતિને આપનારા સંયોગ છે. આહા..હા..! પણ એને એની પોતાની મહત્તાનું ભાન નથી. આમ.. આહા..! અરે..! તીર્થંકરપ્રકૃતિ તો સમવસરણ આપે. એઈ..! ધર્મસભા, ઈન્દ્રો આમ ચામર ઢાળે ચોસઠ, ખમા અન્નદાતા! એને શું છે? એ તો વીતરાગ થઈ ગયા છે, એ તો કેવળી થયા. પૂર્ણ કેવળ પામ્યા ત્યારે તીર્થંકરપ્રકૃતિ ફળી. ફળી એટલે આ સમવસરણ થયું. એમાં આત્માને શું? આહા..હા..! એ તો જ્ઞેય થઈ

ગયું જ્ઞાનમાં. એ એને ગળે ઉતાર્યે છૂટકો છે હોં! જો સુખ લેવું હોય તો. ભાઈ! આ વાત છે. માખણ ચોપડશે બીજા કે આમ થાશે ને તેમ થાશે, મરી જઈશ એમાં.

શ્રોતા :— અપવાદ હોયને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— અપવાદ છેને કે શ્રદ્ધા-જ્ઞાનમાં તો પરિપૂર્ણ છું એમ લે નક્કી. સ્થિરતાને માટે ક્રમ પડે છે એ અપવાદ. સમજાણું કાંઈ? એકદમ સ્થિરતા કરી શકે નહિ. પણ પહેલે ધડાકે પૂર્ણાનંદનો નાથ, વિપદાનો અભાવ એવો આત્મા એણે પ્રતીતમાં લીધા વિના ધર્મની શરૂઆત નહિ થાય. એમાં ખંડ-બંડ પડતા નથી. એને કોઈ અપવાદ નથી. સ્થિરતામાં થોડી થોડી. કોઈને થોડી છે. એમ અપવાદ એટલે એના ભંગ પડે એટલું. સમજાણું કાંઈ? એની સ્થિરતા છે એટલી. વીપરીતતા છેને, એટલી સ્થિરતામાં પડે છે. વસ્તુની દૃષ્ટિમાં અખંડમાં કંઈ ખંડ એક અંશ પણ ન હોઈ શકે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આહા..હા..!

ભાઈ! તને તારી મોટપની વાત સાંભળતા... ઓલા વહી વંચાવેને બારોટ. એમાં પંદરમા ભવની વાત કરે. તમારો દાદો આમ હતો પંદરમા ભવમાં એને પાંચ લાખની મુડી હતી તે દિ' અને એક વાવ બનાવી હતી પછી આમ જમાડ્યું હતું, પછી ગામ જમાડ્યું હતું. હેં..! ત્યારે હડકો આવે એને. એની પાસે કાંઈ ન મળે. પણ દસ પેઢીએ કો'ક વહીવંચો કહે.. આ ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વર વહીવંચા બારોટ છે કેવળજ્ઞાનના બધાના. તારા આત્મામાં અનંતી ખાણ અનાદિની આનંદની પડી છે, લે! એમાં કેમ તું રાજી થતો નથી? ઓલાની વાત કહે તો, હા, અમારા બાપ હતા. તારે શું પણ એમાં? આ ચોપડામાં લખ્યું નથી? આ શું લખ્યું છે? સમજાણું કાંઈ? આહા..!

શરીર સ્ત્રીના, પુરુષના, બાળકના, વૃદ્ધના, જુવાનના ન દેખો. ભગવાન એ શરીરરૂપે કોઈ દિ' નથી. આત્માને કર્મવાળો એમ ન દેખો. ભગવાન કર્મવાળો નથી. એને વિકારના, પુણ્ય-પાપના ભેખવાળો ન જુઓ, એ વિકાર વિનાનું તત્ત્વ તે વિકારવાળું નથી. આહા..હા..! સમજાય છે? એ સર્વ કર્મરૂપી ઝેરના વૃક્ષથી ઉત્પન્ન થતાં, '**નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને...**' નિજરૂપથી વિલક્ષણ. પોતાનું સ્વરૂપ તે આનંદ. અરાગી વીતરાગી ભગવાન આત્માનો સ્વભાવ એ નિજપદથી વિલક્ષણ, વિપરીત લક્ષણવાળા એ ઝેરના ફળ છે કહે છે લ્યો. આહા..હા..! નિજસ્વરૂપથી તો લક્ષણ એનું જુદું છે. પાંચ-પચાસ લાખ મળે કે બહારમાં ઈન્દ્રપદ મળે, સમજાય છે? અહમિન્દ્ર પદ મળે, સર્વાર્થસિદ્ધનો ભવ મળે એ બધા નિજપદરૂપી વસ્તુથી વિલક્ષણ એવા ફળ છે એના. કોના? એ કર્મપ્રકૃતિના. આહા..! ચંદુભાઈ! દેવ થાશુંને ત્યાં, ઈન્દ્ર થાશું આપણે... બત્રીસ લાખના વિમાન.. આહા..! જન્મે ત્યાં, અન્નદાતા! આહા..! આપણેયયય ભાઈ! એ પ્રકૃતિના ફળો તારા નિજસ્વરૂપના લક્ષણથી વિપરીત લક્ષણવાળા છે. એમાં તને પ્રતિષ્ઠા અને અધિકપણું લાગતું હોય તો તારા સ્વરૂપનું તને અધિકપણું દૃષ્ટિમાં આવતું નથી. બરાબર છે?

'**નિજરૂપથી વિલક્ષણ...**' અહીં તો જુઓ, તીર્થંકરપ્રકૃતિ ફળે એને નિજસ્વરૂપથી વિલક્ષણ ફળ કીધા. સમવસરણ ફળે એ નિજસ્વરૂપથી વિલક્ષણ છે. એ.. હિંમતભાઈ! આવ્યું કે નહિ એમાં? આહા..હા..! સમવસરણ ને આમ ઈન્દ્રો ને આમ ખમ્મા ખમ્મા દેવો (કરે). સમજાણું? આમ જરી નજદીક આવો. છોકરાઓને જરી ભીહાણ થાતું હશે. એની પાછળ... ઉંઘ આવી જાય છે એને. કેમ થયું?

નિજસ્વરૂપ અખંડ આનંદ એના ફળનો આશ્રય કરતા ફળ ફળે શાંતિ અને આનંદ. આ પ્રકૃતિના ફળ નિજસ્વરૂપથી વિલક્ષણ છે. ચાહે તો ઈન્દ્રપદ ફળે, ચાહે તો સમવસરણ ફળે, ચાહે તો રાજપદ ફળે, ચાહે તો અબજોના શેઠિયા ધૂળના કહેવાય ઈ ફળ ફળે. એ નિજસ્વરૂપથી વિલક્ષણ છે. પ્રકૃતિના ફળ નિજસ્વરૂપથી વિલક્ષણ, વિપરીત છે. ..ભાઈ! ભારે વાત! આ તો બધી દુનિયાની મહત્તાના મીંડા વાળી દીધા. એ તો પહેલું કીધુંને, તારે ઉઠાવવી હોય દુનિયાની દુકાન તો દુનિયાના પાર અને આત્માની આ વાત છે.

'**વિલક્ષણ એવાં ફળોને છોડીને...**' એટલે શું કહે છે? તારો આત્મા આનંદ એના ફળની તું ભાવના કર. પ્રકૃતિ આવી ફળશે ને ફલાણું થાશે એ વાત છોડી દે. પ્રકૃતિ પડેલી હોય પણ એનું ફળ આવશે કે નહિ, લક્ષ છોડી દે. આહા..હા..! મનુષ્યપણું તો મળશેને પછી, ફલાણું તો મળશેને. ફળનું લક્ષ છોડી દે. '**જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...**' જુઓ, શું કહે છે? એ કર્મપ્રકૃતિના ફળથી ઉત્પન્ન થયેલું ફળ નિજસ્વરૂપથી વિલક્ષણ એનું જે લક્ષ છોડી દે છે, એ અત્યારે '**સહજ ચૈતન્યમય આત્મતત્ત્વ...**' તત્ત્વ કેવું છે ભગવાન? સહજ સ્વાભાવિક ચૈતન્યમય આનંદમય આત્મા (છે) એને ભોગવે છે. એવા આત્માને તે જ્ઞાની ભોગવે છે. એને પ્રકૃતિના ફળ ભોગવવાની ઈચ્છા અને ભાવના નથી. સમજાણું કાંઈ?

મુનિ છેને પંચમઆરાના એ તો સ્વર્ગમાં જ જાય. કેવલ્ય નથી, મોક્ષ નથી, આ કાળે કેવલ્ય નથી. છતાં કહે છે, એ ફળને અમારે ભોગવવા નથી. સમજાણું કાંઈ? '**હમણાં...**' એમ છેને શબ્દ? '**अधुना**' '**अधुना**' શબ્દ છે. હમણાં. આત્માની દૃષ્ટિ કરતાં કર્મના ફળને છોડ્યા જેણે લક્ષમાંથી તે જ કાળે સહજ ચૈતન્યમય આત્મતત્ત્વ. આત્મા કોણ છે? કે સહજ ચૈતન્યતત્ત્વ. બસ એટલું. એમાં પુણ્ય-પાપના ફળ ને રાગ ને વિકલ્પ એ આત્મામાં છે નહિ. સહજ ચૈતન્યમય આત્મતત્ત્વ એને વર્તમાનમાં ભોગવે, અનુભવે છે. '**તે જીવ...**' જુઓ, ભોગવે છે તે મોક્ષમાર્ગ કહ્યો, ભાઈ! નિયમસાર છેને! હમણાં સહજ ચૈતન્યમય પ્રભુ એવું જે આત્મતત્ત્વ એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને જે ભોગવે છે એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

'**તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે...**' આ મોક્ષ. મોક્ષનો માર્ગ અને મોક્ષ, બેય નાખ્યા એમાં. આત્માના આનંદને અનુભવવો, ભોગવવો એ મુક્તિનો માર્ગ. આરે.. આરે..!

સમજાણું કાંઈ? અનાકુળનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને કર્મ અને કર્મના ફળના લક્ષને છોડી, ભગવાન આત્માના આનંદ ઉપરનો અનુભવ દૃષ્ટિ કરી અને જે આનંદને ભોગવે છે, મોક્ષમાર્ગ એટલે આનંદનો અનુભવ, મોક્ષમાર્ગ એટલે આત્માનો અનુભવ, મોક્ષમાર્ગ એટલે આત્માનો ભોગવટો. અરે..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

નિયમસાર છે આનું નામ. નિયમસાર નામ મોક્ષનો માર્ગ. કહે છે કે એ આત્મતત્ત્વને ચૈતન્યરૂપ ભગવાન આત્માને અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન એનું કરીને સ્થિરતાનો અનુભવ કરે છે એને મોક્ષમાર્ગ ભગવાને કહ્યો છે. ભગવાને એને મોક્ષનો માર્ગ કહ્યો છે. પાંચમા આરામાં પણ તે અનુભવને મોક્ષનો માર્ગ કહ્યો છે. આહા..હા..! ભારે વાત માણસને લાગે હોં આમ. બહારનું શું કરવું પણ આમાં? કહે છે કે બહારનું કરી શકતો નથી, મૂકને લપ હવે. રજકણનું પલટવું, આ શરીરનું હાલવું, ચાલવું એ તો જડની ક્રિયા છે. તારી ક્રિયા કે દિ'? તેં કે દિ' કરી હતી? તારામાં પુણ્ય ને પાપના ભાવ થાય એ વિકાર છે, એને છોડી દે લક્ષમાંથી. ભગવાન આખો પડ્યો છે આનંદકંદ એને તો લક્ષમાં લે.

શ્રોતા :— ... કડક થઈને કહે તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— કડક થઈને કહે ... ચક્રવર્તી મોટો રાજા મળવા આવ્યો હોય તો એની સામું જોવે. ભિખારી પાંચ-પચ્ચીશ આવે તો એની સામું છોડી દે જોવાનું. છોડી દે કે નહિ જોવાનું? આવો અન્નદાતા, આવો, આવો, આવો. ઓહોહોહો..! એઈ..! અહીં તો એક સાધારણ બે, પાંચ લાખનો આસામી આવ્યો હોય તો, ઓહો..! અમારા આંગણા ઉજળા થયા. આ તો ચા પીવા આવ્યો હોયને ઘરે. ઓલી મોટર નીકળી હોય ને એને ખબર પણ ન હોય. ભાઈ! ચા કરો ચા. કેમ શું છે? હમણાં અહીંથી જવું છે. ઓહો..! બહુ સારું કર્યું... બહુ સારું કર્યું... બહુ સારું કર્યું... એમ કહેને? આહા..હા..! બહુ સારું કર્યું અમને સંભાર્યા તમે! જતા હતા તો જતા હતા ને ટાઈમ થઈ ગયેલો. સાડા આઠ વાગી ગયેલા એટલે ક્યાં ચા (પીવા જવું) હવે. આપણું ઘર છે આ. પોપટભાઈનું આપણું ઘર કહેવાય. પોપટભાઈ! મગનભાઈને ન્યાં બહુ આવે. ટાણે-બાણે આવે દૂધ પી જાય. ખુશ થાય ઓહોહો..! સારા માણસને તું આ પ્રમાણે આદર કરવા હો..હો.. કરવા માંગે છો, તો સારો તો ભગવાન છે. સમજાય છે? એને તો ઓહો..હો..હો..! આપ પધાર્યા! આપ જાગ્યા! એની તો તને દરકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, આવો આત્મા ચૈતન્યમય તત્ત્વ એની અંતરમાં એકાગ્રતા દ્વારા જે આત્માનો ભોગવટો થાય, જે પુણ્ય અને પાપના ફળ અને પુણ્ય-પાપનો ભોગવટો જેણે દૃષ્ટિમાંથી છોડી દીધો છે, કારણ કે એ વિકારનો અનુભવ અને પ્રકૃતિના ફળનો અનુભવ એ ઝેર ને સંસાર છે. એ સંસારના રાહ છે. જેણે ભગવાન આત્મા શુદ્ધ આનંદના ખાણની જેણે એકાગ્રતા કરી અને એને અનુભવે છે, ભોગવે છે એનું નામ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને

એનું નામ અનુભવ છે. અને એનું નામ મોક્ષનો માર્ગ છે. આ આત્માને ભોગવે એટલામાં મોક્ષમાર્ગ નાખ્યો છે, લ્યો. સમજાણું કાંઈ? વચ્ચે વ્યવહાર આવે ઓલો રાગાદિનો એ જાણવામાં રહે, એમ કહે છે. આહા..હા..!

શ્રોતા :— એને સંભારે ક્યાં!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સંભારે ક્યાં? પણ અહીં ક્યાં સંભારે એને? આહા..હા..! લગન ટાણે મોટા સારાને સંભારેને કે સાધારણને સંભારતા હશે? ઓહો..! સારું ટાણું છે, બાપા! સારો સગો આવે છે તો કાંઈક આપી જશે છોડીને સાડલો પાંચસો, હજાર રૂપિયાનો. એમ સંભારે કે નહિ? ત્યારે અહીં મોટાને સંભારવા છે કે નીચને? કહે છે. આહા..હા..!

'તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે—એમાં શો સંશય છે?' છેને? **'संशयः कः'** આહા..હા..! શું કહે છે? આ પંચમકાળના મુનિ છે હોં! દિંગબર લિંગ જેનું, નગ્ન અવસ્થા, જંગલમાં વસતા. નગ્ન અવસ્થા જંગલમાં વસતા એ મુનિઓ સંત હતા. પહેલી દશા એ હતી મુનિની. આ તો બધું ફેરવી નાખ્યું. સમજાણું કાંઈ? અનાદિનો વીતરાગમાર્ગ એ બહારમાં નગ્ન દશા, અંતરમાં આનંદના અનુભવના શેરડા ફાટતા હોય. એ આત્માનો ભોગવટો. એને ભગવાન મુનિપણું અને મોક્ષનો માર્ગ કહે છે. મુનિપણું એને કહે છેને? ભાઈ! દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ. એઈ..! પ્રવચનસાર. આહા..હા..! શુદ્ધ આત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગ કહે છેને. શુદ્ધ આત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ, પ્રવચનસારમાં આવે છે પાછળ. ઈ જ આ કહે છે. શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ. એ શુદ્ધ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, ચારિત્ર. એની પ્રવૃત્તિલક્ષણ એવો મોક્ષનો માર્ગ એ આત્માને ભોગવે એ અલ્પ કાળમાં મુક્તિને પામે. નિઃસંશય, એમાં સંશય શો? કહે છે. જેને બીજ ઉગી એને પૂનમ થાય એમાં નવાઈ શી? કહે છે. સમજાણું કાંઈ?

એમ જેણે ભગવાન આત્મા અનાકુળ જ્ઞાન અને આનંદના જેણે મોક્ષમાર્ગમાં સેવન કર્યા છે, એ સેવનના ફળમાં પૂર્ણ મુક્તિ મળે એમાં સંશય છે નહિ. એમાં કોઈને પૂછવા જાવું કે મુક્તિ થાશે કે નહિ અમારી? એમ પૂછવા જાવું પડે એવું નથી એમ કહે છે. આ પંચમઆરાના મુનિ મુક્તિના પોકાર કરે છે, લ્યો. 'અત્યારે મુક્તિ (નથી).' હવે સાંભળને. મુક્તિ... આહા..હા..! મુક્તસ્વરૂપ એવો ભગવાન આત્મા અનાકુળ આનંદની ભરતીથી ઉછળતો પ્રભુ એને અમે અનુભવીએ છીએ, કહે છે. આહા..હા..! એમ કહીને, આત્મા શુદ્ધ આનંદકંદ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની લીનતા એવો મોક્ષમાર્ગ એ આત્માનો ભોગવટો જ છે. સમજાણું કાંઈ? એ અનાકુળ આનંદનો કંદ છેને નાથ. એના ઉપર લક્ષ કરીને જે સ્થિરતા ને શાંતિ ને શ્રદ્ધા પ્રગટ્યા જે રાગ વિનાની દશા, વિકાર વિનાની નિર્વિકારી સ્વભાવની નિર્વિકારી દષ્ટિ, નિર્વિકારી સ્વભાવનું નિર્વિકારી જ્ઞાન, નિર્વિકારી સ્વભાવની નિર્વિકારી સ્થિરતા. ઈ આત્માનો ભોગવટો કર્યો પર્યાયથી.

સહજ ચૈતન્યમય આત્મતત્ત્વ એને ભોગવે છે એ પર્યાય છે. ચૈતન્યમયતત્ત્વ ઈ ત્રિકાળી. સહજ ચૈતન્યમય આત્મા એ ત્રિકાળી ભગવાન આત્મા, એને ભોગવે છે વર્તમાન દશા એ પર્યાય છે. પર્યાય શું? દ્રવ્ય શું? કોઈ દિ' સાંભળ્યું ન હોય. આપણામાં પર્યાય ન હોય. એક જણ કહેતું હતું, પર્યાય-બર્યાય આપણામાં ન હોય. કોઈ દિ' સાંભળ્યું ન મળે, વીતરાગ શું કહે છે અને વીતરાગના શબ્દોની ખબર ન મળે. અહિંસા પાળો આપણે. '...' ભગવાને અહિંસા કીધી. પણ એ અહિંસા કઈ? સાંભળી નથી તેં અહિંસા. એ આત્માના ભાનમાં ઠરીને રાગની ઉત્પત્તિ વિકલ્પની ન થાય એવો જે આત્માનો અનુભવ તેને અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..! અહિંસાની વ્યાખ્યા પણ જગતથી જુદી છે, ભાઈ! ભગવાને અહિંસા કીધી. વીર ભગવાને આમ કીધું. આવું પોકારશેને બધા, ઘણા ભાષણો આપશે. ચારે કોર. મોટી હિંસા થઈ રહી હતી, યજ્ઞો થઈ રહ્યા હતા. ભગવાને બધા યજ્ઞો બંધ કરાવ્યા, હિંસા બંધ કરાવી. ભગવાન કરાવતા હશે? આમ કરાવ્યું. હિંસા બહુ હતી, સ્ત્રીઓનો અધિકાર નહોતો. સ્ત્રીઓને નીચ ગણતા ફલાણું, એ ભગવાને બધાને અધિકાર આપ્યા. ઓહો..હો..! ઓલા જાણે કે આહા..હા..! ભાષણ મૂકને તારા, ઊંટડા ભૂંકે એવા તારા ભાષણ છે. ભગવાન તો પોતે પોતાનો અનુભવ કર્યો અને કેવળજ્ઞાન (પ્રગટ) કર્યું. ભગવાને પરનું કર્યું છે? સમજાણું કાંઈ? મોહનભાઈ!

કહે છે કે અહીં તો આત્મા પોતાના સ્વભાવનો અનુભવ કરીને મુક્તિને પામે એ એનું કર્તવ્ય છે. એ તો પહેલા કહ્યુંને... સમજાણું? '**णियमेण य जं कज्जं**'. ઈ પહેલું પદ આવી ગયું છેને. નિયમથી જે કર્તવ્ય છે આત્માનું એ આ ભોગવટો ઈ. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ નિયમથી જીવનું કર્તવ્ય (છે). એ કાર્ય ભગવાને કર્યું છે. કોઈનું કાર્ય કર્યું નથી અને કોઈના કાર્યને ભગવાને અટકાવ્યા નથી. કો'કના કાર્યને કોણ અટકાવે? એ તો એને કારણે અટકેલા હતા. આહા..હા..! ભારે વાત, ભાઈ! આકરી વાત પડે હોં માણસને આમ લાગે.. આટલા આટલા વર્ષથી સાંભળતા આવ્યા છીએ ઈ બધી વાતું ખોટી ત્યારે? બાપુ! કોઈ પરપદાર્થની અવસ્થા કોણ કરે? અને પરપદાર્થની અવસ્થા થતીને કોણ અટકાવે? એ તો એને કારણે અટકવાનો યોગ હતો તો એ અટકી છે. ભગવાને તો કેવળજ્ઞાનમાં જાણ્યું છે કે આ અટકવાની આ અવસ્થા અત્યારે અટકશે અને થવાની આ કાળે થાય એમ ભગવાને જ્ઞાનમાં જાણ્યું હતું. સમજાણું કાંઈ?

અહીં તો મુનિ છે હોં! આચાર્ય નથી. ચૈતન્યમય તત્ત્વને અનુભવે. એમ ભોગવે કહો કે અનુભવે કહો. શું શબ્દ છે? '**भुंक्तेऽधुना**' તે જીવ, જેણે આત્માના અનુભવના રસ્તા લીધા એને પૂર્ણ પ્રાપ્તિ થયા વિના રહે નહિ, એમાં સંશય શો? એની મુક્તિ મુક્તિ ને મુક્તિના જ ભણકાર છે અને સંસાર-ફંસાર ને ભવ-બવ એના હોતા નથી. આ પ્રમાણે અનુભવે એને સંસારનો નાશ થાય છે અને મુક્તિ થાય છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૪, સોમવાર, તા. ૪-૦૪-૧૯૬૬, ગાથા-૪૧, પ્રવચન નં. ૪૧

... એ મોક્ષનો માર્ગ. એ મોક્ષનો માર્ગ કોના આશ્રયે પ્રગટ થાય? એ અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગ છે પર્યાય, મોક્ષમાર્ગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. પર્યાયને આશ્રયે પર્યાય પ્રગટ ન થાય. વસ્તુ જે જીવ શુદ્ધભાવ ત્રિકાળ એકરૂપ ચૈતન્યશક્તિનું સત્ત્વ એવો અનંતગુણનું સત્ત્વરૂપ શક્તિ ભાવ એને આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. એથી જે પર્યાયના પ્રકાર છે એ દ્રવ્યમાં નથી એમ અહીં સિદ્ધ કરીને શુદ્ધભાવનો આશ્રય કરવામાં અવલંબે આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? ૪૦ ગાથા થઈ. સમયસારમાં આવે છે કે 'નથી આ, નથી આ.' નહિ ૨૯ બોલ? (ગાથા) ૫૦ થી ૫૫. ૨૯ બોલ. અહીં ૪૯ બોલ છે. નવ બોલ થયા બે ગાથામાં. બે ગાથા થઈને? '**णो खलु सहावठाणा**'થી ઉપડ્યું છે. ૩૯, ૪૦. જરી સૂક્ષ્મ વાત તો પડે પણ વાત તો જેમ હોય એમ આવેને.

આ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ એક સેકંડના અસંખ્યભાગમાં છે ત્રિકાળ રહેનારું પણ વર્તમાન ધ્રુવસ્વભાવ એકલું ચૈતન્યદળ આનંદકંદ દળ એકરૂપ એને અહીંયા શુદ્ધભાવ કહે છે. એની દૃષ્ટિ કરતા જ સમ્યગ્દર્શન થાય છે. એ વિના ધર્મની શરૂઆત ત્રણકાળમાં બીજે કોઈ પ્રકારે થતી નથી. એવો જે શુદ્ધભાવસ્વરૂપ એમાં આ પર્યાયોના ભેદો એ ધ્રુવમાં નથી. એમાં તો અત્યારે ભાવ આવ્યો છે, ચાર. '**णो खइयभावठाणा**' ભાવ શબ્દે ત્યાં પર્યાય છે.

णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।
ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।
સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણા નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

'**ટીકા :—**' આત્મામાં ક્ષાયિકભાવનાં સ્થાન નથી. રાડ નાખી જાય એવું છેને? એક તો સાધુ નામધારી આ વાંચતા કહે છે કે 'આ શું?' '**णो खइयभावठाणा**'? નહિ, નહિ; સિદ્ધને પણ ક્ષાયિક તો છે. છે કે નહિ? સિદ્ધ ભગવાનને ક્ષાયિકસમકિત, ક્ષાયિક કેવળજ્ઞાન, ક્ષાયિક કેવળદર્શન, ક્ષાયિક આનંદ (છે). અને ક્ષાયિકભાવ નથી આત્મામાં? એવો એને તર્ક (ઉઠ્યો). વાંચતા આવડ્યું નહિને. ખબર નહિને, બીજું વાંચેલું ગોટા, એમાં જ્યાં આ નિયમસાર હાથમાં આવ્યું, આ બોલ આવ્યો જ્યાં '**णो खइयभावठाणा.**' ભાઈ! કહે છે કે આત્મા વસ્તુ છે ધ્રુવ અનંતગુણનો રસકંદ ચૈતન્યધામ એની અવસ્થામાં જેટલા પ્રકારો થાય છે પર્યાયમાં,

ભલે કેવળજ્ઞાનાદિ હો, કેવળદર્શન હો, સિદ્ધપદ પણ એ પર્યાય છે, એ અવસ્થા છે. ક્ષયોપશમભાવ પણ એક પર્યાય-અવસ્થા છે, ઉદયભાવ પણ એક દયા, દાન વિકલ્પ પણ એક અવસ્થા વિકારી છે અને ઉપશમભાવ સમકિત ને ચારિત્રનો ઉપશમપર્યાયભાવ એ પણ એક અવસ્થા છે અને એની સ્થિતિ એક સમયની જ હોય છે. ક્ષાયિક કેવળજ્ઞાન થાય તોપણ કેવળજ્ઞાનની સ્થિતિ તો એક સમય જ છે. સમજાણું કાંઈ? બીજે સમયે બીજું થાય છે. કારણ કે એ કેવળજ્ઞાન પણ પર્યાય છે. તેથી ધ્રુવ શુદ્ધભાવ ચૈતન્યમૂર્તિ કે જેને પરસન્મુખના પરિણામથી જે અનંતકાળથી રખડે છે એ પરિણામ ભલે ઉપશમ, ક્ષયોપશમ આદિ હો પણ એ પરિણામ જેમાં આ પર્યાય નથી એવો જે શુદ્ધભાવ એમાં એ ક્ષયોપશમ ને ક્ષાયિકની પર્યાય એ ધ્રુવમાં નથી. પોપટભાઈ! આહા..હા..!

કહે છે કે ભાઈ! તું એક સમયનો ચૈતન્યનાથ આનંદકંદસ્વરૂપ છો. ભાઈ! પરમેશ્વરપદ તારું એક સમયમાં ધ્રુવ છે. સામાન્ય અનંતગુણનો પિંડ એવો ચૈતન્ય શુદ્ધભાવ વસ્તુ વસ્તુ સત્ત્વ જે અનાદિઅનંત સત્ત્વરૂપે ભાવ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે અને એનો આશ્રય લેવો એ જ સમ્યગ્દર્શન છે. બાકી કોઈ કારણે સમ્યગ્દર્શન પ્રગટ થાય, ત્રણકાળમાં ત્રણલોકમાં બીજી એની રીત છે નહિ. માટે કહે છે કે આત્મામાં એ ક્ષયોપશમદશાની દશા, આ ચાર જ્ઞાન આદિની, કેવળજ્ઞાનની દશા ક્ષાયિકની, સમજાય છે? રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ કે ઉદયભાવ, એના પ્રકાર કહેશે અને ઉપશમભાવ એક સમયની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ ચારેય પ્રકારની પર્યાય છે, એક સમયની અવસ્થા છે એ ધ્રુવ શુદ્ધ ચૈતન્યભાવની અંદર એ નથી. સમજાય છે કાંઈ? હજી તો અહીંયા બાયડી, છોકરા મારા ને આ રૂપિયા મારા ને ધૂળ મારી... ક્યાંય ચોંટ્યો પણ મૂઢ.

ભાઈ! તારી એક સમયની દશાનું અસ્તિત્વ જે તારામાં છે, હોવાપણું એ પણ ત્રિકાળી ધ્રુવ શુદ્ધભાવ જેમાં નજર કર્યે, જેમાં એકાગ્ર થવાનું છે એવી જે ચીજ ધ્રુવ એમાં એ પર્યાયનું એક સમયનું હોવાપણું એ પણ એમાં નથી. તો પછી આ કર્મ ને શરીર ને ફલાણું ને ઢીકણું એ તો પહેલા કાઢી નાખ્યું. એ કરતાં પછી આ ત્રીજા શ્લોકમાં લાવ્યા છે, નવ બોલ કીધા પછી. સમજાણું કાંઈ? કોઈને એમ લાગે કે આ તે શું કહે છે આ? આ કહે છે કે ભાઈ! તારી પુંજી જે ધ્રુવ છેને, ચૈતન્યનો લઠ્ઠો આત્મા, જ્ઞાનસત્ત્વ આખું જે ધ્રુવસ્વરૂપ છે એક સમયની અંદર એમાં આ શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, બહાર દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા, ઈ એમાં છે નહિ, પણ એની દશામાં થતી અવસ્થાની હાલત જે પર્યાય થાય એ પર્યાયની મુદત જ એક સમયની છે. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રતના પરિણામ થાય તો વિકારી પરિણામ પણ એક સમયની મુદતના છે. સમજાય છે કાંઈ? અને જ્ઞાનનો વિકાસ ઉઘાડ થાય ક્ષયોપશમ, કાંઈક ઓછું, કાંઈક વિકાસ એ પણ એક સમયની દશા છે અને ક્ષાયિકદશા થાય, સિદ્ધદશા, કેવળજ્ઞાન, કેવળદર્શન એ પણ ભગવાન ચિદ્ઘન

ધ્રુવસ્વરૂપ શુદ્ધભાવ એ ઉપરનો તરતો એક સમયનો પર્યાય છે ઈ. એ પર્યાયની ચાર પ્રકારની શુદ્ધ ધ્રુવસ્વભાવમાં પ્રવેશ કરતી જ નથી. એ ધ્રુવસ્વભાવ શુદ્ધમાં એ ચાર પર્યાય છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી એને કહે છે કે '**જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી...**' શબ્દાર્થ પહેલો. અન્વયાર્થ છેને? '**ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી,...**' એનો દરેકનો ખુલાસો કરશે. '**ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી.**'

'**ટીકા :— ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...**' એ ચાર વિભાવસ્વભાવ છે. આહા..હા..! આ તો ક્ષાયિકભાવ વિભાવસ્વભાવ છે. વિભાવસ્વભાવ વિશેષભાવ છેને ઈ. સામાન્ય એક સમયમાં ધ્રુવ કંદ ભગવાન પરમપદનું ધામ, પરમપારિણામિકભાવસ્વભાવ જેની ખાણમાંથી કેવળજ્ઞાન, આનંદ આદિ વહે એવો જે ધ્રુવ ચૈતન્યસ્વભાવ જેને અહીં શુદ્ધભાવ કહે છે, જેને શુદ્ધ જીવાસ્તિકાય કહે છે, જેને જ્ઞાયકભાવ કહે છે, એવો એકરૂપ સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય એવા વિષયમાં આ ચાર વિભાવસ્વભાવનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો તત્ત્વદષ્ટિની વાત છે. અનંત કાળે એણે એ કર્યું જ નથી. ચાર એની પર્યાય છે, એ પર્યાય વસ્તુમાં નથી એમ એને ખબર હોવી જોઈએને. ખબર વિના દષ્ટિ કરશે ક્યાં? સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે ઝીણી વાત. કહે છે કે ભાઈ! આ વસ્તુ જે... જેને સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ કહેવાય, પ્રથમ શરૂઆત નિજ આત્મદર્શન, નિજ સ્વરૂપનો અંતર જ્ઞાનાનંદ સ્વરૂપની પ્રતીતિ નિર્વિકલ્પ સમ્યક્ એ સમ્યગ્દર્શનની પ્રથમ ધર્મદશા એ દશાનો આધાર જે શુદ્ધ ધ્રુવસ્વરૂપ એમાં આ પર્યાયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ લક્ષમાં નહિ લે તો અંતર્મુખ થવાનો એને અવસર રહેતો નથી. ચંદુભાઈ! આહા..હા..!

ભાઈ! તું તો અનંત અનંતગુણનો એક સમયમાં અનંતગુણનો ભંડાર એવું ધ્રુવ સત્ત્વ તારું છે. એની ઉપરની આ ઉત્પાદ-વ્યયની પર્યાયો જે છે, ઊપજે ને વિણસે, ઊપજે ને વિણસે, એ બીજી શરીર, કર્મ ને એ તો તારામાં છે જ નહિ ત્રણે કાળે, દેવ-ગુરુ-શાસ્ત્ર એ કંઈ તારા તત્ત્વમાં નથી, એ એનામાં રહ્યા પણ તારી દશામાં થતા ચાર પ્રકારના ભાવરૂપી પર્યાય એક સમયની દશામાં થતા વિકાર અને અવિકારીરૂપી ચાર પ્રકારની દશા એ દશા પણ દશાવાન ધ્રુવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એ ચાર વિભાવસ્વભાવ છે. કેમકે વિશેષ એની પર્યાય છે, અવસ્થા છે, હાલત છે, દશા છે. એ વિભાવ-વિશેષસ્વભાવ એની પર્યાયનો એવા સ્વરૂપના કથન દ્વારા '**પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.**' આ પંચમભાવ ભગવાનભાવ ત્રિકાળી મહિમાવંત પરમસ્વભાવભાવ એની ખાણમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાયો જેમાં પડી છે. જેની ખાણમાં સિદ્ધની અનંતી અનંતી પર્યાયો જે પ્રગટેલી છે ક્ષાયિકભાવે એવી સાદિઅનંત જે પર્યાય પ્રગટ થાય એ બધી પર્યાયનો પિંડ અંદર ગુણરૂપ

એક આત્મા છે, એને શુદ્ધજીવભાવ કહેવામાં આવે છે. એની દૃષ્ટિ કરે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વિના ધર્મની શરૂઆત ત્રણકાળમાં કોઈને હોય નહિ. અને સમ્યગ્દર્શન વિના જે કંઈ અપવાસ ને ક્રિયા, દયા ને દાન ને ભક્તિ ને વ્રત ને પૂજા કરે એમાં શુભભાવ થાય અને મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વની ભૂમિકામાં પુણ્ય બંધાય. એ હું ધર્મ કરું છું એમ માને છે, એ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— ફોતરા ખાંડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ફોતરા ખાંડે પણ ફોતરામાં માલનો એક્કે કણ ન મળે. મોટો કણસલો આત્મા એક સમયમાં અનંત અનંતગુણનો પિંડ, સત્ત્વ, ધ્રુવસ્વભાવ જેના લક્ષ કર્યે, જેમાં એકાગ્ર થયે આત્માનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનો ભોગવટો પ્રગટે તેને ભગવાન ધર્મ અને મોક્ષનો ઉપાય કહે છે. એ વિના બધું એકડા વિનાના મીંડા અને થોથા છે. ભારે વાત, ભાઈ! આ તો વાંચનારને કેટલાકને એમ થાય, અરે..! આવું હોય? કીધુંને, એક સાધુ આ વાંચતો હતો. ક્ષાયિકભાવ (નથી)? કોઈ દિ' ખબર ન મળે, ભણી ભણીને ભાણ્યા...

શ્રોતા :— સ્વ-સ્વભાવ અધિકાર છે આ.

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, પણ આ સ્વભાવ અધિકાર, ક્ષાયિકભાવ નહિ આત્મામાં? ક્ષાયિકભાવ તો સિદ્ધને હોય. એમ છે. સાંભળ્યું છે ક્યાં હજી તમે. ઈ કહે, સાંભળેલા, વાંચેલાની ખબર હોય તો. ક્ષાયિકભાવ તો સિદ્ધને હોય. સિદ્ધ ભગવાનમાં બે ભાવ હોય-- પારિણામિકભાવ અને ક્ષાયિકભાવ. સમજાય છે કાંઈ? આ ક્રિયા કરેને, એ બધો માલ. એમાં પછી ભાવ આવે. ધૂળમાંય આવે નહિ, સાંભળને હવે. રાંકા ભિખારી થઈને પોતાની મૂળ પુંજી ઉપર નજર કરી નહિ અને બહારની ક્રિયાકાંડ રાગ દયા ને વ્રતમાં ધર્મ માન્યો. એ તો અનંતવાર કર્યો અને રખડ્યો મિથ્યાદૃષ્ટિપણે. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શનની ભૂમિકાનું સ્થાન, ઉત્પત્તિનું સ્થાન શું? ધ્રુવસ્વભાવ ઈ ઉત્પત્તિનું સ્થાન છે. સમજાય છે કાંઈ? એમાં એ ચાર વિભાવસ્વભાવ, ચાર પર્યાયોના ભાવ એમાં નથી એમ કહીને પંચમભાવ ત્રિકાળી ભાવ, ત્રિકાળી ભાવ ધ્રુવભાવ એકરૂપ ભાવ, સત્ત્વરૂપ ભાવ, સત્‌નું સત્ત્વ એના સ્વરૂપનું આ કથન છે. સમજાણું કાંઈ? કે જે પરમસ્વભાવ એમાં અંતરમાં લક્ષ કર્યે, એમાં અંતરમાં ધ્યાન કર્યે, એને ધ્યેય બનાવીને એમાં સ્થિર થયે મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. મોક્ષનો માર્ગ છે પર્યાય, અવસ્થા, હાલત, નિર્મળ નિર્વિકારી દશા. એ નિર્મળ નિર્વિકારી દશા શુદ્ધ ધ્રુવસ્વભાવ એમાં અંતર એકાગ્ર થતાં પ્રગટ થાય છે, એ સિવાય બીજી કોઈ રીત ત્રણકાળમાં સાચી રીત છે નહિ. ઓહો..હો..! કાંતિભાઈ! આકરું બહુ આવું. એની કરતાં ત્યાં કરતા હતા એ પણ ભૂલી જશું અને આ પણ ભૂલી જશું.

શ્રોતા :— ઓલું ભૂલી જાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :— શું કરતો હતો તું? સાંભળને. ચાર ભાવ શું, ઉદયભાવ કરતો

હતો. કરતો હતો શું? આ કર્યું ને આ કર્યું ને.. ઈ તો વિકલ્પ રાગ કરતો હતો. સમજાય છે? રાગ કરતો હતો એ તો પુણ્યબંધનું કારણ છે. વસ્તુ અબંધ જીવસ્વભાવ શુદ્ધભાવ અબંધ છે. એવા અબંધની દૃષ્ટિ કર્યા વિના એકલા ભાવમાં અટક્યો એ તો બંધની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં શુભનું પુણ્ય થાય એ તો સંસાર છે. સમજાણું કાંઈ?

હવે કહે છે, એની ઓળખાણ આપે છે. '**કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.**' નીચે નોટ છે. કર્મ છેને કર્મ આઠ. જ્ઞાનાવરણીય (આદિ) કર્મ છે એમ સિદ્ધ કરવું છે. સિદ્ધ કરીને એનો અભાવ થઈને આત્મામાં જે દશા પ્રગટ થાય એને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. '**કર્મોના ક્ષયે...**' (નીચે) 'કર્મોના ક્ષયમાં' અથવા કર્મોના ક્ષયના હયાતીમાં. '(વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)' વ્યવહારે. ક્ષાયિકભાવ તો પોતાના સ્વભાવને આશ્રયે જ પ્રગટ થાય છે. ક્ષાયિકદશા કેવળજ્ઞાન, કેવળદર્શન.. નવ બોલ કહેશે આગળે, એ થાય છે તો આત્માના ધ્રુવસ્વભાવના આશ્રયે પર્યાય પ્રગટ થાય છે. સમજાણું? પણ એ પર્યાયમાં કર્મના અભાવની નિમિત્તની એટલી અપેક્ષા આવે છે. કર્મોના ક્ષયની. વ્યવહારે કીધુંને નિમિત્તથી. આવે જીવમાં જે ભાવમાં તેને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. કર્મોના ક્ષયે જે અવસ્થા થાય. ભાવ એટલે અવસ્થા, તે ક્ષાયિકપર્યાય, ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. એના ભેદ લેશે પછી હોં! એ ક્ષાયિકભાવ ધ્રુવ, એ માથે કહ્યું છેને? શુદ્ધભાવ, શુદ્ધભાવ ત્રિકાળી એમાં એ ક્ષાયિકભાવની પર્યાય નથી. સમજાણું કાંઈ?

'**કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય...**' પોતાના પુરુષાર્થથી જે અંદર જ્ઞાન, દર્શન આદિનો ક્ષયોપશમ થયો હોય, ક્ષયોપશમ એટલે પૂરી નિર્મળ દશા નહિ, એવી જે દશા આત્મામાં થાય એને ક્ષયોપશમ (ભાવ કહેવાય છે). એમાં કર્મના નિમિત્તના સદ્‌ભાવના અભાવની અપેક્ષા છે વ્યવહારે એટલે એને ક્ષયોપશમિક એમ કહેવામાં આવે છે. છે પોતાની પર્યાય. સમજાણું કાંઈ? ઈ વાત આવી ગઈ છે, ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. એ આત્મામાં કેવળજ્ઞાન થાય કે મનઃપર્યયજ્ઞાન થાય કે મતિ-શ્રુતજ્ઞાન નિર્મળ પર્યાય સમ્યક્ થાય એ ચૈતન્ય ત્રિકાળી આત્મા, ચેતન એનો ચૈતન્ય ગુણ એને અનુસરીને-અનુવર્તીને એ પરિણામ થાય છે. છતાં એ પરિણામ ક્ષયોપશમરૂપે છે એ ક્ષયોપશમની અવસ્થા સમયની છે, એ ધ્રુવસ્વભાવમાં એનો અભાવ છે. અરે..! આ પલાખું આકરું પડે એવું છે. ધર્મમાં તો સાંભળવા મળ્યું ન હોય કેટલાકને તો. એ.. ભગવાનજીભાઈ! સાંભળવા મળ્યું ન હોય. પોણોસો, પોણોસો વર્ષ થયા, મરી ગયા એમને એમ. કેટલાય પથરણા ફાડ્યા ત્યાં. આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક જણાણા એની વાણીમાં એ આવ્યું કે આ અમારી પર્યાય છે એ પણ શુદ્ધ જીવસ્વભાવમાં ધ્રુવમાં નથી. કેમકે નવી પ્રગટેલી છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— પકડે ભલે ઈ, પણ ઈ પર્યાય ધ્રુવમાં નથી. નથી ત્યારે નવી થાય છે. પર્યાયની અપેક્ષાએ નવી થાય છે. વસ્તુમાં તો શક્તિ એનું તત્ત્વ છે. એમાં અંશરૂપ જે પર્યાય એ ધ્રુવરૂપે ક્યાં થઈ છે? ધ્રુવમાં એ અંશનો અભાવ છે, એમ. શક્તિરૂપમાં આખું સત્ત્વ છે. એ તો સામાન્યમાં ગયું. સમજાણું કાંઈ?

ભગવાન આખો ધ્રુવસ્વરૂપ, જેમ ચોસઠ પહોરી પીપર એમાં શક્તિએ ચોસઠ પહોરી તાકાત છે એમાં પાંચ, પચ્ચીસ, પચાસ કે ચોસઠ પહોરી પ્રગટ થઈ એ તો એક સમયની અવસ્થા છે. ધ્રુવમાં એ સમયની અવસ્થાનો અભાવ છે. આહા..હા..! એ એક સમયનો અંશ ક્યાં, આ તો આખો પિંડ છે એક સમયનો. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવો તે ધર્મ કઈ જાતનો? જૈન પરમેશ્વરનો હશે? કોઈ એમ કહે. ભાઈ! અમે તો કહીએ કે લીલોતરી ખાવી નહિ, ચોવિહાર કરવો, સામાયિક કરવી, પોષા કરવા. એઈ..! શું સાંભળ્યું તમે નાગ્રેશમાં? કંદમૂળ ન ખાવા. એક શરીરમાં અનંતા જીવ છે. ભાઈ! એ તો વ્યવહારમાં શુભવિકલ્પ હોય ત્યારે એ ન ખાવું, ઈ શુભવિકલ્પની રીત છે. પણ એ કંઈ શુભવિકલ્પ અને એ પરની ક્રિયા કરી શકે છે આત્મા ખાવાની અને છોડવાની, એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! એવો શુભભાવ હોય છે, પણ એ શુભભાવ પણ સ્વરૂપમાં નથી અને એ શુભભાવ પોતે ધર્મનું રૂપ નથી.

મીંડુ વાળવું. અત્યાર સુધી ઘૂંટ્યું પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ સુધી, હવે એને મીંડુ (વાળવું). ઈ મીંડે ક્યાંથી આવે? પણ ઈ તો પોતુ લઈ જાય છે છોકરાઓ ખબર નથી? પોતુ સમજાય છે? છોકરા ભણવા જાયને, ડાબલી રાખે. એમાં રાખતા. હવે તો ડાબલીમાં ભીનું લૂગડું હોય નાનું. ભુંસવું હોય તો ભુંસાડી દે આમ સ્લેટ ઉપર. એ.. દેવશીભાઈ! ડાબલી રાખતા, હવે તો... સ્લેટ પણ નહિ હોય હવે તો. પાટી હતીને પાટી? લખાવે. બે બાજુ આખું થઈ જાય, ફરીને લખાવે. ભુંસાડીયો વાળી દે. એમ ભુંસાડીયો વાળી દે અહીં પહેલો. 'અત્યાર સુધી માન્યું, જાણ્યું એ બધું ખોટું છે' એમ ભુંસાડીયો વાળ એકવાર. આહા..હા..!

એ કર્મના ક્ષયોપશમે જે પર્યાય, ભાવ એટલે પર્યાય એ ક્ષયોપશમભાવ છે. હજી તો એની વ્યાખ્યા છે હોં! ભેદ પછી કહેશે. '**કર્મોના ઉદયે જે ભાવ...**' થાય. એટલે રાગાદિ. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ, એ બધું કર્મ જેમાં નિમિત્ત છે એવો જે ભાવ એને અહીંયા ઉદયભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ બધો ઉદયભાવ છે. એવો ઉદયભાવ, ધ્રુવસ્વરૂપ જે સમ્યગ્દર્શનનો વિષય છે એનામાં એ ઉદયભાવ નથી. કહો, સમજાણું આમાં?

'**કર્મોના ઉપશમે જે...**' પર્યાય થાય. કર્મ ઠરે, ઉદયનો અભાવ. અહીં પર્યાય થાય

પોતાના પુરુષાર્થથી. એ ઉપશમિકભાવ છે એ પણ શુદ્ધ ધ્રુવ... જીવસ્વભાવ, ધ્રુવસ્વભાવ, જેને આ શુદ્ધભાવ કહ્યો, શુદ્ધભાવ પરમપારિણામિક એ શુદ્ધભાવને જ અહીં પરમપારિણામિક કહ્યો છે. પંચમભાવ કહ્યો છે. આ ચાર ભાવ એ અપરમભાવ છે પર્યાયના અને વસ્તુનો ભાવ તે પંચમપરમભાવ છે. અરે..! આ ભાષા પણ કોણ જાણે કેવી જાતની આખી? કહો, સમજાણું આમાં? '**કર્મોના ઉપશમે જે...**' પર્યાય થાય—ઉપશમસમકિત થાય, ઉપશમચારિત્ર થાય પર્યાયમાં એ કર્મના ઉપશમપણાની જેમાં અપેક્ષા રહે છે એટલું. એ છે આત્માની પર્યાય પણ એ પર્યાય શુદ્ધજીવભાવ, શુદ્ધભાવ ધ્રુવભાવ એમાં એ નથી.

'**સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો પરિણામે જે ભાવ હોય...**' પરિણામ એટલે સ્વતઃ ભાવ હોય, સ્વતઃ ભાવ હોય '**તે પારિણામિકભાવ છે.**' ત્રિકાળ એકલો સત્ત્વ સ્વભાવ જેમાં પર્યાયમાં નિમિત્તની અપેક્ષા પણ નથી અને પર્યાયમાં નિમિત્તના અભાવની અપેક્ષા ક્ષયોપશમ, ક્ષાયિકમાં આવતી એવી અહીં છે નહિ. એકલો પરમ સત્ત્વ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ બિંબ ચૈતન્યબિંબ. સમજાય છે કાંઈ? પંચમપરમભાવ, ધ્રુવભાવ, શુદ્ધભાવ, જ્ઞાયકભાવ, અચળભાવ, એકરૂપ ભાવ. એ ભાવ તેને પારિણામિક કહે છે.

'**આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે,...**' હવે પ્રકાર વર્ણવે છે. '**ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.**'

'**હવે ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.**' આત્મામાં પહેલું ક્ષાયોપશમિકસમકિત.

... એ તો બધા અજીવતત્ત્વ. આ પાંચ ભાવમાં આવે નહિ. આ પાંચ ભાવમાં એ આવે જ નહિ. એઈ..! આ આત્માના ભાવનું વર્ણન છે. બીજાનો આત્મા પંચમ પારિણામિકભાવે, એની પર્યાય ક્ષાયિક કે ક્ષયોપશમિકભાવે. એ આમાં ક્યાંથી આવે? સિદ્ધની પર્યાય ક્ષાયિકભાવે અને સિદ્ધનો આત્મા પારિણામિકભાવે, પણ એ તો એનામાં આવ્યો, અહીં ક્યાં આવ્યો ઈ? એઈ..! ઈ તો એનામાં છે, અહીં ક્યાં આવી ગયા છે? આહા..હા..! મંદિર ને સમેદશિખર ને એ બધા અજીવના સ્કંધો રજકણો. એ તો એનો પારિણામિકભાવ ધ્રુવ અને પર્યાય વર્તમાન એની જે વિભાવરૂપ હોય એ એનામાં રહી, અહીં ક્યાં આવી છે? ઈ અહીં ક્યાં છે આત્મામાં? સમજાણું કાંઈ? સારો છોકરો હોય એનો ભાવ તો આત્મામાં આવે કે નહિ? ફાવાભાઈ! ન આવે? આ ધ્રુવમાં ન આવે પણ એની પર્યાયમાં આવે કે નહિ? આત્માની પર્યાય એટલે અવસ્થામાં આવે કે નહિ? પર્યાયમાં ન આવે? ધ્રુવમાં તો ન આવે, ધ્રુવ કાયમની ચીજ છેને, પણ પર્યાયમાં આવે કે નહિ? બાયડી, છોકરા, દેવ-ગુરુ-શાસ્ત્ર, કહો? સાક્ષાત્ અરિહંત પરમેશ્વર.

શ્રોતા :— એની હુંફ આવે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હુંફ તો મમતાનો પર્યાય થયો, એ ચીજ ક્યાં આવી અહીં? સમજાણું કાંઈ? 'એ મને ઠીક પડે છે' એવો ભાવ એ તો વિકલ્પ થયો, એ તો વિકલ્પ એની પર્યાયમાં છે, ઓલી ચીજ ક્યાં અહીં આવી છે? આહા..હા..!

શ્રોતા :— કોઈ લાવી દે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ લાવી દે? ધૂળમાં પણ કોઈ લાવતું નથી. કોણ લાવે? શું લાવે કીધું? માને છે. જેની એક સમયની દશામાં ગંધ નથી પરની. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા પણ આ એક સમયની પર્યાયમાં આવતા નથી. ઓલું તો છે જ નહિ, ભાઈ! કર્મ, શરીર એ તો અજીવતત્ત્વ છે. એ પરમાત્મા અહીં પર્યાયમાં આવે? બાયડી, છોકરા, શરીર, કુટુંબ, આ રજકણ, કર્મ, આ કર્મ અને શરીરનો પર્યાય એક સમયનો, એક સમયમાં અહીં પર્યાયમાં આનો પર્યાય આવે કે નહિ? આ શરીરનો ને વાણીનો ને આ કર્મનો. એક સમયની દશામાં આવે કે નહિ આ? ત્રણકાળમાં ન આવે. આ અને આ તત્ત્વ, બે જુદાં છે કે નહિ? આ આંગળી લ્યો. હવે આમાં આની દશા આવે કે નહિ? એની અહીં આવે તો આની દશા શું રહી?

એમ ભગવાન આત્મા ધ્રુવસ્વભાવે તો શુદ્ધભાવ અને પર્યાયમાં એના આ રાગાદિનો ભાવ, ક્ષયોપશમનો ભાવ, ઉપશમ, ક્ષાયિક એ પર્યાય. એ કોઈ ઉદયભાવમાં આવે? દેવ-ગુરુ-શાસ્ત્ર અહીં આવે? સમેદશિખર અહીં આ પર્યાયમાં આવે? શત્રુંજય અહીં આવે? એક સમયની દશામાં એ ચીજ આવે? ત્રણકાળમાં ન આવે. એણે માન્યું કે આ મારું, એવો જે મમત્વનો પર્યાય એ એની પર્યાયમાં છે. એ ભાવ આત્માના ધ્રુવસ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન? કોઈ કહેશે કે કેવું હશે આ? એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય જીવ હોય... ભાઈ! એ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, પંચેન્દ્રિય આદિ જીવ એ તો એનામાં રહેલા છે. તને ભાવ થાય એને ન મારવાનો એ શુભરાગ એ પણ એક વિકલ્પ અને ઉદયભાવ છે, વિકારભાવ છે. એ વિકારભાવ એનામાંથી થયો નથી. એનાથી અહીં થયું નથી. એ વિકાર તારાથી ઉત્પન્ન થયેલો ભાવ ધ્રુવસ્વભાવમાં નથી.

શ્રોતા :— આ લીલોતરી કયા જીવ છે? એકેન્દ્રિય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— એકેન્દ્રિય, બસ થઈ રહ્યું લ્યો.

શ્રોતા :— કીડી, મકોડા શું કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ત્રસ કહેવાય, એ ત્રસ. ઠીક! અહીં તો કહે છે કે જીવ ત્રસ પણ નથી અને સ્થાવર પણ નથી. આ ત્રસ, સ્થાવરની પર્યાયની યોગ્યતા જે જીવમાં છે એ દ્રવ્યમાં નથી. એ તો હજી આવશે ઔદયિકભાવમાં. સમજાણું કાંઈ? ત્રસપણું આ શરીર છેને આ, પંચેન્દ્રિયપણું આ શરીર, એ તો આત્માની અવસ્થામાં એક સમયમાત્ર પણ નથી. છે જ નહિ. એ તો એની દશામાં છે, જડમાં છે. એની દશામાં 'આ મારું અને હું એનો'

એવી મિથ્યાદૃષ્ટિની માન્યતા એ એની દશામાં છે. એ એની દશામાં છે. એ દશા ધ્રુવ સ્વરૂપમાં નથી માટે ટળી શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છોકરા સારા પાકે તો કાંઈ ખરું કે નહિ એને? હૂંફ નહિ હૂંફ? છ છ છોકરા ન્યાં રળે ચારે કોરથી, આમ બધું કરે છે. ઈ તો કહે છે એ રજકણ ઊભો કરે? શું રજકણ જગતનું તત્ત્વ નથી? ઊભો કરે કોઈ આત્મા? પૈસાના રજકણને ઊભો કરે કોઈ ઉત્પન્ન કરે? કોણ કરે ઈ? એનામાં રાગ કરે કે મેં આમ કર્યું. એ તો રાગ છે, એ તો વિકલ્પ છે, અશુભભાવ છે, પાપભાવ છે અને એ પાપભાવ કંઈ એ ચીજની દશાને લઈને આવ્યો નથી, તેમ એ પાપભાવ તારા ગુણમાં અંદર પડ્યો છે માટે આવ્યો છે એમ નથી. નવો ઊભો કરેલો એક વિકાર ક્ષણિક છે, સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ઉપશમસમકિત અને ઉપશમચારિત્ર. ઉપશમચારિત્ર અગિયારમા ગુણસ્થાને હોય છે. પર્યાય છે ચારિત્રની, સ્થિરતાની, શાંતિની. એ એક સમયની પર્યાય, અવસ્થા, હાલત છે. શુદ્ધભાવમાં, આ શુદ્ધભાવ એટલે પર્યાયની વાત નથી, શુદ્ધભાવ એટલે ધ્રુવ, ધ્રુવ સ્વરૂપમાં એ ઉપશમચારિત્રનો ભાવ નથી. કહો, સમજાણું?

હવે ક્ષાયિકભાવના નવ ભેદ. ક્ષાયિકસમકિત. પહેલું ક્ષાયિકસમિકત લીધું. આત્માની શુદ્ધ શ્રદ્ધાની પર્યાય ક્ષાયિકસમકિત દશા. આત્મા શુદ્ધ ધ્રુવ અખંડાનંદ પ્રભુ એનું અંતરમાં જ્ઞાન થઈને પ્રતીતિનું થવું એ કેવું? કે ક્ષાયિક. કે જે આવ્યે જાય નહિ. જે પર્યાય બદલે ભલે, પણ એ પર્યાય જઈને હવે મિથ્યાત્વ થાય એમ નહિ. એવું ક્ષાયિકસમકિત જે થયું ત્યારથી સિદ્ધમાં પણ એમને એમ રહે છે. એમને એમ એટલે? એ અવસ્થા પલટતી રહે. એવું ક્ષાયિકસમકિત એ જીવના ધ્રુવ શુદ્ધભાવમાં નથી. કારણ કે એ ક્ષાયિકસમકિત તો પર્યાય છે, એ કંઈ ગુણ નથી, એ કંઈ ધ્રુવ નથી, એ કંઈ દ્રવ્ય નથી. આ તો એક સમયનો પર્યાય છે. પછી ભલે રહે અનંતકાળ. એ તો રહે તો એ કંઈ રહેતી નથી, નવી નવી પર્યાય (થાય છે). એક સમયનો જ પર્યાય, બધા ચારે ભાવ એક સમયના જ છે. આહા..હા..! ભારે પણ! કેવળજ્ઞાન પણ બદલી જાય? કેવળજ્ઞાન બદલે? એક જણો ઓલો નહોતો કહેતો? પર્યાયને હજી હખ નથી, સિદ્ધમાં હખ નથી. પર્યાયે તો હજી ન્યાં પણ છોડી નહિ? સિદ્ધને પણ પર્યાયે છોડી નહિ. જૈનમાં રહેલા, કેટલા વર્ષના મુંડાવેલા. કાંઈ ખબર ન મળે. આહા..હા..! પર્યાય સિદ્ધને પણ છોડે નહિ? પણ પર્યાય એટલે બાપુ! વસ્તુ જે છે ધ્રુવ એની વર્તમાન અવસ્થાનું નામ પર્યાય કહે છે. ઈ પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ, પણ દ્રવ્ય જે છે તેમાં એ પર્યાય નથી. સમજાણું કાંઈ?

ક્ષાયિકસમકિત જીવમાં નથી. જીવમાં એટલે ધ્રુવમાં. એની પર્યાયમાં છે, પર્યાયમાં છે, પણ ક્ષાયિકસમકિત થયેલું એ ધ્રુવને આશ્રયે થયું. એ પર્યાયનો આશ્રય કરવા જાય અને નવી ધર્મદશા થાય એમ નથી. માટે ક્ષાયિકસમકિત એ ત્રિકાળ ધ્રુવમાં નથી. ધ્રુવ ચૈતન્યપ્રભુ

જ્ઞાયક આમ દળ આખું એવો જે શુદ્ધભાવ એનો આશ્રય કરતા પર્યાય પ્રગટે પણ એ પર્યાય ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? આહા..હા..!

'**યથાખ્યાતચારિત્ર,...**' યથાખ્યાતચારિત્ર. અગિયારમા ગુણસ્થાનથી છેને? અકષાય યથાખ્યાત. અકષાયની દશા પૂર્ણ પર્યાયની નિર્મળ ચારિત્રની. એ જીવના શુદ્ધભાવ ત્રિકાળભાવમાં એ નથી. સમજાણું કાંઈ? આ પર્યાયમાં છે. પાછું એ સિદ્ધ કરવું છે. ઓલા વેદાંતની જેમ નથી. જુઓ, અહીં નથી, નથી આવ્યું એટલે વેદાંત થઈ ગયું. એમ નથી. એની અવસ્થામાં છે, ધ્રુવમાં નથી. બે વાત છે. એ પર્યાય કંઈ પરની નથી. એક સમયની દશા પૂરતી વસ્તુ છે એ શુદ્ધ ધ્રુવમાં ત્રિકાળમાં એ નથી. કેમકે એ પર્યાયનો આશ્રય લેતા વિકલ્પ ઉત્પન્ન થાય, એમાં ધર્મદશા પ્રગટ થતી નથી. ક્ષાયિકસમકિત પ્રગટેલું હોય તો એનો આશ્રય લેવા જતા વિકલ્પ થાય છે. ચારિત્રની નવી દશા પ્રગટ થવા માટે પણ ક્ષાયિકસમકિત પણ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું એક કલાકમાં? આ તો મોટો કેવળજ્ઞાનનો કંદ છે, એમાં વળી કેટલું (શું)? આ તો બહુ થોડી વાત છે. અરે..! ત્રણકાળ-ત્રણલોક પ્રગટે જાણવામાં એવો એ અવડો છે. ના પાડે કેમ ઈ? એવડો છે. છેને, સવારે નહોતું આવ્યું? સમજાણું કાંઈ? આત્મા જ લોકાલોકને જાણનારો છે, પર્યાયમાં હોં પર્યાયમાં, છતાં એ પર્યાય ધ્રુવમાં નથી. આહા..હા..!

શ્રોતા :— બેસી જાય એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બેસી જાય એવું જ છે. એનું છે અને ન બેસે એમ હોય?

યથાખ્યાતચારિત્રનો પર્યાય ક્ષાયિકભાવે હોય છે. કર્મના અભાવભાવ થઈને પોતાના પુરુષાર્થની સ્થિરતાથી થાય છે. એમાં એક્કે કણ કષાયનો નથી, તદ્દન અકષાય પરિણતિ પર્યાય પૂરી. પણ એ પર્યાય છે યથાખ્યાતચારિત્ર, અવસ્થા છે. શુદ્ધભાવ ધ્રુવમાં એ નથી. યથાખ્યાતચારિત્ર પણ સદ્‌ભુતવ્યવહારનયનો વિષય છે, નિશ્ચય દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે '**કેવળજ્ઞાન ને કેવળદર્શન,...**' લ્યો. એ કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક જાણે. ક્ષાયિકભાવની પર્યાય. એ પર્યાય પણ ધ્રુવ શુદ્ધભાવ, ધ્રુવભાવમાં એ પર્યાય નથી. આહા..હા..! વીરજીભાઈ કહેતા એકવાર કેવળજ્ઞાન જ્યાં આવ્યું સદ્‌ભુતવ્યવહારનયે..? સદ્‌ભુત વ્યવહારનયે? ઈ તો આત્મામાં હોય નહિ. રાડ નખાય છે, આ શું? સદ્‌ભુતવ્યવહાર પાછો નિશ્ચયનો વિષય નથી કેવળજ્ઞાન. નિશ્ચયનો વિષય તો ધ્રુવસ્વરૂપ છે, આ તો પર્યાય છે, અવસ્થા છે. સદ્‌ભુતવ્યવહારનયનો વિષય છે. છે ખરું, વ્યવહારનય અને એનો વિષય છે ખરો, આશ્રય કરવાલાયક નથી. આને તો કેવળ નથી પણ એનું કેવળજ્ઞાન એમ કે મને આમ પ્રગટે ને આમ પ્રગટે ને આમ થશે, એમ કરવા જેવું નથી. એ તો ધ્રુવસ્વભાવનું અવલંબન લેતા ચૈતન્ય ભગવાનનું અવલંબન લેતા એક સમકિતથી માંડીને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ

થાશે. સમજાણું કાંઈ?

'કેવળજ્ઞાન ને કેવળદર્શન,...' એ પણ પર્યાય છે, અવસ્થા છે. અરે..! તને સમકિત ને સિદ્ધને બધાને પર્યાય ઠરાવો છો, એ તો ગુણ છે. મોટી તકરાર આવી છે. ... થી આવી હતી. તમે આત્મધર્મમાં વિચારીને લખો. મુંબઈની, નહિ? તમે સમકિતને પર્યાય લખો છો પણ કુંદકુંદાચાર્યે તો આઠ ગુણ કહ્યા છે, સિદ્ધને આઠ ગુણ કહ્યા છે અને તમે પર્યાય કહો છો? અરે..! સાંભળને હવે, કેવળજ્ઞાન પણ પર્યાય છે. સાંભળ્યું છે કે દિ' તેં? કેવળજ્ઞાન નવું પ્રગટ થાય છે, પર્યાય અવસ્થા છે. નવી નવી ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા કરે છે. એક કેવળજ્ઞાન એક સમયે છે તે બીજે સમયે ન રહે, બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. ઈ એક સમયની દશાનો પર્યાય ક્ષાયિકપર્યાય કેવળજ્ઞાન શુદ્ધ જીવભાવ, ધ્રુવભાવમાં એ નથી. જેમાં એકાગ્ર થાવું ત્યાં એ નથી. ભારે ભાઈ!

હજી તો આ લોકોને બહારનો, સમાજનો આ ને આ મોટા બહાર લખાણ એવા આવે છે. ફલાણે આમ કર્યું હતું, ભગવાને આમ કર્યું હતું, મહાવીર ભગવાન એમ કહે છે. આ બધું લખાણ આવ્યુંને? વીરજયંતિનું આવેને બહાર? ભગવાને આમ કહ્યું હતું, બહુ હિંસા હતી તે રોકી, યજ્ઞો ચાલતા હતા તે રોક્યા. ભગવાન કહે છે કે મેં કાંઈ રોક્યું નથી. હું તો ત્રણકાળ-ત્રણલોકનો જાણનાર છું, એ પર્યાય મારામાં છે એ પર્યાયમાં, મારા ધ્રુવમાં તો એ છે નહિ. તો પછી જે આ થયું એ મારામાં ક્યાંથી હતું અને મેં ઈ કર્યું? આહા..હા..!

શ્રોતા :— ભગવાનને ગાળો દે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ગાળો જ દે છે, બીજું શું છે? ભાષણો ફૂંકે અને ઓલાને બિચારાને ભાન ન મળે. વાહ.. વાહ..! ભગવાને બહુ કામ કર્યું. ભગવાન કહે છે કે મેં મારા પુરુષાર્થથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરી મારામાં એ પણ ધ્રુવમાં નથી. તો એ પર્યાયના અસ્તિત્વમાંથી આ પરના કામ થાય છે, આ કેવળ થયું માટે પરનું થયું એ મારે લઈને છે જ નહિ. આહા..હા..! બધા ભાન વિનાના અભિમાનીઓ છે. ભગવાને આમ કર્યું હતું. સ્ત્રીઓને બધાને અધિકાર આપ્યા, વેદાંતે જ્યારે સ્ત્રીનો આમ તિરસ્કાર કર્યો હતો, યજ્ઞો બહુ ચાલતા, હોમ ચાલતા એટલે ભગવાને વિચારીને પછી (બંધ કરાવ્યું). હજી ભગવાનને વિચાર કરવો હશે! આહા..હા..! જગતની અશાંતિ ટાળવા માટે.. ધીરૂભાઈ! આવે છે કે નહિ? એવું બધું લખાણ આવે કે નહિ? એણે વાંચ્યું છે થોડું કેટલુંક. ભગવાન આમ કરતા હતા, ભગવાન આમ કરતા હતા. અરે..! તને ભગવાનની ખબર નથી. સાંભળને. ભગવાન તો આત્માના ધ્રુવસ્વભાવમાંથી આશ્રય કરીને પૂર્ણ દશા પ્રગટ કરી એ અહીં કહ્યું. બાકી બીજાની કોઈ પર્યાય કરી એ વાતમાં કંઈ માલ અંશે પણ સાચું નથી. આહા..હા..!

શ્રોતા :— કેટલા બધાને મોક્ષ પમાડે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોને પમાડે? એ દ્રવ્ય નથી વસ્તુ સામી? અને એ દ્રવ્ય એની

પર્યાય વિનાનું છે એ સમયે કે એ પર્યાયનું કાર્ય બીજા ભગવાન કરે? કઠણ વાત છે, ભાઈ! ચાલતા પ્રવાહથી ભગવાનનો માર્ગ જ જુદી જાતનો છે. સમજાણું કાંઈ? ભગવાને છકાયના જીવ કીધા, છકાયના જીવની દયા પાળવાની કીધી. ઓલો કહે, અરર.. ર..! ઈ નથી કીધું? સાંભળને ભાઈ હવે. એણે કહ્યું કે છકાયના જીવનો આત્મા તો જ્ઞાનાનંદમૂર્તિ છે. શરીરને જેને કાય કહીએ જે એકેન્દ્રિય એ જીવ નથી. અને એ જીવને કોઈ મારી શકે કે ઉગારી શકે એવી કોઈ જીવમાં તાકાત નથી. બધાને જાણી શકે એવી તાકાત જીવમાં છે. એ સવારમાં આવ્યું હતું. સમજાણું કાંઈ?

'કેવળજ્ઞાન ને કેવળદર્શન,...' એ આત્મામાં નથી. અર..ર..ર..! અરે..! અરે..! બાયડી, છોકરા, કુટુંબ નથી, શરીર નથી, કર્મ નથી એ તો ઠીક પડે. પણ વિકાર નથી એ પણ ઠીક, ઓછું જ્ઞાન નથી, આ તો પૂરું જ્ઞાન પણ અંદરમાં નથી પૂર્ણ ધ્રુવમાં? પૂરું જ્ઞાન પણ ભગવાન, ભાઈ! એ તો પર્યાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ આદિ ચતુષ્ટય પ્રગટ્યા એ તો પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા છે, હાલત દશા છે, અંશ છે. એ ત્રિકાળી ધ્રુવસ્વરૂપમાં એ અંશનો અભાવ છે. નહિતર બે વાત સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આ કેમ એમ કહે છે? કે બધી પર્યાય ને નિમિત્તથી લક્ષને ઉઠાવી દે. આ પ્રયોજન છે. ઉઠાવી દે લક્ષ બધેથી. પૂર્ણાનંદનો નાથ ધ્રુવ પડ્યો ત્યાં લક્ષ લે. એ સિવાય કોઈ તારું શરણ છે નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :— પૂર્ણાનંદનો નાથ!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સ્વામિ છે ઈ. પૂર્ણાનંદ છે એનો સ્વામિ છેને આત્મા. સ્વસ્વામિસંબંધ એનો ગુણ છે. શું? ગુણ છે. સ્વ એનું સ્વરૂપ અને એનો એ સ્વામિ એવો એનો અનાદિ ગુણ છે. ઈ સ્વસ્વામિસંબંધ પોતે એકરૂપ છે વસ્તુ. સમજાણું? એનો એ ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— તમે સમજાવો છો તો સમજાય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એમ કે તમે સમજાવો છો માટે સમજાય છે. તમે કહો છો કે મારાથી નહિ. એમ તમે ના પાડો છો એમ કહે છે. એની યોગ્યતાથી એને સમજાય છે. બીજાના સમજાવ્યા સમજતા નથી. સમજાવ્યા સમજે તો ભગવાન એક થાય તો બધા (ભગવાન) થઈ જાય. કહો, સમજાણું આમાં? આહા..હા..!

'અંતરાયકર્મના ક્ષયજનિત...' અંતરાયકર્મ છેને એક? એનાથી નાશથી ઉત્પન્ન થયેલો **'દાન,...'** ભગવાનને દાન હોય છે હોં! પોતાના સ્વરૂપનું દાન આપે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— બીજાને...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પોતાના આત્માને. બીજા ગરીબને શું આપે? બીજાને કોણ આપે દાન? કાંઈ આપતા નથી બધા. રાગ કરે ખરા. એનામાં હોય ઈ કરે ઉલટું... પરમાં ઈ ક્યાં

છે કે ઈ એમાં કાંઈ કરે.

'**દાન,...**' અહીં તો કેવળીનું ક્ષાયિકદાન લેવું છેને. કેવળને દાન પ્રગટે છે પરમાત્માને. પૂર્ણ કૈવલ્યનું દાન પોતે પર્યાયમાં આપે છે. એવું દાન પણ ધ્રુવમાં નથી. '**લાભ,...**' કેવળજ્ઞાનનો લાભ થયો, પૂર્ણ ગુણની પર્યાયનો લાભ થયો પર્યાયમાં. પર્યાયમાં ક્ષાયિકલાભ થયો ક્ષાયિકલાભ. એ.. ક્ષાયિકલાભ. કોઈ દિ' જાય નહિ, ક્ષાયિકલાભ, ક્ષાયિકદાન. ધ્રુવમાં નથી, એક સમયની પર્યાય છે.

શ્રોતા :— ઘણી વગરની પર્યાય છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઘણી છેને, પણ ઘણીમાં એ પર્યાય નથી, દ્રવ્યમાં એ નથી. ખરેખર પર્યાય પર્યાયનો સ્વામી, દ્રવ્ય દ્રવ્યનો સ્વામી. આ તે ભારે વાત, ભાઈ! નિરપેક્ષ છેને તદ્દન. પછી સાપેક્ષથી વાત ભલે ચાલે. એ જાણવાલાયક વસ્તુ છે.

'**લાભ,...**' આત્મામાં અનંતગુણની પર્યાયનો લાભ થયો. એવો લાભ ક્ષાયિકભાવે થયો છે હોં! પણ એ પર્યાય છે, ધ્રુવમાં નથી. જેમાં દૃષ્ટિ કરવાલાયક છે, વળવાલાયક છે, જેને મીટમાં ધ્યેયમાં લેવાલાયક છે એવું ધ્રુવ એમાં એ નથી. '**ભોગ,...**' એકવાર ભોગવાય તે. પર્યાય ભોગવાય છેને? એક જ વાર ભોગવાય. '**ઉપભોગ,...**' વારંવાર ભોગવાય. ગુણની પર્યાય વારંવાર ભોગવે છેને? '**વીર્ય.**' ઉઘાડ બળનો, આત્માનું બળ. એ આત્માનું અનંતવીર્ય ભગવાનને પ્રગટ્યું અનંતબળ પર્યાયમાં. એ ક્ષાયિકભાવે પ્રગટ્યું બળ. પણ પર્યાય છે.

શ્રોતા :— કેટલી મોટરને ઊભી રાખે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— એક્કે મોટરને નહિ, એક રજકણને ઊભો રાખે નહિ અને છોડે નહિ. એ વીર્ય દ્વારા એક રજકણને ઊભો રાખે કે ઓલી ન કરે. કહે છે, ધર્મકર્તા. એવું બળ પ્રગટ્યું છે. આવે છેને પંચાસ્તિકાયમાં. એવું બળ પ્રગટ્યું કે બીજાને તારે. એ વ્યવહારની વાતું. વ્યવહારની વાતું આવે ત્યારે એમ કહે. એવું અનંતબળ છે યોગીશ્વરોને તારવાનું સામર્થ્ય જેને પ્રગટ્યું એમ આવે. આવે છે, આવે છે. કઈ રીતે? ઈ નિમિત્તની વાત છે. આવે છેને ઈ. ખબર છેને. વીર્ય. આત્મામાં પૂર્ણ વીર્ય પ્રગટ થાય પણ એ પર્યાય છે. શુદ્ધભાવનો ભંડાર ભગવાન એકરૂપ એમાં એ પર્યાયનો અભાવ છે. એવો પંચમપારિણામિકભાવ એની દૃષ્ટિ કરાવવા મોક્ષમાર્ગની આ પ્રગટ દશા તેને આશ્રયે થાય છે એમ બતાવવા પંચમપારિણામિકભાવમાં એ પર્યાય નથી એમ કહે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૫, મંગળવાર, તા. ૫-૦૪-૧૯૬૬,
ગાથા-૪૧, પ્રવચન નં. ૪૨

.. નવ બોલમાં કે આત્મા શુદ્ધભાવ ધ્રુવ પરમપારિણામિકભાવસ્વરૂપ એક આત્મા. એને કેવળજ્ઞાન જે પૂર્ણ સ્વભાવ છે ક્ષાયિક એ પણ શુદ્ધભાવમાં નથી. ઓહો..હો..! હજી આને ભગવાન કહે એ ગોઠતું નથી. પર્યાયમાં પૂર્ણ કેવળજ્ઞાન એ જ ભગવાન ન હોય. અહીં તો કહે છે કે આત્મામાં એવા અનંતા ભગવાનનું સ્વરૂપ પડ્યું છે. એવો જે શુદ્ધભાવ એક સમયમાં આત્માનો શુદ્ધ જીવસ્વભાવ ત્રિકાળ એમાં કેવળજ્ઞાન ને કેવળદર્શનનો ક્ષાયિકપર્યાય પણ એમાં નથી. એવી સ્વભાવની શુદ્ધસ્વભાવની દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન, સત્ય, સત્ય, સત્યસ્વરૂપનું દર્શન ન થાય. સત્ય જ એવડું છે ઈ. સમજાણું કાંઈ?

જુઓ, નવ બોલ લીધા છેલ્લે. અનંતવીર્ય પણ એમાં નથી. અનંતબળ જેને કહીએ, એક સમયમાં કેવળજ્ઞાન, કેવળદર્શનની રચના કરે. ત્રણકાળ-ત્રણલોકને જાણે એ જ્ઞાનની દર્શનની પર્યાય એને રચે એવું જે અનંતવીર્ય એ પણ ત્રિકાળ શુદ્ધભાવમાં નથી. માણસના સાધારણ મગજ.. પણ અહીં તો કહે છે કે પહેલેથી તું પરમેશ્વર સ્થાપ તારા આત્માને, એ વિના એક ડગલું નહિ ચાલે. શું કીધું? પરમેશ્વર સ્થાપ પહેલેથી. પરમેશ્વર એક સમયની પર્યાય પણ નહિ. અનંત અનંત એવા પરમેશ્વરરૂપે તું પહેલો સ્થાપ તારા આત્માને. આવા અનંત પરમેશ્વરરૂપે હું એક છું. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત સિદ્ધો અને પરમેશ્વર થઈ ગયા એ તો પર્યાયરૂપે થયા. એવી અનંતી અનંતી પર્યાય પરમાત્મસ્વરૂપ, એવા અનંતા પર્યાયનું પરમાત્મરૂપ તે એકસ્વરૂપે હું છું. એવો અંતરમાં નિર્ણય થયા વિના એને સ્વ આત્માની શાંતિ અને આનંદનો અનુભવ થશે નહિ. સમજાણું કાંઈ? એટલે કે ધર્મ નહિ થાય એમ એનો અર્થ.

ધર્મનો અર્થ આત્માના આનંદનું વેદન થવું. અતીન્દ્રિય આત્માનો આનંદ એવા અતીન્દ્રિય અનંતઆનંદ. અતીન્દ્રિય એક સમયનો અનંતઆનંદ. એવા અનંત અનંતઆનંદના પિંડરૂપ એક જીવસ્વભાવ જેમાં એક સમયનો અતીન્દ્રિય આનંદનો અભાવ છે. એવા પરમેશ્વરની, નિજપદની દૃષ્ટિ કર્યા વિના.. સમજાય છે કાંઈ? એનો આશ્રય કર્યા વિના અંતરમાં સ્વતંત્રતાની શાંતિની, સુખ, અહિંસાની, રાગના અભાવની એવા સુખની પ્રાપ્તિ બીજી રીતે નહિ થાય. કહો, સમજાણું આમાં? ઓલો તો હજી એક સમયમાં આવો મોટો ભગવાન સ્થાપ્યો એની વાત. અહીં તો ભગવાન આખો એવા અનંતા ભગવાનનું એકરૂપ હું છું. સાંભળને હવે. તને શી ખબર પડે? ભાન ન મળે. આહા..હા..! પામર પામર માન્યો છેને.

એ નવલબ્ધિ કેવળજ્ઞાનાદિની છે એ આત્મામાં નથી. એટલે શુદ્ધ એક સમયનો જીવભાવ

ત્રિકાળ ભાવ જેમાં દૃષ્ટિ આપીને, જેમાં દૃષ્ટિ દેવી છે, જેને જ્ઞાનમાં જ્ઞેય કરવું છે એ વસ્તુમાં આવી પર્યાયો અનંતી ક્ષાયિકની પણ એમાં નથી. આવું માહાત્મ્ય કર્યા વિના અંતરની દૃષ્ટિની ખીલવટ ખૂલે એવી નથી. સમજાણું કાંઈ? હવે ક્ષયોપશમ. છેને? મલૂકચંદભાઈ! ક્યાં છે? ત્રણે ભાઈઓ ભેગા બેઠા છે. આ વસ્તુ ત્યાં સાંભળી હતી? નાગ્રેશમાં હતી? નહોતી. આહા..હા..! તારામાં હતી, એનામાં હતી, નાગ્રેશમાં નહોતી. આહા..હા..!

કહે છે કે આત્મામાં એક જ્ઞાનના ઉઘાડના ૧૮ ભેદ છે. જ્ઞાન, દર્શન બેયના. બીજી પાંચ લબ્ધિ લીધી છે. '**ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ...**' આ પર્યાયની વાત છે હોં! '**મતિજ્ઞાન,...**' આત્મામાં. સમ્યક્ મતિજ્ઞાન. જે આત્મા શુદ્ધ ધ્રુવ એને અવલંબીને જ્ઞાનને સ્પર્શીને જે મતિજ્ઞાન થયું, સમ્યક્ મતિજ્ઞાન થયું, જે હિતકર છે અને જે મોક્ષમાર્ગનું જ્ઞાન એક અવયવ છે.. સમજાય છે? એ મતિજ્ઞાન પણ ધ્રુવ જીવ શુદ્ધભાવમાં નથી. સમજાણું કાંઈ? સંસારના ઉઘાડ, અજ્ઞાનના ભણતર એમાં તો વર્તમાન હિત પણ નથી, એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? સંસારના બધા ભણતરો, અરે..! શાસ્ત્રના ભણતર એકલા પરસન્મુખના એ પણ દુઃખરૂપ જ છે. આહા..હા..! બહુ આકરી વાત.

કહે છે કે પણ આત્મા જ્ઞાયક ચૈતન્યની જ્યોત પૂર્ણ શુદ્ધભાવ એવી શક્તિનું આખું સત્ત્વ પરમેશ્વર નિજ સ્વરૂપે એમાં અંતરદૃષ્ટિ, અંતર્મુખ એકાગ્ર થઈ અને જે મતિજ્ઞાનનો પર્યાય સમ્યક્ શુદ્ધ પ્રગટ થયો એ મતિજ્ઞાન પર્યાય ધ્રુવસ્વરૂપમાં શુદ્ધભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવા જાય છે કે એ છે મતિજ્ઞાન, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? આદરવાલાયક તો શુદ્ધભાવ એકલો પિંડલો ચૈતન્યનો ધ્રુવ સામાન્ય જેમાં એકાગ્ર થવાથી શાંતિ, ધર્મ, આનંદ પ્રગટે એવો શુદ્ધભાવ એમાં મતિજ્ઞાનનો ક્ષયોપશમપર્યાય એમાં નથી. આહા..હા..! ભારે વાત પણ, ભાઈ!

'**શ્રુતજ્ઞાન,...**' ચૌદ પૂર્વનું ઉઘડેલું જ્ઞાન, બાર અંગનું ઉઘડેલું જ્ઞાન. સમ્યક્ શ્રુતજ્ઞાન હોં! સમ્યક્ શ્રુતજ્ઞાન બાર અંગનો વિકાસ એક સમયની પર્યાયમાં. પૂર્વ તો એથી ઓછા રહી ગયા. એથી બાર અંગનું જ્ઞાન, બાર અંગ દૃષ્ટિવાદ એવી જે જ્ઞાનની શ્રુતજ્ઞાનપર્યાય ક્ષયોપશમ છે, અંશ છે, અવસ્થા છે. છે વર્તમાન પર્યાય હિતકર પણ એ પર્યાયને આશ્રયે નવી ધર્મપર્યાય પ્રગટ થતી નથી. આહા..હા..! એથી એ શ્રુતજ્ઞાનપર્યાય શુદ્ધભાવ, શુદ્ધભાવ એટલે શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ જીવ અસ્તિ કાય, શુદ્ધ જીવ અસ્તિ અને અસંખ્યપ્રદેશનો પિંડ એવો શુદ્ધભાવ એમાં બાર અંગના જ્ઞાનનો પર્યાય એ શુદ્ધભાવમાં નથી. સમજાણું કાંઈ? ભાઈ! એને આત્મા કેવો છે એ સમજવો... મહાપ્રભુ છે ઈ. એના મહાપ્રભુનો પ્રભુ છે. પર્યાય તો પ્રભુ છે અને આ તો પ્રભુનો મહાપ્રભુ છે. ભારે વાત પણ, ભાઈ!

કહે છે કે કેવળજ્ઞાનાદિ, શ્રુતજ્ઞાનાદિ પર્યાય જે છે, શ્રુતજ્ઞાન આમ પ્રગટેલું તો એને (એમ થાય) આહા..હા..! દુનિયા એમ કહે, વાહ! શ્રુતકેવળી! એવી બાર (અંગની) જ્ઞાનની

પર્યાય નિર્મળ સમ્યક્ પ્રગટી હોય છતાં એ બાર અંગના શ્રુતજ્ઞાનનો પર્યાય શુદ્ધ જીવભાવમાં નથી. એક અંશ છે અને આ તો ત્રિકાળ અંશનો આખો ધ્રુવ પિંડ છે. સમજાણું કાંઈ? એ.. જ્ઞાનચંદજી! કેમ દૂર બેઠા છો? પાછળથી આવ્યા છો? સમજાય છે આમાં? ભાઈ! અહીં તો ગુજરાતી સમજવું હોય એ ગુજરાતી સમજીને (શીખીને) આવે. અહીં હિન્દી કે ઓલા (હિન્દી) તો એક-એક, બે-બે માણસ કાયમ આવ્યા જ કરે. હિન્દી થાય તો કોઈ દિ' ગુજરાતી થાય જ નહિ. માટે હિન્દીવાળાએ થોડું ગુજરાતી શીખવું જોઈએ. સમજાણું કાંઈ? જેવું ગુજરાતીમાં વિસ્તારનું સ્પષ્ટીકરણ આવે એવું હિન્દીમાં આવતું નથી. શું કહ્યું આમાં?

ભગવાન આત્મા એક સમયની અંદર, એક સેકંડમાં અસંખ્ય સમય થાય એનો એક સમય એવો જે એનો એક સમયમાં ધ્રુવનો પિંડલો, અનંત રત્નની ગાંઠડો એકલો ધ્રુવસ્વરૂપ જીવભાવ, જીવ શુદ્ધભાવ, શુદ્ધભાવ, શુદ્ધભાવ એની અંદર આ ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન, શાસ્ત્ર શબ્દની વાત નથી આ, ભાવશ્રુતજ્ઞાન શ્રુતકેવળીની પર્યાય પણ શુદ્ધભાવમાં નથી. આ એક સમયનો અંશ છે અને ઓલો તો ત્રિકાળી પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને નિશ્ચયજીવ કહીએ. શુદ્ધભાવ ત્રિકાળ એને નિશ્ચયજીવ કહીએ. આ એક સમયનો પર્યાય એ પણ વ્યવહારજીવ છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**અવધિજ્ઞાન,...**' અવધિજ્ઞાન. અવધિજ્ઞાન તો કેવું? કે સર્વ-અવધિ અને પરમ-અવધિ આદિ જ્ઞાન. એક એક પરમાણુને જાણે અને પરમાણનો પણ ઘણો સૂક્ષ્મ ભાગ જાણે. એવો જે અવધિ અને પરમ-અવધિ, પરમ-અવધિજ્ઞાન કે જેને એ ભવમાં કેવળજ્ઞાન થયે છૂટકો, એવું અવધિ, દેશ-અવધિ, સર્વ-અવધિ, પરમ-અવધિ એ પર્યાય શુદ્ધભાવમાં નથી. શુદ્ધ છેને શુદ્ધભાવ? શુદ્ધભાવના અધિકારમાં એ પર્યાયનો અધિકાર નથી. આહા..હા..! ભેદ થઈ જાય. બે ધર્મ આપ્તમિમાંસામાં કહ્યું છે કે નિરપેક્ષ ધર્મ છે. ધર્મી અને ધર્મની પર્યાય અને ધર્મી, ગુણ-ગુણી બે નિરપેક્ષ છે. ફૂલચંદજીએ કહ્યુંને? બે બોલ કંઈક કહ્યા હતાને. એમાંથી બેમાં હોય તો સમયસાર ... લેશે. નિરપેક્ષા નયા મિથ્યા. નિરપેક્ષા નયા મિથ્યા. અને બે નિરપેક્ષ ધર્મ. આટલા સમજ્યો તો જાઓ... આહા..હા..! જ્યાં વ્યવહારનય કહો કે આ પંચમહાવ્રત ને આ શ્રદ્ધાન, વ્યવહારશ્રદ્ધા કહો ત્યાં નિશ્ચય હોવું જોઈએ. નિશ્ચય વિના એકલો વ્યવહાર મિથ્યાનય છે. અને નિશ્ચય જે મોક્ષમાર્ગનો પર્યાય છે એ પણ પાછો શુદ્ધભાવમાં નથી. આહા..હા..! ભારે! હવે ક્યાં જીવીયો વોરવિયા કરવા? ઈચ્છામી પડિકમણામાં આવેને? જીવીયો વહોરવીયા.. કાંઈ એક્કે શબ્દની ખબર ન મળે. છોટાભાઈ! જીવીયા વ્હોરવીયા કેટલા કર્યા હતા?

અહીં તો કહે છે કે એક સમયમાં જેને અવધિજ્ઞાન પર્યાયમાં છે એ આમાં નથી. એક સમયની પર્યાયવાળું દ્રવ્ય માને તેણે જીવને જીવ તરીકે નિશ્ચયથી સત્યથી માન્યું નથી. કહો, સમજાણું કાંઈ? એક સમયની ઉઘડેલી અવધિજ્ઞાનની પર્યાયવાળો જીવને એવડો માનવો એણે જીવનું પરમ પરમ સત્ય ધ્રુવસ્વરૂપ છે એની એણે હિંસા કરી છે. એટલે કે આ નથી એમ

એણે માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ... એટલે ફૂંક્યા ફૂંક કરે છે. બધાને ભેગા કરે. બાબુભાઈ! શું હતું? બધા ભેગા થયા હતા. ઓલા ફૂંકવા.. શું કહેવાય ઈ? બહાર, બહાર ચોપાટમાં. જે તે ખ્રિસ્તી પણ બોલે ને ઓલા પણ બોલે ને ઓલા પણ બોલે. હવે હજી જૈનના વાડાવાળાને ખબર નથી કે મહાવીરનો આત્મા અને એની પર્યાય શું છે. સમજાણું કાંઈ? મોહનભાઈ!

શ્રોતા :— મુંબઈનો ગવર્નર...

પૂજ્ય ગુરુદેવશ્રી :— હવે ગવર્નર બોલ્યો (હોય તો)... ગવર્નર એટલે શું? એના ભાન ન મળે જરીયે વસ્તુનો. કોનો ગવર્નર? અજ્ઞાનનો ગવર્નર છે. એઈ..!

અવધિજ્ઞાન પણ આત્માના સ્વરૂપમાં શુદ્ધ જે સમ્યક્ પ્રગટે સમ્યક્દૃષ્ટિને અવધિજ્ઞાન પર્યાય એ શુદ્ધભાવ ધ્રુવભાવ, જે આખું તત્ત્વ પૂર્ણ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જેને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવળજ્ઞાન, શુક્લધ્યાન પ્રગટે છે એવો જે શુદ્ધભાવ તેમાં અવધિજ્ઞાનનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એને તો હજી આ મંદિરો કરવા ને આ કરવા... શું કહેવાય? સરઘસ કાઢવા ને.. એઈ..! હાથીના ઓલા કાઢવા.. એ જાણે અમે કરીએ છીએ.

શ્રોતા :— એ કરવું કે ન કરવું એ પણ સાથે કહી દ્યો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હવે ઈ તો એને ખબર છે. હવે કરવું છે એનેને. એ.. પોપટભાઈ! ઈ તો ન્યાં એને કારણે થવાનું હોય ઈ થાય. શું આત્મા કરી શકે છે?

શ્રોતા :— આત્મા તો રાગ પણ કરી શકતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— રાગ કરવો એ પણ એનું સ્વરૂપ નથી. રાગ કરવો એનું સ્વરૂપ નથી.

શ્રોતા :— બોજો હળવો થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બોજો હળવો થઈ જાય કે નથી કરવું, એમ. ઠીકને! એની દલીલ જોઈને. હાશ, ઓલું કરવાનું હોય તો બોજો હતો માથે કે આ રૂપિયા કાઢવા પડશે, કાઢવા પડશે, છોકરાને સમજાવવા પડશે. આ કરી શકાતું નથી, બોજો તો હળવો થયો. આ ઠીક દલાલ... આહા..હા..! અરે..! ભાઈ!

અહીં તો કહે છે કે એ જે બને છે અને બનશે એ તારા સ્વરૂપમાં નથી પણ તારાથી બનતું નથી. હવે રાગાદિ ભાવ થાય એ તારા સ્વરૂપમાં નથી અને સ્વરૂપનું એ કાર્ય નથી. રાગાદિ શુભ હો વ્યવહાર એ સ્વરૂપમાં નથી અને સ્વરૂપનું કાર્ય નથી. હવે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનાદિ પ્રગટે એ શુદ્ધભાવમાં નથી, ધ્રુવમાં નથી, પણ એ છે કાર્ય પોતાના શુદ્ધનું. એ કરી શકે છે. આવ્યુંને ઈ? '**णियमेण य जं कज्जं**'. નિયમથી કરવાલાયક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, ભગવાન ધ્રુવસ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ નિયમથી કરવાલાયક છે. એ નિયમથી થાય તે પર્યાય પણ શુદ્ધભાવમાં નથી. આહા..હા..! અરે..! શું કરવું આમાં? ઓલા વેદાંત કહે છે કે આ નથી, નથી એવું હશે આ? નેતિ, નેતિ, નેતિ, નેતિ. એમ

નહિ. આ તો એક સમયની પર્યાયમાં છે ખરું એમ સિદ્ધ કરતા જાય છે. આવી વાત બીજે હોઈ શકે નહિ. એક સમયની પર્યાયમાં છે. મતિ, શ્રુત, અવધિ પર્યાયમાં હોય, એ જીવ શુદ્ધભાવમાં નથી. પર્યાયમાં નથી એમ માને તો એ પણ મૂઢ વસ્તુને સમજતો નથી. એક જ પર્યાય જેટલો માને તો એ વસ્તુને સમજતો નથી. જૈન વીતરાગદેવે કહેલા તત્ત્વો, કહેલા તત્ત્વો એટલે એ તો છે એવા કહ્યા છે. એ તત્ત્વોને જાણવા એ મહાન પ્રયત્ન અને પુરુષાર્થ હોય છે એમાં. સમજાણું કાંઈ?

'**મનઃપર્યયજ્ઞાન,...**' લ્યો, મુનિને હોઈ ઈ. મુનિને હોય મનઃપર્યયજ્ઞાન, ગણધરને. તીર્થંકરને દીક્ષા લે એટલે તરત મનઃપર્યયજ્ઞાન થાય. કહે છે કે એ મનઃપર્યયજ્ઞાન એ પર્યાય છે. શુદ્ધભાવ ધ્રુવભાવ એમાં એ નથી. સમજાણું કાંઈ? પર્યાય તરીકે, વિકાસ તરીકે એનું અસ્તિત્વ છે. અસ્તિત્વ છે, એની હયાતી છે, એની મોજૂદગી છે, પણ ત્રિકાળમાં એની મોજૂદગી નથી. સમજાણું કાંઈ? '**એમ જ્ઞાન ચાર.**' હવે '**કુમતિજ્ઞાન,...**' આ ઊંધુ જ્ઞાન. જેનાથી... આ સવળા જ્ઞાનની વાત થઈ ગઈ ચારની. હવે છે ઈ કુમતિજ્ઞાન. સમજાણું? કુમતિ, કુ-ઊંધુ જ્ઞાન. જેનાથી રાગથી લાભ માને, પરની ક્રિયા કરી શકું એમ માને, પરના કામમાં આપણે ઉપકાર કરી શકીએ છીએ એવું જે જ્ઞાન, પરની દયા પાળી શકીએ છીએ એવું જે જ્ઞાન, એ કુજ્ઞાન, મતિઅજ્ઞાન છે, એ અહિતકર છે, પણ એક સમયની પર્યાય છે એ ધ્રુવમાં નથી. કહો, સમજાણું આમાં? '**કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન,...**' અગિયાર-અગિયાર, દસ-દસ પૂર્વના અંદરમાં કુજ્ઞાન થાય મિથ્યાદૃષ્ટિને. દસ પૂર્વનું અંદરમાં. કુશ્રુતજ્ઞાન, આત્માનું જ્યાં લક્ષ નથી, આત્માને અંતર્મુખમાં દૃષ્ટિએ જોયો નથી, આત્માને અંતર્મુખથી જોયો નથી, જાણ્યો નથી એને જે જ્ઞાન થાય, કેટલું? કે ઘણું. દસ પૂર્વની અંદરનું ઉઘડેલું. એવો પર્યાય એક સમયમાં હોય અજ્ઞાનીને, હોય, શુદ્ધભાવમાં નથી. સમજાણું કાંઈ?

એમ '**વિભંગજ્ઞાન,...**' અજ્ઞાનીને સાત દ્વીપ અને સમુદ્ર દેખે એટલું જ્ઞાન હોય. પર્યાયમાં ઉઘાડ થાય ઉઘાડ અજ્ઞાનનો એટલો કે સાત દ્વીપ અને સમુદ્ર દેખે અંદરમાં એવો પર્યાય અજ્ઞાનીને મિથ્યાદૃષ્ટિને હોય એ દુઃખદાયક છે. પણ એ પર્યાય ધ્રુવ જીવભાવમાં નથી, શુદ્ધભાવમાં નથી. ઓહો..હો..! સમજાણું? એમ એ અજ્ઞાન ત્રણ (થયા).

'**ચક્ષુદર્શન,...**' સામાન્ય ઉપયોગની વ્યાખ્યા છે, દર્શન (ઉપયોગ). ચક્ષુના જાણવાના નિમિત્તમાં પહેલો એક ઉપયોગ થાય ચક્ષુદર્શનમાં એવી પર્યાય હોય, પર્યાય હોય. પાછી એ સિદ્ધ કરે છે હોં! આ સર્વજ્ઞના જૈનશાસનમાં આવી ચીજ હોય. છતાં એ ચક્ષુદર્શનનો પર્યાય શુદ્ધભાવમાં નથી. સમજાણું? '**અચક્ષુદર્શન,...**' ચક્ષુ સિવાય ચાર. કાન, નાક, (રસ), સ્પર્શ.. એનાથી જે જણાય એના પહેલા જે ઉપયોગ થાય એવો જે અચક્ષુદર્શન પર્યાય છે, પર્યાય હોય, અવસ્થા હોય છતાં શુદ્ધભાવમાં નથી. '**અવધિદર્શન,...**' લ્યો, સમજાણું? એ અવધિદર્શન હોય છે. વિશેષ જ્ઞાન, અવધિજ્ઞાન થવા પહેલા જે જાણવું હોય એનો સામાન્ય ઉપયોગ

થાય એવી પર્યાય હોય, શુદ્ધભાવમાં નથી. અંતર્મુખ દૃષ્ટિના ઉપયોગમાં ચૈતન્યમાં એ પર્યાયોનો અભાવ છે. અંતર્મુખ ભગવાન જ્યાં ચૈતન્યમૂર્તિ અનંત પરમાત્માનું રૂપ એવો પરમાત્મા પોતે સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમેશ્વરે કહ્યો છે. સમજાણું કાંઈ? એવો પરમેશ્વર પરમાત્મા પોતે એમાં આ અવધિદર્શનનો અભાવ છે. એ દર્શન ત્રણ (થયા).

'**કાળલબ્ધિ,...**' લ્યો, કાળલબ્ધિ આવી આમાં. ઓલો ના પાડે છે, ઓલાને કાળલબ્ધિ ગોઠતી નથીને. (શ્રોતા :- આમાં નથીને!) ન હોય તો શું છે એમાં! કાળલબ્ધિ, સમજાણું? ક્ષયોપશમમાં નાખી છે, ક્ષયોપશમમાં નાખી છે કાળલબ્ધિ. ક્ષયોપશમભાવ છેને એ સમયનો. એ સમયની કાળલબ્ધિ નાખી છે. અનુભવપ્રકાશમાં આટલું આટલું નાખ્યું છે તોપણ એણે કાળલબ્ધિ નાખી છે. છેને. કાળલબ્ધિ સાધક છે અને દ્રવ્ય સાધ્ય છે. આમ એમ કોર કહે કે તારી ભૂલથી તું રખડ્યો છો. તારી ભૂલથી, તારી હરામજાદગીથી તું રખડ્યો છો. કોઈનો દોષ છે નહિ. તારી હરામજાદગી, અંતરમાં ચૈતન્યપ્રભુ બિરાજે છે એના ઉપર અવલોકન કરતો નથી અને પરદ્રવ્યના અવલોકનમાં તારી જિંદગી અનંતકાળથી જાય છે. હરામજાદગીમાં તારી ભૂલ થઈ એને લઈને રખડ્યો, બીજું કોઈ કારણ નથી. પોપટભાઈ!

શ્રોતા :— ... ટેવાઈ ગયો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ટેવાઈ ગયો ખોટો તદ્દન. તારી હરામજાદગી(ને કારણે), ત્રણલોકનો નાથ કોડી કોડીનો ભિખારી થઈને તું ફરે છે. સમજાણું કાંઈ? ત્રણલોકનો નાથ ચૈતન્યપ્રભુ એની પર્યાયમાં ત્રણલોકના નાથની દશા કેવળ થાય એવા એવા અનંતા કેવળજ્ઞાનનો પિંડલો ભગવાન આત્મા એ કોડી કોડીનો ભિખારી. એક પાઈ મળે ત્યાં રાજી થઈ જાય, એક છાણનો પોદળો મળે ત્યાં રાજી થઈ જાય, બાયડી સારી મળે તો રાજી થઈ જાય, બે હજાર પેદા થાય, પંદરસોના બે હજાર થાય તો આહા..! ઓણ તો બે હજાર થયા. પોપટભાઈ! તમારી વાત નથી કરતા હોં! આ સાધારણ માણસની (વાત છે). એને બે હજાર, પંદરસો ન હોય. એને તો વીસ હજાર, પચ્ચીસ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ (હોય). આને વળી મોટું હોય એના છોકરાને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મીંડા વધે એમાં આત્માને શું? માને છે કે મીંડા વળે છે. આહા..હા..!

કહે છે કે એ કાળલબ્ધિ ક્ષયોપશમભાવ. આત્માની એ જાતની કાળની યોગ્યતા છે, એ સમયે જ એનો કાળ પાકવાનો છે. પુરુષાર્થ કરે છેને, એ સમયે એવી પર્યાય થાય જ છે. પુરુષાર્થ સ્વભાવનો કરે એટલે કાળલબ્ધિનો કાળ એ વખતે પાકી જ ગયેલો હોય છે. સમજાય છે કાંઈ? કર્તા થઈને કરનારો આત્મા, કર્તા થઈને નથી કરતો તોપણ એ આત્મા. સમજાણું કાંઈ? ક્ષયોપશમભાવે કાળલબ્ધિ છે, પર્યાયમાં હોય. લ્યો, અહીં તો પર્યાય સાબિત કરી છે. ઓલાએ સાબિત નથી કરી. ટોડરમલે. કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. વસ્તુ નથી એટલે એ તો જે કાળે થાય પર્યાય એનું નામ કાળલબ્ધિ, એમ. વસ્તુ કોઈ જુદી બીજી કઈ હશે?

કાળ કોઈ બીજો પદાર્થ હશે કે એને પકડી રાખ્યો છે? લબ્ધિ એટલે પ્રાપ્તિ. તે સમયની તે પ્રકારની પર્યાયની પ્રાપ્તિ. સ્વકાળના પર્યાયની પ્રાપ્તિ એનું નામ કાળલબ્ધિ છે. કાળલબ્ધિ છએ દ્રવ્યને છે, એકને શું? છએ દ્રવ્યને સમય-સમયની જે દ્રવ્યની પર્યાય પ્રાપ્ત (થાય) એને કાળલબ્ધિ કહે છે. સ્વામી કાર્તિકેયમાં છે. છએ દ્રવ્યને, કોઈ કાળે એમ પણ નહિ. ત્રણે કાળમાં જે જે દ્રવ્યને જે જે પર્યાયની પ્રગટતાની પ્રાપ્તિ થાય એને કાળલબ્ધિ કહે છે. સમજાણું કાંઈ? એ તો એક સમયની પર્યાય ભગવાન ત્રિકાળ શુદ્ધભાવ ધ્રુવભાવ એમાં એક સમયની પર્યાયનો અભાવ છે. ક્ષયોપશમ, ક્ષયોપશમ.

શ્રોતા :— ક્ષયોપશમ કાળની લબ્ધિને કાળલબ્ધિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ એને કોણે કીધું? ... અહીં ક્યાં વાત છે? આ તો કાળલબ્ધિ (અર્થાત્) પર્યાયની પ્રાપ્તિ.

'**કરણલબ્ધિ,...**' બગડો છેને? કરણલબ્ધિ આવે છેને? અપૂર્વ ને અધકરણ એ પર્યાય. એ નથી. દ્રવ્યમાં ક્યાં છે? એ તો પર્યાય જ્યારે પ્રગટ થવાની (હોય), સમકિત પ્રગટ થવાનું હોય એના પહેલા આ પરિણામ હોય છે. પરિણામ હોય છે, વસ્તુમાં એ નથી. આહા..! આવડો મોટો ભગવાન પણ એને અંદરથી જાણે આવડો મોટો હું? એને બેસતું નથી. અહીં તો જરીક કાંઈક ક્ષયોપશમ થોડો થાય ત્યાં, આહા..! આપણે તો વધી ગયા.

શ્રોતા :— કરણલબ્ધિ થાય તો કુદાકુદ કરે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કરણલબ્ધિ ક્યાંથી થાય એને? કુદે તો થાય જ નહિ એને, હોય નહિ. હોય ત્યારે એને ખબર પણ ન હોય. એને ખબર નથી. દાંત કાઢ્યા હિંમતભાઈએ કે આને બોલતા ન આવડ્યું. અમારા પંડિતજી છે હોં! એમ કે બોલતા ન આવડ્યું હોય. કારણ કે કરણલબ્ધિ હોય ત્યારે એને ખબર ન હોય. સમજ્યાને? ખબર હોય ત્યારે કરણલબ્ધિ હોય નહિ. કૂદે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :— પરિણામ પકડાય નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પરિણામ પકડાય જ નહિ ઈ. સમ્યગ્દર્શન અનુભવના કાળ પહેલા એક આવા પરિણામની જાત છે એમ સિદ્ધ કરી છે. છે એમ સિદ્ધ કરવું છે, પણ શુદ્ધભાવમાં નથી. કરનારને, થનારને ખબર ન હોય કે આ ફલાણા પરિણામ છે કે આ છે.

'**ઉપદેશલબ્ધિ,...**' દેશના. ઉપદેશલબ્ધિ છેને? દેશનાલબ્ધિ. જ્ઞાનીનો ઉપદેશ, અનુભવીનો ઉપદેશ એને નિમિત્ત મળે એને દેશનાલબ્ધિ (કહે છે). છે એ ક્ષયોપશમભાવ, જાણવાની અપેક્ષાએ વાત છે હોં! વાણીમાં આવે એ જુદી, પણ એના ખ્યાલમાં આવે કે આ કહે છે. કહે છે એવો જે ક્ષયોપશમભાવ, 'આ કહેવા માગે છે' એવું જે અંદર પકડવું, એવો જે ક્ષયોપશમભાવ. એક સમયની પર્યાય છે ખરી, શુદ્ધભાવમાં નથી, ત્રિકાળ ભાવમાં એ નથી.

'**ઉપશમલબ્ધિ,...**' એટલે વિશુદ્ધિ. સમજાણું? ઉપશમલબ્ધિ એટલે વિશુદ્ધિ આવે છેને

પાંચમાં? કષાયની મંદતા. કષાયની મંદતાને અહીંયા ઉપશમલબ્ધિમાં નાખ્યું છે. વિશુદ્ધિ જેને ગોમ્મટસારમાં વિશુદ્ધિ કહ્યું છે. કષાય મંદ. જે સમ્યગ્દર્શન થવા પહેલાં એવી ચાર લબ્ધિ હોય છે. કરણ આદિ. આ બધી ક્ષયોપશમભાવે (છે). બધી ક્ષયોપશમભાવે, ઉપશમ નહિ, ક્ષયોપશમભાવે. આ બધી ક્ષયોપશમભાવે. ઉપશમલબ્ધિ એટલે વિશુદ્ધિલબ્ધિ એમ કહું છું. સાંભળ્યું નહિ તમે. ઉપશમલબ્ધિ એટલે કષાયની મંદતારૂપ વિશુદ્ધિ એને અહીં ઉપશમલબ્ધિ કીધી. ઉપશમભાવ નહિ. સમજાણું કાંઈ? ઉપશમલબ્ધિ એટલે ઉપશમભાવ એ નહિ. ઉપશમ એટલે કષાયની મંદતા. કષાય બહુ મંદતાનો વિકલ્પ, ગુણ-ગુણી ભેદનો વિચાર કે વિકલ્પ આદિ એ વિશુદ્ધિ. વિશુદ્ધિને ઉપશમ કહેવામાં આવે છે. એ વિશુદ્ધિ ક્ષયોપશમભાવે છે. અહીં ક્ષયોપશમભાવે લીધો છે. એમાં જેટલો કષાય મંદ પડ્યો છેને, ઉઘાડ ભાવ લીધો છે એટલો. સમજાણું કાંઈ? બીજામાં એને શુભભાવ લીધો છે. અહીં તો શુભભાવમાં જેટલી શુદ્ધિ, ઉઘાડ થયો છેને એટલો, ચારિત્રમોહનો એટલો ઉઘાડ છે, રાગની તીવ્રતાનો અભાવ થઈને એટલો ઉઘાડ-ક્ષયોપશમ લીધો છે. દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ છે. સમજાય છે? નવમી ગ્રૈવેયક જાય છેને અનંતવાર મિથ્યાદષ્ટિ, એને દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ ચારિત્રમોહનો લીધો છે, ખરેખર ક્ષયોપશમ છે નહિ. સમજાણું કાંઈ? આ ક્ષયોપશમ, અજ્ઞાનીને પણ આવો એક ભાવ હોય છે. સમજાણું કાંઈ?

'**અને પ્રાયોગ્યતાલબ્ધિ...**' એટલે કર્મની સ્થિતિ અંતઃકોડાકોડીનું રહેવું એવા પરિણામ. સમજાય છે? કર્મની સ્થિતિનું થોડું રહેવું એવા પરિણામ. એવા પરિણામને ક્ષયોપશમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એના પણ બોલ આવે છેને? પાનું-૩૧૩. ત્યાં એમ છે, જુઓ, 'કાળ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્ય' જુઓ, ત્યાં એ છે. આવે છેને '**णाणाजीवा णाणकम्मं**' ૩૧૩ પાનું. '**णाणालद्धी**' શબ્દ છેને? એ આ બાજુ ૩૧૩ પાને. '**જીવોને સુખાદિની પ્રાપ્તિરૂપ લબ્ધિ-કાળ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ ભેદોને લીધે પાંચ પ્રકારની છે.**' છે, પર્યાય છે. સમજાણું કાંઈ? '**એવા ભેદને લીધે લબ્ધિ પાંચ...**' પ્રકારની છે. એ પર્યાય છે પણ એ શુદ્ધભાવ ધ્રુવમાં નથી. છે ને નથી, છે ને નથી. અરે.. આ! લબ્ધિ છે પણ ધ્રુવમાં નથી. આ તો શરીર, કર્મ આદિ તો પર્યાયના એક સમયના અસ્તિમાં પણ નથી. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, અનંત અજીવો, અનંત જીવો આત્માના એક સમયના પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? શું કીધું? આ શરીર, બાયડી, છોકરા, છ છોકરા એ આત્માની પર્યાય એક સમયની એમાં પણ નથી એ તો. આ તો સમયની પર્યાયમાં છે. શું કહે છે!

શ્રોતા :— એક સમયની પર્યાયમાં છે, પણ એ એનામાં છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ તો અહીં છે નહિ એટલું. એક સમયની પર્યાયમાં પણ એ તો અહીં છે જ નહિ. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર એ તો આત્માની

એક સમયની પર્યાયમાં પણ નથી. આ તો એક સમયની પર્યાયમાં છે. એક સમયની પર્યાયમાં છે એ પણ ત્રિકાળમાં નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? આહા..હા..! આ તો ક્યાંય રહી ગયા. કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રજકણના, શરીરના, બાયડી, છોકરાના બધાના પર છે. એનો કાળ એટલે એનો પર્યાય એ તો પર છે. એ અહીં ક્યાં આત્મામાં ગરી જતો હતો? પર્યાયમાં ક્યાં આવે અહીં? આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આત્માની પર્યાય એટલે અવસ્થામાં પણ એ તો નથી. એ તો એને ઘરે ન્યાં રહ્યા એની અવસ્થાના દ્રવ્યમાં. એના દ્રવ્યની પર્યાયમાં અને એના દ્રવ્યમાં એ રહી ગયું. અહીં ક્યાં ગરી ગયું છે? આવે છે આત્માની પર્યાયમાં? કર્મનો ઉદય આત્માની પર્યાયમાં આવે છે? પણ આત્માની પર્યાયમાં જે આવા ક્ષયોપશમભાવ છે એ થાય છે તો એની દશામાં, છતાં એ પર્યાય ત્રિકાળ શુદ્ધભાવમાં નથી. આહા..હા..!

શ્રોતા :— દશામાં થકાય છે, પણ એનામાં નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— નથી, ધ્રુવમાં નથી. ઓલા તો પર્યાયમાં પણ નથી. મોહનભાઈ! શું હશે? બહુ પૈસા થઈને રાજી થાય એનું શું હશે આ? મૂઢ છે, કહે છે. પરવસ્તુ એને ઘરે દ્રવ્ય-પર્યાય થાય એમાં તને શું પણ આવ્યું? એને ઘરે એ દ્રવ્ય અને એને ઘરે એની પર્યાય. તારે ઘરે તો એક સમય પણ આવતું નથી. ધીરૂભાઈ! શું? આ બાયડી, છોકરા, કુટુંબ, શરીર, કર્મ, આબરૂ એક સમય, સેકંડનો અસંખ્યમો ભાગ એક સમય એ પણ એ ચીજો અહીં આત્માની પર્યાયમાં, અવસ્થામાં, આત્માની પર્યાય એક સમયની છે એ પર્યાયના સમયમાં એ ચીજ આવતી નથી. ઈ તો બહારને બહાર છે, આની સાથે ક્યાં ગરી ગઈ હતી? ઈ આ ધ્રુવમાં નથી ઈ અહીં કહેવું નથી, ઈ તો બહાર જ છે. આહા..હા..! અહીં તો કહે છે કે તારી દશામાં જે ભાવ છે, પર્યાય, એ તારામાં છે એ બરાબર અસ્તિરૂપે છે. શુદ્ધભાવ ધ્રુવમાં એ નથી. સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય એવું છે કે નહિ?

'**વેદકસમ્યક્ત્વ,...**' એટલે ક્ષયોપશમસમકિત. સમજાય છે? વેદકની પ્રધાનતાથી વાત કરી છે. ક્ષયોપશમસમકિતને. હવે છેલ્લો સમકિત મોહનીયનો ઉદય વેદાય છેને જરી. એવું વેદકસમકિત ધ્રુવસ્વભાવ જીવભાવમાં નથી, ત્રિકાળ શુદ્ધભાવમાં નથી. વેદક છે એની પર્યાયમાં. ક્ષયોપશમ સમકિત એ છે આત્માની પર્યાયમાં, ધ્રુવસ્વભાવમાં નથી. જ્યાં નિધાન પડ્યું છે એ નિધાનમાં આ અંશોનો અભાવ છે. સમજાય છે કાંઈ? અને '**વેદકચારિત્ર;...**' ક્ષયોપશમચારિત્ર. સમજાણું? ક્ષયોપશમચારિત્ર એટલે સાચું ચારિત્ર હોયને જરી. રાગ-દ્વેષનો અભાવ થઈને શાંતિ પ્રગટી હોય, કંઈક ઉદયભાવ પણ ભેગો હોય. ઉઘાડ જેટલો છે ક્ષયોપશમપર્યાય એ આત્માની પર્યાયમાં છે. એ આત્મામાં આવો ભાવ છે, ધ્રુવમાં નથી.

'**અને સંયમાસંયમપરિણતિ.**' જુઓ, વેદકસમકિતની પરિણતિ, વેદકચારિત્રની પરિણતિ અને સંયમાસંયમની પરિણતિ. આ ક્ષાયિકની પંચમ ગુણસ્થાનની પરિણતિ. આ તો શ્રાવક

જેને અંતર સમ્યગ્દર્શન, અનુભવ છે અને એના પૂર્વક બીજા કષાયનો અભાવ થઈને સંયમાસંયમ દશા પ્રગટી છે. સંયમાસંયમદશા પ્રગટી છે, પણ એ પરિણતિ પર્યાયમાં છે, શુદ્ધભાવમાં નથી. બહુ આ તો ઝીણું બહુ હોં! આ ભારે ગોત્યા છે તમે હોં! સમજાણું આમાં? હકાર આવે છે, હકાર.. '**સંયમાસંયમપરિણતિ.**' દેખો, ભાષા જુઓ, એ પરિણતિ છે, પરિણતિ-પર્યાય છે. સમજાય છે? શ્રાવકની પંચમ ગુણસ્થાનની દશા. સમ્યગ્દર્શનપૂર્વક શાંતિના અંશની સ્થિરતા, અંશસહિત અને કંઈક અસંયમ એટલે વિકલ્પ છે. એવો સંયમાસંયમભાવ પર્યાયમાં છે, ક્ષયોપશમભાવે છે. અહીં ક્ષયોપશમભાવની વાત લેવી છે હોં! વિકલ્પની વાત નથી લેવી. અહીં તો જેટલો ઉઘડેલો ભાવ છેને, એને અહીંયા સંયમાસંયમભાવ કહે છે. એ પણ શુદ્ધભાવ, ધ્રુવભાવ એમાં એ નથી. આહા..હા..! અરે..! એણે પોતાના પરમાત્માની વાત જ રુચિ કરીને સાંભળી નથી. આહા..હા..! આવો તે આત્મા એને કેમ, અંદર રાંક થઈને ફરે, ભિખારી થઈને ફરે. એક બીડીનું ભુંગળુ મળે સારું સરખું થોડું પીધેલું મળે ત્યાં ખુશી થઈ જાય, લ્યો. બીડીનું ભુંગળી થોડું પીવે અને નાખી દે. શેઠિયા બહુ પીવેને ઘરે. બે-ત્રણ (પીધી), કાંઈક કામ આવ્યું, જરૂર પડી, કો'ક મોટો માણસ દીઠો, હાથમાં ન રાખે, નાખી દે. ઈ કંઈ ગુંજામાં (ખીસામાં) નખાય? ઘણું જોયેલું હોયને. કેટલાક પીતા હોયને, અમે જો નીકળીએ તો નાખી દે. કારણ કે ગુંજામાં નખાય નહિ, કરવું શું? હોય મોટી બીડી. આમ તરત જ પીધી હોય અને એમાં અમે નીકળીએ, નાખી દે. શું કરે? ઓલવવા જાય તો વખત લાગે. નાખી દેતા વખત ન લાગે એટલે દેખાય નહિ. એમાંથી બીજા કો'કને મળી જાય (એમાં રાજી થઈ જાય). આ તો બધું જોયેલું છેને.

શ્રોતા :— ન દેખાવાનું હતું તો પણ દેખાય ગયું!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ તો દેખાય ગયું પણ નાખી દીધું એટલે એમ કે વિનય કર્યો. એમ કે મહારાજ નીકળ્યા ને આપણે બીડી પીવાય નહિ. ખબર નહિ અને બારણામાંથી નીકળ્યા પહેલા તો પીતો હતો ઓલો, પીતો નહોતો હજી તો સળગાવી હતી. નીકળ્યા. આખી શું કરવી? ઈ કંઈ આમ આમ કરીને ગુંજામાં નખાય છે? એમાં નાખીને કો'ક નીકળ્યો હોય તો આહા..! લ્યો, આખી બીડી મળી. પણ શું થયું તને આ? આહા..હા..! એમાં નિધાન નીકળ્યું હોય તો? મોહનભાઈ! પચ્ચીસ-પચાસ લાખનું નિધાન જો નીકળ્યું હોય તો તો શું થાય? ગાંડો થઈ જાય કે કોણ જાણે શું થઈ જાય? ગાંડા થઈ ગયા છેને. એક બાઈએ બાર હજારની લોટરીમાં રૂપિયો નાખ્યો એમાં બાર હજાર આવ્યા. લોટરીમાં. ગરીબ માણસ. જામનગરમાં. બાર હજાર, બાર હજાર, બાર હજાર. ગાંડી થઈ ગઈ. ગરીબ માણસ. થઈ રહ્યું. કે દિ' તારી ચીજ છે?

અહીં તો કહે છે, તારા જ્ઞાનમાં ઉઘાડનો પર્યાય થયો એટલો પણ તું નથી, એટલો તું નિશ્ચયથી નથી. આહા..હા..! ખરેખર એવડો તું નથી. કેવળજ્ઞાનનો પર્યાય જેટલો પણ

ખરેખર તું એવડો નથી. આ તે કંઈ વાત છે? આહા..હા..! અહીં એક પદવી મળે આચાર્યની, ઉપાધ્યાયની ને શું કહેવાય? .. શું છે પણ? કોનો મળ્યો પદવો કે દિ'? અહીં તો કેવળજ્ઞાનની પર્યાય એવડો પણ તું નહિ. એ પદવી એક સમયની એવો પણ તું નહિ. સાંભળને! આહા..હા..! કહો, એ ક્ષયોપશમના બોલ થયા. હવે ઉદયભાવના ૨૧ બોલ.

'**નારકગતિ,...**' નારકની ગતિ. નરકગતિ એટલે શરીર નહિ હોં! એનો ઉદયનો ભાવ નરકગતિને યોગ્ય જે છેને, એ આત્મામાં ધ્રુવમાં નથી. પર્યાયમાં યોગ્યતા છે ઉદયભાવની. એક સમયની અવસ્થામાં નરકગતિનો ઉદય છે. વિકારી ભાવ એક સમયમાં છે ખરી, ગતિ છે એમ સિદ્ધ કરે છે. ધ્રુવભાવમાં નથી. સમ્યક્દ્દષ્ટિ ક્ષાયિકસમકિતી છે જુઓ, નરકમાં. ગતિનો ઉદય છે એની પર્યાયમાં, શુદ્ધ જીવભાવમાં નથી. આહા..હા..! એમ સાતેય નરક છેને એનો ગતિનો ઉદય.

'**તિર્યંચગતિ,...**' નિગોદથી માંડીને પંચેન્દ્રિય સુધીના જેટલા સ્થાન છેને, ગતિનો ભાવ હોં! આ શરીર-બરીર નહિ એનું. અંદર ભાવગતિ, તિર્યંચની ગતિને યોગ્ય પર્યાય છેને, એ પર્યાયમાં છે, એ પર્યાયમાં છે, એના ધ્રુવસ્વભાવમાં નથી, શુદ્ધભાવમાં નથી. '**મનુષ્યગતિ,...**' લ્યો, આ મનુષ્યગતિ પર્યાય એને લાભ કરે. મનુષ્યગતિ હોય તો આપણને મોક્ષ આપે. અહીં તો કહે છે કે મનુષ્યગતિનો ઉદયભાવ એ વિકાર છે. એ તારા ધ્રુવસ્વભાવમાં નથી. એનાથી લાભ નથી અને એના આશ્રયથી પણ લાભ નથી. મનુષ્યગતિના ઉદયથી લાભ નથી અને એના આશ્રયથી લાભ નથી. આહા..હા..! આ તો કહે, મનુષ્યગતિ હોય તો કેવળ પામે. એક સમયનો વિકારી પર્યાય છે એ તો, વિકારી પર્યાય છે. વળી ઓલો તો બીજા તો અવિકારી છે. સમજાણું કાંઈ? મનુષ્યગતિ હોય ત્યારે કામ થાયને, કેવળજ્ઞાન થાયને, ફલાણું થાયને. એક જણો કહેતો હતો. કુચામણથી આવ્યો હતો. સાંભળને! તું આખો હો તો કેવળજ્ઞાન થાય. તું આખો હોય તો અંદર આનંદ થાય એમ કહેને. ફલાણી ગતિ હોય તો આમ થાય. ક્યાં તું રોકાઈ ગયો? પર્યાયબુદ્ધિ મૂઢબુદ્ધિ છે એમ કહે છે. આહા..હા..!

મનુષ્યગતિ. લ્યો, તીર્થંકરપણાની જે ગતિ મળી મનુષ્યગતિ એ પણ આત્માને લાભકારક નથી. ગતિ લાભકારક છે? વળી ગતિનો આશ્રય કરવાથી લાભ થાય એમ છે? ધ્રુવ જીવસ્વભાવ ભગવાન એકસ્વભાવ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ... એનો આશ્રય કરવાથી લાભ છે. બાકી કોઈનો આશ્રય કરવાથી લાભ નથી. નિર્મળ પર્યાય પ્રગટી એને આશ્રયે લાભ નથી તો આ તો મલિન છે.

'**દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર;...**' લ્યો. ચાર ગતિનો ઉદય છે આત્માની પર્યાયમાં. એક જીવને એક જ હોં! કાંઈ એક જ જીવને ચાર ન હોય. એક એક હોય, હોય છે. હોય છે એમ સિદ્ધ કરે છે પાછું હોં. અન્યમતિની જેમ નહિ. અહીં તો ચાર ગતિ છે, તે તે ગતિને યોગ્ય જીવ છે. તિર્યંચગતિને યોગ્ય અનંત જીવ છે, મનુષ્યગતિને

યોગ્ય અસંખ્ય છે, લબ્ધ આદિ. અસંખ્ય સંમુર્છન છેને એ અપેક્ષાએ. બાકી અસંખ્યાતા છે. નારકી અસંખ્ય છે, દેવગતિ અસંખ્ય જીવ છે. દેવગતિનો ઉદય છે દેવોને. ગતિમાં અંદર. શરીરની વાત નહિ, એની યોગ્યતાની વાત છે. જીવભાવમાં એ નથી.

'**ક્રોધકષાય,...**' વર્તમાન પર્યાયમાં ક્રોધ હોય છે અણગમો જરી, પર્યાયમાં હોય છે ખરો, પણ ધ્રુવસ્વભાવ શુદ્ધભાવમાં એ નથી. '**માનકષાય,...**' પર્યાયમાં હોય અંશે દશા વિકારી. ઉદયભાવ છે આ બધા હોં! ધ્રુવ જીવસ્વભાવમાં ત્રિકાળમાં નથી. '**માયાકષાય,...**' પર્યાયમાં હોય, ત્રિકાળમાં નથી. લોભ, લોભ. ઈચ્છા. આ પરિગ્રહની ને ભોગની ને આબરૂની કીર્તિની ઈચ્છા એની પર્યાયમાં છે, શુદ્ધભાવમાં નથી. '**એવા ભેદને લીધે કષાય ચાર;...**'

હવે '**સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ...**' ઉદયભાવની વાત છે હોં! જડની વાત નથી. સ્ત્રીલિંગ. અંદર જે વિકારના સ્ત્રીવેદના ઉદયથી વિકાર થાય. પર્યાયમાં વિકાર. એની અવસ્થામાં સ્ત્રીવેદનો વિકાર છે. આ તો છે જ નહિ, આ સ્ત્રીલિંગ જે શરીર છે દેહનું એ તો આત્માની પર્યાયમાં છે જ નહિ. ભાવની વાત છે. આત્માના દ્રવ્ય-ગુણમાં તો આ છે જ નહિ શરીર, સ્ત્રીનો આકાર, પુરુષનો આકાર, પણ એની એક સમયની પર્યાયમાં પણ સ્ત્રીના શરીરનો આકાર અને પુરુષનો આકાર એ તો એક સમયની પર્યાયમાં પણ નથી. આને તો એકમેક થઈ ગયું, જાણે આ શરીર હું ને આ શરીર હું. સ્ત્રીનો આકાર દેહને મળ્યો તો એ દેહ હું, પુરુષનો આકાર દેહને મળ્યો તો એ દેહ હું. આહા..હા..! પોતાનો ચેતનદેહ પૂર્ણ એ તો ભૂલી ગયો. અહીં તો એનો વિકાર જે છે એ પણ એની પર્યાયમાં છે વિકૃતભાવ, ઉદયભાવ છે, સ્વભાવમાં નથી. પુલિંગ-પુરુષલિંગ દેહનો નહિ, અંદર વેદનો વિકાર પુરુષનો. વિકૃતભાવ, ઉદયભાવ એક સમયની દશામાં છે. શુદ્ધભાવ ધ્રુવમાં નથી. જેનો આશ્રય કરવાથી ધર્મ થાય તે આશ્રય કરવાલાયક ચીજમાં પુરુષવેદ નથી. સમજાણું? પુરુષવેદથી તો કેવળજ્ઞાન થાય એમ કેટલાક કહે છે લ્યો. સ્ત્રીવેદ કરતા પુરુષવેદ મહા પુણ્યશાળી. કૂતરો હોય પુરુષ હોય તો મનુષ્યીણી કરતા કૂતરામાં પુરુષવેદ બહુ ઊંચો. એવી વાતું કરે બેઠા બેઠા વ્યાખ્યાન કરે. ઓલાને ભાન ન મળે સામે સાંભળનારને. હા, વાત સાચી. છોટાભાઈ! વ્યાખ્યાનમાં આવા બધા (ગપ્પા મારે). ક્યાં ઓલાને ભાન. ચાર બોઘા ચાર બોઘલી, ચાર બોઘાના બચ્ચા બેઠા હોય. માથે મારે ગપ્પા અને ઓલો કહે સચ્ચા. એ.. હિંમતભાઈ! ચાર બોઘા, બોઘલી અને ચાર બોઘાના બચ્ચા. ઓલો કહે, પુણ્યનો ઉદય પુરુષને હોય. કૂતરાનો પુણ્યનો ઉદય છે. રાણી, મહારાણી કરતા પણ એના પુણ્યનો ઉદય વધારે છે પુરુષવેદે છે માટે. આ વાત થયેલી હોં, બધી થયેલી છે. પછી વાત આવેલી. અરે..! આ ગપ્પ કોણે માર્યા આવા?

અહીં તો કહે છે કે પુરુષવેદનો ઉદય છે એ વિકાર છે અને આ (શરીર) છે એ તો જડ છે, આ તો માટી છે. આ ક્યાં પુરુષનો વેદ છે? આ તો જડ અજીવતત્ત્વ છે. આ તો અજીવતત્ત્વ પુદ્ગલની પર્યાય છે. એમાં જીવમાં ક્યાં આવી ગઈ આ? અહીં તો પુરુષવેદનો

ઉદય જે વિકૃત છે એ ઉદયભાવ એ દોષ છે. હોય છેને, હોય છે ભલે. સમજાણું? પણ વસ્તુમાં નથી. પુરુષવેદનો ઉદય છે માટે એનાથી લાભ થાય, સ્ત્રીવેદને લઈને ઉદય હોય એને કેવળ ન થાય, પુરુષવેદને કેવળ થાય. પુરુષવેદના ઉદયને લઈને કેવળ થાતું હશે? સ્ત્રીને છઠ્ઠું ગુણસ્થાન ન આવે, પુરુષને આવે. પુરુષના વેદના ઉદયને લઈને છઠ્ઠું આવતું હશે? એની યોગ્યતા એવી છે કે એને પુરુષનું શરીર આદિ હોય અને અંદર પુરુષનો ઉદય હોય, છતાં અંદર સ્વભાવનો આશ્રય કરીને મુનિપણાની દશા એને પ્રગટ થઈ શકે છે, એ કંઈ પુરુષવેદને આશ્રયે ને શરીરને આશ્રયે નહિ. સમજાય છે કાંઈ? અને જેનું શરીર સ્ત્રીનું છે એને સાધુપદ આવી શકે નહિ, સ્ત્રીનું શરીર એને લઈને નહિ, સ્ત્રીવેદનો ઉદય છે એને લઈને નહિ, એની યોગ્યતા જ એટલી છે. પંચમ ગુણસ્થાનની દશા આવી શકે. મુનિપણાની દશા એને આવી શકે નહિ. છતાં એ દશા આવે ઈ ધ્રુવમાં નથી. ઈ ક્ષયોપશમમાં ગયું. સમજાણું કાંઈ? નપુંસકલિંગ. લ્યો. પાવૈયા હોય છેને અંદર ત્રીજામાં. ત્રીજો વેદ. પર્યાયમાં હો, ધ્રુવમાં નથી. '**લિંગ ત્રણ**'.

'**સામાન્યસંગ્રનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...**' લ્યો. મિથ્યાદર્શન. ઊંધી માન્યતા એ ઉદયભાવ છે. એ ઉદયભાવ એ જીવ ધ્રુવસ્વભાવમાં નથી. જેથી એને આશ્રયે મિથ્યાદર્શન ટળી શકે છે. સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધા, પુણ્યથી ધર્મ થાય, પાપમાં મજા પડે, પરની ક્રિયાનો કર્તા, પર મને મદદ કરે તો લાભ (થાય), શરીર સારું હોય તો ધર્મ થાય. એવી મિથ્યાદષ્ટિની મિથ્યા માન્યતા. એ ઉદયભાવ વિકાર પાપ છે, એ ત્રિકાળ સ્વરૂપમાં નથી. (પર્યાયમાં) છે, મિથ્યાશ્રદ્ધા તરીકે એક તરીકે સંગ્રહનયથી ગણ્યું. નહિતર શ્રદ્ધાના અસંખ્ય પ્રકાર છે. ઘણા પ્રકાર. સૂક્ષ્મ પણ એક વિકલ્પને આમ.. મિથ્યાદર્શન, એક કોઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને અને દીકરા થાય, દીકરી થાય એ મિથ્યાદર્શન. એટલે મિથ્યાદર્શનના ઘણા પ્રકાર છે. પણ સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક. સમજાણું આમાં? શું કીધું ઈ સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ? આ સામાન્યપણે એક કહીએ સંગ્રહનયે, છે તો અનેક પ્રકાર. મિથ્યાદર્શન એક પ્રકારનું ન હોય. સમજાણું? સમકિત થવા પહેલા પણ જરી એક પર્યાય થોડો મિથ્યાદર્શનનો હોય, એક ગૃહીતમિથ્યાત્વ હોય, એક અગૃહીતમિથ્યાત્વ હોય, એક નવમી ગ્રૈવેયકે ગયો સાધુ જૈન થઈને, તો એને ગૃહીતમિથ્યાત્વ નથી, એને અગૃહીત છે. એવા મિથ્યાત્વના ઘણા પ્રકાર પડે છે. સૂક્ષ્મપણે તો અનંત પડે છે. પણ સામાન્યસંગ્રહથી કહીએ તો વિપરીત માન્યતાનું એકરૂપ ગણીને એને મિથ્યાદર્શન એકપણે કહ્યું છે, પણ એ સ્વરૂપમાં શુદ્ધ ધ્રુવભાવમાં નથી. એ અદ્ધરથી વિકલ્પની દશાનો ભાવ એની પાસે છે.

'**અજ્ઞાન...**' લ્યો. અજ્ઞાન એક. જ્ઞાનનો અભાવ હોં ઈ. જ્ઞાનનો અભાવ છેને. ઉદયભાવ છેને. જ્ઞાનનો જેટલો અભાવ છે એટલો જ્ઞાનમાં ઉઘાડનો અભાવ છે. એટલો એને ઉદયભાવ ગણ્યો છે, અજ્ઞાનને હોં! એ શુદ્ધભાવમાં નથી. '**અસંયમતા એક,...**' અવ્રતપણું. અસંયમભાવ

પર્યાયમાં ઉદયભાવ. જે રાગનો ત્યાગ ન કરે અને આસક્તિ રહે, સમજાય છે? સમકિતીને પણ જેટલો અવ્રતભાવ છે એ બધો ઉદયભાવ છે. સમજાણું કાંઈ? અવ્રતભાવ છે એ ઉદયભાવ છે. ઉદયભાવના પ્રકાર તો ઘણા છે. અજ્ઞાનના પણ પ્રકાર ઘણા છે, છતાં સામાન્યપણે એક કહેવામાં આવે છે.

'**અસિદ્ધત્વ...**' એ સિદ્ધપણું પ્રગટતું નથી ચૌદમા ગુણસ્થાન સુધી. ત્યાં સુધી એને અસિદ્ધત્વ નામનો ઉદયભાવ કહેવામાં આવે છે. ચૌદમું ગુણસ્થાન. કેવળી ભગવાન થયા પછી પણ ચૌદમું. મોક્ષ જવાની તૈયારી, એને પણ ઉદયભાવ છે અંદર. એટલો એ ઉદયભાવ પણ દોષ છે. ઉદય છે, ધ્રુવસ્વભાવમાં નથી. આહા..હા..! પર્યાયે પર્યાયના લેખા ગણ્યા છે. અન્યમતિથી વીતરાગમાર્ગની પર્યાયોના પ્રકાર પણ જુદાં એના દ્રવ્યની વાત તો જુદી. એ કોઈ અજ્ઞાનીને ખબર છે નહિ કે કેવું એ ચૈતન્યદ્રવ્ય છે. આ તો એના પર્યાયોના જે પ્રકાર આવા એ તો જૈન વીતરાગદેવ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું? '**અસિદ્ધત્વ એક,...**' લ્યો. છે? મિથ્યાત્વ ગુણસ્થાનમાં અજ્ઞાની અભવિને અસિદ્ધભાવ હોય અને ચૌદમા ગુણસ્થાનનો અસિદ્ધભાવ, કેટલો ફેર! છતાં એ બધાનું એક રૂપે ગણીને અસિદ્ધભાવ ઉદયભાવ ગણવામાં આવ્યો. અભવિનો ઉદયભાવ અનાદિઅનંત, ચોથાને ઉદયભાવ થોડો, અસિદ્ધમાં થોડો રહે, પણ છે તો અસિદ્ધને, ઉદયભાવ છેને? સમજાણું?

'**શુક્લલેશ્યા,...**' ઠીક. શુક્લલેશ્યા ઊંચો ભાવ. પર જીવને નહિ મારવાનો, દાનને દેવાનો, દયા પાળવાનો. એ શુક્લલેશ્યા ઉદયભાવ છે. દોષ છે. શુક્લલેશ્યા. શુક્લલેશ્યા કહે તો, ઓહો..! બહુ પરિણામ સારા. પણ છે ઉદયભાવ. એ દોષભાવ બંધનું કારણ છે. શુક્લલેશ્યા. છેને ઓલો દાખલો નહિ? એ ઝાડ રહ્યું જુઓ ઝાડ, ખૂણામાં. કેરીનું છેને? કેરી કે જાંબુ. ગમે ઈ (હોય). છ જણા પાડે છે. એક તો મૂળમાં કાપે છે ઈ કૃષ્ણલેશ્યા. પછી બીજો ડાળ મોટી કાપે ઈ નીલલેશ્યા, પછી નાની ડાળ કાપે એ કાપોતલેશ્યા, થોડા ઝુમખા કાપે ઈ તેજોલેશ્યા. એમાંથી એક એક કેરીને ચૂંટી લ્યે ઈ પદ્મલેશ્યા, પવન વાયને હેઠે પડે ઈ લેવી એ શુક્લલેશ્યા. પણ બધાય પરિણામ શુક્લલેશ્યા આદિ ઉદયભાવ છે. કહો, દયાનો, દાનનો, મહાવ્રતના પરિણામ શુક્લલેશ્યાના હોય તોપણ છે ઈ ઉદયભાવ, બંધનું કારણ છે.

શ્રોતા :— તારતમ્યતા અનેક પ્રકારની.

પૂજ્ય ગુરુદેવશ્રી :— તારતમ્યતા તો અનંત હોય. ઈ તો કહ્યું.

એમ પદમલેશ્યા એનાથી જરી ઓછી શુભ, એનાતી પિત ઓછી શુભ. કાપોતલેશ્યા અશુભ, અશુભ કાપોતલેશ્યા મેલા પરિણામ. નીલલેશ્યા એવા ભેદને લઈને લેશ્યા છ. લ્યો. એ છએ ભેદનો ઉદયભાવ જીવમાં છે, વસ્તુમાં નથી. પર્યાયમાં છે, એમાં નહિ. એ ધ્રુવસ્વભાવની આ રીતે પીછાણ કરીને એનું અવલંબન લેવું એનું કહેવા માટે આ તાત્પર્ય છે, લ્યો.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧, બુધવાર, તા. ૬-૦૪-૧૯૬૬,
ગાથા-૪૧, શ્લોક-૫૮, ૫૯, પ્રવચન નં. ૪૩

અનંત શુદ્ધસ્વભાવરૂપ એક ભાવ એને અહીંયા શુદ્ધભાવ કહે છે. એ શુદ્ધભાવનો આશ્રય લેવાથી જ આત્માને ધર્મ થાય છે. એ અહીં ગાથામાં વિશેષ કહેવું છે. એ શુદ્ધભાવમાં આ પાંચ ભાવો જે છે, એમાં પારિણામિકભાવ એ શુદ્ધ છે ત્રિકાળ, એમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાયો છે, એ એનામાં નથી. ચારનું આવી ગયું છે. એક પારિણામિકભાવના ભેદ રહી ગયા છે, જુઓ,

'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે : જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક, અભવ્યત્વપારિણામિકત્વ. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...' ભવિ-અભવિ બે પ્રકારના જીવ છે, એમાં પરમપારિણામિકપણે ભવ્યપણું-અભવ્યપણું બેયને હોય છે. **'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...'** જીવત્વપણું તો બેયને હોય છે. **'અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.'** એટલી વાત કરી. **'આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.'** એમાં ક્ષાયિકભાવની જરી વાત વિશેષ કહે છે.

શ્રોતા :— (અભવિજીવ પણ સિદ્ધ સમાન છે?)

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણે ના પાડી? એ અભવિજીવ છે તે સિદ્ધ સમાન છે. પારિણામિકભાવ છે. કોણે કહ્યું?

શ્રોતા :— સિદ્ધમાં ભવ્યત્વ-અભવ્યત્વ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભવ્યત્વ એમાં ક્યાં આવ્યું પણ? પારિણામિકભાવ તો બધામાં સરખો જ છે. અભવ્યભાવ, પણ પારિણામિકભાવે ભાવ ત્રિકાળ એક શુદ્ધ છે. પર્યાયમાં પ્રગટ થતો નથી. અભવ્ય પણ કેવળજ્ઞાનનો પિંડ જ છે. પર્યાયમાં પ્રગટ થવાની એની લાયકાત નથી. સિદ્ધ સમાન જ છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ'. સર્વ જીવ છે જ્ઞાનમય. બધા જ્ઞાનનો પિંડલો ચૈતન્યસૂર્ય છે. એની પર્યાયમાં પ્રગટ થવાની લાયકાત અભવિને નથી. એટલી વાત સિદ્ધ કરી. વસ્તુમાં ફેર છે એમ નથી કાંઈ. બિલકુલ નથી. પર્યાયમાં ફેર છે.

હવે, અહીં તો ક્ષાયિકભાવની જરી વાત (કરે છે). વાત તો કરી ગયા છે પણ ક્ષાયિકભાવ ખાસ છેને. જો કે આશ્રય કરવાલાયક નથી. સાધકજીવને એ હોય નહિ આ કેવળજ્ઞાનાદિ ભાવ, પણ એનું વર્ણન બતાવે છે. **'આ પાંચ ભાવ મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...'** ભગવાન આત્મા આનંદ સચ્ચિદાનંદ શુદ્ધ ધ્રુવસ્વરૂપ (છે). એક એક આત્મા અખંડ

ત્રણલોકનો નાથ પરમેશ્વરરૂપ (છે). એવો આત્મા પોતાનો અંતર આશ્રય કરતા જે કાર્યની પૂર્ણ દશા પ્રગટ થાય તેને અહીંયા કાર્યસમયસાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

વસ્તુ જેને અહીં શુદ્ધભાવ કહે છે એ કારણસમયસાર. એક સેકંડના અસંખ્યભાગમાં એકલો ચૈતન્યરસ, અખંડ પૂર્ણ શક્તિનું તત્ત્વ એવો ભગવાન આત્મા એ કારણસમયસાર છે આત્મા. એમાં લીન થવાથી, એનું ધ્યાન કરીને એકાગ્ર થવાથી પૂર્ણ જે કાર્યદશા પ્રગટ થાય એને કાર્યસમયસાર અથવા કાર્યપરમાત્મા કહે છે. બરાબર સંભળાતું નથી એને. ખોંખારો આડો અવડો આવી જાય છે એનો અર્થ ધ્યાન નથી એનું. સમજાણું કાંઈ?

'**પાંચ ભાવો મધ્યે...**' ક્ષાયિકભાવ આત્માની પૂર્ણ આનંદદશા, સિદ્ધદશા, પરમાત્મદશા કે અરિહંતદશા એ ક્ષાયિકભાવે પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા છે. એ પણ એક સમયની દશા છે. ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપને પ્રગટ કરે ત્યારે તે અરિહંતપદ અથવા સિદ્ધપદે પરમાત્મદશા એ ક્ષાયિકભાવે છે, છતાં એ ક્ષાયિકભાવ આશ્રય કરવાલાયક પોતાના આત્માને નથી. આ તો જાણવાલાયકની વાત કરી. સમજાણું કાંઈ? '**તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...**' જ્યારે ભગવાન આત્માને તીર્થંકરપદ અથવા કેવળપદ પ્રાપ્ત થાય, સિદ્ધપદ અંદર કહેશે પણ આ મુખ્યપણું અહીં લેવું છે. '**પ્રક્ષોક્ષના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા...**' પૂર્વે કોઈ પુણ્યની પ્રકૃતિ તીર્થંકરપણાની બંધાણી છે એનાથી કંઈ કેવળજ્ઞાન નથી પામતા. એનાથી કંઈ કેવળ અરિહંતપદ થતું નથી.

અરિહંતપદ તો એક ત્રિકાળ કારણસમયસાર ભગવાન પૂર્ણાનંદ એની એકાગ્રતાથી જ કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે. સમજાણું? અને તીર્થંકરની પ્રકૃતિનો ઉદય એ તેરમે ગુણસ્થાને કેવળ થાય ત્યારે આવે છે. એ પ્રકૃતિ, કહે છે, ત્રણલોકના પ્રક્ષોભના હેતુભૂત આનંદનું કારણ. આનંદ એટલે શાતા હોં અહીંયા. આનંદ એટલે અતીન્દ્રિય આનંદ એમ નહિ. નીચે છે. 'તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રણલોકમાં આનંદમય ખળભળાટ થાય છે.' આનંદમય એટલે શાતા. અતીન્દ્રિય આનંદ એક સમય થાય તો મુક્તિ થઈ જાય એની. એવો જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પૂર્ણ પરમાત્મા તીર્થંકર આનંદ આદિનો જન્મ જ્યાં થયો હોય તો લોકમાં જરી શાતાનો ખળભળાટ નરકમાં પણ થઈ જાય.

'**સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથ...**' એવા તીર્થંકરપણાને પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાન, સકળ-વિમળ કેવળજ્ઞાન, સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનની પર્યાયથી સહિત તીર્થનાથને, '(**તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને**) **અથવા સિદ્ધભગવાનને હોય છે.**' પાઠમાં, ટીકામાં છે. સિદ્ધભગવાનને ક્ષાયિકભાવ હોય છે, હોય છે, પણ એ શુદ્ધભાવમાં નથી. આહા..હા..! ધ્રુવ શુદ્ધભાવ એકલો ચૈતન્યનો પિંડલો પ્રભુ અનંત આનંદનો રસ આત્મા એકરૂપ એમાં આ પર્યાય નથી. કાર્યસમયસારની ક્ષાયિકપર્યાય પણ ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? એ સિદ્ધભગવાનને અને તીર્થંકર આદિને હોય છે.

'ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે,...' આ ખુલાસો કર્યો. ઉદયભાવ પહેલે ગુણસ્થાનથી ચૌદમા સુધી હોય, ઉપશમભાવ ચોથાથી તે અગિયારમા સુધી હોય, ક્ષયોપશમભાવ ખરેખર ચોથેથી બારમા સુધી હોય. આમ અજ્ઞાનીને પણ પહેલેથી ક્ષયોપશમ હોય છે. એ **'સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.'** સમજાણું? મુક્તને ઉદય, ઉપશમ અને ક્ષયોપશમ ત્રણ ન હોય. એને પારિણામિકભાવે ધ્રુવ અને ક્ષાયિકભાવે પર્યાય (હોય). સિદ્ધ ભગવાનને પારિણામિકભાવે શુદ્ધભાવ ધ્રુવ અખંડ પિંડ અને એક સમયની પર્યાય ક્ષાયિકભાવ. સંસારીને ઉદય, ઉપશમ અને ક્ષયોપશમ એવા ત્રણ પર્યાય છે. આ ચાર પર્યાયો કોને હોય એનું વર્ણન કર્યું.

'પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.' આવરણનો અર્થ ક્ષાયિકભાવ તો નિરાવરણ છે, પણ ક્ષાયિકભાવનો પર્યાય નિમિત્તના કર્મના અભાવની એમાં અપેક્ષા આવી. અથવા એ પર્યાયનો આશ્રય લેતા વિકલ્પ ઊપજે છે. એટલે નિરાવરણ એકલું ત્રિકાળી પરમાનંદસ્વરૂપ એ જ અંદરમાં દૃષ્ટિમાં લઈને ધ્યાન કરવા જેવું છે. **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** લ્યો, ક્ષાયિકભાવ મુક્તિનું કારણ નથી. આવરણસંયુક્તનો અર્થ એટલો. એ ચારની પર્યાયનો આશ્રય લેવા જાય, પોતાને ક્ષાયિકસમકિત હોય એનો આશ્રય લેવા જાય તો વિકલ્પ ઉઠે છે. કંઈ ક્ષાયિકસમકિતમાંથી કેવળજ્ઞાન થાતું નથી, કંઈ ક્ષાયિકસમકિતમાંથી થાતું નથી. કેવળજ્ઞાન એ તો ત્રિકાળી આનંદકંદસ્વરૂપ પરમાનંદની મૂર્તિ એમાં અંતર એકાગ્ર થતા કેવળજ્ઞાન થાય છે.

'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...' હવે ઈ શુદ્ધભાવ. ભગવાન આત્મા ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ છે. જેને ક્ષાયિક, ઉદય, ઉપશમ પર્યાય પણ લાગુ પડતી નથી. એવો **'ત્રિકાળનિરુપાધિ...'** ઉપાધિ વિનાનું **'જેનું સ્વરૂપ છે એવો નિરંજન...'** અંજન વિનાનો **'નિજપરમપંચમભાવ...'** પંચમભાવ તો બીજા ઘણાને હોય છે, પણ આનો પંચમભાવ એમ કહે છે. **'નિરંજન નિજપરમપંચમભાવની (-પારિણામિકભાવની) ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...'** લ્યો, એ ભાવનામાં તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ આવે છે, પણ આની ભાવના કરવી છેને, એટલે એને વિશેષ જોર આપ્યું. બાકી ભાવનામાં ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમભાવ આવે છે. પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકનો આશ્રય લેવા માટે જરૂર નથી, એનાથી લાભ થતો નથી. એ અપેક્ષાએ એને આવરણવાળું કહેવામાં આવ્યું છે. બહુ ઝીણી વાતું પણ. કહો, સમજાણું આમાં? હવે એમાં તો ક્યાં આમાં ભક્તિ ને પૂજા ને આ ને આ, હો ને હા ને જાત્રા ને... એનાથી તો કહે છે કે આત્માને ધર્મનો લાભ જરીયે થતો નથી એમ કહે છે. એ.. જ્ઞાનચંદજી! એઈ..! શું છે? યશવંતલાલજી! એ તો વિકલ્પ છે, રાગ છે. ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રતાદિના પરિણામ એ તો શુભરાગ છે. હોય છે, એ જુદી વાત છે. પણ એ ધર્મ છે નહિ

અને ધર્મનું કારણ પણ નથી. પોપટભાઈ!

અહીં તો કહે છે, એક જ પંચમપરમભાવ આખો સ્વભાવ બેહદ અચિંત્ય જેનું અમાપ સ્વભાવસ્વરૂપ છે, એકરૂપ જેની શાંતિ અને આનંદનો સાગર છે એવો પંચમ પારિણામિકભાવ જેને નિમિત્તની હયાતી કે નિમિત્તના અભાવની હયાતીની અપેક્ષા જ જેને નથી, એવુંને એવું સત્ત્વ ભગવાન આત્મા ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ એવો નિરંજન નિજપરમપંચમભાવ. ઓલાને આવરણ કહ્યું તો આને નિરંજન કહ્યું. સમજાણું? એવો નિજપરમપંચમભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ એવો ભાવ એની ભાવનાથી. ભાવના શબ્દે એની એકાગ્રતાથી. જુઓ, અહીં ભાવના આવ્યું, ભાઈ! ભાવના એટલે ઓલું ન આવ્યું, રાગ કે કલ્પના ને ઓલા કહે છેને, ભાવના આમ હોય. અરે..! ભગવાન! શું કરી નાખ્યું? આવો ચૈતન્યપ્રભુ આખો જેની સામું જોવાની એણે દરકાર જ કરી નથી. આમ અનાદિથી પર.. પર.. પર.. પર.. પર.. આ.. આ.. આ.. આનાથી, આનાથી.. આનાથી.

શ્રોતા :— .. ખોવાઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ખોવાઈ ગયો, માનીને ખોવાઈ ગયો છે, પરે એને ખોવાડ્યો નથી. પરને પોતાનું માનીને ખોવાઈ ગયો છે.

શ્રોતા :— કોણ ખોવાઈ ગયો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આત્મા.

શ્રોતા :— કેમ ખોવાઈ ગયો?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ પરને (પોતાના) માન્યા. શરીરને આમ થયું તો મને થયું, ઢીકણું આ થયું તો મને થયું, ધૂળ થયું તો મને થયું, પૈસા થયા તો મને થયા, ખાધું તો મેં ખાધું, પીધું તો મેં પીધું, આબરૂ તો મને થઈ, અનઆબરૂ તો મને થઈ—એવી મૂઢની માન્યતાએ આત્મા આખો ખોવાઈ ગયો છે. સમજાણું કાંઈ? બોલ્યો તો કહે હું બોલ્યો, સંભળાવ્યું તો કહે મેં સંભળાવ્યું એને. પણ ક્યાં બોલે? સંભળાવે કોણ? સાંભળ તો ખરો. એઈ..! ઈ સાંભળે તો પણ વાણી છે નીકળે છે ઈ. ઈ ક્યાં આત્માની હતી? આહા..હા..! અને વાણી નીકળે માટે આત્માને લાભ જરીયે થાય છે (એમ નથી). આહા..! ઉપદેશ દેવાનો વિકલ્પ ઉઠે માટે એને આત્માની સંવર, નિર્જરા થાય છે એમ કહે છે હોં! ટીકા કરતા આમ થાય. આવે છે કે નહિ સમયસારમાં? આહા..હા..! અરે..! ભાઈ! તને ખબર નથી, ભાઈ!

ભગવાન આત્મા અંતરમાં શુદ્ધ સ્વરૂપની ખાણ નિધિ, અનાદિ-અનંત ચૈતન્યનાથ એવો ધ્રુવ ભગવાન આત્મા પોતાનું નિજ સ્વરૂપ એનો અંદરમાં આશ્રય કરે, ભાવના કરે, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એટલાથી ધર્મ થાય, બાકી ધર્મ-બર્મ છે નહિ. આહા..હા..!

શ્રોતા :— આ પંચમભાવે કામ શું કરવાનું? કામ તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એને કામ શું? એકાગ્ર થાય ઈ. એને ક્યાં કંઈ કરવું છે. એને

લક્ષમાં લેવાનો. મહાત્મા પુરુષ છે ઈ. મહ આત્મા એમ. મહા આત્મા. ઓલી પર્યાય છે તે ક્ષણિક આત્મા છે, આ મહા આત્મા છે.

શ્રોતા :— એની આસપાસ બધાએ ફર્યા કરવાનું!

પૂજ્ય ગુરુદેવશ્રી :— આસપાસ નહિ, એમાં એકાગ્ર થવાનું. આહા..હા..!

મહા આત્મા, વસ્તુ વસ્તુ નિશ્ચયઆત્મા, મહાત્મા પોતે સ્વરૂપ મહાત્મા. એક સમયની પર્યાય ક્ષાયિકસમકિત આદિની પણ એ મહાત્મા નહિ, એ પર્યાયરૂપે વ્યવહારઆત્મા છે. વ્યવહારુ આત્મા અભૂતાર્થ છે. ભૂતાર્થ, આ ભૂતાર્થની વ્યાખ્યા ચાલે છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એની વાત છે આ તો. મોક્ષમાર્ગ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ કોના આશ્રયે પ્રગટે એની અહીં વાત છે. '**भूदत्थमस्सिदो खलु**' એ શબ્દ એક કહ્યો છે ત્યાં એનો આ વિસ્તાર છે. મોક્ષમાર્ગની પર્યાય છેને, મોક્ષ પણ પર્યાય છે, અવસ્થા (છે), મોક્ષમાર્ગ પણ અવસ્થા છે. પણ એ અવસ્થા ભૂતાર્થ ત્રિકાળ છે એને આશ્રયે પ્રગટ થાય છે. આહા..!

ઓલા કહે છે, એકાંત છે, એકાંત છે. ભાઈ! ભગવાન! તને આટલું કેમ? એટલો નિરાદર કરી નાખે છો. પણ કાંઈક આનાથી થાશે, આનાથી થાશે. પણ આ ત્રણલોકનો નાથ ચિદાનંદ જેના સ્વરૂપમાં અનંત પરમાત્મા પડ્યા છે એવો ભગવાન તું છો એનો આશ્રય લેતા, તો જ તારી મહત્તા છે. આ તો તારી હીનતા કરી નાખી તેં. મહત્તા ઓળવી નાખી. રાગથી થાશે, નિમિત્તથી થાશે, આનાથી થાશે, ધૂળથી થાશે, બે-પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચીએ તો ધર્મ અને મોક્ષ થાશે. ધૂળમાંય નહિ થાય. ઉત્તમ સંહનન હાડકા હોય તો થાશે. કહે છે કે આત્માને તું આવો નાલાયક ઠરાવે છો? હાડકા મજબુત હોય તો મને લાભ થાશે. આવો નાલાયક ઠરાવે છે તું? સમજાણું કાંઈ? આ હાડકા મજબુત હોય તો મને લાભ થાય, આ ધૂળ મજબુત હોય તો (મને લાભ થાય). આ તો માટી ધૂળ છે. અંદરના શરીરના રજકણો મજબુત હોય તો મને ધ્યાનમાં મજબુત કામ કરે. ધૂળેય કામ ન કરે, સાંભળને કહે છે. એને કારણે રજકણો પલટે, બદલે ત્યાં પરદ્રવ્ય છે. તારામાં પર્યાય ક્યાં (છે)? વર્તમાનમાં પર્યાય પ્રગટેલી એને આશ્રયે લાભ નથી તો આ વળી આ લાભદાયક થાય એ ત્રણકાળમાં કેમ હોઈ શકે? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણલોકનો નાથ કોડી કોડીનો ભિખારી. એક જરીક માન મળે, જરીક આન મળે, પૈસા મળ્યા, ધૂળ મળી, આ મળ્યું.. મૂઢ છો. હેરાન થઈ ગયો. આવા પોતાના આત્માનો આદર છોડીને પરનો વિકલ્પ પુણ્યનો જ્યાં આવ્યો, ઓહો..! આપણે તો.. શું કર્યું પણ તેં? સમજાણું કાંઈ? લ્યો, શુભવિકલ્પ આવ્યો, એનાથી આમ થાય, એનાથી પુણ્ય બંધાય, એનાથી ઈન્દ્રમાં જવાય, ન્યાંથી ભગવાન પાસે જવાય. શું તું કહે છે આ? સમજાણું કાંઈ? પોતાનો પરમાત્મા પોતે પરમેશ્વર સચ્ચિદાનંદમૂર્તિ છે, અખંડ આનંદકંદ આત્મા છે એનો આદર છોડીને આવા એક વિકલ્પ શુભરાગના આદરમાં પડ્યો, આવી તારી ભૂલે તને ભવમાં ભ્રમણ કરાવ્યું છે.

આહા..હા..! ભવના ભેટા આવી ભૂલથી થયા છે. ભગવાનના ભેટા થાય અંદરમાં અને ભવ થાય (એમ બને નહિ). આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— મોટાની મોટપ કહેવાયને.

પૂજ્ય ગુરુદેવશ્રી :— મોટપ જ એને દેતા આવડતી નથી. હીણો કરે તો ખુશી થાય. બહારમાં મોટો કરે તો ખુશી થાય. આ પૈસાવાળા છે, આ બાયડી-છોકરાવાળા છે, એનો છોકરો એક ગવર્નર છે, એનો છોકરો દસ હજાર પેદા કરે છે દિવસમાં. એ.. પોપટભાઈ! મૂઢ પણ કો'કના ક્યાંક એમાં ખુશી થઈ જાય. અમારે આમ થાય છે, આ અમારા છે. શું છે પણ? મારું શરીર એવું છે કે દરરોજ આમ ચાર ગાઉ ચાલીએ તો કાંઈ થાક ન લાગે. ઓહો..હો..! એમ કરીને વખાણ શરીરના. એઈ..! અમારો છોકરો હુશિયાર એવો છે કે આખા બળદને આમ શીંગડે લાવીને ઊભો રાખે, ફડાક દઈને હેઠે. એવા છોકરા.

શ્રોતા :— સિંહના કાન ઝાલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— સિંહના કાન ઝાલે. ઓલો આવે છે, નહિ? ... જામનગરમાં છે મોટો રાજકુમાર આમ હાથમાં લાકડી, સિંહને રાખ્યો છે ઓલામાં બચ્ચાને, એની માં છે. હાથમાં .. દાંત તોડી નાખું. જોયુંને ભાઈ, નહિ? આ જામનગરમાં મસાણમાં. એક સિંહનું બચ્ચુ ઊભું રાખેલું અને સિંહ રાખે અહીં. એટલે શું? કે બચ્ચુ પકડ્યું છે માટે તું અહીં આવીશ નહિ. તમે જોયું છે કે નહિ? લોઢાની ઉપર રાખ્યું છે. આમ રાખ્યું છે બચ્ચુ આમ અને એક આમ રાખ્યું છે. ઊંચું કરતું નથી ઓલી. ધૂળમાં નથી. એ તો દેહની ક્રિયા. એ મેં કરી, એ મૂઢ માનનાર છે, કહે છે. એ તો જડ (છે). આહા..હા..! દેખ્યા બહાદુર! બહાદુરી તે તારી આત્મામાં હશે કે જડમાં હશે? સમજ્યાને? એમ કરીને ખુશી થાય કે આહા..! કેવો બહાદુર! શું તું કહે છો પણ? સમજાય છે? વાહ! બહાદુર! આહા..હા..! વળી એમને એમ મન પણ થઈ જાય ઘડીકમાં એને દેખીને કે આવા આપણે થાઈએને. શું એવા મૂઢ થાઈએને? એમ? એઈ..! એને એમ થાય કે આહા..હા..! લંગોટો લગાડ્યો છેને, જોયો છેને? જોયો છે તમે? લંગોટો લગાડ્યો છે આમ. ઉઘાડ એટલે દાંત તોડી નાખું. સિંહણને એમ કહે છે. શું છે? ઈ તો ધૂળ છે, ઈ તો રજકણની પર્યાય છે. એ નાટકના જડના ખેલ, ઈ આત્માના નહિ. આહા..હા..! સમજાય છે? એ તો વર્ણાદિ નાટ્યમાન.. આવે છેને? વર્ણાદિવાળો ... એમ મૂળ તો. વર્ણાદિમાન શબ્દ પડ્યો છેને. વર્ણાદિમાન એટલે રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા જે રજકણો એના એ નાટક છે. તારું નહિ. તું ભગવાન આત્મા. તારાથી નહિ, તારામાં નહિ, તારે લઈને એમાં નહિ. એના માહાત્મ્ય એને આવે હોં, કે આહા..! આવા હોઈએને. આવા પૂતળા થાય તો લોકો દેખે. એ.. મોહનભાઈ! આહા..હા..! મૂઢના તે કંઈ પ્રમાણ હશે? પાગલ પાગલ થઈ ગયો, કહે છે, પાગલ. પરમેશ્વરનો પાગલ. આહા..હા..!

એક સમયનો પરમેશ્વર ત્રણલોકનો નાથ ત્રણકાળ-ત્રણલોક એક સમયમાં જણાય એવી

તો જેની એક સમયની દશા એવી અનંતી દશાનો નાથ. એને આ શરીરની ક્રિયા અને એનાથી આ અમે કરીએ, અમે કર્યું, અમે કર્યું. ઓલો કહે, કેવું અમને સમજાવતા આવડે છે! જોયું? બે બે કલાક માણસને સભામાં થંભવી રાખીએ. એઈ..! મૂઢ છો. ભાષા કોની છે? જડની, એ તો અજીવની છે. ભાષા તો જડની છે. તારી છે? તું એમાં બહાર આવી ગયો છો જરીયે? ચૈતન્ય જરીયે આવ્યો જડમાં? વાણીને આત્મા અડતોય નથી. પોપટભાઈ! આહા..હા..! અમે લખીએ તો અક્ષર મોતીના દાણા જેવા. એકવાર ઊભો રહે જોવા માટે. ઓહો..હો..! તું પણ ક્યાં ન્યાં આવી ગયો? સાંભળને! આ તે પણ એનું પાગલપણું કેટલું પણ? ભગવાન! તું ચૈતન્યની જ્યોત છો. આ હાડકા, ચામડા, આ તો માંસનું પૂતળું પુદ્ગલ જડ માટી છે. એ ક્યાં તારામાં છે? અને ક્યાં તને છે? અને ક્યાં તું એમાં છો? બે ચીજ તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં ત્યાં, જ્યાં ત્યાં હું.. હું.. હું.. હું... આ હું એમ નથી થાતું, એમ કહે છે અહીં.

પંચમપારિણામિકભાવ આ હું, ત્રિકાળ ચૈતન્યજ્યોત ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ એ હું અંતરમાં તે હું આત્મા. સમજાણું કાંઈ? એની ભાવના. એમાં લક્ષ કરીને એમાં એકાગ્રતા. એ વડે કરીને પંચમગતિએ, પાંચમી ગતિ એટલે મુક્તિ એને '**મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે.**' લ્યો. મહાવિદેહક્ષેત્રમાં મોક્ષ થાય છે અત્યારે, પણ આ કારણે, ન્યાં કોઈ મહાવિદેહક્ષેત્રને કારણે નથી.

શ્રોતા :— ભગવાન બિરાજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભગવાન બિરાજે માટે નથી. એમ નથી. સમજાણું કાંઈ? ત્યાં તો પરમાત્મા બિરાજે છે. ત્રિલોકના નાથ સીમંધર ભગવાન તીર્થંકર માટે ત્યાં તો મોક્ષ સહેલો જ હોયને. ક્ષેત્ર ને ભગવાનના સમીપને કારણે. બિલકુલ ખોટી વાત છે, કહે છે. એ.. વસંતીલાલજી!

શ્રોતા :— ત્યાં પંચમભાવ જલ્દી ખુશી થતો હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પંચમભાવ ખુશી થાતો હશે! પંચમપરમભાવ તો એકરૂપ સ્વભાવ (છે), એના ઉપર તું દૃષ્ટિ દે તો તું ખુશી થા આનંદથી. પર્યાયમાં આનંદ આવે. બાકી ખુશી એને ક્યાં? એ તો ધ્રુવ છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! એ કરણભાવ થાય તો કૂદે એવા નથી, આ તો બીજી વાત છે.

અસાધારણ ચૈતન્યભીંત જ્ઞાનાનંદનો ધ્રુવ ભગવાન આત્મા એના અંતર એકાગ્રતા, લક્ષ, શ્રદ્ધા, ધ્યેય અને સ્થિરતા. બસ! એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ અંતર ધ્રુવ સ્વભાવનો આશ્રય લેતા જે દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય એ મુક્તિનું કારણ છે. એ પંચમગતિએ મુક્તદશા જે માથે કાર્યસમયસાર કહ્યું, સિદ્ધદશા કીધી એ ભગવાન આત્મા એના પોતાના પૂર્ણ સ્વભાવની અંતર ભાવના કરતા પર્યાયમાં-અવસ્થામાં પૂર્ણ પરમાત્મદશાની પ્રાપ્તિ થાય

છે. વર્તમાન કાળે થાય છે. માર્ગ એક છે એમ સિદ્ધ કરવું છે.

'(ભવિષ્ય કાળે) જશે...' ભવિષ્યકાળમાં એક જ આ ઉપાય છે. **'અને (ભૂત કાળે)...'** ગયા એ આ જ ઉપાયે ગયા. કોઈ કહે કે ભાઈ! મહાવિદેહના જીવને માટે અને પંચમઆરાના જીવ માટે માર્ગ કોઈ ફેર હશે, ક્ષેત્ર ફેરે ફેર હશે, કાળ ફેરે ફેર હશે. ચોથે આરે જ્યારે એની બીજી રીત હશે, પાંચમે આરે મોક્ષમાર્ગ પામે એની બીજી રીત હશે. ભગવાન આત્મા અનંત અનંત અતીન્દ્રિય આનંદનો નાથ ત્રિલોકસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એમાં અંતરમાં એકાગ્ર થઈ અને વર્તમાન, ભૂત અને ભવિષ્ય જે કોઈ મોક્ષને પામ્યા એ એને આશ્રયે પામ્યા છે અને મોક્ષમાર્ગ પામ્યા એ પણ એને આશ્રયે પામ્યા છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' બે, ત્રણ, ચાર પંથ હોઈ શકે નહિ. રીત પણ એક જ પ્રકારની હોય. ભારે વાત આ. જ્યાં ત્યાં એવું થઈ ગયુંને, દીન.. દીન.. દીન.. દીન.. દીન. આહા..! ભવની ભેખડો માથે માથા પછાડી પછાડીને મરી ગયો છે અનંતકાળથી.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પોતે પરમાત્મા, પોતે પરમાત્મા છે. એનો એણે વિશ્વાસ કર્યો નથી, કરવાની રીતની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પાંચ, દસ લાખ મળે ત્યાં ખુશી થઈ જાય. એમાંથી દસ લાખમાંથી એક લાખ જાય ત્યાં નારાજ થઈ જાય. ભિખારી તે કેવો આ! રાંક, ભિખારી આ શું તને થયું? પૈસા પાંચ લાખ કે દસ લાખ ધૂળી હતી, એ ક્યાં તારી હતી? અને ગઈ તે તારી ક્યાં ગઈ છે? એ તો એને કારણે જવાની હતી. મોહનભાઈ! આહા..હા..! એક છોકરો જ્યાં સાંઈઠ વર્ષની ઉંમર હોય અને સારો પાકે તો આહા..! હૈયાનો હાર. શું છે પણ આ તને? મૂર્ખાઈના તે કાંઈ ઘર જુદાં હશે? આવી જ મૂર્ખાઈ એણે અનંતકાળથી કરી છે. આહા..હા..!

ભગવાન આત્મા આમ પૂર્ણાનંદનું સ્વરૂપ પોતે છે, અનાકુળ આનંદનો રસકંદ આત્મા એના આશ્રય લીધા વિના ક્યાંય બીજે આશ્રય કરીને જ્યાં હરખ માન્યા છે, બધી મૂઢતા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! સમેદશિખરની જાત્રા કરશું અને ન્યાંથી થાશે મુક્તિ. ધૂળેય નહિ થાય, સાંભળને! એઈ..! જ્ઞાનચંદજી! .. જઈ આવ્યા છેને બે વાર. એક વાર ઉત્તર અને એક વાર દક્ષિણ. દક્ષિણમાં તો બે વાર ગયા.

શ્રોતા :— એકવાર માગણી આવી છેને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— માંગણી આવ્યા જ કરે, હવે ક્યાં જાય. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પરમ ચૈતન્યનાથ પૂર્ણાનંદનું સ્વરૂપ ભગવાન તું પોતે અંતરમાં આખો છો. ક્યાં તારે જાવું છે? અને ક્યાંથી તારે લેવું છે? આહા..હા..! એમાં રાજી થાય હોં! આહા..! એક જણો કહેતો, ભક્તિ કરતા હતા (સંવત) ૧૯૯૨ની સાલમાં, એવી ભક્તિ કરે, એવી ભક્તિ કરે આમ હારમોનિયમની સાથે. એક જણો કહે, આમાં જો રસ આવી જાય તો તીર્થંકરગોત્ર બાંધે. તીર્થંકરગોત્ર બાંધે એના લખણ આ ન હોય. સાંભળ તો ખરો. જેને આત્માની અંતર

દષ્ટિ છે એને આશ્રયે જેને સમ્યગ્દર્શન થયું છે એને કોઈ એવો વિકલ્પ આવી જાય અને બંધ પામે, પણ બંધ પામે એ ખુશીપણું ક્યાં છે? તીર્થંકરપણાનો બંધ એ ખુશી છે? ખુશી છો તું? અને એ વિકલ્પ આવ્યો એ ખુશી છે? મૂઢ છો તું, મિથ્યાદષ્ટિ છે. એને એવો વિકલ્પ હોય જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અતીન્દ્રિય આનંદનો રસકંદ માખણનો પીંડલો પ્રભુ ભગવાન છે. એમાં જેટલી એકાગ્રતા થાય એટલી આનંદની શાંતિ, અતીન્દ્રિય આનંદનો અનુભવ (થાય) એવો ભગવાન આત્મા એને ભૂલીને જ્યાં ત્યાં ભટકે છે, કહે છે. સમજાણું કાંઈ? કોઈની કૃપા આવી જાય. બહુ દયાઓ પાળે એને બીજાની કૃપા આવી જાય આત્મામાં. ધૂળેય આવે નહિ, સાંભળને! આશીર્વાદ, શેના આશીર્વાદ? આશીર્વાદ કોનો કોને પોગે? તું અંતર પૂર્ણાનંદસ્વરૂપ ત્યાં નજર કર તો આશીર્વાદ તારો તને પોગે. બાકી કોઈને આશીર્વાદિ કાંઈ મળે એવું નથી. સમજાણું કાંઈ? આહા..! એક જ માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'.

એ કહે છે કે આ પંચમભાવ ભગવાન આત્મા વસ્તુ વસ્તુ વસ્તુ અનાદિ-અનંત એની અંતર ભાવના-અંતર એકાગ્રતા (કરીને) અનંત જીવો ગયા કાળમાં મુક્તિને પામ્યા, વર્તમાન પામે છે, ભવિષ્યમાં પામશે. ત્રણકાળનો એક જ માર્ગ છે. અથવા સમ્યગ્દર્શન પણ પામ્યા એનો એક જ માર્ગ છે. જે કોઈ અનંતકાળમાં સમ્યગ્દર્શન પામ્યા એ પરમપારિણામિકના આશ્રયથી જ પામ્યા. વર્તમાન પામે તે પરમપારિણામિકભાવના આશ્રયથી જ પામે. અનંતકાળમાં ભગવાનના સમીપ બેઠો હોય તોપણ એના સમીપથી નહિ, પણ ભગવાન આત્માના સમીપથી સમ્યગ્દર્શન પામે. આહા..હા..! ક્ષાયિકસમકિત થાય ભગવાનની પાસે બેસે તો. હવે સાંભળને. એ તો નિમિત્તની વાતું છે બધી. ક્ષાયિકસમકિત, જેટલો અંતર એકાગ્ર થયો પોતાના પરિણામમાં ત્યારે ક્ષાયિકસમકિત થયું છે. ભગવાનની સામું જોતા થાતા હશે? સમજાણું કાંઈ? પોતાની મહત્તાની કિંમત એને આવતી નથી. આ આમ કાંઈક, આમથી થાય, આમથી થાય. ધર્મને નામે પણ છેતરાણો છે ઈ. ભારે છેતરાણો છે. પાપના કરનારાને તો બિચારાને ધર્મનું ભાન નથી. પણ ધર્મને નામે (છેતરાય છે) કે આ ધર્મ અમે કરીએ છીએ. દયાઓ પાળીએ, વ્રત પાળીએ, તપસ્યાઓ કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, જાત્રા કરીએ. એ.. મોહનભાઈ! કહેને, અન્યમતિ કે પાણીને સવારમાં ટાઢુ ઊનું પહેલું જે જગાડેને, બહુ લાભ થાય એને. શિયાળો હોયને શિયાળો, ન્હાયને એમાં ન્હાય પહેલો. ઠંડા પાણીમાં પહેલો ન્હાય. પાણીને જગાડે તો બહુ (લાભ) થાય. દેરાસરનું પહેલું બારણું ઉઘડે અને દર્શન થાય એને બહુ લાભ થાય. દોડો દોડો ઝટ. એ.. છગનભાઈ! સાંભળને. લાખ તારા પર આની કોરના વિકલ્પ (થાય) એ ક્યાં મુક્તિનું કારણ હતું. આહા..હા..!

શ્રોતા :— આ બારણા ખોલતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ બારણા ખોલવાની દરકાર નથી. ઓલું બારણું ખુલ્યું, આહા..!

પહેલા મને દર્શન થયા હોં ત્યાં. પહેલા ભગવાનના દર્શન (થયા). બહુ સારી વાત. તો શું હવે છે તને? એમાં શું? કલ્યાણ થઈ ગયું તારું?

શ્રોતા :— ભગવાનના દર્શનથી કલ્યાણ ન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ ભગવાન કે આ? આ ભગવાન અંદર બિરાજમાન અખંડાનંદ પ્રભુ એના દર્શન કર્યે કલ્યાણ થાય, બાકી કલ્યાણ-ફલ્યાણ બહારમાં નથી. સમજાણું કાંઈ? 'એક વાર વંદે જો કોઈ...' આવે છેને? પછી હાલી નીકળે બધા, હાલો.. હાલો.. ભાઈ! બાર મહિને કાયમ એકવાર જાત્રા કરવી. પચાસ સાંઈઠ વાર કર્યા પછી મુક્તિ થાતી હશે કે નહિ? ૪૯ ભવ કહેતો હતો એક જણ. આવે છે ઈ? કોણે કહ્યું? શેમાંથી? એક પુસ્તક હતું ન્યાં. અહીં આવ્યાને, એની પાસે પુસ્તક હતું. ઈ કહે, અમારી પાસે સમેદશિખરના માહાત્મ્યનું પુસ્તક છે. મેં કીધું, શું લખ્યું છે બતાવો. એમાંથી એક વાત કરો. એના દર્શનથી ૪૯ ભવે મોક્ષ થાય. મેં કીધું, ઈ ભગવાનની વાણી નહિ, સમેદશિખરના દર્શનથી ભવ ૪૯ રહે અને ભવ નાશ થાય એ ભગવાનની વાણી નહિ, એને શાસ્ત્ર કહેવાય નહિ. આહા..હા..!

આ આત્મા પોતે અખંડાનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ સમેદશિખર છે. એના ઉપર જે ચડે, એકાગ્ર થાય એને કલ્યાણ થાય, બાકી બધા કલ્યાણ-ફલ્યાણના થોથા છે. ઓલો ૯૯ વાર ચડે ને ઉતરે. શત્રુંજય. 'પૂર્વ ૯૯ વાર... ' આવે છેને કાંઈક? પધાર્યા હતા. શું પણ પધાર્યા હતા? એમાં તારે શું પણ હવે? શત્રુંજય ઉપર ચડવું અને હેઠે ઉતરવું ડોળીએ. જાઓ. મરી પડે બિચારા. આહા..હા..! ધર્મને બહાને તો લોકો છેતરાણા છેને. લૂંટી નાખ્યા. કુગુરુએ લૂંટી નાખ્યા ગળા પકડીને કે હાલ ચાર ગતિમાં હું જાઉં અને તું પણ ચાલ. એમ આવે છે જ્ઞાનાર્ણવમાં.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા જ્યાં નજર કરવાની (છે) એવો નાથ પ્રભુ પૂર્ણ પ્રભુ એને આશ્રયે જ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શાંતિ, આનંદ, સ્વતંત્રતા જે કોઈ કલ્યાણના પર્યાયોનો રસ પ્રગટ થાય એ ધ્રુવસ્વભાવ પરમભાવને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? એક જ માર્ગ છે. એકાંત થઈ જાય. એકાંત જ છે. આનાથી થાય અને બીજી રીતે ન થાય એનું નામ અનેકાંત છે. આહા..હા..! રાડ નાખે લોકો, એ.. સોનગઢમાં (એકાંત છે). હવે સાંભળને. સોનગઢ એટલે શું થયું? ભગવાન આત્મા દેહના દેવળમાં બિરાજતો પ્રભુ, આ તો માટીના હાડકાના ચામડા છે આ તો ધૂળ. પુણ્ય-પાપનો ભાવ શુભાશુભ ઉત્પન્ન થાય એ વિકાર છે. સમજાય છે? વિકારની પાછળ પરમાત્મા પોતે જ સચ્ચિદાનંદ પૂર્ણાનંદસ્વરૂપ છે. ઈ આત્મા જ પરમાત્મસ્વરૂપ છે. એનો આશ્રય કરવાથી મુમુક્ષુઓ ગયા કાળમાં મુક્તિને પામ્યા, વર્તમાન એને આશ્રયે પામે (છે) અને ભવિષ્યમાં પણ પામશે. કહો, સમજાણું કાંઈ? એનો રસ્તો બીજો કોઈ હળવો હશે કે નહિ? હળવો રસ્તો. બે પાંચ દસ લાખ ખર્ચી નાખે તો હળવું પડે ઈ ઠીક પડે કે નહિ? એનાથી ધર્મ માને તો રખડે. રાગ મંદ કરે અને પુણ્ય

થાય તો બંધાય પણ પુણ્યબંધનો બંધ થાય એમાં રાજી થાય તો મિથ્યાત્વ થાય. આહા..હા..! અબંધ ભગવાન આત્મા સ્વરૂપ જ જેનું અબંધસ્વરૂપ છે એને એક અંશે પણ રાગથી કંઈ બંધ થાય અને રાજી થાય એ ચૈતન્યને હણી નાખે છે શ્રદ્ધામાં. સમજાણું કાંઈ?

અહીં તો એક જ વાત. જુઓ, ટીકા કરી. ઓલા ચાર ભાવનું કીધુંને, એમાંથી આ બધું કાઢ્યું છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન આત્માઓ પરમાત્મસ્વરૂપ જેટલા જે કંઈ મુક્તિને પામ્યા, પામશે અને પામે છે એ અંતર સ્વરૂપ પૂર્ણ સ્વરૂપ ભગવાન એનો અંતર આશ્રય લઈને જ પામ્યા છે. વ્યવહારરત્નત્રયથી પામ્યા એ તો ક્યાં આવ્યું આમાં? મોક્ષમાર્ગ બે. અરે..! એ તો કહેવામાત્ર બે, ખરેખર એક જ છે. એ રાડ્યું નાખે છે. આમાં તો ક્યાં એક જ વાત કીધી. આમાં ક્યાં પહેલો વ્યવહાર આવે ચોથે, પાંચમે, છઠ્ઠે અને પછી આવે નિશ્ચય એમ છે? પણ વ્યવહાર નિશ્ચય વિના હોય શેનો? વ્યવહાર હોય તો નિશ્ચય હોવો જોઈએ, તો ઓલાને વ્યવહાર કહેવાય. નહિતર વ્યવહાર કહેવાય શી રીતે? એકાંત એક નય તો મિથ્યા નિરપેક્ષનય થઈ ગઈ. અહીં તો એકલા નિશ્ચયની અપેક્ષાએ થાય ત્યાં ભલે વ્યવહાર હોય તેને જાણવા જેવો છે. સમજાણું કાંઈ?

'(હવે, ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :—)'

(आर्या)

अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।
संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।

'**શ્લોકાર્થ :— (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો...**' મુનિઓ '**પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.**' જુઓ, શું કહે છે? જેને પાંચ આચાર છેને, પાંચ આચાર. ક્યા આચાર? આત્મા અખંડ પ્રભુ ભગવાન એનું જ્ઞાન અંતર જ્ઞાન, એનું દર્શન, સ્વરૂપની પ્રતીત, સ્વરૂપની સ્થિરતા-ચારિત્ર, સ્વરૂપના આનંદની વૃદ્ધિ શુદ્ધિની એ તપ, એ તપ અને વીર્ય એ આત્માનું બળ જે વીર્ય આચરણ સ્વરૂપની સ્થિરતાને રચે. એવા પાંચ આચારોથી યુક્ત. ઉત્કૃષ્ટ મુનિની વાત કરી છે.

'**અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' જેને શરીરમાં નગ્નપણાની દશા હોય છે, નગ્નિ દિગંબર. એક પણ કપડાનો ટૂકડો ન હોય. અંદર એક વિકલ્પ પણ વસ્ત્ર લેવાનો ન હોય. એવા '**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' દેખો! ભાષા મૂકી છેને. સર્વથા છે કે નહિ? '**विद्वान्सः। संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः**' કોનું કાઢ્યું સર્વથા? '**किंचनभाव**' છેને? કંઈ પણ નથી, એમ. એમાંથી કાઢ્યું. શેમાંથી કાઢ્યું તમે? '**परिहीणाः**' '**प्रपंचपरिहीणाः**'. સર્વથા. ઠીક, ઉપસર્ગ છે. સમજાણું કાંઈ? ઉત્કૃષ્ટ વાત કરે

છેને. જે કોઈ મુક્તિને પામે છે એ પંચ આચાર જીવો પોતાના સ્વરૂપની દષ્ટિ, જ્ઞાન, શાંતિ આચાર. પાંચ એ આચાર. ક્રિયાકાંડના આચારની વાત નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ એના અંતર અનુભવની દષ્ટિ, એનું અંતર જ્ઞાન, એમાં સ્થિરતા, એના વીર્યની રચના ગુણની પર્યાયની અને એની ઈચ્છા નિરોધરૂપી તપ. ઈ તપ હોં! આ અપવાસ-બપવાસ કરે એ તપ નથી. એવા સહિત અને કાંઈ પણ પરિગ્રહથી રહિત. બે લેવું છેને.

આવા પંચાચારથી સહિત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત, એમ. સહિત, રહિત. એવા વિદ્વાનો, મુનિઓ, જ્ઞાનીઓ ધર્માત્મા પૂજનીય પંચમગતિ. દેખો, પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. એ પંચમભાવને યાદ કરીને સ્મરે છે. એમ કે બીજાને તો યાદેય કરતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ વસ્તુ એની અંતરમાં દષ્ટિ, જ્ઞાન, રમણતા, તપ અને વીર્ય—એવા પંચ આચાર નિર્વિકલ્પ પરિણતિ પર્યાય, નિર્વિકલ્પ પર્યાયરૂપી પરિણતિ અને કંઈ પણ પરિગ્રહના ભાવથી રહિત, એમ. એવા વિદ્વાન.. એ વિદ્વાન છે, એ મુનિ અને એ ધર્માત્મા (છે). સમજાણું કાંઈ? એ પૂજનીય પંચમગતિ—સિદ્ધદશા, ઈ માથે ઘણું કહ્યું હતું, ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત સિદ્ધની પર્યાય એવી પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે, પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. પાંચ બોલ નાખ્યાને, પાંચ? પાંચ આચાર, કાંઈ પરિગ્રહ રહિત. ઓલો પરિગ્રહ છે. પાંચ આચાર સહિત, પરિગ્રહથી સર્વથા રહિત, પૂજનીય પંચમગતિ એને પ્રાપ્ત કરવા પંચમભાવને સ્મરે છે. સમજાણું કાંઈ? ભગવાનને યાદ કરે, 'હે પરમાત્મા, હે તીર્થંકરદેવ કેવળી' એમ ના પાડે છે, જુઓ. એને સંભાર્યે કાંઈ થાતું હશે? વિકલ્પ થાય, શુભરાગ થાય.

શ્રોતા :— બંધ પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બંધ પડે એટલે થઈ રહ્યું, અબંધ પરિણામ રોક્યા.

શ્રોતા :— ઓલા ભગવાન તો સાક્ષાત્ મંદિરમાં દેખાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— સાક્ષાત્ દેખાય અહીં, ન્યાં ક્યાં દેખાય, એ તો સ્થાપનાનિક્ષેપ છે. શું દેખાય?

શ્રોતા :— નમસ્કાર કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોને પણ?

શ્રોતા :— ભગવાનને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યા ભગવાન? કેવા છે? તું કોણ છો? પોતાને કોણ છે જાણ્યા વિના કોને કરું છું, ઈ કોણ કેવા છે એને જાણ્યા વિના નમસ્કાર કોને કરવો? હું એક અનંતજ્ઞાનનો ધણી આનંદકંદસ્વરૂપ છું. પૂર્ણ પરમાત્મા પ્રાપ્ત થયા એનો એ નિક્ષેપ છે, એક શુભ વિકલ્પ પૂજવાનો છે. એવો વ્યવહાર હોય છે. મુક્તિનું કારણ, સંવર, નિર્જરાનું કારણ બિલકુલ નહિ.

આહા..હા..!

શ્રોતા :— પોતાના પરમાત્માને નમસ્કાર કઈ રીતે કરવા?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ આ અંદર નમવું, વળવું ઈ નમસ્કાર. બીજો ક્યો નમસ્કાર? હાથ જોડવા છે ક્યાં ન્યાં? શુદ્ધ ભગવાન અંતરમાં આ મહા સ્વભાવથી ભરેલું તત્ત્વ, દ્રવ્ય એમ, એવો મહા સ્વભાવ, મહા સ્વભાવ એમાં અંતર એકાગ્ર થવું એનું નામ નમસ્કાર. ભાઈ! આ તો અંતરની વાત છે. આ અધ્યાત્મને સમજ્યા વિના મરી જાય તોપણ ક્યાંય મુક્તિ-બુક્તિ છે નહિ. એઈ..! આ કેટલા વર્ષીતપ કર્યે થાય આ? જાત જુદી? લે! '**संचितपंचाचाराः**' પાછું ઓલું પાંચ લેવું છેને. '**संचितपंचाचाराः**' '**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः**'. આહા..હા..! '**प्रपंचपरिहीणाः**' પાછા 'પ, પ' ઘણા છે હોં! '**प्रपंचपरिहीणाः**'. એને વિદ્વાન કહીએ કહે છે લ્યો. પોતે પોતાનો ભાવ એનો આશ્રય લઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ને વીર્યની પર્યાય પ્રગટ કરી છે. કિંચિત્ વિકલ્પ અને પરપરિગ્રહનો જેમાં અભાવ છે, એવા જીવો પંચમભાવને સ્મરે છે. ઈ સ્મરે છે એમાં જ આ પાંચ પરિણતિ આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..! આટલું બધું સ્પષ્ટ વધારે નિયમસારમાં (છે), પંચમભાવને બહુ સ્પષ્ટ કર્યો છે, ખૂબ સ્પષ્ટ કર્યો છે. આખો ભગવાન ...

જેમાં નજર નાખ્યે નજર ઠરે. કારણ કે એ ધ્રુવ છે. પર્યાયમાં નજર નાખ્યે પર્યાય ફરે તો તારી નજર ફરશે, એમાં ઠરશે ક્યાં? સમજાણું? એટલે ધર્માત્મા પોતાનો પંચમભાવ એને જ યાદ કરીને ઠરે છે. એને જ મુક્તિ મળે છે. બીજો શ્લોક.

(मालिनी)

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।
उभयसमयसारं सारतत्त्वस्वरूपं
भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः।।५९।।

વાહ! શું કહે છે મુનિ? '**સઘળુંય સુકૃત (શુભકર્મ)...**' દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એવો શુભભાવ એ શુભભાવ. વ્યવહારરત્નત્રય બધુંય. શુભભાવ અને એનાથી બંધાતું શુભકર્મ એ '**ભોગીઓના ભોગનું મૂળ છે;...**' આત્માના આનંદના ભોગનું એ મૂળ નથી એમ કહેવું છે. આહા..હા..! રાડ નાખે છે હોં બિચારા. આ જાણે શું? નિરાલંબી થઈ જવું. પણ નિરાલંબી જ છો, સાંભળને! કાંઈક આ હોય તો ઠીક, હોય તો ઠીક. કહે છે, એ શુભકર્મ અને શુભક્રિયાકાંડનો ભાવ ભોગીઓના ભોગનું મૂળ છે, ધર્માત્માના ભોગનું એ કારણ નથી એમ કહે છે. સુકૃત જ એકલું લીધું છે હોં! ઓલા અશુભની વાત નથી લીધી. કારણ કે અહીં પંચમ પારિણામિકભાવનો આશ્રય કરાવવો છેને એટલે. ન્યાં વિકલ્પ-ફિકલ્પ બધા.. પુણ્ય બંધાય અને એનાથી ભોગીઓના ભોગ મળે. આત્માનો આનંદ એમાંથી ન આવે.

આહા..હા..! વાદ ને વિવાદમાં અજ્ઞાનીનો કાળ એમાં જાય ઘણાને. આ વસ્તુ છે એને નજરમાં લેવી, વારંવાર એનું સ્મરણ કરવું એના તરફ પ્રયત્નનો કાળ મળ્યો એ કરવું નથી. 'આ કરવું ને આ કર્યું ને આ તમે ખોટું કર્યું' બધું કર્યું, સાંભળને હવે. સમજાય છે? અરે..! આવા સમય મળ્યા. પર સામું જોઈને તો અનંતકાળ ગયો છે હવે એ તો. સમજાણું? અનંતકાળ ગયો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સામું જોઈને અનંતકાળ ગયો. સાંભળને હવે! પરદ્રવ્યની સામું જોવાથી શું છે? પુણ્ય થાય કહે છે, જુઓને! એ ભોગીઓના ભોગનું મૂળ છે. એનાથી પુણ્ય બંધાય, સ્વર્ગમાં જાય, શેઠિયા ધૂળના થાય. ભોગ મળે આત્માનો એમાં. આ તો ભોગ મળે ઓલાની વાત છે. ભોગીઓના ભોગ એટલે કે આત્માનો ભોગ હોમાઈ જાય એમાં, કહે છે. સુખના ભોગમાં.. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને આવા શુભરાગથી તો ભોગ મળે. એમાં તારો ભોગ હોમાઈ જાય છે. કેટલો અભાવ બતાવે છે. સ્વભાવના આશ્રય વિના આ બધા ભાવો બંધનું કારણ છે, એમ કહે છે.

'પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...' આહા..હા..! પરમ તત્ત્વ ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ પરમાત્મા એનો અભ્યાસ. એનો અભ્યાસ. લ્યો, આ બધો અભ્યાસ સંસારનો કરે છેને છોકરાઓ? કેટલી વાર સવાર, બપોર ત્રણ ત્રણ વાર કરે બિચારા. આટલું જો આત્મા માટે કરે તો... છોકરાઓને કહ્યું હતું સવારમાં, હવે આવીને પરીક્ષા. કેટલી વાર સૂવે? રાતના અગિયારે સૂવે કેટલાક. સાડા અગિયારે સૂવે, આમ કરે.. હેરાન.. હેરાન કીધું. રામજીભાઈ સુમનભાઈને કહેતા હતા. એક છોકરાને કહ્યું હતું હોં! હમણા કહેતા હતા, આ કૂચે મરવા જાય છે ન્યાં અમેરીકા. શું હશે આ? મધુભાઈ! કૂચે મરે છે બધા છોકરાઓ સવાર બપોર. આહા..હા..!

શ્રોતા :— સો એ સો ટકા કૂચે મરતા હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ તો પુણ્યની વાત કરે છે, આ તો પાપની વાત છે. એટલે સોએ સો ટકા ને પૂરે પૂરો (કૂચે મરે છે). અહીં તો શુભભાવથી ભોગીઓના ભોગની વાત છે. એ તો બધો પાપભાવ છે. ભણવા જવાનો ભાવ એ પાપભાવ છે. એનાથી તો આત્મા (ન મળે), ભોગ પણ ન મળે એને તો આ બહારના. આત્માનો ભોગ તો ગયો, બહારનો પણ ન મળે એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..અરે..! કહો, ધીરૂભાઈ! શું છે આમાં? જુઓ, શું કહે છે આ? આ માસ્તર પણ બધા ભણાવવા માટે ત્યાં રોકાય એ પાપ છે, કહે છે.

અહીં તો ઈ વાત લીધી નથી. પાપના ભાવથી તો ન મળે આત્માનો અનુભવ, ન મળે અનુકૂળતાના બહારનો ભોગ. એનું શું કામ છે? ઈ તો પાપભાવ તો આખો દુઃખદાયક છે, સંયોગથી દુઃખદાયક છે. આ સ્વભાવમાં તો દુઃખદાયક છે, પણ સંયોગમાં પણ એ દુઃખદાયક છે. આ સંયોગમાં જરીક આમ ગલગલીયા લાગે કે આહા..! ઈન્દ્ર થયા, દેવ

થયા, ધૂળ થઈ ને આ બે-પાંચ કરોડના આસામી કહેવાણા, લાખ-લાખની મોટરું ને આમ બેઠા હોય તો ઓહો..હો..! પાણીની જેમ આમ હાલી જતી હોય મોટર મોટર. બહુ ઊંચી હોય મોટર. બે લાખ, અઢી લાખની કેટલા લાખની કીધી? આવ્યો હતો પોપ. કેટલાની કીધી? બે લાખની હોય, એમાં શું છે? પણ એમાં છે શું? એને બે લાખનો હિસાબ શું? એ તો પચ્ચીસ લાખની હોય ત્યાં તો. ... બે લાખ ન્યાંથી લાવ્યા હતા, કહે છે. આમ ખબર ન પડે. પાણી હલે નહિ અંદરથી. હવે શું છે પણ? આખું પાણી ગયું તારું અંદરમાં. ચેતનપ્રાણ હણાઈ ગયા, બાપા! એમાં મોજમાં. આ મને ઠીક. મૂઢ છો. હણાઈ ગયો આત્મા તારો એમાં. આ તો અનુકૂળ મળ્યા એ પુણ્યથી મળે એ ભોગીઓના ભોગ છે, ધર્મીના ભોગનું એ સ્થાન નથી, એમ કહે છે. ધર્મીને પુણ્ય અને પુણ્યના ફળની આશા, ભાવના હોતી નથી. સમજાણું કાંઈ?

'**પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે...**' લ્યો. ભવથી વિમુક્ત, વિશેષ છૂટવા માટે '**તે સઘળાય શુભકર્મને છોડો...**' દેખો! આ તો આદેશ કર્યો. એ શુભવિકલ્પનું લક્ષ છોડી દે. અહીં જા, અહીં જા, અહીં જા. આહા..હા..! ચાર ભાવની ટીકાનું છેને. શુભભાવને છોડો. ઓલો કહે, હાય..હાય..! શ્રદ્ધામાં તો છોડ પહેલો, અહીં તો લે. '**સઘળાય શુભકર્મને છોડો અને સારતત્ત્વસ્વરૂપ...**' છેને સારભૂત તત્ત્વ '**એવા ઉભય સમયસારને ભજો.**' ત્રિકાળ ભગવાન સમયસાર અને કાં એની પરિણતિ નિર્મળ, બાકી કોઈને ભજવા જેવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા સમયસાર આનંદકંદ એને ભજો, પરિણતિને ભજો. '**એમાં શો દોષ છે?**' એમ કે આ શુભકર્મને છોડવાનું કહીએ છીએ તો કાંઈ દોષ છે? એમ કહે છે. એમાં લાભ છે એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ કહે, અરે..! આમ કરવાથી આમ થાશે, પછી આમ થાશે. સાંભળને હવે. લોકો આમ થાશે ને ધૂળ આમ થાશે. કહે છે, એમાં શું દોષ છે? એમ સિદ્ધ કરે છે. અમે કહીએ છીએ ઈ વાતમાં શું દોષ છે?

ભાવ આત્મા ભગવાન છે એની શ્રદ્ધા, જ્ઞાનથી એને ભજ અને એની સેવા કર. બાકી બધું છોડ. એમાં દોષ નથી પણ લાભ છે. કોઈને આનાથી નુકશાન થશે? એમ કહે છે. કો'કને સંભળાવીએ એટલે આમ કરી દેશે, એ છોડી દેશે પુણ્ય ને ... કરી દેશે. છોડ્યા હવે. એ.. જ્ઞાનચંદજી! ભગવાનના દર્શન છોડી દેશે. હવે એને ભાવની ભૂમિકા એ પ્રમાણમાં આવ્યા વિના રહેશે નહિ. શ્રદ્ધામાં છોડ. અહીં આશ્રય કરવા જેવો છે. એમાં દોષ જરીયે છે નહિ.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૨, ગુરુવાર, તા. ૭-૦૪-૧૯૬૬,
ગાથા-૪૨, પ્રવચન નં. ૪૪

આ શુદ્ધભાવ અધિકાર. ૪૨ ગાથા છે. ૪૧ પૂરી થઈ.

चउगइभवसंभवमणं जाइजरामरणरोगसोगा य।
कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति।।४२।।
ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

'**ટીકા :— શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને...**' એટલે કે શુદ્ધ સ્વભાવથી ત્રિકાળ દૃષ્ટિએ જોતા વસ્તુનો જે શુદ્ધભાવ, ધ્રુવભાવ, પરમપારિણામિક સ્વભાવભાવ એ નયે, એ દૃષ્ટિએ જોતા '**સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી...**' એ સંસારના વિકારની ગંધ જેમાં નથી. સમજાણું? '**સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.**' કેમ ચાર ગતિનું પરિભ્રમણ નથી? વસ્તુમાં પરિભ્રમણ નથી. પર્યાયમાં રાગની એકતા અને વિકારની બુદ્ધિ એ પરિભ્રમણનું કારણ છે, એ વસ્તુમાં નથી.

શ્રોતા :— તો વસ્તુ ભેગી શું કરવા જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યાં જાય છે વસ્તુ? ભેગી એટલે? એના પોતાના સ્થાનમાં જ છે, જ્યાં છે ત્યાં જ છે. અસંખ્યપ્રદેશમાં પોતાના સ્વભાવમાં જ છે. પર્યાયમાં પરિભ્રમણ છે. કહો, સમજાણું? ઘંટીનું પડ ચાલે છે, માખી બેઠી છે ત્યાં બેઠી છે. શું ઘંટીને શું કહે છે? ચક્કી? ચક્કી છેને ચક્કી. ત્યાં બેઠી હોય માખી, માખી તો છે ઈ છે, એના સ્થાનમાં જ છે. એવો દાખલો આપ્યો છે સમ્યક્જ્ઞાન દીપિકામાં.

શ્રોતા :— ... ક્ષેત્ર તો બદલે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ બદલ્યું નથી, એનું પોતાનું બદલ્યું નથી. એ પોતે અસંખ્યપ્રદેશમાં શુદ્ધધામ આનંદકંદ જેને જીવ નિશ્ચય શુદ્ધભાવ કહીએ. કહો, સમજાણું કાંઈ? જે દૃષ્ટિનો વિષય છે શુદ્ધ જીવધામ પરમાત્મા પોતે એ પોતાનો પરમાત્મા એની દૃષ્ટિએ જોતા એ પોતાના પરમાત્મસ્વરૂપમાં આ નથી. સમજાયું કે નહિ? એઈ..!

આમ તો કહે છે કે વિકાર ભવનું કારણ અને ભવ એ તો અનાદિથી જોતો જ આવે છે, એ ક્યાં નવી વાત હતી? એ વિકારનો અસ્તિત્વનો અંશ, ભ્રમણાનો, રાગ-દ્વેષનો અંશ જે છે એટલા અસ્તિત્વને માનતો જ આવે છે, જોતો જ આવે છે, અનુભવતો જ આવે છે. ઈ ક્યાં નવી વાત હતી! એ ચીજ વસ્તુમાં નથી એમ દૃષ્ટિ કરવી એ નવીન છે. સમજાણું

કાંઈ? કેમકે ચાર ગતિનું પરિભ્રમણ નથી? પરિભ્રમણ તો પર્યાયની અવસ્થાના અંશમાં છે. વસ્તુમાં પરિભ્રમણ કેવું? વસ્તુ તો ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન છે. આનંદકંદ એવો પરમેશ્વર પોતે એને પરિભ્રમણ નથી. પર્યાયના અંશમાં પર્યાયબુદ્ધિમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપની એકત્વબુદ્ધિ એ તો પર્યાય અંશબુદ્ધિએ, અંશબુદ્ધિએ પરિભ્રમણ છે. સમજાણું કાંઈ? વસ્તુદૃષ્ટિએ પરિભ્રમણ વસ્તુમાં નથી. એથી દૃષ્ટિમાં પણ પરિભ્રમણ છે નહિ. આહા..હા..! કેમ નથી?

'**દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી...**' જ્યાં વસ્તુ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે એનો અંતર સ્વીકાર હોવાથી જડકર્મ અને વિકાર એ બે સંસારનું કારણ, ચાર ગતિનું કારણ. ભાવકર્મ એ ચાર ગતિરૂપ અને નિમિત્ત કારણ કર્મ. બેયનો જ્યાં અંતર સ્વભાવની દૃષ્ટિમાં સ્વીકાર નથી, શુદ્ધભાવમાં એનો સ્વીકાર નથી અથવા શુદ્ધભાવમાં એનું એકત્વ નથી. સમજાણું કાંઈ? એવો ચૈતન્ય જ્ઞાનાનંદ ઢીમ, શુદ્ધ આનંદકંદ... એક સમયની કૃત્રિમ વિકૃત અવસ્થા, વિકાર અને એનું નિમિત્ત જડકર્મ બેનો જ્યાં સ્વીકાર છે ત્યાં પરિભ્રમણ છે. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં વિકારી કૃત્રિમ ક્ષણિક દશા અંશ ઉદયભાવ વિકાર એનો સ્વીકાર (છે) ત્યાં નિમિત્તનો પણ સ્વીકાર આવી ગયો. એનો સ્વીકાર છે ત્યાં સંસાર પરિભ્રમણ છે. સમજાણું કાંઈ?

દ્રવ્યકર્મ જડ આઠ કર્મો છે ખરા, છે એનો સ્વીકાર તે સંસાર. છે એનો સ્વીકાર નહિ અને શુદ્ધ ધ્રુવભાવનો સ્વીકાર ત્યાં પરિભ્રમણ છે નહિ. સમજાણું કાંઈ આમાં? ક્યારે? અત્યારે. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ જ્ઞાન પરમેશ્વરપદ એ દૃષ્ટિએ જોતાં એમાં દ્રવ્યકર્મ અને વિકલ્પનો સ્વીકાર નથી. સ્વીકાર શુદ્ધ ધાતુ ચૈતન્યધાતુ પૂર્ણાનંદ એનો સ્વીકાર છે. એથી શુદ્ધભાવનો જ્યાં સ્વીકાર ત્યાં જડ કર્મ અને રાગનો આદર, સ્વીકાર નથી ત્યાં સંસાર પરિભ્રમણ છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આઠ કર્મ છે તો ખરા, નથી એમ નહિ. કહે છેને? છેને. ભાવકર્મ પુણ્ય અને પાપના ભાવ વિકાર, ભ્રમણા, 'હું શરીરને લઈને દુઃખી સંયોગને લઈને સુખી' એવી ભ્રમણાનો સ્વીકાર તે સંસાર છે. સમજાણું કાંઈ? એ ભ્રમણાનો જ્યાં સ્વીકાર નહિ હોવાથી એટલે કે શુદ્ધભાવમાં એ વિકાર અને નિમિત્તપણાનો અભાવ હોવાથી વસ્તુમાં ક્યાં છે ઈ?

'**નારકત્વ,...**' નારકીપણું એવી ગતિ એ જીવમાં નથી. જીવસ્વભાવભાવ એકલું પરમપદ સમજાણું કાંઈ? નારકપણાના ગતિનો ઉદયભાવ એ ઉદયભાવનો સ્વીકાર જ્યાં નથી, પરમ ચૈતન્યભાવ જ્યાં દૃષ્ટિમાં પડ્યો અને આદર છે ત્યાં નારકપણું છે જ નહિ. નારકીની ગતિ ધર્મીને છે જ નહિ. સમજાણું કાંઈ? ત્યાં સ્વીકાર પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ આત્મતત્ત્વ એનું અંતર સ્વીકારનું પરિણમન છે. કીધુંને? '**શુદ્ધ નિશ્ચયનયે...**' એટલે કે નિશ્ચયનયે એટલે વસ્તુ સ્વરૂપે એની અંતર દૃષ્ટિએ વસ્તુને જોતા વસ્તુમાં નારકીપણું નથી. જરી અંશ જે નરકપણાનો રહ્યો જ્ઞાનીને એ જ્ઞાનમાં જાણવાલાયક રહ્યો, આદરવાલાયક રહ્યો નહિ. એથી ધર્મીને અથવા

શુદ્ધ નિશ્ચયના બળે જીવને જોતા એને ગતિ જ નથી. ઓહો..હો..! માર્ગ તે પણ માર્ગ! માણસે ક્યાં કરી નાખ્યો! કોણ જુગરાજજી છે? ત્યાં કેમ બેઠા? ક્યારે આવ્યા? અત્યારે? આવો અહીંયા. ઓલા ન આવ્યા? લાડવા ખાવા ગયા છે તમારા? સાંજે. પરમાત્માના ધામમાં નારકીપણું નથી, કહે છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ, જેણે શુદ્ધપણું ધારી રાખ્યું છે, જેણે વિકલ્પ, રાગ અને તેનું નિમિત્ત એણે ધારી રાખ્યું જ નથી. એનામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.' ભગવાન આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્મા જે જોયો આત્મા, એ આત્મા એટલે કે પુણ્ય-પાપના વિકલ્પો અને એનું નિમિત્ત કર્મ એના અભાવસ્વભાવસ્વરૂપ આત્મા છે. એટલે કે એના ભાવસ્વરૂપમાં એ છે નહિ. સંસારની ગતિનો ભાવ અને એનું નિમિત્ત કર્મ બેય, શુદ્ધભાવ ચૈતન્યવસ્તુ જ્ઞાનાનંદ જ્ઞાયકપિંડ પ્રભુ એમાં એનો પ્રવેશ નથી. એવો ચૈતન્યધાતુ આનંદકંદ પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિએ જોતા શુદ્ધ જીવધાતુમાં જડકર્મનો અભાવ એટલે સ્વીકાર ત્યાં નથી, દૃષ્ટિ કરનાર ચૈતન્યની ધાતુ અને દૃષ્ટિ કરનારમાં જડકર્મનો સ્વીકાર નથી, પુણ્ય-પાપના ભાવકર્મનો સ્વીકાર નથી. સ્વીકાર નથી માટે નિશ્ચયનયના બળે જીવના સ્વભાવમાં ધર્મીને પણ ગતિપણું છે નહિ. જુગરાજજી! ભારે વાત પણ ભાઈ! આહા..હા..!

પર્યાયબુદ્ધિએ સંસાર, વસ્તુબુદ્ધિએ સંસારનો અભાવ, એમ કહે છે. પર્યાયબુદ્ધિ એટલે? ભગવાન આત્મા જ્ઞાનનો ગોળો, ચૈતન્યસૂર્ય, અનાકુળ આનંદનો અવિનાશી સાગર. અનાકુળ આનંદનો અવિનાશી રસનો સાગર. અતીન્દ્રિય આનંદનો અવિનાશી સાગર એવો ભગવાન આત્મા છે આ. એવા આત્માની દૃષ્ટિએ જોતા એ આત્મામાં અને આત્માની દૃષ્ટિ કરનારને જડકર્મ અને વિકારી પરિણામનો અંતર અભાવ છે, દૃષ્ટિ કરનારને એનો સ્વીકાર નથી. એના અભાવભાવરૂપ શુદ્ધભાવનો સ્વીકાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઈ જીવને નથી એનો અર્થ ઈ. જીવને નારકપણું નથી એનો અર્થ ઈ કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ વસ્તુ છે એવી જ્યાં અંતર દૃષ્ટિ નિશ્ચયની થઈ, વસ્તુનો જ્યાં સ્વીકાર થયો, શુદ્ધ જ્ઞાયક આનંદકંદનો સ્વીકાર થયો એને નરકના કારણરૂપ ભાવ અને નરકગતિ—બેયનો જ્યાં સ્વીકાર નથી એથી જીવમાં નારકપણું છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધભાવ અધિકાર એટલે વસ્તુ જીવનો અધિકાર છે. શુદ્ધભાવ એટલે શું? જેવી વસ્તુ છે એવી. એક સમયનો, એક સમય સેકંડનો અસંખ્યમો ભાગ રાગ ને પુણ્ય ને નિમિત્તપણું કર્મનો એટલો સંબંધનો સ્વીકાર એ સંસાર, એ મિથ્યાત્વ, એ પરિભ્રમણ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધભાવ શુદ્ધભાવરૂપી ચૈતન્ય ધ્રુવ જેનું સત્ત્વ શુદ્ધ છે. એકલો અવિનાશી રસ આનંદપૂર છે. અવિનાશી આનંદનું એ પૂર

છે. એવો જે આત્મા એને શુદ્ધનિશ્ચયના બળે એટલે અંતર દૃષ્ટિના જોરે જોઈએ તો એ આત્મામાં નારકપણું ચાર ગતિ છે જ નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :— આપે આપેલી દૃષ્ટિ... બરાબર...

પૂજ્ય ગુરુદેવશ્રી :— આપે કોણ અહીંયા? અભાવ, અભાવ, અભાવ. સ્વભાવભાવમાં પરનો ત્રિકાળ અભાવ. અરે..! ભગવાન! એ પરમેશ્વરપદ તારું, ભાઈ! આહા..હા..! સમજાણું?

ભાઈ! જ્ઞાયકભાવ એ તારું તત્ત્વ આખું. એમાં જ્યાં પુણ્ય-પાપના ભાવ એ તો આસ્રવતત્ત્વ થયું અને કર્મ છે એ તો અજીવતત્ત્વ થયું. એ કર્મ અજીવની દશા અને પુણ્ય-પાપની આસ્રવદશા, બેનો સ્વીકાર છે એ સંસાર છે. વસ્તુમાં નથી અને એનો સ્વીકાર એ મિથ્યાત્વ છે. સમજાય છે? અને મિથ્યાત્વ ત્યાં સંસાર છે. ત્યાં એ પરિભ્રમણ ઊભું થાય છે બધું. સમજાણું કાંઈ? એટલે કહ્યું, ભગવાન આત્મા જ્યાં ચૈતન્યરસની એકતાનો ભાવ ધ્રુવ છે, શુદ્ધભાવ છે એમાં જડકર્મ અને ભાવકર્મનો સ્વીકાર નથી. અંતરમાં પ્રવેશ નથી, દૃષ્ટિમાં એનો સ્વીકાર નથી. તેથી જીવને નારકપણાનું પરિભ્રમણ નથી. એ નારકીપણાનું પરિભ્રમણ જેને નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ!

એને તિર્યંચપણાનું પરિભ્રમણ નથી. તિર્યંચપણું, ઢોરપણું એટલે અંદર ગતિ હોં ગતિ. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય આદિ ગતિની યોગ્યતા. જે પર્યાયમાં મોજૂદ છે રાગ અને દ્વેષ આદિ, માયાચાર આદિ ગતિના એ માયાચાર અને એનું નિમિત્ત કર્મ જેના વસ્તુના સ્વરૂપમાં નથી એવો શુદ્ધ ચૈતન્ય ભગવાન એને અંતર દૃષ્ટિએ સ્વીકારતા એ વસ્તુની અંદર તિર્યંચપણું નથી. સમજાણું કાંઈ?

એને મનુષ્યપણું નથી. મનુષ્યપણું એટલે આ દેહ નહિ, આ દેહ તો જડ છે, આ કાંઈ મનુષ્યપણું નથી, આ તો અજીવ છે. અંદર મનુષ્યગતિની યોગ્યતાની દશા, મનુષ્યગતિની યોગ્યતાનો ઉદયભાવ તે ભાવકર્મ જ જ્યાં વસ્તુમાં નથી અને વસ્તુની દૃષ્ટિમાં તેનો સ્વીકાર શુદ્ધ ચૈતન્યધાતુનો સ્વીકાર દૃષ્ટિમાં થયો એને મનુષ્યપણાનો ઉદય અને નિમિત્ત કર્મ, બેયનો સ્વીકાર નથી. બહુ ઝીણું પણ. આ કરતા તો, મનુષ્યપણું હોય તો મુક્તિ થાય, વજ્રનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય. અહીં કહે કે શુદ્ધ જીવસ્વભાવ દૃષ્ટિમાં હોય તો કેવળજ્ઞાન થાય. જો મનુષ્યપણાનું લક્ષ કર્યું કે મનુષ્યપણું હું (એવું માને) એને કેવળજ્ઞાન નહિ પણ પરિભ્રમણ થાય. આહા..હા..! બહુ ફેર પણ. વીતરાગમાર્ગને લોકોએ ઉગમણો-આથમણો કરી નાખ્યો. સાંભળવાને મળે નહિ. અન્યને જૈનમાર્ગ માનીને બેઠો, જૈનમાર્ગને અન્ય માર્ગ માન્યો. આવું ન હોય... આવું ન હોય... આવું ન હોય! ખુબ લખ્યું છે, કુશાસ્ત્ર છે. દયાને ધર્મ માનનારા ... સુબુદ્ધિ અને એક મુમુક્ષુ. સુબુદ્ધિ સાચો કહેવાય અને મુમુક્ષુ ખોટો, એમ. એમ બેનો સંવાદ ઉપાડ્યો. અમે તો એમ સાંભળીએ છીએ કે દયા તે ધર્મ નથી. મુમુક્ષુ કહે છે. સુબુદ્ધિ કહે, કેમ? મુમુક્ષુ અમને કહેતા હતા. ક્યાંથી (કહો છો)? કોઈ આધાર?

આ છ ઢાળામાં લખ્યું છે. અરે..! ભગવાન! શું તું કરે છે? એણે લખ્યું છે કે જે દયાને ધર્મ માને તે કુશાસ્ત્ર છે. આ ચરણાનુયોગના શાસ્ત્ર બધા કુશાસ્ત્ર છે. એમાં એમ લખ્યું છે. આ પ્રમાણ થયા, જીવની રક્ષા કરવી. અરે..! ભગવાન! શું કહે છે તું, ભાઈ? પરજીવની રક્ષાનો પર્યાય શું આત્મા કરી શકે છે? ભાઈ! એનો ભાવ આવ્યો એ રાગ, એ રાગ પુણ્ય છે એનો સ્વીકાર છે ઈ સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ શુદ્ધસ્વભાવમાંથી સંસર્યો-ખસી ગયો છે. એથી રાગનો એને આદર આવ્યો એથી જડ કર્મનો પણ એને આદર આવ્યો. ભાઈ! તને ખબર નથી તારા તત્ત્વની. પરમેશ્વરે આવું તત્ત્વ કહ્યું છે અને એવું અનુભવ્યું અને એવું છે. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ જેની વાણીમાં ઈન્દ્રોના સમક્ષમાં ઉપસ્થિતિમાં આવ્યું, ભાઈ! તું તો ભગવાન મારી નાતની જાતનો છોને. મારા પર્યાયમાં જેમ કાંઈ નથી, એમ તારા દ્રવ્યમાં બીજો વિકાર-ફિકાર નથી. આહા..હા..! મનુષ્યપણાની ગતિનો ઉદયભાવ, આ દેહ નહિ, આ તો જડ (છે), ઉદયભાવ એનો સ્વીકાર એ પર્યાયબુદ્ધિ થઈ, ત્રિકાળ શુદ્ધભાવનો અનાદર થયો. ત્રિકાળ ચૈતન્યભાવ આનંદકંદની પાટ આખી છે. અતીન્દ્રિય આનંદની મોટી ધ્રુવ પાટ આત્મા છે. આહા..હા..! એનો સ્વીકાર ન કરીને એક મનુષ્યના ભાવપણાની ગતિનો સ્વીકાર આવ્યો ત્યાં આનો અસ્વીકાર આવ્યો. આનો જ્યાં સ્વીકાર આવ્યો ત્યાં આનો અસ્વીકાર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભર્યા ઘર તારામાં પડ્યા, બાપુ! ભર્યા ઘરમાંથી... આ મરે ત્યારે નથી કહેતા? ભર્યા ઘરમાંથી કેમ નીકળવું ગોઠ્યું? એવું બાયું બહુ રોવે. ભર્યા ઘરમાં.. એમાં વીસ વર્ષનો મરી ગયો હોય નાની ઉંમરનો જુવાન સરખાઈનો, સરખાઈનો એટલે શું, બાયડી પરણીને મરી ગયો હોય. ભર્યા ભાદર્યા ઘર. આવું ભર્યું ઘર એમાં બાપા! તમને કેમ નીકળવું ગોઠ્યું. સ્મશાનના સંથારા કેમ ગોઠ્યા? એને ગોઠતા હશે ત્યાં. એ તો જડ લાકડા ગયા ન્યાં તો, ઓલો આત્મા તો વયો અહીંથી ક્યાંય. ભાઈ! અહીં કહે છે કે પરમાત્મા એમ કહે છે, આ ભર્યું ઘર આનંદકંદની શીલા પડી છે. એ ભર્યા ઘરમાંથી નીકળીને રાગનો સ્વીકાર ભાઈ! તને કેમ ગોઠે છે? સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યાં એકલું નિર્વિકારી ભગવાન દળ આખું પડ્યું છે ધ્રુવ એનો સ્વીકાર નહિ અને આ રાગનો સ્વીકાર, મનુષ્યપણાની ગતિનો, ભગવાન! ભર્યા ઘરમાંથી નીકળીને આ તને કેમ ગોઠે મસાણમાં રખડવું? એમ કહે છે. જુગરાજજી! આહા..હા..! હિન્દુસ્તાનમાં પણ એવું કાંઈક હશે, રોવાનું હશે. અમારે ગુજરાતમાં એવું સાંભળીએ. બાયું રોવે. ... બીજી હશે, ભાષામાં ફેર હશે. આહા..હા..! ભાઈ! કોણ મરે? કોણ જન્મે? ક્યાંના પરિભ્રમણ અને ક્યાંનો ભગવાન? એની તને ખબર નથી. એ પરિભ્રમણ કરનારી પર્યાય તે વસ્તુમાં છે નહિ. આહા..હા..! એવો ભગવાન આત્મા અતીન્દ્રિય અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સમ્યગ્દર્શન,

ચારિત્રની શાંતિ એવા ભરપૂર સાગરનો દરિયો ભગવાન આત્મા એની દૃષ્ટિમાં મનુષ્યપણાનો જ્ઞાનીને સ્વીકાર નથી. એથી તેના સ્વભાવમાં મનુષ્યગતિ છે નહિ. ભાઈ! એમાંથી નીકળીને આમાં તને હોંશું આવી? એમ કહે છે. એક મનુષ્યપણું જરીક ક્ષણિક, ઉદયભાવ ક્ષણિક છે એટલામાં એનો સ્વીકાર. આખો ભગવાન ચિદાનંદ મૂર્તિ પ્રભુ પડ્યો છેને, એનો અસ્વીકાર એ જ મિથ્યાત્વ છે. આહા..હા..! વસ્તુ આખી. જેને શુદ્ધભાવ કીધો, શુદ્ધભાવમાં તો અનંતા ભાવો શુદ્ધ છે. એવું ભગવાન આત્મતત્ત્વ એના સ્વીકારમાં એ મનુષ્યપણાના ઉદયનો અને નિમિત્તના કર્મનો સ્વીકાર જ નથી. આહા..હા..!

'**દેવત્વસ્વરૂપ...**' અહીંથી જઈને દેવ થવું છે કેટલાકને. દેવ થઉં. કંઈક પુણ્ય કરીએને પછી દેવ થઈએ. અહીં શરીર રોગી ઈ કરતાં ત્યાં (રોગ રહિત મળે). દેવમાં ત્યાં હોળી છે રાગની, સાંભળને! દેવગતિની દિવ્યતાના ઉદયનો વિકાર એ વિકાર તે સંસાર છે. એનું નિમિત્ત કર્મ એ સંસારનું નિમિત્ત છે. એનો સ્વીકાર તે મિથ્યાદૃષ્ટિનો સ્વીકાર છે. આહા..હા..! ભગવાન દેવાધિદેવ આત્મા (છે). એ દેવ નહિ. એક સેકંડના અસંખ્યભાગમાં દેવાધિદેવ પરમાત્મા એવો દેવનું દિવ્ય સ્વરૂપ તારું પૂર્ણાનંદથી ભરેલું એનો જ્યાં સ્વીકાર (થયો ત્યાં) દેવનો સ્વીકાર નથી. દેવગતિનો ઉદય અને તેનું નિમિત્તનો જ્ઞાનીને સ્વીકાર છે જ નહિ. અહીંથી મરીને પછી દેવામાં જાશું, પછી ભગવાન પાસે જાશું અને પછી ભગવાન પાસે સમકિત પામશું એમ કેટલાક વાતો કરે. સમજાણું કાંઈ? પણ તારો ભગવાન અહીં બેઠો એની તો તને ખબર નથી. ન્યાં ભગવાન ક્યાં તારો (છે)? મહાવિદેહમાં ભગવાન બેઠો છે તારો? સમજાણું કાંઈ?

દેવપણું, ઉદયભાવ ગતિ વસ્તુમાં નથીને, ભગવાન! હોય તો ટળે શી રીતે? અને ન હોય તો એમાં આવે શી રીતે? સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવનો સાગર એનું એને માહાત્મ્ય જ આવ્યું નથી. બધું આમ જોયું છે, આમ આમ આમ પણ મોટો નાથ પડ્યો મહા પરમેશ્વરપદ જેમાં અનંતા સિદ્ધ ભગવાન જેના ગર્ભમાં પડ્યા છે. સમજાણું? એક રાજકુમાર પણ જ્યાં પેટમાં ત્યાં, ક્યારે જન્મશે? ક્યારે જન્મશે? કેટલી વાતું કરે. આ .. હોય એમાં વાંઝિયો હોય અને એમાં સાંઈઠ વર્ષે છોકરો થતો હોય તો જાણે... ઓહો..હો..! ઈ નરકમાં જવા માટે જન્મવાનો હોય પાછો. રાજા થાય ત્યાં પાપ અને અધર્મ ત્યાં (કરે). આ મહારાજા ભગવાન આત્મા, જેમાં અનંતા સિદ્ધપદ પડ્યા એના ગર્ભમાં, એના પેટમાં-આત્માના પેટમાં અનંતા પરમાત્મા પડ્યા છે. આહા..હા..! એવો ભગવાન આત્માનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર (થયો) ત્યાં દેવની ગતિનો સ્વીકાર નથી. માટે '**ચાર ગતિઓનું પરિભ્રમણ...**' આત્માને નથી. આહા..હા..! પુનમચંદજી! આ સમજવાની ચીજ છે હોં! બાકી બધું થાય છે, થાય છે. આ હો..હા.. પંચકલ્યાણક ને હો.. હા. ન્યાં સારું દેખાય.

શ્રોતા :— પ્રભાવના થાયને.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પ્રભાવના આત્મામાં થાતી હશે કે બહાર થાતી હશે? જુગરાજજી!

અંદર શુભવિકલ્પ આવે ઈ પ્રભાવના નથી. એટલે રાગમાં તારો (ઘાત) થાય છે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

ચૈતન્ય દેવાધિદેવ પરમેશ્વર પૂરો પડ્યો છેને પ્રભુ તું! એના આદરમાં દેવગતિના વિકલ્પનો અને શુભભાવના નિમિત્તના કર્મનો પણ આદર નથી. આહા..હા..! આમ થાશે પછી દેવલોકમાં જાશું. ધર્મીને એ હોય નહિ, સાંભળને! અમે જાશું અમારા ધામમાં. સમજાય છે? આહા..હા..! શ્રીમદ્દે ન ગાયું? ઓલું આવ્યું છે કે નહિ? 'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે, હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે, સ્વરૂપસાધન પૂરું કરી જાશું સ્વદેશ મંઝાર રે... હમ પરદેશી પંખી સાધુ'. અમે તો ચૈતન્યના પિંડ ઊડીને કેવળજ્ઞાન પામીને મોક્ષ જાશું. આહા..હા..! સમજાણું? ક્યાં જાય? ગતિ ક્યાં? ગતિના ભાવ ક્યાં? ભગવાન! તારા સ્વભાવમાં ગતિની ગંધ નથીને! ક્યાં તારે જાવું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા શુદ્ધભાવનું ધ્રુવતત્ત્વ જ્યાં એની દૃષ્ટિમાં અંતર નિશ્ચયનયે પડ્યું, કહે છે કે ભગવાન આત્મામાં ચાર ગતિ જ નથી, પરિભ્રમણ જ નથી. પરિભ્રમણના અભાવસ્વભાવરૂપ ભગવાન નજરમાં આવતા ચાર ગતિનું પરિભ્રમણ છે જ નહિ. આહા..હા..! (મિથ્યાદૃષ્ટિને) એમ થાય કે કેટલા ભવ આપણે રખડશું. ભગવાને કેટલા ભાળ્યા હશે? હવે સાંભળને. એકેય ભવ છે જ નહિ આત્મામાં. ...ભાઈ! આહા..હા..! ભાઈ! તારી કિંમત તને કરતા નથી આવડી. સમજાય છે કાંઈ? તારી કિંમત કરતા નથી આવડી અને જેની કિંમત નથી એને તું કિંમત આપી દે છો. આહા..હા..! શુભરાગ અને એના ફળ અને એનું નિમિત્ત જેની કાંઈ કિંમત નથી એને તું કિંમતે ચડાવી દીધો મોટો, આહા..હા..! અરે..! મરી ગયો પણ એમાં. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ફરમાવે છે કે હે આત્મા! તારી દૃષ્ટિએ જોતા તને તારામાં પરિભ્રમણ નથી હોં! સમજાણું કાંઈ? અમે તો જોઈએ છે પણ તું જો તો તને પરિભ્રમણ નથી, એમ કહે છે. ભગવાને આત્મામાં ચાર ગતિના પરિભ્રમણના ભાવનો અભાવ ભાળ્યો છે. એમ તું જો, તારે પરિભ્રમણ નથી.

શ્રોતા :— આવા ઉપદેશથી.... રાજકુમારો લલચાણા હશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— અરે..! રાજકુમારો ચાલી નીકળ્યા ચાલી નાગા થઈને. આહા..હા..! અમારે રામજીભાઈ કહેતા હતા એક ફેરી, રામજી રૂપશી, સાંભળતા એવું થઈ જાય છે કે જાણે ચાલી નીકળીએ! બધું છોડી દઈએ! ઈ પહેલા સાધુ થવાના હતાને પહેલા. એવું થઈ જાય જાણે આહા..હા..! આ એક જ જાણે કરવા જેવું છે. ઈ જ છે. સમજાણું કાંઈ?

આમ ચક્રવર્તીના રાજકુમારો મણિરતનના પુતળા જેવા. ઓલું ૧૦૮ નથી આવતું? રવિકુમાર, શું કહેવાય? રવિકીર્તિ અને ૧૦૮ આમ રમતા હતા. રતનની ગેડીયું, હોં! રતનની પૂતળી જેવા એના શરીર અને વિદ્યામાં પારંગત. ૧૮ વર્ષની ઉંમર. વિદ્યા પારંગત. એક એક બોંત્તેર

કળામાં હુશિયાર. બોંત્તેર કળામાં. એક એકમાં વિચક્ષણતા એટલી. કળાબાજ! આમ રમતા હતા, સાંભળ્યું કે જયકુમારે દીક્ષા લીધી. છન્નુ કરોડ પાયદળનો નાયક જયકુમાર એનો સેનાધિપતિ, સેનાધિપતિ. એની રાણી સુલોચના. સુલોચનાને? સુલોચના? સમજાણું? નામ-બામ બરાબર લક્ષમાં ન હોય, અહીં ભાવ લક્ષમાં રહે વધારે. એ આમ બેય, પૂર્વભવમાં એક હતાને, જાતિસ્મરણ થયા બેયને અને પછી આમ.. આહા..હા..! આમ ભગવાન પાસે સાંભળે છેને. છન્નુ કરોડ પાયદળ અને છન્નુ કરોડ પાયદળનો સાહેબો. જેને ભરત ચક્રવર્તીએ મેઘેશ્વર, મેઘ એનો ઈશ્વર એમ, દેવ આહા..હા..! નગ્ન થઈ જંગલમાં ચાલ્યા ગયા. વનમાં ચાલ્યા ગયા. અરે..! અમારું આવું સ્વરૂપ! આવા નિધાનને ખોલવા અમે નવરા ન થયા કોઈ દિ' અને આ પ્રવૃત્તિ, આ પ્રવૃત્તિ? છે તો ભાનવાળા પણ ઓલી રાજની પ્રવૃત્તિ હતીને જરી. છોડ, ભગવાન આત્મામાં કાંઈ ન મળે. નિરાળા નાથ, એ નિરાળો નાથ, રાગથી નિરાળો નાથ એને અમે જોયા નહિ, જાણ્યા નહિ અને આ પરિભ્રમણ આ શું? સમજાણું કાંઈ?

અહીં કહેશે આગળ હોં! નિર્ગ્રંથ ને બધી ઉપમા આપશેને, ભાઈ! એ તો નિર્ગ્રંથ છે, નિરાળો નાથ નિર્ગ્રંથ છે આત્મા. આહા..હા..! ભાઈ! ત્યાં રાગ ને વિકલ્પની ગંધ કેવી વસ્તુમાં. સંસાર કેવા? સંસારનો ઉદયભાવ એક સમયનો, અંદર ત્રિકાળ ચૈતન્યના તત્ત્વના જેમાં પ્રવેશ નથી. સમજાય છે? મહા પત્થરની શિલામાં જેમ આંગળી ન ગરે, સમજાય છે? આ પત્થરના લોઢા ન ગરે એમાં આંગળી કેમ ગરે? એમ ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવધાતુ ભગવાન ચિદાનંદ પ્રભુ એમાં સંસારની ગતિનો વિકલ્પ પ્રવેશ કેમ કરે? સમજાણું કાંઈ? ચીમનભાઈ! મંત્રીપદ છોડીને ચાલ્યો ગયો ઓલો. મંત્રી છે કે નહિ બેના? બેના છે, એકના નહિ. સોનગઢના અને મુંબઈના. કોનો કોણ મંત્રી? અહીં તો કહે છે કે આત્મામાં કાંઈ છે જ નહિ. આહા..હા..! અને એ હોય તો નીકળી કેમ જાય? અને હોય તે રહે. એટલે હોય તે તો પરમાત્મા પોતે શુદ્ધ છે એ રહે એમને એમ. સમજાય છે કાંઈ? આહા..હા..!

સમ્યગ્દર્શનનો વિષય એવો જે ભગવાન આત્મા, ચાર ગતિનું ભ્રમણ એને છે જ નહિ. પરિભ્રમણનો સ્વીકાર તે સમ્યગ્દષ્ટિ નહિ, એને જીવ શુદ્ધભાવની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી. કોને? જીવને. છેને માથે? જીવને આ નથી. **'દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને...'** ચાર ગતિનું પરિભ્રમણ નથી. ત્યારે કહે, જડને હશે? સાંભળને હવે. એ વિકલ્પ જે મિથ્યાભ્રમ સંસાર, 'રાગ હું, પુણ્ય હું, આ હું, આ હું' એ મિથ્યાભાવ અચેતનભાવ ચૈતન્યની જાગ્રતિને રોકનારો અચેતન એ સંસાર છે. ચૈતન્યમૂર્તિ ભગવાનમાં સંસાર નથી. સમજાણું કાંઈ? આ ભારે આવું. આવો આત્મા સાંભળ્યો પણ નહિ હોય કોઈ દિ', નહિ? ફાવાભાઈ! સાંભળ્યો હતો ન્યાં? ન્યાં દુકાને બેસે ને આમથી આમ થઈને રખડ્યા રખડ કરે. આત્મા આવો! બે પાંચ હજાર, દસ હજાર પેદા થાય ત્યાં મજા કેટલી આવે. આહા..! પાંચ દસ લાખ ભેગા થાય. એઈ..!

મલૂકચંદજી! અરે..! ભગવાન! તારા મહિમા આગળ શેના મહિમા? ભાઈ! જ્યાં ચક્રવર્તીના રતન જેવા પુત્ર દેખાય ત્યાં ભંગ્યાના કાળાકુબડા જેવાની કિંમત શું હોય ત્યાં? ભગવાન આત્મા ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ નારાયણસ્વરૂપ ભગવાન આત્મા એક સમયનો પ્રભુ, કહે છે કે એને ચાર ગતિનું પરિભ્રમણ નથી. એમાં દૃષ્ટિ કરનારને પરિભ્રમણ નથી એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ?

'**नित्य-शुद्ध चिदानंदरूप...**' હવે જરી એનો ખુલાસો કરે છે. જીવની વ્યાખ્યા કરી. પહેલા ઓલી સાધારણ વ્યાખ્યા કરી અને હવે પછી એમાં '**जाइजरामरण**' સ્થાપવું છેને. ભગવાન આત્મા નિત્ય નિત્ય નિત્યનાથ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ જેને કાળ ન મળે. જેને કાળ તે કીંકર થયો. જન્મ-મરણના કાળ તો.. અહીં છેને, જુઓને, આ જાતિ એટલે જન્મ છે હોં! જાતિ એટલે જન્મ, જરા, મરણ એમ છે ત્યાં. છેને અંદર? જાતિનો અર્થ જન્મ છે. જરા, મરણ. 'જેનો કાળ તે કિંકર થઈ રહ્યો' કાળ કિંકર ... ત્રિકાળ ચૈતન્ય ભગવાનનું જ્યાં ભાન (થયું ત્યાં) કાળ કેવા? કાળ કોણ આવે જન્મ લેવા માટે? ચાલો અહીં જન્મ લેવા છે. ક્યાં જન્મ લે? સમજાણું કાંઈ?

શ્રોતા :— કર્મના પ્રકાર જ જુદાં છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સાંભળ્યો નહોતો ત્યાં મુંડાવ્યું હતું અત્યાર સુધી બધું. આ ઓલામાં ને આ ને આ... ચોપડ્યું કરી ગપ્પા મારે એવી. આહા..હા..! ભાઈ! તારા ચૈતન્યના તેજના ઓપીત પ્રભુ તત્ત્વમાં.. એ કેવું છે તત્ત્વ?

નિત્ય શુદ્ધ છે એ તો. ભગવાન અંદર નિત્ય શુદ્ધ છે, અચળ શુદ્ધ છે. એવો નિત્ય શુદ્ધ પ્રભુ ભગવાન એક સમયની વિકૃતિની જ્યારથી જન્મ-મરણની પર્યાયનું લક્ષ છોડી દે, વસ્તુનું સ્વરૂપ જે છે એ નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ છે. જુઓ, બેય નાખ્યું. જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે. જ્ઞાનનું રૂપ અને આનંદનું રૂપ. ભાઈ! જેનો જ્ઞાનસ્વભાવ એને શું હદ કહેવી? જેનો આનંદભાવ એને શું મર્યાદા દેવી? એવો ભગવાન નિત્ય શુદ્ધ ચિદાનંદસ્વરૂપ ધ્રુવ, ધ્રુવ '**कारणपरमात्मस्वरूप जीवने...**' જુઓ, એવો જે કારણપરમાત્મસ્વરૂપ જીવ કે જેનો આશ્રય કરવાથી કાર્યપરમાત્મા એટલે સિદ્ધપદ પ્રાપ્ત થાય. સમજાણું? ટીકાકારને નાખ્યું પાછું કે આ ગતિ નથી, ગતિ નથી શું કરવા પણ આ? શું છે આ? શું કહેવા માંગે છે? એવો શુદ્ધ ભગવાન આત્મા કારણપ્રભુ છે ઈ, કારણપ્રભુ છે. એ પોતાની કેવળજ્ઞાન આદિ કાર્યદશાનું કારણ એ આત્મા ભગવાન છે. કેવળજ્ઞાન સિદ્ધપદનું કારણ પરમાત્મા પોતે કારણપરમાત્મા છે. એના કાર્યને માટે સંઘયણ ને મનુષ્યદેહ ને... અહીં જાતીની ના પાડવી છેને. જન્મ-ફન્મનું, મનુષ્યનો જન્મ હોય તો કેવળજ્ઞાન થાય. ના, ના; એ કારણપરમાત્મા હોય તો કેવળજ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**कारणपरमात्मस्वरूप जीवने...**' જુઓ, ભગવાન આત્મા નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ નિત્ય

શુદ્ધ ચિદાનંદરૂપ કારણપ્રભુ કારણપરમાત્મરૂપ સ્વરૂપ એવો જીવ એને જીવ કીધો. એટલે ઓલો શુદ્ધભાવ માથે વર્ણવ્યો છેને. આવા સ્વરૂપ જીવ એમ. એને '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મને ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ...**' છે. પુણ્ય-પાપના વિકલ્પની પરિણતિને ગ્રહણ કરે કે.. સમજાય છે? કે જડને ગ્રહણ કરવામાં નિમિત્ત થાય એવી વિભાવપરિણતિ વિકારની દશાનો જ વસ્તુમાં અભાવ છે. આહા..હા..! જાણે આ કોની વાત હશે? સિદ્ધ ભગવાનની હશે? અહીં તો તારી વાત છે, સાંભળને!

ભગવાન કારણપ્રભુ જે નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ એવો જીવ, એમ. એ ભાવ, એવો જીવ. એવી જીવશક્તિનું સત્ત્વ તેને જડકર્મ અને વિકારી પરિણામને ગ્રહણને યોગ્ય, વિભાવપરિણતિ વિકારની અવસ્થા, અવસ્થા ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં આ અવસ્થાનો અભાવ હોવાથી એવા ભગવાન આત્માને જન્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ આત્મ ભગવાન આત્માની દૃષ્ટિ કરવાથી એને જન્મ છે નહિ. એને જરા નથી. ઘડપણ, ઘડપણ. ભાઈ! ઘડપણ થયું, હવે હાથમાં લાકડી (લેવી પડે). સમજાણું? કોઈ છુટા હાથાની લાકડી અને કોઈ આડા હાથાની આમ ટેકાવાળી હોય છેને લાકડી લઈને ચાલે. વૃદ્ધાવસ્થા થઈ, બાપા! ભગવાન કારણસ્વરૂપ પરમાત્મા પોતાનું આ સ્વરૂપ છે, વૃદ્ધાવસ્થાનો એમાં ત્રિકાળ અભાવ છે. વૃદ્ધાવસ્થા એમાં નથી. સમજાણું કાંઈ? મારો માનીને બેઠો, જ્યાં વૃદ્ધાવસ્થા થઈ તો મને વૃદ્ધાવસ્થા થઈ. આ તે તારી મૂર્ખાઈનો કેટલો પાર. કહો, સમજાણું આમાં? તેં મૂર્ખાઈ ઉભી કરી અને પછી કહે કે મને કોઈ દુઃખ આપે છે હોં! મને કર્મ હેરાન કરે છે હોં! હેરાન હેરાન ગતિનો ભાવ તો તેં ઊભો કર્યો મિથ્યાભ્રમણા.

ભગવાન આત્મા.. કીધુંને? નિત્ય શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્મા જીવ એના સ્વીકાર અભાવ તો હેરાનપણાની ઉત્પત્તિ તો હેવાન થઈને તેં કરી છે. સમજાણું કાંઈ? પછી કહે, અમને દુઃખ બહુ હોં! ઈ આવશે હોં, રોગ હજી આવશે. છે એક શબ્દ અંદર. આહા..હા..! ભાઈ! ઘડપણમાં ભારે આકરું પડે. આ શરીર જીર્ણ હોય, બેસાય નહિ. ઓઠિકણ વિના બેસે નહિ, ભીંતની ઓથ જોવે, આમ થાય, મોઢામાંથી લાળ પડે. સમજ્યાને? નાકમાંથી લીટ પડે, આંખમાં ચીપડા વળે, કાને સંભળાય નહિ. પણ કોને છે? શું કહે છો તું? આત્માને છે ઈ? શેની માંડી તેં આ? ઈ તો પંડિતજીને આવડે, આપણને એવું ક્યાં આવડે છે. એની ભાષાની એવી શૈલી. અહીં છે એમ કહે છે જુઓને. આહા..હા..!

જરા નથી જેને એવો ભગવાન આત્મા. જરા, જન્મ નથી જેને એવો ભગવાન આત્મા. એને આત્મા કહીએ કે જેને જન્મ નથી, જેને જરા નથી. જન્મ અને જરાવાળો માનવો એ તારી ભ્રમણા છે. એ ભ્રમણા ભવની તેં ઊભી કરી છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— ભગવાન થઈને હેરાન થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— હાથે કરીને હેરાન થયો. હાથે કરીને હેવાન થઈને હેરાન થયો.

આહા..હા..! હાથમાં હીરો ભાન ન મળે. દાખલો આવે છેને? અનુભવપ્રકાશમાં નહિ? એક માણસ ગયો હતો ત્યાં. બહુ રત્નો, ઢગલા રતનના હોં ઢગલા. લાખ લાખ રૂપિયાનું રતન, કરોડ કરોડનું રતન, કરોડ અબજોના એવા અબજો રતન. પણ એને કાંઈ ખબર નહિ. પણ એક વળી કંદોરામાં એક રતન રહી ગયેલું. કંદોરો હોય છેને એમાં એક રતન રહી ગયું. ન્હાવા ગયો ન્હાવા. આમ જ્યાં ન્હાવા ગયો ત્યાં પાણી લીલુંછમ. લીલું લીલું થાય. એક ઝવેરી ઊભેલો. આ શું? આની પાસે કાંઈક રતન લાગે છે. પાણી આમ લીલું (થઈ ગયું). ઓલાને બોલાવ્યો. ભાઈ! આ રતન આપશો? અહીંયા નહિ પણ રાજદરબારમાં સાક્ષીએ આપ. જો મારી પાસે કરોડો સોનામહોર રહે એક એકમાં એવી કરોડો વખાર છે. કરોડ વખાર આપું તને, આ રતન આપ તું. શું કહો છો? ... હું એકલો અહીં. રાજમાં જઈએ, ચાલો રાજા પાસે. રાજા પાસે જઈને (કહે છે), આ મણિની કિંમત મારે એક એક કરોડ સોનામહોરની વખાર છે એમાં કરોડો સોનામહોર પડી છે. એવી એવી કરોડો વખાર આને આપું, આ જો આપે તો. અર..ર..ર..! હાય.. હાય..! ન્યાં આવા તો કરોડો પડ્યા હતા. આ શું? ન્યાં તો આવા કરોડો પડ્યા હતા. આટલી કિંમત? મને તો કાંઈ ભાન જ ન મળે. હાય.. હાય..! મૂર્ખાઈ કરી આ તો. એઈ..! આ એવી મૂર્ખાઈ કરી છે એણે.

જેના એક સમ્યગ્દર્શનના એક કણમાં શાંતિ અને આનંદ આવે, જન્મ-મરણનો અભાવ એવા અનંતા રત્નો જેને... રતન કહે છેને ભાઈ ત્રણને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરત્ન કહે છે. પર્યાયને રતન કહે છે તો એના ગુણના રતનના ઢગલા જેનામાં પડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો આ સમ્યગ્દર્શન રતન શું મળે? કેવળજ્ઞાન. આહા..હા..! અરે..! આવા આવા કેવળજ્ઞાનના સમ્યગ્દર્શનના રત્નો તો અંદર અનંત પડ્યા છે. આહા..હા..! એવો હું ભગવાન આત્મા ભૂલ્યો. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણપ્રભુ આબાળગોપાળમાં રહેલો ભગવાન ભિન્ન ભિન્ન હોં! એક નહિ પાછું બધું. દરેકનો ભગવાન ભિન્ન આખું તત્ત્વ પડ્યું છે. એને જન્મ નથી. જાતિનો અર્થ જન્મ. એ જન્મતો નથી કોઈ દિ' જન્મ્યો નથી. આહા..હા..! વસ્તુમાં જન્મ કેવો? એને જરા નથી, એને મરણ નથી. કોણ મરે? સૂરજ મરતો હશે કોઈ દિ'? સૂરજ મર્યાના કોણે સ્નાન કાઢ્યા? એ મરી જાય છે સાંજે, પાછો ઊગે સવારે એમ હશે? એ તો દૃષ્ટિની આડમાં દેખાતો નથી. વસ્તુ મરે? સૂર્ય ક્યાં મરે? સૂર્ય-ચંદ્ર મરતા હશે કોઈ દિ'? એવું લખ્યું છે ઓલામાં હોં, સમ્યક્જ્ઞાન દીપિકામાં. સૂર્ય-ચંદ્ર મરે તો? બે જણા વાતું કરતા હતા. સૂર્ય-ચંદ્ર મરે તો શું કરો? પણ તારા તો છેને. તારા મરે તો શું કરો? દિવા-બત્તી છેને. હવે શું કરો? પછી શું કરે? સાંભળને હવે. આ ઉઘાડ ક્ષયોપશમભાવ ચૈતન્ય બળે છે ઝળહળ જ્યોતિ. કોણ મરે આમાં? દાખલો આપ્યો છે સમ્યગ્જ્ઞાન દીપિકામાં. સમજાણું કાંઈ? આહા..હા..! અને કેવળજ્ઞાન ન હોય, મનઃપર્યયજ્ઞાન ન હોય, મતિ-શ્રુતજ્ઞાનનો દીવો

ઝળહળ બળે છે. ઈ જોવે છે આત્માને, ક્યાં આમાં મરવું કે દિ' હતું? કોના સ્નાન કાઢવા? સમજાણું કાંઈ?

કહે છે કે એને મરણ નથી. પ્રભુ ભગવાન આત્મા હોં! એને મરણ-બરણ કેવા? ચિદાનંદસ્વરૂપ નિત્ય જ્યોતિ જળહળ જ્યોતિએ ભગવાન બિરાજે છે. એવા ધ્રુવતત્ત્વને મરણ શા અને જન્મ શા? એવી દષ્ટિ થઈ એને મરણ-બરણ છે જ નહિ. કહો, સમજાણું?

હવે રોગ આવ્યો રોગ. કહે છે કે રોગ મારો (એમ) સ્વીકાર કર્યો એ મૂઢ મિથ્યાદષ્ટિ પરિભ્રમણનું કારણ છે. એ જડના અવસ્થાને થતો રોગ 'એ મને રોગ છે' મૂઢ જીવ ચાર ગતિમાં રખડનારા ભાવને સેવે છે, એમ કહે છે.

શ્રોતા :— (રોગ છે કોને?)

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોઈને નથી, કોને રોગ હોય? રોગ કોને હોય? ન હોય જીવને, ન હોય શરીરને. રોગ કોને કહેવો? રોગ એટલે શું? શરીરની એ અવસ્થા એનો સ્વભાવનો કાળ એ છે. કોને રોગ કહેવો? આ ન હોય પરમાણુની એવી દશા એ કાળે? આ પરમાણુને આવી દશા ન હોય એમ કહેવું છે એને? એ પરમાણુનો એ સમયનો એ જ એનો સ્વકાળનો પર્યાય એવો છે. રોગ કોને કહેવો? એમ આત્માને ક્યાંથી કહેવો? હજી તો અહીં નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોહનભાઈ! ક્યાં પણ ચાબખો લાગે છે. અહીં કહે છે, બખતર પહેરીને જાયને એને વાગે નહિ કાંઈ.

શ્રોતા :— નિરોગીને પૂછવામાં શું ખબર પડે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— નિરોગી કોને કહેવો? નિરોગી કોને કહેવો? અને રોગી કોને કહેવો? લાવો વ્યાખ્યા. શરીરની તે પર્યાયનો તે કાળ તેને જગત પહેલી રોગની અવસ્થા અપેક્ષાએ નિરોગ કહે છે. નિરોગની અપેક્ષાએ ઓલાને રોગ (કહે છે). પણ એ તો પરમાણુની પર્યાય છે. પરમાણુનો પર્યાયનો એ કાળ છે એમાં આ રોગ અને નિરોગ લાવ્યો ક્યાંથી?

શ્રોતા :— એને નથી સ્ચતો એને રોગ નામ કીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ તો નથી ગોઠતો એને રોગ કીધો. અને ગોઠે એને નિરોગ કહ્યું. ન્યાં ક્યાં એમાં હતો રોગ? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે હું રોગી! મૂઢ છો. મારી નાખ્યો તેં આત્માને. જીવતી જ્યોત નિત્ય શુદ્ધ આનંદ કારણપરમાત્મા એ માથે લીધું છેને. એવા જીવને રોગ? મરી ગયો, આત્માને મારી નાખ્યો. આખો ભગવાન જીવતી જ્યોત પડી છે અંદર ચૈતન્યધાતુ એને રોગ કેવા? સમજાણું કાંઈ? રણે ચડ્યો રજપૂત છૂપે નહિ. છૂપે? ચંચળ નારીનો નેણ છૂપે નહિ, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા. છૂપે? એમ કહે છે કે ભગવાન એવો છૂપ્યો રહે આવો? કે એને રોગ થાય? અરે.. હાલ.. હાલ! ચૈતન્યનાથ ત્રિલોકનો નાથ પરમાત્મા પોતે પોતાનું સ્વરૂપ રાખીને પડ્યો છે, એને રોગ? જા રોગમાં! ચાર ગતિમાં જા રખડવા. સમજાણું કાંઈ? જીવને

રોગ છે નહિ. જીવને રોગ નથી. શરીરને નથી એનો પ્રશ્ન પણ નથી. જીવને રોગ નથી. ભાઈ! અમે રોગી થઈ ગયા! ટાંગા હાલે નહિ, બાપા! એ તો રોગ આવે એને ખબર પડે, એમ કહેને? એ રોગના કાળ, બાપા! જાય નહિ. એક રાત થઈ પડે મોટી. એ દુઃખના ટાણા, એકલા નિસાસા નાખતા પડ્યા હોય ખાટલામાં. આમથી આમ આળોટે. કોઈ સામું જોનાર ન હોય, સૂતા હોય બધા. બધા સૂવે છે તો શું? તારી જેમ શું બધા જાગે ભેગા? આમ જ (સમય) ગાળ્યો છે મૂરખે! મલુપચંદભાઈ! પછી એના વાંક કાઢે. આ બધાય સુખે સૂતા છે. તો શું તારી સાથે ભેગા જાગે? દરરોજ રાતે થાય રોગ એને.

કહે છે કે ભગવાન આત્માને રોગ નથી. સમજાણું કાંઈ? એ આત્માને રોગ છે જ નહિ. કલ્પનાથી માન્યું એ ભ્રમણા અને મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. સમ્યગ્દૃષ્ટિના જીવમાં... જીવમાં તો નથી તેથી સમ્યગ્દૃષ્ટિને પણ રોગ છે નહિ. એક જ્ઞાનનું જ્ઞેય છે. એને ભાન ક્યાં છે! શ્લોક આવશે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૩, શુક્રવાર, તા. ૮-૦૪-૧૯૬૬, ગાથા-૪૨, પ્રવચન નં. ૪૫

આ નિયમસાર મોક્ષશાસ્ત્ર છે, મોક્ષમાર્ગનું શાસ્ત્ર (છે). મોક્ષમાર્ગ ક્યાંથી પ્રગટ થાય છે? એવો શુદ્ધભાવ શું છે એનું આ વર્ણન છે. આત્માના શુદ્ધભાવમાંથી પ્રગટ થાય છે. શુદ્ધભાવ ત્રિકાળ કારણપરમાત્મા મહા ચૈતન્યરત્ન ધ્રુવ પોતાનું મહાનિધાન પૂર્ણ શુદ્ધ આનંદકંદ એકલો અવિનાશી આનંદરસ એવું જે આત્મતત્ત્વ એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આશ્રયે એમાંથી એને આધારે પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? એ કહ્યું માથે જુઓને,

'નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને...' વાત ઈ છે કે એણે પોતાનું ચૈતન્ય મહાનિધાન રત્ન દૃષ્ટિમાં, વિશ્વાસમાં અનંતકાળમાં લીધું નથી. સમજાય છે કાંઈ? પોતાનું મહાનિધાન અનંત અવિનાશી ચૈતન્યરસ હીરો એણે વિશ્વાસમાં અંતર પ્રતીતમાં અનંતકાળમાં લીધું નથી. હમુકનું એને ખોઈ અને ક્ષણ ક્ષણમાં 'રાગી છું, દ્વેષી છું, પુણ્યવાળો, પાપવાળો, શરીરવાળો, આ સત્તાવાળો, આ સત્તાવાળો' એવું માનીને પોતાના સ્વરૂપના નિધાનને લુંટાવી અને પર (પાસે) માંગવામાં ભિખારી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? જ્યાંથી મળે છે ઈ ચૈતન્યરત્ન કોણ છે એની એને ખબર નથી. જ્યાં નથી મળતું ત્યાં એણે ઝાંવા નાખ્યા છે. ઝાંવા આવ્યાને? આપણી ગુજરાતી કાઠિયાવાડી ભાષા. ઝાંવા સમજો છો?

પોતાનું એક સમયમાં પરમેશ્વરપદ એવુંને એવું પડ્યું છે. ડાબલીમાં જેમ રત્ન પડ્યું હોય એ પડ ઉઘાડે તો એવુંને એવું પડ્યું છે. એમ રાગ અને પુણ્ય ને આ મારા, એવી માન્યતાના

પડમાં ચૈતન્યરત્ન તો એવુંને એવું પડ્યું છે. ઈ પડને ખોલે તો છે એવું છે. મુખ્ય આ પહેલું એનું કર્તવ્ય છે એ ઉપર એનું લક્ષ અનાદિથી નથી. આ કર્યું ને આ મૂક્યું ને આ ક્રિયા ને દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને આ ને તે... એમને એમ ક્ષણિક કૃત્રિમ જે રાગદશા અને કાં સંયોગી સત્તા એમાં પોતાપણે માની અને પોતાનું આખું ચૈતન્યનિધાન પોતે લુંટાવી દીધું છે. સમજાણું કાંઈ? એ માટે અહીંયા વાત કરે છે.

ભાઈ! તારું તો નિત્ય શુદ્ધ ચિદાનંદ કારણપરમાત્મસ્વરૂપ એ જીવ છું હું તો. આહા..! સમજાણું? જરીક કંઈક અનુકૂળતા શરીરના એક રજકણની હોય ત્યાં તો કહે કે મને કાંઈક મળ્યું. જરીક પ્રતિકૂળતા આવે ત્યાં મને ગયું. હેરાન હેરાન મૂઢ થઈને પરમાત્માને સંતાડી રાખીને પામરતાને પોતે મહત્તા આપી છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ એના બંધન કે એના ફળ એ બધી પામરતા છે, એ કંઈ વસ્તુનું સ્વરૂપ નથી. પોપટભાઈ! આમ જ્યાં જરીક શરીર ઠીક (હોય), કાં વાણી, કાં કર્મ સારા બંધાય કાં ભાવ ઠીક થાય શુભ કે આ થયું કે આ થયું... આહા..હા..! મહાન ચૈતન્યસત્તાનો રત્ન હીરો એણે પોતાની શ્રદ્ધા પરમાં રાખી અને સ્વને લુંટાવી દીધું છે. કહો, બરાબર છે? જુગરાજજી! આહા..હા..! તો કહે છે, ભગવાન! તું તો એવો છોને કે જ્યાં તારી નજર પડે ત્યાં નિધાન આખું ચૈતન્ય પડ્યું છે. એમને એમ પડ્યું છે. 'આ રાગ હું, આ શરીર હું, આ યોનિ હું, આ કુળ હું, આ નિરોગતા હું, આ પૈસા હું.' એની માન્યતાની આડમાં ભગવાન આખો ભૂલી ગયો પોતાને પોતે. કેમ જ્ઞાનચંદજી! આહા..હા..!

કહે છે, તું તો નિત્ય શુદ્ધ ચિદાનંદ છોને, પ્રભુ! અસલ સ્વભાવે કાયમી અસલી મીંજ તારું, અસલી મીંજ તારું ચિદાનંદ શુદ્ધ છોને. એ તો શુદ્ધ અને જ્ઞાનાનંદનું મીંજ છે ચૈતન્ય. એને પ્રકાર જેટલા વર્ણવે છે એનાથી વિવેક કર કે એ મારા નહિ. તો એ વિવેકરૂપી વૃક્ષના ફળ અનંતઆનંદનું ફળ આવે એવો એ વિવેક છે. એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ...**' કારણપરમાત્મા પોતાનો સ્વભાવ જ અનંતઆનંદ ને અનંતશુદ્ધ ને બેહદ સ્વચ્છતા, આખું પરમેશ્વરરૂપ જ પોતે આત્મા છે. ભગવાન પર્યાયમાં પરમેશ્વર થયા, આ વસ્તુએ પરમેશ્વર છે. ગુપ્ત અને પ્રગટનો જ આંતરો દેખાય છે. બાકી કાંઈ ફેર નથી. આહા..! સમજાણું કાંઈ? એ ગુપ્ત ચૈતન્ય ભગવાન આવો છે. છે લીટી ત્રીજી? '**નિત્ય-શુદ્ધ...**' કાયમી પવિત્ર, કાયમી પવિત્ર. ચિદાનંદ. એ પવિત્ર શું? કે જ્ઞાન અને આનંદ તારું રૂપ છે. જ્ઞાન અને સુખસાગર તારો સ્વભાવ છે, સુખસાગર તારો સ્વભાવ છે. એવો કારણપરમાત્મા એટલે કે આખું વસ્તુનું સ્વરૂપ જેમાંથી કાર્ય કેવળજ્ઞાનના ફળ પાકે આવો જે સ્વભાવ એને આ બધા ભેદથી વિવેક કરવો (કે) 'આ નહિ, આ નહિ અને આ.' એવું જે ભેદજ્ઞાન, એવું જે વિવેકનું વૃક્ષ એના ફળમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદના ફળ પાકે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ અને મોક્ષ, બે કહેવું છેને. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— સાંભળી જ નથી એણે. 'શ્રુત, પરિચિત, અનુભૂતા' કરવું, કાંઈક રાગ કરવો ને આ કરવું એવું જ એણે સાંભળ્યું છે, એમ કહ્યું છે શાસ્ત્રમાં. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' કામભોગ શબ્દે વિષય એકલા એમ નહિ. પોતાનો શુદ્ધ આનંદઘન નિત્ય ધ્રુવ આનંદસ્વભાવ એનો વિષય છોડીને જેટલા પરવિષયના શબ્દો, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પરવિષયની વાણીનું કરવું, આ કરવું, આ રાગ કરવો, આ પુણ્ય કરવું, આ પાપ કરવા કે આ ભોગવવું એ પુણ્ય-પાપના વિકલ્પને કરવા અને ભોગવવા એ વાત એણે અનંતકાળથી સાંભળી છે. સમજાણું કાંઈ? એ એના પરિચયમાં આવી ગઈ છે, એ એના અનુભવમાં-વેદવામાં પણ, ઝેરના વેદનના એમાં એ વાત એને આવી ગઈ છે. પણ ભગવાન આત્મા '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. પરમાત્મા અખંડાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિએ આખી દોલત દેખાય એવો પરમાત્મા હું જ પોતે છું—એવી દૃષ્ટિ એણે પરથી ભિન્નની કોઈ દિ' કરી નથી. દૃષ્ટિના ભૂલે ભગવાન સંતાણો છે. સમજાય છે કાંઈ? આહા..! હવે ઈ કિંમત ન થાય. આ કર્યું ને આ કરવું ને આ કરવું.. શું કરે પણ ઈ? એ તો જ્ઞાન, દર્શન અને આનંદનો સ્વભાવ છે એ કરે શું? સમજાય છે કાંઈ? શું શુભ અશુભભાવને કરે? વિકારને કરે? એ સ્વભાવમાં છે નહિ. શરીરનું કરે? દેશનું કરે? કોનું કરે ઈ? ઉપદેશનું કરે? કરે શું ઈ? આહા..હા..!

તારી સત્તામાં જે સત્તા નામ હોવાપણામાં તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ હોવાપણામાં છે. એની ઉપર સાવધાન કરીને દૃષ્ટિ કર ને જ્ઞાન કર અને ઠર એ તારું કરવાનું છે. એ કર્તવ્ય છે. એ તો પહેલા આવી ગયું છેને? '**णियमेण य जं कज्जं**' સમજાય છે? તારી સત્તા હોવાપણા સિવાયના પુણ્ય-પાપ, શરીર, વાણી, મન એમાં તારું હોવાપણું જેમાં નથી એનું તું શી રીતે કરી શકીશ? સમજાણું કાંઈ? તારા હોવાપણામાં પુણ્ય-પાપનો ભાવ પણ નથી, કર્મ નથી, શરીર નથી, પરદ્રવ્ય રજકણ નથી. આ પરપદાર્થ તારા ચૈતન્યના મહાનિધાનમાં કાંઈ છે નહિ. હવે નથી તેને તું શું કરીશ? બનાવીશ મારા? અનંતકાળથી પરમાણુને પોતાપણે માને છે, પણ એક પરમાણુ એનો થયો કોઈ દિ'? 'શરીર મારું, રજકણ મારા, આ મારા' પણ કે દિ' થયું તારું? કહે. અનંતકાળથી પુણ્ય અને પાપના વિકલ્પ છે એ મારા માને છે, થયા છે એના કોઈ દિ'? તન્મય થઈ ગયા છે ગુણમાં? જ્ઞાન, દર્શન, ચૈતન્યતત્ત્વમાં એ રાગ-દ્વેષ એકમેક થઈ ગયા છે? સમજાણું કાંઈ? એ તો ચૈતન્યરસ અનાકુળ આનંદનો અવિનાશી સાગર આત્મા છે. એ આત્માને દ્રવ્યકર્મ અને ભાવકર્મ છે નહિ. આહા..હા..! નથી તેને માને છે એ પોતાની સંપદાને લુંટાવે છે એમ કહે છે. આહા..હા..!

એ નથી તેથી '**વિભાવપરિણતિનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મામાં વિભાવ નામ વિકારી પરિણતિ, પર્યાયનો અભાવ છે. અહીં કીધુંને, દ્રવ્યકર્મ અને ભાવકર્મના ગ્રહણયોગ્ય,

નિમિત્ત ગ્રહવાયોગ્ય એવી વિભાવપરિણતિ, વિકારી દશા, જેનાથી ભાવકર્મ થાય અને દ્રવ્યકર્મમાં નિમિત્ત થાય એવી વિભાવ વિકારી પરિણતિનો પ્રભુ તારામાં અભાવ છે. તારો ભાવ આ છે, માથે કીધો ઈ. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ. આવો વીતરાગમાર્ગ એવો વીંખી નાખ્યો છેને. પરમ વીતરાગ પરમેશ્વરનો માર્ગ લોકોએ એવી રીતે અન્ય માર્ગને વીતરાગમાર્ગ બનાવી દીધો છે. એ.. મોહનભાઈ! આહા..હા..!

ત્રણલોકનો નાથ આત્મા પરમાત્મા નિર્વાણનાથ એમ કરીને બોલાવ્યો છે એને, અનુભવપ્રકાશમાં. નિર્વાણનાથ. આહા..હા..! આગળ આવશે. મોક્ષસ્વરૂપ પૂર્ણાનંદ એવો આત્મા નિર્વાણ મોક્ષનો નાથ, વર્તમાન મોક્ષસ્વરૂપનો નાથ છે. પર્યાયમાં પ્રગટ થાય એ જુદી વાત છે. આહા..હા..! ભગવાન! તારા હીરા ચૈતન્યની શું કિંમત કરવી! સર્વજ્ઞ પણ તેની કિંમતની વાત પૂરી વાણીમાં કહી શક્યા નથી. એવા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ એવો પ્રભુ એમાં વિભાવ, વિકારપર્યાયનો અભાવ છે. વિકારી પર્યાયની સત્તા હોવાપણું પર્યાયમાં છે અંશમાં, સ્વભાવમાં હયાતી નથી, હયાતી નથી તેથી તેને જન્મ નથી. ભગવાન આત્મા જન્મતો જ નથી. આહા..હા..! જન્મ એ રાગની પરિણતિ અને તેનું કર્મગ્રહણ અને એનું નિમિત્ત, એટલો પર્યાયભાવ ચૈતન્યસત્તામાં નથી. પર્યાયમાં છે, સત્તામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને લઈને આત્માને જન્મ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિ જ્યાં ચૈતન્યના મહાસ્વભાવ ઉપર પડી એવો ભગવાન ચૈતન્ય મહારત્ન એમાં વિકારની પર્યાયનો અભાવ તો વિકારથી ગ્રહાય કર્મ, એ વિકારની પરિણતિથી ગ્રહાય શું? દ્રવ્યકર્મ ભાવકર્મ ગ્રહણને યોગ્ય. ભાવકર્મને ગ્રહણને યોગ્ય પાછું. એઈ..! ભાષા જુઓને. ભાવકર્મ વસ્તુમાં ક્યાં છે? ઊભો કરે છે એટલે ગ્રહવાને યોગ્ય (કહ્યું). વિકાર પરિણતિનો જ એમાં અભાવ છે. આહા..હા..! શું કહે છે સમજાય છે કાંઈ? એ ભગવાન આત્મા વસ્તુમાં વિકારી પુણ્ય-પાપના ભાવને પકડવો એવી વિકારી પરિણતિનો જ ચૈતન્યમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપની લાગણીઓ એને પકડવી, એને પકડવી કે આ મારી, એવું ચૈતન્યસત્તામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો આત્મા એની અંતર્મુખમાં દૃષ્ટિમાં આવે ત્યારે આ બધું હોવાપણું અંતરમાં નથી એમ ભાસે ત્યારે તેને પર છે એનું જ્ઞાન રહે. મારા સત્તામાં એ છે નહિ. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..! એણે સત્યદર્શન કર્યું અને સત્યજ્ઞાન કર્યું. કેમકે પરમસત્‌માં એ નથી અને અંશમાં છે ઈ આમાં નથી એવી દૃષ્ટિ કરી ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પછી ઠરવું એમાં વળી પછી. એ પણ આમાં નથી એમ જ્ઞાન, દર્શન કર્યું એટલો ઠર્યો પણ સાથે છે. આહા..હા..! ભારે વાત પણ, ભાઈ! આવી વાત લોકોને (સાંભળવા મળી નથી)! એ.. છગનભાઈ! નવા માણસને આ સમજાય કે નહિ? કો'ક દિ' આવે સાંભળવા. હવે આ શું? કહે લ્યો.

ભાઈ! આ તો પરમસત્ય પરમેશ્વરે ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ સમવસરણની અંદર ધર્મસભામાં સો ઈન્દ્રની ઉપસ્થિતિ, આખા લોકના લાડા અર્ધ દેવલોકના સ્વામી, દક્ષિણના શક્રેન્દ્ર, ઉત્તરના ઈશાનેન્દ્ર એવા એવા સો ઈન્દ્ર એની ઉપસ્થિતિમાં ભગવાનની ધ્વનિ વીતરાગની આમ આવી હતી. ભાઈ! તું ચૈતન્ય શુદ્ધ રત્ન છોને, પ્રભુ! તારી પ્રભુતામાં એ વિકાર, વિકલ્પ અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પકડવું એવો ભાવ તારા સ્વભાવમાં છે નહિ. આહા..હા..! આ મુદ્દાની રકમની વાત નહિ અને ઉપરથી પાંદડા તોડવાની વાતું. આ કર્યા પોષા ને આ કરી સામાયિક. શેના સામાયિક ને પોષા? તારે આવ્યા ક્યાંથી? હજી સમ્યગ્દર્શનમાં ચૈતન્યરત્ન પરથી નિરાળો આવો જેમાં ઠરવાથી શાંતિ થાય એટલે ચારિત્ર થાય, એ ચીજની દૃષ્ટિ કરી નથી, દૃષ્ટિમાં દોલતને જોઈ નથી. દોલત જોવે તો ત્યાં ખોદવાનું મન થાય. ખોદવાનું સમજ્યાને? કાઢવું.

એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં વિકારી અવસ્થા હયાતી છે હોં પર્યાયમાં, વિકારની ઉદયભાવની હયાતી છે. વસ્તુના સ્વભાવમાં તેને ગ્રહવાની, વસ્તુના સ્વભાવમાં યોગ્યતા જ નથી. એવું શુદ્ધ ચૈતન્યરત્ન એને અંતર દૃષ્ટિમાં લેવું અને 'આ મારામાં નથી' એમ વિવેક કરવો એનું નામ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાય છે. આહા..હા..! લુંટી લીધા કહે છે. એક તો કુગુરુએ લુંટ્યા. પોતે લુંટાણો છે અને એમાં એને એવા મળ્યા કે તારે આમ થાશે હોં, આનાથી આમ થાશે. એ.. જુગરાજજી! આહા..હા..! તારે આમ થાશે. પાંચ લાખ ખર્ચને, કલ્યાણ થઈ જશે. મંદિર કરને, કલ્યાણ થઈ જશે. દયા, દાન કરને, કલ્યાણ થઈ જશે. મારી નાખ્યા. ગળા પકડીને નરકમાં લઈ ગયા ભેગા, ચાલ. અમે જઈએ છીએ તું પણ ચાલ ત્યાં. સમજાણું કાંઈ? સમ્યક્ ચૈતન્યરત્નની જ્યાં દૃષ્ટિ નથી અને જ્યાં વિકારે ધર્મ મનાવ્યો છે એ મિથ્યાદૃષ્ટિના ફળ જ પરંપરાએ નિગોદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને સમ્યગ્દર્શનના ફળ પરંપરાએ કેવળજ્ઞાન છે. આહા..હા..! આમ અંતર પોતાની જ જેને કિંમત ન પડે, હવે ઈ કિંમત ન પડે ઈ નમાલો કો'કને જ આપે. આહા..હા..!

જન્મ નથી, જરા નથી. ભગવાન આત્મા ચૈતન્યહીરો એમાં વૃદ્ધાવસ્થા કેવી? વૃદ્ધાવસ્થા તો શરીરની છે, પણ 'વૃદ્ધાવસ્થાને હું ગ્રહું' એવી યોગ્યતા પણ એનામાં નથી. આહા..હા..! વૃદ્ધાવસ્થા મને, મને એવી યોગ્યતા જ એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા ચૈતન્યરત્ન શુદ્ધ ભગવાન પરમાત્મા પોતે તે દૃષ્ટિમાં લેતા એનામાં આ જરા અને મરણ છે નહિ. મરણ નથી. ભાવકર્મને પકડવાની યોગ્યતા ગ્રહણને યોગ્ય જે આ છે એનો અભાવ છે, મરણ નથી એને, આ એને રોગ નથી. કહો, જેચંદભાઈ! ત્યાં મૌન થઈ ગયા. એઈ..! ન્યાં પકડાઈ ગયા છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આમ આત્મા જોયો એવો તું આત્મા એણે પણ જોયો તને. એણે તને જોયો કે તું તો શુદ્ધ આનંદકંદ

આત્મા છો, એ તું આત્મા. એવા આત્મામાં તું જો. ભગવાને જોયો એવો તું જો કે એ આત્મામાં રોગ નથી. આહા..હા..! રાડેરાડ પાડે છેને. સમજાણું કાંઈ? એ તો ધૂળની દશામાં રોગ. આ ધૂળ જ એમાં નથી તો રોગ ક્યાંથી આવ્યો આત્મામાં? સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. આજ તો થોડું સ્પષ્ટ વધારે કર્યું.

હવે એમાં શોક નથી. સમજાણું? આહા..હા..! દુઃખ શોક થાય. છોકરો મરી જાય, લક્ષ્મી જાય, એમાં સગવડતા હોય અને જાય, અગવડતા પહેલેથી હોય એને વાંધો નહિ, પણ સગવડતા હોય અને જાય. મૂર્ખ છે કે નહિ? સગવડતા હતી કે દિ' તારે? એ.. મૂળચંદભાઈ! ભાઈ! તમે વાતું કરો પણ એ આવે ઈ સમાય પણ જાય ઈ સમાય નહિ. એવી વાતું કરે વાણિયા. ચીમનભાઈ! ધૂળમાંય અનુભવ નથી, સાંભળને! એ.. બાપુ! અગવડતા આવી હોય એને ખબર પડે. અગવડતા પણ સ્વરૂપમાં જ નથી, આવે ક્યાંથી? કોણે કીધું તને ઈ? સ્વરૂપમાં અગવડતા અડતી નથી. સ્વરૂપ ભગવાન આત્માને અગવડતા સ્પર્શતી નથી. ક્યાંથી આવી તને અગવડતા? આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— ભ્રમણા છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— માન્યું છે. છે શું? ક્યાં હતું? ભ્રમણાથી માન્યું છે કે 'હું રોગી અને હું આ' એમ. એ તો જડમાં છે, તારે શું છે? તારામાં છે ઈ?

શ્રોતા :— ભ્રમણા રાખવી કે કાઢી નાખવી?

પૂજ્ય ગુરુદેવશ્રી :— તો શું કરવા વાત ચાલે છે આ? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! પોતાનો રાજા મૂકીને બધી વાતું. પોતે પરમાત્મા એની દૃષ્ટિ છોડી, એના માહાત્મ્ય છોડી, એની કિંમત મૂકી, 'આ રોગ મને, આ નિરોગ મને, હું સધન છું ને હું નિર્ધન છું, હું વકીલ છું ને હું પંડિત છું ને હું મૂર્ખ છું ને હું વેપારી છું.' મૂઢ છો. એક્કેય નથી, સાંભળને!

શ્રોતા :— મૂંઢ તો છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— સ્વરૂપમાં જ નથી. મૂઢે માન્યું છે. 'મૂઢ છું' એમ માન્યું છે. એવી ગ્રહણ કરવાની શક્તિ અંદરમાં નથી. અદ્ધરને અદ્ધર લટકાવ્યું છે. આહા..હા..! કેમ, જ્ઞાનચંદજી! બેંકના મેનેજર કહેવાય, આ આમ કહેવાય, ઢીકણું કહેવાય, લ્યો. બે-બે હજારના પગાર લ્યો. ક્યાં ગયા? કોઠારી આવ્યા છે કે નહિ? નથી આવ્યા? ખુશાલભાઈ! નથી આવ્યા લાગતા. સમજાણું કાંઈ? અરે.. અરે..! મારી નાખ્યા પણ કચડી નાખ્યા એણે. દસ હજારનો જ્યાં પગાર ને વીસ હજારનો પગાર મહિને.

શ્રોતા :— કોણે કચડ્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી :— એણે (પોતે)! એણે પોતાને સ્વરૂપના ભાનમાં નથી, 'આ મારા, મને થયું' મારીને કચડી નાખ્યો એણે. ચૈતન્ય પરમેશ્વરને રગદોડી દીધો એમાં. શું કીધું શબ્દ?

રગદોળ્યો ભાષા, ઈ કાઠિયાવાડી ભાષા છેને. એઈ..! ભગવાનને રગદોળ્યો વિકારમાં. મહા ઊંચા મેસુબ ચાર શેર ઘીના પાયેલા, આમ જાળીવાળા હોય ઈ છોકરો હંગ્યો હોય એને અડાડીને ખાય આમ. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસ એની દૃષ્ટિ છોડી અને આ વિકલ્પ ને રાગ ને શોક મારા એ વિષ્ટાને અડે છે એમ કહે છે અહીં. એ વિષ્ટામાં આત્માને રગદોળી નાખ્યો. આહા..હા..! વાત સાંભળવી કઠણ પડે માણસને.

ભગવાન! તું તો ભગવાન છો. અહીં તો પરમેશ્વર બોલાવે છે. સમજાય છે? પરમેશ્વર બોલાવે છે. મારી પાસે આવ, શીખવું હોય તો. તું ભગવાન છો. ભગવાન એમ શીખવે છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સો ઈન્દ્રના પૂજનીક પ્રભુ કહે છે, બાળગોપાળ શરીર, સ્ત્રી, કુટુંબ ... શરીરના જો. અંદર ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને વિકારની લાગણી અને શોક-બોક છે નહિ. એ શોક મને, એમ કરીને ચૈતન્યના રત્નને તું વિષ્ટામાં ન રગદોળ. આહા..હા..! એના આત્માના માહાત્મ્યના ગાણા એણે સાંભળ્યા નથી. આ તે કોણ છે? સમજાણું કાંઈ? એક રાજા મોટો આવ્યો હોય અને એને કિંમત કરતા ન આવડે તો શું લ્યો? સમજાણું? આવો આવો દરબાર.

ઓલા ભાવસિંહજી ગયા હતાને એક ઠેકાણે? દીપડા આમ રાખતાને. (કોઈને ત્યાં) રોટલો ને દહીં આપ્યું. ઈ જાણે કે સાધારણ માણસ છે. 'મારે કાંઈક ખાવું છે' એને ખબર નહિ કે આ દરબાર છે. કારણ કે લુગડાં એવા પહેરેલા. ઈ કહે, રોટલો અને દહીં (છે). 'ભાઈ! તમે કોઈ વખતે મારા ગામમાં આવજો.' 'હું ભાવનગરનો દરબાર છું.' 'એમ! અરે..! તમે બોલ્યા નહિ પહેલા, તમને અમે જેમ તેમ બેસાડ્યા' રોટલો અને દહીં. બિચારા ગરીબ માણસને ત્યાં મળેને. દહીં ગોરડું હોય ભર્યું જંગલમાં શિકારમાં જતા. મારા ગામમાં આવજો. બહુ ખુશી થયાને. આવ્યા હતા ગામમાં, પછી એણે આદર આપ્યો હતો. પણ પહેલા તો ઓળખ્યા નહિ કે આ ભાવનગર દરબાર છે.

એમ આ ભાવગનર દરબાર, ચૈતન્ય ભાવનો નગર છે આત્મા ભગવાન એને ઓળખ્યા વિના એ પુણ્ય ને પાપ ને શોકમાં રગદોળી નાખ્યો. આ હું, આ હું, આ હું, આ હું. મારી નાખ્યા ચૈતન્યના જીવનને શ્રદ્ધાના વિશ્વાસના ઊંધામાં. સમજાણું કાંઈ? દૃષ્ટિએ મોક્ષ ને દૃષ્ટિએ નિગોદ, બે વાત છે. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મામાં શોક નથી, પ્રભુ! શોક ક્યાંથી આવ્યો? જેના ચૈતન્ય રતન ઝબકતા, જ્ઞાન ને દર્શન ને આનંદથી તેજ મારતા રતન જેના કિરણો છેને. સમજાય છે કાંઈ? ત્યાં કોલસાનો કણ ક્યાંથી આવ્યો. ભગવાન! આમ રતન એક સાધારણ હોય હજાર પાસાનું, આમ કાંતિ મારતું એમાંથી કોલસાનો કણ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા અનંતગુણના પાસાએ શોભતો, ઓપતો પ્રભુ છે. અનંતગુણના પાસાથી શોભતો. એવા આત્માને શોક (ક્યાંથી હોય)? સમજાણું? કોલસાનો કણ આવ્યો ક્યાંથી એમાં?

આહા..હા..! પોપટભાઈ! 'અમે તો ભાઈ દુઃખી, ક્યાંય નાખી નજરું પોગતી નથી.' વળી એમ પાછું કરે. છ મહિનાથી હેરાન થઈએ છીએ. છ મહિના, કો'ક વળી ચાર વર્ષથી, કેટલા વર્ષ થયા? સાડા ત્રણ વર્ષ. એક બાયડી સાડા ત્રણ વર્ષથી આમ ઊંધે પડી હતી. બહુ રોગ પીડા. અરે..! મહારાજ! ગયા હતા પોરબંદરની વાત, ૧૯૮૭ની વાત છે. સીધું સુવાય જ નહિ. આમ પીડા.. પીડા.. પીડા. પેટમાં કાંઈક હશે. બહુ તો સાડા ત્રણ વર્ષથી દુઃખી. 'હાય.. હાય..! અમે પીડાઈએ છીએ, મરી જઈએ છીએ.' અહીં ભગવાન કહે છે, પીડા તો તારા સ્વરૂપમાં ગંધમાંય નથી. ક્યાંથી લાવ્યો પણ આ તું? હીરામાં કોલસા ન હોય. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટાના પૂરમાં પડેલું તત્ત્વ, કહે છે કે એને શોક-બોક છે નહિ. પર્યાયમાં શોક છે છતાં વસ્તુમાં નથી એમ અસ્તિ-નાસ્તિ કરવી છે.

'ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી...' ચોર્યાશી લાખ ઉત્પન્ન સ્થાન. ચોર્યાશી લાખ યોનિ કહે છેને? ઉત્પત્તિસ્થાન, જીવના ઉત્પત્તિ સ્થાનો ચોર્યાશી લાખ પ્રકારના છે અને એમાં ઊપજેલા શરીરના આકૃતિના કુળો. **'એકસો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે.'** જેમકે છાણ છેને છાણ, એમાં જીવડા ઊપજેને, જીવડા. છાણ છેને છાણ સમજો છો? ગોબર ગોબર. હવે થોડો થોડો અભ્યાસ તમે અહીંયા આવીને (કરો). છાણ એટલે ગોબર આમ તરત તૈયાર થવું જોઈએ. છાણ છેને? એ છાણને ઉત્પત્તિ સ્થાન કહેવામાં આવે અને એમાંને એમાં ઉત્પત્તિ સ્થાનના ઘણા ભંગ હોય. એક સેકંડ પછી એના વર્ણ, ગંધ, રસ ફરી જાય. એક સેકંડ પછી ફરી જાય, સેકંડ પછી ફરી જાય. એ જેટલા ઉત્પત્તિના સ્થાનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે છે એટલા યોનિસ્થાન કહેવામાં આવે છે. અને એમાં જે પોરા, જીવાત, ઈયળ ઊપજે ભિન્ન-ભિન્ન જાતના આકારવાળા એને કુળ કહેવામાં આવે છે. એ બધા યોનિ અને કુળ ભગવાન આત્મામાં છે નહિ. આહા..હા..! ચોર્યાશી લાખની યોનિ? ના, ભગવાન આત્મામાં ક્યાં છે? ભાઈ! ચોર્યાશી લાખમાં જન્મ્યોને? એઈ..! સાંભળને, એ તો એક સમયની પર્યાયની યોગ્યતાથી એની બધી વાત છે. વસ્તુના સ્વરૂપમાં યાનિમાં ઉત્પન્નસ્થાન એ આત્મામાં છે નહિ. આહા..હા..! એ તો કેવળજ્ઞાનની ઉત્પત્તિનું સ્થાન છે. ભગવાન તો કેવળજ્ઞાન અને સિદ્ધપદની પવિત્રતાની પર્યાયની ઉત્પત્તિસ્થાન છે. એ કુળ, યોનિના ઉત્પત્તિસ્થાન ભગવાન આત્મામાં નથી. આહા..હા..!

જીવોના કુળ, કુળ સમજ્યાને? કુળ એટલે આ નહિ હોં! બાપ-દાદાના એ વાત નથી. કુળ એટલે જે પાણી આદિ ગંધાયેલું હોય એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે એ ફરતા જાય તેમ-તેમ એની ઊપજવાની યોનિ ફરતી જાય એવા એવા દુનિયામાં ચોર્યાશી લાખ યોનિના સ્થાન ભગવાને જોયા છે. એમાં જે જીવાત ઊપજે ભિન્ન-ભિન્ન આકારવાળા પોરા, જીવાત, ગો એવી આકૃતિના ઊપજે એને કુળ કહેવામાં આવે છે. એ કુળની જાત એક સો સાડી સત્તાણુ લાખ કરોડ છે. જુઓ,

'પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ કરોડ કુળ છે :' પૃથ્વી છેને પૃથ્વી? એ એકેન્દ્રિય જીવ છે. છે ખરા એમ સિદ્ધ કરે છે હોં પાછું. પર્યાયમાં પૃથ્વીકાયના જીવ એ ઊપજવાની યોગ્યતા એની પર્યાયમાં છે, વસ્તુના સ્વભાવમાં નથી. જુઓ, આ વાત પાછી સર્વજ્ઞ ભગવાને જોયેલું તે વાત કહેતા જાય છે. લોકો અન્યમતિ વાતો કરે કે ચોર્યાશી લાખ (યોનિ). પણ ચોર્યાશી લાખ શું? એની એને ખબર નથી. અહીં તો કહે છે કે પૃથ્વીના જીવ થાય છેને? એક કણમાં પૃથ્વી, આ સફેદ મીઠું હોય, સંચળ હોય સચેત એક કણમાં અસંખ્ય જીવ છે. એ અસંખ્ય જીવમાં એના જીવના શરીરના આકારે ઊપજે એને કુળ કહેવામાં આવે છે. એવા બાવીશ લાખ કરોડ કુળ છે પૃથ્વીના.

'અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે :' પાણી છેને બિંદુ એક બિંદુ એમાં જીવ ઊપજવાના એને સાત લાખ કરોડ કુળ છે. એના જીવની યોગ્યતા. એમ **'તેજકાયિક જીવોનાં ત્રણ લાખ કરોડ કુળ છે :'** કરોડ ત્યાં કરોડ લેવું બધું. ક્રોડ કર્યું છેને ત્યાં કરોડ લેવું કરોડ. લાખ અને કરોડ. અગ્નિના એટલા ત્રણ લાખ (કરોડ). અગ્નિના જીવ છેને, ત્રણ લાખ કરોડ ઊપજવાના સ્થાન છે. વસ્તુ દ્રવ્ય ચૈતન્યરત્નમાં એ છે નહિ. આહા..હા..! પર્યાયના અંશમાં છે, વસ્તુદૃષ્ટિમાં નથી. ચૈતન્ય શુદ્ધભાવ ભગવાન શુદ્ધભાવ એમાં એ ઉત્પત્તિસ્થાન છે જ નહિ. ક્યાં ઊપજે? સમજાણું?

'વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે :' આ વાયુ છેને? જીવ છે બધા. એટલા ઊપજવાના (સ્થાન છે). **'વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીશ લાખ કરોડ કુળ છે;...'** વનસ્પતિ છેને આ? સમજાણું? **'દ્વીદ્રિંય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે :'** બે ઈન્દ્રિય છેને? ઈયળ. એના ઊપજવાના (સ્થાન). છાણ, સડેલાં દૂધ, દહીં સડેલાં હોયને એમાં ઊપજે. એના પ્રકાર છે. ઓલા જીવ ઊપજે એના કુળ. **'ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; પંચેન્દ્રિય જીવોને વિષે જળચર જીવોનાં સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર...'** ખેચર પંખી **'બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળાં...'** ગાય, ભેંસ **'જીવોનાં દસ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; નારકોનાં પચીશ લાખ કરોડ કુળ છે;...'** નારકી છે અસંખ્ય, પણ એના કુળની જાતના શરીરના આકારના આટલા પ્રકાર છે. **'મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે અને દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધાં થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે.'** એ આત્મામાં નથી. આરે.. આરે..! ભારે! સમજાણું કાંઈ? આહા..! હવે યોનિ.

'પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે;...' પૃથ્વીના જીવો જે સ્થાનમાં ઊપજે એના રંગ, ગંધ, રસ, સ્પર્શની યોગ્યતાનું સરખું હોય એને એક યોનિ (કહે). ફેરફાર હોય એને બીજી યોનિ, એવા એવા પૃથ્વીના સાત લાખ યોનિ એટલે ઊપજવાના સ્થાનો

છે. એ ભગવાન આત્મામાં નથી. આહા..! કહો, સમજાણું આમાં? આ કુળની વાત નથી હોં! આ પારેખને કુળે જન્મ્યો કે દોશીના કુળે જન્મ્યો કે ઢીકણાના કુળે (જન્મ્યો). એ કુળ તો છે જ નહિ. એ તો મફતની કલ્પના આપી છે કે આ ફલાણા કુળનો છે ને દોશીનો છે.

'અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે;...' પાણીના જીવો છેને, એ ઊપજવાના સ્થાન સાત લાખ. એમ **'તેજકાયિક જીવોનાં સાત લાખ...'** યોનિ એટલે ઊપજવાના સ્થાન. એમ **'વાયુકાયિક જીવોનાં સાત લાખ... નિત્ય નિગોદી જીવનાં સાત લાખ...'** ઊપજવાના સ્થાન છે. નિત્યનિગોદ જે કોઈ દિ' નીકળ્યા નથી એને એમાં ઊપજવાના સાત લાખ યોનિસ્થાન ઊપજવાના છે. **'ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઈતર) નિગોદી જીવોનાં...'** નિત્ય સિવાયના એના સાત લાખ છે. **'વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે;...'** વનસ્પતિ પ્રત્યેક. આ પીપળો, લીંબડો. **'દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે;...'** ઊપજવાના. ઈયળ ઊપજવાના. **'ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; દેવોનાં ચાર લાખ યોનિમુખ છે; નારકોનાં ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે.'** એ ચોર્યાશી લાખ યોનિમુખ છે. જીવ વસ્તુ ચિદાનંદ ભગવાનમાં એ કાંઈ છે નહિ. એક સમયની પર્યાયમાં એટલી યોગ્યતા (છે) તે જીવે કોઈ દિ' ગ્રહી નથી. પર્યાયમાં એટલું છે. જીવે કોઈ દિ' અંદર દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કર્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા કુળ અને યોનિસ્થાનો ભગવાન આત્મા નિત્ય-શુદ્ધ ચિદાનંદ પ્રભુ એમાં નથી. એવો જે શુદ્ધભાવ તે અંતરમાં દૃષ્ટિમાં લેવા યોગ્ય છે કે જેથી તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય, જેથી તેના ફળમાં તેને મુક્તિ થાય. સમજાણું કાંઈ?

ચૌદ જીવના સ્થાન છે. સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત છેને. સૂક્ષ્મ જીવ છે લોકમાં, આખા લોકમાં ભગવાને સૂક્ષ્મ (જીવ) જોયા છે. એ સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત છે અને કોઈ અપર્યાપ્ત છે. પૂરી પર્યાપ્તિ ન બંધાણી હોય. એ જાણવાની વાત છે. **'સ્થૂલ એકેન્દ્રિય પર્યાપ્ત...'** આ બહાર સ્થૂળ છે, પૃથ્વી આદિ દેખાય ઈ. **'દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિયા પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત—એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.'** જીવના એવા પ્રકાર છે તે જીવ ચૈતન્યધાતુમાં નથી. એવા બધા પ્રકારો પર્યાયના અંશમાં યોગ્યતા છે, પણ વસ્તુ દ્રવ્યસ્વભાવ ચિદાનંદમૂર્તિ આનંદકંદમાં એ છે નહિ. આહા..હા..! જીવના સ્થાન જીવમાં નથી. ઈ જીવના કીધા એ પર્યાયનયે, વ્યવહારનયે. સમજાણું કાંઈ? વ્યવહારનયે પર્યાયમાં છે. એક એક સમયની અવસ્થા બસ એટલી હોં, એટલી વાત. વસ્તુમાં ત્રિકાળમાં નથી. જેમાં નથી એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. છે એની દૃષ્ટિ તો અનાદિની છે એ તો, પર્યાયબુદ્ધિ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત, જૈનદર્શનમાં વીતરાગમાં આવો

માર્ગ હોય? ચોવિહાર કરવો ઈ હોય, કંદમૂળ ન ખાવા, આ ન ખાવા એવી વાતું આવે. એ.. ચંદુભાઈ! ભગવાન! સાંભળ તો ખરો, બાપુ! એ ખાય કોણ ને પીવે કોણ? અહીં તો ભગવાન વીતરાગમાર્ગમાં એક તત્ત્વની પર્યાય બીજો તત્ત્વ કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— વ્યવહારે કરે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— વ્યવહારે એટલે એ તો બોલવાલાયક છે. કરે કોણ વ્યવહારે? સમજાણું?

એ ચૌદ જીવનાં સ્થાન જીવમાં નથી. લે! પ્રકાર પડ્યાને, ભેદો પડ્યાને. બે ઈન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય. એક સમયની અવસ્થાની લાયકાતમાં ભલે હો, વસ્તુસ્વભાવમાં એનો સ્પર્શ નથી. એક સમયનો ભગવાન માથે કહ્યો હતોને? નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપ કારણપ્રભુ ભગવાન આત્મા સિદ્ધપદના પર્યાયનું કારણ, સિદ્ધપદની પર્યાયનું કારણ આત્મા એ આવાનું કારણ હોઈ શકતો નથી. એમ કહે છે, જુઓ, કારણ થઈ શકતો નથી કહે છે. ઓહો..હો..! સમજાણું? સંજ્ઞી અને અસંજ્ઞી. સંજ્ઞી છીએ અમે. સંજ્ઞી છીએ માટે અમારે કેવળજ્ઞાન થવાની લાયકાત છે. સંજ્ઞીને લઈને નથી. સંજ્ઞીપણું એ જીવના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! આત્મા છે માટે કેવળજ્ઞાન થાય છે. સંજ્ઞીપણું માટે થાય છે, મન છે માટે થાય છે (એમ નથી). સમજાણું કાંઈ? આહા..હા..! કળી કળી ખોલીને મૂકી દીધી છે.

ભાઈ! તું ભગવાન છો, બાપુ! તારા ભગવાન મહિમાવંત પદાર્થમાં આવા ચૌદ જીવનાં પ્રકાર પડેને સમયના એ વસ્તુમાં ક્યાં છે. એ તો પર્યાયમાં-અવસ્થામાં ઊભા કરેલા ભાવો છે, નહોતામાંથી ઊભા કર્યા. આહા..હા..! સંજ્ઞી તો થયા છીએને, માટે આપણને સંજ્ઞીપણું મોક્ષમાં કારણ થાય, ધર્મ પામવાનું કારણ થાય—ના, ધર્મ પામવાનું કારણ આ પોતે આત્મા થાય. આવા ભેદો ધર્મના કારણમાં થાય નહિ એમ કહે છે.

શ્રોતા :— બીજે ઠેકાણે આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બીજે ઠેકાણે વ્યવહારથી કહે નહિ? નિમિત્તથી કહે. આવું ત્યાં હતું ત્યાં આગળ એનાથી બુદ્ધિ ખસેડીને સ્વભાવમાં આવ્યો છે. એ વખતે બુદ્ધિ ક્યાંથી ખસેડી એ બતાવવા વાત કરે. આહા..હા..! આ તો કટોકટીના ખેલ હોયને જ્યારે, માણસને દેણા હોય ને એવા હોય, કટોકટીના ખેલમાં ઝેર પીવના મન થઈ જાય માણસને. અરે..! આબરૂ કેમ રહે? આબરૂ કેમ રહે? ઝાંવા નાખે બિચારા હોં! એમ અહીં કહે છે, બાપુ! આવું ચૈતન્યરત્ન, એમાં કટોકટીના ખેલમાં તું આવું માનીશ, ઝેર પીવાના પ્યાલા પીધા તેં! છૂટવાના માર્ગના રસ્તા એ નહિ. હું તો ચૈતન્યરત્ન છું. સમજાય છે? આહા..હા..! આ તો જરીક કાંઈક થાય, હું આવો થઈ ગયો, હું આવો થઈ ગયો. એની મૂઢતા પણ બેમાપની.

કીધું છેને, ભાઈ અનુભવપ્રકાશમાં? જો અવિદ્યા એકલી હોત તો તો અવિદ્યાનું જોર

ન ચાલત. ભાઈ! એમ કીધું છે. અવિદ્યા એટલે કર્મ આદિ હોં! એકલી કર્મ આદિ ચીજ હોય તો એનું જોર એટલું નહિ કે અવિદ્યા છૂટીને આત્મા (ન મળે). પણ આ તો તું પોતે શુદ્ધમાંય મોટો અને અશુદ્ધમાંય મોટો. અવળાઈમાં પણ મોટો અને સવળાઈમાં પણ તું મોટો છો. એકલું આવરણ હોતને તો એની એટલી શક્તિ નહોતી કે આત્માને ઢાંકી દે નિમિત્ત થઈને. પણ તારામાં અશુદ્ધ શક્તિ પણ મોટી. પર્યાયમાં ઊંધો પડ્યો એટલું માન. જેમાં નથી તેને તું માન. આહા..હા..! સમજાણું કાંઈ? જેના સત્તામાં-હોવાપણાં રાગ નહિ, વિકલ્પ નહિ, યોનિ નહિ, અવતાર નહિ, કુળ નહિ, પર્યાપ્ત નહિ, અપર્યાપ્ત નહિ, નથી તેને માન એ તારી ભ્રમણા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવાલાયક છે. કીધું, જાણવાલાયક છે કે છે.. છે.. છે. જાણવાલાયક તો જ્ઞાનનો વિષય છે સ્વપર જાણે એટલે જાણવાનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ?

ક્ષણમાં તોડીને કેવળ લ્યે. કેવળ એ તો! કેવળજ્ઞાનનો કંદ છે. ન્યાં ક્યાં એને કાળ માંગે છે ઈ. અંદર નજર કટાક્ષ કર્યા, ફડાક જ્યાં આમ કર્યું, જળહળ જ્યોતિ ચૈતન્ય કેવળજ્ઞાન! કઠિયારાનો કેવળી એક સમયમાં! કહો, સમજાણું કાંઈ? પણ એને ભરોસો આવતો નથી કે હું આવડો છું ઈ ક્યાં? નજર નાખીએ ત્યાં મોટો છે એની ખબર નથી. એવી શ્રદ્ધા કરવાની દરકાર પણ કરતો નથી. આ કર્યું ને આ મૂક્યું ને લીધું ને દીધું. ક્રિયાકાંડમાં સલવાણો ધર્મને નામે. નવરો ન થયો તો પાપમાં સલવાણો. રળવું ને ભોગ ને ખાવું ને પીવું ને એમાં (રોકાણો). નવરો થયો તો આમાં (ક્રિયાકાંડમાં) સલવાણો પાછો. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. જે કરવું કરવું સ્વરૂપમાં નથી રાગનું અને એ જ ચાલ્યું કરવું કરવું. સમજાણું કાંઈ?

શ્રોતા :— એ સલવાણો એ નહોતો સલવાવા માગતો...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ નહોતો સલવાવા માગતો નહિ, પણ સલવાણો છે હાથે કરીને, હોંશે કરીને સલવાણો છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! અનુભવપ્રકાશમાં દાખલો આપ્યો છે. એક મોટો પથરો હતો પુરુષાકારે. ન્યાં જઈને કહે, અહીં તું કેમ છો? ... અંધારુ હતું. આમ અડવા ગયો તો પડ્યો. ભાઈસાહેબ! હું હાર્યો, ઉઠ. પણ ક્યાં ઉઠે? ઈ તો પથરો છે. સવાર પડી ત્યાં, આ તો પથરો હતો. આવીને આવી મૂર્ખાઈ કરી છે અનંતકાળથી. જડ સાથે લડાઈ કરી. ભાઈસાહેબ! એ શરીર તું હેરાન કરે છો, રોગ તું હેરાન કરે છો, નિર્ધન તું હેરાન કરે છો. પણ આ તો જડ છે. જડ હેરાન કરે નહિ અને એ સુખી પણ કરે નહિ. ક્યાંથી માંડી તેં આ? પછી જ્યાં ખબર પડી કે હું તો ચૈતન્ય છું. આ તો બધા જડ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

હવે ચૌદ માર્ગણા નથી ભગવાનને એમ કહે છે. જોયું? છેને છેલ્લે? આ બધા ભગવાન પરમાત્મા... ઈ ગોમ્મટસારમાં વ્યવહારનયથી વાત કરી છે. વ્યવહારનયથી જીવમાં ગતિ ને

... છેને? જુઓ, '**ગતિ,...**' એ ચાર ગતિ આપણે આવી ગઈ. નારકત્વ ને આવ્યું હતુંને આમાંથી? પહેલા જ આવી ગયું. ચાર ગતિના પર્યાયની યોગ્યતા દ્રવ્યસ્વરૂપમાં નથી. એ પર્યાયદષ્ટિ છોડીને વસ્તુદષ્ટિ કરવા જેવી છે એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. ગતિમાં ચાર ગતિ જ નથી જીવમાં. આહા..હા..! ગતિ હોય તો છૂટે ક્યાંથી? એ પર્યાયમાં ઊભો કરેલો વિકલ્પ વસ્તુમાં નથી. એ ગતિ આત્માને મોક્ષનું કારણ નથી. મનુષ્યગતિ મોક્ષનું કારણ નથી. આરે.. આરે..! મનુષ્યભવ મળ્યો હોય તો... ના, ના. એ કારણપ્રભુ ભગવાન છે ઈ મોક્ષનું કારણ છે. મનુષ્યગતિ છે નહિ. આહા..હા..!

'**ઈન્દ્રિય,...**' પણ ઈ કોડી કોડીનો ભિખારી. જ્યાં ત્યાં આ હોય તો ઠીક, આ હોય તો ઠીક. મનુષ્યગતિ હોયને તો અમને ધર્મ થાય. ભિખારી છે. જ્યાં ચૈતન્યચક્રવર્તી પડ્યો છે ઈ કાંઈ માંગતો નથી આ. એને એની જરૂર નથી. એવા ચક્રવર્તી ચૈતન્યના ભાન વિના, આ ગતિ હોય તો ઠીક પડે, આવું હોય તો ઠીક પડે, પર્યાપ્તિ હોય તો ઠીક પડે. કોડી કોડીનો ભિખારી! ચક્રવર્તીનું રાજ મારા ઘરે છે એ ભૂલી ગયો. સમજાણું કાંઈ? છ ખંડનો ચક્રવર્તી. આવે છેને? હરિષેણનું શું આવે છે? હરિષેણ ચક્રવર્તી એકલો જાય છેને? એની માંનું ઓલું નાખવા. એને ખબર છે કે હું ચક્રવર્તી થવાનો છું. હું ચક્રવર્તી થવાનો છું. ભલે અત્યારે એકલો છું. આવે છેને ઓલી કથા, નહિ હરિષેણની? ચક્રવર્તી થવાનો છું, છ ખંડનો ધણી થવાનો. મારી માંના વીતરાગના જૈનરથને પહેલો ચલાવવાનો છું. ભગવાનનો રથ પહેલો ચાલશે. ઓલી સોંત કહે, મારો ચાલશે. આ કહે, મારી માંનો ચાલશે. બહારમાં પણ એટલું પુણ્ય. આ ચક્રવર્તીપદ ભગવાન આત્મા છે. મારો રથ ચાલશે આનંદકંદનો શુદ્ધ ચૈતન્યનો. રાગના રથ અને ગતિના રથ મારી પાસે છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ! આહા..હા..! જાણે ફૂટ્યા કાન, નથી આવતું કાંઈક? કથા સુણીને ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન. ઊંધી વાતું સાંભળી બધી. આહા..હા..! આમ કરો, આમ કરો, આમ કરો!

શ્રીમદ્દે કહ્યું છે એકવાર હોં કે દરરોજ તમે છકાયના જીવ ને આ આ.. સમકિતની વાત તો લાવો. ઈ તો વાત કરો કાંઈક. શ્રીમદ્દે કીધું. આ તો તમે બહુ વાત કરી ઘણા વર્ષથી અમને. પચાસ પચાસ વર્ષથી સાંભળતા આવીએ છીએ. છ કાયની દયા પાળવી, ફલાણું, ઢીકણું.. હવે સમકિતનું કાંઈક કરોને કાંઈક. એને ભાન ન મળે, શું કરે ઈ? જે મૂળ ચીજ છે, જેનાથી ન્યાલ થવાના રસ્તા (મળે) એ તો પહેલા બતાવો. આ તો હવે ઠીક કર્યું આ મૂક્યું ને... એ તો શુભભાવમાં હોય. ઈ તો સાંભળ્યું હવે, મૂકોને, સમકિતની વાત તો કરો આજ. એ.. પોપટભાઈ! એ અમરચંદભાઈ કહેતા હોં! લાલુભાઈના બાપ. સમકિત કેવું? ઈ ઘણાને હું પૂછું. જવાબ કોઈ આપે નહિ. શું હશે આમાં? સમકિત બધા આવું આવું કહે છે, પણ ચીજ તો બીજી હોવી જોઈએ. આહા..હા..!

એ ગતિ આત્મામાં નથી, આ ઈન્દ્રિય નથી. પાંચ ઈન્દ્રિયની યોગ્યતાભાવ ખંડ-ખંડની

એ પણ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. જ્યાં નથી ત્યાં નજર નાખ્યે સમ્યગ્દર્શન થાય. ઈન્દ્રિયના ખંડ-ખંડ ઉપર નજર નાખ્યે એકત્વબુદ્ધિ થાય. 'હું એવડો' (એમ માને તો) મિથ્યાત્વ થાય. 'પંચેન્દ્રિયપણું હોય તો જ્ઞાન પામે. પંચેન્દ્રિય હોય તો આમ થાય.' અરે..! સાંભળને હવે. પંચેન્દ્રિય આ જડ તો આત્મામાં નથી, પણ ખંડ ખંડ જે ઉપયોગ પંચેન્દ્રિયને જાણવાનો છે એ પણ દ્રવ્યમાં નથી. આહા..હા..! બહુ વાત તો..! સાંભળવાવાળા રાડ પાડે છે કે ભાઈ! પૂર્વના પુણ્ય કર્યા હોય, મનુષ્યદેહ મળે, કાન મળે, સાંભળવાનું મળે તો ધર્મ થાય કે નહિ? અહીં કહે છે કે ના. આ ભગવાન આત્મા કારણપરમાત્મા છે તો ધર્મ થાય, એમ કહે છે અહીં તો. આ હોવાથી ધર્મ થાય. આ હોવાથી થાય એ વસ્તુમાં છે નહિ. રાડે રાડ પાડે છે. એ.. સોનગઢ.. સાંભળને હવે. સોનાને કાટ ન હોય. માળા! સાંભળને, સોનગઢ છે આ! એઈ..! એ.. સોનગઢ.. હવે સાંભળને. 'સોનગઢના નેતા આમ કરે છે.' વળી એમ બિચારા વાત કરે. કોઈ સોનગઢનો નેતા પણ નથી અને કોઈ નથી, સાંભળને હવે.

શ્રોતા :— કડવી ભાષા વાપરે તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— કડવી ભાષા પણ કોણ વાપરે!

અહીં તો કહે છે, ભગવાન! તું ક્યાં છો? કેવડો છો? જ્યાં તું જેવડો છો ત્યાં ઈન્દ્રિયો નથી. આહા..હા..! અને જ્યાં ઈન્દ્રિયો છે ત્યાં તું આખો આત્મા છે જ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! પંચેન્દ્રિયની યોગ્યતા જ્ઞાનના ક્ષયોપશમના ખંડ ખંડ ત્યાં તું નથી અને જ્યાં તું છો ત્યાં એ નથી. બહારની તો ક્યાંય રહી ગઈ ઈન્દ્રિયો. સમજાણું કાંઈ? કહો, પૂનમચંદજી! શું કરવું? આ બધા લડાઈ કરે છે, લ્યો. એની સાથે હોં! સૌના આત્મા સાથે તોફાન કરે. ભગવાન! આ માંડ માંડ સાંભળવાનું મળ્યું, રહેવા દે હવે. લક્ષ્મી ચાંદલો કરવા આવે, મોઢું દેવા દે પહેલા. હવે મોઢું ન ધો, ચાંદલો આવશે, આ કરને. વઈ જશે ઓલી. હું મોઢું ધોઈ આવું તો સારું લાગશે. ત્યાં વઈ ગઈ ઓલી. લે હવે. ક્યાં હતી? ઈ તો ગઈ. ઈ કાળ ગયો. એમ આ સમય આત્માને સમજવાના કાળ છે એ વખતે તું (એમ કહે કે) આ વાતનું આમ ન હોય, આમ ન હોય (એમ) નકાર ન કર, ભાઈ! આહા..હા..! દિ' ફર્યો છે તારો, કહે છે.

ચાંદલો કરવાનું નથી આવતું ઓલા રાજાનું? રા, રા! રા (રાજા) હતો તે ગાદીએ બેસવા ગયો. રાજા એક હતો, રા નામનો રાજા મોટો. પછી ચારણ હોય છે એના. ચારણની જાત. ઈ જ્યારે ગાદીએ બેસે ત્યારે એની બાઈ એને ચાંદલો કરે, આમ તિલક કરે ત્યારે ગાદીએ બેસે. એમાં સાસુ વહુ હતા અને આ ગયો ન્યાં ચાંદલો કરાવવા. વહુ હતી જુવાન રૂપાળી બહુ. આમ ચાંદલો કરવા આવી ત્યાં મોહ્યો રાજા. ચાંદલો કરવા ન દે. કારણ કે ચાંદલો કરવા દે તો દીકરી થઈ જાય. આમ (મોઢું) ફેરવે છે, બા! ભદ્રિક બહુ હોય એ લોકો. ભદ્રિક સરળ સજ્જન. રૂપાળું શરીર. પરપુરુષ ન હોય. પ્રાણ જાય તોપણ પરપુરુષ નહિ.

જુઓને, ઓલી જશોદા કેવી? જસમા! સિદ્ધાર્થ રાજા કહે, 'રાણી બનાવું.' 'રાજા! બોલીશ નહિ.' આ તારો ધણી ઉપાડે ટોપલા. 'એ મારો ધણી!' રાજા કહે, 'રાણી બનાવું.' 'બોલીશ નહિ, બોલીશ નહિ. એ વાત અમે નહિ સાંભળીએ.' આહા..હા..! એક લૌકિક નીતિના માણસો એવા. સમજાય છે?

એમ અહીં ભગવાન આત્મામાં, કહે છે કે તું રાગવાળો, તને પંચેન્દ્રિયથી લાભ થાય. બોલીશ નહિ, એ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! મરી ગયા હોં પછી. છેવટે રાજાએ પાછળ માણસ મોકલ્યા. ઓલા વશ ન થયા તો મારી નાખ્યા. મરી ગયા પણ વશ ન થયા. ઓલો ચાંદલો કરવા ગઈ અને ના પાડી. બા! સાસુને બા કહેને? આ રા મોઢું ફેરવે છે. આ તો બિચારી નિર્દોષ બાઈ હોં! એને ખબર નહિ કે આ શું છે. આ મોઢું ફેરવે છે. બા! બેન! એ રાના દિ' ફર્યા છે. અમે દીકરીયું જેવા, અમે ચાંદલા કરીએ. પ્રજા દીકરીયું છે. એના ઉપર તારી દાનતું બગડી, દિ' ફર્યો એનો. રાજ નહિ રહે એને. સમજાય છે કાંઈ?

એમ આત્માની વાત જ્યારે સત્ય સાંભળવાને મળે, 'એ નહિ હમણાં.' દિ' ફર્યો તારો, નહિ મળે આ. સમજાણું કાંઈ? આહા..! રાજ નહિ રહે! નહિ રહે! રાજ ઉઠી ગયું, ઊડી ગયું રાજ. આવો કાળ, આવી વાત તને પરમાત્મસ્વરૂપ છો ભગવાન, તને સાંભળવાની મળે અને ના પાડે છો? નહિ રહે માણસપણા! હેરાન થઈ જઈશ નિગોદમાં જઈને. આહા..! સમજાણું કાંઈ?

કહે છે, ઈન્દ્રિય નથી. આહા..હા..! ઓલો કહે, છેને? પણ કોણે ના પાડી? સાંભળને! એ તો પાંચ ઈન્દ્રિયની યોગ્યતાનો એક સમયનો પર્યાય છે. એક સમયનો પર્યાય, અવસ્થા વસ્તુમાં એ નથી. વસ્તુ અતીન્દ્રિય ભગવાન છે. અતીન્દ્રિય ભગવાન આત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ઈન્દ્રિય ઉપર તારે દૃષ્ટિ (કરવી છે), આવડો છું, આવડો છું, આવડો હું છું? સમજાણું કાંઈ?

ઓલા લીંબડી દરબારને હતુંને? શું કહેવાય એનું? ગામડું તમારી બાજુમાં શું હતું? સલાલા. એમાં ખેતર હશે બે. હવે રાજ મળ્યું, દસ લાખનો તાલુકો. દસ લાખનો તાલુકો મળ્યો. પહેલા નોકર હતા. વિરજીભાઈ કહે, નોકર હતા. નોકર હતા. ઈ નોકરને મળ્યું રાજ દસ લાખનું. તાલુકો. પછી એને બે હાથી હશે. એમ એક સમયની પર્યાય પંચેન્દ્રિયની યોગ્યતા એ તું? એ હું નહિ. માન્યું હતું પહેલું મેં. મારું ખેતર મોટું છે. હું તો અણીન્દ્રિય ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છું. એ મારું ખેતર અને એ મારું ધામ છે. પંચેન્દ્રિય મારામાં છે નહિ. એવી સ્વરૂપની દૃષ્ટિ કરવી અને પર્યાય છે તેને જાણવામાં રાખવી, આદરવામાં નહિ, એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવાય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૪, શનિવાર, તા. ૯-૦૪-૧૯૬૬,
ગાથા-૪૨, પ્રવચન નં. ૪૬

એમ અધિકાર છેને? ધવલમાં એમ છે. માર્ગણાનો વિસ્તાર છે મોટો. માર્ગણા એટલે જીવ કઈ ગતિમાં, કઈ ઈન્દ્રિયમાં, કઈ કાયમાં, ક્યા યોગમાં, ક્યા વેદમાં, ક્યા કષાયમાં છે એમ માર્ગનું ગોતવું-શોધવું એને માર્ગણાસ્થાન કહે છે. એ બધા વ્યવહારનયના કથનોનું કથન છે. પર્યાયમાં એ ભેદો છે. ગતિ છે, ઈન્દ્રિય છે, કાય છે. એટલે ક્યાં આત્મા છે પર્યાયમાં એને નક્કી કરવું એ માર્ગણાસ્થાનનું વ્યવહારનયનું કામ (છે).

અહીં ભગવાન સૂત્રકર્તાનો એ અભિપ્રાય છે, કુંદકુંદાચાર્યનો, '**આ બધા, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે (-શુદ્ધનિશ્ચયનયે) નથી...**' એ માર્ગણામાં નથી. કારણ કે એ પર્યાય છે. શુદ્ધ જીવભાવ એકલો ધ્રુવસ્વભાવ જેમાં ભેદ નથી એમાં આ ભેદો નથી. એનું નામ ચૈતન્ય નિશ્ચયથી આત્મા અને એનો આશ્રય કરવાથી જ મોક્ષનો માર્ગ પ્રગટે છે. સમજાણું કાંઈ? એક શાસ્ત્ર આમ કહે, બીજું શાસ્ત્ર આમ કહે. એનો અર્થ કે એ વ્યવહારે પર્યાયમાં છે, વસ્તુના સ્વભાવમાં નથી. વ્યવહારે છે એટલે પરમાર્થે પણ એ છે એમ નથી. અને વ્યવહારે છે એ શુદ્ધમાં નથી માટે પર્યાયમાં એ નથી એમ પણ નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— ... એટલે આમ. વ્યવહારનયે દરેક જીવને કોઈ ગતિ છે, ઈન્દ્રિય છે, કાય છે, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, અભવ્ય, સમકિત, સંજ્ઞી, આહાર હોય છે. સમજાય છે? પર્યાયની યોગ્યતામાં એને જોતાં માર્ગવું એટલે શોધવું, તો ઈ પર્યાયમાં છે. એ હોવા છતાં શુદ્ધ જીવ ધ્રુવસ્વભાવ એમાં એ નથી એનું નામ અનેકાંત કહેવાય છે. સમજાણું કાંઈ? શુદ્ધ ત્રિકાળમાં નથી એટલે વ્યવહારમાં નથી એમ નહિ અને વ્યવહારમાં છે માટે ત્રિકાળમાં છે, ધ્રુવમાં છે એમેય નથી. સમજાણું કાંઈ?

અહીં સુધી આવ્યું છે આપણે. ગતિ અને ઈન્દ્રિય. ગતિ છે. જીવમાં કોઈને મનુષ્યની ગતિ, કોઈને પશુની, કોઈને દેવની અને કોઈને નારકીની છે, પર્યાયમાં છે. શુદ્ધ જીવ ધ્રુવસ્વરૂપે જોતા... શું કીધું? આ '**ભગવાન પરમાત્માને...**' પરમાત્મા એટલે આ આત્મા હોં! નીચે છેને? ભગવાન, આ બધા તે ભગવાન પરમાત્માને શુદ્ધ નિશ્ચયનયના બળે અંતર્મુખ ધ્રુવસ્વભાવને જોતા એ એમાં નથી. એમ ભગવાન સૂત્રકર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ? પર્યાયના ભેદમાં જોવા જાય તો આખું તત્ત્વ મળશે નહિ એમ કહે છે.

'**ઈન્દ્રિય,...**' પાંચ ઈન્દ્રિયમાં છે. કોઈ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય,

પંચેન્દ્રિય પર્યાયમાં છે. વસ્તુ ધ્રુવ જોતા એમાં ઈન્દ્રિય છે નહિ. દ્રવ્યેન્દ્રિય પણ નથી, ભાવેન્દ્રિય નથી, એવી ચૈતન્યજાત વસ્તુ છે. સમજાણું? આ કહે છેને કે અમને આત્મા દેખાય નહિ, જણાય નહિ. હવે દેખનારા-જાણનારો પોતે. એકરૂપે જાણનાર-દેખનાર પોતે. જાણનાર-દેખનાર પોતે. આપણે કેમ થાય? જાણનાર પરને જાણે અને કાં ભેદને જાણે છે પણ પોતે આખું સ્વરૂપ શું છે એને જાણતો નથી. સમજાણું કાંઈ? જેમાં જણાય છે આ, એ જાણે છે તે આત્મા. જાણે છે, દેખે છે તે આત્મા. હવે એ જાણે છે, દેખે છે તેનું એકરૂપ તે અહીં આત્મા એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— આટલું વિચાર લંબાવતા નહિ આવડ્યું હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આવડ્યું છે કે નહિ? જુઓને. નથી આવડતું શું કરવા? પૂછવું છે કોને? અહીં કહ્યું છે કોઈ દિ'?

ઈ મહાસત્તા એકલો જ્ઞાન અને આનંદનો ગાંગડો ધ્રુવ. એના હોવાપણાના એકરૂપમાં આ ભેદો નથી. સમજાણું કાંઈ? એ ભેદમાં પણ જણાય નહિ, પર્યાયમાં જાણનારી પર્યાય તો જીવની જ છે. ભલે, આ રાગ છે, આ ફલાણું છે, આ ગતિ છે, એ જાણનાર દશા તો જીવની જ છે. એ દશા પૂરતો આત્મા નથી. સમજાણું કાંઈ? એ અહીં સિદ્ધ કરવું છે.

એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધજીવ ધ્રુવસ્વરૂપ કે જેનું મહાન સત્તાનું હોવાપણું, હોવાપણું છે એકરૂપે જે સમ્યગ્દર્શનનો વિષય છે કે જેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે એમ કુંદકુંદાચાર્ય કહે છે. જુઓ, આ સૂત્રકર્તાનો ભગવાન કુંદકુંદાચાર્યનો અભિપ્રાય ઈ છે, ધ્રુવસ્વરૂપમાં ઈન્દ્રિયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો પર્યાયમાં છે એટલાને નક્કી ન કરે અને આ તો પરમાં છું એ નક્કી કરે છે. પરમાં છું, આ શરીરમાં છું, કર્મમાં છું. જેમાં નથી એમાં છું એમ માને છે. અહીં તો કહે છે કે તારી પર્યાયમાં જે છે એટલોય તું નથી એમ કહે છે અહીં તો. પોપટભાઈ! કોઈ દિ' ત્રણકાળમાં આત્મા શરીરમાં, કર્મમાં, વાણીમાં, પર બાયડી, છોકરા પરવસ્તુમાં કોઈ દિ' એક સમયમાત્ર પણ નથી. જ્યાં નથી ત્યાં છે એમ માને, હવે એની પર્યાયમાં છે એટલોય નથી, એ માનવું તો એને ઘણો પુરુષાર્થ કરવો પડે. સમજાણું કાંઈ?

'કાય,...' પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ ત્રસકાય છેને, છ કાય, એ છ કાયની પર્યાયની યોગ્યતામાં છે જીવની. જીવને જોવો હોય તો કહે, આ પૃથ્વી છે, આ પાણી છે, અગ્નિ છે. જીવ હોં! એનું શરીર નહિ. પર્યાયે જોવો તો આ પૃથ્વીનો જીવ, પાણીનો જીવ, અગ્નિનો, વાયુનો, વનસ્પતિ અને ત્રસ જીવ. પણ વસ્તુ જોતા એ પર્યાયોના ભેદો ધ્રુવસ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એ છકાય. એ ભેદ આત્મામાં નથી. ત્યારે શેમાં જડમાં હશે? પર્યાયમાં છે. એક સમયની આ ત્રસકાય, ત્રસકાય એ પર્યાયમાં છે. ધ્રુવપણામાં એ ત્રસકાયનો અભાવ છે. સમજાણું કાંઈ? શુદ્ધ જીવ ધ્રુવસ્વભાવ મહાસત્તાની સંભાળ જોતાં ત્રસપણું એમાં છે

નહિ. તો ત્રસપણાને લઈને આત્માને કંઈ ત્રસપણું મળ્યું માટે સાધન થાય (એમ નથી). ત્રસને સાધન થાયને? પંચેન્દ્રિય ત્રસ હોય એને કાંઈક સાધન થાય, ધર્મ થાય. ત્રસ હોય તો ધર્મ થાય, એકેન્દ્રિયને ધર્મ થાય? આહા..હા..! એ ત્રસને થાતો નથી. ત્રસની પર્યાય છે એ એક સમયની દશાની લાયકાત છે. વસ્તુ જે શુદ્ધ ધ્રુવ છે એમાં ત્રસપણું નથી. એને આશ્રયે ધર્મ થાય છે, ત્રસને આશ્રયે થતો નથી. સમજાણું કાંઈ?

એમ '**યોગ,...**' પંદર યોગ છે. મન, વચન ને કાયા ત્રણ એના. પંદર પ્રકાર યોગના છે. ચાર મનના, ચાર વચનના, સાત કાયાના. એ પંદર પ્રકારના યોગથી જુઓ તો કોઈપણ યોગમાં એક જીવની પર્યાય હોય છે. સમજાણું કાંઈ? એ યોગ કંઈ પરમાં હોતા નથી. એની પર્યાયમાં યોગ હોય છે. શુદ્ધ ધ્રુવ ચૈતન્યમાં એ યોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધી વાત એની પર્યાયમાં છે એમ સિદ્ધ કરે છે. ભૂતાર્થ છે હોં! પણ આશ્રય કરવાલાયક નથી. એ ભૂતાર્થ આશ્રય કરવાલાયક નહિ. ભૂતાર્થ તો ત્રિકાળ જે છે એ આશ્રય કરવાલાયક છે.

શ્રોતા :— પર્યાય પર્યાયમાં ભૂતાર્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પર્યાય છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે. છે એટલું, પણ એ કંઈ ત્રિકાળ સ્વરૂપ છે નહિ કે જેમાં નજર કર્યે નવી દશા પ્રગટ થાય આનંદની, શાંતિની એ છે નહિ. શુદ્ધ જીવ ધ્રુવ જેમાં નજર કર્યે શાંતિ અને આનંદ પ્રગટે એવા ચૈતન્ય ધ્રુવમાં એ યોગ નથી. પંદર પ્રકારનો યોગ નથી. કહો, સમજાણું? ઔદારિક, ઔદારિકમિશ્ર એક આવે છે, વૈક્રીયિક, વૈક્રીયિકમિશ્ર, આહારક અને કાર્માણ. સાત એમ આવે છે. સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર, મનના ચાર, વચનના ચાર, પંદર પર્યાયમાં યોગ્યતા છે. વસ્તુમાં એક્કે યોગ છે જ નહિ. ચૈતન્યમૂર્તિ ભગવાન એકલો આનંદનો કંદ પ્રભુ ધ્રુવ નિશ્ચયની દૃષ્ટિએ જોતા એટલે વાસ્તવિક દૃષ્ટિએ જોતા ધ્રુવસ્વભાવમાં એ યોગનો અભાવ છે. યોગ તે અયોગ છે. યોગ એમાં નથી.

'**વેદ,...**' સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. આ વિકારની વાત છે હોં! શરીરની નહિ. શરીર તો આત્મામાં છે જ નહિ. આ શરીર પુરુષને આકારે દેખાય કે સ્ત્રીને (આકારે દેખાય) એ તો માટીનું અજીવમાં છે, એ તો અજીવ છે, એ કંઈ જીવ નથી. એ પર્યાય અજીવની છે. સમજાણું કાંઈ? ફક્ત એને વિકાર સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકનો ઉત્પન્ન થાય એવો પર્યાયમાં જોતા એ કોઈ પણ વેદમાં એ હોય છે. પણ શુદ્ધ જીવતત્ત્વની અંદર જોતા એ છે નહિ. સમજાણું કાંઈ? વેદ નથી, કહે છે. એક શ્લોક હમણા જ નીકળ્યો હતો અંદર. ૭૯મો શ્લોક છેને કાંઈક? એ જ છેને, ૭૯ શ્લોક. વ્યવહારચારિત્રમાં. એનો ૭૯મો શ્લોક છે, ૧૧૬ પાને.

'કામિનીઓની જે શરીરવિભૂતિ તે વિભૂતિને, હે કામી પુરુષ! જો તું મનમાં સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે?' તારી વિભૂતિ ન જોતા તું શરીરની

વિભૂતિ જોવે છે. તારી વિભૂત દર્શન, જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ વિભૂતિ છે. હું, એમ કહે છે મુનિ. હું તો એ કહેવા માંગુ છું કે તારી વિભૂતિ તો અંદરમાં પડી છે, એ વિભૂતિને તું જોતો નથી અને આ શરીરની.. આ રૂપાળું ને આ શરીર આવું એમ જો છો, મારું વચન તને નહિ કામ કરે હવે. સમજાય છે કાંઈ? દેહની પર્યાયના પ્રેમ તને છે, મૂઢ છો કહે છે. દેહની જડની દશા છે આ માટીની. વેદ, આ વેદ હોં દ્રવ્યવેદ. અહીં (ચાલતા અધિકારમાં) જે કહે છે ઈ ભાવવેદની વાત છે. સમજાણું? દ્રવ્યવેદ એટલે આ શરીરના આકારો. ઈન્દ્રિયોના આકાર. એમાં સ્ત્રીના આકાર દેખીને તને એની વિભૂતિની અતિશયતા લાગતી હોય તો તને તારી પર્યાયમાં નથી એનું પણ તને ભાન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! તારી પર્યાયમાં એ નથી. પણ તારી પર્યાયમાં જે પુરુષ, સ્ત્રી, નપુંસકનો ઉદય છે એ પર્યાયના અંશમાં અસ્તિ છે, જે ધ્રુવમાં નથી. અને આ શરીરની વિભૂતિનો અંશ તો એની પર્યાયમાં પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શેનો તને પ્રેમ આવે છે? કહે છે. મૂઢ છો? એમ કહે છે. આહા..હા..! ધૂળની આકૃતિ જે શરીરની માટીની આકૃતિ એ વિભૂતિમાં તને, આહા..! સુંદર અવયવ, સુંદર મોઢું, સુંદર ચંદ્રમા જેવું, આંખ હરણીયા જેવી, નાક ગરુડ જેવું, કાન કુંડળ જેવા, દાંત આમ.. કેવી કહેવાય? બત્રીસી. કળી જેવા. શું છે તને? એ તો જડની પર્યાયની વિભૂતિ જડની દશા છે. એ તો તારા દ્રવ્યમાં તો નથી પણ તારા પર્યાયમાં પણ નથી. આહા..હા..!

શ્રોતા :— પર્યાયમાંથી પણ કાઢી નાખી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કાઢી નહિ, નથી ત્યાં શું કાઢી નાખી? છે જ નહિને. છે નહિ, શું કાઢી નાખે? આ તો પર્યાયમાં વિકાર છે એ ધ્રુવમાં નથી. એવી દૃષ્ટિ ધ્રુવ ઉપર કર્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન થાતું નથી, એમ કહે છે. ઓલું તો અજીવતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. દેવાનુપ્રિયા! વાત કરેને. ક્યાં ઊભા ત્યારે ખબર પડે? અમારે ભાઈ કહે છેને. બહુ સ્પષ્ટ કરે ત્યારે સમજાય કે આ શું છે. ઉઘાડું પડી જાય ઉઘાડું. અરે..! ભગવાન! એ માટીના પીંડલાની દશા એ જડના રજકણની પર્યાય છે આ તો. આ નાક, આંખ, કાન, ઈન્દ્રિયો જડના રજકણોના સ્કંધની પિંડની પરમાણુના માટીની દશા છે. એ દશાથી તને રુચિ લાગે છે તો તને જડની રુચિ છે. સમજાણું કાંઈ? એ તો જડની રુચિ છે એટલે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છો, પણ પર્યાયના અંશમાં વેદના વિકારનો અંશ છે એ આત્મા છે અને એ મને ઠીક છે, એ પણ મિથ્યાદૃષ્ટિપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— અમારા સાહિત્યમાં આના જ વખાણ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— તમારા આવા જ આવેને. તમે શું ત્યાં નાખવાના! એના સાહિત્યમાં ચોપડીઓમાં એના વખાણ કર્યા છે. વાત સાચી! કેવું કીધું? ... ચોટલા લટકતા હોય આમ જાણે. શું છે પણ આ? ચૂડેલના વાળ જેવા છે. ચૂડેલ. મસાણમાં ચૂડેલ ઊભી હોય. આ

વાળનો ચોટલો આમ સર્પ જેવો. જડની માટીની ધૂળની પુદ્ગલની અવસ્થા માટીની અવસ્થા જે તારા અંશમાં એક સમયમાત્રમાં પણ નથી. સમજાણું કાંઈ? એ અજીવમાં મને ઠીક પડે છે એનો અર્થ મૂઢ છો. જડમાં મને ઠીક પડે છે. આહા..હા..!

અહીં તો એથી બીજી વાત કરે છે. ન્યાં ઇ કીધું, ભાઈ! કામિનીમાં તો. કામિનીઓની શરીરવિભૂત. હે કામીપુરુષ! જો તારા મનમાં એની યાદ આવે છે, યાદ આવે છે કે આહા.. આહા.. આહા..! શું એનો કંઠ ને શું એની લાવણ્યતા અને શું એની મનની કોમળતા, શું એની આંખની, કાનની.. આંખ આમ કરે ત્યાં.. આહા..હા..! દુનિયા ડોલે જાણે! શું છે પણ તને? આહા..હા..! ભગવાન! તારા સમયમાત્રમાં નથી એમાંથી તને વિભૂતિ દેખાય, આ તે તારી મૂઢતા કેટલી? પણ તારી પર્યાયમાં જે વેદનો ઉદય છે પુરુષનો, એની મીઠાશ છે એને આત્માની મીઠાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વેદનો ઉદય. સ્ત્રીનો સ્ત્રીવેદ, પુરુષને પુરુષનો, નપુંસક એના ઉદયની ક્ષણિકતા, ક્ષણિકતાની રુચિ છે એને ભગવાન ધ્રુવની રુચિ નથી. સમજાણું કાંઈ? અહીં તો અજીવતત્ત્વથી જુદું અને અંશ તત્ત્વથી ધ્રુવતત્ત્વમાં એ અંશ તત્ત્વ છે નહિ. ઓલો તો ભાવ એના અંશ તત્ત્વમાં પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ પરિગ્રહને દેખીને મને મજા પડે તો મોટો મૂઢ છે એમ કહે છે. કારણ કે પરિગ્રહ એ જડની પર્યાય પુદ્ગલની છે. પણ જેને મમતા આવે છે, વિકલ્પ એમાં જેને મજા પડે છે એને ધ્રુવમાં મજા આવતી જ નથી. એને ચૈતન્યનો આદર છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ચૂડેલના ભડકા ઉઠતા હોય મસાણમાં જુદી જુદી જાતના એમ આ બધા ભડકા ઉઠ્યા શરીરના રજકણ ને જુદી જુદી જાત. આત્મા ક્યાં આવ્યો આમાં? સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો આચાર્ય એમ કહે છે, ભાઈ! જ્યાં તારો આનંદ છે ધ્રુવરૂપે એની નજર કર્યા વિના જેટલા અંશમાં તું આત્મા માને, વિકારના અંશમાં તો કહે છે કે ત્રિકાળમાં નથી. નથી તેમાં આનંદ માન્યો, મૂઢ મિથ્યાદષ્ટિ છો. સમજાણું કાંઈ? ઓલામાં (૭૯ શ્લોકમાં) અજીવને જીવ માન્યો, આમાં અંશને આખો માન્યો. સમજાણું કાંઈ? આહા..હા..! તો કહે છે, ભગવાન આત્મા ધ્રુવસ્વભાવ શુદ્ધ ચૈતન્યપ્રભુ એને અંતરદષ્ટિના અભિપ્રાયથી જોતા એ વેદનો અંશ વિકાર ભગવાન આત્મામાં છે નહિ. એની મહાસત્તા બિરાજમાન છે એમાં અલ્પ અંશ વિકૃત અવસ્થાની જ્યાં ગંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યક્ એટલે એમ નથી કે આમ આ સંસારમાં મજા કરીએ, શરીરની અવસ્થા... આ ને આ ને આ... એ તો મૂઢ છે, એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને જડની કોઈ પર્યાયમાં એને સુખબુદ્ધિ હોતી નથી. કેમકે અજીવ છે. અને વિકલ્પ જે વેદનો વિકાર છે એમાં સુખબુદ્ધિ હોતી નથી. કેમકે વિકૃત દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શન.. સમ્યગ્દર્શન એમ કહે એમ ન ચાલે. સમ્યક્ નામ સત્ય વસ્તુ પરમાનંદની મૂર્તિ ભગવાન જેમાં

એકલું આનંદ અને જ્ઞાનનું હોવાપણું, આનંદનું હોવાપણું, ધ્રુવપણું (છે) એનો જ્યાં સત્કાર અને આદર ને.. સમજાય છે? સ્વાધીનતા વડે તેનો આશ્રય લઈને એને સ્વીકારે એનું નામ સમ્યગ્દર્શન છે. એથી સમ્યગ્દર્શનના વિષયનું શું સ્વરૂપ છે એ વર્ણવે છે. જ્ઞાનચંદજી! સમજાય છે? સમકિતી હતાને ચોસઠ હજાર સ્ત્રી અને છન્નુ હજાર સ્ત્રીમાં? ક્યાં હતા? તને ખબર નથી. એમ કે ગૃહસ્થાશ્રમમાં ભરત ચક્રવર્તીઓ રાણીઓમાં હતા. અરે..! સાંભળ રે સાંભળ! પરમાં હતા ઈ? શરીરમાં હતા ઈ? શરીરના અસ્તિત્વમાં આત્મા હતો ત્યાં એમ માનતા હતા ઈ? 'છન્નુ હજાર સ્ત્રીમાં હું છું' એમ માનતા હતા? અને એને લઈને મને ઠીક છે એમ માનતા હતા? મૂઢ છો. અને વેદનો વિકલ્પ ઉઠતો હતો એમાં 'હું છું' અને એમાં મીઠાશ છે એમ માનતા હતા? ઝેર છે, વાસના ઉઠે છે ઈ ઝેર છે. મારા અમૃતસાગરમાં એ નથી. આહા..હા..! મારો અવિનાશી રસ પડ્યો છે ચૈતન્યધ્રુવ એમાં વિકારના ઝેર નથી. એમ દૃષ્ટિએ ઝેર ઉતારી નાખ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુગરાજજી! એમ આ છોડી દીધું, અમે નથી (લેતા), એમ નહિ. જેટલા અજીવની પર્યાયો જડની બને તેનાથી બિલકુલ મારું હોવાપણું અંશનું પણ એમાં નથી. એથી મને ઠીક પડે કે એનાથી અઠીક પડે એ વસ્તુના સ્વરૂપમાં પર્યાયમાં નથી.

અહીં તો ભગવાન આચાર્ય કહે છે કે ભાઈ! વેદનો વિકલ્પ ઉઠે એ પર્યાયની દૃષ્ટિએ જોતા આ સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક(વેદ) એની પર્યાયમાં છે. એટલો આત્માને માનવો તે અંશને, વિકારને માન્યો એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? ઓલું અજીવતત્ત્વ છે. શરીર અજીવતત્ત્વ છે. એ વિભૂતિને પોતાની સંતોષ માટે માની. શરીરની વિભૂત એના અવયવો મારા સુખને માટે છે એમ માન્યું એ તો મૂઢે અજીવમાં સુખ માન્યું. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાત્વ છે, અજ્ઞાની છે, અજીવમાં જીવ માન્યો છે અને પર્યાયમાં વિકાર થતા તેની મીઠાશ રહે છે એણે વિકાર આસ્રવતત્ત્વને જીવ માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કોઈ કહે કે આ તો ભારે ભાઈ કઠણ પડે! કઠણ પડે તો એનો અર્થ કે તે પ્રકારની ભાવના તારે છોડવી છે? કારણ કે હું આને ન પહોંચી શકું. એની ભાવના સ્વરૂપ જે શુદ્ધ છે એની ભાવના તારે છોડવી છેને, એટલે પછી રાગ અને પરની ભાવના તારે કરવી છે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! કોઈ કહે કે, આહા..! આવી વસ્તુ તો ભારે કઠણ, બાપા! કઠણ એટલે તારે સહેલું શું? ફાવાભાઈ! અહીં તો ચારે કોર સત્ય શું છે એ વાત ચાલે છે આ. ત્યારે આવો આત્મા અમને જણાય નહિ, એની અમને ખબર પડે નહિ. પણ ખબર કરનારો એ પોતે જ આત્મા છે. ખબર પડે છે જેમાં ઈ આત્મા છે. ઈ કહે છે કે મને ખબર પડે નહિ. હવે આ જુઓ, જેમાં જણાય છે એ જાણનારો જ આત્મા છે. જેમાં દેખાય છે એ દેખનારો જ આત્મા છે. સમજાણું કાંઈ? એવા આત્માને અંદરમાં એમ માન કે અરે..! આવી વાત અમને અત્યારે આ કાળે તો ન થાય એમ કહે છેને? ભાઈ! ચોથે, છઠ્ઠે, સાતમે વ્યવહાર હોય, નિશ્ચય અત્યારે હોય નહિ. અરે..! ભગવાન! તેં બહિરાત્મપણે આત્માની ભાવના

દૃષ્ટિમાંથી છોડી દીધી છે. રાગ ને શરીર ને આ બધું હોય એની જ તારી ભાવના (છે), એનાથી ખસીને આત્માની ભાવના કરવાનો પ્રસંગ જ તારે લેવો નથી. આહા..હા..!

શ્રોતા :— નિદાન તો બરાબર છે, પણ...!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ દવા કીધી. દવા, સ્વભાવ તરફ વળવું ઈ. શાંતિભાઈ! આહા..હા..!

શ્રોતા :— હાથ પકડીને (દવા) પાવાની જરૂર છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— માણસ હોય ઈ પીવે કે મડદું પીવે? મડદાને મોઢું ફાડીને નાખે તો?

ભાઈ! તું જીવતી જ્યોત છોને ચૈતન્ય ભગવાન. તારી જાગ્રતિના તો સ્થાન જ તારો આત્મા છે. આહા..હા..! જાગ્રત... જાગ્રત.. જાગ્રત.. ભગવાન ત્રણે કાળે જાગ્રત એવું તો એ તત્ત્વ છે. જાગતાને જગાડવો એટલે શું? એણે માન્યું છે ઊંધુ. સમજાય છે? હું એક જ્ઞાનાનંદસ્વરૂપ (છું). મારા હોવાપણામાં જ્ઞાન અને આનંદ જ છે. એ પણ પરિપૂર્ણ છે. અપૂર્ણ પર્યાય, પર તો મારામાં નથી, પણ અપૂર્ણ પર્યાય મારા ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? એમ અભિપ્રાયને પોતાના પરિપૂર્ણ તરફ વાળવો એ જ સમ્યગ્દર્શનનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવારે તો ઘણું આવે છે. હિતકર, હિતકર. રાડ નાખી જાય. વ્યવહારની વાતેય યાદ કરતા નથી. ન્યાં વ્યવહારની વાત યાદ કરતા નથી. અહીં અંશને ઊડાવે છે. વ્યવહાર? વ્યવહારની વાત છોડી દે! અંતર સ્વભાવની એકાગ્રતા સ્વ-સાધનથી થાય તે જ તારું હિતકર છે. પણ વખાણ વ્યવહારના કરે ત્યારે આવે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી, પ્રાણ જાય તો પ્રાણને સોંઘા માનવા પણ ભક્તિને ઓલી માનવી. એઈ..! એ તો એ શુભરાગની વાત આવે ત્યારે સ્વરૂપ કેવું (હોય) એમ વર્ણવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! પણ પરમાર્થે હિત તો જે છે એ એ રસ્તે છે હોં, બીજે રસ્તે નથી. આહા..હા..! સમજાણું આમાં?

અહીં તો અંશને ઊડાવીને, પરનું તો છે જ નહિ આમાં, અંશપણાની હયાતી જેનામાં છે, વસ્તુમાં એ નથી—એમ દૃષ્ટિ કર્યા વિના સત્ય શોધ્ય વિના સત્ય પ્રાપ્ત નહિ થાય. અંશમાં સત્ય શોધ્યે સત્ય નહિ મળે. આ તો ઓલી માર્ગણા છેને. અંશમાં શોધ્યે પરમસત્ય નહિ મળે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ભણતર પણ કેવી જાતનું હશે આ? નિશાળીયા આ છોકરાઓ બધા ભણે છેને. કેવી જાતનું? ભૂલવા જેવું? આવું ભણતર આવે છે કે નહિ? શું તમારે આ બધા? આમ શીખવું, વિજ્ઞાન પાઠ ને એ બધું આવતું હશેને? એઈ..! હેમંત! શું આવે છે એમાં? વિજ્ઞાન પાઠ એવું કાંઈક આવતું હશેને? પદાર્થ વિજ્ઞાન. પદાર્થ વિજ્ઞાન શીખવતા હશે આ હિંમતભાઈ આવું? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞે કહેલો પદાર્થ પાઠ આ છે. ભાઈ! તારા પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયના

અંશમાં જડનો કોઈ અંશ ત્રણે કાળે નથી, અડ્યો નથી, છે નહિ. એટલે એની મહિમા તું કાઢી નાખ, પહેલેથી તળિયા ઝાટક. સમજાણું કાંઈ? ઝાટક. કાઠિયાવાડી ભાષા થઈને તમારી. એઈ..! આ તો સમજતા હશે કે નહિ? તળિયા ઝાટક. આત્માના અંશ અને અંશી સિવાય બાહ્ય પદાર્થના કોઈ અંશ અને અંશી એમાં તને માહાત્મ્ય બિલકુલ આવવું જોઈએ નહિ. ઊડાડ તારી વાત ઉડાડ! હવે અહીંયા કહે છે કે અંશમાં માહાત્મ્ય આવે તો આખો અંશી દૃષ્ટિમાંથી ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વેદ નથી. નથી એને જીતવો શો હવે? ભારે વાત, ભાઈ! કહે છે કે બાપુ! વસ્તુ ભગવાન છેને. એ જ્ઞાનજ્યોતિ આનંદજ્યોતસ્વરૂપ છે. એની આશ્રય દૃષ્ટિ કરતાં વેદ ક્યાંય ઉદય થતો નથી, વેદ ઊડી જાય છે. સમજાણું કાંઈ? '**કષાય...**' ક્રોધ, માન, માયા, લોભ એ પર્યાયમાં છે. સમજાય છે? કષાયનું નિમિત્ત લક્ષ્મી આદિ પર્યાયમાં નથી. મમતા છે એ એની પર્યાયમાં છે. આ લક્ષ્મી, મકાન, બંગલા, બાયડી, છોકરા તો એની પર્યાયમાં નથી. એ તો મફતનો માની બેઠો છે મૂઢ. પણ અહીં તો ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વરનો અભિપ્રાય કુંદકુંદાચાર્ય કહે છે. જુઓને અભિપ્રાય. એને મુનિરાજ કહે છે કે કુંદકુંદાચાર્યદેવનો અભિપ્રાય તો આવો છે હોં ભાઈ! કે પરમાત્મા ભગવાન, ભગવાન પરમાત્માને... આ હોં ભગવાન પરમાત્મા એને શુદ્ધ નિશ્ચય એટલે શુદ્ધ સત્ય પરમ, નિશ્ચય એટલે પરમસત્યની નજરે જોતાં એમાં એ કષાય છે જ નહિ. સમજાણું કાંઈ? એ કષાય છે નહિ એટલે પછી એને ટાળવો રહેતો નથી. આહા..હા..! પરને તો ટાળવો જ નથી, એ તો ટળેલો જ છે. પર્યાયના અંશમાં છે એને ટાળવો એમ રહેતું નથી. આ ચૈતન્ય ભગવાન ધ્રુવસ્વરૂપ એનો જ્યાં દૃષ્ટિ અને આશ્રય થતા એ કષાયની ઉત્પત્તિ જ થતી નથી એને કષાયને જીત્યો અને કષાયને ટાળ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

પરમેશ્વર, જૈન પરમેશ્વરનું આ સ્વરૂપ કહેલું ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. આહા..હા..! એમ આત્મા નિર્વિકલ્પ આત્મા.. નિર્વિકલ્પ આત્મા... શું પણ નિર્વિકલ્પ? સમજાણું? એના પ્રકારો જેમ છે તેમ એના જ્ઞાનમાં આવવા જોઈએ. કષાય નથી. ભગવાન! ત્યારે કોને કષાય હોય? ભાઈ! પર્યાયમાં કષાય છે. કષાય—ક્રોધ, માન, માયા, લોભ, મમતા એ તારી દશામાં છે. પરવસ્તુમાં નથી, પરવસ્તુને લઈને નથી. સમજાય છે? શરીર, બાયડી, છોકરા, કુટુંબને લઈને કષાય નથી. કષાય તારી પર્યાયમાં, અવસ્થામાં મોજૂદગી છે, એક અંશમાં. ત્રિકાળ શુદ્ધ ધ્રુવ જોતા કષાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! પણ આમ નજર ફેરવવી એવી આકરી પડે માણસને. હજુ તો પહેલું સાંભળ્યું જ ન હોય, રીત જ સાંભળી ન હોય આટલા વર્ષ થયા તોપણ. આહા..હા..!

શ્રોતા :— સાંભળી તો હોય પણ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એનો અર્થ કે રુચિ જ કરી નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— મહાપુરુષોની વાત...

પૂજ્ય ગુરુદેવશ્રી :— મહાપુરુષ એટલે આત્મા. મહા પુરુષોત્તમ પુરુષ એટલે આત્મા. એની આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર જેટલા થયા એ બધા મહાપુરુષો આત્મામાંથી થયા પર્યાયપણે, કંઈ બહારથી થયા નથી. આત્મામાંથી થયા છે ઈ, અંતરથી પ્રવાહ આવ્યો છે એ બધો. પાણીના પૂરના વેગ આવ્યા કેવળજ્ઞાનના બધા અંતરમાંથી આવ્યા છે, દ્રવ્યમાંથી આવ્યા છે. બહારમાંથી આવ્યા છે? રાગમાંથી આવ્યા છે? પર્યાયમાંથી આવ્યા છે? આહા..હા..! કેવળજ્ઞાનના પૂર, અનંતઆનંદના જથ્થા પ્રગટ્યા. અનંત.. અનંત અપાર એક સમયનો અનંતઆનંદ તે પર્યાયનો હોં! તે કેટલો કે જેના અનંતા અવિભાગપ્રતિચ્છેદ પાડતાં એટલા પડે કે અનંતા અનંતા એના અંશ પડે. આહા..હા..! એવો એક એક અતીન્દ્રિય આનંદનો પ્રવાહ આવ્યો ક્યાંથી? કે ભગવાન.. નદી આવી ક્યાંથી? આ નદી ક્યાંથી આવી? કે ડુંગરમાંથી. એમ ચૈતન્ય-ડુંગર અતીન્દ્રિય આનંદનો ભગવાન સાર પડ્યો છે, એમાં એકાગ્ર થઈને ન્યાંથી પ્રવાહ આવ્યો છે આનંદનો. કંઈ રાગમાંથી કે નિમિત્તમાંથી કે પર્યાયમાંથી આવ્યો નથી. ક્યાં હતો તે ત્યાંથી આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

કષાય આત્માની પર્યાયમાં (છે) એમ કરીને સિદ્ધ કરે છે કે પરને લઈને નહિ અને તારામાં નહિ, અંદર દ્રવ્યમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? એઈ! હસમુખભાઈ! પુસ્તક રાખ્યું છે? રાખ્યું છે કે નહિ? રાખવું જોઈએને. ન્યાં વાંચે છે કહે છે. જ્ઞાન, એ જ્ઞાન આત્મામાં નથી. આ વળી કેવી વાત? જ્ઞાન નામ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એ પાંચ પર્યાય છે. એ પાંચ પર્યાય પરમાં નથી, પરને લઈને નથી, તારી પર્યાયને લઈને એ પર્યાય છે ભેદ, દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે પોતાનો જ્ઞાનપર્યાય કેવળજ્ઞાન, મતિ, શ્રુત આદિ પરમાં નથી, પરને લઈને નથી, વર્તમાન સમયની અવસ્થા ભેદવાળી ભેદ અંશ છે ઈ, એ અંશ ત્રિકાળ ધ્રુવમાં નથી. ધ્રુવસ્વભાવ જેમાં એકલો પિંડ ચૈતન્ય છે જેમાં નજર કર્યે ન્યાલ થવાય, આહા..હા..! એમાં જ્ઞાનના ભેદો જ નથી. માર્ગણા છેને, કે આ કેવળજ્ઞાની જીવ છે, આ મનઃપર્યયજ્ઞાની જીવ છે, આ અવધિજ્ઞાની જીવ છે—એમ પર્યાયમાં શોધવું એ વ્યવહારનયની માર્ગણા. સમજાણું કાંઈ? એનું હોવાપણું કેવળની પર્યાય આ જીવને છે, મનઃપર્યય આ જીવને છે, એમ એક એક સમયની પર્યાય ક્યાં છે એમ શોધવું એ વ્યવહારનયની માર્ગણા કહેવાય. પણ પાછું એ પર્યાય પરને લઈને છે એમ પણ નહિ. સમજાણું કાંઈ? પરમાં નહિ, પરને લઈને નહિ પણ એની પર્યાયને શોધવું કે આની પર્યાય અહીં છે, એવા ભેદો ધ્રુવસ્વરૂપમાં નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! રાડ નાખે. એવા જ્ઞાન, એવા ભેદરૂપ છેને? શબ્દ એમ છેને? '**એવા ભેદસ્વરૂપ...**' છેને છેલ્લો શબ્દ? '**એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.**' ભેદ નથી. કેવળજ્ઞાનનો પર્યાય પણ સદ્‌ભુતવ્યવહારનયનો વિષય છે.

ભગવાન આત્મા શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. સમજાણું કાંઈ? એ ચોપાટ એને રમતા આવડી નથી, રમતા આવડી નથી. કેમ રમવું, પાથરીને બેસે (પણ) કેમ રમવું ખબર ન મળે. આ કહે છે કે ભગવાન આત્મા એની એક સમયની પર્યાયમાં પાંચ જ્ઞાનનો અંશ જ્યાં જ્યાં જેને હોય એ, કેવળીને ચાર ન હોય અને ચાર હોય ત્યાં કેવળ ન હોય અને કોઈને મતિ, શ્રુત હોય, અવધિ હોય, મતિ-શ્રુત અને મનઃપર્યય પણ હોય, કેવળીને એક હોય પણ એ તો એક સમયની દશાના અંશથી શોધવું, જોતાં આ જીવ ત્યાં છે. મૂળ જીવને શોધતાં શુદ્ધ જીવમાં એ ભેદો છે નહિ. સમજાણું કાંઈ? અંદર શોધતા ધ્રુવસ્વભાવમાં એ પાંચ ભેદો નથી. એ વ્યવહારનયનો આશ્રય છોડાવવા, વ્યવહારનયનો વિષય તે અભૂતાર્થ છે, અભૂતાર્થ એટલે ત્રિકાળી નથી. સમય પૂરતો ભૂતાર્થ છે, પણ ત્રિકાળી નથી. માટે કહે છે કે દ્રવ્યસ્વભાવમાં એ નથી. પોપટભાઈ!

શ્રોતા :— પરમાં નથી અને પરને લઈને નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પરને લઈને નથી અને ત્રિકાળમાં નથી. એક સમયની પર્યાય ભેદ (ત્રિકાળમાં) ક્યાં છે? એ તો ભેદ છે. પણ ઈ યાદ આવ્યું. ઓલું માર્ગણા છેને, ન્યાં તો શોધવાનું માર્ગણાનું કહ્યું છે. એ તો અહીં બેઠા યાદ આવ્યું. સમજાણું? અહીં કહે છે કે ન્યાં ન શોધવો. ... એમ કરીને આવે છે. ચૌદ માર્ગણામાં ભાવમાર્ગણા છે હોં, ભાવમાર્ગણા. ... દ્રવ્યમાર્ગણા. ભાવમાર્ગણાની વાત છે, જીવની પર્યાયની વાત છે, ભાઈ! એવી પર્યાયોના ભેદ પણ વ્યવહારનયે અસ્તિ છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહા..હા..! એના ભેદો પણ આદરવાલાયક નથી એમાં પછી બીજી ચીજ આદરવાલાયક થાય? સમજાણું કાંઈ?

'**સંયમ,...**' લ્યો. સામાયિક, છેદોપસ્થાન ને એ બધા સંયમ છેને. એ પર્યાયમાં ભેદ છે. સંયમ નિર્મળ પર્યાય એ પર્યાયનો ભેદ છે. એ સંયમની પર્યાય પરમાં નથી, પરને લઈને નથી, ત્રિકાળ ધ્રુવમાં નથી. કેટલું યાદ રાખવું આમાં? આમાં કાંઈ યાદ રાખવાનું મોટું છે જ ક્યાં? પણ એણે કોઈ દિ' દરકાર નહિ અને જાણે મોટો મેરુ ઉપાડવા જેવું લાગે એને. ઓહો..હો..! અંશમાં છે એ બરાબર છે, એ અસ્તિ અંશમાં છે, દ્રવ્યમાં એ નથી. એ અંશ પરને લઈને નથી, પરમાં નથી, પોતામાં નથી એમ પર્યાયમાં નથી, દ્રવ્યમાં નથી. ધ્રુવ જ્યાં સ્વભાવ એકરૂપ ચૈતન્ય છે એમાં આ ભેદ છે નહિ. સંયમના ભેદ નથી. કહો, હવે સંયમના ભેદ નથી એનો આશ્રય લેવો, તો આ કહે છે કે સંયમ તે પાછું કેવું? કષાયની મંદતાનું સંયમ. પંચમહાવ્રતના વિકલ્પ એ રાગ. એ રાગની કંઈ વાતેય નથી, એ તો અસંયમ છે. સમજાણું કાંઈ? એની સામે અસંયમ એ લ્યે માર્ગણામાં. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ બેય પર્યાયો, સંયમ-અસંયમ પર્યાય જે છે એ ભેદ છે. ધ્રુવસ્વભાવમાં એકાકાર ભગવાન છે જ્યાં નજર નાખવાની છે ત્યાં એ નથી. સમજાણું કાંઈ?

એમ '**દર્શન,...**' ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એ પર્યાયમાં છે,

પર્યાયમાં છે, પરમાં નથી, પરને લઈને નથી. એની વાત ચાલતી નથી. આ તો એના પર્યાયમાં છે એની વાત ચાલે છે. હજી તો એ પાછા દર્શન અને જ્ઞાન પરને લઈને થાય, પરને લઈને થાય, પરને લઈને થાય. હજી પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી.

શ્રોતા :— કર્મના ક્ષાયોપશમથી થાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કર્મના ક્ષાયોપશમથી ધૂળેય થાતું નથી. પોતાની પર્યાયથી થાય છે. જુગરાજજી! કર્મ અજીવમાં રહ્યા. અજીવ ક્યાં આત્મામાં ઘુસી ગયા છે. આહા..! સમજાય છે કાંઈ?

દર્શન નથી. આહા..હા..! આ દર્શન ચક્ષુ, અચક્ષુ છે હોં! ચાર છે ઈ પર્યાયમાં છે, પર્યાય એનો છે. કેવળદર્શનને અવધિ આદિ નથી અને અવધિ આદિવાળાને કેવળદર્શન નથી. ચક્ષુ, અચક્ષુવાળાને અવધિદર્શન હોય. કોઈને ચક્ષુ, અચક્ષુ હોય અને અવધિ ન હોય. વસ્તુમાં એકરૂપ સ્વભાવમાં ભેદ નથી.

'**લેશ્યા,...**' કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ—છ લેશ્યા પર્યાયમાં છે. એ લેશ્યા પરને લઈને નથી. એની દશામાં છે. ત્રણ પુણ્યલેશ્યા, ત્રણ પાપલેશ્યા. વસ્તુના ધ્રુવસ્વભાવમાં એ નથી. લેશ્યામાં પણ ... કંઈક ભેદ છેને ભેદ. '**ભવ્યત્વ,...**' અભવ્યત્વ દ્રવ્યસ્વભાવમાં નથી, લ્યો. ધ્રુવમાં ભવ્ય અને અભવ્ય બેય નથી. ભેદ પડ્યો એ તો. આહા..હા..! ભવ્ય અને અભવ્ય એની સામે લેવું હોં! બેય નથી. ધ્રુવ એકલું સ્વરૂપ જ્યાં દૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ જ દૃષ્ટિ આપી શકે. એ તો પોતે ભવી જ હોય. પણ ભવી કે અભવી (એવા) વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! પર્યાયની યોગ્યતા ગણી છેને.

'**સમ્યક્ત્વ,...**' ઉપશમસમકિત, ક્ષાયિકસમકિત, ક્ષયોપશમસમકિત બધું છેને? એ પર્યાયમાં છે. જેમાંથી ઉત્પન્ન થાય એમાં એ નથી. ભારે વાત, ભાઈ! જગતને આ પરમસત્ય સાંભળવા મળ્યું ન હોય એટલે બિચારા તોફાન તોફાન ઝઘડા ઝઘડા ઝઘડા.. અરે..! ભગવાન! ક્યાં ઝઘડા કરવાના સ્થાન છે, ભાઈ! અત્યારે ઝઘડા મટાડવાનું સ્થાન છે. આહા..હા..! પણ એ પરમસત્ય પરમાત્માનું કહેલું શું છે એને ખ્યાલમાં જ્યાં સુધી ન આવે એટલે પછી એને લાગે કે આ બધું વિરોધ છે. પણ આ કહે મુનિને જઈને. સમજાણું? આ કુંદકુંદાચાર્યનો અભિપ્રાય છે.

વળી કોઈ વ્યવહાર નીચે સ્થાપે છેને, વ્યવહાર, કે વ્યવહારસમકિત નીચે હોય. તો વ્યવહારસમકિત હોય તો પરાશ્રય હોય એટલે એને આ બધા ભેદો વ્યવહારસમકિતી માને એમ એ લોકો માને છે, ભાઈ! એમ નથી, ભાઈ! એને વ્યવહાર રાખવો છેને. વ્યવહારસમકિત જ માનવું છે ચોથે, પાંચમે. વ્યવહારસમકિતી આ વ્યવહારને માને, બરાબર માને. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! વ્યવહાસમકિત તો વિકલ્પ છે. વ્યવહાર એ સમકિત જ નથી. વ્યવહારસમકિત એ વિકલ્પ છે. તું એને મનાવે છે કે શુભજોગથી ક્ષાયિકસમકિત

થાય. ત્રણકાળ-ત્રણલોકમાં ન થાય. આત્માને લુંટાવી નાખ્યો છે એણે. શુભજોગથી આત્માને કાંઈ લાભ થાય, મહાચૈતન્યને લુંટનારો છે. અનંતા પરમાત્માએ કહેલા તત્ત્વનો લુંટારો છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! જુગરાજજી! કાંઈ ગુપ્ત રાખે વાત? આહા..હા..! કહે છે કે સમકિતના ભેદ ધ્રુવમાં નથી. આહા..હા..! આ ક્ષાયિકસમકિત, ક્ષયોપશમ એવા ભેદ હોં! એમાં પછી મિથ્યાત્વ ને એ બધું આવી જાય છે. એવા ભેદો ધ્રુવમાં નથી. એને નિશ્ચય કહીએ. એને અવલંબે સમ્યગ્દર્શન થાય. શુભજોગને અવલંબે થાય, ત્રણકાળમાં નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં લખ્યું (છે). લખ્યાની તને ખબર નથી. (સમજતા) આવડતું નથી, ભાઈ! કેમ લખ્યું? કઈ નયના કથન છે? આ બધું તો માને. એ વિચાર કાલે ભક્તિમાં આવ્યો હતો. વ્યવહારસમકિતવાળા આ બધું માને કે બરાબર આ જ છે. ઈ છે. નિશ્ચયવાળા ઉપર જાય તો ન માને, ઉપર જાય તો. નિશ્ચયસમકિતી. પણ એમ છે જ નહિ. આહા..હા..! આ બધા ભેદો સમ્યગ્દષ્ટિની પર્યાયમાં હો, પણ તેને વ્યવહારનયે જાણવાલાયક જાણે છે, આદરવાલાયક ધ્રુવસ્વરૂપ એક જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? વિકલ્પ તો ક્યાં ગયો? આ સમકિતના ભેદનો આદર નથી. આહા..હા..! સમજાણું?

એક જણો વળી કહે, ભગવાનના દર્શનથી સમકિત થાય. આમ બિંબથી. જિનબિંબ એના દર્શનથી નિધ્દત અને નિકાચીત કર્મના ભુક્કા ઊડે. અરે..! ઈ જિનબિંબ નહિ. એ તો નિમિત્તના કથન છે. જિનબિંબ આ આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં એમ લખ્યું નથી. એમાં લખ્યું એ નિમિત્તથી કથન છે, સાંભળને! આમ સામું જોતાં અંતરમાં જવાતું હશે! સમજાણું કાંઈ? એટલું બધું માહાત્મ્ય આપી દીધું પાછું ઠેકાણા વિનાનું. એક મૂર્તિ છે, પૂજા છે, ભક્તિ છે એની મર્યાદા છે. સમજાણું? પણ પાછું એટલું બધું (માહાત્મ્ય) આપી દીધું કે એને લઈને જ બધું કલ્યાણ. જાઓ! મૂર્તિ ને પૂજા ને ભક્તિ કરી ન્યાલ થઈ ગયા જાણે! એમ નથી. સમજાણું કાંઈ? અરે.. અરે..! ભારે વાત, ભાઈ! ઓલા કહે, સમકિતદષ્ટિ જેને ભવ અલ્પ હોય તે જિનસરીખી જિનપ્રતિમા માને. આવે છે કે નહિ? ત્યાં પાછો ... હોં!

અરે..! અહીં ભગવાન બિરાજે છે, સાંભળને અંદર ચૈતન્યધ્રુવ. એ ચૈતન્યધ્રુવ કુંદકુંદાચાર્ય મહારાજનો અભિપ્રાય એ છે અને વસ્તુસ્થિતિ એમ છે. શુદ્ધભાવ ધ્રુવ અખંડાનંદ ભગવાન એને લક્ષે, એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. બહારના નિમિત્તના કથન જેટલા વેદનાથી થાય, દેવની ઋદ્ધિથી (થાય), એ તો નિમિત્તના બધા કથન છે. અહીં તો ક્ષયોપશમસમકિત થયું એ સ્વભાવને આશ્રયે (થયું), એને આશ્રયે ક્ષાયિક ન થાય. શાસ્ત્રમાં એમ આવે કે ભગવાનની સમીપે થાય. એ તો નિમિત્તના કથન છે. ક્ષાયિક થાય એ અંતરમાં એકાગ્ર થયો ત્યારે થાય છે. સમજાણું કાંઈ? ક્ષયોપશમથી ક્ષાયિક થયું નથી, નિમિત્તથી તો થયું નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! કર્મના અભાવની તો વાતેય નથી, અહીં પરદ્રવ્યની. એ તો જડને ઘરે. કર્મના અભાવથી ક્ષાયિકસમકિત થયું એ વાત નથી. ભગવાન સમીપ છે માટે ક્ષાયિકસમકિત

થયું એમેય નથી. તેમ ક્ષયોપશમ છે માટે એને લઈને થયું એમ નથી. એ ક્ષાયિકસમકિત ધ્રુવને અવલંબે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે આ?

'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'. પાવૈયાને, હીજડા જેવાને તો એમ થાય હાય..હાય..! પાવૈયાને પાના ચડે કાંઈ? હાય.. હાય..! અરે..! સાંભળ રે સાંભળ! ભગવાન ચિદાનંદપ્રભુ ત્રણલોકનો નાથ એક સમયમાં પ્રભુ તું છોને! તારે તે ક્યાં ભીખ માંગવી છે પર પાસે! સમજાણું કાંઈ?

આ શુદ્ધભાવનું વર્ણન ચાલે છે. શુદ્ધભાવ ભગવાન પોતે જ શુદ્ધભાવ ત્રિકાળ છે. જે શુદ્ધભાવમાં આવા ભેદો નથી. ભેદની પર્યાયદષ્ટિએ છે. પાછું વેદાંતની જેમ નથી. વેદાંત કહે કે ભેદ-બેદ કાંઈ નથી, ફલાણું નથી. એમ નહિ. સમજાણું કાંઈ? પર્યાયદષ્ટિએ ભેદો છે. શુદ્ધ ધ્રુવસ્વભાવ ભગવાન ત્રિકાળ આત્મા એના લક્ષ અને આશ્રય કરતાં એમાં એ ભેદો છે જ નહિ. કહો, સમજાણું આમાં? વ્યવહારના કેટલા લખાણ આવે ન્યાં ચોંટી જાય. ન્યાં રસ છેને અનાદિનો એમાં મહિમા છે એની.

'**સંજ્ઞિત્વ,...**' સંજ્ઞિ અને અસંજ્ઞિ બેય લેવું. સંજ્ઞિપણું અને અસંજ્ઞિપણું બેય ધ્રુવમાં નથી. એમ કહે છે, સંજ્ઞિપણું હોય એને ધર્મ થાય. અસંજ્ઞિ સુધી તો કર્મને પરાધીન છે. સંજ્ઞિ થાય એટલે પુરુષાર્થ કરી શકે.-ના. સંજ્ઞિપણાને લઈને ધર્મ થાય નહિ, એમ કહે છે. ધર્મ થાય એ સ્વભાવને આશ્રયે થાય છે. આહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ક્ષયોપશમ સંજ્ઞિને છે. સમજ્યાને? એ બધા સમજવાને લાયક છે. એ તો સમજવાને લાયકની અપેક્ષાએ. સમજાણું? પણ જે સમ્યગ્દર્શન થાય અને જ્ઞાન થાય એ તો ધ્રુવસ્વભાવને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ આમાં? '**આહાર,...**' અનાહાર એવા બે ભેદ છે. આહાર લેવાની યોગ્યતા અને આહાર નહિ લેવાની. ... '**એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.**' એ છે એમ કહ્યું છે. બધા છે, છે, એમ કીધું છે, જોયું? યોનિમુખ છે, જીવસ્થાન છે ખરા. પર્યાયમાં છે આ બધા. તે ભગવાન પરમાત્માને, આ ભગવાન પરમાત્માને, ધ્રુવ ચૈતન્યપિંડ પ્રભુને શુદ્ધનિશ્ચયના બળે એટલે જે નયથી એ ભગવાન દેખાય એવા નયના બળે નથી. શુદ્ધસ્વરૂપ ધ્રુવમાં એ નથી, એમ ભગવાન સૂત્રકર્તા (કહે છે). મુનિ પોતે છે હોં! મુનિ કુંદકુંદાચાર્યને ભગવાન ઠરાવે છે. પંચમહાવ્રતધારી મુનિ છે આ પદ્મપ્રભમલધારિદેવ. મહાવ્રતધારી દિગંબર સંત છે, ભાવલિંગી મુનિ છે. એ કુંદકુંદાચાર્યને કહે છે ભગવાન સૂત્રકર્તાનો એટલે ભગવાન કુંદકુંદાચાર્યદેવનો આ અભિપ્રાય છે. સમજાણું? કે ધ્રુવ ચૈતન્ય ધ્રુવસ્વભાવ પરમ આત્મભાવ એમાં આ ભેદો નથી. ભેદે મોક્ષ થાય એમ જૈનમાં છે જ નહિ એમ આગળની ગાથામાં આવશે. કોણ જાણે ભેદને આશ્રયે મોક્ષ થાય કે નહિ? ભેદ ઉત્પન્ન થાય એને આશ્રયે મોક્ષ થાય કોણ જાણે. એટલે થાય નહિ. ભગવાન ધ્રુવસ્વભાવને આશ્રયે જ મોક્ષ થાય અને સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ એના આશ્રયે જ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૫, રવિવાર, તા. ૧૦-૦૪-૧૯૬૬,
ગાથા-૪૨, શ્લોક-૬૦, ૬૧, પ્રવચન નં. ૪૭

... મોક્ષનો માર્ગ એ પર્યાય છે, મોક્ષમાર્ગ એ પર્યાય છે. એ પર્યાય કેમ પ્રગટે? શેમાંથી પ્રગટે? એની આ વાત છે. શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ ચૈતન્યનો એની અંતરમાં દષ્ટિ કરવાથી ધર્મદશા પ્રગટ થાય એને મોક્ષમાર્ગ કહે છે. એનો અહીં આધાર આપે છે.

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે :—' અહીંયા કહેવામાં આવ્યું છે એનો આધાર આપે છે.

(मालिनी)

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।

શું કહે છે? આ શુદ્ધભાવ અધિકારના આધાર આપે છે સમયસારના કે આ આત્મા ચિત્શક્તિ જે છે, જ્ઞાનશક્તિ છે એક. આત્મા ચૈતન્યસૂર્ય છે. એનાથી '**રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડી...**' જેટલા પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે છે એ બધો ચૈતન્યશક્તિના સ્વભાવથી ભિન્ન ભાવ છે. સમજાય છે? આ શરીર, વાણી, કર્મ એ તો જડ અચેતન ભિન્ન છે પણ ચિત્શક્તિ અહીં જે શુદ્ધભાવ કીધો, એ ચૈતન્યશક્તિ જ્ઞાનમૂર્તિ એવું જે આત્માનું સ્વરૂપ એનાથી શરીર, વાણી, કર્મ જુદાં પણ પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ, હિંસા, જૂઠું આદિ રાગ એ બધા ચૈતન્યશક્તિના સત્ત્વથી તદ્દન જુદી જાત છે. સમજાણું કાંઈ?

જેમ સૂર્ય અને પ્રકાશને એકમેકતા છે પણ સૂર્યને અને પ્રકાશને અંધકારની સાથે એકમેકતા નથી. અંધકાર અને સૂર્યનો પ્રકાશ તદ્દન ભિન્ન જાત છે. એમ ભગવાન આત્મા ચૈતન્યનું તેજ નૂર પ્રકાશ એ સૂર્ય એમાં જેટલા શુભ-અશુભભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ આદિ રાગ, હિંસા આદિ બધું અંધકાર અંધારુ છે ઈ. એ ચૈતન્યના સૂર્યથી તદ્દન ભિન્ન છે. કહો! સમજાણું કાંઈ? એવો જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા એનાથી રહિત ચિત્શક્તિથી સહિત, જ્ઞાનસ્વરૂપ સૂર્ય ચૈતન્યપ્રકાશ સહિત અને વિકલ્પ જેટલા આવે જેને વ્યવહારરત્નત્રય કહે એનાથી રહિત '**અન્ય સકળ ભાવોને...**' સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યસૂર્યમાં એ પુણ્ય-પાપના

વિકલ્પો છે જ નહિ. એનો ચૈતન્ય ભગવાન સ્વભાવ એમાં એનો અભાવ છે. સૂર્યમાં જેમ અંધકારનો અભાવ છે, એમ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા એમાં એ શુભ-અશુભવિકલ્પો રાગનો તદ્દન અંધકારનો અભાવ છે. સમજાણું કાંઈ? શું સમજાણું? પોપટભાઈ!

એવા ભગવાન ચૈતન્યસૂર્યને અંતરમાં દૃષ્ટિમાં લેવો અને વિકલ્પોને અંતર દૃષ્ટિમાંથી છોડી દેવા એનું નામ ચૈતન્યનું આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. ભગવાન વીરનો આ ધર્મ છે. સમજાણું કાંઈ? વીર પરમેશ્વર સર્વજ્ઞદેવ... આગળ કહેશે પોતે ચોથા શ્લોકમાં, તીર્થાધિનાથ મહાવીર દ્વારા કહેલો ઉપદેશ છે. પોતે કહેશે એ તો.

વિચાર કે દિ' કર્યા છે એણે? ભગવાન ચૈતન્યના તેજ છે આત્મા તો. ચૈતન્યના તેજ, ચૈતન્યનું નૂર, ચૈતન્યનો પ્રકાશ, ચિત્શક્તિ, ચિદ્બિંબ, જ્ઞાનબિંબ એ આત્મા છે. એમાં શરીર, કર્મ અને આ તો છે નહિ પણ પુણ્ય-પાપ જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ પણ ભગવાન આત્મા સાથે એકમેક છે જ નહિ. જાત જુદી છે. સમજાણું કાંઈ?

અરે..! આત્મા એટલે શું? અનંત અનંતજ્ઞાન, દર્શન, આનંદની ખાણ એવો ચૈતન્યપ્રભુ એને આત્મા કહીએ. એ આત્માની નજર કરતાં આત્મા જ્ઞાનમૂર્તિ છે એમ એને નજરમાં આવવું જોઈએ. અને એ સિવાયના જેટલા ભાવો ઉત્પન્ન થાય (તે) બધાય ભગવાન ચૈતન્યના તેજથી અંધકાર જેમ સૂર્યથી ભિન્ન (એમ) એ વિકાર ભિન્ન છે. રતિભાઈ! આહા..! ભારે વાત, ભાઈ! એવું અંતરમાં ભાન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? '**ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને...**' સકળ શબ્દે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય કે જે ભાવે આહારક શરીર બંધાય કે જે ભાવે સર્વાર્થસિદ્ધના ભવનું બંધન થાય એવો જે વિકલ્પ છે એ ભગવાન આત્માથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! વાત સાંભળી ન હોય એ માણસને આમ કંપારી છૂટી જાય કે આ તે શેનો માર્ગ? પોતે આગળ કહેશે, વીર પરમાત્મા, વીર પરમેશ્વર મહાવીર ભગવાને આમ કહ્યું છે અને આમ તત્ત્વ છે. દુનિયા અજ્ઞાની પોતાની કલ્પનાથી આત્માને ધર્મને માને એ વસ્તુ એમ છે નહિ. સમજાણું કાંઈ?

એક સમયમાં જેને સર્વજ્ઞપદ પ્રગટ છે એવા વીર પરમાત્મા પરમેશ્વર આદિ તીર્થંકરો એક સેકંડના અસંખ્યભાગમાં જેનો ચૈતન્યસૂર્ય પૂર્ણ ખીલી નીકળ્યો છે પ્રકાશમાં. જે સ્વભાવમાં શક્તિમાં હતો, આ શક્તિ કીધીને, એ શક્તિમાં હતો એ વ્યક્તમાં પર્યાયમાં અંતર અનુભવથી પ્રગટ થઈ ગયો. જે ચિત્શક્તિ જ્ઞાનસૂર્ય ભગવાન શક્તિરૂપે સર્વજ્ઞ સર્વજ્ઞ એટલે જ્ઞ સ્વભાવી આત્મા છે એમ એનો એકાકાર અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી એની વિશેષ એકાગ્રતાથી જેને ચૈતન્યનું કેવળજ્ઞાન ઝબક્યું છે સર્વજ્ઞપદ એવા પરમેશ્વર વીતરાગદેવે આત્માને ચિત્શક્તિમય કહ્યો છે, જોયો છે અને જાણ્યો છે. સમજાય છે કાંઈ?

'**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' એ શું કહે છે? આમાં આવ્યુંને? મૂળથી એટલે કંઈ પણ કષાયની મંદતાનો ભાવ કે 'આ આત્મા હું છું, શુદ્ધ છું' એવો જે વિકલ્પ

રાગ ઉઠે એનાથી પણ મૂળથી છોડ, એ વસ્તુ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આ તો ચૈતન્યના મૂળ રકમની વાત છે. મૂળ રકમ ચૂકવવી હોય તો આ રીતે ચૂકવાય એમ છે. વેપારી મૂળ રકમ ચૂકવે કે નહિ કાંઈ? જુગરાજજી! ભગવાન આત્મા એકલો ચૈતન્યનો પિંડલો જ્ઞાનનો નૂર તેજ, એ સિવાય એનામાં કંઈ વિકલ્પ દાન, દયા, વ્રતાદિના વિકલ્પ ઉઠે એ પુણ્યબંધનનું કારણ એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એને જીવતત્ત્વ કહેવામાં આવતું નથી. દયા, દાન, ભક્તિ, વ્રત કે પૂજા એવો ભાવ એ જીવતત્ત્વ નથી. એ તો આસ્રવતત્ત્વ છે, મલિન તત્ત્વ છે. એ મલિન તત્ત્વ ચિત્શક્તિ ભગવાન આત્મામાં એ મલિન તત્ત્વનો અભાવ છે. આહા..હા..! ક્યારે?-અત્યારે. એણે માન્યું હોય ભલે કે હું પુણ્યવાળો, પુણ્યના શુભવાળો માને ભલે. માન્યતાથી કંઈ વસ્તુ છે ઈ પલટી ન જાય. એની માન્યતામાં મિથ્યાત્વનું ઘોરપણું આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચિત્શક્તિમાત્ર પ્રભુ આત્મા છે. એવી અંતરમાં દૃષ્ટિ અંતરસન્મુખ, સ્વભાવસન્મુખમાં દૃષ્ટિ કરતા દૃષ્ટિનો વિષય એકલો જ્ઞાનમૂર્તિ ભગવાન (રહી જાય છે). '**ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું સ્ફુટપણે અવગાહન કરીને,...**' જુઓ, ભગવાન આત્મા જ્ઞાન.. જ્ઞાનપુંજ એવી ચિત્શક્તિમાત્ર એવો નિજ આત્મા, નિજ આત્મા. પોતાનો આત્મા એ જ્ઞાનસ્વરૂપમાત્ર આત્મા એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે, અતિ સ્પષ્ટપણે, અતિ પ્રગટપણે અવગાહન કરી. એવા જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં પ્રવેશ કરી, જેમ દરિયામાં પ્રવેશ કરતાં (મોતી) હાથ આવે છે, એમ ભગવાન આત્મા ચૈતન્યના તેજના નૂર પ્રભુ એવો આત્મા. જુઓ, ચિત્શક્તિમાત્ર એવો આત્મા. એમાં અતિ સ્ફુટપણે અંતરમાં પ્રગટપણે અવગાહન કરી... જે અનાદિથી આમ પુણ્ય અને પાપના રાગમાં અવગાહન અને પ્રવેશ માન્યો છે એ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ આત્મા ભગવાન જ્ઞાનજ્યોતનો પિંડ છે. જેમ સૂરણની ગાંઠ છે આખી એના રસના કંદથી ભરેલી છે, એમ આત્મા દેહથી નિરાળો એકલો જ્ઞાનરસ અને ચૈતન્ય અવિનાશી રસથી ભરેલો પદાર્થ છે.

ધર્મીએ-સમ્યગ્દૃષ્ટિએ એવા ચિત્સ્વરૂપ ભગવાન આત્મામાં અતિ સ્પષ્ટપણે, અતિ સ્ફુટપણે, પ્રગટપણે અંતરમાં પ્રવેશ કરી '**આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા...**' એ આત્મા પુણ્ય-પાપના રાગ, શરીર, વાણી ઉપર તરતો (અર્થાત્) એમાંથી ભિન્ન પડતો, સમસ્ત વિશ્વના ઉપર તરતો એટલે વિશ્વના સમસ્ત જેટલા ભાવો પુણ્ય-પાપથી માંડીને એમાં ક્યાંય એનો પ્રવેશ છે જ નહિ. ભારે વાત, ભાઈ! કહો, રતિભાઈ! આહા..હા..! આને આત્મા કહે છે ભગવાન. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ... એવો જ્ઞાનમૂર્તિ પ્રભુ એમાં અતિ પુરુષાર્થની ઉગ્રતા દ્વારા સ્ફુટપણે, પ્રગટ આત્મા કે 'આ જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે' એમ અવગાહીને '**આત્મા સમસ્ત વિશ્વના ઉપર...**' તરતો. એકદમ નિરાળો વિકલ્પ અને શરીરથી જુદો ચૈતન્યસૂર્ય છે એવા એક, એવા કેવળ અવિનાશી આત્માને, એવા એક અવિનાશી ભગવાન

આત્મા '**આત્મામાં સાક્ષાત્ અનુભવો...**' એવા ચૈતન્યના પ્રકાશથી ભરેલો ભગવાન એવા આત્માને આત્મા દ્વારા આત્મામાં એટલે જ્ઞાનમાં જ્ઞાન દ્વારા સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવો. એનું નામ અનુભવ, એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? કહો, ધીરૂભાઈ! કેવો ધર્મ આ? વીતરાગનો ક્યો ધર્મ હશે? ભાઈ! વીરે એ કર્યું હતું અને એ કહ્યું છે. તીર્થંકર ત્રિલોકનાથ પરમેશ્વરે એ કહ્યું હતું અને એ કર્યું છે. એ કહ્યું હતું કહેશે. એ કર્યું છે અને એમ છે. ચૈતન્ય ભગવાન સૂર્ય આખો ચૈતન્ય અવિનાશી સાગર, ચૈતન્યના પૂરથી ભરેલો ભગવાન એમાં અતિ સ્પષ્ટપણે, અતિ સ્ફુટપણે અંતરમાં જઈ એકાગ્ર થઈ સાક્ષાત્ આત્મામાં, રાગમાં નહિ, પુણ્યમાં નહિ, નિમિત્તમાં નહિ '**આત્માને આત્મામાં...**' અવિનાશી આત્મા ધ્રુવ. અહીં શુદ્ધભાવ છેને. ત્રિકાળ ભગવાન જ્ઞાનમૂર્તિ ધ્રુવ ચૈતન્યસૂર્ય ધ્રુવ તારો એવા ભગવાન આત્માને આત્મામાં સાક્ષાત્ રાગ અને નિમિત્તની અપેક્ષા વિના ચૈતન્યને સાક્ષાત્ અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ? આનું નામ જૈનધર્મ છે. આહા..હા..! લોકો કહે કે જૈનધર્મ ક્યાં હશે? સમજાણું? આ બધું ક્યાં જૈનધર્મ? દેરાસર અને પૂજા ને એ બધો ક્યાં જૈનધર્મ હશે? આહા..હા..! એ તો બહારના પદાર્થો છે, ન્યાં ક્યાં ધર્મ હતો તારો? પણ તેના તરફનો શુભભાવ ભક્તિ, પૂજા આદિનો થાય એ ક્યાં ચૈતન્યમાં છે, એ અંધકાર રાગ છે, પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! ભારે આકરી વાત. લોકોને મૂળ સત્યની ખબર જ નથી. જગતને જૈન પરમેશ્વરનું સત્ય શું છે? કે આખી દુનિયાથી નિરાળું. કોઈની સાથે એનો મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ? વાડામાં બેઠા એને કઠણ પડે આ તો, કહે, હાય.. હાય..! અર..ર..ર..! આવું? અરે..! ભગવાન! મારી નાખ્યા! દેવ-ગુરુ-શાસ્ત્ર પર? સાંભળને, પ્રભુ! ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, એની શ્રદ્ધા હોય એ શુભરાગ છે, એ આત્મા નહિ. આહા..હા..! અરે..!

'**મૂળથી છોડીને...**' કહ્યું છેને. એ.. પોપટભાઈ! હોય, આવે, વચ્ચે હોય છે શુભભાવ હોય છે. પણ એ આત્મા નહિ અને એમાં અવગાહન કરવાથી અનુભવ થાય અને ધર્મ થાય એમ નહિ. વીતરાગધર્મ એ રીતે થતો નથી. ..ભાઈ! ત્યારે શું આ બધું તમે કરાવ્યું? બે લાખનું સમવસરણ ને સવા લાખનો માનસ્તંભ. એક લાખ રૂપિયા કાઢ્યા હતા એણે. કોણ કાઢે? અહીં કહે છે. રૂપિયા કોના બાપના હતા તે કોઈ કાઢે, એ તો જડ છે. ભાવ હતો શુભરાગ, એ પણ ચૈતન્યના તત્ત્વમાં નથી. એ નવો ઊભો કરેલો વિકલ્પ હતો. એ વિકલ્પથી પાર ચૈતન્યની શક્તિને સ્પર્શવું અંદરમાં એકાકાર થઈને એનું નામ ચૈતન્યનો અનુભવ અને એનું નામ વીર પરમેશ્વર વીતરાગધર્મ એને કહે છે. સમજાણું કાંઈ? આકરું પડે સાંભળવું. એઈ..! ચીમનભાઈ! આ બધા ન્યાંના સેક્રેટરી હતા મંત્રી. સાંભળ્યું ન હોય ક્યાંય, સાંભળ્યું હશે? આહા..હા..! અમને ખબર છેને બધે ક્યાં ક્યાં ચાલે છે બધે સંપ્રદાયમાં શું છે. આહા..હા..! અન્ય માર્ગને જૈનમાર્ગ માનીને બેઠા છે. જયંતિભાઈ!

આ તો વીર પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એવા અનંત તીર્થંકરો થયા, વર્તમાન તીર્થંકરદેવ

પરમાત્મા બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. લાખો સર્વજ્ઞપદે બિરાજે છે અને તીર્થંકપદે વીશ છે. અનંત સર્વજ્ઞો તીર્થંકરો ભરતક્ષેત્ર, ઐરાવત, મહાવિદેહમાં થશે, થયા એ બધાનો એક અવાજ છે. સમજાણું કાંઈ?

જુઓ, '**चित्शक्तिमात्र એવા નિજ આત્માનું...**' પાછું અસ્તિ બતાવ્યું, ભાઈ! ઓલા કેટલાક કહે છેને, શૂન્ય થઈ જાઓ. શું શૂન્ય થઈ જાય? વસ્તુ શું છે? અસ્તિ શું છે? અસ્તિ હોવાપણે આત્મા શું છે? હોવાપણે શું છે? કે જેમાં ન હોવાપણું એમાં નથી. એ ચિત્શક્તિમાત્ર જ્ઞાનનો ગોળો છે ઈ ચૈતન્યનો સૂર્ય છે એ તો ભગવાન. જ્ઞાનમૂર્તિ દેહ પ્રમાણે તદ્દન શરીર અને રાગથી તદ્દન ભિન્ન. સમજાણું કાંઈ? એવા એક અવિનાશી આત્માને એટલે કે બીજું બધું તો નાશવાન છે એમ કહે છે. વિકલ્પ આદિ નાશવાન (છે). ભગવાન ધ્રુવ આત્મા અવિનાશીને અનુભવવો એ પર્યાય છે. આત્માને આત્મામાં સાક્ષાત્ પ્રત્યક્ષ રાગની અપેક્ષા છોડી દઈને કે જેમાં રાગ નથી એવા ભગવાન આત્માને જ્ઞાન દ્વારા જ્ઞાન દ્વારા જ્ઞાનમાં જ્ઞાનને વેદીને પ્રત્યક્ષ અનુભવવો. એ અનુભવ થવો રાગરહિત દશા, ચૈતન્યમાં એકાકાર થઈને એને ભગવાન નિયમસાર કહે છે. એને મોક્ષનો માર્ગ કહે છે. કહો, શશીભાઈ! બીજો શ્લોક.

(अनुष्टुभ)

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।

આહા..હા..! '**શ્લોકાર્થ :— ચૈતન્યશક્તિથી વ્યાપ્ત...**' જુઓ, અસ્તિ સિદ્ધ કરે છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિથી વ્યાપ્ત પ્રસરેલ, રહેલ જેનો સર્વસ્વ, સર્વસ્વ સાર છે. સર્વસ્વ સાર છે. જ્ઞાન ચિત્શક્તિ, પ્રકાશશક્તિ જ્ઞાનાનંદસૂર્ય એ સ્વભાવ જેનો સર્વસ્વ સાર છે (અર્થાત્) બધું જેનું એ રૂપ છે '**એવો આ જીવ...**' એવો આ જીવ. ભગવાન ચૈતન્ય જાણક.. જાણક.. જાણક.. જાણક.. જાણકસ્વભાવના સત્ત્વ શક્તિથી વ્યાપ્ત રહેલો એ જેનો સર્વ સાર છે. સર્વસ્વ, ચૈતન્યમૂર્તિ જે આત્માનો સ્વસાર છે. '**એવો આ જીવ એટલો જ માત્ર છે;...**' એટલો જ માત્ર છે.

'**આ ચિત્શક્તિથી શૂન્ય...**' એ જ્ઞાનાનંદસ્વભાવથી શૂન્ય '**જે આ ભાવો છે...**' શૂન્ય કોણ? પુણ્ય-પાપના ભાવ એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! ભારે આકરું પણ. પહેલું કોઈ પગથિયું હશે કે નહિ? પાધરું આ એલ.એલ.બી.? એમ બિચારાને થાય છે. આ પહેલા પગથિયાની વાત (છે), બાપા! તને ખબર નથી, ભાઈ! ચારિત્રની રમણતા તો અલૌકિક દશા છે. અલૌકિક ચારિત્ર કોને કહેવાય એ તો એણે સાંભળ્યા પણ ન હોય. આ તો હજી આત્માના સમ્યગ્દર્શન અને જ્ઞાનની દશાની વાત ચાલે છે.

કહે છે, આ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યના પ્રકાશના પૂર પાસે એનાથી રહિત શૂન્ય એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. જુગરાજજી!

પરભાવ વિભાવસ્વભાવનો અભાવ. આહા..હા..! અરે..! રાડ નાખી જાય. પણ ભાઈ આ સોનગઢની વાત નથી, આ તો ભગવાનની વાત છે. કેટલાક એમ કહે છે કે એ સોનગઢનું કહે છે. અરે..! ભગવાન! એમ રહેવા દે, ભાઈ! તેં વીરના વચનો અને વીરના ભાવ તેં જાણ્યા નથી, ભાઈ! રતિભાઈ! આ ઈ વાત કહે છે. પણ આમાં લખ્યું છે શું? કે આમાં સોનગઢનું છે? એ.. સોનગઢનો ધર્મ.. એક જણો એમ કહેતો હતો. સોનગઢી કહે છે. એક જણો એમ કહે આ કાનજીમુનિનો ધર્મ છે. એક જણો કહેતો હતો. પાલિતાણાથી ઉતરતા હતાને ત્યારે કહે કે આ કાનજીમુનિનો ધર્મ. ભાઈ! કાનજીમુનિ કોણ છે? શબ્દ તો શરીરનો છે, આત્મામાં ક્યાં હતો ઈ. એવા પક્કડ કર્યા છેને. અમારો ધર્મ તો આ પૂજા કરવી, ભક્તિ કરવી, આ કરવું ને આ કરવું એ અમારો વીતરાગનો ધર્મ. જુગરાજજી! અરે..! ભગવાન! શાંત થઈને સાંભળ તો ખરો, ભાઈ! શેઠ હતા ઈ. એને બિચારાને (ખબર નહિ). જૂના માણસ વૃદ્ધ, સાંભળેલું ન હોય. અત્યારે કેટલા વર્ષ થયા હશે? તે દિ' ૮૨ હતા, ૨૦૦૬ની સાલમાં. ૯૮ થયા હશે હવે. ... છેને. ન્યાં સંબંધી થાયને બધા. આવ્યા હતા ત્યાં. કાનજીમુનિએ એવો ધર્મ કાઢ્યો છેને. ગાંધીજી કહે છે કે ઢેઢનું ખાવું. આ કહે છે કે ભૂખ લાગી હોય તો, અપવાસ કર્યો હોય તો આહાર કરીને ખાઈ લેવો. જૂના માણસને અને સગાસંબંધીઓ બધા ગારિયાધારમાં ઘણાને. અરે..! ભગવાન! બાપુ! તેં વીતરાગમાર્ગ શું છે (એ સાંભળ્યો નથી). એણે એમ કીધું છે હોં! ગાંધીજીએ ... થાવું એમ કાઢ્યું. આ કાનજીમુનિ કહે, અપવાસ કરે અને ભૂખ લાગે તો રોટલા ખાઈ લેવા. એઈ..! અરે..! ભગવાન! રોટલા કોણ ખાય? ભાઈ! એ તો જડ રજકણ છે. આ તો રોટલા તો રજકણ ધૂળ પુદ્ગલ છે. એને આત્મા ખાય ઈ તો ત્રણકાળમાં ન મળે. ઈ તો જડ માટી છે, પુદ્ગલનું અજીવતત્ત્વ છે. એને આત્મા અડે છે?

આ તો એને ખાવાનો ભાવ વિકલ્પ કે એને છોડવાનો ભાવ કે મારે નથી (ખાવું) એવો વિકલ્પ એ પણ રાગ વિકાર છે. એ વિકાર ચૈતન્યના સ્વરૂપમાં નથી એવા ચૈતન્યની પ્રતીત અને અનુભવ કરવો એનું નામ ભગવાન સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. આ કોઈ દિ' સાંભળ્યું ન હોય. સાંજ સવાર .. નાખ્યું હોય પથરણું, સામાયિક કરે અને પોષા કરે. શું કહેવાય એનું? પથરણું પણ બીજું કાંઈક (કહે છે), કટાસણું. અને વળી ત્યાં જાય અને મુપત્તિ ફેરવે અને માને કે આપણે ધર્મ કર્યો. અરે..! ભાઈ! ધર્મ તને ખબર નથી. એક સેકંડનો ધર્મ અનંતા જન્મ-મરણને મટાડે એનું નામ ધર્મ છે. ધર્મ તે કાંઈ... સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવે ધર્મ જેને કહ્યો એ ચિત્શક્તિનું અંદર અવગાહન, સમજાય છે? અને ચૈતન્યશક્તિથી શૂન્ય, શું કીધું? એ તારો વિકલ્પ જે ઉઠે કે આ છોડું અને મૂકું એ વિકલ્પ પણ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય સમકિતીને એમ કહેવાય એ ભાવ પણ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. એ તો રાગ છે. એ.. પોપટભાઈ!

માર્ગ તો પરમેશ્વરનો એવો જુદી જાતનો, દુનિયાને ખબર (નથી), એણે બિચારાએ સાંભળ્યો નથી.

કહે છે, '**આ ચિત્શક્તિથી શૂન્ય...**' ભગવાન જ્ઞાનશક્તિનું સૂર્યનું તત્ત્વ આત્મા એનાથી શૂન્ય. શુભ કે અશુભભાવ, કર્મ, શરીર, વાણી બધા ચૈતન્યશક્તિથી શૂન્ય (છે). કહો, હવે આ કહે કે શરીરથી ધર્મ થાય. શરીર સારું હોય તો ધર્મ થાય. ઓલો કહે, શુભભાવ હોય તો ધર્મ થાય, ઓલો કહે કે કાંઈક કર્મ-બર્મ ઓછા થાયને તો કાંઈક આપણને ઠીક પડે, ધર્મ થાય. ભ્રમણા તે પણ ભ્રમણા! અનાદિની ભ્રમણા. ભગવાનને ભૂલી બેઠો ઈ. સમજાણું કાંઈ?

એક કરોડનું મહા ચકમતું રતન હોય. ઉપર કોઈ લપેટ લગાડ્યો હોય માટી આદિનો, એ માટીનો લપેટ એ રતનમાં નથી અને રતન એ માટીના લપેટમાં નથી. ભગવાન આત્મા ચૈતન્યરતન ભગવાનસ્વરૂપ એ પુણ્ય-પાપના રાગના વિકલ્પના લપેટમાં એ ચૈતન્ય નથી અને ચૈતન્યનું તેજ એ પુણ્ય-પાપના વિકલ્પના લપેટમાં આવી ગયું નથી, ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ? એક જણો કહેતો હતો કે થોડું થોડું પકડાય (છે). પણ બીજું પાછું એવું થાય કે પછી ભૂલી જવાય (છે) શું કરવું? એક જણ કો'ક કહેતો હતો, નવો કોઈક આવ્યો હતો જુવાન. પહેલુંવહેલું સાંભળે એટલે એને એવું લાગે, ભડકે. સાંભળતા હતા આપણે કે ઈ આમ કહે છે. અમારે જયંતીનો દીકરો. જયંતીલાલ મોદી, પાલીતાણા. સાંભળવા આવેલો અહીંયાં. જયંતીનો દીકરો. ઈ કહે, તમે કહો છો ઈ વાત પણ કંઈક કંઈક... ત્યાં પાછું ફરી જાય કે શું કહે છે? કાંઈ પકડાતું નથી. ભાઈ! પણ અભ્યાસ ન મળે, કાંઈ ધૂળનો પણ અભ્યાસ ન મળે. સરખો અભ્યાસ એનો વિકલ્પથી કરવો જોઈએ એ પણ ન મળે. સમજાણું કાંઈ? આ તો પરમેશ્વરના પંથ છે, ભાઈ! આ કાંઈ રાંકા અને ભિખારીના માર્ગ નથી. આહા..હા..! આ શું કહે છે એ પકડાતું નથી. પણ તારું મગજ એટલું કોઈ દિ' કેળવ્યું છે? કસરતમાં આવ્યો છો કોઈ દિ'? આ જ્ઞાનની કસરતમાં આવ્યો છે કોઈ દિ'? વ્યાયામમાં કોઈ દિ' આવ્યો નથી અને મને વ્યાયામ કેમ કરવો સમજાતું નથી. પણ કોઈ દિ' આવ્યો નથીને.

એમ આત્મા જ્ઞાનાનંદ ભગવાનની કસરત અંદરમાં એકાકાર થવું. એ પુણ્ય અને પાપના ભાવ બધા ચૈતન્યશક્તિથી સત્ત્વથી ભિન્ન છે. એવા નામ સાંભળ્યા ન હોય પછી એને રુચિ ને વિચારમાં આવે ક્યાંથી? અને અંદર ગોઠવે શી રીતે અંદર? ખાના ખાલી ગોઠવે શી રીતે ઈ?

શ્રોતા :— એ એની હોંશિયારી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— હોશિયારી કે દિ' હતી બહારની? ધૂળમાંય નથી. અંદરમાં હોશિયારી છે. એને એમ કે આપણે બહુ હુશિયાર છીએ. માનેને લોકો બિચારા એ તો. કેટલાક ભદ્રિકથી વાત કરતા હોય. સમજાણું કાંઈ?

ભાઈ! શાંત થાને, પ્રભુ! પરમેશ્વર ત્રણલોકના નાથ તારું પરમેશ્વરપદ કેવું છે ઈ બતાવે છે. ભાઈ! તારા પરમેશ્વરપદમાં શુભભાવની ગંધ નથી અને શુભભાવમાં ચૈતન્યના પ્રકાશનો એક અંશ પણ એમાં નથી. તો શું છે? જુગરાજજી! શુભભાવથી પરંપરા મોક્ષ થાય છે કહે છે કે નહિ? બીજા કહેતા હતા એમ ઈ કહેતા હતા કે બીજા લોકો આમ કહે છે. કહે છેને, ઈ તો સાંભળ્યું છેને ભાઈ! નથી સાંભળ્યું? આખી દુનિયાનું બધું સાંભળ્યું છે. નાના છોકરાથી માંડીને મોટા આચાર્ય નામ ધરાવનારા એ વાતું કરી રહ્યા છે. એ ક્યાં નવી વાત હતી? એ બધી સાંભળેલી નથી? પોપટભાઈ!

ભગવાન સર્વજ્ઞ કહે છે, ભાઈ! જ્ઞાનના તેજરૂપી સ્વરૂપનું સત્ત્વ એનાથી જેટલા ભાવ છે એ ચૈતન્યથી શૂન્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની ભૂમિકામાં શુભભાવ થાય. જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એ શુભભાવ પણ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. એનાથી કંઈ આત્માને લાભ નથી, એમ કહે છે. આહા..હા..! રતિભાઈ! ભાઈ! તારા ચૈતન્યના સાગરમાં રાગના કણિયા ક્યાંથી હોય? અને રાગનો જ્યાં કણ ઉઠે છે એમાં ચૈતન્યનો પ્રકાશ ક્યાંથી હોય? સમજાણું? એ ચૈતન્યશક્તિથી '**શૂન્ય જે આ ભાવો છે...**' પાછા હોં! સિદ્ધ કર્યું છે ભાઈ ઈ. શું? આ ભાવો છે એમ સિદ્ધ કર્યું છે. પાછું વેદાંતની જેમ નથી. શુભ-અશુભભાવ છે, શુભ-અશુભભાવ છે. એકકોર શુદ્ધ ચૈતન્યશક્તિ છે, એકકોર શુભ-અશુભભાવ છે. સિદ્ધ કર્યું છે. ભ્રમ છે એમ નહિ, શુભ-અશુભભાવ થાય છે. સમજાણું કાંઈ?

'**જે આ ભાવો છે...**' એમ કીધું છેને? એકકોર ચૈતન્યશક્તિ છે એટલો જ માત્ર આત્મા કીધો છે. એકકોર શુભભાવ, વ્યવહારભાવ, પુણ્ય-પાપનો ભાવ એ છે, પણ ચૈતન્યશક્તિથી શૂન્ય ખાલી છે. ચૈતન્યશક્તિમાં એ ભાવ નથી અને એ ભાવમાં ચૈતન્યશક્તિ નથી. આહા..હા..! એ બધાય પાછા આ શૂન્ય છે પણ છે શું? '**તે બધાય પૌદ્ગલિક છે.**' આરે..! એ બધા પુદ્ગલના છે. કારણ કે પુદ્ગલના નિમિત્તે ઉત્પન્ન થયેલા બધા પુદ્ગલ છે. છે અરૂપી હોં વિકાર. પૌદ્ગલિક છે, ચૈતન્યની જાતના નથી. આહા..હા..! પોપટભાઈ!

શ્રોતા :— પુદ્ગલની જાતમાં નાખ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, એમાં નાખ્યા. જેના લક્ષે ઉત્પન્ન થયા તે તેની નાત અને જાતના છે. એ બધાય ભાવો છે, પૌદ્ગલિક છે. પાછું એમ સિદ્ધ કર્યું કે છે. આત્માના જ્ઞાનમાં જાણવાલાયક છે. સમજાણું કાંઈ? આદરવાલાયક નથી.

'**વળી, (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—**' આ તો બે આધાર આપ્યા છે હોં. હવે પોતે કહે છે.

(मालिनी)

अनवरतखण्डज्ञानसद्भावनात्मा
व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।

अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः
परपरिणतिदूरं याति चिन्मात्रमेषः।।६०।।

શું કહે છે? '**શ્લોકાર્થ :— સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા...**' એટલે? 'હું એક અખંડ જ્ઞાન છું, હું આ અખંડ જ્ઞાનમૂર્તિ છું' એવી સાચી ભાવના જેને એકાગ્રતામાં જેને નિરંતર વર્તે છે. શું કીધું? હું અખંડ જ્ઞાન છું. છેને? '**જ્ઞાનની સદ્‌ભાવનાવાળો...**' એમ જ કીધુંને? જ્ઞાનની સદ્‌ભાવનાવાળો. જ્ઞાન છું. અખંડ જ્ઞાનની ભાવના. 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી અંતર ભાવના—એકાગ્રતાવાળો જેને નિરંતર ભાવના અંતરમાં એકાગ્ર વર્તે છે તે આત્મા. 'હું અખંડ જ્ઞાન છું' એ વસ્તુ થઈ, પણ એવી સાચી ભાવના જે એકાગ્રતા, એવી અંતર જ્ઞાનમૂર્તિની એકાગ્રતા એ જ હું (એવું જેને) નિરંતર એવું વર્તે છે એ આત્મા. '**સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,...**' આહા..હા..! એ શુભ અને અશુભરાગ એ સંસારનું ઘોર રૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના સાગરનું પૂર પ્રભુ ચૈતન્ય એની નિરંતર એકાગ્રતાની ભાવનાવાળો એને આ સંસારના ઘોર વિકલ્પ. એ શુભપરિણામ ઉઠે કે અશુભ, એ સંસારના ઘોર વિકલ્પ છે. એને અંતરની એકાગ્રતાવાળો એ વિકલ્પને પામતો નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— ઘોર વિકલ્પ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આકરો વિકલ્પ છે, બંધનું કારણ, દુઃખનું કારણ ઝેર છે, એમ કહે છે. આહા..હા..!

એ હીરા સરાણે ચડે એના પાસા પડે પ્રકાશના. સમજાણું કાંઈ? એમ ચૈતન્યહીરો ભગવાન અનંતગુણના પિંડથી ભરેલો એની એકાગ્રતાની સરાણે ચડે ત્યાં ઊપજે નિર્વિકલ્પ શાંતિ એમ કહે છે. એમાં વિકલ્પ તો ઘોર સંસાર છે. આહા..હા..! કહો, રતિભાઈ! ઓલો વિકલ્પ સંસાર હોં! બાયડી, છોકરા ને ઈ નહિ. બાયડી, છોકરા સંસાર નહિ તારો, ઈ તો પરવસ્તુ, ન્યાં ક્યાં તારો સંસાર ગરી ગયો છે. આહા..હા..! ભારે પણ મુનિપણું! કડક હશે આ? ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનના સૂર્યથી અવિનાભાવી અનંતગુણવાળો પ્રભુ એની અંતરની અંતર સ્વભાવની સન્મુખતાની એકતા ભાવનાવાળો એને આ વિકલ્પ તે તો સંસાર ઘોર છે. આ બાજુ એકાગ્ર થાય તો આવા વિકલ્પને પામતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવા મુનિના વચનને માન્ય ન રાખે, ભાઈ! કાંઈ વાંધો નહિ, બાપા! હરકત નહિ હોં! એ તને નડે બાપા, નડશે તને.

શ્રોતા :— અત્યારે વર્તમાનમાં જ નડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— નડે છે, હેરાન થઈ જાય છે આત્માની ચીજના ભાન વિના. આહા..હા..! શાસ્ત્ર તો કહે છે કે આત્માના અનુભવના જ્ઞાન વિના જંગલમાં ઢોર અને ગામમાં કૂતરા, બેમાં કાંઈ ફેર નથી. આહા..હા..! સમજાણું? કોઈ મુનિ નામ ધરાવી જંગલમાં ફરે

અને કોઈ ગામમાં રહે પણ જેને આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિતનો દૃષ્ટિ અને અનુભવ નથી એ બધા જંગલના ઢોર અને ગામના કૂતરા અને ગાયું જેવા છે. આહા..હા..! અનુભવપ્રકાશમાં કહ્યું છે. અનુભવપ્રકાશ ગ્રંથ છેને? એમાં કહ્યું છે. આહા..હા..!

શ્રોતા :— પ્રજ્ઞાછીણી તીક્ષ્ણ છે ને એને તિખી કરી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— તિખી કેવી હોય જુઓ, ચક્રવર્તીને તલવાર સાંભળી છે? ચૌદ રતન છે, ચૌદ રતન ચક્રવર્તીઓને હોય છે. એમાં એક રતન તલવાર હોય છે, એક હજાર દેવ સેવા કરે. જેમ ભરત ચક્રવર્તી ઋષભદેવ ભગવાનના પુત્ર. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર હતાને. એને પૂર્વના પુણ્યથી એવા સંયોગમાં એક તલવાર એવા ચૌદ રતન હોય છે. એક એક રતનની હજાર દેવ સેવા કરે. એક તલવાર હોય છે એને. એ તલવારની હજાર દેવ સેવા કરતા હોય છે. એ તલવારનું તેજ એવું હોય છે કે હીરાના થાંભલા હોય આમ કાકડી કાપે એમ કાપી નાખે. એ તલવારનું એવું તેજ છે કે હીરા હોં હીરા, હીરાના થાંભલા એટલે એક એક હીરો કરોડનો, એને સરાણે ચડતા અગ્નિ ઝરે, અગ્નિ ઝરે એવી તીક્ષ્ણતા હીરાની. એટલી કઠણાઈ. એવા હીરાથી બનેલો થાંભલો હોય મોટો પાંચ હાથનો આમ પહોળો ચક્કર મારતો અને આમ ઊંચો પચ્ચીશ હાથનો. સમજાણું કાંઈ? એ તલવાર આમ કાકડીને આમ કાપે એમ ફડાક દઈને કાપી નાખે! સમજાણું કાંઈ? એવી આ પ્રજ્ઞાછીણી તીખી છે કે રાગ અને સ્વભાવને કાપીને જુદાં પાડી નાખે. સમજાણું કાંઈ? એ તો અત્યારે સંચા આવ્યા છે કે ખબર ન પડે, નહિ? આ નવરંગભાઈને ન્યાં સંચા જોયા હતા. ઓલા લોઢાના હથિયારો બહુ ઊંચા પહોળા. એટલા ઊંચા કે આમ કરે ત્યાં કાપી નાખે. ધોળા લોઢાના બહુ ઊંચા બહુ હથિયાર કિંમતના ઘણા, નવરંગભાઈને ત્યાં એક ફેરી જોયા હતા. કબાટમાં પડ્યા હતા લોઢાના પહોળા આમ. એને ખબર ન પડે ત્યાં કટ થઈ ગયું હોય. કપાટ ભર્યા છેને એક કોર. જોયા હતા એક ફેરી, નહિ? જોયેલા. ધોળા ઉજળા અને ઝીણી ધાર!

એમ અહીં કહે છે કે આ પ્રજ્ઞાછીણી ભગવાન ચૈતન્યજ્યોત એનાથી વિકલ્પ ભિન્ન શૂન્ય ચૈતન્યથી શૂન્ય એને ભેદ પાડવાને પ્રજ્ઞાછીણી તીખી ઉગ્ર છે. કહો, સમજાણું કાંઈ? આ ભેદજ્ઞાન આનું નામ છે. આહા..હા..! રાગને અને સ્વભાવને—આત્માને એક માનવો એ અભેદ છે, મિથ્યાત્વ છે, ઘોર સંસાર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? '**સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...**' ધર્માત્મા આત્માના ચૈતન્યસ્વરૂપના ... ભગવાન જ્ઞાનસ્વરૂપને આત્મા સ્પર્શતો અને વિકલ્પ જે ઘોર સંસારનું મૂળ છે એને નહિ ઉત્પન્ન થતો, નહિ પામતો એટલે નહિ ઉત્પન્ન થતો. નિર્વિકલ્પ સમાધિ (અર્થાત્) અંદર રાગ વિનાની આત્મામાં શાંતિને પ્રાપ્ત કરતો થકો. સમ્યગ્દૃષ્ટિ જીવ, આત્મજ્ઞાની જીવ, ધર્મીજીવ એ પોતાના આત્માના અંતર શુદ્ધમાં એકાગ્ર થતો વિકલ્પને નહિ પ્રાપ્ત થતો, નિર્વિકલ્પને પ્રાપ્ત થતો. નિર્વિકલ્પ નામ રાગ વિનાની શાંતિ. સમજાણું કાંઈ? '**समाहिवर मुत्तं दिंतु**'

નથી આવતું લોગસ્સમાં? એ સમાધિ બીજી છે. આ લોકો બાવા બાવા કરે ઈ સમાધિ નહિ. અર્થ પણ ન આવડતા હોય. **'समाधिवर मुत्तं दिंतु चंदेसु णिमलयरा, विहूय रयमला'** હાંકે રાખે ગાડા. શબ્દના અર્થની ખબર ન હોય, ભાવ તો ક્યાં રહ્યો હવે.

અહીં તો કહે છે કે નિર્વિકલ્પ સમાધિ. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનું પૂર તેમાં પેઠો અવગાહન કરતો એકાગ્ર (થતો) નિર્વિકલ્પ નામ રાગ વિનાની શાંતિને પ્રાપ્ત કરતો થકો **'પરપરિણતિથી દૂર,...'** જે ઓલો વિકલ્પ કહ્યો હતો રાગ એનાથી દૂર. રાગ ઉત્પન્ન થતો જ નથી ત્યાં. એકાકાર જ્ઞાનમાં હોય ત્યાં રાગ છે નહિ. પરપરિણતિ એટલે પુણ્ય-પાપનો વિકલ્પ એવી વિકારી અવસ્થા એનાથી દૂર. **'અનુપમ,...'** ઉપમા વિનાનું અને **'અનઘ...'** 'દોષ રહિત, નિષ્પાપ, મળરહિત.' **'चिन्मात्रने (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે.'** અનઘ ભગવાન જ્ઞાનસ્વરૂપ એવો ચિન્માત્ર જ્ઞાનમાત્ર પ્રભુ આત્મા એને સમ્યગ્દૃષ્ટિ અંતરમાં એકાગ્ર થતો રાગને નહિ પામતો, અરાગની પર્યાયને પામતો ચૈતન્યમાત્ર આત્માને પામે છે. કહો, સમજાય છે કાંઈ? વાત કેવી આ તે કઈ ધર્મકથા હશે? આવી તે વીતરાગની કથા હશે આ? એમાં કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવો, ભક્તિ કરવી, કારતક પૂનમે દરરોજ જાત્રા કરવી, નવ્વાણુ કરવી એવું કાંઈ આવ્યું આમાં? અરે..! એ તો વિકલ્પની વાતું છે, સાંભળને! ધર્મ તો આ છે. સમજાણું કાંઈ? એ.. ધીરૂભાઈ!

રણે ચડ્યા રજપૂત છૂપે નહિ. એમ વીતરાગ માર્ગે ચડ્યા એ જ્ઞાની ધર્મી છૂપે નહિ. બેં.. બેં.. કરતો અહીં ધર્મ થાય, ધૂળમાંય નથી સાંભળને! ચૈતન્યહીરાના ડુંગરા પડ્યા છે અંદર સ્વભાવ એમાં એકાકાર થયે તને શાંતિ મળે, બાકી ધર્મ-બર્મ બીજેથી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પાધરી એલ.એલ.બી.ની (વાત)? એકડા, બગડા, ત્રગડા શીખવા કે નહિ? સાંભળને હવે. આ એકડાની વાત છે આ. એઈ..! ધીરૂભાઈ! ભગવાન આત્મા ક્યાંય અધૂરો છે? ક્યાંય એ પૂરેપૂરો ન પડે એવો છે કે જેથી એને રાગનું શરણ લેવું પડે? આહા..હા..! એ રાગથી તો ભગવાન ખાલી છેને. ખાલી છે એમાંથી શરણ શેનું લેવું? એમ કહે છે. ભારે વાત છે હોં! કેટલાકને એમ થાય, લ્યો, આવું માનવા જઈએ તો તાળા દેવા પડે. શેને? વિકારને. સાંભળને! એ.. ચીનમલાલભાઈ! શું કરવું? અપાશ્રયને તાળા દેવા પડે. આવું કહે તો આવે નહિ સામાયિક કરવા, પોષા કરવા કોઈ આવે નહિ. સાંભળતા ધ્રુજી ઉઠે. હાય.. હાય..! કાયરના કાળજા કંપી ઉઠે અંદરથી. આ આત્માનો ધર્મ છે. અહીં તો વીતરાગ કહે છે. પરમેશ્વરના ત્રણલોકના નાથ એમ કહે છે અનંત તીર્થંકરો, તારા આત્મામાં તારો ધર્મ નામ સ્વભાવ છે. ત્યાં જા, ત્યાં પ્રાપ્ત થશે. બાકી ક્યાંયથી ધર્મ મળે એવો નથી. આહા..હા..! શેના પચ્ચખાણ? ધર્મ નહિ કરવાના? આનું નામ પચ્ચખાણ છે કે આત્મસ્વભાવની દૃષ્ટિ કરી એકાકાર થાય, રાગની ઉત્પત્તિ ન થાય એનું નામ પચ્ચખાણ અને ચારિત્ર કહેવામાં આવે છે.

ઘોર વિકલ્પને પામતો નથી! ભાઈ! આ તો સત્યના સ્વરૂપ આવા છે, ભાઈ! સમજાય છે? એ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગ સિવાય આ વાત બીજે ક્યાંય ગંધમાંય ન મળે. સમજાણું કાંઈ? કોઈ બીજે વાત કરતા હોય કે આત્મા આવો છે ને આવો છે, બધી વાત ગપ મારનારા. સર્વજ્ઞ પરમેશ્વરે આ એક આત્મા આવો અનંતગુણનો પિંડ સર્વજ્ઞમૂર્તિ આત્મા જોયો છે. એની સન્મુખ થવાથી અને વિભાવની વિમુખતા કરીને અંતરમાં એકાગ્ર થવું એ જ એક ધર્મ વીતરાગ જૈન પરમેશ્વરનો છે. સમજાણું કાંઈ? બાકી બધા વાતું કરનાર વેદાંત ને ફલાણું ને ઢીકણું.. બધા ગપગોળ મારનારા છે. એક્કે અંશે સાચો નથી.

શ્રોતા :— થોડો સાચો રહેવા દો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— થઈ રહ્યું ત્યારે. થોડો સાચો એટલે શું? દોઢ ડાહ્યો એટલે બધું ડોઢ ડાહ્યું... આહા..! ભાઈ! પરમેશ્વર ત્રણલોકના નાથ જેને ઈન્દ્રો સેવા કરે છે. શક્રેન્દ્ર અને ઈન્દ્રો જેની સભામાં ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ ત્રણલોકના નાથ પાંચસો ધનુષનો દેહ, ક્રોડ પૂર્વનું આયુષ્ય સીમંધરપ્રભુ બિરાજે છે. એની ધ્વનિ ઓમ સમવસરણમાં નીકળે છે. અત્યારે, સમજાય છે? ભગવાન બિરાજે છે. એ ભગવાન અને અનંત તીર્થંકરોએ આ કહ્યું છે. સમજાણું કાંઈ?

જે અનુપમ-ઉપમા ન મળે, પરપરિણતિથી વિકારથી દૂર, અનઘ અને નિષ્પાપ, મળરહિત એવા જ્ઞાનમાત્રને પામે છે. એવા આત્માને અંદર પ્રાપ્ત કરે એનું નામ ધર્મ છે. રાગને પ્રાપ્ત કરવો ને સંયોગને પ્રાપ્ત કરવો એ તો બધી બહારની વાત છે. એ કંઈ આત્મા નથી અને એને ધર્મ પણ નથી. સમજાણું કાંઈ? પછી જરી આધાર આપે છે.

(स्रग्धरा)

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः।
वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः।।६१।।

૯૦ પાને છે શ્લોક. એનો અર્થ નીચે. હવે આ શું કરવા કહે છે? કોઈને કડક લાગે કે આ કોનું કહેલું છે?

'શ્લોકાર્થ :— ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...' મહાવીરના ચરણને ઈન્દ્રો, જેના મુગટમાં સુંદર રત્નોની માળા હતી એ ભગવાનના ચરણને પૂજે છે. ભક્તિથી નમેલા. મુગટ હતા. શક્રેન્દ્ર જ્યારે ઈશાનઈન્દ્ર ભગવાનના દર્શન કરવા આવે છે સમવસરણમાં, શક્રેન્દ્ર ઈન્દ્ર પહેલા દેવલોકનો સુધર્મ દેવલોક, બત્રીસ લાખ વિમાનનો માલિક છે શક્રેન્દ્ર. બીજા દેવલોક ઈશાનઈન્દ્ર. અઠ્યાવીશ લાખ દેવલોક છે એ બધા આવે છે, કહે છે કે ભક્તિથી નમેલા દેવેંદ્રો. એવા દેવના ઈન્દ્રો

ભક્તિથી નમી ગયા છે. પરાણે નહિ, એમ કહે છે. આમ ભગવાન પરમાત્મા બિરાજતા હતા, ભક્તિથી (નમી ગયા છે). સમજાણું કાંઈ?

'ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે...' સુંદર રત્નની માળા વડે **'જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...'** ભગવાનને આમ નમે છે. **'એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો...'** એવા મહાવીર તીર્થાધિનાથ એ દ્વારા આ સંતો એટલે ધર્માત્મા જીવો. આ કહ્યું છે એ જ ભગવાને કહ્યું છે એમ કહે છે. **'જન્મ-જરા-મૃત્યુનો નાશક...'** **'જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ પાપસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને,...'** આ કીધો ઈ. એવા ઉપદેશને પણ ઉપદેશ ભગવાનનો આવો આવ્યો છે એમ કહે છે. આ અમે અમારી કલ્પનાની વાત નથી (કરતા). ભગવાનના મુખમાંથી આવો ઉપદેશ આવ્યો છે. જેને સો ઈન્દ્રો નમન કરતા હતા સમવસરણાં. ભગવાન તો વીતરાગ છે. અત્યારે પણ પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. ઈન્દ્રો નમે છે આમ બાળકની જેમ, પ્રભુ! ઈન્દ્રો, દેવના ઈન્દ્રો. જેના મુગટ નમી રહ્યા છે રતનની માળાથી. એનાથી ચરણને પૂજે છે. એવા મહાવીરે તીર્થાધિનાથ દ્વારા આ સંતો, આ દ્વારા કહેલું હોં! સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈ કહેનારા આવી વાત હોઈ શકે નહિ ત્રણકાળમાં. ઓલા કહેને, મહાવીર અને મહમદ બેય એક. અર..ર..ર..! મહાવીર અને ઈસુ ખ્રિસ્ત બેય એક. ગજબની વાત! એવી વાત સાંભળવા જૈનો જાય! સમજાણું કાંઈ? એઈ..! ત્યાં કહેતા હતા તમારે ઓલો, ભાઈ આવ્યા હતાને ગુલાબરાય. સાહિત્યકાર છેને? પ્રાણભાઈના ભાઈ. મોટો હુશિયાર છેને. એની સભા ભરાણી હતી. એમાં એને મોઢાઆગળ મુખ્ય હતો. બુદ્ધિવાળો બહુ છે. અહીંયા આ ફેરી રહી ગયા હમણાં. ઈ કહે, મારી મુખ્યતામાં રજનીશે ભાષણ કર્યું કે મહમદ એમ કહે કે મહાવીર પાક્કા મુસલમાન છે. મહાવીર એમ કહે કે મહમદ પાક્કો જૈન છે. ઈસુ ખ્રિસ્ત એમ કહે કે મહાવીર પાક્કા ક્રિશ્ચિયન છે. મહાવીર એમ કહે કે ઈસુ ખ્રિસ્ત પાક્કા જૈન છે. અર..ર..ર..! અને આવી વાતને સાંભળવા જૈન નામ ધરાવનારા જાય. એઈ..!

અહીં કહે છે કે આ વાત વીતરાગ મહાવીર સિવાય ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. એની સાથે ક્યાં ઈસુ ખ્રિસ્ત અને ક્યાં મહમદને મેળવે. પણ ખબર ન મળે વાતની. ચીમનભાઈ! કાંઈક વાત કરે છે ઊંડી ઊંડી જવાની. જાય બિચારા સાંભળવા.

શ્રોતા :— સમન્વય..

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમન્વય શેના? સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો અને એનો માર્ગ કહ્યો એવો માર્ગ ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. એની વિશેષ વાત કરશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૬, સોમવાર, તા. ૧૧-૦૪-૧૯૬૬,
શ્લોક-૬૧, ગાથા-૪૩, પ્રવચન નં. ૪૮

નિયમસાર, ૪૨મી ગાથાનો ૬૧મો કળશ છે. થોડો બાકી છેને, થોડો. ફરીને જુઓ. આ ઉપદેશ કોણે કર્યો છે એમ કહે છે. '**ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમના ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર...**' ભગવાન. જેના ચરણ દેવેંદ્રોની મુગટની રત્નમાળા દ્વારા પૂજાય છે. એટલે મુગટમાં રત્નમાળા છે. અને ભગવાનને વંદન કરે છે. એવા મહાવીર, છે શેઠ? ક્યાં છે? '**એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો...**' મહાવીર તીર્થાધિનાથ દ્વારા. સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન મહાવીરે કહેલો ધર્મ આ સંતો ધર્માત્મા ભગવાન મહાવીરે કહેલા ધર્મ દ્વારા '**જન્મ-જરા-મૃત્યુનો નાશક...**' જન્મ, જરા, મૃત્યુનો નાશક ભગવાનનો ઉપદેશ છે.

'**દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ...**' ઉપદેશ છે. પુણ્ય અને પાપના ભાવ એ દુષ્ટ પાપસમૂહ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્ય આનંદજ્યોત એનાથી વિરુદ્ધ પુણ્ય અને પાપના ભાવ, એ વ્રત-અવ્રતના બેય ભાવ દુષ્ટ પાપસમૂહરૂપી અંધકાર છે. એનો ધ્વંસ કરવામાં ચતુર ભગવાનનો ઉપદેશ છે. મહાવીર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થાધિનાથ એ દ્વારા કહેલો સંતોએ ધર્માત્માએ જન્મ-જરા-મૃત્યુનો નાશક. આ કેમ લીધું? ચાર ગતિ નથી એમ કીધું હતુંને? આત્મામાં ચાર ગતિ નથી. જન્મ-જરા-મૃત્યુ નથી એમ કહ્યું હતું મૂળ શ્લોકમાં. સમજાણું? એ કેમ કહ્યું? જન્મવું, વૃદ્ધાવસ્થા અને મરણ—એ શબ્દો હતા. એનો નાશક અને દુષ્ટ પાપસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ સમજીને. જુઓ, ભગવાનનો ઉપદેશ એવો છે કે આત્મા જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના ભાવ એ ઘોર પાપસમૂહ છે. શેઠ! આ પુણ્યભાવ અને શુભ-અશુભભાવ જેને લોકો ધર્મ કહે છેને. આહા..હા..!

વસ્તુ સ્વભાવ જ્ઞાન, આનંદજ્યોત એનાથી વિરુદ્ધ ભગવાને કહેલો આ ઉપદેશ છે એમ સિદ્ધ કરે છે. સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર તીર્થાધિનાથ એમણે કહેલા ઉપદેશને. કેવો એ ઉપદેશ (છે)? કે જન્મ-જરા-મૃત્યુનો નાશ કરનાર, ગતિનો નાશ કરનાર અને દુષ્ટ પાપસમૂહ એ ગતિનું કારણ જે અંધકાર, એ પુણ્ય-પાપરૂપી ભાવ છે એ અંધકાર છે. પોપટભાઈ! આ પુણ્યને લઈને પૈસા મળ્યા એ પુણ્યભાવ અંધકાર હતો એમ કહે છે. સમજાણું કે નહિ? શેઠ! આ ધૂળ મળીને પાંચ, પચાસ લાખ કે કરોડ (મળે ઈ). શું મળ્યું? ધૂળ. તમાકુ ને બીડી ને બંગલો. એ તો ધૂળ. ઉપાધિ એ નથી. ઉપાધિ તો એને મારા માનવા એ ઉપાધિ છે. એ

ચીજ તો પર છે. સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરનો ઉપદેશ કેવો છે? કે સંતોને જન્મ-જરા-મરણનો નાશક અને દુષ્ટ પાપસમૂહરૂપી અંધકાર છે અંધકાર, ચૈતન્યજ્યોત જ્ઞાનાનંદસ્વભાવ એનાથી વિરુદ્ધ ભાવ છે ઈ. સમજાણું કાંઈ? રતિભાઈ! આહા..હા..! ભારે ભાઈ! ... તિરસ્કાર નથી. એનું જે સ્વરૂપ છે એવું એને બતાવે છે. એમ કીધુંને? એવો '**ઉપદેશ સમજીને,...**' એને સમજવો જોઈએ ધર્માત્માએ કે ભગવાન પરમાત્માનો ઉપદેશ એવો છે કે ચાર ગતિનો નાશક અને ચાર ગતિના કારણરૂપ શુભાશુભભાવ એ અંધકાર છે એનો એ નાશક છે, ભગવાનનો ઉપદેશ. એ ઉપદેશમાં એમ આવ્યું છે કે ચૈતન્ય ભગવાન આત્મા એનું અવલંબન જ્ઞાનથી તન્મય પ્રભુ એ વિકારથી તન્મય આત્મા નથી, એકમેક નથી, ચૈતન્યના નૂર અને તેજના પ્રકાશથી આત્મા તન્મય-એકમેક છે અને પુણ્ય-પાપના ભાવ જે અંધકાર એનાથી આત્મા તન્મય એકમેક નથી. કહો, સમજાય છે કે નહિ? બહુ સાદી ભાષા છે, ગુજરાતી એવી કંઈ (કઠણ) નથી. આહા..હા..! સાંભળવા બિચારાને મળે નહિ. આખો દિ' આ કરો ને આ મૂક્યું ને આ દીધું. થઈ ગયા ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! સમજાય છે કાંઈ? પોપટભાઈ! આ દાન કર્યું ને ધર્મ થઈ ગયો. હિંસા ન કરી, દયાનો ભાવ થયો એટલે ધર્મ થઈ ગયો. ભગવાનની પૂજા કરીને ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! એ તો શુભભાવ છે.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— સાંભળવાનો વિકલ્પ ઉઠે એ પણ શુભભાવ છે.

એ મહાવીર પરમાત્મા ત્રિલોકનાથનો ઉપદેશ એ છે, અંધકાર શબ્દ કેમ વાપર્યો છે? ચૈતન્યના તેજથી ભરેલો ભગવાન પ્રકાશનો ચૈતન્યસૂર્ય. ચૈતન્યસ્વભાવ વસ્તુ સૂર્ય. ચૈતન્યસ્વભાવ સૂર્ય વસ્તુ એ ભગવાન. આત્મા એટલે ચૈતન્યસ્વભાવનો સૂર્ય. આહા..હા..! એનાથી પુણ્ય અને પાપના ભાવ બેય ચૈતન્યના પ્રકાશથી વિપરીત અંધકારમય છે. એ.. રતિભાઈ! આ તમારા પૈસા મળ્યા ઈ પુણ્યથી અને પુણ્ય બંધાણું શુભભાવથી અને શુભભાવ એ અંધકારમય હતો એમ કહે છે. ખબર નથી શું ભગવાનનો ઉપદેશ છે, ભગવાન શું કહે છે. પોતાની કલ્પનાએ, ભગવાન આમ કહે છે, છકાયની દયા એ ધર્મ છે. હવે સાંભળને. પરની દયા પાળી કોણ શકે છે? પરદ્રવ્ય સ્વતંત્ર છે. એની પર્યાયનું થવું કે જવું એ બીજા આત્માના અધિકારમાં છે જ નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એ વાત નથી લીધી. અહીં તો જે પર તરફના વલણવાળો શુભ અને અશુભભાવ જે ચૈતન્યના સ્વભાવના તેજના ભાવથી વિપરીત અને ઊલટો છે (તે અંધકારમય છે એમ કહે છે). સમજાણું કાંઈ? ઘણાને એમ કે અમે શાસ્ત્ર સમજીએ છીએ અને અમે શાસ્ત્ર વાંચીએ છીએ. હવે સમજ્યા, સાંભળને કહે છે. આ સમજીને એમ કહે છે. સમજાય છે? આ સમજીને.

લખ્યું છે? સમજીને. થોડી થોડી ભાષા સમજી લેવી, દીપચંદજી! થોડું થોડું તમારા બાપુજીએ નાખ્યું છેને. ગુજરાતીમાં નાખ્યું તો કાઠીયાવાડમાં... તમારી પાછળ ઈ રાખશે કે નહિ અહીંયા? અહીંયા બહુ કાઠિયાવાડી માણસ આવેને. ગુજરાતી સહેલી ભાષા છે. એ કંઈ એવી નથી જરીક કોઈ ખાસ ખાસ કાઠિયાવાડી આવી જાય તો વળી જરી.. આહા..હા..!

પદ્મપ્રભમલધારીદેવ મુનિ હતા આના કરનારા. દિગંબર મુનિ સંત સંત. વીતરાગી મુનિ જંગલમાં રહેનારા. સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવું મુનિપણું અંદરમાં. ત્રણ કષાયનો નાશ, આત્માના આનંદની ભરતી-બાઢ. આત્મામાં અતીન્દ્રિય આનંદની ભરતી. એવા આનંદના અનુભવ કરવામાં આ વિકલ્પ આવ્યો છે જરી કે આ શાસ્ત્ર લખું. છતાં એ શાસ્ત્રના લખવાના કર્તા નથી. એ વિકલ્પને કહે છે કે પાપસમૂહ અંધકાર છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઉપદેશમાં જે શુભ વિકલ્પ ઉઠે છે એ પણ ચૈતન્યના પ્રકાશથી વિપરીત અંધકાર છે. આહા..હા..! ઓલા કહે, આ કરો. અમે તમને ઉપદેશ આપીએ તમને ધર્મ થઈ જશે. સાંભળને. આ ઉપદેશ વાણી તો જડ છે. આ વાણી તો જડ નીકળે છે. અંદર શુભરાગ થાય એ તો ચૈતન્યસ્વભાવના પ્રકાશથી ઊલટો ભાવ છે. હો ભલે, પણ છે અંધકાર. ચૈતન્યના પ્રકાશથી વિપરીત છે.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એનો આત્મા કામ આવે એમ કહે છે અહીં. ઉપદેશ સમજીને કીધુંને? એનો અર્થ કે એના ઉપદેશમાં ભગવાનના ઉપદેશમાં એ આવ્યું કે ભગવાન ચૈતન્યસૂર્ય વસ્તુ એના અનંતગુણથી ભરેલો ભગવાન તેમાં તન્મય, આનંદ અને જ્ઞાન આત્મા તન્મય છે, એકમેક છે એમ તારી દશા તન્મય એકમેક કર. સમજાણું કાંઈ? વર્તમાન જ્ઞાનની દશાને અંદરમાં તન્મય કર. એક, તન્મય તન્મય એકરૂપ. અને આ પુણ્ય અને પાપનો ભાવ અંધકાર ચૈતન્યના નૂરથી ભિન્ન છે, એનો એ સમજણભાવ નાશ કરનારો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવો ઉપદેશ સમજીને. શું સમજ્યો? '**સત્શીલરૂપી નૌકા વડે...**' આ ભવાબ્ધિ કીધીને? ભવરૂપી મોટો દરિયો. ભવ સંસારરૂપી મોટો દરિયો. ભવાબ્ધિ એને સત્શીલરૂપી નૌકા. સાચા સ્વભાવરૂપી નાવડી. ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાન એનું અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ અને સ્થિરતા. શુભ-અશુભ પરિણામરહિત શુદ્ધ સ્થિરતા, શુદ્ધ શ્રદ્ધા અને શુદ્ધ જ્ઞાન એ સત્શીલરૂપી નૌકા (છે). આ મોક્ષમાર્ગ છેને. આહા..હા..! મોક્ષમાર્ગ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે સત્શીલ. સત્શીલ એટલે કે ચૈતન્ય ત્રિકાળ આનંદમૂર્તિની અનુભવ અંતર દૃષ્ટિ, અંતર જ્ઞાન અને અંતરની રમણતા એ વીતરાગી સત્શીલરૂપી નૌકા. પુણ્ય-પાપના વિકલ્પરહિત સત્ આત્માના સ્વભાવનું તન્મયપણું થઈને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે એ સત્શીલરૂપી નૌકા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વડે '**ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' ધર્માત્મા પોતાનો સ્વભાવ

અનંત અનંત શાંત અને જ્ઞાનના સ્વભાવરૂપી સૂર્યથી ભરેલો તેમાં તન્મય એકાકાર થઈ પુણ્ય પાપના અંધકારનો નાશ કરી આ સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના કિનારાને પાર પામી જાય છે. કહો, સમજાણું આમાં? આ આકરું ભારે પડે હોં! રતિભાઈએ પાછું એકકોર મંદિર, માનસ્તંભ આ, આ... પાછી એની ઉજવણી કરશે ન્યાં અગિયારસ ને રવિવાર આવશે ત્યારે. આ રાજકોટના રતિભાઈ શેઠ છે. માનસ્તંભનું અહીંયા લાખ રૂપિયા નાખીને .. ખર્ચે છે એમ કહે છે માણસ.

અહીં તો કહે છે કે પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! એ પૈસા અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની પર્યાયનું પરિણમવું એ અજીવતત્ત્વને લઈને છે. એનું ક્યાંય જાવું-આવવું એ કંઈ તારા આધીન છે નહિ.

શ્રોતા :— આપે પહેલી વાત કરી ખર્ચાય છે અને આ મેળ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ ખર્ચાય છે એમ કીધું. ખર્ચે છે એમ ક્યાં કીધું? ખર્ચે છે એનો અર્થ ઈ કે ત્યાં આગળ એનો વિકલ્પ હતો અને ત્યાં રજકણો એવી રીતે થવાના હતા. બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ? અજીવતત્ત્વની પર્યાય અજીવથી થાય. આત્મામાં પુણ્ય-પાપનો પર્યાય અંધકારરૂપી વિકાર છે એ સંસારનું કારણ છે. ગતિનું કારણ કહો કે સંસારનું કારણ કહો. માથે તો કહ્યું હતું કે સંસારના ઘોર વિકલ્પને પામતો નથી. ભારે કડક છે. ઓલા કહે, નહિ, રતનચંદજી. અરે..! સાંભળ, ભગવાન!

તારો ચૈતન્યરતન પ્રભુ અનંત અનંત ચૈતન્યના પૂરથી ભરેલું તત્ત્વ છે. આનંદનો સાગર આત્મા છે. અતીન્દ્રિય સાગરથી ભરેલો આત્મા છે. એવા મહાન સાગરસ્વભાવની અંતર દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું અને એમાં સ્થિરતા થવી એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય તે સત્શીલરૂપી નૌકા છે. એ દ્વારા ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે, મોક્ષ જાય છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હોંશ ઊતરી જાય. એક જણ એમ કહેતા હતા, લ્યો. હોંશ, બાપુ! ભાઈ! ભગવાન આત્મા અનંતગુણનો પિંડ છેને પ્રભુ, ત્યાં ઉત્સાહ કરવા જેવો છે અને વિકારનો ઉત્સાહ તો રુચિમાંથી છોડવા જેવો છે, ભાઈ! એ વિના તારા સંસારના અંત નહિ આવે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! શું હશે આમાં? આ પૈસા-બૈસા ખર્ચવામાંથી કેટલો સંસારનો અંત થાતો હશે? એની પાસે ... એ પૈસાવાળા માણસ છે એ ... અહીં શું કહે છે?

સત્પુરુષો, સંત એટલે સત્. ભગવાનનો આવો ઉપદેશ સમજીને. ભગવાન આમ કહેવા માંગે છે (એમ) પહેલું સમજવું જોઈએ એને. ત્રિલોકનાથ પરમેશ્વર અનંત તીર્થંકરો એનો ઉપદેશ આ છે એમ પહેલું એને સમજવું જોઈએ. જેટલો આત્મામાં શુભ અને અશુભનો રાગ ઉઠે એ અંધકાર ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. એનો અભાવ કરવાની શક્તિ ચૈતન્યમાં એનો નાશ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? એને રાખવું એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! શુભભાવની રક્ષા કરવી, સેવા કરવી એનો સ્વભાવ નથી. એનામાં ઈ છે જ

નહિ. આહા..! ભારે વાત, ભાઈ! આ વાત એના ખ્યાલમાં આવવી જોઈએ હોં! ખ્યાલમાં. ખ્યાલ વિના એને એ વાતની રુચિ થાય નહિ. શા કારણે આમ છે એ કારણ એના ખ્યાલમાં આવવું જોઈએ.

અહીં તો ભવાબ્ધિ સંસારના દરિયા ઊંડા ચોર્યાશીના અવતાર અનંતકાળથી.. ઓહો..હો..! જુઓને, અત્યારે આ એક ફૂલ પાક્યું છું. આવું તો આટલા વર્ષોમાં કોઈ દિ' જોયું નથી. એટલા ફૂલ પાક્યા છે. કોણ જાણે ક્યાંથી આવી? લીમડામાં બહુ કોર પણ ઓહો..હો..! આમ નજર કરે તો... કોર(ને કારણે) એકલો ધોળો લીંબડો દેખાય છે. સામે દેખાય છે જુઓ. એકલો ધોળો. એટલા કોર. અહીંથી દેખાય છે, જુઓ! ઈ એક એક પાંદડી ફૂલની, એક ફૂલમાં છ-સાત પાંખડી હોય. એક પાંખડી આટલી કટકી લ્યે, એમાં એક રાઈની કટકી જેટલો ટૂકડો જુદો પાડે તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે અને એક એક જીવને તૈજસ અને કાર્મણ જુદાં નિમિત્તરૂપે શરીર છે. ઔદારિક એક અને તૈજસ અને કાર્મણ અનંત. સમજાણું કાંઈ? એક જણો કહેતા હતા, કેમ સમાતા હશે? ક્યાં ગયો? આણંદભાઈનો આવ્યો છે કે નહિ? આ અમારે આણંદભાઈનો છોકરો કહે, ઓલો પૂછતો હતો આવું ક્યાં સમાતું હતું? આ સાંભળતા નથી. જૈનના વાડામાં જન્મ્યા એને વ્યવહારની ખબર નથી. એઈ..! મોહનભાઈ! પૂછતો હતો કે નહિ તારો ભત્રીજો? ક્યાં સમાતા હશે?

દાખલો આપ્યો હતો સાધારણ. ઓલા પાવલી પાવલી ભાર દવા લ્યે અને કરોડ દવા હોય એનો બોળો કરે પછી લીંબુ નાખીને એકમેક કરે. આટલી રાઈ જેટલી ગોળી હોય એ ગોળીમાં એક કરોડ દવા આવી છે કે નહિ? આ તો સ્થૂળ વાત છે, કીધું. સમજાણું કાંઈ? બાપુ! સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વો પણ એણે જાણ્યા નથી. એ અહીં કહે છે કે અનંતજીવ એટલામાં એમાંથી ક્યારે માણસ થાય? અને માણસ થઈને પણ ક્યારે આર્યક્ષેત્રમાં અવતરે? એમાંથી પણ પાછા ક્યાં સુધી લાંબુ આયુષ્ય અને વળી જૈનકુળમાં આવે. જૈનકુળમાં આવીને પણ ક્યાં સાંભળવાનું આવું સાચું મળે. ગોળેગોળાનું સાંભળવાનું મળે. જે અનંતકાળ એનો જન્મ મરણ... જૈનમાં જન્મ્યા એ મરી ગયા જૈન થયા વિના. સમજાણું કાંઈ? આમ જુઓ તો ઢગલા આમ. સાંજે નીકળીએ તો.. ઓહો..હો..! અને ફૂલ તો ઊડે છે આમ. એક એક વેંત વેંત જેટલા. પવન આવે તો ઢગલા પડ્યા છે. છે કોઈ પૂછનાર દયાનો? કેમ છે બાપુ તને? અહીં જરીક તાવ આવે તો (પૂછે), ભાઈ! તમને કેમ છે? ઓલાને મારી નાખ્યા પગ કચડાય એટલે. કોણ પૂછે છે કોઈ? એ તો એના આયુષ્યની સ્થિતિએ પૂરું થાય છે. પણ આમાં મોંઘપ દુર્લભતા કેટલી!

અહીંયા તો કહે છે કે ભાઈ! તને મનુષ્યપણું મળ્યું હોય તો મહાવીરનો ઉપદેશ આવો છે એમ સમજ. સમજાય છે કાંઈ? એની દયા પાળવાનો ભાવ છે ઈ શુભ છે અને છતાં

શુભભાવ છે એની દયા પળે કે નહિ એ તો એને આધીન છે. એનું આયુષ્ય હોય તો બચે અને આયુષ્ય ન હોય તો ન બચે. એટલે કોઈ એને બચાવી શકે બીજો કહે, ઈ વાતમાં માલ કાંઈ નથી. એ ભાવ પણ શુભ છે. એ પણ ચૈતન્યના પ્રકાશના નૂરથી વિરુદ્ધ ભાવ છે. હાય..! હાય..! ઓલા રાડ નાખી જાય. અરે..! વ્યવહારદયા તે હિંસા? અરે..! લાખ વાર હિંસા, હવે સાંભળને, તને શું ખબર પડે! પરની દયાનો વિકલ્પ છે એ રાગ છે. રાગ એ સ્વરૂપની હિંસા છે. આહા..હા..! (શ્રોતા :- આટલી સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી કેવી રીતે સમજાય?) કહો, સમજાણું આમાં? પરમાર્થે દૃષ્ટિમાં તો શુભભાવ પણ ત્યાજ્ય છે. શુભભાવને ઉપાદેય માને તો ચૈતન્યપ્રકાશના નૂરનો અનાદર કરે છે. મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને સેવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાનનો આ ઉપદેશ સાંભળીને, સમજાણું? સમજીને ક્યાંથી કાઢ્યું? પહેલું '**इत्थं बुद्धवो**' '**बुद्धवोपदेशं**' આ ઉપદેશને સમજીને એમ કીધુંને? જુઓને, પહેલેથી નાખ્યું છે. આવો ભગવાન પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત કેવળી (થયા) એમાં છેલ્લા તીર્થંકર મહાવીર (થયા) એટલે એ નાખ્યા. મહાવીર ભગવાનના ઉપદેશમાં આમ આવ્યું હતું, ભાઈ! કે આ આત્મામાં જેટલો પુણ્ય અને શુભ-અશુભભાવ થાય એ બધો અંધકાર નાશ કરવાનો ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? એમ સમજીને '**સત્શીલરૂપી...**' જુઓ, ઓલું અસત્ હતું, ભાઈ! ઓલું પુણ્ય-પાપ તે અસત્શીલ હતું. શુભ-અશુભભાવ તે આત્મામાં અસત્શીલરૂપ છે. ભગવાનસ્વરૂપ ચિદાનંદ શાશ્વત સત્તાવાન એની સત્તાનો અંતર સ્વીકાર ને જ્ઞાન ને શાંતિ એવી સમ્યગ્દર્શન, જ્ઞાન, અવિકારી પરિણતિ તે સત્શીલરૂપી નૌકા છે. સમજાણું કાંઈ? એ વડે '**ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' ઈ ૪૨ થઈ. હવે ૪૩.

આ કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાન પાસે ગયા હતા, સીમંધર પ્રભુ પાસે. સંવત ૪૯. ત્યાં આઠ દિવસ રહી આવીને આ શાસ્ત્રો બનાવ્યા છે. સમજાય છે કાંઈ? હવે શુદ્ધભાવ છેને આ? આત્માનો ભાવ શુદ્ધ કેવો છે કે જેનો આશ્રય લેવાથી ધર્મ થાય અને શાંતિ થાય? એનો અધિકાર છે, એનો જ અધિકાર છે.

णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो।
णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।
નિર્દંડ ને નિર્દ્વંદ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

એનો શબ્દાર્થ પહેલો. '**આત્મા...**' ઓલો છેલ્લો શબ્દ છેને આત્મા, એનો અન્વયાર્થ. આત્મા એટલે આ શુદ્ધભાવ. એ '**નિર્દંડ,...**' છે. '**નિર્દ્વંદ,...**' છે. દંડ વિનાનો છે, દ્વંદ્વ વિનાનો છે, મમતા વિનાનો છે, શરીર વિનાનો છે, આલંબન વિનાનો નિરાલંબી છે, નીરાગ છે, નિર્દોષ છે, નિર્મૂઢ છે અને નિર્ભય છે. એવો ભગવાન આત્મા છે. એવા આત્માને અંતરમાં

અનુભવમાં શ્રદ્ધવો એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'ટીકા :— અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને...' ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મસ્વરૂપમાં **'સમસ્ત વિભાવનો અભાવ છે...'** સમસ્ત વિભાવનો અભાવ છે. મહા ચૈતન્યસત્તાના નૂર ભગવાન આત્માનું પૂર, ચૈતન્યસ્વભાવનો સાગર એવો આત્મા એમાં બધા પુણ્ય-પાપના વિભાવો જેટલા (છે) એનો બધાનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? પાંગળો હોયને જરી (એને) ટેકો દેને, લાકડીનો તો ઠીક પડે. અહીં તો કહે છે કે પાંગળો આત્મા છે જ નહિ. સમજાણું? અનંતવીર્યનો ધણી, અનંતવીર્યનો ધણી, અનંતસ્વભાવનો શૂરવીર શૂર એવો ભગવાન આત્મા જેમાં પુણ્ય-પાપના વિકલ્પ આદિ બધા વિભાવો તેના સ્વભાવમાં છે જ નહિ, છે જ નહિ, પર્યાયમાં છે. પર્યાયમાં-અવસ્થામાં અસ્તિ, સ્વભાવમાં નાસ્તિ. સમજાણું કાંઈ?

'મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી...' લ્યો. આત્મામાં દ્રવ્યકર્મ પણ નથી અને ભાવકર્મનો અભાવ હોવાથી. મન, વચનદંડને યોગ્ય કોણ?-દ્રવ્યકર્મ નિમિત્ત અને ભાવકર્મ અંદર અશુદ્ધ-ઉપાદાન. એ ભાવનો અભાવ હોવાથી ભગવાન આત્મામાં જડકર્મનો અભાવ છે, આઠે કર્મનો, અત્યારે, એને આત્મા કહીએ અને પુણ્ય પાપના ભાવકર્મ વિકારી શુભ-અશુભભાવ એનો વર્તમાન ભગવાન આત્મામાં અભાવ છે. એવા આત્માને નિર્દંડ કહીએ. નિર્દંડ છે. **'પરિકમામી'** આવે છેને? નિદંડે. આવે છે? કર્યું હતું? મોઢે કર્યું હતું? એમ! તમને ક્યાંથી આવડ્યું ઈ? નાનામાંથી રળવામાં વયો ગયો. શીખ્યા હતા. મનદંડ, વચનદંડ અને કાયદંડ આવે છે પડિકમણામાં આવે છે. '...' આવે છેને? '....' એક બોલથી તેત્રીસ બોલ આવે છે પડિકમણામાં. આવે છે, સાંભળ્યું છે? સાંભળ્યું છે. આ બધુ ભેગા હશેને સંભળાવ્યું હશે બધાએ. શ્રમણસૂત્રનો ચોથાનો એકથી તેત્રીસ બોલ. એક, બે, ત્રણ, ચાર, પાંચથી તેત્રીસ. ... છે. મોહનભાઈ! એ તમારે ન હોય ત્યાં. દેરાવાસીમાં નથી, સ્થાનકવાસીમાં છે. ગોખી જતા.

અહીં કહે છે કે મનદંડ, વચનદંડ અને કાયદંડ એને યોગ્ય દ્રવ્યકર્મ અને ભાવકર્મ. મનથી પુણ્ય-પાપથી દંડાવું, વચનથી પુણ્ય-પાપથી દંડાવું અને કાયથી દંડાવું એવો પુણ્ય-પાપનો ભાવ અને જડકર્મ નિમિત્ત ભગવાન આત્મામાં નથી.

શ્રોતા :— તો કોણ દંડાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ દંડાય પર્યાયમાં દંડ માને તો. એ 'દંડરૂપે હું છું' એમ માને ઈ દંડાય છે. એ દંડ મારામાં નથી, હું નિર્દંડ છું. આહા..હા..! સમજાણું કાંઈ? મન, વચન આ તો જડ છે, પણ અંદરમાં એના નિમિત્તમાં શુભ-અશુભભાવ થાય એ દંડ છે, એ દંડ છે. એનો સ્વીકાર કરવો કે હું છું, એ મિથ્યાત્વનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? ભાવકર્મ એ આસ્રવ છે અને જડકર્મ તે અજીવ છે. બેનો ચૈતન્યસ્વભાવમાં સ્વીકાર કરવો તે મિથ્યાત્વભાવ

છે. અને બેનો સ્વીકાર નહિ અને એકલો ચિદાનંદમૂર્તિ નિર્દંડ છે એવા સ્વભાવનો અંતર સ્વીકાર દૃષ્ટિમાં કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! ત્યારે એણે પડિકમણામાં તીદંડેહી કર્યું કહેવાય. ... કહો, સમજાણું આમાં? અમારે પંડિતજી છે, હિંમતલાલ. પુસ્તકમાં નથી આવતું? આ બધું એમણે કર્યું છે. ... સંસ્કૃત ટીકા ... ખબર ન પડે.

મનદંડ, વચનદંડ ભારે, ભાઈ! પહેલેથી .. અહીં ઉપાડ્યું. મનમાં જેટલું જોડાણ થાય એ મનદંડ છે. ભગવાન આત્મામાં જોડાણ થાય તે અદંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— કોઈકનો અપરાધ કર્યો હોય તો દંડ...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોનો અપરાધ કરતો હતો? કોઈ કોઈનો કરી શકતો જ નથી. કોઈનો અપરાધ કોઈ કરી શકતો જ નથી. પોતે જ પોતાના નિરપરાધી સ્વભાવને ભૂલી અને વિકારી ભાવનો સ્વીકાર તે અપરાધી પોતે પોતાથી થાય છે. કહો, સમજાય છે આમાં? કોને અપરાધ કોણ કરે? પરદ્રવ્યની સાથે અપરાધ-ફપરાધ ક્યાંથી આવ્યા? અપરાધની વ્યાખ્યા નથી મોક્ષ અધિકારમાં? સમયસાર. પડિકમણું, પ્રત્યાખ્યાન, આલોચના ને નિંદા એવો શુભભાવ છે તે અપરાધ છે. સમયસારનો મોક્ષ અધિકાર. આઠ બોલ આવે છે કે નહિ? પડિકમણું, આલોચના, મિચ્છામી દુક્કડમ એવો શુભભાવ તે ઝેર છે. એ અપરાધ છે, દંડ છે, એ ગુનો છે. હાય.. હાય..! એના રહિત ભગવાન આત્મા છે. એ.. ભગવાનજીભાઈ! એમણે બહુ પડિકમણા કર્યા.

મન, વાણી, દેહ તો જડ છે. અહીં મન રજકણો છે, વાણી જડ છે, કાયા જડ છે. એ તો કંઈ અપરાધ નથી. એના સંબંધમાં જોડાઈને શુભ-અશુભભાવ થવા એ દંડ છે. એ દંડ ભાવકર્મ છે, એનું નિમિત્ત જડકર્મ છે, બેય ચૈતન્યમાં નથી. ચૈતન્યપ્રકાશ જેને ભગવાન આત્મા કહીએ એ તો ઉપયોગમય છે. જ્ઞાન, દર્શનના ઉપયોગમય છે, ઉપયોગમય છે એમાં આ દંડ છે નહિ. દંડ તત્ત્વ જુદું, આત્મતત્ત્વ જુદું. બેને એક માનવા તે મિથ્યાત્વનો દંડ છે. આહા..હા..! રામજીભાઈ જાણતા હોય એની કોર્ટનું. એની કોર્ટ હશેને. આ ભગવાનની કોર્ટ છે. આહા..હા..! ભાઈ! કહ્યું હતુંને?

મહાવીર પ્રભુના ઉપદેશમાં કહો કે ત્રણકાળના તીર્થંકરોનો ઉપદેશ કહો, એક તીર્થંકર કહે તે અનંત કહે અને અનંત કહે તે એક કહે. એમાં કાંઈ ફેર નથી. ત્રણકાળના તીર્થંકરોનો એ ઉપદેશ છે કે જેટલો પુણ્ય અને પાપનો ભાવ મન, વચન, કાયાના નિમિત્તમાં થાય એ દંડ છે. એ દંડ તારા ચૈતન્યમૂર્તિમાં નથી. એ દંડ સાથે ચૈતન્યસ્વભાવને તન્મય એકમેકતા નથી. આહા..હા..! સૂરજને અને અંધકારમાં સૂરજને અંધકાર નથી, એમ ભગવાન ચૈતન્યસ્વભાવ સૂર્ય, ચૈતન્ય સમ્યક્ સ્વભાવસૂર્ય, સમ્યક્ ચૈતન્યસ્વભાવસૂર્ય પુણ્ય-પાપનો અંધકાર-દંડ એમાં નથી. સૂર્યમાં અંધકાર હોય તો ભગવાન ચૈતન્યસૂર્યમાં પુણ્ય-પાપના દંડનો અંધકાર હોય. સમજાણું કાંઈ? હંબક જેવું થઈ જાય એવું છે? ફાવાભાઈ! શું આ કહે છે? ઈ આત્મા કેવો છે એમ

કહેવાય છે અહીં. એવા આત્માને અંદરમાં અનુભવ્યા વિના એને ધર્મ થતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ ટૂંકી શિક્ષાપત્રી છે. એને બહુ ન સમજાય. ટૂંકી નથી? પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યપ્રભુ એમાં વિકારની જરીયે ગંધ નથી. લ્યો, ટૂંકી શિક્ષાપત્રી. સ્વામિનારાયણમાં આવે છેને? શિક્ષાપત્રી. એને તો ક્યાં હતું કાંઈ!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ એણે કહેલું આત્મતત્ત્વ, એણે કહેલું દંડતત્ત્વ અને એણે કહેલું અજીવતત્ત્વ. મન, વચન અને કાયા એ અજીવતત્ત્વ. કર્મ જડ અજીવતત્ત્વ અને દંડભાવ તે ભાવકર્મ તે આસ્રવતત્ત્વ. ભગવાન ચૈતન્યમૂર્તિ તત્ત્વ. એમાં અજીવ અને ભાવકર્મના દંડનો અભાવ છે. સમજાણું કાંઈ?

નિર્દંદ. બીજો બોલ છે હવે. '**નિશ્ચયથી પરમપદાર્થ સિવાયના...**' ભગવાન આત્મા પરમપદાર્થ ચૈતન્યમૂર્તિ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ પોતાનું સ્વરૂપ છે એવો પરમ પદાર્થ એ '**સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દંદ (દ્વૈતરહિત) છે.**' આત્મા અદ્વૈતમાં દ્વૈતપણું છે જ નહિ. વિકલ્પ આદિનું દ્વૈતપણું ચૈતન્યમાં નથી. ઉદયભાવનું દ્વૈત ચૈતન્ય પરમપારિણામિક શુદ્ધભાવ એમાં એ ઉદયનો ઉદયભાવ વિકાર એ પરમપારિણામિક પરમ ભગવાન અને ઉદયભાવ, એ બેપણું એમાં નથી. એ તો પરમપદાર્થ ભગવાન પરમસ્વભાવે ચૈતન્યસ્વભાવ સૂર્ય એમાં દ્વૈતના વિકલ્પના ભાવનો બિલકુલ અભાવ છે. એનું નામ અહીંયા અદ્વૈત કહેવામાં આવે છે. '**णिद्दंद्दो**' નિર્દંદ, નિર્દંદ—બે પણું જેમાં નથી. આહા..હા..! એક આત્મા અને બીજો રાગ એવું બે પણું એમાં નથી.

શ્રોતા :— આમ તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ કહ્યું. બધું એક આત્મામાં નથી એની વાત છે. આ તો આત્મા અદ્વૈત છે. પોતાના અનંતગુણથી ભરેલો એક તત્ત્વ એનું નામ અદ્વૈત. અને રાગથી એને જોડવો કે રાગવાળો છે, એ દ્વૈત. રાગવાળો માનવો એ દ્વૈત મિથ્યાદષ્ટિ માને છે. સમજાણું કાંઈ? વેદાંતનો અદ્વૈત અને આ ભગવાનનો અદ્વૈત તો ઉગમણો-આથમણો ફેર છે. ઓલા તો એક જ આત્મા કહે છે. એક જ આત્મા. ગુણભેદ ને અનંતગુણ ને પર્યાય-ફર્યાય માને છે કે દિ' ઈ? એ તો મોટા મીંડા છે એમાં તો. સમજાણું કાંઈ? કોઈ એમ લઈ લ્યેને કે ઠીક આ બધું અદ્વૈત વેદાંત જેવું હશે. વેદાંત અને આને ક્યાંય ઉગમણો-આથમણો મેળ નથી.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે જોયેલો આત્મા એક આત્મા હોં! એક એક આત્મા. અનંતગુણનો રાશિ પરમપદાર્થ કીધોને? જુઓ, પરમપદાર્થ કીધો. પરમપદાર્થ. એ સિવાયના સમસ્ત પદાર્થો પુણ્ય, પાપ, શરીર, વાણી, કર્મ બધું જેને દ્વૈતપણું અદ્વૈત ભગવાન આત્મામાં છે જ નહિ. એવા હોવાથી તે નિર્દંદ છે, દ્વૈતરહિત છે. એકમાં બેપણું નથી. આહા..હા..! એને આત્મા અને એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. પરમભાવ જેમાં દ્વૈતપણાનો સંબંધ જ

નથી. પુણ્ય-પાપનો, વિકલ્પનો, ઉદયનો ભાવસંબંધ જ નથી. ભગવાન પરમસ્વભાવમૂર્તિ પરમપારિણામિક સમ્યક્જ્ઞાન સ્વભાવસૂર્ય પ્રભુ અદ્વૈત દ્વૈતનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? એ આત્મા કેવો એણે સાંભળ્યો નથી પ્રેમથી અને એને ધર્મ થઈ જાય! ધૂળમાંય ધર્મ નથી. ધૂળ એટલે એને પુણ્ય પણ બંધાય નહિ સારા મિથ્યાદૃષ્ટિને. સમજાણું કાંઈ? આહા..હા..!

ખરેખર નિશ્ચયથી ભગવાન પરમપ્રભુ પદાર્થ એમાં પોતાના પરમસ્વભાવ પદાર્થ સિવાય કોઈ રાગથી માંડીને કોઈ રજકણ એ બધા પદાર્થનું જેના અદ્વૈતપણામાં દ્વૈતપણાનો સંબંધ નથી. એને નિર્દ્વંદ અદ્વૈતતત્ત્વ કહેવામાં આવે છે. એવો અદ્વૈત આત્મા ભગવાન પોતાનો હોં! એમાં દૃષ્ટિ કરવી એનું સમ્યગ્દર્શન છે. આ પણ માનવા અને દ્વૈતવાળો માનવો એમ નહિ. ભગવાન એકલો પરમપદાર્થ એની એકપણાની દૃષ્ટિ કરવી. એમાં જ્ઞાન થાય કે રાગાદિ આ આમાં નથી (એમ) જ્ઞાન થાય પણ અદ્વૈતમાં દ્વૈતનું બે એકપણું છે એમ નથી. ઓહો..હો..! અહીં તો કહે છે કે વ્યવહાર અને નિશ્ચય બે એક માને (તે) મૂઢ છે. એઈ..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના પુંજનો સાગર એકલો એવો ભગવાન આત્મા એને આ શુભભાવનો સંબંધ માનવો, સંબંધ માનવો દ્વૈત માને છે. અદ્વૈતને દ્વૈત માને છે. એને અદ્વૈત ચૈતન્યના પરમપદાર્થની શ્રદ્ધાનું ભાન નથી. આહા..હા..! ભારે કરી પણ અત્યારે તો હોં! શુભજોગથી ક્ષાયિકસમકિત થાય. ગજબ વાતું કરે છેને! આ તે શું કરે છે? ક્યારથી આવી વાતું આવી આ? બહુ મિથ્યાત્વના જોરે.. જબ્બર જોર અંધકાર. મિથ્યાત્વનું એટલું જોર! આહા..હા..! રતનચંદજી કહે છે, શેઠ! છેને રતનલાલજી. સહરાનપુરવાળા જાણે છે. ત્યાં જાતા હતા, કંઈક મુંડાવ્યા પણ કાંઈ ભાન ન મળે. જાતા હતા કે નહિ ત્યાં? આ શીખ્યા અત્યાર સુધી. અર..ર..ર..! શુભજોગથી ક્ષાયિકસમકિત થાય. ક્ષાયિકસમકિત જો શુભજોગથી ન થાય તો ક્ષપકશ્રેણિ ન થાય. ક્ષપણશ્રેણિ ન થાય તો કેવળજ્ઞાન ન થાય. આહા..હા..! આહા..હા..! અને પાછું શુભજોગ કર્મ હોય તો થાય. એ તો કહે છે. કર્મ હોય તો શુભજોગ (થાય), કર્મ વિના શુભજોગ નહિ, શુભજોગ વિના ક્ષાયિકસમકિત નહિ, ક્ષાયિકસમકિત વિના ક્ષપણશ્રેણિ નહિ, ક્ષપકશ્રેણિ વિના કેવળજ્ઞાન નહિ (એટલે) કર્મ વિના કેવળજ્ઞાન નહિ. જા નાખ (કર્મ ઉપર). આહા..હા..! કાળાકેર કરે છેને પણ. શેઠિયાઓને ભાન ન મળે.

શ્રોતા :— શેઠિયાઓનું માને કોણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પણ એને ખબરેય ક્યાં છે તે માને એનું? જે માથે કહે તે હા. છગનભાઈ! ભાઈ! પરમાત્માનો માર્ગ, કાંઈ શેઠિયા થવું એમાં મોટી જવાબદારી છે. જવાબદારી છે. એમ કહે કે અત્યાર સુધી જવાબદારી નહોતી, એમ કહે છે. હવે વળી જવાબદારી ઊભી થઈ એમ. અનાદિની છે.

ભગવાન પરમપ્રભુ એમાં ચૈતન્યના પ્રકાશની સાથે, આ હીરાની સાથે કોલસો જોડી દેવો એમ ચૈતન્યપ્રકાશની સાથે શુભભાવને આમ જોડવો કે આ એનો છે, એનાથી લાભ થાય

(એમ માને) એ તો મહામૂઢ છે. એવા શુભથી આત્માને લાભ થાય, મહામૂઢ જીવ છે, મહામૂઢ જીવ છે. એના પરિણામમાં નિગોદના ફળ આવવાના છે. સમજાણું કાંઈ? અહીં તો દાંડી પીટીને કહેવાય છે, આ ક્યાં ગુપ્ત રાખ્યું છે. તારણસ્વામી નથી કહેતા? નિગોદ જઈશ કહે છે. જ્યાં હોય ત્યાં નિગોદ બહુ મૂકે છે ઈ. નિગોદં ગચ્છઈ, નિગોદં ગચ્છઈ. એમાં બહુ આવે છે. મમલપાહુડમાં, જ્ઞાનસમુચ્ચયસારમાં. શુભાશુભભાવથી આત્માને લાભ માનીશ, નિગોદં ગચ્છઈ. તારું પેટ નિગોદનું છે ત્યાં જવાનું. આકરું લાગે માણસને. સમજાણું કાંઈ? હોય છે, શુભભાવ હોય છે, એના સ્થાનમાં હો, પણ સ્વભાવની સાથે જોડી દે, એનાથી લાભ થાશે, આત્મામાંથી નીકળ્યો છે, તો અદ્વૈતને દ્વૈત માનનાર મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાની છે, એ જૈન પરમેશ્વરના ઉપદેશને સમજવાને લાયક નથી. સમજાણું કાંઈ? જૈન પરમેશ્વર એ કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ છે. જેવું જગતનું સ્વરૂપ ત્રણકાળમાં ત્રણલોકનું (છે) એવું ભગવાને જાણ્યું, જાણ્યું એવું અનુભવ્યું પૂર્ણમાં સ્થિર થઈને એવું કહ્યું કે આ માર્ગ છે, આ વસ્તુ છે. સમજાણું કાંઈ? લ્યો.

વળી નિર્મમ છે. ભગવાન આત્મા મમતા વિનાનો છે. શેનો? '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' એ શુભ અને અશુભ મોહ, શુભ અને અશુભ રાગ, શુભ અને અશુભદ્વેષ—બધો ભગવાન ચૈતન્યમૂર્તિ પરમાનંદમાં અભાવ છે. માટે '**આત્મા નિર્મમ (મમતા રહિત) છે.**' પ્રશસ્ત શુભભાવ કે પ્રશસ્ત શુભદ્વેષ એનાથી રહિત છે. સમજાણું કાંઈ? માણસ કહેને કે ભાઈ, બહુ વિરોધ હોય એના ઉપર દ્વેષ કરવો, એ દ્વેષ પ્રશસ્ત છે માટે એને લાભ થાય. મૂઢ છો. એવું કોણે કહ્યું ભગવાને? ભગવાને એવું કહ્યું નથી. ભગવાન દ્વેષ કરવાનું કહે છે? અને દ્વેષથી લાભ થાય આત્માને?

શ્રોતા :— સવારની સંધ્યા કહી છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સવારની સંધ્યા, એ તો વાતું કરવાની છે. દષ્ટિ છે ઈ. એમ કે ભગવાનની ભક્તિ આદિનો રાગ સવારની સંધ્યા જેવો કહ્યો છે, અનુભવપ્રકાશમાં. સમજાણું કાંઈ? એટલે કે સમ્યગ્દષ્ટિને આત્માના સ્વભાવ ઉપર ભાન છે. ભાનમાં ઓલો રાગ આવે છે એને હેયપણે દેખે છે. હેયપણે દેખે માટે હેય કરીને ચૈતન્યસૂર્ય ખીલશે એમ છે ત્યાં. રાગને અવલંબે ચૈતન્યસૂર્ય ખીલશે, ત્રણકાળમાં નહિ. નિમિત્તપણું બતાવ્યું છે કે ત્યાં આવો રાગ હોય એ પલટીને અંદર ચૈતન્યની દષ્ટિ છે ચૈતન્યસૂર્ય ઉપર. અભાવ કરશે એટલે ચૈતન્ય જાગશે. રાગથી જાગશે? નવા માણસને એવું લાગે હોં, કહેશે, વીતરાગનો માર્ગ આવો હશે? હાય.. હાય..! અમે તો બધું સાંભળ્યું હતું, નોકાર ગણવા.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં... નોકારનો જાપ ગણવાનો ભાવ શુભ છે. શુભથી ધર્મ થાય એમ માને એ મૂઢ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે અહીં.

શ્રોતા :— એનાથી તો સમકિત થાય છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાંય થતું નથી. એને ઘરે મિથ્યાત્વ થાય છે. આહા..! સમ્યક્ સત્યથી વિરુદ્ધના ભાવથી સત્યનો લાભ થાય તે મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો લાભ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

પ્રશસ્ત નામ શુભ, અપ્રશસ્ત (નામ) અશુભ. એવો સમસ્ત મોહ. ભગવાન પ્રત્યેનો પ્રશસ્ત મોહ, બાયડી પ્રત્યેનો અપ્રશસ્ત મોહ. બાયડી, છોકરા, રળવાનો. રાગ ભગવાન પ્રત્યેનો પ્રશસ્ત રાગ, બાયડી છોકરા પ્રત્યેનો અપ્રશસ્ત રાગ, તત્ત્વનો વિરોધ કરનારા એના ઉપર જરી પ્રશસ્ત દ્વેષ કે આમ ન હોય. સમજાય છે? અને અપ્રશસ્ત દ્વેષ. બધો ભગવાન આત્મામાં અભાવ છે. આવે છેને? સ્થાપે ત્યાં રાગ આદિ હોય છે. સત્ય સ્થાપે ત્યાં વિકલ્પ હોય છે રાગનો, ઉથાપે કે આમ ન હોય ત્યાં દ્વેષનો અંશ હોય છે, સ્વભાવમાં નથી. વીતરાગસ્વરૂપ છેને, એ તો જ્ઞાતા દૃષ્ટા છે. સ્થાપે ત્યારે વિકલ્પ આવે કે આ આમ છે. વિકલ્પ છે. આમ નથી, ત્યાં દ્વેષનો અંશ છે. પણ એ બેય વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? માટે આત્મા મમતારહિત છે. શુભ કે અશુભભાવ, આ મારું એવું એના સ્વરૂપમાં છે નહિ, એમ કહે છે. ભાઈ! ભગવાન પ્રત્યે તો મોહ રાખવો પડે કે નહિ? એના પ્રત્યે શુભરાગ રાખવો પડે કે નહિ? ગૌતમસ્વામીને ભગવાન ઉપર રાગ હતો એમ કહે છે, લ્યો. પછી ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા પછી બીજે ઘરે મોકલ્યા. એમ વાતું કરે છેને શ્વેતાંબરમાં. હે ભગવાન! મને મોક્ષમાં ન લઈ ગયા. અરે..! વાતું આવી હોય ભગવાનના માર્ગમાં? છોકરાઓ જેવી વાતું છે. ચકલો લાવ્યો ચોખાનો દાણો, ચકલી લાવી મગનો દાણો (એની બનાવી) ખીચડી. આવા તે હતા હશે માર્ગ. બધી કલ્પિત વાતું કરી છે. ગણધર કોણ છે? ચાર જ્ઞાનના ધણી, જેને વિકલ્પ ઉઠે છે ભગવાન પ્રત્યે, જાણે છે કે હેય છે. ભગવાન મોક્ષ લઈ જતા હશે હારે?

શ્રોતા :— કલ્પનામાં પણ આવી વાત શોભે નહિ!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એના તો ગાયન બન્યા છે. પ્રભુ મને જોડે સાથે ન રાખ્યો. અરે..! ગણધરને એમ ન હોય. સમજ તો ખરો. ગણધર એટલે આત્માનું ભાન અને ચારિત્ર આનંદકંદ વર્તે છે, સંતો જેને નમસ્કાર કરે. સમજાય? ગણધરને ગણધરો નમસ્કાર કરે. એ કઈ દશા છે? એકલો આનંદ દરિયો ઉછળ્યો છે અંદરમાંથી. અતીન્દ્રિય આનંદનો દરિયો ઉછળી ગયો છે. એક વિકલ્પ જરી છે, અભાવ છે, અભાવ છે. અમારા સ્વભાવમાં નથી, ત્રણકાળ ત્રણલોકમાં હું એને અડતોય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ભાઈ! ઘણાને એવું લાગે આ તે વીતરાગનો માર્ગ આવો હશે? કોઈને એવું લાગે, બધી વાતું આવી ખોટી? આ બધા કહેનાર ખોટા?

શ્રોતા :— ... એનાથી કાંઈ જુદું કહે છે...?

પૂજ્ય ગુરુદેવશ્રી :— જુદું જ છે ભગવાનના ઘરનું. સમજાણું કાંઈ?

આત્મા નિર્મમ છે. આહા..હા..! જેમાં શુભ-અશુભ ભલો, ભૂંડો રાગ-દ્વેષ જેમાં સ્વરૂપમાં

છે જ નહિ. જેના સ્વરૂપમાં નથી તે વડે તેને લાભ થાય એ ત્રણકાળમાં બને નહિ. જેના સ્વરૂપમાં સાધકપણાના કરણ આદિ ગુણો પડ્યા છે. કર્તા, કર્મ આદિ ષટ્કર્મ ગુણ પડ્યા છે ભગવાન આત્મામાં. એ વડે શુદ્ધિની પ્રાપ્તિ સાધન થઈને થાય છે. રાગ વડે સાધન-ફાધન છે નહિ. સમજાણું કાંઈ? લોકરંજન કીધું નથી? તારણસ્વામીએ બહુ કહ્યું છે. લોકરંજન કરીને મરી જઈશ. લોકોને રંજન કરવા છે તારે? વાત સારી કરે ત્યાં શેઠિયા રાજી થઈ જાય. દાનથી તો ધર્મ થાય, ક્રમે ક્રમે થાય, કલ્યાણ થઈ જાય. ... પાઠશાળા, મોટા મોટા ઓલા કરે, બે-બે લાખ, ચાર ચાર લાખના જુઓ, શું કહેવાય તમારું? ગયા હતા ઈ. મલ્હારગઢ. ત્રણ ચાર લાખનું મકાન. લાખો રૂપિયા ખર્ચ્યા હતા પોર, કહે છે. એ તો અંદર શુભભાવ હોય એટલી વાત છે. ખર્ચે કોણ ધૂળને? એ તો એની જડની ક્રિયા છે. એ તો શોભાલાલજીને કહેતા હતા, 'અમને લક્ષ્મી મળી, સફળ, અમારી જિંદગી સફળ થઈ.' ... ગયા હતાને. બે દિ' રહ્યા હતાને, મલ્હારગઢ. બહુ માણસ હતું. દસ હજાર. અરે..! ભગવાન! બાપા! આ માર્ગ તો ભાઈ! લોકરંજનનો માર્ગ નથી. આ તો આત્મરંજનનો માર્ગ છે.

એ ભગવાન આત્મામાં શુભરાગ હોં પ્રશસ્ત, ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો, કહે છે કે એવું મારા સ્વરૂપમાં જ નથી. આત્મામાં એ નથી. એવા આત્માને નિર્મમ કહેવામાં આવે છે. એવા આત્માની અંતરમાં તન્મયતા, એકતા કરવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન છે, એનું નામ ધર્મ અને મોક્ષનો ઉપાય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૭, મંગળવાર, તા. ૧૨-૦૪-૧૯૬૬,
ગાથા-૪૩, પ્રવચન નં. ૪૯

૪૩મી ગાથા. શું કહે છે? કે આ આત્મા જે છે એમાં શુદ્ધભાવ, આત્મા શુદ્ધભાવનો ધરનાર (છે). એનો શુદ્ધભાવ એ એને આધારે રહેલો છે. એ શુદ્ધભાવ અને આત્મા એક જ છે. એવો શુદ્ધ એક સમયનો પૂર્ણ આનંદ આદિ ભાવ એ જ દૃષ્ટિ કરવાનો વિષય છે. સમ્યગ્દર્શનમાં પ્રથમમાં એ દૃષ્ટિ શુદ્ધભાવ આત્મા એ શુદ્ધભાવસ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ આપતા સમ્યગ્દર્શન થાય છે. કેમકે શુદ્ધભાવ તે સ્વતંત્ર વસ્તુ છે, એ રીતે છે. એ રીતે અંતર દૃષ્ટિ કરતા સમ્યક્‌તા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કહે છે, અહીં સુધી આવ્યું છે, નિર્મમત્વ સુધી.

એ નિર્મમસ્વરૂપ છે. ભગવાન આત્મા એને મમતા છે નહિ. વસ્તુમાં મમતા કેવી? સૂર્યના

પ્રકાશમાં અંધકાર કેવો? એમ ભગવાન ચૈતન્યસૂર્ય સ્વભાવનો સમુદ્ર એમાં 'આ મારું' એવી મમતાની ગંધ સ્વરૂપમાં નથી. એવા શુદ્ધભાવની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યક્‌તા અને સત્યતા છે. કહો, સમજાણું કાંઈ? અહીંથી ધર્મ શરૂ થાય છે. હવે કહે છે, ખરેખર જોતા તો એને પાંચ શરીર જ નથી. '**નિશ્ચયથી ઔદારિક,...**' શરીર એને છે જ નહિ આત્મામાં. આ તો જડ છે. જડ આત્મામાં કેવું? એમાં તો શુદ્ધભાવ છે આત્મામાં તો.

શ્રોતા :— જીવિત શરીર છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— જીવતર શરીરથી શું? હજી અહીં તો ઔદારિક જીવતર શરીર એનાથી ધર્મ થાય (એવી માન્યતા પડી છે)! બહુ ગજબ વાત! આવ્યું છેને? એમાં કાંઈક આવ્યું છે. એ શબ્દ કાલે જોયો હતો છેલ્લે પાને. કીધું, રામજીભાઈને વાંચવા દો. અહીં તો નવરા હોય ત્યારે વાંચીએ. સમજાણું કાંઈ? વાંચી લીધુંને, બધું વંચાઈ ગયું છેને આપણે. અહીં કહે છે કે ઔદારિક શરીર જ આત્મામાં નથી. તો પછી આ ઔદારિકની ક્રિયા થાય એ આત્મામાં છે નહિ. ત્યારે છે શું એનામાં? બેહદ જ્ઞાન, દર્શન અને આનંદ એના સ્વભાવમાં-આત્મામાં છે. સમજાણું કાંઈ?

'**વૈક્રિયિક,...**' શરીર નથી એને. દેવનું ને નારકીનું જે શરીર કહેવાય છેને? દેવના આત્માને વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ ત્રણ શરીર (હોય છે). અહીં તો કહે છે કે શરીર જ આત્મામાં નથી. ગોમ્મટસાર કહે કે આત્માને આટલા શરીર (હોય). આ કહે છે કે આત્મામાં શરીર છે નહિ. એ (ગોમ્મટસારમાં) તો નિમિત્તપણે છે એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? વસ્તુમાં નથી. ચિદ્‌ઘન આનંદકંદ અનાકુળ અમૃતનો રસ પ્રભુ આત્મા એમાં વૈક્રિયિક શરીર કે ઔદારિક શરીર કેવું? જેથી એને રોગ ને મરણ કે જનમ થાય એવું આત્મામાં નથી. આહા..હા..!

'**આહારક,...**' શરીર નથી. મુનિઓને આહારક શરીર કહેવાય છેને? શંકા પડે ને પ્રશ્ન ઉઠે, પણ આત્મામાં છે જ નહિ. એ તો જડના રજકણો છે. આત્મા બનાવે આહારકને અને આત્મા એને લઈને પાછા જાય એ આત્મામાં છે જ નહિ આહારક શરીર. અબદ્ધસ્પૃષ્ટ એવો ભગવાન આત્મા એમાં આહારક શરીરનો જ અભાવ છે ત્રણે કાળે. '**તૈજસ,...**' શરીર નથી એમાં. સમજાણું કાંઈ? હવે આવ્યું કાર્મણ જરી. જરીક છેને ઈ મોટું થઈ ગયું છે. એ કાર્મણ શરીર છે એની પ્રકૃતિનો ભેદ છે એમાં. એ કાર્મણ શરીર જ આત્મામાં નથી. બધા કહે કે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ કેમ તમે કહેતા નથી? એઈ..! અહીં તો એમ કહે છે કે ભાઈ! જ્ઞાન આત્મામાં એકાગ્ર થાય, 'હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ એકાકાર છું' એમ એકાકાર થાય ત્યારે કેવળજ્ઞાન થાય. ત્યારે કેવળજ્ઞાનાવરણીયની પ્રકૃતિ અહીં કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિ હોતી જ નથી. સમજાણું કાંઈ? એ લોકો મોટી વાત કરે છે. એ.. આ પ્રમાણે સોનગઢિયા આમ કહે છે. સોનગઢિયા કહેને બિચારા. ... શેઠ!

ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ પ્રભુ, એમાં કર્મ, શરીરના રજકણો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની

અસ્તિ અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની નાસ્તિ. હજી એટલો પણ નિર્ણય કરતા ન આવડે એને આત્મામાં વિકાર પુણ્ય-પાપના (થાય) એ પણ ત્રિકાળ વસ્તુમાં નાસ્તિ છે (એનો નિર્ણય ક્યાંથી થાય)! સમજાણું કાંઈ? આહા..! એવો આત્મા છે તેની અંતર દૃષ્ટિ કરવી. જેમાં કાર્મણ શરીર નથી. એટલે? કે જ્ઞાનાવરણીય કર્મ જ એનામાં નથી. નથી તેને જ્ઞાનાવરણીયને નાશ કરે, ક્યાં છે? છે જ નહિ પછી નાશ કોને કરે? એઈ..! ભારે વાત, ભાઈ!

શ્રોતા :— કર્મ માર્ગ આપે છેને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ માર્ગ દે પણ?

અહીં ભગવાન આત્મા અનંત અનંત પરમેશ્વરપદના સ્વરૂપથી પડેલો પ્રભુ છે. પરમેશ્વરપણું એનામાં પૂરું પડ્યું છે. એક સમયમાં પરમેશ્વરપદ છે. પ્રભુતાના ગુણથી ભરેલો પદાર્થ છે. સમજાણું કાંઈ? એની પરમેશ્વરતાની શક્તિને જોતા એમાં કર્મ જ નથી. પછી કર્મને ટાળે ને કર્મને બાંધે ને કર્મનો સંબંધ (ક્યાંથી હોય)? અહીં સંબંધ જ નથી પછી ટાળે અને બાંધે કોણ? કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? પ્રથમમાં આત્મા, અત્યારે આત્મા અનંત બેહદ આનંદ, બેહદ દર્શન, બેહદ અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ પરમેશ્વરપદની શક્તિથી ભરેલો પદાર્થ છે. એના અસંખ્ય પ્રદેશે પરિપૂર્ણ પરમેશ્વરતા પડી છે. એવો પરમેશ્વર આત્મા એને કાર્મણની કોઈ પ્રકૃતિનો કોઈ રજકણ જ જેનામાં નથીને! પછી વળી પ્રકૃતિ અને એમાં આખું કર્મણશરીર એનામાં છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ નિર્વાણનાથ પ્રભુ આત્મા વર્તમાન પૂર્ણ છે. એવું પૂર્ણ તત્ત્વ જે છે એમાં કાર્મણના કોઈ રજકણની ગંધ જેનામાં નથી. અહીં તો શરીરની વાત ચાલે છે, પણ એ રાગ-દ્વેષ અને દયા, દાનના વિકલ્પ ઉઠે એ એના સ્વરૂપમાં નથી. એ પહેલા આવી ગયું, દ્રવ્યકર્મ અને ભાવકર્મ. સમજાણું કાંઈ? એવો આત્મા એને અંતરમાં દૃષ્ટિ કરીને માનવો એણે આત્મા માન્યો અને એને સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? તીર્થંકરગોત્ર આત્મા બાંધે અને એના ફળમાં એને તીર્થંકરગોત્રથી કેવળજ્ઞાન થાય. કેમ હશે? તીર્થંકરપ્રકૃતિ બાંધે તો કેવળ ન થાય? તીર્થંકરપ્રકૃતિ તો જડ છે બંધાયેલી, એ તો કાર્મણશરીરનો ભાગ છે અને જે ભાવે બાંધી હતી એ ભાવ વિકાર છે. એ વિકાર અને પ્રકૃતિ બેય ચૈતન્યના તત્ત્વમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ નજરે જોઈને વાત નથી થાતી? આ નજર..

આત્મા એટલે શું? આત્માની સત્તાનું હોવાપણું એટલે શું? આત્માનું હોવાપણું એટલે અંદર સમ્યક્જ્ઞાન સ્વભાવ વસ્તુ, સમ્યક્જ્ઞાન સ્વભાવી વસ્તુ, સમ્યગ્દર્શન સ્વભાવી વસ્તુ, સમ્યક્ આનંદ સ્વભાવી વસ્તુ એ ભાવ શુદ્ધભાવ અનંત ગુણવાળો પદાર્થ એ આત્મા. નજર ને જ્ઞાનમાં એને ખ્યાલમાં આવે છે કે નહિ? આહા..હા..! ભાઈ! જ્યાં તારું હોવાપણું છે એના હોવાપણામાં આ કર્મનું હોવાપણું છે? ચૈતન્યસત્તા જ્ઞાયક ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય

એ પરમેશ્વર પોતે છે. સાક્ષાત્ પરમેશ્વર પોતે જ છે. એ વસ્તુએ પરમેશ્વર છે તો પર્યાયમાં પ્રગટ થાય છે. કૂવામાં હોય તો અવેડામાં આવે. અવેડો સમજો છો? પાણી કાઢે છેને? કૂવામાંથી પાણી. ઢોરને પીવા માટે પણ અંદર પાણી હોય તો નીકળે. પાણી ન હોય તો શું નીકળે અંદરથી? પથરા હોય તો કાંઈ નીકળે અંદરથી? એમ ભગવાન આત્મા પરમેશ્વર પૂર્ણ પદ જો વસ્તુમાં ન હોય તો એની પર્યાયમાં પરમેશ્વરપદ આવશે ક્યાંથી? બહારથી આવે એવું છે? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને આત્મા શું છે એની (ખબર નથી).

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ આત્મા કોને કહે છે એ આત્માની એને ખબર ન મળે અને કહે કે મારે ધર્મ કરવો (છે). આત્માનો ધર્મ તો આ કહે છે, શુદ્ધભાવ ઈ એનો સ્વભાવ છે ત્રિકાળ. ત્રિકાળ જ્ઞાન, આનંદ આદિ ત્રિકાળ ધર્મી આત્માનો એ ધર્મ સ્વભાવ. એની અંતર દૃષ્ટિ કરતા પર્યાયમાં ધર્મ પ્રગટે. સમજાણું કાંઈ? આહા..હા..! કોઈ શરીરાદિની ક્રિયાથી કે કોઈ શુભરાગથી ધર્મ પ્રગટે (એમ નથી). કારણ કે ધર્મ એમાં નથી. રાગમાં, દેહની ક્રિયામાં આત્માનો શુદ્ધભાવ એમાં નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ જ્ઞાન, દર્શન વસ્તુ છેને. સમ્યક્ સ્વભાવી જ્ઞાન વસ્તુ છેને, પદાર્થ છેને. પદાર્થ છે તે અખંડ છેને. અખંડ છે તે એક છે. તો એના બધા સ્વભાવો એકરૂપ પરિપૂર્ણ વસ્તુ છે. પર્યાયમાં એનું લક્ષ ગયું છે પર ઉપર એથી એને પર્યાયમાં હીણી દશાને જોનાર એ આત્મા પરિપૂર્ણ છે તેને જોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર મારામાં છે એમ જોનાર તો મૂઢ છે, પણ હીણી અવસ્થા હું આત્મા એવડો છું એ પણ વ્યવહારનયનો આત્મા એક સમયનો એને આત્મા નિશ્ચયથી માનવો એ પણ મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પણ. એણે વાત કોઈ દિ'...

ભિખારી હોય એને કહે કે તારી પાસે પાંચ કરોડ છે. ભાઈસાહેબ! પાંચ કરોડ હોય? અમને તો મહિને પચ્ચીસ રૂપિયા આપે. પણ એ પચ્ચીસ આપે છે એ તારા મામા (સંભાળે) છે. રૂપિયા તારા બધા પાંચ કરોડ છે, તને ખબર નથી. હેં! બાર બાર વર્ષ થયા તો પચ્ચીસ આપે છે જરી જરી ખર્ચવાના. પણ તું હજી બાર વર્ષનો (છે), પણ પાંચ કરોડ તારો બાપ મૂકી ગયો છે અને ઈ (સંભાળે) છે. તું સોળ વર્ષનો થાય એટલે તને સોંપવાના છે. ઓહો..! એ.. શેઠ! રાજી રાજી થઈ જાયને ધૂળમાં?

એમ ભગવાન આત્મા.. બાપુ! તારામાં કેવળજ્ઞાનની લક્ષ્મી પરિપૂર્ણ પડી છે. તું એક સમયની દશા અને રાગનો સ્વામી માન્યો છે, ભાઈ! તને ભ્રમ છે. તારા કુળમાં તો અનંત કેવળજ્ઞાન પડ્યા છે અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? તીર્થંકરોએ એ કેવળજ્ઞાન જેમાંથી કાઢ્યું, તીર્થંકરોએ જેમાંથી અનંતઆનંદ કાઢ્યો, તીર્થંકરોએ જેમાંથી અનંતબળ-વીર્ય ખેંચીને બહાર લાવ્યા એવું આત્મતત્ત્વ તે તું જ છો. આહા..હા..! સમજાણું કાંઈ? ભિખારી જેવો. બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, અડદની દાળ સદડી ન થાય તો આમ

માથું ફરે. આ સરખો છે, જોને. સાંભળ તો ખરો હવે. એઈ..! અને પાંચ-પચ્ચીસ (લાખ) મળે (ત્યાં) હું પહોળો અને શેરી સાંકડી. ઓહો..હો..! આપણને દસ લાખ મળ્યા, પાંચ લાખ (મળ્યા). ધૂળ મળ્યા નથી તને, સાંભળને! મમતા મળી છે તને. ધૂળ તે તારી પાસે આવી ગઈ છે અંદર? એઈ..! રૂપિયા છે અહીં તમારી પાસે એક્કે? હૂંફ છે મમતાની છે. મમતાની, ધૂળની રૂપિયાની! રૂપિયા તો એના ન્યાં પડ્યા છે મુંબઈ, છે અહીં? હૂંફ એટલે 'મને છે, મને છે.' નથી તેમાં 'મને છે' એ જ એની મમતા છે. સ્વરૂપચંદભાઈ! આહા..હા..!

અરે..! ભગવાન! 'તું તો પરમેશ્વર ત્રણલોકનો નાથ (છો' એમ) સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે. ભાઈ! તું તો મારી નાતનો, મારી કુળની જાતનો છો. સમજાણું કાંઈ? મારા કુળમાં અને તારા કુળમાં કાંઈ ફેર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આનંદઘનજી કહે છેને, 'એ અમ કુળવટ રીત, ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું ભંગમ પડશો પ્રીત, બીજો મનમંદિર આણું નહિ એ અમ કુળવટ રીત.' અમે તો આત્મા છીએ, અમે તો આત્મા અનંતઆનંદના કંદ છીએ. સમજાણું કાંઈ? શકરકંદ હોય છેને શકરકંદ? કેટલો એમાં રસ ભર્યો હોય છે! ઠસાઠસ! એમાં સૂરણની ગાંઠ હોય મોટી અધમણ આવડી, ઠસોઠસ જ્યાં છે તેમાં રસ ભર્યો છે. એમ ભગવાન અરૂપી આનંદઘનનું દળ છે. એને બેસે કેમ? કોઈ દિ' સામું જોયું નથી, માન્યું નથી. શરીર પ્રમાણે રજકણથી પાર, અરૂપી સ્વરૂપ આનંદના કંદનું દળ, પાટ મોટી છે. શરીર પ્રમાણે શુદ્ધભાવનો પિંડ એકલો છે. કહો, સમજાણું? એમાં કાર્મણ-ફાર્મણ શરીર છે નહિ. આહા..હા..! ક્યારે? અત્યારે નથી એમ કહે છે. એઈ..! શેઠ!

અરે..! અમને ... વળગ્યા, મારી નાખ્યા. મારી નાખ્યા, તેં તારી માન્યતાએ મારી નાખ્યા, સાંભળને. સમજાણું કાંઈ? બદફેલ ઊભી કરી છે તેં. આવે છેને અનુભવપ્રકાશમાં? કાંઈક એવો શબ્દ આવે છે. બદફેલ એટલે શું? કંઈક આવે છે. સમજાય છે? મેલ મેલ ઊભો કર્યો તેં. આત્મામાં છે નહિ. એ ભગવાન નિર્મળનાથ નિર્મળનો નાથ, નિર્વાણનાથ ચૈતન્ય ભગવાન, ભાઈ! એને પરમેશ્વરે આત્મા કહ્યો છે. એને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એમાં કાર્મણશરીર જ નથી. ભારે ભાઈ! બહુ કર્મ બાંધ્યા હતાને? હવે બહુ અપવાસ કરીએ, તપસ્યા કરીએ ત્યારે ખપે. ન્યાંને ન્યાં નજરું પાછી એની. આ કર્યું, ન ખાધું... બધી મૂઢતા છે, સાંભળ તો ખરો. આ આત્મામાં કાર્મણશરીર નથી. એવા આત્મામાં એકાકાર થઈ સ્થિરતા થાય એટલે કર્મનો સંબંધ જે હતો તે છૂટી જાય, છૂટી જાય. એ પણ સવારમાં વળી બીજી જાતની વાત આવી છેને. સમજાણું કાંઈ? એ તો આમાં પણ એ આવ્યું. આમ જ્યાં જેટલી સ્થિરતા થઈ એટલો સંબંધ નિમિત્તરૂપે સંબંધ જ નથી. અહીં તો સંબંધ છે જ નહિ પણ વ્યવહારે જે સંબંધ છે પર્યાયમાં કર્મના નિમિત્ત, અહીં નૈમિત્તિક વિકાર અને કર્મનો નિમિત્ત સંબંધ. એ પણ જેટલો આત્મા તરફની દૃષ્ટિએ બંધ છે એમ થઈ એટલો તું સંબંધ એની સાથે વ્યવહારે પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મતત્ત્વને નિહાળવું. એ આવું તત્ત્વ છે કહે છે. ભાઈ! બાળગોપાળ રાંક કે રાજા કહેવાતા હોય બહારથી, અંદરમાં કોઈ એવા છે જ નહિ. એ તો અંદર પરમેશ્વરનો પિંડ જ છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પણત્તો ધમ્મો શરણમ, સાંજ સવાર બોલે, પોપટભાઈ! ઘડિયો. ભાન ન મળે. હાંકે રાખે. કેવલિ પણત્તો ધમ્મો.. પણ કેવલિ પણત્તો શું? આ કેવલિ પણત્તો આત્મા આવો એમ કહે છે. સમજાણું કાંઈ? જેમાં કાર્મણ નામના.. આહા..હા..! હેરાન થઈ ગયો છે. મને કર્મ ચોંટ્યા. ઓલા જડ ચોંટતા હશે ચૈતન્યને? તેં માન્યું કે 'હું કર્મવાળો' એવી માન્યતા તને પર્યાયમાં ભ્રમણા તને એક સમયની ચોંટી છે. સમજાય છે? એ ભ્રમણા પણ ત્રિકાળ તત્ત્વમાં તો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? આમાં શું ધર્મ કરવાનું શું આવ્યું પણ આમાં? આહા..હા..!

વસ્તુ છે ભગવાન ચૈતન્ય મહાન પદાર્થ છે કે જેના જ્ઞાનમાં હું અને પર બધું જણાય. પર એમાં છે એમ ન જણાય. 'પર પરમાં છે, હું હુંમાં છું, મારામાં એ નથી.' એવું એનામાં લોકાલોકનું જ્ઞાન થવાની તાકાતવાળું તત્ત્વ તે આત્મા છે. એવા આત્માને અંતર્મુખ દૃષ્ટિ કરીને એવા આત્માનો સ્વીકાર કરવો એનું નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની દશા છે. સમજાણું કાંઈ?

'પાંચ શરીરોના સમૂહનો અભાવ...' લ્યો. એ પાંચેનો ઢગલો જ નથી કહે છે. અહીં તો ગુણનો પુંજ છે એમાં આ ક્યાંથી આવ્યું? કહે છે. **'આત્મા નિઃશરીર છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? સત્યાવીસમો બોલ થયો ઈ. અઠ્યાવીસમો બોલ. પહેલેથી ચાલ્યું આવે છેને. **'નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.'** સમજાણું? કાલે આવ્યું હતું ક્યાંય? શું? 'જેવું નિરાલંબન આત્મદ્રવ્ય તેવો નિરાલંબન જિનદેહ.' આવ્યું હતું ક્યાંય? સમવસરણ (સ્તુતિ)માં. કાલે સ્તુતિ હતીને. હતા? ક્યાં હશે નિરાલંબન દ્રવ્ય? સમવસરણમાં? એમાં સ્તુતિમાં આવે છે ઈ. 'જેવું નિરાલંબન આત્મદ્રવ્ય...' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજે છે એ સિંહાસને અડીને બિરાજતા નથી. શરીર પણ અડીને રહેતું નથી. જુઓ તો ખુબી! આહા..હા..! તીર્થંકરદેવ સમવસરણ સભામાં કેવળજ્ઞાનપણે બિરાજમાન હોય ત્યારે શરીર પરમ ઔદારિક હોય છે કે જેને નજીકમાં જતા સાત ભવ દેખાય દેખનારને. એવો દેહ સિંહાસન ઉપર બેઠેલો ન હોય. ઈ ઉપર હોય અદ્ધર. એ હતું એમાં. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા... એમનો દેહ હોય ત્યાં સિંહાસન નીચે, ચાર તસુ ઊંચો દેહ રહે એવો જ સ્વભાવ છે. ભગવાનની સભામાં ભગવાન અત્યારે સીમંધર ભગવાન બિરાજે છે સમવસરણમાં એમનો દેહ પણ આમ અદ્ધર છે, આમ અદ્ધર. સમજાણું? સિંહાસન નીચે હોય પણ ત્યાં દેહ અડે નહિ. ચાર તસુ ઊંચે (રહે). આરે..! આ જુઓને! દેહને અને સિંહાસનને સંબંધ નથી. અહીં કહે છે કે આત્માને અને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી. આહા..હા..!

શ્રોતા :— એક જગ્યાએ સમવસરણ રહેતું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ચાલતું-ફરતું હોય, એક ઠેકાણે હોય? ચાલતું-ફરતું. ચાલતી-ફરતી છાયા. આવે છે કે નહિ એ પુણ્ય-પાપના અધિકારમાં? આહા..હા..! એક ઠેકાણે નહિ. હજારો કોષ, સેંકડો કોષ.. મોટું ક્ષેત્ર છે. મહાવિદેહક્ષેત્ર નાનું નથી. મહાવિદેહમાં.. સમજાય છે? ૩૨ ભાગ છે. એવા પાંચ મહાવિદેહ છે, ૧૬૦ ભાગ. મહાવિદેહનો એક ભાગ ભરતથી મોટો છે. આ ભરતક્ષેત્રથી મોટો એક-એક ભાગ છે. એવા-એવા બત્રીસ એક મહાવિદેહમાં. એવા એવા પાંચ મહાવિદેહ. એક મહાવિદેહ અહીંયા, બે ઘાતકિખંડમાં અને બે અર્ધ પુષ્કરદ્વીપમાં. એક-એક તીર્થંકર હોય બધામાં કોઈ કાળે, જેમ મલ્લિનાથ ભગવાનના વખતમાં ૧૬૦ તીર્થંકરો હતા. બધે ૧૬૦. કહો, સમજાણું કાંઈ? ત્યાં નામ પડે. અમુક જે હોય ઈ, અહીં નામ જુદા. એનું કાંઈ નહિ, અહીં તો આપણે અત્યારે ભાવનું કામ છે. ભગવાન આત્મા.. આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— ... હોતું જ નથી. લેતા જ નથી. એને લેવું દેવું ક્યાં છે? એ તો કેવળજ્ઞાની છે. પણ પ્રકૃતિના નિયમમાં એને અડતું નથી. આહા..હા..! અદ્ધર હોય છે આમ અદ્ધર. તીર્થંકરનો દેહ સિંહાસનથી અદ્ધર હોય છે. આહા..હા..!

ભગવાન આત્મા એ પરના આલંબનથી રહિત (છે). જુઓ, '**નિશ્ચયથી પરમાત્માને...**' પરમાત્મા એટલે કોણ? આ આત્મા. પરમાત્મા એટલે કેવળી એમ નહિ. નિશ્ચયથી પરમ આત્મા. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. પરમ સ્વરૂપ એવો નિજ ધ્રુવ આત્મા એને પરદ્રવ્યનું આલંબન નહિ, એ રજકણનું આલંબન નહિ. આત્મા અહીંયા છે તો કર્મ છે માટે અહીં રહ્યો છે, શરીરને આધારે અહીં રહ્યો છે એમ નહિ. શું કીધું? શું કીધું? આ શરીર છે માટે આત્મા ત્યાં એના આધારે રહ્યો એમ નહિ. પોતે પોતામાં પરથી નિરાલંબન (છે). જ્યાં જ્યાં ચૈતન્ય અસંખ્ય પ્રદેશે બિરાજમાન પોતે છે એને કર્મના રજકણો છે માટે ત્યાં એના આધારે રહ્યો છે. આધાર-ફાધાર છે જ નહિ. સમજાણું કાંઈ? આ ચોપડીને પણ આનો આધાર નથી લાકડાનો.

શ્રોતા :— આવું નહિ સમજે ત્યાં સુધી ધર્મ નહિ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— નહિ થાય. આ રજકણ છે એને આધાર નીચલી ઘોડીનો નથી.

શ્રોતા :— ત્રીજા લોચનમાં દેખાઈ જશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ત્રીજું લોચન જ ઈ સાચું છે જ્ઞાન. આ આંખ્યું કે દિ'..? આ આંખ જડ છે. સમજાણું કાંઈ? એક એક રજકણમાં કર્તા, કર્મ, અધિકરણ નામનો ગુણ છે એક એક રજકણમાં. આધાર નામનો ગુણ છે આમાં. તે બીજાના આધારે રહે નહિ. આહા..હા..!

એમ ભગવાન આત્મામાં એક આધાર નામનો ગુણ છે, તે કોઈને અવલંબને રહેતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સાંભળ્યું નથી સાંભળ્યું માણસે. શરીર વિના રહેતો હશે આત્મા? એક જણો કહેતો હતો, શરીર વિના આત્મા રહે? શરીર વિના સદાય છે, સાંભળને! ભગવાન

સિદ્ધ થાય એ શરીર વિના રહે? ઈન્દ્રિય વિના જ્ઞાન થાય એને? હવે સાંભળને. ઈન્દ્રિય અને શરીરથી જ્ઞાન થાતા હશે? આ તો માટી જડ છે. આત્માનું જ્ઞાન જ્ઞાનથી થાય છે. અંદર ચિદાનંદ સ્વભાવ ભગવાન આત્મા એનાથી જ્ઞાન થાય છે. શું આનાથી થાય? માટીથી ધૂળથી? આ તો ધૂળ છે, માટી છે. એમાં જ્ઞાન છે આ? આ તો અજીવ મૂર્ત માટી ધૂળ છે.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભાવે નહિ એ તો કંદોઈ .... ખાય. માણસ કામ કરનાર જોયો ... એને બિચારાને મળે ક્યાંથી? લઈ લ્યે ખાનગીમાં. કહો, સમજાણું કાંઈ? એ ખાઈ લ્યે ખાનગીમાં તમને છેતરીને. કહે છે... ઓલો લઈને જાતો હોયને દેવા. ત્યાં ઓલાને ત્યાંથી ઉપાડીને ખાઈ લ્યે થોડું. જાયને? શું કહેવાય તમારે? કિરાણું-બિરાણું લેવા જાયને? એ બધા હુશિયાર હોય. તમારી નજર ન્યાં હોય. અહીં જાવું, એ... ઓલા ઘરે જાવું છે. ખાય. નથી ખાય એમ નહિ. ના પાડી મેં. નથી ખાય એમ ના પાડી, ખાય છે એમ કહ્યું.

અહીં કહે છે ભગવાન કે ખરેખર જોઈએ તો પરમ સ્વરૂપ એવો આત્મા, પરમાત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એવો આ આત્મા પોતે જ પરમાત્મા છે અત્યારે. એવા પરમાત્માને પરદ્રવ્ય નામ રજકણ, શરીર, કાર્મણ, વાણી કોઈનું આલંબન નહિ હોવાથી. ભગવાનનું આલંબન આત્માને નથી. સમજાણું કાંઈ? આલંબન નહિ અને વળી પાછી પ્રતિમા અને મંદિર (બનાવવા). આ તે કાંઈ મેળ ખાતો નથી, માણસ એમ કહે. સાંભળ તો ખરો હવે. એ તો જ્યારે સ્થિરતા ન હોય અને શુભભાવ આવે ત્યારે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય. પાપનો ભાવ આવે તો બાયડી, છોકરા ઉપર જાય, રળવા ઉપર, ભોગ ઉપર, પુણ્ય હોય તો એના ઉપર જાય. એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ? છતાં એ વસ્તુમાં પુણ્ય-પાપભાવનો અભાવ છે. એ પરવસ્તુને લઈને શુભભાવ થાય છે એમ નથી. તો સ્વભાવને લઈને શુભભાવ થાય છે એમ નથી. ભારે વાત, ભાઈ! એક સમયની વિકૃત દશા ઉત્પન્ન થાય છે એ અદ્ધરથી શુભભાવ થાય છે પાધરો. સમજાણું આમાં કાંઈ?

એવો ભગવાન આત્મા જેને શુભભાવ અને બહારના અવલંબનનો એમાં અભાવ છે. એવી આત્મચીજને આત્મા સર્વજ્ઞ પરમેશ્વર વર્ણવે છે. આમ બોલે કે જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ (માને તો મિથ્યાત્વ). ગોખે હારડા-ઘડિયા. ભાન ન મળે કાંઈ એક્કે અક્ષરનું. જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ. ગોખે રાખે ઘડિયા. હરામ એક્કે અક્ષરનો અર્થ આવડતો હોય તો! આવે છે કે નહિ? ... માં આવે છે. ... માર્ગને કુમાર્ગ માને તો મિથ્યાત્વ, કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ. પણ કુમાર્ગ કહેવો કોને ખબર છે તને? અને સાંજ-સવાર બોલે. .... આવે છેને? .... અસંયમને છોડું છું. પણ સંયમ કહેવું કોને ભાન છે તને? કે સંયમ કરું છું. શું ભગવાને કહ્યું છે? સાંજ-સવાર જૂઠા બોલે. પાંચમું શ્રમણસૂત્ર છે. એવું આવે

છે .... અકલ્પનીકને છોડું છું અને કલ્પનીક અંગીકાર કરું છું. શું પણ કલ્પનીક શું? અકલ્પનીક શું? એ આત્મામાં છે જ નહિ. કાંઈ ખબર છે? આપણે તો બસ કલ્પનીક લેવું અને અકલ્પનીક છોડી દેવું. આ આહાર છે એને માટે કરેલો અકલ્પનીક છોડવો અને વિરુદ્ધ .. લેવો એ ... એમ નથી. સાંભળને મૂઢ! તત્ત્વની વાત જ એમ નથી. એ.. શેઠ!

અહીં તો કહે છે, ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન હું અંતરમાં અંગીકાર કરું (છું). મારી દૃષ્ટિમાં એ અંગીકાર કરું છું. 'રાગાદિ કોઈ શરીરનું મારે આલંબન છે જ નહિ' એમ હું આત્માના નિરાલંબી તત્ત્વને અવલંબુ છું. આહા..! સમજાણું? '**આલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.**' ... ધર્મધ્યાનમાં આવે છેને, ધર્મધ્યાનમાં. ચાર પ્રકારના આલંબન સાંભળ્યા છે કે નહિ? ધર્મધ્યાનનો કાઉસગ્ગ આવે એમાં આવે. ... આલંબન છે ઈ. વાંચણી કરવી, પર્યટના કરવી એ ધર્મધ્યાનના આલંબન છે. એટલે ક્યુ તારું અધર્મધ્યાન થાય ઈ ધર્મધ્યાનને આલંબન છે આ? ... એ તો ભાષાની ક્રિયા છે, આ વિકલ્પ ઉઠે એ રાગની ક્રિયા છે. ઈ ક્યાં ધર્મધ્યાનનું આલંબન હતું. સમજાણું કાંઈ?

શ્રોતા :— લખેલું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— લખ્યું છે એ બધું. ... આપણે ધર્મધ્યાન છેને, આપણે કરીએ છીએને. .... વાંચણી ક્રિયા તો જડની છે. ભાષા બોલે અને ભાષા સાંભળે એ તો પાપ. જડ છે. વિકલ્પ ઉઠે એ તો પુણ્ય છે, એ તો રાગ છે. સમજાણું કાંઈ? ન્યાં ક્યાં ધર્મધ્યાનનું આલંબન આવ્યું? ધર્મધ્યાન છે જ ક્યાં તને? એઈ..! શું કર્યું અત્યાર સુધી પચાસ વર્ષમાં? બાવન. લ્યો. વન આવ્યું વન દેહને. ત્યાગી અનંતવાર થયો. જૈન સાધુ દિગંબર હોં! પણ ભાન નહિ અંદર. ... આ ક્રિયા કરીએ છીએ ને આ રાગ મંદ... એ ધર્મ છે. નગ્ન થઈ ગયા એટલે હવે આપણે સાધુ થઈ ગયા. બાયડી, છોકરા ક્યાં? આપણે ભોગ લેતા નથી માટે આપણે સાધુ થઈ ગયા ધર્મના.

વસ્તુ તો જ્ઞાનાનંદ ચૈતન્ય છે એમાં દેહની ક્રિયાનો કર્તા તો નથી, એની સત્તામાં તો નથી, એ આત્મા છે તો આ દેહ ચાલે છે એમ નથી અને આત્મા છે તો મહાવ્રતનો રાગ ઉત્પન્ન થાય છે એમ પણ નથી અને એ રાગ ઉત્પન્ન થાય છે માટે આત્માને આલંબન મળે છે કાંઈક ધર્મનું એમેય નથી. સમજાણું કાંઈ? બહુ પણ ફેર. આ તો મોટા પાના ફેરવવા પડે હોં! કાળાબજારના કર્યા હોય તો ચોપડા ફેરવવા કે નહિ? કર્યા હોય, લખ્યા હોય કાંઈક અને ઓલો બતાવે બીજું કાંઈક, લખ્યા હોય ક્યાંક. ચોપડો ફેરવી નાખે. નામામાં એક પાનું ઓલું અને એક પાનું એમ રાખે, પછી ફાડી નાખે. જુદો ચોપડો હોય. એમ કહે છે કે આ લખ્યા માનેલા ચોપડાને ફેરવી નાખ. જો તારે આત્મધર્મ અને ભગવાને કહેલો સમજવો હોય તો. સમજાણું કાંઈ? આહા..! નિરાલંબી જેવું આત્મદ્રવ્ય નિરાલંબી... એ શબ્દ અંદર હશેને ઓલામાં... આદિપુરાણમાં... કહો, સમજાણું આમાં?

હવે પરિગ્રહનો નકાર કરે છે. બાહ્ય-અભ્યંતર પરિગ્રહ છોડ તો મુનિપણું થાય. અહીં કહે છે કે પણ બાહ્ય અભ્યંતર પરિગ્રહ આત્મામાં છે જ નહિ. કોને ગ્રહ્યું છે તે છોડવું? પણ ગ્રહ્યું છે કે દિ' અંદર કે આને છોડું? આને છોડું એનો અર્થ કે મેં ગ્રહ્યું હતું, એ જ મિથ્યાત્વભાવ છે. જડને મેં ગ્રહ્યું હતું. ગ્રહે કે દિ'? જડ રજકણને ગ્રહતો હશે આત્મા કોઈ દિ'? અહીં તો વિકારી ભાવ છે. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ,...**' ભાવ અભ્યંતર પરિગ્રહ છે, દેખો! મિથ્યાત્વભાવ. પહેલા નંબરનો મિથ્યાત્વ પાપભાવ. શુભભાવમાં ધર્મ માનવો, અશુભભાવમાં મીઠાશ માનવી, દેહની ક્રિયા હું છું તો આ શરીર ચાલે છે એમ માનવું, હું છું તો આ વાણી બોલાય છે—એ બધો મિથ્યાત્વભાવ છે. ક્યાં હયાતી છે? એનામાં હયાતી છે, વાણીમાં ક્યાં હયાતી છે એની? આત્મા આત્માની હયાતીમાં છે. વાણીની હયાતીમાં ગરી ગયો છે ઈ? આ તો જડ છે વાણી તો. શું આત્મામાં છે? આ રજકણ નીકળે છે આત્મામાંથી આવે છે આ? રજકણના પરમાણુ અંદર ભાષાવર્ગણાના પડ્યા છે એમાંથી ઉઠે છે આ. ભારે વાત, ભાઈ! એઈ..! આહા..હા..!

મિથ્યાત્વભાવ. ભ્રમણાભાવ. હું પૂર્ણ આનંદકંદ નહિ. મારા એક સમયની રાગદશા તે હું, રાગથી મને લાભ થાય. સમજાય છે? રાગથી મારી ચીજ એકમેક છે એવી મિથ્યાદૃષ્ટિનો ભાવ તે ખરેખર સ્વભાવમાં નથી. ઉત્પન્ન કરેલો વિકલ્પ એક સમયની વિકૃત દશા છે. સ્વભાવ વસ્તુ જેને આત્મા ચિદાનંદ ભગવાન કહીએ એમાં એ છે નહિ. હોય તો નીકળે નહિ. સમજાણું કાંઈ? કહો. પૈસામાં સુખ છે, લાડવામાં સુખ છે, ખાઈએ તો સુખ છે, તૃષા ખુબ લાગી હોય અને પાણી મળે તો સુખ થાય—એ બધો મિથ્યાત્વભાવ છે. એ ભાવ મિથ્યાત્વ પર્યાયમાં એક સમયનો કૃત્રિમ ઊભો કરેલો ભાવ છે, વસ્તુમાં નથી. એ મિથ્યાત્વભાવ વસ્તુમાં એકમેક નથી.

પછી '**વેદ,...**' વેદ. ત્રણ વેદનો વિકાર. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ હોં! આ વેદ નહિ, આ તો જડ માટી છે. આ તો હાડકાના આકાર, ઈ વેદ નહિ, ઈ આત્મા નહિ. આત્માની પર્યાય આ નહિ. આ તો માટી જડ છે, આ આકાર શરીરનો તો એની અવસ્થા છે. માટીના પૂતળાનો આકાર એ તો એક સમયની પર્યાયમાં પણ નહિ. એક સમયની પર્યાયમાં વિકાર વેદ—સ્ત્રી, પુરુષ, નપુંસકનો વિકાર એક સમયની અવસ્થામાં, વસ્તુમાં નહિ. સમજાણું કાંઈ? આ શરીરની અવસ્થા તો એક સમયમાત્ર પણ આત્મામાં નથી. એ તો જડની અવસ્થા છે, એની પર્યાય છે આ માટી. પુદ્ગલની પર્યાય સ્કંધની. સમજાણું આમાં? અજીવને અજીવ માનવું, આસ્રવને આસ્રવ માનવો, આત્માને આત્મા માનવો, ત્યારે કહેવાય કે આત્મામાં આસ્રવ નથી, આસ્રવમાં આત્મા નથી, (આત્મામાં કર્મ) નથી, કર્મમાં આત્મા નથી.

નવ તત્ત્વ છે કે નહિ? જીવતત્ત્વ, આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ. આ ત્રણે લ્યો એમાં આ બધો ખુલાસો આવી જાય છે. વેદ નથી ભગવાન આત્મામાં. આનંદનું સ્વરૂપ એનું છે, અતીન્દ્રિય આનંદ, ત્રિકાળ અતીન્દ્રિય આનંદથી ભરેલો. નિર્વિકારી સ્વસંવેદનથી પ્રગટ થવાલાયક એમાં

વેદ કેવો? ક્યારે? અત્યારે. ત્રણે કાળે દ્રવ્યનું સ્વરૂપ શુદ્ધ ભગવાન (એમાં) વેદ છે જ નહિ. એ પરિગ્રહ, અભ્યંતર પરિગ્રહ એનામાં છે જ નહિ. એ વેદને પકડી રાખે આત્મા એવું એના સ્વભાવમાં નથી. આહા..હા..! પરિગ્રહની વાત ચાલે છેને પરિગ્રહ. પરિગ્રહ છોડો. શું છોડે? છે જ ક્યાં અંદરમાં. બાહ્ય પરિગ્રહ છોડો. લુગડાં છોડો, બાયડી, છોકરા છોડો. બાહ્ય પરિગ્રહ છોડવા છે એને. સમજાણું કાંઈ? વેદ નથી એનામાં. શુદ્ધ ચૈતન્ય ભગવાન અનંત આનંદકંદ આત્મા જેને કહીએ, જેને જ્ઞાયકસ્વરૂપ સ્વભાવ કહીએ એ આત્મા. એમાં વેદની ગંધ નથી. એ અભ્યંતર પરિગ્રહ નથી. પકડી રાખવા માંગે તો પકડાય એવું નથી. એક પર્યાયમાં ઊભો કરેલો સંસાર છે, એ વસ્તુમાં છે નહિ. એક સમયની દશા. એ દશા બીજે સમયે આવતી નથી. આહા..હા..!

'રાગ,...' નથી રાગ. આહા..હા..! જીવમાં રાગ નથી. એની પર્યાયમાં એક અંશમાં કૃત્રિમ એક સમયનો છે. ત્રિકાળ જ્ઞાનાનંદ ધ્રુવ જેને તત્ત્વ આત્મા કહીએ એમાં રાગ છે જ નહિ. આહા..હા..! નિર્મળાનંદ નાથ પ્રભુ જેમાં એકલી નિર્મળતા જ, શુદ્ધપણું જ પડ્યું છે. એમાં રાગની ગંધ નથી. અભ્યંતર પરિગ્રહ રાગ એ અંદર છે જ નહિ. છે નહિ એને શું છોડે? વસ્તુના સ્વભાવની દૃષ્ટિ થતા, એકાકાર થતા એ રાગની ઉત્પત્તિ ન થાય તેને છોડ્યું એમ કહેવામાં આવે. બાકી બીજી વાત એમાં છે નહિ. સમજાણું કાંઈ? રાગનો કર્તા. રાગનો પરમાર્થે ત્યાગકર્તા આત્મામાં નથી. આવે છેને ગાથા? સમયસાર. શુભ-અશુભરાગ એનો ત્યાગકર્તા, ત્યાગકર્તા હોં! કરનાર એ તો સ્વરૂપમાં નથી, આનો ત્યાગકર્તા આત્માના સ્વભાવમાં નથી. ત્યાગકર્તા હોય તો ગ્રહણ-ત્યાગ, ગ્રહણ-ત્યાગ રહ્યા જ કરે, કોઈ દિ' સ્વભાવની પ્રાપ્તિ થાય નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય ધ્રુવ વસ્તુ જ્યાં દૃષ્ટિ કરવાની છે અને દૃષ્ટિની જે દૌલત છે એવા તત્ત્વમાં રાગનો અભાવ છે.

'દ્વેષ,...' નથી. લ્યો, દ્વેષનો અંશ નથી. શુદ્ધભાવ પરમાનંદની મૂર્તિ આત્મા, અનંતગુણની ગાંઠડી, અનંતગુણની ગાંઠડીમાં દ્વેષની ગાંઠ એમાં જરીયે નથી. એ ગાંઠડી ખોલે તો એમાંથી આનંદ આદિ ખુલે પણ દ્વેષ નીકળે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? રતનની ગાંઠડી હોય એને ખોલે તો શું નીકળે? કે કોલસા નીકળે? એમ આત્મા તો અનંત શુદ્ધ રતનની ખાણ છે. ચૈતન્ય રત્નાકર છે. આહા..હા..! આ ભારે! ભિખારી થઈને ફરે છેને. ભિખારી એટલે આ પૈસાના માગણ ને એ બધા ભિખારી છે એમ. રાજા, શેઠિયાઓ બધા ભિખારી. એ બધા ભિખારીના ટોળા. એકસાથે ભિખારી ન હોય? 'એ.. બાપુ! મને આપજો.' એમ આ બધા ભિખારીના ટોળા અત્યારે છે બહાર. પર્યાયમાં ભિખારી હોં, વસ્તુમાં નહિ. વાસણ લઈને ઊભા હોયને. સારે નરસે.. સારે નરસે એટલે? કારજ હોય કે લગન હોય. ઈ સારું નરસું કહેવાયને? ભિખારી ભેગા થાય તો ખબર પડે કે અહીં દહાડો છે, અને પાંચ હજાર માણસ ભેગા થયા છે. એ વાસણ લઈને ઊભા રહે. 'એ.. માં-બાપ મને

આપજો. એક રૂપિયો આપજો.' એમ આ માંગણ બધા ભેગા થયા છે, કહે છે.

ભગવાન આત્મા અનંત લક્ષ્મીનો ધણી અંદર છે એમાં માંગતો નથી, એમાં એકાગ્ર થતો નથી કે જેમાં એકલી લક્ષ્મી આનંદની જ ભરી છે. આ દ્વેષભાવ એમાં છે જ નહિ. આહા..હા..! અરે..! વરાકા! બિચારા ભિખારી. ... પર્યાયમાં અવસ્થામાં આમ દષ્ટિ પડે છે અને અહીં જાતી નથી. ત્રણલોકનો નાથ ખાણમાં ભગવાન અનંતા લઈને પડ્યો છે. અનંતા ભગવાન પડ્યા છે એના ખાણમાં ધ્રુવમાં સ્વભાવમાં, એની સામું જોતો નથી અને અહીં માંગ્યા કરે છે. છોકરો થાજો, વાંઝિયો છું. ૫૦ વરસે છોકરો થાય તો.. આહા..હા..! એઈ..! એમાં પાંચ-પચ્ચીસ લાખની મુડી હોય અને પોતાને દીકરો ન હોય અને એમાં કાકાનો દીકરો હોય, ભત્રીજો લઈ જવાનો હોય. જુઓ, એ બાયડી અને એને બેયને થાય ઈ. અરે..! પણ આ .. બધા લઈ જશે. આ ભત્રીજો. પણ શું કરીએ આપણે? કો'કને બેસાડો ઘરે. એઈ..! ન હોય તો ઉપાધિ લાવે.

અહીં કહે છે કે ભગવાન! તારા સ્વરૂપમાં તો વિકલ્પ અને રાગ-દ્વેષનો અભાવ છેને. કોને બેસાડવો છે તારે અંદરમાં? સમજાણું કાંઈ? આહા..હા..! ચીમનભાઈ! મુંબઈમાં તો ઝપાટા વાગતા હોય. આહા..હા..! મોટરું ને ઈ ધમાલ ને... કેમ બાબુભાઈ! ઓલો કહે હજારનો પગાર, ઓલો કહે બે હજારનો પગાર, ઓલાને પાંચ હજારનો પગાર. ઓહો..હો..! શું છે પણ હવે? અહીં તો કહે છે કે એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટે એવો આ નાથ ચૈતન્યનાથ છે. એની તો શ્રદ્ધા કર અને દષ્ટિ કર. સમજાણું કાંઈ? જેમાં '**હાસ્ય,..**' નથી. આહા..હા..! હાસ્ય કેવા? વિસ્મયતા કેવી ચૈતન્યને? એ તો જ્ઞાન, દર્શન અને આનંદનો કંદ છે. સમજાણું કાંઈ? જેમાં રતિ નથી. ભગવાન આત્મામાં રતિ નથી. આ અભ્યંતર પરિગ્રહની વાત ચાલે છે. બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા, એ તો ક્યાંય એના ઘરમાં રહ્યા. આત્મામાં છે જ નહિ એ.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ કાઢે? બાયડી, છોકરાની વાત એ તો પહેલામાં ગઈ. એ તો .... સમજાણું કાંઈ? ઈ છે જ નહિ. છે નહિ અને માની બેઠો મફતનો. કાઢવું શું? એક સમયની પર્યાયનો વિકાર છે એ સ્વભાવમાં નથી. અહીં જોતા એ નથી. આ તો હતા જ કે દિ'? આ તો એક સમયની પર્યાયમાં છે. હાસ્ય, રતિ, અરતિ એક સમયની દશામાં છે. આ તો એક સમયમાં પણ નથી, બાયડી, છોકરા તો એના ઘરે પડ્યા, ઈ ક્યાં તારામાં ગરી ગયા હતા, અહીં આવ્યા હતા? પણ ધણી થઈ પડ્યો છેને. ક્યાંકનો આત્મા ક્યાંકથી આવ્યો. શરીર ક્યાંકથી બન્યું. મારા જેવો ચહેરો છે કે નહિ એનો? એમ કહે પાછો, પણ ચહેરો તારો તો અંદરમાં ચહેરો છે. આ ધૂળનો ચહેરો તારો છે? આ તો માટી છે. સમજાણું? રતિ થાય, આમ ખુશી થાય.. આહા..! બેટા! તને દેખીને તો આમ હૈયું ઠરે છે, બાપા!

દસ હજારનો પગાર! આહા..હા..! એઈ..! હિંમતભાઈ! એના સાસરા હતા, જેચંદભાઈ. ઈ રળીને લાવ્યા હતા ન્યાંથી, એડનમાંથી. ગામમાં ગયા ત્યાં ઉપાડી લીધેલા. ઓ બેટા! એના બાપા જેચંદ.. શું જેચંદના બાપનું નામ? જેચંદ ગોપાળજી. એ કો'ક હતું એણે વાત કરી હતી. જેચંદભાઈએ પોતે વાત કરી હતી. પોણો લાખ રૂપિયા પેદા કરીને (આવ્યા હતા). તે દિ' પોણો લાખ પેદા કરે એટલે? એડનમાંથી લઈને આવેલા. ગામમાં પેઠા ત્યાં, ઓહો..! દીકરા! ઊંચો કરી દીધો.

શ્રોતા :— પૈસાનો પ્રેમ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળનો પ્રેમ. મૂઢ થઈને... વાહ.. વાહ! કદર કરતા આવડે છેને. એમ. આહા..હા..! ધૂળમાં કદર શેની? તારી કદર તને આવડતી નથી અને તું કો'કની કદર કરવા નીકળ્યો? અનંતગુણનો નાથ જેમાં રતિ, અરતિનો અભાવ છે એવા ભગવાન આત્માની તને કદર કરતા આવડતી નથી અને તું કો'કની કદર કરવા નીકળ્યો. આહા..હા..! પાગલ થઈને કો'કને શીખામણ દેવા ગયો કે તમે આમ કરો. ... પાગલ છેને પોતે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં રતિ-અરતિ જ નથી. પાંચ લાખ મળ્યા ત્યાં રતિ થઈ. અરે..! ગયા, બાપા! ... ભાઈ! તમને ખબર ન પડે. એવા પણ મૂર્ખા હોય છેને ઘણા. ઈ તમને ન ખબર પડે. આવ્યા સમાઈ જાય. પાંચ લાખ પેદા કર્યા હોય તો મકાનમાં નાખ્યા, દાગીનામાં નાખ્યા, બાયડી અથવા છોકરાના ભાગ પાડ્યા. પણ ... આ બધા તમારા નાટક છે આ બધા. ભાઈ! તું તો ભગવાન છોને, પ્રભુ! તારામાં તો કેવળજ્ઞાનની ખાણું પડી છે, ભગવાન! એ કેવળજ્ઞાનની લક્ષ્મી અંદરથી ખેંચીને કાઢ એવું તારું તત્ત્વ છે. આહા..હા..! સિદ્ધપદ પ્રાપ્ત કર એવું તારું તત્ત્વ છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. સિદ્ધપદ પ્રાપ્ત છે અંદરમાં વસ્તુમાં, એની પર્યાયમાં પ્રાપ્તિ છે. રાગ અને રતિ, અરતિની પ્રાપ્તિ વસ્તુમાં પડી છે? સમજાણું કાંઈ? ફાવાભાઈ! મીઠાશ કેવી છે! 'બાપા! તમે આ કરજો.' ઓલો મનહર બોલેને ત્યાં તો આહા..! ગલગલિયા થઈ જાય. પૈસા ખરચવામાં સંકોચ ન કરવો, બાપા! આ તમારું જ છે. હું તમારો છું ને, પૈસા પણ તમારા જ છે. એઈ..!

હરીશચંદ્ર હતોને તમારો હરીશચંદ્ર? ફાવાભાઈનો. એના બા હતાને. એની બા કહે, એક દિ' વ્હોરવા ગયા હતા. હરીશચંદ્ર ... નાનો હતોને? જગજીવનથી નાનો. શિવલાલથી નાનો. ... છોકરો છેને ત્યાં અમદાવાદમાં, એના કાકાનો દીકરો. .... નો ભાઈ, કાકાનો દીકરો. કાંતિલાલ એનો બાપ. એમ કે મારા હરીશચંદ્રે... કાકાનો દીકરો પણ પરણાવ્યો... બા! તું કહે છે હરીશચંદ્ર પણ હું કોનો છું? એમ બોલ્યો હતો. હું તારો છું ને. તું વખાણ કોના કરે છે? 'હરીશચંદ્રે આમ કર્યું, હરીશચંદ્રે આમ કર્યું' એમ બોલતી હતી એની બા. હરીશચંદ્રે.. એના કાકાના દીકરા, શું નામ? ભૂલી ગયા. જગજીવનથી નાનો શીવલાલ અને શીવલાલથી નાનો, એનાથી નાનો જગજીવન આપણે... એણે આમ કર્યું.. બા! તું કહે છે પણ હું કોનો

છું? તારો છું. ... અહીં કહે છે કે આત્મા તારો છે. શું કર્યું તેં? સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં રતિ, અરતિ છે જ નહિ. '**શોક, ભય,...**' છે જ નહિ. આહા..હા..! શોક કેવા? ભગવાન આત્મા અશોક પ્રભુ, અશોકની ખાણ. આનંદના પૂર, શાંતિના સાગર ભગવાન આત્મા છે. એમાં શોક કેવો? શોકની દશા એક સમયની જે વસ્તુના મૂળ સ્વભાવમાં નથી. ભગવાન આત્મામાં એ છે જ નહિ. એવા આત્માની અંદર શ્રદ્ધા-સમ્યગ્દર્શન પ્રગટ કરવું એનું નામ ધર્મની શરૂઆત કહેવાય છે. પછી એને ચારિત્ર-ફારિત્ર હોય. આવા સમ્યગ્દર્શન વિના ચારિત્ર ને વ્રત ને બ્રત બધા કોરે કાગળે મીંડા છે. સમજાણું કાંઈ? કોરે કાગળે મીંડા એટલે? એની કિંમત નહિ. આહા..હા..! શોક નથી, ભય નથી. ભગવાન નિર્ભયમાં ભય કેવા? અભયનો તો સાગર આત્મા છે. પરમેશ્વર નિર્ભયસ્વરૂપ આત્મા. સમજાણું? ભય નથી. '**णिब्भयो**' છેને? બધા બોલ છે ભેગા.

'**જુગુપ્સા,...**' નથી. દુગંછા આત્મામાં નથી. દુગંછા વિકૃત પર્યાય છે. સ્વરૂપમાં એ શુદ્ધ આનંદમાં જુગુપ્સા નથી. '**ક્રોધ, માન, માયા અને લોભ...**' નથી. ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ આનંદકંદના ભાનમાં એ પૂર્ણાનંદ અંતર્મુખ પરમેશ્વરના પદમાં ક્રોધ, માન, માયા, લોભ એ '**ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી...**' લ્યો. '**આત્મા નીરાગ છે.**' નિરાળો કીધો. ... ભાઈ! તારા સ્વરૂપમાં પરમાત્મામાં આની ગંધ નથી. જેમ ... એ તારી ભ્રમણા છે. કહો, સમજાણું? નિર્દોષ છે આત્મા, એમ કહે છે.

'**નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ,...**' આહા..હા..! કહે છે કે પુણ્ય-પાપને ધોઈ નાખવામાં સમર્થ એવું તારું સ્વરૂપ છે. સહજ અવસ્થા-સહજ ટકવું ત્રિકાળ, એમ. સહજજ્ઞાનશરીર તારું છે. સ્વાભાવિક જ્ઞાન, ચૈતન્ય તારું શરીર છે. '**તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.**' એણે આત્મા કોઈ દિ' સાંભળ્યો નહિ હોય કેટલાકે તો. આ આત્મા આવો? આ હાલે ચાલે ઈ ત્રસ અને સ્થિર રહે ઈ સ્થાવર. એ આત્માની વ્યાખ્યા અજ્ઞાનીની. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે, ભાઈ! આત્મા પાપમળકલંક કાદવને ધોઈ નાખવામાં સમર્થ. ઈ એનામાં છે જ નહિ, એમ.

'**સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન...**' ડૂબી ગયેલો. ઓહો..હો..! સ્વભાવિક પરમ વીતરાગ આનંદના સમુદ્રમાં ડૂબેલો આત્મા છે. એ અતીન્દ્રિય આનંદમાં ડૂબેલું તત્ત્વ છે. આહા..હા..! એવી પ્રગટ સહજ અવસ્થા એવું જે સહજજ્ઞાન '**તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.**' લ્યો. ભારે ભાષા વાપરી જુઓ, '**સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન...**' લીન પ્રગટ વસ્તુ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં ડૂબી ગયેલું, ડૂબી ગયેલું. એકાકાર ભગવાન અતીન્દ્રિય આનંદમય છે. એમાં દોષ કેવા? એવો ભગવાન નિર્દોષ છે એની અંતરમાં દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એનો આધાર શુદ્ધભાવ છે. એનો આધાર કોઈ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૯, ગુરુવાર, તા. ૧૫-૦૪-૧૯૬૬,
ગાથા-૪૩, પ્રવચન નં. ૫૦

શું કહે છે? જુઓ, '**સહજ નિશ્ચયનયથી સહજજ્ઞાન,...**' આત્મા કેવો છે? અને કઈ રીતે ઉપાદેય થાય છે ઈ વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિને પોતાનો... નિર્દોષ સુધી આવી ગયું છે આપણે પરમ દિવસે. છેલ્લેથી પાંચમી લીટી. છેલ્લી છેને? છેલ્લેથી પાંચમી લીટી છે. '**સહજ નિશ્ચયનયથી...**' છેને? સમ્યગ્દૃષ્ટિને કેવો આત્મા ઉપદેય છે? અને એ આદરણીય થવાથી પોતામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, અનુભવ થાય છે. આ મોક્ષમાર્ગ અધિકાર છે. મોક્ષમાર્ગ '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' આ પહેલું સૂત્ર છે. આ નિયમસાર છે. નિયમસાર કહો કે મોક્ષનો માર્ગ કહો. તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કોનો આશ્રય કરવાથી ઉત્પન્ન થાય છે? આત્માના આશ્રયથી ઉત્પન્ન થાય છે. એ આત્મા કેવો છે ઈ વાત ચાલે છે.

'**સહજ નિશ્ચયનયથી...**' ભગવાન આત્મા '**સહજજ્ઞાન,...**' સ્વરૂપ છે ત્રિકાળ. સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપ આત્મા છે. '**સહજદર્શન,...**' સ્વરૂપ છે. સ્વાભાવિક ચારિત્ર ત્રિકાળી સ્વરૂપ છે, ત્રિકાળ. ચારિત્રની પર્યાય નહિ. પોતાનો સ્વભાવ સ્વાભાવિક સહજજ્ઞાન નિશ્ચયથી છે ત્રિકાળ ધ્રુવ અને સહજદર્શન—શ્રદ્ધા અને દર્શનોપયોગ ત્રિકાળ અને '**સહજચારિત્ર,...**' સ્વરૂપ સ્થિરતા ત્રિકાળ. અહીંયા ત્રિકાળની વાત છે. વર્તમાન પર્યાયની વાત નથી અહીંયા. ત્રિકાળ ગુણની વાત છે. પોતાનો આત્મા ત્રિકાળ સહજ નિશ્ચયનયથી સ્વાભાવિક જ્ઞાન, સ્વાભાવિક દર્શન, સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્ર અને '**સહજ પરમવીતરાગ સુખ...**' સ્વાભાવિક પરમવીતરાગસુખ આત્માની વાત, ત્રિકાળની વાત છે હોં! '**વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત...**' એવા અનંત અનંતગુણ છે આત્મામાં. આ તો મુખ્ય ગુણ લીધા. એવા અનંતગુણના આધારભૂત '**પરમ ધર્મોના આધારભૂત નિજપરમતત્ત્વને...**' ભગવાન પરમતત્ત્વ નિજસ્વરૂપ '**જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતારહિત) છે;...**' આ ત્રિકાળી નિર્મૂઢતાની વાત ચાલે છે. શું કહ્યું? સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી ઈ દ્રવ્યસ્વભાવ શું છે એનો એણે પત્તો લીધો નથી. સમ્યગ્દર્શન વિના નિજ સ્વભાવનો પત્તો લાગતો નથી. સમજાય છેને ભાઈ? થોડી થોડી ભાષા સમજાય છેને?

કહે છે કે આવો ભગવાન આત્મા અનંત અનંત અનેક પરમધર્મ, અનંત પરમધર્મ; પણ અનંત કેટલા? કે આકાશના પ્રદેશ જેટલા છે એનાથી અનંતગુણા પરમધર્મ આત્મામાં છે. સમજાણું કાંઈ? અનેકનો અર્થ અનંત છે. અનંતનો અર્થ આત્મામાં ગુણની સંખ્યા કેટલી છે? કે આકાશ જે સર્વવ્યાપક છે એના જેટલા પ્રદેશની સંખ્યા છે અનંત એનાથી પણ

અનંતગુણા આત્મામાં ધર્મ છે. આવા ધર્મોના આધારભૂત. અહીંયા ધર્મ નામ ગુણ અને ગુણને અહીંયા આધેય કહ્યું છે અને આત્માને આધાર કહ્યો છે. ઝીણી વાત. સમજાણું કાંઈ? અનંતગુણને આધારભૂત. મોડા કેમ આવ્યા પાંચ મિનિટ? શું કહે છે? આહા..હા..!

કહે છે, ભગવાન! તારા સ્વરૂપમાં એ રાગ-દ્વેષ તો એમાં છે જ નહિ, શરીર, કર્મ નથી. જે ભગવાન આત્મા એક સમયમાં દર્શન, જ્ઞાનસ્વરૂપ આનંદ વીતરાગી પરમસુખ એવા અનંત ધર્મથી ભરેલો આત્મા છે. અનંતગુણ આધેય છે, ભગવાન આત્મા આધાર છે. આધાર-આધેયનો પણ જેમાં ભેદ કરવો નહિ. એનું નામ નિર્મઢ છે. આવા ત્રિકાળી અનંતગુણનો જાણનાર સ્વભાવ ત્રિકાળમાં છે એને નિર્મૂઢ કહે છે. ભાષા પણ કેવી! સમજાણું કાંઈ? નિર્મૂઢ પણ ત્રિકાળ હોં! પર્યાયમાં નહિ. આહા..હા..! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસ્થિરતારૂપ ચારિત્ર ત્રિકાળ અને વીતરાગી પરમસુખ ત્રિકાળ આદિ અનંત ધર્મોનો ભગવાન આત્મા આધાર હોવાથી એને. આવું જે નિજપરમતત્ત્વ. નિજપરમતત્ત્વ આધાર, એમાં રહેવાવાળા નિજગુણ એ આધેય. તેને '**જાણવામાં સમર્થ હોવાથી...**' તેને જાણવામાં આત્મા અંદરમાં જાણવામાં સમર્થ હોવાથી તેનું ત્રિકાળી જ્ઞાન આત્માને નિર્મુઢ કહેવામાં આવે છે. આ આત્મા સમ્યગ્દષ્ટિને અંદર ઉપાદેય છે. છેલ્લી લીટીમાં કહેશે. આવો આત્મા ખરેખર ઉપાદેય છે. છેલ્લી લીટીમાં કહેશે. છેલ્લી છેલ્લી લીટી છેને. આવો આત્મા ખરેખર ઉપાદેય છે. સમ્યગ્દષ્ટિને ધર્મીને આત્માના મોક્ષમાર્ગીને આવો ભગવાન આત્મા અંગીકાર કરવાલાયક અર્થાત્ ધ્યેય બનાવવાલાયક છે. બીજું કાંઈ ઉપાદેય સમ્યગ્દષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હિન્દી છે, ભાઈ! આજ તો હિન્દી ચાલે છે. સવારે આવ્યા હતા? આજે હિન્દીમાં ચાલ્યું હતું. ગુજરાતી સમજે નહિ તો મુંઝાઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં આવા અનંતગુણનો આધાર પરમાત્મા નિજસ્વરૂપ નિજતત્ત્વ, નિજપરમતત્ત્વ એ દ્રવ્ય એને જાણવામાં સમર્થ, એને જાણવામાં સમર્થ. આત્મા નિર્મૂઢ છે. ભગવાન આત્મા ત્રિકાળ અનંતગુણને જાણવામાં સમર્થ એવા એનામાં ગુણ પડ્યા છે. એવો આત્મા સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનથી આ જ આત્મા ઉપાદેય છે. બીજી કોઈ ચીજ ઉપાદેય નથી. આહા..હા..! લખ્યું છે કે નહિ, ભાઈ? એમાં લખ્યું છે કે નહિ? આહા..હા..!

ભાઈ! જેમાંથી મોક્ષમાર્ગ પ્રગટ થાય, નિયમસાર છેને, જેમાંથી મોક્ષમાર્ગ પ્રગટ થાય તે જ આત્મા ઉપાદેય છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી શરીરમાંથી પ્રગટ થતો, નથી રાગમાંથી પ્રગટ થતો, નથી પોતાની પર્યાય વ્યક્ત જે હોય થોડા જ્ઞાન, દર્શન, વીર્ય એમાંથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ નથી થતા. સમજાણું કાંઈ? શેઠી!

શ્રોતા :— ફરીથી કહો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ફરીથી કહો. કેટલા મહિના રહ્યા તમે? જયપુરથી.

ભગવાન! એકવાર સાંભળ તો ખરો. પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવો આત્મા આવ્યો અને આત્મા એવો છે. જાણવામાં આવ્યો એવો છે અને છે એવો જાણ્યો, જાણ્યો એવો કહ્યો. એક સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મા અનંતજ્ઞાન, દર્શન આદિ અનંતગુણનો આધાર એવો સ્વભાવ એને જાણવાલાયક નિર્મૂઢ જે ત્રિકાળ સ્વભાવ છે તેને આત્મા કહે છે. તે જ આત્મા સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે. કેમ? કે એ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પ્રગટ થાય છે તે દ્રવ્યમાંથી થાય છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય આવા આત્મામાંથી ઉત્પન્ન થાય છે. શરીરની ક્રિયા જડની એમાંથી ઉત્પન્ન થતી નથી, કેમકે એમાં ગુણ નથી. શુભાશુભરાગમાંથી ઉત્પન્ન થતી નથી, કારણ કે તે વિકાર છે એ પોતામાં છે જ નહિ. એક સમયની પ્રગટ અવસ્થા છે પર્યાય, ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, વીર્ય એમાં ગુણ નથી, એ તો એક સમયની પર્યાય છે, એમાંથી મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન નથી થતી. ઉત્પન્ન થાય છે તે ખાણ આત્મા છે. એ નિર્મૂઢ આત્મા ધર્મીજીવને અંતરમાં આદરણીય રુચિ થઈ તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. શ્રદ્ધા થાય છે એ સમ્યગ્દર્શન છે, અનુભૂતિ થાય છે તે સમ્યક્જ્ઞાન છે અને સ્થિરતા થાય છે તે સમ્યક્ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિર્મૂઢ એક અર્થ લીધો. હવે બીજો નિર્મૂઢતાનો અર્થ છે. હવે પર્યાયની વાત ચાલશે. આ દ્રવ્યની વાત લીધી.

'**અથવા,...**' નિર્મૂઢના બે અર્થ છે. '**સાદિ-અનંત...**' આ અનાદિ-અનંતની વાત ચાલી પહેલી. હવે કેવળજ્ઞાનની વાત. સાદિ-અનંત, સાદિ-અનંત કેવળજ્ઞાનની વાત ચાલે છે. સાદિ નામ શરૂઆત. કેવળજ્ઞાનની પર્યાયની આદિ થાય છે અને ત્રિકાળ જ્ઞાનગુણની આદિ નથી, એ તો અનાદિ-અનંત છે. અનાદિ આદિ નહિ, અંત નહિ, અવિનાશી ત્રિકાળ આનંદ આદિ ગુણનો ભંડાર ભગવાન. એના અંતર ગુણ તો અનાદિ-અનંત છે, સાદિ નહિ. પણ એનો આશ્રય કરીને જે મોક્ષમાર્ગ પ્રગટ થયો એનું ફળ જે પ્રગટ થાય છે—કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ એ સાદિ ઉત્પન્ન થાય છે. એ જ્ઞાન સાદિ-નવી દશા ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ગુણ નથી, પર્યાય છે. ત્રિકાળી ગુણ છે તે ધ્રુવ છે ત્રિકાળ. એ પહેલામાં આવી ગયું. હવે અહીંયા સાદિ-અનંત. કેવળજ્ઞાન જે પોતાના દ્રવ્યમાંથી અંતર લીન અનુભવ કરવાથી, લીન થવાથી જે પર્યાય પ્રગટ થઈ તે સાદિ થઈ. આદિ થઈ, સ-આદિ. અનંત-કેવળજ્ઞાનનો હવે અંત નથી. જે ઉત્પન્ન થયું તે અનંતકાળ રહેશે.

'**અમૂર્ત...**' એમાં મૂર્તપણું નથી. અતીન્દ્રિય-ઈન્દ્રિય રહિત છે કેવળજ્ઞાન. '**સ્વભાવવાળા...**' આવા '**અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારનયથી...**' સદ્ભૂતવ્યવહારનયથી. કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. (કારણ કે) પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સદ્ભૂત. કેમ? શુદ્ધસદ્ભૂત. પર્યાય શુદ્ધ છે સદ્ભૂત, એની પર્યાયમાં છે. વ્યવહાર એક સમયની દશા છે. સાદિઅનંત એક ભાગ છે. ઈ અપેક્ષાએ '**શુદ્ધસદ્ભૂતવ્યવહારનયથી ત્રણ કાળના...**'

સમજાણું કાંઈ? આવો અંદર આવો. ગરમી ઊડાવવાની વાત છે. અંતર શીતળ ભગવાન આત્મા છે. આહા..હા..! એમાંથી પ્રગટ થઈ આત્માની કેવળજ્ઞાન પર્યાય. કેવી છે? કે શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. ત્રણકાળ-(ત્રણ) લોકને કેવળજ્ઞાન જાણે છે. પહેલાં ત્રણકાળની વાત નહોતી. પહેલા તો નિર્મૂઢ પોતાના ત્રિકાળ જ્ઞાનની વાત હતી, હવે પર્યાયની વાત છે. ત્રણકાળ-ત્રણલોકના '**સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં...**' ભગવાનના કેવળજ્ઞાનમાં એક સમયમાં જણાઈ (જાય છે). એક સમયમાં ભગવાન કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવામાં સમર્થ છે.

એમ '**જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.**' નિર્મૂઢના બે અર્થ કર્યા. એક ત્રિકાળી નિર્મૂઢતા અને એક પર્યાયની નિર્મૂઢતા. સમજાણું કાંઈ? તો ધર્મીજીવને ઉપાદેય આત્મા ત્રિકાળી છે ઈ બતાવવું છે. આ તો એનું ફળ બતાવ્યું. હવે છેલ્લો શબ્દ છે. છેલ્લાને શું કહે છે? આખિર. નિર્ભય છેને છેલ્લો. જુઓ, કેવળજ્ઞાનમાં ત્રણકાળ-ત્રણલોક જણાય છે. કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળની પર્યાય એક સમયમાં જાણે છે. બરાબર છે? કેવળજ્ઞાન એક સમયમાં ભગવાનની પરિપૂર્ણ દશા એક સમયમાં ભૂતની દ્રવ્યની પર્યાય, વર્તમાન દ્રવ્યની પર્યાય, ભવિષ્યની દ્રવ્યની પર્યાય એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ? આઘીપાછી થાય છે કે નહિ? ભગવાન જાણે એમાં આઘીપાછી થાય છે કે નહિ? તો તો નિયત થઈ ગયું, ક્રમબદ્ધ થઈ ગયું. ભગવાને જોયું એમ થાય તો ત્યાં ક્રમબદ્ધ થઈ ગયું. જે સમયે જે પર્યાય થવાની હશે ઈ ત્યાં થશે. એમ ભગવાને કેવળજ્ઞાનમાં જોયું છે. જોયું છે કે નહિ? કે આઘુપાછું જોયું છે ભગવાને? તમારો ક્રમબદ્ધનો પ્રશ્ન હતો કે નહિ?

એક સમયમાં ભગવાનનું જ્ઞાન, પરમેશ્વર તો અનંત અનંતકાળથી સર્વજ્ઞ થતા આવ્યા છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકર બિરાજમાન છે, લાખો કેવળીઓ બિરાજમાન છે. સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે. પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકની પર્યાય અને ગુણ અને એનું દ્રવ્ય જાણવામાં સમર્થ (છે). કેવળી બધું જાણે છે? બધું જાણે. પણ જે સમયે જે પર્યાય થવાની છે તો સંયોગ ક્યો મળશે અને કઈ પર્યાય થશે ઈ ભગવાન કેવી રીતે જાણે? અરે..! ભગવાન તો એક સમયમાં ત્રણકાળ જાણે છે. ત્રણકાળ ન જાણે તો ભગવાન કેવા? કેવળજ્ઞાન, જે સમયે જે પર્યાય જ્યાં થવાની છે અને જે ત્યાં નિમિત્ત છે, બધું કેવળજ્ઞાનમાં નિશ્ચિત છે. કેવળજ્ઞાનમાં કંઈ અનિયત, અનિશ્ચિત છે જ નહિ. કેવળજ્ઞાન કોને કહે! ઓહો..હો..!

અરિહંતપદ સર્વજ્ઞ પરમેશ્વરપદ એક સમયમાં ત્રણકાળના નિગોદના અનંત જીવ, સિદ્ધના અનંત જીવ, એના અનંતગુણ, એનાથી અનંતગુણા પરમાણુ, પરમાણુની સંખ્યાથી પરમાણુના ગુણ અનંતગુણા અને એની અનંતગુણી પર્યાય બધાની વાત એક સમયમાં ભગવાન કેવળજ્ઞાન

કેવળી દેખે છે, એને નિર્મૂઢ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે નિર્ભય.

'સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી...' પાપ શબ્દે શું છે? કર્મ અને શરીરનો તો ભગવાન આત્માના ધ્રુવ કિલ્લામાં પ્રવેશ જ નથી. ધ્રુવ કિલ્લો. ધ્રુવ ચૈતન્યબિંબ ભગવાન ધ્રુવ અનાદિ-અનંત એવો ધ્રુવ ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય છે અને એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એવો ભગવાન આત્મા **'સમસ્ત પાપરૂપી શૂરવીર...'** વિકારના ભાવ શુભ કે અશુભ છે, બધું પાપ છે. શૂરવીર છે. વિકાર શૂરવીર છે. અનાદિથી પોતાનું ભાન ખોઈ બેઠો છે. એવા શત્રુઓની સેના મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ, શુભાશુભભાવ બધું પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના **'જેમાં પ્રવેશી શકતી નથી...'** શેમાં? દેવાનુપ્રિયા! શેમાં? મગજ કામ કરતું નથી, ઝોલા ખાય છે. સમજાય છે કાંઈ? આત્મા એક સમયમાં એટલો શુદ્ધ અને આનંદકંદ છે કે જેમાં પુણ્ય અને પાપરૂપી વેરીભાવ જે શૂરવીર શત્રુ એની સેના, અસંખ્ય પ્રકારના શુભભાવ, અસંખ્ય પ્રકારના અશુભભાવ, અસંખ્ય પ્રકારના મિથ્યાત્વભાવ એ બધી શૂરવીર સેના છે. સંસારમાં રખડાવનાર (એનો) એમાં પ્રવેશ નથી. આહા..હા..!

ભગવાન ચૈતન્ય ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એમાં પ્રવેશ નથી. **'એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...'** એવું નિજ શુદ્ધ, પોતાનું નિજ શુદ્ધ અંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ. એ રૂપ **'મહા દુર્ગમાં...'** મોટો કિલ્લો. **'વસતો હોવાથી આત્મા નિર્ભય છે.'** ભગવાન આત્મા પોતાના ધ્રુવસ્વભાવમાં નિવાસ કરે છે. જેમાં વિકલ્પ, પુણ્ય-પાપના (ભાવ), જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આત્માથી વિરુદ્ધ-વેરી છે, એ ભાવનો ધ્રુવમાં પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમસ્ત શબ્દ લીધો છેને? **'સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના...'** શુભ વિકલ્પથી માંડીને અશુભ, જેનાથી ૧૪૮ પ્રકૃતિનો બંધ પડે, બધા વિપરીત વિકારી ભાવ છે. એ વિકારી ભાવ ઉદયભાવ એક સમયની સ્થિતિ છે. (તેનો) એમાં પ્રવેશ નથી. જેમાં પ્રવેશ નથી. ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણધામ જેમાં પ્રવેશ નથી. કોનો?—શત્રુનો—પુણ્ય-પાપના ભાવનો.

'નિજશુદ્ધ-અંતઃતત્ત્વરૂપ મહાદુર્ગમાં...' નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા કિલ્લો (તેમાં) **'વસતો હોવાથી આત્મા નિર્ભય છે.'** એ તો ભગવાન પોતાના નિજસ્વરૂપમાં વસે છે, એમાં ભય નથી. આહા..હા..! **'આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.'** લ્યો. સમજાણું કાંઈ? આવો આ આત્મા. ઐસા એટલે આ. બીજો આત્મા એમ નહિ, ભગવાનનો આત્મા નહિ. પરમેશ્વરનો આત્મા પરદ્રવ્ય છે. એ પણ સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયથી ઉપાદેય નથી. **'આવો આ આત્મા...'** એટલે આવો શબ્દ લીધો છે. વાસ્તવમાં યથાર્થમાં ઉપાદેય નામ આદરણીય છે. બીજું કોઈ સમ્યગ્દૃષ્ટિને આદરણીય નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— એમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન તો કરે છે, પણ કિલ્લો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ પ્રવેશ કરે છે? કોઈ કિલ્લામાં પ્રવેશ કરી શકે નહિ. પરમપારિણામિક સ્વભાવભાવમાં ઉદયભાવની ગંધ નથી. આહા..હા..! પ્રવેશ કરી શકતા નથી.

ભગવાન આત્મા એક સમયમાં સચ્ચિદાનંદ મૂર્તિ ધ્રુવ ધ્રુવધામ અનંતગુણનો પરમાત્મા પોતે નિજસ્વરૂપ, વિકલ્પના વેરી ભાવ જે પોતાના સ્વરૂપની વિરુદ્ધ છે એનો અંતરમાં પ્રવેશ નથી. એવો દુર્ગ કિલ્લો ભગવાન આત્મા છે. '**આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.**' સંસ્કૃતમાં છેલ્લો શબ્દ છે. '**अयमात्मा ह्युपादेयः इति।**' કહો, શેઠી! આહા..હા..! અંતર સ્વરૂપ આવો આત્મા છે એવી દૃષ્ટિ કરીને અંતરમાં એકાકાર થવું એનું નામ 'આત્મા ઉપાદેય છે' એમ કહેવામાં આવ્યું છે. ધર્મીજીવને નિમિત્ત ઉપાદેય નથી, વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રતનો વ્યવહાર આવે છે એ ઉપાદેય નથી અને એક સમયની પર્યાય પ્રગટ છે તે પણ આદરણીય નથી. જો પર્યાયને આદરણીય માને તો પર્યાયમૂઢ થઈ જાય છે. સમજાણું કાંઈ? બરાબર સમજો છો કે નહિ? ... આહા..હા..! પહેલેથી આવી ગયું છે.

णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो।
णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।

છેલ્લો શબ્દ છેને, '**अप्पा**' એને આત્મા કહે છે. આહા..હા..! હજી તો તકરાર બહારની લોકોને. જે અનંતકાળથી કર્યું છે એમાંને એમાં માથાકૂટ કરે છે. સમજાણું કાંઈ? ચરણાનુયોગમાં વ્યવહાર કહ્યો છે એ તો આત્માનો આવો અનુભવ થયો અંતર દૃષ્ટિમાં આનંદનો, શાંતિનો સ્વાદ આવ્યો અને એમાં સ્થિરતામાં ઘણો આનંદ આવ્યો. પછી સ્થિર નથી રહી શકતા તો વચ્ચે પંચમહાવ્રતના વિકલ્પ આદિ કેવા આવે છે તેનું વર્ણન ચરણાનુયોગમાં કહ્યું છે. તો એ કહ્યું છે એ આદરણીય નથી. આહા..હા..! એઈ..! ઉપાદેય નથી, જાણવાલાયક છે. વચ્ચે વ્યવહાર, અનુભવની દૃષ્ટિ થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંતરમાં આત્માના આશ્રયથી ઉત્પન્ન થયા પછી આવો ભાવ આવે છે. જે ચરણાનુયોગમાં કથન કર્યું છે એવો શુભભાવ આવે છે એને જણાવ્યું છે. વ્યવહારનયથી કથન પણ એમ આવે કે એને કરો. પણ નિશ્ચયમાં એ વ્યવહારના વિકલ્પ નિશ્ચયનો અનુભવ થયા વિના વ્યવહાર કદી હોતો નથી. અને એ વ્યવહાર ચરણાનુયોગમાં કહ્યો, એને અહીંયા ભગવાન આચાર્ય કહે છે કે ઉપાદેય નથી. રાગ છે વ્યવહાર છે તેને ઉપાદેય માનવું એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. એને આત્માની શું કિંમત છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

'એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(मालिनी)

स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्
रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।

अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-
क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालम्।।

ટીકાકાર પદ્મપ્રભુમલધારિદેવ મુનિ છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, આચાર્ય નહિ. ટીકાકાર. શ્લોકકર્તા છે તે આચાર્ય છે, કુંદકુંદાચાર્ય, આ નિયમસારના. એની ટીકા કરનાર પદ્મપ્રભુમલધારિદેવ મુનિ છે. એ મુનિએ ટીકા કરી છે અને બીજા આચાર્યનો આધાર આપે છે કે યોગીન્દ્રદેવકૃત અમૃતાશીતિમાં પણ આમ કહ્યું છે, એમ.

'**આત્મતત્ત્વ...**' ભગવાન આત્મા '**સ્વરસમૂહ,...**' રહિત છે. ભગવાન આત્મામાં અવાજ વાણી નથી. સમજાણું કાંઈ? વાણી જડની છે. આત્મા બોલતો નથી, આત્મામાં ભાષા છે જ નહિ. તો જીભ બોલે છે? કોણ બોલે છે? આત્મતત્ત્વ સ્વરસમૂહથી રહિત છે. જુઓ, ભગવાન આત્મા, શું એમાં રજકણ છે? વાણી તો રજકણનો પિંડ છે. ધ્વનિ ઉઠે છે એ તો અનંત રજકણનો પિંડ છે. તો એમાં આત્મામાં રજકણ પડ્યા છે? એ તો ધૂળમાંથી ઉઠે છે. અહીં શબ્દવર્ગણા છે એમાં ધ્વનિ ઉઠે છે, આત્માથી નહિ. આ હોઠથી પણ નહિ. કેમકે આ આહારક વર્ગણા છે અને શબ્દ છે ઈ ભાષાવર્ગણા છે. આહારક વર્ગણામાંથી ભાષા ઉત્પન્ન થાય છે એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ! હું બોલું છું, હું સમજાવું છું, બરાબર સમજાવું છું. હવે સાંભળને, વાણી તો જડની છે, તારી ક્યાં છે! એ.. શેઠી! શેઠ!

'**આત્મતત્ત્વ સ્વરસમૂહ...**' સમૂહ લીધો છેને? શબ્દ ભાષાના ... વાણી નીકળે છે એ અનંત રજકણનો સ્કંધ એના પિંડથી એ વાણીનો અવાજ નીકળે છે. ભગવાન આત્મામાં વાણી-બાણી નથી. '**વિસર્ગ...**' વિસર્ગ કહે છેને? ... શું કહે છે? ... એવા વિસર્ગ પણ આત્મામાં નથી. એ તો જડની પર્યાય છે. '**વ્યંજનાદિ અક્ષરો...**' ક, ખ, ગ... ક, ખ, ગ, ઘ ભગવાન આત્મામાં નથી ત્રણકાળ-ત્રણલોકમાં. આહા..હા..! ભારે .. મરી ગયા પછી કે જીવતા? પણ જીવતો છે, ત્રિકાળ જીવ તો જીવતો છે, આ તો મડદું છે. આ શરીર તો વર્તમાનમાં પણ મડદું છે. આ ક્યાં ચૈતન્ય છે, આ તો જડ અજીવ છે. વાણી પણ મડદું છે, અચેતન છે, ભગવાન તો ચૈતન્યમૂર્તિ છે. આવા આત્મામાં વ્યંજનાદિ અક્ષરો રહિત. ઓમ અક્ષર છેને એ આત્મામાં નથી. ઓમ અક્ષર તો વાણી જડ છે. આહા..હા..! ઓમ જાપ કરો, ઓમ જાપ કરો.. ઓમ.. ઓમ.. ઓમ.. ઓમ તો જડ ભાષા છે. એમાં આત્મા છે? આત્મામાંથી ઓમ નીકળે છે? ભારે વાત, ભાઈ!

શ્રોતા :— દિવ્યધ્વનિમાં ઓમ ખરે છે એ પણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ ઓમ કહ્યુંને, જડ પુદ્ગલની પર્યાય છે. આત્મામાં નથી. રજકણની ધ્વનિ ઉઠે છે.

'**વ્યંજનાદિ અક્ષરો રહિત...**' ભગવાન આત્મા ચિદાનંદમાં અક્ષર નથી. '**સંખ્યા રહિત**

છે...' એક, બે, ત્રણ, ચાર, પાંચ એવી સંખ્યા-બંખ્યા આત્મામાં ક્યાં છે, એ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. '**(અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી),...**' દેખો! પ્રવેશ નથી ભગવાન આત્મામાં. એવા આત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ પ્રથમ ધર્મની દશા કહેવામાં આવે છે. એ વિના ધર્મ-બર્મ ત્રણકાળ-ત્રણલોકમાં નથી.

'**અહિત વિનાનું છે,...**' દેખો! ભગવાન આત્મા શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ અહિતકર છે. શુભ-અશુભભાવ આસ્રવ છે, વ્રત-અવ્રતભાવ આસ્રવ છે, વ્રત-અવ્રતભાવ અહિતકર છે. એ અહિત રહિત છે. બેય નથી. વ્રતનો ભાવ પુણ્ય છે, અવ્રતનો ભાવ પાપ છે. બેયથી રહિત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એણે આત્મા શું છે ઈ સાંભળ્યું નથી. અને સાંભળ્યા વિના એની રુચિ થતી નથી, રુચિ વિના અનુભવ થતો નથી. આહા..હા..! '**અહિત વિનાનું છે,...**' ભગવાન આત્મા હિતનો સમૂહ છે ત્યાં અહિત ક્યાં આવે એમાં? સમજાય છે કાંઈ? '**અહિત વિનાનું છે,...**' કેવો છે ભગવાન? '**શાશ્વત છે,...**' ત્રિકાળ શાશ્વત છે, ધ્રુવ. '**અંધકાર...**' રહિત છે. અંધકાર નામ એમાં નથી. '**સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે, પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે...**' પૃથ્વીના અણુઓ, પત્થરના અણુઓ, હાડકાના અણુઓ એમાં નથી.

'**તથા સ્થૂલ દિક્‌ચક્ર (દિશાઓના સમૂહ)...**' આ દિશા દેખાય છેને, દિશા. આકાશ છે હોં! તેનાથી પણ '**રહિત છે.**' એવો ભગવાન આત્મા, આ બધી વસ્તુઓથી રહિત એવો પૂર્ણાનંદ પ્રભુ એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરીને અંદરમાં લીન થવું એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. નિયમસાર છેને. નિયમસાર છેને. જુઓ, એકકોર નિયમસાર અને એકકોર શુદ્ધભાવ! એ શુદ્ધભાવના આશ્રયે (મોક્ષમાર્ગ પ્રગટ થાય છે). શુદ્ધભાવ કહો કે આત્મા કહો, શુદ્ધભાવ જ્ઞાયકભાવ ત્રિકાળનું વર્ણન છે. અક્ષર નહિ, સમૂહ નહિ, અંધકાર નહિ એવી વસ્તુ અંતર દૃષ્ટિમાં લેવી અને એનો અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ સંવર અને નિર્જરા છે. બીજી કોઈ સંવર, નિર્જરા બીજાથી થતી નથી.

'**વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે) :—**' લ્યો.

(मालिनी)

दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः
परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।
हतविविधविकारः सत्यशर्माब्धिनीरः
सपदि समयसारः पातु मामस्तमारः।।६२।।

વાહ! '**શ્લોકાર્થ :— જે (સમયસાર)...**' આત્મા. સમયસાર કહો કે આત્મા કહો. '**દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે,...**' આ ત્રિકાળી વસ્તુની વાત કરે છે, હોં

પર્યાયની નહિ. આહા..હા..! જે ધર્મીનું ધ્યેય છે, ધર્મીજીવનું ધ્યેય છે એવો જે ભગવાન આત્મા દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે. દુષ્ટ પાપનું વન પાછું એમ લીધું છે. ... વન. કાંટાની ઝાડ ને બાવળ ને એવું બહુ હોય છેને. (એને) છેદવાનો કુહાડો છે ભગવાન આત્મા પૂર્ણાનંદઘન જેમાં વિકારની ગંધ નથી અને એક સમયની અવસ્થા જેવડો નથી, એવો ભગવાન આત્મા દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે.

'**જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે...**' જેમાં કર્મના રજકણ ત્રણકાળમાં નથી. '**(અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે),...**' કર્મ એમાં છે જ નહિ. અંત આણ્યો છે એટલે કર્મનો અભાવ છે, આત્મામાં કર્મ છે જ નહિ. આહા..હા..! કર્મ તો પરદ્રવ્ય છે, રજકણ છે, માટી છે, ધૂળ છે, રૂપી છે અને મૂર્ત છે. એમાં આત્મામાં ક્યાં ઘુસી ગયા છે ઈ? આત્મામાં ઈ છે જ નહિ. એક જગ્યાએ રહેવા છતાં આત્મામાં કર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? '**જે પરપરિણતિથી દૂર છે,...**' ભાવકર્મ લીધા. ભગવાન આત્મા શુભ-અશુભ જે રાગ છે, વિભાવદશા ઉત્પન્ન થાય છે એનાથી દૂર જ છે. વિભાવપરિણતિ એમાં આવતી નથી.

'**જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,...**' આહા..હા..! શુભ અને અશુભરાગ અંદરમાં છે જ નહિ. સમુદ્રનું પૂર, રાગરૂપી દરિયાનું પૂર, સંકલ્પ-વિકલ્પ.. સંકલ્પ-વિકલ્પ આ દયા ને આ દાન ને આ ભક્તિ ને આ પૂજા ને આ અહિંસા, બધી સંકલ્પ-વિકલ્પની જાળ. '**રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,...**' એવા ભગવાનમાં રાગના સંકલ્પ-વિકલ્પનો ત્રિકાળ અભાવ છે. નષ્ટ કર્યાનો અર્થ ઈ છે હોં! '**જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે,...**' ભગવાન આત્મા જેણે વિવિધ પ્રકારના વિકલ્પોનો સમૂહ જેમાં પ્રવેશ નથી. એથી એણે એનું હનન નામ હણ્યું છે એમ કહેવામાં આવ્યું છે.

'**જે સાચા સુખસાગરનું નીર છે...**' ભગવાન અતીન્દ્રિય આનંદનું નીર-જળ ભરેલું છે. સાચું નિર્મળ પાણી હોય છેને, માણસ પીવા જાય છેને? આત્મા સાચા સુખસાગરનું નીર છે, સુખસાગરનું નીર છે. ભાઈ! સમજાણું કાંઈ? પૈસા-બૈસામાં સુખ નથી, એમ કહે છે. બંગલામાં સુખ નથી, પૈસામાં સુખ નથી અને પુણ્ય-પાપના ભાવ થાય છે એમાં સુખ નથી એમ કહે છે. આ તો હિન્દી આવે તો સમજેને. શીખરચંદજી આવ્યા છે કે નહિ? એ પૈસામાં સુખ નથી, શરીરમાં સુખ નથી, વાણીમાં સુખ નથી અને પાપના પરિણામ થાય છે એમાં સુખ નથી અને દયા, દાન, વ્રતના પરિણામ થાય છે એમાં સુખ નથી, એ તો વિકાર છે અને પોતાની એક સમયની પર્યાયમાં પૂર્ણ સુખ નથી. પૂર્ણ સુખ અંદર આત્મામાં ત્રિકાળ ભર્યું છે. આહા..હા..! '**સાચા સુખસાગરનું નીર છે...**' ભાઈ! એ ભગવાન તો પરમાત્મા સાક્ષાત્ છે. પર્યાયમાં એક સમયની દશાને હેય બનાવો. એક સમયની દશામાં વિકાર, સંસાર, કર્મ સંબંધ, રાગ એક સમયની દશા (છે), એક સમય. ત્રિકાળ ધ્રુવમાં

એક સમયનો સંસાર નથી. એવો આત્મા ધર્મીને આદરણીય અને ઉપાદેય છે. એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે.

'**અને જેણે કામને અસ્ત કર્યો છે,...**' ભગવાન સ્વરૂપમાં કામ તો છે જ નહિ. કામ, આ કામ નહિ. વિષયનો ભોગ ભાવરાગ અને વિષયનું જેટલું હું બ્રહ્મચર્ય પાળું એ પણ વિકલ્પ છે, રાગ છે, શુભરાગ છે. સમજાણું કાંઈ? બેય એમાં નથી. '**જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો.**' મુનિ પોતે કહે છે કે આ મારો સમયસાર છે તેનો હું આશ્રય કરું છું, એમ કહે છે. એવો સમયસાર ભગવાન આત્મા મારું શીઘ્ર રક્ષણ કરો. એ જ મને શરણ છે, બીજું કોઈ શરણ નથી. આહા..હા..! તારણતરણ સ્વભાવ ભગવાન આત્મા એ જ મારા રક્ષક છે, બીજું કોઈ રક્ષક નથી. શેઠ! શું રક્ષણ? આ દવા ને બવા બહુ કરો છોને.

શ્રોતા :— નભી જાય છેને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કાંઈ નથી. દેહ આયુષ્યને લઈને નભે છે, કાંઈ દવાથી નભે છે? આહા..હા..!

અરે..! ભગવાન! આહા..હા..! કહે છે કે તું સાચા સુખનો સાગર (છો). સાચું કેમ લીધું? કે જૂઠું માની રાખ્યું છે કે શુભ-અશુભભાવમાં સુખ છે. અશુભભાવમાં સુખ છે, શુભભાવ ... દયા, દાન, વ્રતના શુભપરિણામમાં સુખ છે. મૂઢ છે, ન્યાં ક્યાં સુખ હતું. ... સુખનો સાગર તો ભગવાન સુખસાગરનું નીર સાચા સુખનું નીર છે. દેખો! પણ જગતમાં જૂઠું માની લીધું છે. વિકલ્પમાં સુખ છે, રાગમાં સુખ છે, પુણ્યમાં (સુખ છે), નવું પુણ્ય બંધાણું એમાં સુખ છે (એમ) મૂઢ માને છે, મિથ્યાદષ્ટિ માને છે, સમ્યગ્દષ્ટિ એમ માનતો નથી. સમજાણું કાંઈ? સાચું સુખ લીધું છેને? ખોટું સુખ હશેને દુનિયાને? ખોટું સુખ છે કે નહિ? સમજાણું કાંઈ? '**તે સમયસાર મારું રક્ષણ કરો.**' સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ જીવ ચોથે ગુણસ્થાનથી પોતાનો શુદ્ધ ધ્રુવ ચિદાનંદ ભગવાન આત્મા એને જ ઉપાદેય માને છે, એ મારું રક્ષણ કરો એમ કહે છે. મારી રક્ષા નિમિત્તથી થતી નથી, દયા, દાન, વ્રતના પરિણામથી રક્ષા થતી નથી એમ કહે છે. આહા..હા..!

એવો મારો આત્મા અથવા સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. મુનિને આત્મા આનંદનો અનુભવ છે, છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે છે, ભાવલિંગી સંત છે, અનુભવ કરીને અંતરમાં શાંતિનું વેદન કરે છે. ક્ષણમાં આનંદ અને ક્ષણમાં વિકલ્પ ઉઠે છે ત્યારે લખાવું હોય તો લખાઈ જાય છે. વિકલ્પ છૂટી જાય છે અને આનંદમાં આવી જાય છે. એવું હજારો વાર સાચા મુનિને એક અંતર્મુહૂર્તમાં છઠ્ઠું-સાતમું હજારો વાર આવે છે. એમાં વિકલ્પ જરી આવે છે તો લખાઈ જાય છે, બસ એટલું. એ લક્ષ છૂટી જાય તો આનંદનું વેદન થાય છે. ઈ કહે છે કે મારું રક્ષણ આ આત્મા કરો. આહા..હા..! 'અરિહંતા શરણમ, સિદ્ધા શરણમ'

આવે છે કે નહિ? ચારે શરણની અહીં ના પાડે છે. શું ભગવાન શરણ આપે છે?

શ્રોતા :— વ્યવહારે આપે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— વ્યવહારનો અર્થ શું? વિકલ્પ ઉઠે છે ભગવાનના શરણનો. વિકલ્પ એ પુણ્ય છે. એમના દ્વારા કહેલો પોતાનો આત્મા શરણ છે. બીજું કોઈ શરણ અને રક્ષા કરનાર નથી.

(मालिनी)

जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-
प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।
हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्
भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्।।६३।।

મુનિ પોતાની દશા કહે છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવ્યો છે તો લખવામાં લક્ષ છે, લખવાના કર્તા નથી. વિકલ્પ ઉઠ્યો છે એના કર્તા નથી, પણ વ્યવહારે જાણનાર છે. તો કહે છે કે મારા હૃદયમાં તો '**શ્લોકાર્થ :- જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ)...**' હું છું. આહા..હા..! જેવો આત્મા કહ્યો એનું મને જ્ઞાન છે, અનુભવ છે, આનંદનો અનુભવ છે. '**પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે,...**' સુસ્થિત છે. મારા જ્ઞાનમાં ભગવાન સુસ્થિત છે. સમજાણું કાંઈ? પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે. ભગવાન આત્મા આવો કહ્યો, નિર્વિકારી અખંડાનંદ પ્રભુ નિર્મૂઢ, નિર્દોષ, નિર્ભય આદિ કહ્યું, એવો આત્મા મારા જ્ઞાનમાં ધ્યેયરૂપે મારી સ્થિતિમાં પડ્યો જ છે. મારું ધ્યેય જ એ આત્મા છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય આત્મા છે તો મારા જ્ઞાનમાં સુસ્થિત આત્મા છે એમ હું કહું છું એમ કહે છે. પદ્મપ્રભમલધારિ મુનિના હૃદયકમલમાં સુસ્થિત છે.

શ્રોતા :— (આત્માને ખબર પડે કે સમ્યગ્દર્શન થઈ ગયું?)

પૂજ્ય ગુરુદેવશ્રી :— જાણી શકે કે નહિ? મૂઢ છે આત્મા? નિર્મૂઢ છે એમ તો આવી ગયું. આત્માને ખબર ન પડે કે સમ્યગ્દર્શન થયું છે કે નહિ એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે ઈ. સમજાણું કાંઈ? 'સ્વસંવેદન સમ્યગ્દર્શનનું ભાન પોતાને ન થાય. ભગવાન જાણે'—મૂઢ છે. સ્વસંવેદન ક્યાં થયું? સ્વ નામ પોતાથી પોતાનું આનંદનું વેદન થાય એની પોતાને ખબર પડે છે ઈ મુનિ કહે છે, જુઓ, આહા..હા..! નિજ અનુભવ જ પ્રમાણ છે. આવી ગયું છેને પહેલા?

પદ્મપ્રભ મુનિના હૃદયકમળમાં સુસ્થિત છે. '**જે નિર્વિકાર છે,...**' મુનિ કહે છે કે મારો આત્મા તો નિર્વિકાર ત્રિલોકનાથ છે અંદર. એ મારું ધ્યેય અને એનો મેં આશ્રય કર્યો છે, મને બીજો આશ્રય નથી. આહા..હા..! '**જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે,...**' અનાદિ છે જ ક્યાં? કહે છે કે મારા આત્મામાં વિવિધ વિકલ્પ, મહાવ્રતના વિકલ્પ ઉઠે છે

ઈ મારામાં છે જ નહિ અને લખવાનો વિકલ્પ ઉઠે છે એ મારામાં છે જ નહિ. હું તો વિકલ્પથી ખાલી છું. આહા..હા..! આવો આત્મા મારી દૃષ્ટિમાં સુસ્થિત પડ્યો છે. આહા..હા..! શ્લોકે પણ ભારે કરી છે! મુનિ છે. જુઓ,

'અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે.' મારા આત્મામાં એમ કહે છે. જેને જ્ઞાનીપુરુષોએ કલ્પનામાત્ર રમ્ય એવું ભવભવનું સુખ, આ ઈન્દ્રના સુખ, શેઠિયાના સુખ, પુણ્યના ફળના સુખ અને દુઃખ એનાથી ભગવાન મુક્ત છે. સુખ-દુઃખની કલ્પનાથી પ્રભુ ચૈતન્યમૂર્તિ રહિત છે. પરમતત્ત્વ મારો આત્મા જયવંત છે. બિરાજમાન મારી દૃષ્ટિમાં એ જ આત્મા સાક્ષાત્ તરે છે. તરવરે છે સમજ્યા? તિરતા હૈ. અમારી ભાષામાં તરવરે તરવરે કહે છે. એનો શું અર્થ છે? તરવરે છે નામ મારા ધ્યેયમાં એ આત્મા ખ્યાલમાં આવી જાય છે. અમારી કાઠિયાવાડી ભાષા છે એમાં તરવરે છે એટલે એ જ તરવરે લક્ષમાં.

'તે પરમતત્ત્વ...' ભગવાન આત્મા. મુનિ કહે છે કે અમારો આત્મા અમારા અનુભવમાં આવ્યો છે. અમે આત્માનું વેદન કરીએ છીએ. અમારા આનંદનો અનુભવ કરીએ છીએ, એ આનંદમય આત્મા મારી દૃષ્ટિમાં સુસ્થિત છે, જયવંત વર્તે છે. આહા..હા..! એમ કેમ કહ્યું? મારો ભગવાન મારા અનુભવમાં આવ્યો છે તે જ જયવંત વર્તો. આ વિકલ્પ ઉઠે છે એ જયવંત વર્તો એમ નહિ. લખવાનો વિકલ્પ રહો, એમ નહિ. (એ) રાગ છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ છે અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ રાગ છે. નહિ, જયવંત ન રહો, નાશ થઈ જાઓ. મારી વસ્તુમાં એ નથી. આવું પરમતત્ત્વ જયવંત છે. મારો ભગવાન મારી દૃષ્ટિ અને જ્ઞાનમાં પોતાની નિજ સંપત્તિ જે દૃષ્ટિમાં આવી છે તે જયવંત રહો, બીજું કાંઈ (જયવંત) ન રહો. મારા આત્માની સાથે સંગ ન રહો. સમજાણું કાંઈ? આહા..હા..!

(मालिनी)

अनीशमतुलबोधाधीनमात्मानमात्मा
सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।
निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं
भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः।।६४।।

કહે છે, **'શ્લોકાર્થ :- જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય,...'** જેના અંતરમાં યોગ્યતાથી આત્માનું ભાન થયું હોય. ભવ્યતા-યોગ્યતા. ભવ્યભાવનો વિપાક થઈ ગયો, પાક થઈ ગયો. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ ભવ્યતા દ્વારા-યોગ્યતા દ્વારા-લાયકાત દ્વારા **'પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...'** એ આત્મા ભવથી વિમુક્ત થવા માટે **'નિરંતર આ આત્માને ભજો...'** આત્મા આનંદકંદનું ભજન કરો, અંતર એકાગ્ર થઈને આનંદનો અનુભવ કરો. જે ભવ્યતા વડે પ્રેરિત હોય, એમ કહે છે. અહીં તો ઈ જ

કહેને. પાત્રતાથી તારી ચીજ તારા આંગણે અંદરમાં, એવો ભગવાન આત્મા એની સેવા કરો. આહા..! ભજો. એ ભગવાનનું ભજન કરવું એ પણ શુભભાવ છે. ભગવાનની ભક્તિ, પૂજાનો ભાવ શુભભાવ છે. એ ધર્મ નથી, પુણ્યભાવ છે. ....

કહે છે, '**આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...**' જુઓ, ભવથી વિમુક્ત થવું હોય તો. ભવમાં તારે રખડવું હોય, ભવ કરવા હોય તો સ્વતંત્ર છો. શેઠી! '**ભવથી વિમુક્ત થવા અર્થે...**' ચાર ગતિના ભવ એનાથી છૂટવા અર્થે '**નિરંતર...**' નિરંતર શબ્દ કેમ લીધો? એક સમય પણ આત્મા શુદ્ધાત્માની ઉપાદેયતા સિવાય, મુખ્ય ત્રિકાળ આનંદકંદ જે ધ્રુવ છે એના આશ્રય સિવાય કોઈ નિશ્ચયથી આશ્રય કરવાલાયક નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ નિરંતર આત્માને ભજો. શું કહે છે? એક સમયમાત્ર પણ નિમિત્તની મુખ્યતા ન થાય, પંચમહાવ્રતના વિકલ્પની મુખ્યતા ન થાય. એની મુખ્યતા થાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય છે. સમજાણું કાંઈ? મારો આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર, મુનિરાજ કહે છે. કુંદકુંદાચાર્યના શ્લોકની ટીકા કરે છે. એ ટીકાના આ કળશ બનાવ્યા છે. ઓહો..હો..!

ભગવાન આત્મા કોઈ એક સેકંડના અસંખ્ય ભાગમાં પણ પોતાના શુદ્ધ ભગવાનને આદરણીય કર્યા સિવાય, એને મુખ્યપણે ઉપાદેય કર્યા સિવાય કોઈ વિકલ્પ આદિ આત્માને સમયમાત્ર પણ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય, ભજવાલાયક નથી. ભજન કરવાલાયક બીજી ચીજ જ નથી. આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે. તારા આત્માની મુક્તિ થવાની ભાવના હોય ત્યારે તો આ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. '**નિરંતર...**' એક સમયનો પણ વિરહ પડ્યા વિના આ આત્મા, પાછો ભગવાનનો આત્મા નહિ, આત્મા કહ્યો પૂર્ણાનંદનો નાથ નિર્વાણનાથ એને-આ આત્માને નિરંતર ભજો. અંતર દૃષ્ટિમાં એકાકાર એની મુખ્યતા રહો. બીજી મુખ્યતા સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળમાં કદી હોતી નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

'**વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો...**' એક સમયમાત્ર પણ એક સમયની અવસ્થાની મુખ્યતા ન થાય. રાગ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો એની મુખ્યતા ન થાઓ, નિમિત્તની મુખ્યતા ન થાઓ. આ આત્મા ત્રિકાળ શુદ્ધ છે એની નિરંતર મુખ્યતા રહો અને એનું ભજન કરો. સમજાણું કાંઈ? મુનિ પંચમકાળના જીવને કહે છે. પંચમકાળના ધર્મીજીવને જેને ધર્મ પ્રગટ થયો છે એને કહે છે કે તારો આત્મા જ ભજવાલાયક છે. આહા..હા..! આ મુનિ તો હમણા થયા છે, ૮૦૦ વર્ષ પહેલાં, અમૃતચંદ્રાચાર્ય પછી. કહે છે, ભગવાન! પોતાનું નિજસ્વરૂપ અખંડ આનંદ, ચૈતન્યના પૂર્ણ આનંદથી (ભરેલો) આત્મા એક સમય પણ વિરહ પડ્યા વિના એની દૃષ્ટિમાં આ જ આત્મા રહો. એના જ્ઞાનમાં એને જ જ્ઞેય બનાવો, એની સ્થિરતામાં એમાં સ્થિર થાઓ. એક સમય પણ એનો વિરહ પડે એવું ન કરો. આહા..હા..! ..ભાઈ! ભારે વાત, ભાઈ! આ વાત જ પહેલી છે!

'**કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે,...**' એ ભગવાન આત્મા અનુપમ

જ્ઞાનને આધીન છે, કોઈ રાગ ને વિકલ્પને આધીન છે જ નહિ. આહા..હા..! સ્વરૂપ પણ અનુપમ છે અને એની પર્યાય પણ અનુપમ જ્ઞાનને આધીન છે. કોઈ રાગ ને વિકલ્પ ને વ્યવહારથી આત્માની પ્રાપ્તિ થાય એમ ત્રણકાળ-ત્રણલોકમાં વીતરાગમાર્ગ નથી. અજ્ઞાનીના માર્ગમાં હોય એ વીતરાગમાર્ગ નથી. '**અનુપમ જ્ઞાનને આધીન છે, જ સહજગુણમણિની ખાણ છે,...**' શબ્દો ઓછા પડે છે મુનિને. સહજ ગુણમણિની ખાણ '**જે (સર્વ) તત્ત્વોમાં સાર છે...**' આ પુણ્ય-પાપનું આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવર, નિર્જરાતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ બધામાં સાર આત્મા છે. સંવર, નિર્જરા એક સમયની પર્યાય છે, મોક્ષ પણ એક સમયની પર્યાય વ્યવહાર છે. આહા..હા..! '**(સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજપરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.**' ખરેખર નિશ્ચયથી નિજ-પરિણતિના સુખસાગરમાં મગ્ન છે, પણ વર્તમાન દશામાં વ્યવહારના વિકલ્પની દૃષ્ટિ છોડીને નિજ સુખસાગરની પરિણતિમાં મગ્ન થાય છે તેને અમે આત્મા કહીએ છીએ, એને ધર્માત્મા કહે છે અને એ મોક્ષમાર્ગમાં છે, એમ કહે છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧૦, શુક્રવાર, તા. ૧૬-૦૪-૧૯૬૬, શ્લોક-૬૫ થી ૬૮, પ્રવચન નં. ૫૧

આ નિયમસાર શાસ્ત્ર છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માની એક નિર્વિકારી પર્યાય છે, એને અહીંયા મોક્ષમાર્ગ કહે છે. કહો, આ શબ્દ સમજાય છે કે નહિ? રામજીભાઈ કહે છે આ નહિ સમજાય. એઈ..! સમજાય છે કે નહિ? આ આત્મા છેને આત્મા, એ આત્મા એને સર્વજ્ઞ પરમેશ્વર કહે છે અને છે કે જેમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ પડી છે.

શ્રોતા :— ક્યારથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :— અનાદિથી. ક્યારથી શું? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશાંતિ અનાદિથી પડ્યા છે. આ શરીર, વાણી, મન એ આત્મા નહિ, આ તો જડ માટી ધૂળ છે. અને જે આત્માની પર્યાયમાં વિકૃત ભાવ થાય છે—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપવાસના છે. સમજાણું કાંઈ? એ કંઈ આત્મા નથી અને આત્માને હિતકર પણ નથી. અને અંતરમાં દયા, દાન, ભક્તિ, વ્રત, તપના જે વિકલ્પ રાગ ઉઠે છે એ પણ પુણ્ય છે, આત્મા નથી. સમજાણું કાંઈ? શુભ અશુભરાગ જેટલા ઉત્પન્ન થાય છે એ બધો વિકાર છે, એ આત્મા નહિ, એ તો આસ્રવતત્ત્વ છે, બંધનું કારણ આસ્રવતત્ત્વ છે. અને શરીર, કર્મ અજીવતત્ત્વ છે. એ અજીવથી અને આસ્રવથી

ભિન્ન ભગવાન આત્મા અંતર આનંદ અને શાંતિનો સાગર આત્મા છે. એનો અંતરમાં અનુભવ કરીને આનંદનો આત્માનો સ્વાદ લઈને અંતરની રુચિ અને જ્ઞાનમાં રમણતા કરવી એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. સમજાય છે? આ વકીલાતનો ભાવ ક્યો હશે બધો ધંધો?

શ્રોતા :— કમાવાનો.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કમાવાનો પણ ભાવ શું હશે? પાપ કે પુણ્ય?

શ્રોતા :— લોકોનું કલ્યાણ કરવાનો ભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાંય કલ્યાણ કરવાનો ભાવ નથી, રૂપિયા લેવાનો છે. કલ્યાણ કરવાનું કે દિ' હતું ન્યાં? પૈસા કમાવા પાપ. અને શુભ લાગણી હો—દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો, પૂજાનો ભાવ પુણ્ય (છે). બેય બંધના કારણ વિકાર છે, એમાં કિંચિત્ ધર્મ અને આત્માનું હિત નથી.

ભગવાન આ નિયમસારમાં કહે છે, સર્વજ્ઞ પરમાત્માએ કહેલું કુંદકુંદાચાર્ય કહે છે. એ (નિયમસારના) ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ સંત મુનિ થયા એમની ટીકાના કળશ બનાવ્યા છે. એ કળશમાં કહે છે, જુઓ, ૬૫. ૬૫ કળશ છેને.

(द्रुतविलंबित)

भवभोगपराङ्मुख हे यते
पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया।।६५।।

આહા..હા..! બહુ ટૂંકો શ્લોક છે. હે ભગવંત આત્મા! હે યતિ! આત્માના આનંદસ્વરૂપની યત્ના કરવાવાળાને યતિ કહે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પની યત્ના કરવાવાળા અયતિ છે. સમજાણું કાંઈ? કહે છે કે હે સ્વરૂપની જતના કરવાવાળા યતિ! તારે આત્માનું કલ્યાણ અને મુક્તિ કરવી હોય તો '**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...**' નિજ ભગવાન આત્મા. પરમાત્મા તો પર છે. ભગવાનની ભક્તિ અને પરમાત્મા સાક્ષાત્ સમવસરણમાં હો, એમની પૂજા, ભક્તિનો ભાવ પણ શુભરાગ છે, ધર્મ નહિ. બરાબર છે? ...

'**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...**' આહા..હા..! સમજાણું કાંઈ? જેણે આત્મા શું છે ઈ જાણ્યું નથી, લીન નથી એ ધર્મ ક્યાંથી આવ્યો? કહે છે કે, પહેલા તો નિજ આત્મા (કહ્યું). આત્મા શું છે એનો પહેલા ખ્યાલ આવી ગયો છે. નિજ આત્મા તો પુણ્ય પાપના વિકલ્પ, રાગથી રહિત છે, કર્મથી રહિત છે, શરીરથી રહિત છે, અનંતગુણથી સહિત છે. ત્રિકાળ આનંદકંદની અનંત શક્તિ સહિત આત્મા ભગવાન સહિત છે અને પુણ્ય-પાપના ભાવથી, કર્મથી, શરીરથી રહિત છે. એને આત્મા કહે છે, રહિત છે એને. એવા '**નિજ આત્મામાં...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, અતીન્દ્રિય શાંતસ્વરૂપ, અતીન્દ્રિય

જ્ઞાનરૂપ, અનંત બળ-વીર્ય સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ એવા આત્મામાં લીન, અંતર જ્ઞાનાનંદમાં લીન થઈને (એવા) બુદ્ધિવાળા. દેખો! આવી શ્રદ્ધાવાળા, આવી બુદ્ધિવાળા. જેની દૃષ્ટિમાં શરીરની ક્રિયા જડની છે એમ જડનો આશ્રય છૂટી ગયો છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ છે એ આસ્રવતત્ત્વ છે. એમ સમ્યગ્દૃષ્ટિની બુદ્ધિ આસ્રવમાંથી ખસી ગઈ છે. સમજાણું કાંઈ? અને નિજ ભગવાન આત્મામાં લીન અંતર્મુખ (થઈને) આનંદમાં એકાગ્ર થાય છે એવી બુદ્ધિવાળા.

'**તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા...**' શું કહે છે? ચાર ગતિના ભવ, એના કારણરૂપ ભાવ. મનુષ્યગતિ અને સ્વર્ગગતિનું કારણ પુણ્ય, પશુગતિ અને નરકગતિનું કારણ પાપ—બેય પુણ્ય-પાપ ભાવ ગતિના કારણ છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ બેય ચાર ગતિનું કારણ છે. તે કારણથી મુનિ અથવા ધર્માત્મા પરાઙ્મુખ થયા છે. સમજાણું કાંઈ? અને ભોગથી પરાઙ્મુખ (થયા છે). ભોગનો અર્થ હર્ષ-શોકના જે પરિણામ છે એનું નામ ભોગ. સમજાણું કાંઈ? એમ તો અનંતવાર સ્ત્રીનો ભોગ છોડી દીધો, દ્રવ્ય યતિપણું અનંતવાર લીધું, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર પંચમહાવ્રતના પરિણામ પણ અનંતવાર આવ્યા અને કર્યા એ બધો ધર્મ નથી, એ તો મિથ્યાદૃષ્ટિ એમાં ધર્મ માને છે. સમજાણું કાંઈ? તો કહે છે '**ભવથી ને ભોગથી પરાઙ્મુખ...**' પહેલા શું કહ્યું? બે વાત લીધી. નિજ આત્મામાં લીન સન્મુખ અને ભવભોગથી પરાઙ્મુખ. અસ્તિ-નાસ્તિ લીધી. સૂક્ષ્મ વાત છે. બહાર જેવી વાત નથી કે આ ભણી લીધું ને વાંચી લીધું, શાસ્ત્ર પણ વાંચી લીધા. શાસ્ત્ર પણ અગિયાર અંગ અનંતવાર ભણ્યો. સમજાણું કાંઈ?

આ ભગવાનનું પઠન એણે એક સમય પણ કર્યું નથી, અનંતકાળમાં કર્યું નથી. એવો ચિદાનંદ ભગવાન એની અંતર દૃષ્ટિ થઈને સન્મુખ થયો તો ભવભોગથી વિમુખ થયો. ભવના કારણ જે પુણ્ય અને પાપ અને ભોગનું સ્વરૂપ અંદર જે હરખ-શોકના ભાવ... સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ અને શુભ-અશુભભાવનું ભોગવવું એનાથી પરાઙ્મુખ છે. ભારે વાત ભાઈ! આ તે વળી પરાઙ્મુખ શું? એ.. શેઠ! ભગવાન આત્મા અંતર સ્વરૂપની દૃષ્ટિ જ્યાં થઈ કે હું તો જ્ઞાતા-દૃષ્ટા જ છું. હું એ જડની ક્રિયા કરવાવાળો, દયા, દાન, વ્રતના પરિણામનો કરવાવાળો છું જ નહિ. સમજાણું કાંઈ? હું એવો નથી. હું તો જ્ઞાન અને આનંદનું સ્વરૂપ, જાણનાર-દેખનાર છું. એવી જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે સ્વરૂપમાં એકાગ્રતા થઈ તો ભવ અને ભોગના ભાવથી વિમુખતા પરાઙ્મુખતા. સ્વભાવથી સન્મુખતા અને વિભાવનું કર્તાપણું, પુણ્ય પાપનું કર્તાપણું અને પુણ્ય-પાપનું ભોક્તાપણું એનાથી પરાઙ્મુખતા. સમજાણું કાંઈ? શેઠી!

હે ધર્માત્મા યતિ! આને યતિ કહેવાય છે, બીજાને યતિ કહેતા નથી. સમજાણું કાંઈ? આમ તો દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યું. એ દ્રવ્યલિંગમાં તો એટલી ક્રિયા હતી... સમજાણું કાંઈ? ઘણી ક્રિયા, બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ એટલી તો શુક્લલેશ્યા. સમજાણું કાંઈ? અને એને માટે ભોજન માટે પાણીનું એક બિંદુ કરે, પ્રાણ જાય

તોપણ લ્યે નહિ, પ્રાણ જાય તોપણ લ્યે નહિ. કેમકે પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે. જલ, પાણી કહે છેને? શું કહે છે? જળના એક બિંદુમાં અસંખ્ય જીવ. તો એને માટે બનાવે અને લ્યે, પ્રાણ જાય તોપણ લ્યે નહિ. એવી તો શુક્લલેશ્યાની ક્રિયા એણે અનંતવાર કરી. સમજાણું કાંઈ? એનાથી વિપરીત અહીંયા તો કહે છે.

એવા ભાવ શુભાશુભપરિણામથી પરાઙ્મુખ થઈને '**તું ભવહેતુનો વિનાશ કરનારા એવા...**' શું કહે છે? અહીં તો શુદ્ધભાવ લેવો છેને. આહા..હા..! ભાઈ! તું ભવહેતુ વિનાશ (કરનાર) એવું આ ધ્રુવપદ, શુદ્ધભાવ, દ્રવ્યભાવ, સ્વભાવભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, એ ધ્રુવભાવ પદને ભજ. ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિમાં અંતર એકાગ્રતા કરીને ભજન કર. આ વળી ભજન કેવું? ભગવાનનું તો ભજન કરવું પરમાત્માનું, નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં... એઈ..! પુણ્ય છે? લ્યો, આ કાંતિભાઈ કહે છે, પુણ્ય છે. સમજાણું કાંઈ?

અહીંયા તો ભગવાન પરમેશ્વર નિયમસારનો માર્ગ જે કહ્યો એવો કુંદકુંદાચાર્ય પ્રભુ ફરમાવે છે અને એમ છે, એમાં કિંચિત્ ફેરફાર નથી. એવા ભગવાન આત્મામાં ભવહેતુનો વિનાશ કરનારા એવા ધ્રુવસ્વરૂપ પ્રભુનું ભજન કર. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા પોતાના ધ્રુવસ્વરૂપનું ભજન કરે છે. પુણ્ય-પાપનું ભજન કરે એ મિથ્યાદૃષ્ટિ છે, એને આત્માના સ્વરૂપનું ભાન નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ થોડું થોડું? તમારે ચિરંજીવી થોડું થોડું સમજશે માંડ માંડ. અભ્યાસ ન મળે જગતને તત્ત્વનો, શું ચીજ છે. અહીં આવતા હોય એને આ સમજવાનું છે. .... દલાલ છેને દલાલ. કહો, સમજાણું આમાં? આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ (કહે છે), અરે..! ભગવાન! પ્રભુ! તારી પ્રભુતા તો અનંતી પડી છે. એની સન્મુખ જોને, સન્મુખ જોને. હો ક્રિયા શુભાદિની, દેહાદિની હો, દૃષ્ટિમાં સન્મુખતા તારા સ્વભાવ સન્મુખ હોવી જોઈએ. જ્ઞાનનું જ્ઞેય પણ તારો ધ્રુવસ્વભાવ જ્ઞાનમાં જ્ઞેય કરવો જોઈએ. એ સ્વરૂપની સ્થિરતા, અંદર લીનતા પણ ધ્રુવમાં હોવી જોઈએ. એનું નામ ભગવાન મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ?

અરે..! આત્મા! એવા ધ્રુવપદને ભજ. સેવા કર અંદર આનંદકંદની એકાગ્રતા કર. આહા..હા..! એનું નામ મોક્ષનો માર્ગ છે. આ ભાઈ અસ્તિ-નાસ્તિ કરે છે. ઓલામાં પણ અસ્તિ-નાસ્તિ કરી હતીને. અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે? એ શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે એનાથી તારે શું પ્રયોજન છે? એ તો વિકાર છે. સમજાણું કાંઈ? એ બેકાર છે તારા હિતને માટે. દેહ, વાણી તો જડ માટી ધૂળ છે. એ તો અજીવતત્ત્વ છે. એ તો તારે આશ્રય કરવાલાયક છે જ નહિ. પણ અંદરમાં શુભ અને અશુભભાવ થાય છે, શુભોપયોગ અને અશુભોપયોગ બેય અધ્રુવ છે, અનિત્ય છે, નાશવાન છે, વિકાર છે, ક્ષણિક છે, કૃત્રિમ છે, ઉપાધિ છે, વિભાવ છે. એને સેવનારો મિથ્યાદૃષ્ટિ છે અને મૂઢ છે અને સંસારમાં રખડનારો છે. શેઠ!

કહે છે, અરે..! ભગવાન! તારી ચીજમાં તો અનંતઆનંદની ખાણ પડી છેને, નિધિ છેને અંદર. જેટલા પરમાત્મા અરિહંત, સિદ્ધ થયા એ અનંતઆનંદ ક્યાંથી લાવ્યા? બહારથી લાવ્યા છે? અંદરમાં પડ્યો છે. અંદરમાં અતીન્દ્રિય આનંદ ધ્રુવપદ, ધ્રુવપદ.. સમજાણું કાંઈ? એના ઉપર તારી દૃષ્ટિ લગાવ અને એને જ્ઞેય બનાવ અને એમાં લીન થા. તારે અધ્રુવથી શું કામ છે? આહા..હા..! આ વ્યવહારરત્નત્રયના રાગને પણ અધ્રુવ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનું નામ રાગ છે, એ અધ્રુવ છે, એ આત્માના નિજપદમાં બિલકુલ કાર્યગત નથી. પૈસાથી ધર્મ થઈ જાય તો સરળ પડે, સરળ કે લાવો પાંચ લાખ નાખી દઈએ. પાંચ લાખ શું, આત્માના લાખ રૂપિયા જ નથી તો રૂપિયાથી ક્યાંથી ધર્મ થાય? શ્રીચંદજી! બરાબર છે?

ભાઈ! અહીં તો આ વાત છે, પ્રભુ! અંદર રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ છેને એ શુભ છે. એની સાથે તારે શું સંબંધ છે? એની ચિંતાનું તારે શું કામ છે? એ તો બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પદ્મપ્રભમલધારિદેવ આ ૪૩ ગાથાનો સાર કહે છે. ૪૩મી (ગાથા) છેને?

णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो।
णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।

એની ટીકા કરીને પછી આ કળશ બનાવ્યા છે. આહા..હા..! હજી દૃષ્ટિની ખબર ન મળે. સમ્યગ્દર્શન કોને થાય અને કેવું છે (એની ખબર ન મળે). સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને ક્રિયા બધા એકડા વિનાના મીંડા છે, રણમાં પોક મૂકવા જેવી ચીજ છે. શેઠી! આહા..હા..! બરાબર છે? આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો કહે છે.

સર્વજ્ઞ પરમેશ્વર પ્રભુ તરીકે જ આત્માને બોલાવે છે. સમયસારમાં ૭૨ ગાથામાં છે. અમૃતચંદ્રાચાર્ય, 'ભગવાન આત્મા' એમ કહે છે હોં! આસ્રવની વાત ચાલી છે કે પુણ્ય-પાપનો ભાવ એ તો ભગવાન! આસ્રવ છેને, એ તો અશુચિ છેને, એ તો બંધનું કારણ છેને, એ તો જડ છે, અચેતન છે, ચૈતન્યનો અંશ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૭૨ ગાથા છે સમયસાર. શુભ-અશુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ જડ છે. જડનો અર્થ રજકણ નહિ હોં! રૂપી નહિ. પણ એમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે. શેઠી! સમજાણું કાંઈ? આહા..હા..! તું માને છે કે મારે દયા, દાન, વ્રતથી ધર્મ થશે. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારમાં રખડનાર છે. શેઠી! એમ અહીંયા ભગવાન આચાર્ય કહે છે. કેમકે એ આસ્રવ પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ શુભ છે. શુભને ભગવાને અચેતન કહ્યા છે. અચેતનનો અર્થ જ્ઞાનનું તેજ ચૈતન્ય ભગવાનનું નૂર એમાં આવ્યું નથી. એ વિકાર છે. એને જડ કહ્યા, અશુચિ કહ્યું. ભગવાન સર્વજ્ઞદેવે પુણ્ય-પાપભાવને મેલ કહ્યા, શેવાળ કહ્યા. જેમ જળમાં શેવાળ છે, એમ ભગવાન આત્મામાં શુભ-અશુભભાવ શેવાળ છે, મેલ છે, દુઃખરૂપ છે. એવી ચીજથી તને લાભ ક્યાં છે? આહા..હા..! ઈ કહે છે, જુઓ,

'**અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?**' શું છે? ગુજરાતી છે? હિન્દી નથી હિન્દી? શું છે જુઓ, '**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ!**' એને મુનિ કહે છે. અંતરના આનંદમાં ઘુસી ગયા છે અને પુણ્ય-પાપના ભાવને બંધનું કારણ જાણીને એનાથી ઉપેક્ષા કરી છે અને ધ્રુવપદને ભજી લીધું છે. '**તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ;...**' ભજ. '**અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?**' લ્યો, સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વરે કહેલો પદ્મપ્રભમલધારિદેવ મુનિ સંત કહે છે કે હે આત્મા! ધ્રુવ ભગવાન આત્મા જેની દષ્ટિ કરવાથી તને આનંદ થાય એવા ધ્રુવની અંદર એકાગ્ર થા અને અધ્રુવની ચિંતાથી તારે શું પ્રયોજન છે? એ શુભ-અશુભપરિણામ બેય અધ્રુવ (છે). સમજાણું કાંઈ? એ અધ્રુવ છે. આવ્યું હતુંને? એમાં જ છેને. ૭૨માં છે. આમાં કહ્યુંને. એમાં ઈ શબ્દ છે જુઓ, ૭૪માં જુઓ. ૭૨માં અશુચિ કહ્યું હતું. ૭૨માં એમ કહ્યું હતું કે પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ, વ્રત-અવ્રતના ભાવ, દયા, દાનના ભાવ, પૂજા ભક્તિના ભાવ '**आसवाणं असुचित्तं च विवरीयभावं**' (છે). ભગવાન આત્માથી વિપરીત ભાવ જડ છે. '**दुक्खस्स कारणं**' શુભ-અશુભભાવ દુઃખનું કારણ છે. '**ति य तदो णियत्तिं कुणदि जीवो**' એમાં લખ્યું છે જુઓ, ભગવાન આત્મા જળમાં શેવાળ મળ છે, એમ શેવાળીની માફક '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...**' ... વાત છે. '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ...**' હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર અનુભવાતો હોવાથી અત્યંત પવિત્ર છે. આહા..હા..! હજી તો શ્રદ્ધાની ખબર નથી, સમ્યગ્દર્શન કોને થાય છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે આ વસ્તુ કેવી છે?

૭૪માં આવ્યું. '**जीवणिबद्धा अधुव**' કર્તાકર્મ અધિકાર છે. અધ્રુવ છે. એ કુંદકુંદાચાર્યના શબ્દ છે. અહીંયા પણ કુંદકુંદાચાર્યના શબ્દમાંથી એમણે કાઢ્યું કે ભાઈ! ભગવાન! તારી ચીજ તો નિત્યાનંદનો પિંડ છે. સમજાણું કાંઈ? એક વળી શબ્દ એવો આવી ગયો હતો હમણાં વિચાર અંદરમાં. આનંદના લાડવા છેને, લેને અંદરમાંથી. લાડવા અને લે, બે ભાષા. સમજાણું કાંઈ? અંદર વિચાર કરતા હતા. આ દુનિયા.. પુણ્ય-પાપભાવરૂપ જે દુઃખરૂપ છે, ચાર ગતિનું કારણ છે, ભવભ્રમણનો હેતુ છે એ શા માટે કરે છે? અને એમાં કેમ આત્માની પ્રતીતિ કરે છે કે એ મને હિતકર થશે? સમજાણું કાંઈ? મોટો અતીન્દ્રિય આનંદનો લાડવો પડ્યો છે ધ્રુવ, એની સેવા કરને. લાડવાને લેને, થોડો અંદર ચાટ-સ્વાદ લે એમ કહે છે.

શ્રોતા :— હમણા લાડવા ખાવાની બીજ આવી રહી છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ પછી. એ તો મગજમાં (આવી ગયું). લ, લ બે ભેગા આવી ગયાને. આહા..હા..!

તારી ગાંસડીમાં તો લાલ રતન પડ્યું છે. ઓલો દાખલો છેને અનુભવપ્રકાશમાં?

અનુભવપ્રકાશમાં દાખલો આવે છે. કોઈની ગાંસડીમાં લાલ રતન (હતું). ક્રોડો રૂપિયાના એક એક લાલ ગાંસડીમાં પડ્યા છે હજારો. એમ તારી ગાંઠડીમાં અનંત ચૈતન્ય આનંદ રતન પડ્યા છે. એવા ધ્રુવપદનો અનુભવ કર. એ જ મોક્ષનો માર્ગ છે, બાકી બધો બંધનો માર્ગ છે. સમજાણું કાંઈ? અને બંધના માર્ગને મોક્ષનો માર્ગ માનવો એ મિથ્યાદૃષ્ટિનું પ્રત્યક્ષ લક્ષણ છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ હોય તો એને ચારિત્ર-બારિત્ર કલ્યાણ થતું નથી.

અહીં કહે છે કે હે મુનિ! સંતોને ઉદ્દેશીને કહે છે, પોતે મુનિ છેને. ધ્રુવપદને ભજ. ભગવાન આનંદકંદને ભજ. સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળનાથ, નિર્મળનો નાથ, નિર્વાણનાથ પ્રભુ છે. આહા..હા..! એવી વસ્તુને ભજ. અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે? એ અધ્રુવમાં આવે છેને? ભાઈ! પ્રવચનસારમાં. પ્રવચનસારમાં સવારે. પુણ્ય-પાપના ભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અધ્રુવ છે. આ વ્રતના ભાવ, દયા, દાનના ભાવ, આ વ્યવહારસમિતિ નીચે જોઈને ચાલવું આદિ ભાવ બધા અધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એનાથી વિપરીત જે અધ્રુવભાવ છે એનાથી તારે શું પ્રયોજન છે? તારું એમાં શું હિત થાય છે? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ બરાબર? એ ૬૫ થયો. ૬૬.

(द्रुतविलंबित)

समयसारमनाकुलमच्युतं
जननमृत्युरुजादिविवर्जितम्।
सहजनिर्मलशर्मसुधामयं
समरसेन सदा परिपूजये।।६६।।

જુઓ, અમારા પંડિતજીની .... વૈરાગ્ય .... છેને અંદર.

'શ્લોકાર્થ :— જે અનાકુળ છે,...' જે પરમાત્મા પોતાનું અંદર નિજ સ્વરૂપ પડ્યું છે તે નિરાકુળ છે. એમાં પુણ્ય-પાપની આકુળતાની ગંધ અંદરમાં નથી. જે **'અચ્યુત છે,...'** 'અસ્ખલિત; નિજ સ્વરૂપથી નહિ ખસેલું.' કદી પોતાનું સ્વરૂપ ધ્રુવ આનંદકંદથી આત્મા ખસ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સો ઈન્દ્રની ઉપસ્થિતીની હાજરીમાં ભગવાન સમવસરણમાં દિવ્યધ્વનિ દ્વારા આ ફરમાવતા હતા. અરે.. આત્મા! તારું તો અંતર અનાકુળ આનંદ સ્વરૂપ છે. પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે એ તો આકુળતા છે. શુભ-અશુભભાવ એ આકુળતા છે. શુભ અશુભપર્યાય વિકૃત પર્યાય છે. સમજાણું કાંઈ? અને અંતરમાં જે અનાકુળ ચીજ છે.. ઈ આવશે થોડું, સમતાભાવ શુદ્ધ ઉપયોગ કહેશે. અચ્યુત છે. ભગવાન આત્મા નિત્યાનંદ ભગવાન અનંતગુણનો પિંડ બિરાજમાન (છે).

'જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે,...' ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ સમ્યગ્દૃષ્ટિનો વિષય જે આત્મા છે એ તો જન્મ-જરા-મૃત્યુ રોગાદિ રહિત છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિનો વિષય આવો

આત્મા છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય પુણ્ય ને પાપ ને નિમિત્ત એ એનો વિષય છે જ નહિ. હેયબુદ્ધિએ જાણવાલાયક છે. કહે છે, '**જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે,...**' ભગવાન આત્મા.. અરે..! એને એની ચીજની ખબર નથી અને આ દેહની ક્રિયા ને પુણ્ય-પાપની ક્રિયામાં બધું આવી ગયું. ધૂળેય નથી એમાં, સાંભળને! હેરાનગતિ આત્માની છે અને ચાર ગતિમાં રખડવાના બધા ભાવ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સહજ નિર્મળ સુખામૃતમય...**' પ્રભુ છે. સ્વાભાવિક, સહજ નામ સ્વાભાવિક નિર્મળ સુખામૃત. અતીન્દ્રિય આનંદના અમૃતસ્વરૂપ આત્મા છે '**તે સમયસારને...**' તે સમયસાર નામ એવા મારા આત્માને. જુઓ, '**હું...**' મુનિ કહે છે કે હું, '**સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.**' એ શુદ્ધોપયોગનું નામ સમતાભાવ છે. આહા..હા..! શુભાશુભભાવનું નામ અશુદ્ધ ઉપયોગ છે, એ વિષમરસ છે, બંધનું કારણ છે, સંસારસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એવા સમયસારને મુનિ પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, કહે છે કે હું સમરસ દ્વારા. સમરસ નામ પુણ્ય અને પાપ એ વિષમરસ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ ભાવ તો વિષમરસ છે જ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, વ્યવહાર સમિતિ, ગુપ્તિના વ્યવહારના વિકલ્પ એ બધા વિષમભાવ છે. આહા..હા..! અરે..! દુનિયાએ કદી તત્ત્વ સાંભળ્યું નથી. શું તત્ત્વ સર્વજ્ઞનું છે? અજૈનને જૈન માનીને ચાલ્યો છે, એનું ફળ આવે છે ચાર ગતિમાં રખડવાનું. આ જૈન પરમેશ્વર આત્મા કહે છે કે તારો આત્મા જ વીતરાગસ્વરૂપ આનંદ છે. શુભાશુભ વિકલ્પનું લક્ષ છોડી દે. શરીરની ક્રિયા આમ થાય છે અને તેમ થાય છે, તારાથી નથી થતી, લક્ષ છોડી દે. કેસરિયા કરી દે એમ કહે છે અહીંયા. ...ચંદજી! ઉંદર ... શું કહે છે? ચૂહા. જ્યાં જ્યાં ઉંદર મારે છે બિલાડી જેવા.. પુણ્ય-પાપને ... માનીને અધર્મ કરે છે મિથ્યાદૃષ્ટિપણું એને છોડી દે.

વીરનો માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથે ફરમાવ્યો. સમતાભાવ. ઓહો..! મુનિ શું કહે છે? ભગવાન! સાંભળ તો ખરો. એકવાર સાંભળ તો ખરો. તેં સાંભળ્યું જ નથી. એ શુભઅશુભરાગ છે એ વિષમરસ છે, ઝેર છે. એનાથી ધર્મ થાય છે? હું આમ કરું છું એ મારો ધર્મ છે. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, ચાર ગતિમાં રખડવાલાયક જીવ છે. સમજાણું કાંઈ? અહીંયા મુનિ કહે છે કે હું તો મારો સમયસાર અનાકુળ આનંદકંદ જેમાં શુભાશુભભાવનો અભાવ છે એવા આત્માને હું, હું, હું શબ્દે આત્મા. એ રાગના અવલંબન વિના, વ્યવહારના અવલંબન વિના, નિમિત્તના અવલંબન વિના હું સમરસ દ્વારા (પૂજું છું). ભાષા તો જરી એવી છે. મારો શાંતરસ આત્મા નિર્વિકલ્પાનંદ પ્રભુ એની અંતરની એકાગ્રતા દ્વારા શાંતરસના સમભાવ દ્વારા હું સમરસ દ્વારા, શુભરસ દ્વારા નહિ, પુણ્ય-પાપ દ્વારા નહિ, શરીરની ક્રિયા દ્વારા નહિ. સમજાણું કાંઈ? દ્વારા સદા. ... '**સદા**' શબ્દ પડ્યો છે. સદા મારી દૃષ્ટિ તો આનંદકંદ ઉપર જ એકાકાર થઈ છે. હું સદાય એની મુખ્યતામાં આત્માને પૂજું છું. કદી હું મુનિ થઈને સમ્યગ્દૃષ્ટિ થઈને

પુણ્યભાવને પૂજું અને પુણ્યભાવને અધિક બનાવું એમ મારી દૃષ્ટિમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ! રાડ નાખે હોં માણસ, રાડ નાખે. બિચારાને પોકાર કરવા દ્યોને, જે રોતા હોય ઈ રોવે જ. .... દઈને રોયા જ કરે. અનાદિનો રોવે છે. અરે..! આમ છે. સાંભળને હવે. તેં વીતરાગનો માર્ગ સાંભળ્યો જ નથી. સમજાણું કાંઈ? પોકાર કરે છેને. એ.. શુભભાવને હેય કહે છે. હેય નહિ, લાખ વાર ઝેર કહીએ છીએ. સાંભળ તો ખરો હવે.

કુંદકુંદાચાર્ય મહારાજ મોક્ષમાર્ગ અધિકાર સમયસમારમાં પ્રતિક્રમણ આદિ આઠ બોલ છે, આઠ બોલ. પ્રતિક્રમણ કરવું ને ભગવાનની પૂજા કરવી, પ્રાયશ્ચિત્ત લેવું ને વિકલ્પ કરવો શુભરાગ એ બધું ઝેર છે, વિષકુંભ છે એમ કહ્યું છે. મોક્ષ અધિકાર છેને. (ગાથા-૩૦૬). વિષકુંભ. ખબર છે કે નહિ? કાંતિભાઈએ સાંભળ્યું છેને ઘણું. પડિકમણ, પરિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ. નિવૃત્તિ કરું પાપથી એવો વિકલ્પ છે. **'णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो'**. શુભભાવ ઝેરનો ઘડો છે. ભગવાન અમૃતનો ઘડો છે. ગુજરાતી આવી જાય છે. સમજાણું કાંઈ? પાપ પાપ તો ઝેરનો ઘડો છે જ. પણ વ્રતના પ્રતિક્રમણનો ભાવ એ ઝેર છે. ભગવાન આત્મા અમૃતનો કુંડ પડ્યો છે એને ભર. સમજાણું કાંઈ? અને એ દ્વારા હું પૂજું છું. સદા શબ્દ કેમ લખ્યો છે? મારી દૃષ્ટિમાં તો શુદ્ધ આનંદનો જ સદા નિરંતર આદર છે. શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે એમાં મારો કિંચિત્ આદર નથી. આહા..! સમજાણું કાંઈ?

'(સમતાભાવ) વડે...' અહીં વીતરાગભાવ બતાવવો છેને. વીતરાગભાવ છે. શુભાશુભભાવ એ રાગભાવ છે. શુભાશુભરાગથી ખસીને અખંડાનંદ પ્રભુ તરફની એકાગ્રતા થવી એનું નામ સમતા, અરાગભાવ છે. એ વીતરાગભાવ છે એ જ એક ધર્મ છે. સમજાય છે કાંઈ? એવા (સમતાભાવ) **'વડે સદા પૂજું છું.'** હું તો મારા સ્વરૂપની જ પૂજા કરું છું. મુનિ કહે છે કે હું જ મને પૂજનાર છું. ભગવાન પૂજવાલાયક અને હું પૂજનારો, એ બેમાં તો વિકલ્પ ઉઠે છે શુભરાગ. સમજાય છે કાંઈ? **'હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.'** હવે જરી આધાર આપે છે પાછો. ૬૭.

(इंद्रवज्रा)

इत्थं निजज्ञेन निजात्मतत्त्व-
मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।
बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-
स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम्।।६७।।

આ કહેલો અર્થ મારો નથી. **'આ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...'** દેખો! ભગવાન આત્માનો જેને અનુભવ થયો છે એવા સૂત્રકાર કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? જેવો આત્મા

કહ્યો એવા ધ્રુવનો અંતર આનંદનો અનુભવ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. નિજજ્ઞ સૂત્રકાર. સમયસારમાં પાંચમી ગાથામાં પણ કહ્યું છે કે મારો વૈભવ હું કહીશ.

तं एयत्त विहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

હું મારો વૈભવ કહીશ. મારો વૈભવ શું છે? મારા આત્મામાંથી મારું પ્રચુર સ્વસંવેદન ઉત્પન્ન થયું છે. સમ્યગ્દષ્ટિને પ્રચુર સ્વસંવેદન નથી. તેથી પાંચમી ગાથામાં ટીકામાં ઈ શબ્દ મૂક્યો છે. સમજાણું કાંઈ? '**નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદન...**' તેનાથી મારો વૈભવ ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? '**નિરંતર ઝરતો...**' મારું સ્વરૂપ આનંદ-ડુંગર છે, આનંદનો ડુંગર એમાં મારી અનુભવ દષ્ટિ લાગી છે તો નિરંતર ઝરતો. ડુંગરમાંથી જળ ઝરે છેને? જળ. એમ મારા આત્મામાંથી અતીન્દ્રિય આનંદ ઝરે છે. આહા..હા..!

શ્રોતા :— ખબર પડી જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ખબર પડતી હશે? પોતાને પોતાની ખબર ન પડે? નિશ્ચય સમ્યગ્દર્શન છે કે નહિ? આનંદ છે કે નહિ? ચારિત્ર આનંદની આપણને કંઈ ખબર પડે? શાસ્ત્રને પૂછો. શું પૂછે શાસ્ત્રને? શાસ્ત્ર તો પરવસ્તુ. સમજાણું કાંઈ?

અહીંયા આચાર્ય કહે છે કે મારો નિરંતર ઝરવાવાળો સુંદર જે આનંદ એની છાપ છે. નથી મારતા ટ્રેડ માર્ક? ટ્રેડ માર્ક લગાવે છેને? કહે છે કે મારા સ્વસંવેદનની છાપ શું? પરમાનંદની અનુભવદશા એ મારી છાપ છે. એવું પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદન એવો શબ્દ પડ્યો છે. પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદન. સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાને પ્રચુર સંવેદન નથી. સાચું સમ્યગ્દર્શન જ્યાં ચોથા ગુણસ્થાને થયું, લોકો માને એ નહિ. સંપ્રદાય માને કે અમે શ્રાવક છીએ ઈ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્યાં અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યો, તો કહે છે કે પોતાનું સ્વસંવેદન, શાંતિનું, અતીન્દ્રિય આનંદનું વેદન થયું. શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ. અને મુનિ થાય ત્યારે અંતર દશામાં ભાવલિંગ સંત છઠ્ઠે સાતમે ગુણસ્થાનની દશા, એને પ્રચુર સંવેદનસ્વરૂપ સંવેદન હોય છે. એ કોઈને પૂછવા નથી જાવું પડતું કે મને ભાવ છે કે નહિ? સમજાણું કાંઈ? આચાર્ય કહે છે કે પ્રચુર સંવેદન. અતીન્દ્રિય આનંદ ઝરતો, અતીન્દ્રિય આનંદની જેમાં મહોરછાપ છે (એ મને અનુભવમાં આવે છે). કાગળમાં નથી મારતા? કાગળ આવેને? પોસ્ટ ઓફિસ. આ ભગવાનના અંતરના અનુભવમાં પોસ્ટ ઓફિસમાં છાપ પાડે છે. અમારો અતીન્દ્રિય આનંદ અમારા અંતરમાંથી પ્રગટ થયો છે. અમને વેદનમાં ખ્યાલ છે, અનુભવમાં ખ્યાલ છે, અમે જાણીએ છીએ એમ કહે છે. તેનાથી અમારો વૈભવ પ્રગટ થયો છે. કોઈ પુણ્ય-પાપથી, મહાવ્રતથી અમારો અનુભવ પ્રગટ નથી થયો એમ કહે છે. શેઠ!

વીતરાગની વાણી તો કાયરને પ્રતિકૂળ પડે એવી છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ

મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'. કાયર હીજડા જેવા કહે છે. હીજડા જ કીધા છે શાસ્ત્રમાં. પુણ્યથી અને વિકલ્પથી ધર્મ માનનારા પાવૈયા હીજડા છે એમ ભગવાન કહે છે. આમાં છે, અધિકારમાં છે. સમજાણું કાંઈ? છેને. ૪૪મી ગાથા છે. ૪૪મી ગાથા જુઓ, પુણ્ય-પાપમાં છે, બધામાં છે. ભગવાન આત્મા અસાધારણ લક્ષણ નહિ જાણનારા નપુંસકપણે અંતર નિમગ્ન થયા થકા. ૪૪ ગાથાની સંસ્કૃત ટીકા છે. શાસ્ત્રમાં ક્લીબ કહ્યા છે, ક્લીબ. ક્લીબ નામ હીજડા છે. ભગવાન આત્માના આનંદ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ નહિ કરીને એકલા શુભભાવની ક્રિયાકાંડમાં ધર્મ માનનારા પાવૈયા હીજડા નપુંસક છે. એને આત્માના સ્વરૂપની દૃષ્ટિની ખબર નથી. કાયરને પ્રતિકૂળ છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયર શબ્દે નપુંસક. ત્રણ ઠેકાણે લીધું છે. એમાં લખ્યું છે, પુણ્ય-પાપના અધિકારમાં છે અને પ્રવચનસારમાં લીધું છે. સમજાણું કાંઈ? એ તો નાગા બાવા અનુભવમાં આનંદમાં ઝુલે છે. અતીન્દ્રિય આનંદમાં ઝુલવું એ વાસ્તવિક ચારિત્ર છે. સમજાણું કાંઈ?

કહે છે, ઈ કહે છે અહીંયા. '**આ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકાર...**' જોયું? આત્મજ્ઞાની સૂત્રકર્તા. પદ્મપ્રભમલધારિદેવને ખબર પડી ગઈ કે એ આત્મજ્ઞાની છે? બીજાને બીજાની ખબર પડે કે નહિ? ઈ ક્યાં ખબર પડે? ભગવાન જાણે. અરે..! હાલ.. હાલ. મૂઢ છે આત્મા? પરને ... જાણે તો એની દૃષ્ટિ વિપરીત છે. અને એની દૃષ્ટિ સમ્યક્ છે. બીજો આત્મા જાણી શકે નહિ. દેખો! સમજાણું કાંઈ? '**આ રીતે પૂર્વે નિજજ્ઞ (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...**' આ ચાલે છે ઈ. શુદ્ધભાવ.. શુદ્ધભાવ.. શુદ્ધભાવ પરમાનંદ જ્ઞાયકભાવ અખંડાનંદ ભાવ. જ્યાં દયા, દાન, વ્રતના વિકલ્પની ગંધ નથી. એવા આત્માનું વર્ણન ભગવાન કુંદકુંદાચાર્યદેવે કર્યું. સમજાણું કાંઈ? એક મુનિ બીજા મુનિને જાણે છે કે એ આત્મજ્ઞાની છે. પોતાને તો જાણે કે હું આત્મજ્ઞાની છું, હું આનંદવાળો છું, હું ધર્મી છું અને હું આત્માનો અનુભવ કરવાવાળો શુદ્ધ ઉપયોગી છું. સમજાણું કાંઈ? બીજા મુનિને પણ સમ્યક્‌જ્ઞાની બરાબર જાણી શકે છે. કુંદકુંદાચાર્ય તો સંવત ૪૯માં થયા. પદ્મપ્રભમલધારિદેવ તો હમણાં ૮૦૦ વર્ષ પહેલા થયા. એમના ભાવના વાચક શબ્દથી એમનું વાચ્ય શું હતું એ એમના અનુભવમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

'**જેને જાણીને...**' દેખો '**નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...**' નિર્દંડ, નિર્દ્વંદ્વ આવ્યુંને. '**જેને જાણીને ભવ્ય જીવ...**' ભવ્ય જીવ '**મુક્તિને પામે છે,...**' એ મુક્તિને (પામે છે). આ આત્માને જાણીને મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? કોઈ વ્યવહારને કરતાં-કરતાં મુક્તિને પામે છે (એમ) ત્રણકાળમાં વીતરાગમાર્ગમાં નથી. આહા..! સમજાણું કાંઈ? ચરણાનુયોગમાં વ્યવહારનું વર્ણન છે એ તો આત્માના અનુભવકાળમાં જ્યારે સ્થિર ન હોય ત્યારે શુભભાવ કેવો આવે એનું વર્ણન છે. એ જાણવાલાયક છે. સમજાણું કાંઈ? પરમાર્થે અંતર સ્વરૂપમાં આદરવાલાયક

નથી. એવો અનુભવ ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યો એ પોતાના સ્વરૂપને એમ જાણીને, અંતરંગ દૃષ્ટિ કરીને, અંતર અનુભવ કરીને મુક્તિને પામે છે. બેય લઈ લીધું. જાણીને એ મોક્ષમાર્ગ, મુક્તિને પામે છે તે મોક્ષ. નિયમસાર છેને. '**मग्गो मोक्खफलं**'.

'**તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.**' દેખો! આહા..હા..! આવા નિજાત્મતત્ત્વને. મારો ભગવાન વીતરાગસ્વભાવથી ભરેલો છે. હું વીતરાગી પિંડ પરમેશ્વર હું જ છું. આવો મારો વીતરાગભાવ એ પુણ્ય-પાપના વિકલ્પથી છૂટીને, એ ભિન્ન વિકાર છે, શરીર, કર્મ ભિન્ન છે. મારો આત્મા... મુનિ કહે છે જુઓ, '**નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે...**' મારો અતીન્દ્રિય આનંદ મોક્ષની પ્રાપ્તિ માટે હું ભાવું છું. હું અતીન્દ્રિય આનંદને જ અંતર એકાગ્ર થઈને ભાવું છું. એ જ મારો મોક્ષનો માર્ગ છે. એનો હેતુ મોક્ષપ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? શેઠ! કળશ બહુ ચોખ્ખા છે, બહુ સ્પષ્ટ છે. સંસ્કૃત-બંસ્કૃત કંઈ ભણ્યા છો કે નહિ? સંસ્કૃત. થોડું.

આ '**નિજાત્મતત્ત્વને...**' હું તો નિજાત્મ ભગવાન આત્મા એમાં મારી દૃષ્ટિ લાગી છે. મારું જ્ઞાન ત્યાં લાગ્યું છે અને મારી લીનતા પણ ત્યાં છે. ભલે હાલે છે, ચાલે છે, વિકલ્પ છે, પણ અમારી લગન ત્યાં લાગી છે. આહા..હા..! લખે છે વિકલ્પમાં, અમે વિકલ્પમાં નથી. સમજાણું કાંઈ? અમે તો અમારા આત્મામાં આત્માને ભાવીએ છીએ. દેખો! લખવાનો વિકલ્પ આવ્યો છે, ટીકા થાય છે તો દુનિયા સમજશે કે મને લાભ થશે એમ ત્રણકાળમાં નથી. 'હું ઉપદેશ કરું છું તો લોકોને લાભ થશે તો મને લાભ થશે.' ત્રણકાળમાં નથી. એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ કરે છે. શેઠી!

અહીંયા તો કહે છે કે મારા આત્માના આનંદની હું ભાવના કરું છું. વિકલ્પ ઉઠે છે તોપણ એ તરફ મારી રુચિ નથી. આહા..હા..! '**ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.**' સમજાણું કાંઈ? ભાવું છું એનો અર્થ શું? ભાવના કરું છું. અંતર આનંદમાં એકાકાર થઈને ભાવના એકાગ્ર થાઉં છું. ભાવના શબ્દે વિકલ્પ, ચિંતા નહિ. ભાવની ભાવના, ભાવ-શુદ્ધભાવની ભાવનાનું નામ એકાગ્રતા. ૬૮.

(वसन्ततिलका)

आद्यन्तमुक्तनमघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्।।६८।।

સાત શ્લોક છેને સાત. છેલ્લો સાતમો છે. મારું તત્ત્વ—પરમાત્મતત્ત્વ કેવું છે? પરમ આત્મ નિજતત્ત્વ ભગવાન '**આદિ-અંત વિનાનું છે,...**' મારી આદિ નથી, મારો અંત નથી. શુભભાવ ઉત્પન્ન થાય છે, નાશ થાય છે, શુભભાવ ઉત્પન્ન થાય છે, નાશ થાય છે, અશુભ ઉત્પન્ન

થાય, નાશ થાય છે. ... એ મારો આત્મા નહિ. '**પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે,...**' મારો ભગવાન આદિ-અંતરહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવપ્રકાશમાં કહ્યું છેને ભાઈ! દીપચંદજી! તું તને પરમેશ્વર સ્થાપ. તારો પરમેશ્વર તારાથી દૂર ન દેખ. દીપચંદજી સાધર્મી સમ્યગ્દૃષ્ટિ હતા. અનુભવપ્રકાશ કરનારા, ચિદ્વિલાસ, આત્માવલોકન (કરનારા). દીપચંદજી દિગંબર... હમણાના નહિ, પહેલાંના, ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં. અત્યારે તો બધા સમજવાવાળા છે. ... દીપચંદજી છે. ... એ તો બહુ લખે છે. એ વખતે એવું લખ્યું છે, કે મારી દૃષ્ટિથી હું આગમથી જોઉં છું તો વર્તમાનમાં આગમની શ્રદ્ધાવાળા કોઈ સાચા દેખાતા નથી. ૨૦૦ વર્ષ પહેલા. અને મોઢે કહું છું તો માનતા નથી તો હું લખી જાઉં છું, એમ લખ્યું છે. શું કહેવાય એનું નામ? ભાવદીપિકા પુસ્તકમાં છે. હું જોઉં છું કે આગમની શ્રદ્ધા-જ્ઞાનવાળા કોઈ આત્મા મને દેખાતા નથી અને આગમ શું છે એની શ્રદ્ધા શું એની ખબર નથી. અને મોઢે કહું છું તો માનતા નથી. માટે હું શાસ્ત્રમાં લખી જાઉં છું. સમજાણું કાંઈ? અનુભવપ્રકાશમાં કહે છે કે અરે..! આત્મા! તું તને પરમેશ્વર સ્થાપ. તું પરમેશ્વર જ છો.

બનારસીદાસે કહ્યું, ... કેટલામું પાનું છું? ૨૬૦ (બંધ દ્વાર-૪૮). કહે છે કે બનારસીદાસ સમ્યગ્દૃષ્ટિ હતા, અનુભવ દૃષ્ટિ હતી, ચોથે ગુણસ્થાને હતા. '**કેઈ ઉદાસ રહૈ પ્રભુ કારન, કેઈ કહૈ ઉઠિ જાંહિ કહીંકિ, કેઈ પ્રનામ કરે ગઢિ મૂરતિ**' ભગવાનની મૂર્તિ જોઈને પ્રણામ કરે. એ બધા શુભભાવ છે, ત્યાં તારા પરમાત્મા નથી. '**કેઈ પ્રનામ કરે ગઢિ મૂરતિ, કેઈ પહાર ચઢૈ ચઢિ છીંકિ.**' શું કહેવાય? ડોલી કરીને ઉપર જાય ભગવાન પાસે. સમેદશિખર જાય ને ચડે. ગિરનાર જઈને ચડે, શત્રુંજય ચડે. '**કેઈ કહૈ અસમાનકૈ ઊપરિ**' ઉપર ભગવાન હશે. '**કેઈ કહૈ પ્રભુ હેઠિ જમીંકિ, મેરો ધની નહિ દૂર દિસન્તર, મેરો ધની નહિ દૂર દિસન્તર, મોહીમૈં હૈ મોહિ સૂઝત નીંકિ**'. શેઠજી! સમજાય છે કે નહિ? '**મેરો ધની નહિ દૂર દિસન્તર,**' મારો પરમાત્મા દૂર દેસાંતરમાં (નથી). વિકલ્પમાં નથી તો પરમાં ક્યાંથી આવ્યો? હું તો મારા સ્વરૂપમાં છું. આહા..હા..! આ બનારસીદાસ કહે છે. બંધ અધિકાર છે, ૨૬૦, ૪૮મો શ્લોક છે. ભગવાનની મૂર્તિને પૂજો એમાં ધર્મ થશે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. ભગવાનના દર્શન કરો એનાથી ધર્મ થશે. કહે છે કે '**કેઈ પ્રનામ કરે ગઢિ મૂરતિ, કેઈ પહાર ચઢૈ ચઢિ છીંકિ, કેઈ કહૈ પ્રભુ હેઠિ જમીંકિ, મેરો ધની...**' યહાં હૈ. '**નહિ દૂર દિસન્તર, મોહીમૈં હૈ મોહિ સૂઝત નીંકિ.**' મને ખબર પડે છે કે મારો આત્મા પરમાત્મા છે. સમજાણું કાંઈ? મારા પરમાત્મા મારાથી દૂર નથી. આહા..હા..! બનારસીદાસ. એ વખતે બહુ .... બનારસીદાસ વખતે પણ ... ચાલી હતી, તો અત્યારે ... ચાલે તો અત્યારે તો ઘણા મૂઢ જીવો છે. ... ચાલે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ પોતાની પાસે છે, આદિ-અંતરહિત, '**દોષરહિત છે,...**' ભગવાન આત્મામાં દોષ, પુણ્ય-પાપના ભાવ બેય ભાવ દોષ છે. સમજાણું

કાંઈ? આહા..હા..! '**નિર્દ્વંદ્વ છે...**' ભગવાન આત્મા દ્વૈતરહિત છે, દ્વંદ્વ નથી. વિકલ્પ ઉઠે રાગનો દ્વંદ્વ એ તત્ત્વમાં છે જ નહિ. '**અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' કેવો છે? એક તો મારું જ્ઞાન અક્ષય છે. વિશાળ નામ અનંત છે અને સર્વથી ઉત્તમ છે. એવું મારું જ્ઞાનસ્વરૂપ અંદર પડ્યું છે, પૂર્ણાનંદસ્વરૂપ. '**જગતમાં જે ભવ્ય જનો...**' જગતમાં, કહે છે મુનિ પદ્મપ્રભમલધારિદેવ, કહેને, મેં પ્રાપ્ત કર્યું છે તો હું ભાવું છું, હું સદા પૂજું છું, મારા આત્માના આનંદને જ હું પૂજું છું. વિકલ્પ-ફિકલ્પને હું પૂજતો નથી, આદર નથી આપતો. એ કહે છે કે જગતમાં કોઈ ભવ્ય જન '**તેની ભાવનારૂપે પરિણમે છે,...**' દેખો! ભાવનાનું પરિણત કર્યું. આહા..હા..!

ભગવાન જ્ઞાનજ્યોતિ સૂર્ય એના અનુભવમાં એકાગ્ર થઈને પોતાની એકાગ્રતારૂપ પરિણમે છે. એ શુદ્ધપરિણતિરૂપે પરિણમે છે. શુભ-અશુભભાવ એ અશુદ્ધપરિણતિ છે. શું? શુભ અશુભભાવ અશુદ્ધપરિણતિ છે, બંધનું કારણ છે, મોક્ષમાં વિઘ્ન કરનાર છે, અધ્રુવ છે. '**જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે,...**' મુનિ કહે છે. ભગવાન આનંદસ્વરૂપમાં બરાબર અનુભવ કરીને આનંદની એકાગ્રતા થઈને. ભાવના એ પર્યાય છે. પહેલા ઉત્તમ જ્ઞાનસ્વરૂપ આત્મા કહ્યો એ ધ્રુવ છે. ત્યાં સુધી ધ્રુવ કહ્યો. પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનો છે, એ ધ્રુવ. દોષરહિત છે એ ધ્રુવ, નિર્દ્વંદ્વ એ ધ્રુવ, અક્ષય વિશાળ જ્ઞાનસ્વરૂપ એ ધ્રુવ. એ ધ્રુવ રહ્યો. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. એ ધ્રુવમાં એકાકાર દૃષ્ટિ કરવી એ પર્યાય છે. '**જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.**' સંસારરૂપી દુઃખ પાછું એમ. ભવજનિત દુઃખ છે ચાર ગતિમાં. ઈન્દ્રમાં પણ સુખ નથી. ધૂળ છે ત્યાં. પુણ્યના ફળમાં દુઃખ છે. '**ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.**' કુંદકુંદાચાર્યના શ્લોકના પાઠ છે એમાંથી ટીકા બનાવી. છેલ્લે એમ કહ્યું, આવો આત્મા એનો અંતર અનુભવ કરીને નિર્વિકલ્પ ઉપયોગ કરીને ભાવના કરે છે તે પૂર્ણાનંદની અવશ્ય પ્રાપ્તિ થાય છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧૧, શનિવાર, તા. ૧૬-૦૪-૧૯૬૬,
ગાથા-૪૪, પ્રવચન નં. ૫૨

આ નિયમસાર શાસ્ત્ર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એ મોક્ષના માર્ગમાં આ શુદ્ધભાવનો અધિકાર (છે), એની ૪૩ ગાથા થઈ. (હવે) ૪૪.

'**ટીકા :— અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.**' શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે પણ આમાં પણ એનું સ્વરૂપ વિશેષ કહ્યું છે.

णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।
णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा।।४४।।

એનો અન્વયાર્થ ટૂંકો જુઓ, '**આત્મા નિર્ગ્રંથ,...**' છે. શબ્દાર્થ. પછી એનો ખુલાસો આવશે. '**નીરાગ,...**' છે, '**નિઃશલ્ય, સર્વદોષવિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ છે.**' નીચે એનું હરિગીત.

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

શું વાત કહે છે આ? જે આત્મા અહીંયા શુદ્ધ જીવાસ્તિકાય જેને કહીએ, શુદ્ધ જીવ અસ્તિકાય એમ શબ્દ લીધો જુઓ, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત અસ્તિકાયની બીજે હોઈ શકે નહિ. આ આત્મા કહો કે જીવ કહો, એ અસ્તિ એટલે છે અને કાય એટલે અસંખ્યપ્રદેશી છે. એનો જે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એ આત્માનો સ્વભાવ છે અને એને જ આત્મા કહેવામાં આવે છે. એવા શુદ્ધ જીવાસ્તિકાય એવો ભગવાન આત્મા એ '**બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે;...**' આત્મા. આહા..હા..! વસ્તુ તરીકે આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેને આત્મા કહ્યો એ આત્મા શુદ્ધ જીવ અસ્તિકાય છે. એ આત્મા ચોવીશ પરિગ્રહના ત્યાગસ્વરૂપ હોવાથી. પરિત્યાગ. વસ્તુમાં ચોવીશ પ્રકારના પરિગ્રહનો અભાવ, ત્રિકાળ અભાવ છે. નિર્ગ્રંથ છે. નીચે ખુલાસો આપે છે.

વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અરૂપી અસંખ્યપ્રદેશી, અનંત શુદ્ધગુણનો ધામ એવો આ આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય. સમજાય છે કાંઈ? કેમકે અહીં મોક્ષમાર્ગ વર્ણવવો છે. એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આવા જીવતત્ત્વને લક્ષમાં ધ્યેયમાં લેતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ ક્ષેત્ર, આ બહારના ક્ષેત્ર કહેવાયને, એ આત્મામાં નથી. મકાન. આ મકાન છેને પાંચ-દસ લાખના ધૂળના, એ આત્મામાં નથી. આત્મા તો અરૂપી જ્ઞાનઘન અસંખ્યપ્રદેશી ચીજ છે. ચાંદી એમાં નથી, સોનું એમાં નથી.

શ્રોતા :— એ તો બરાબર પણ એને કામમાં તો આવેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાંય કામ આવતા નથી. મમતામાં નિમિત્ત છે ઈ. શુદ્ધ જીવ વસ્તુ એને જ જીવ કહીએ. પર્યાયમાં મલિનતા એ જીવ નથી, એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ એ સ્વરૂપમાં નથી આત્મામાં. આહા..હા..! અરે..!

અહીંયા ભગવાન આત્મા.. એ બધું લેશે પછી. અહીં તો બહારની ચીજ વસ્તુમાં નથી. ચૈતન્યમૂર્તિ અરૂપી આત્મદળ અનંતગુણનું ધામ ભગવાન આ આત્મા એવા અનંત આત્માઓ ભગવાને દેખ્યા, એમાં આ આત્મા એમાં ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ચાંદી સોનું એમાં આવી ગયું તમારા હીરા ને માણેક ને ઈ. શેઠ! એ ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી એટલે અસંખ્ય જેમાં અંશરૂપ આખું તત્ત્વ છે. એવું ચૈતન્યદળ આ દેહના રજકણથી તો ભિન્ન છે, આ

તો માટી છે. પણ આઠ કર્મના રજકણથી જુદો અને વિશેષ બીજું કહેશે, એ ધન-ધાન્યથી પણ જુદું તત્ત્વ છે. ધન એનું ખરું કે નહિ? આ ધન. ધાન્ય. ઘરમાં અનાજના ઢગલા હોયને? કહે છે કે એ તો જડ છે, પર છે, આત્માથી તો તદ્દન જુદું છે. આત્મામાં ક્યાં એ ચીજ છે. દાસી, દાસ, નોકરચાકર, કપડા ને વાસણ. એ બધું આત્મતત્ત્વ ભગવાન વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એક સમયની પર્યાયમાં વિકાર છે ઈ પછી કહેશે, ઈ વિકાર પણ એના સ્વભાવમાં નથી. આ તો બાહ્યપરિગ્રહ કહે છેને.

એમ દસ પ્રકારનો બાહ્યપરિગ્રહ એ વસ્તુ ચૈતનત્ય દળ, અરૂપી રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનું જીવાસ્તિકાય તત્ત્વ કે જેની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય એવો શુદ્ધ જીવાસ્તિકાય એમાં દસ પ્રકારનો પરિગ્રહ નથી. દસ પ્રકારનો પરિગ્રહ એ સ્વરૂપમાં નથી. બાહ્ય ચીજ બાહ્યમાં છે. કહો, શેઠ! ક્યાં ગયા આ તમારા બીડી ને પૈસા ક્યાં છે? એ બીડી આવી ગઈ. સમજાણું કાંઈ? એ ધન-ધાન્યમાં બધું આવી ગયું. આહા..હા..! અહીં આત્મા... કપડું કપડામાં, વાસણ વાસણમાં, મકાન મકાનમાં, રૂપિયા ધૂળમાં. આત્મામાં ક્યાંથી આવી ગયા ઈ? એ દસ પ્રકારના પરિગ્રહથી આ ભગવાન આત્મા રહિત છે.

હવે અભ્યંતરની વાત. 'એક મિથ્યાત્વ,...' એ અભ્યંતર વિકારી દશા કે જેને, 'આ પર મારા અને હું એનો, પરના કાર્ય કરું અને પરથી મારામાં કાંઈક થાય અથવા પુણ્ય-પરિણામ તે મને લાભદાયક થાય અને પાપપરિણામથી મને મજા પડે' એવો જે મિથ્યાત્વભાવ એ અભ્યંતર પરિગ્રહ એ આત્મામાં નથી, વસ્તુમાં નથી. એક સમયની પર્યાયમાં મિથ્યાભ્રાંતિ ભ્રમ (છે). શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ જેમાં એ નથી એ મિથ્યાત્વ, એવું જે આત્મતત્ત્વ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. એમાં મિથ્યાત્વ છે જ નહિ. વસ્તુ તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા માની છે અંશમાં, હું સુખી છું પુણ્યથી, પાપથી દુઃખી છું, પાપમાં મજા પડે છે, પુણ્યમાં બરાબર અનુકૂળતા થઈને મને જીવનું તત્ત્વ લાધશે એવી જે મિથ્યાત્વની માન્યતા તે એક સમયનો પક્કડ-પરિગ્રહ અજ્ઞાનભાવમાં છે. વસ્તુમાં એ પરિગ્રહ છે નહિ. સમજાણું કાંઈ? એક સમયની દશા જુદી અને વસ્તુ ત્રિકાળી આનંદકંદ અનાદિ-અનંત એવું તત્ત્વ એને અહીંયા જીવાસ્તિકાય અને ધ્રુવતત્ત્વ કહે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

એ જ પરિગ્રહ. હજી એ પરિગ્રહ છૂટે નહિ અને બાહ્યનો પરિગ્રહ છોડ્યો એમ કહેવું, મૂઢે માની લીધેલી વાત છે. સમજાણું કાંઈ? ત્યાં મિથ્યાભ્રાંતિ (છે). પુણ્ય અને પાપ, દેહાદિની ક્રિયા એ મારી છે, મારાથી થાય છે એવો જે ભાવ તે મિથ્યાત્વભાવ છે. એ અભ્યંતર પરિગ્રહ છે, એ અંતરનો પક્કડ અજ્ઞાનભાવનો છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વ પરિગ્રહ, વસ્તુસ્વરૂપ જોતા શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વની દૃષ્ટિ કરતા એ વસ્તુમાં એ મિથ્યાત્વ નથી. એવી વસ્તુની દૃષ્ટિ કરવી એ જ મિથ્યાત્વના પરિગ્રહના ત્યાગનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ જ્યાં દૃષ્ટિ ચૈતન્યમૂર્તિ શુદ્ધ દ્રવ્ય છે એમાં આ અનંતગુણો જ રહ્યા છે એવી અંતર તત્ત્વની દૃષ્ટિ કરતા આ મિથ્યાભ્રાંતિ તેની ઉત્પત્તિ થતી નથી, તેનું નામ મિથ્યાત્વના પરિગ્રહનો ત્યાગ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શેઠી! આ બરાબર છે કે નહિ? મિથ્યાત્વ એ પરિગ્રહ છે મોટો અભ્યંતર પરિગ્રહ. સમજાય છે? બહારથી બધું છોડીને બેસે, રાજ કુટુંબ છોડીને બેસે પણ અભ્યંતરમાં 'એ રાગનો વિકલ્પ તે મારું કર્તવ્ય અને મારું કામ કરે છે, મારા આત્માને લાભ (કરે છે)' એ મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ પરિગ્રહ મોટો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અભ્યંતર પરિગ્રહ છે અને મૂળ પરિગ્રહ એ છે. પક્કડ. પરિ-સમસ્ત પ્રકારે પકડવું. આમ ચિદાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને ન પકડતા આ વિકાર મારો અને એનાથી મારું કાર્ય થાય, એ જ મોટો પરિગ્રહ અને પક્કડ છે. કહો, પોપટભાઈ!

'**ચાર કષાય...**' તે અંતર પરિગ્રહ છે. ક્રોધ, માન એટલે દ્વેષ. માયા, લોભ એટલે રાગ. રાગના બે ભાગ—કપટ અને લોભ. દ્વેષના બે ભાગ—ક્રોધ અને માન. એ અંતરમાં વિકલ્પો જે ક્રોધ, માન, માયા એ પરિગ્રહ છે, અભ્યંતર પરિગ્રહ છે. સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આવ્યા હોયને વૈશાખ સુદ-૩ ઉજવવા. શું કહેવાય? પારણા.. પારણા વર્ષીતપના. આવું સાંભળે તો (લાગે) શું કહે છે આ? પોપટભાઈ! આહા..હા..! કહે છે, કાયાની ક્રિયા અને આહારનું છોડવું. આહાર એમાં થયો નહિ અને છોડવું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અહીં તો રાગ જે થયો આ છોડું કે મૂકું એવો વિકલ્પ, એ પણ અભ્યંતર સ્વરૂપમાં અંદર નથી. એનો પક્કડ કર્યો કે આ મારા એ જ અંદર મમતા અને પરિગ્રહ કહેવાય છે. એ પરિગ્રહ જીવસ્વરૂપમાં નથી. ધ્રુવસ્વરૂપમાં શુદ્ધભાવમાં, શુદ્ધ જીવાસ્તિકાયમાં, જ્ઞાયકભાવમાં એ વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

એ ચીજમાં દૃષ્ટિ દેવી એ માટે આ જીવની વાત કરે છે. બધેથી દૃષ્ટિ ઉઠાવી,.. હો એને કારણે, એને કાળે, દૃષ્ટિ ઉઠાવીને ચૈતન્યમૂર્તિ ભગવાનમાં દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે. સમજાણું કાંઈ? એ પરિગ્રહ મારો અને હું છોડું, મિથ્યા ભ્રમ છે કહે છે.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— વસ્તુ એ તો એમ જ છે. વસ્તુ દૂર નથી કાંઈ. પોતે જ છે પરમેશ્વર સાક્ષાત્ પરિગ્રહ વિનાનો. સમજાણું કાંઈ?

'**ચાર કષાય...**' પરિગ્રહ અભ્યંતર છે. '**નવ નોકષાય...**' સ્ત્રી, પુરુષ, નપુંસકવેદનો વિકાર અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા એ છ પ્રકાર તે નોકષાય એ અભ્યંતર પરિગ્રહ છે, વસ્તુના સ્વરૂપમાં નથી. પર્યાયના એક અંશમાં એ બધી વૃત્તિઓ છે. એક સમયમાં. ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ શુદ્ધ જીવદ્રવ્યસ્વભાવ એમાં એ નથી. જેમાં નથી એમાં દૃષ્ટિ દીધે તે

ઉત્પન્ન થતા નથી. એને પોતાના માની મિથ્યાદૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? 'એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.' લ્યો. થઈ ગયોને ચોવીશ. ચોવીશ પ્રકારનો પરિગ્રહ વસ્તુના સ્વરૂપમાં જ નથી. આત્મા નિર્ગ્રંથસ્વરૂપ જ છે એમ કહે છે. નિર્ગ્રંથ. ગ્રંથ નામ બાહ્ય અને અભ્યંતર બે ગ્રંથ એ વિનાનું એ તત્ત્વ જ એવું છે. આહા..હા..! એની દૃષ્ટિ કરતા, એમાં સ્થિર થતા નિર્ગ્રંથ પર્યાય પ્રગટ થાય છે. નિર્ગ્રંથપણું જે વીતરાગીપણું જે મુનિપણું જે છે એ નિર્ગ્રંથસ્વરૂપ આત્મા છે એમાં એકાકાર થતાં પ્રથમ દૃષ્ટિ પ્રગટ થાય પછી સ્થિર થતાં વર્તમાન પર્યાયમાં નિર્ગ્રંથદશા મુનિની પ્રગટ થાય એ પર્યાયમાં નિર્ગ્રંથતા થાય. નિર્ગ્રંથ આત્માને અવલંબે થાય છે. સમજાણું કાંઈ? લુગડાં-બુગડાં છોડી દે (એટલે) નિર્ગ્રંથતા થાય એમ નહિ એમ કહે છે. શેઠ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેમાં ગ્રંથ નામ અભ્યંતર અને બાહ્યપરિગ્રહનો જ જ્યાં ત્રિકાળ વસ્તુમાં અભાવ છે એવો જે સ્વભાવ, અભાવ છે એવો જે સ્વભાવ એ સ્વભાવ સ્વરૂપને અવલંબે દૃષ્ટિ પ્રગટે છે અને ઉગ્ર અવલંબે નિર્ગ્રંથતા પ્રગટે છે. સમજાણું કાંઈ? નિર્ગ્રંથ તત્ત્વને અવલંબે નિર્ગ્રંથતા પ્રગટે છે. ... છોડી દે અને કપડા-બપડા છૂટી ગયા એટલે નિર્ગ્રંથ થઈ ગયા— ના, કોણે કીધું નિર્ગ્રંથતા થાય એમાં? શેઠ! પણ આ પોતા કરતા તો સારા હોય કે નહિ? બાહ્ય તો છૂટા જ પડ્યા છે, ગરી ગયા છે અંદર? એક સમયમાં ક્યાં છે? આ વસ્ત્ર-પાત્ર, કપડા તો એક સમયમાત્ર પણ આત્મામાં નથી, એક સમયમાત્ર આત્મામાં નથી. એનામાં હોય તો આને છોડ્યું અને મૂક્યું એવો મિથ્યાત્વભાવ એના પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એવો મિથ્યાત્વભાવ તે પક્કડ તે અભ્યંતર મમત્વ છે. એનું સ્વરૂપ અભ્યંતર ચૈતન્યતત્ત્વની અંદરમાં નથી. ભારે વાત!

પોતે જ નિર્ગ્રંથ સ્વરૂપે ભગવાન છે આત્મા. કોઈ દિ' એણે વિકલ્પને સ્વભાવમાં એકત્વ કર્યો નથી. માન્યું છે અજ્ઞાનીએ. શું છે? શુકનચંદજી! અહીં શું કહે છે? નિર્ગ્રંથ કોને કહે છે? અહીં તો દ્રવ્યસ્વભાવને નિર્ગ્રંથ કહે છે, હોં! વસ્તુ પોતે પરમાત્મા અનંત વિજ્ઞાનઘનનું સ્વતત્ત્વ, સત્ત્વ એવો જે શુદ્ધ જીવાસ્તિ તત્ત્વ એ નિર્ગ્રંથ સ્વરૂપે છે. જો નિર્ગ્રંથ સ્વરૂપે છે તો એને આશ્રયે નિર્ગ્રંથતા વીતરાગતા મુનિપણાની દશા એને આશ્રયે પ્રગટ થાય છે. કોઈ પંચમહાવ્રતના પરિણામ આવ્યા એને આશ્રયે નિર્ગ્રંથતા પ્રગટ થાય (એમ નથી). ન્યાં રાગમાં ક્યાં નિર્ગ્રંથતા હતી? કપડા છોડી દીધા ... એમાં ક્યાં નિર્ગ્રંથતા હતી તો એને કારણે નિર્ગ્રંથતા પ્રગટ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! બાયડી, છોકરા છૂટીને એકલો નગ્ન ઊભો રહ્યો, પણ ઈ ક્યાં બાયડી, છોકરામાં તારી નિર્ગ્રંથતા હતી. સમજાણું કાંઈ?

જ્યાં નિર્ગ્રંથતા છે ત્યાં રાગ અને પરનો અભાવ ત્રિકાળ છે. એવા નિર્ગ્રંથભાવમાં અંતર એકાગ્ર થતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે નિર્ગ્રંથદશા પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? જેમાંથી હોય એમાંથી આવે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. જેમાં નથી તેમાંથી ક્યાંથી આવે?

શુભરાગ અને એના બહારના કપડા આદિ નિમિત્તમાં નિર્ગ્રંથપણું, મુનિપણું એમાં નથી કે છૂટ્યે મુનિપણું આવે. સમજાણું કાંઈ? અહીંયા અસ્તિતત્ત્વ ભગવાન આત્મા નિર્ગ્રંથસ્વરૂપે બિરાજમાન છે. સ્વભાવ નિર્ગ્રંથ, રાગનો જ્યાં અભાવ, શરીર, કપડા, વાસણનો અભાવ એવું જે સ્વરૂપ એનું અંતર લક્ષ, દૃષ્ટિ, ધ્યેય કરતાં, સ્થિર થતાં જે દશા પ્રગટ થાય એને પર્યાયની નિર્ગ્રંથતા કહે છે. વસ્તુની નિર્ગ્રંથતા ત્રિકાળ છે. સમજાણું કાંઈ? શુકનચંદજી! શું કરવું? કપડા છોડી દેવા કે શું કરવું? નિર્દોષ આહાર લેવો. એને માટે કરેલો હોય એવો આહાર ન લેવો, નિર્ગ્રંથ થતા થઈ જશે. શુદ્ધ આહારમાં જડમાં નિર્ગ્રંથતા પડી છે? ત્યાંથી આવે છે?

શ્રોતા :— તો શું અશુદ્ધ આહારમાં પડી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— અશુદ્ધ આહારમાં પણ નથી પડી. જડમાં ક્યાં નિર્ગ્રંથતા છે? એમાં તો રાગ પણ નથી. શેઠી! શું કરે પણ? મન શુદ્ધ, કાયા શુદ્ધ, વચન શુદ્ધ, આહાર શુદ્ધ બધું જૂઠું બોલવું પડે.

શ્રોતા :— એ તો પુદ્ગલ બોલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પુદ્ગલ બોલે? અંદર ભ્રમણા ગયા વિના ક્યાંથી બોલે ઈ? ભાવ વિના? આહાર શુદ્ધ, વચન શુદ્ધ, મન શુદ્ધ, કાય શુદ્ધ.

શ્રોતા :— નહિ બોલે તો ભૂખ્યા રહેશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભૂખ્યા કોણ રહે? અને કોણ ભૂખ્યા મરે? તમને ક્યાં પરની પડી છે. પણ જે ભાવથી બનાવ્યો એ ભાવમાં અશુદ્ધતા હતી. એમાં એ નિમિત્ત પડ્યો તો આહાર જ અશુદ્ધ છે એમ કહેવામાં આવે છે. ઠીક પણ શેઠિયા હવે શીખ્યા છે થોડું.

શ્રોતા :— ખોટો બચાવ કરો છો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— લ્યો, ખોટો બચાવ કરો છો (એમ કહે છે)! ભાઈ! પરપદાર્થમાં તો સદોષતા-નિર્દોષતા છે જ નહિ. સદોષતા દશામાં, નિર્દોષતા સ્વભાવમાં. સમજાય છે કાંઈ? એ સદોષતાનો ભાવ હોવા છતાં એને નિર્દોષપણે માનવો અને કહેવો એ જ દોષ છે.

શ્રોતા :— સમાજમાં રહેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમાજમાં રહેતો નથી ત્રણકાળમાં એમ કહે છે અહીં તો. અહીં તો કહે છેને, કપડામાં નથી, મકાનમાં નથી, દાસી દાસમાં નથી, બાયડી છોકરામાં નથી, દીકરા-દીકરીમાં નથી. બધું આવી ગયું. કહો!

શ્રોતા :— ભોજન કર્યા વિના ચાલ્યા જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ ભોજન કરે? ભોજન કરે કોણ અને છોડે કોણ? સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :— કઠણ માર્ગ છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કઠણ નથી. માર્ગ તો એવો જ છે પણ ... સાંભળવો પણ કઠણ પડે એવો છે. .... કઠણ છે નહિ, પણ માન્યતામાં વેગે ચડેલા જીવોને કઠણ લાગે છે. વસ્તુ જ એવી છે ત્યાં વળી કઠણ અને પોચી કહેવી કોને?

ભગવાન આત્મા જ્યાં ચોવીસ પ્રકારના પરિગ્રહથી રહિત જ છે એવી દૃષ્ટિ સ્વભાવની કર્યા વિના તેને સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાહ્ય અભ્યંતર પરિગ્રહ. દેખો! અને ભાવલિંગી મુનિ થાય એને તો બાહ્યનું નિમિત્તપણું પણ નથી અને અભ્યંતરમાં નૈમિત્તિક જે વિકાર છે એ પણ નથી. આ વસ્તુની વાત કરી. પણ જે ભાવલિંગી સંત થાય એને તો નિમિત્તમાં કપડા આદિ ન હોય અને એને એ પ્રત્યેનો વિકલ્પ જે છે એ પણ હોય નહિ. સમજાય છે કાંઈ? એ પહેલો એક બોલ કહ્યો, નિર્ગ્રંથનો.

આહા..હા..! વસ્તુ નિર્ગ્રંથ છે. વસ્તુ નિર્ગ્રંથ ન હોય તો કોઈ નિર્ગ્રંથ થઈ શકે નહિ. આહા..હા..! બાહ્ય-અભ્યંતર પરિગ્રહ છૂટવું એ નિર્ગ્રંથ છે એમ જ્યારે કહેવામાં આવે ત્યારે 'આ બાહ્ય છોડો એટલે અભ્યંતર છૂટી જશે.' શાસ્ત્રમાં એમ આવે કે તમે બાહ્ય પદાર્થ છોડો તો એને આશ્રયે થતો રાગ છૂટશે. તો એ છોડો એટલે ઈ છૂટશે. એ તો નિમિત્તનું લક્ષ છોડાવવા વાત કરી. સમજાણું કાંઈ? પરપદાર્થ અને વિકારને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે એથી 'દોષ છોડ' કહેતાં 'જેનું લક્ષ છે એને છોડ' એવું વ્યવહારથી કથન કરવામાં આવે છે. વસ્તુમાં તો એ છોડવું અને મૂકવું ગ્રહવું એ છે જ નહિ. ભારે કઠણ જગતને!

અહીં તો આ ફક્ત હજી તો સમ્યગ્દર્શનના વિષયમાં આવું નથી. ગ્રહણ-ત્યાગ જીવસ્વરૂપમાં છે જ નહિ. ભગવાન આત્મા પરદ્રવ્યને ગ્રહે કે છોડે કે રાગને ગ્રહે અને રાગને મૂકે એવું સ્વરૂપમાં છે જ નહિ. એ તો નિર્ગ્રંથ છે. છે જ એવો પછી એને રાગ છોડવું કે રાગ ગ્રહ્યો હતો એ વસ્તુમાં છે જ નહિ. ગ્રહ્યો છે એ તો છે જ નહિ. નથી ગ્રહ્યો પછી છોડવું ક્યાં રહ્યું એમાં? પણ નિર્ગ્રંથતત્ત્વ ભગવાન આત્મા એનો અંતર આશ્રય અને દૃષ્ટિ કરતા રાગની ઉત્પત્તિ જે થતી નથી તેને રાગ ત્યાગ્યો એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઈ એક બોલ કહ્યો **'णीरागो'**. **'णीरागो'** તો ત્યાં પણ આવ્યું હતું. **'णीरागो'** આવ્યું હતુંને. સમજાણું? ત્યાં એમ આવ્યું હતું, મિથ્યાત્વ આદિ .. નામના ચૌદ અભ્યંતર પરિગ્રહનો અભાવ હોવાથી એ નીરાગ છે. ચૌદ અભ્યંતર પરિગ્રહનો એમ કહ્યું હતું. અહીં ભાષા ટૂંકી કરી નાખી બીજી.

'સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતનકર્મના અભાવને લીધે નીરાગ છે;...' ભાષા જુઓ. ભગવાન આત્મા એક સમયનો શુદ્ધ પિંડ હીરો ચૈતન્યહીરો અનંત કિરણે પ્રકાશતો પ્રભુ. આહા..હા..! ચૈતન્યના અનંત રત્નાકર રત્નોથી પ્રકાશતો પ્રભુ મહા ચૈતન્યસાગર એવો જે ભગવાન આત્મા એ દૃષ્ટિ જેની કરવાથી, જ્ઞેય જેને બનાવવાથી એમાં સ્થિર થવાથી શ્રદ્ધા,

જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા સકળ મોહ-રાગ-દ્વેષસ્વરૂપ. પાછી ભાષા શું છે? ચેતનકર્મ. ભાવકર્મ કહેવું છેને. એ ચેતન અટકેલો જે વિકાર હતો એ સ્વભાવમાં નથી. ચેતનકર્મ કેમ કહ્યું? કે એ કર્મનું કાર્ય નથી, જડનું કાર્ય નથી એ. મોહ-રાગ-દ્વેષ પરિણામ કર્મના નથી. એ જ અટકેલો એનો ભાવકર્મ ભાવ છે. સમજાણું કાંઈ? શું કીધું? પોતે અટકેલો ભગવાન જ્ઞાયકમૂર્તિ સ્વભાવ ત્યાં રાગમાં રોકાઈ ગયો છે તેથી એને ચેતનકર્મ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? એ પર્યાયમાં, રાગમાં, દયામાં, દાનમાં, ભક્તિમાં, શુભ-અશુભભાવમાં મિથ્યાત્વભાવમાં એ એક સમયની દશા અટકેલી, અટકેલી, અટકેલી છે એના પર્યાયમાં છે એથી એને ચેતનકાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવું ચૈતન્યનું વિકારી કાર્ય એના અભાવને લીધે નીરાગ છે. કોણ નીરાગ છે? આત્મા. જીવ અધિકાર ચાલે છે શુદ્ધભાવ. જે શુદ્ધભાવ ધરનારો તે શુદ્ધ જીવાસ્તિકાય. એ બેય આધેયઆધાર ભેદ નહિ એ જીવ તે શુદ્ધ જીવાસ્તિકાય. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભાષા એવી કરી, જોયું? '**णीरागो**' ઓલામાં એ કહ્યું હતું, ચૌદ પ્રકારનો પરિગ્રહ કહ્યો હતો. '**णीरागो**' સમજાણું? આ ટૂંકામાં કરી નાખ્યું. મોહ નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં ઓલા બધા બોલ (નાખી દીધા). અનંતાનુબંધી શેમાં આવતું હશે? ચારિત્રમોહમાં આવતું હશે કે દર્શનમોહમાં? ચારિત્રમોહની પ્રકૃતિ કેટલી હશે? ચારિત્રમોહની પચ્ચીશ અને દર્શનમોહનીની ત્રણ. આવે છે કે નહિ? તો ચારિત્રમોહનો જેટલો અભાવ થાય એટલું ચારિત્ર થાય કે નહિ? તો એમ કહેવું જોઈએ કે સંજ્વલનનો કષાય મટે ત્યારે ચારિત્ર થાય. તો એક જ ચારિત્રની પ્રકૃતિ છે. સંજ્વનની પ્રકૃતિ તેને ચારિત્રમોહની પ્રકૃતિ કહીએ એમ કહેવું જોઈએ. પચ્ચીશ પ્રકૃતિ છેને ચારિત્રમોહની. ભલે પછી કહ્યું છે અનંતાનુબંધીને દર્શનમાં પણ નાખ્યું છે. દ્વિ સ્વભાવ લીધો છેને, બે સ્વભાવ. મિથ્યાત્વમાં પણ એને મદદ છે અને સ્વરૂપાચરણમાં પણ ... પણ પ્રકૃતિ જ જ્યાં પચ્ચીશ લીધી ત્યાં ચારિત્રમોહની છે અને આ દર્શનમોહ છે. દર્શનમોહના અભાવથી સમ્યગ્દર્શન છે. એ સ્વભાવ અભાવથી કહેવો એ નિમિત્ત છે. સ્વભાવનો આશ્રય લીધો અને પ્રગટ થયું એ દર્શનમોહનો અભાવ એ સમ્યગ્દર્શન. અને જેટલો અનંતાનુબંધીનો અભાવ (થઈને) સ્થિરતા થઈ એનું નામ સ્વરૂપચારિત્ર છે.

શ્રોતા :— ગોમ્મટસારમાં લખ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— શું ગોમ્મટસારમાં લખ્યું છે? સમજાણું કાંઈ? આહા..! આવામાં પણ તકરાર.. તકરાર. નહિ, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણચારિત્ર ન હોય. ત્યારે આ અનંતાનુબંધી ચારિત્રમોહની પ્રકૃતિ એટલી ટળે ત્યારે શું થાય આત્મામાં? એ... શુકનચંદજી!

શ્રોતા :— સ્થિરતા થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ સ્થિરતા એ સ્વરૂપાચરણ. આહા..! એવું લખાણ આવે છે કે નહિ, ચોથે સ્વરૂપાચરણ ચારિત્ર નહિ. કોઈ દિગંબર આચાર્યએ એવું કહ્યું નથી. અરે..!

ભગવાન! આવી ક્યાંથી વાત કાઢી તેં? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સીધી વાત છે કે નહિ? છવ્વીસ પ્રકૃતિ છે અનાદિની. એક દર્શનમોહનીની અને પચ્ચીશ ચારિત્રમોહનીની અનાદિની. અને આમ ભાગ પાડો તો ત્રણ દર્શનમોહનીની અને પચ્ચીશ ચારિત્રમોહનીની, (એમ) અઠ્યાવીશ પ્રકૃતિ કીધી. હવે અઠ્યાવીશમાં અનંતાનુબંધી ચારિત્રમોહમાં આવ્યું. હવે એ જ્યારે છે તો ખરી પ્રકૃતિ. હવે એના પરિણામ પણ એને (છે). અહીં પરિણામની વાત લીધી છે. નિમિત્તના લક્ષે થયેલા પરિણામ ચારિત્રદોષના અને મિથ્યાદોષના, બે લીધુંને ભાઈ? મોહ એટલે મિથ્યાદોષ, રાગ-દ્વેષ એટલે ચારિત્રદોષ. એનું જે ચૈતન્યકર્મ, એ ચૈતન્યનું કાર્ય. એ દ્રવ્યસ્વભાવમાં નથી. તો દ્રવ્યસ્વભાવમાં નથી અને જેટલો આશ્રય લીધો એટલું જે સમ્યગ્દર્શન પ્રગટ્યું એમાં સાથે સ્થિરતા પ્રગટી એને કોઈ ભાગ લેવો પડશે કે નહિ કે આ ચારિત્રને શું કેવું? સ્વરૂપાચરણચારિત્ર. .... વળી આવશે એટલે. એ તો સમકિતના આચાર તો અંદરમાં સમ્યગ્દર્શનની અપેક્ષા લઈને (કહ્યા). પણ આ અનંતાનુબંધીનો અભાવ થાય... અંદરમાં નથી અને જ્યાં અનંતાનુબંધીની પર્યાય અહીં છે પર્યાયમાં, વસ્તુમાં નથી, એમ સ્થિર થતા અનંતાનુબંધી ગઈ ત્યારે થયું શું આમાં? સમ્યક્ અને સ્વરૂપચારિત્ર બે થયા. સમજાણું કે નહિ આમાં?

'**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતનકર્મના...**' જોયું? કર્મ એટલે કાર્ય. એના અભાવને લીધે ભગવાન આત્મા ત્રિકાળ નીરાગ છે. છે કે નહિ? ક્યાં છે? ગુજરાતી નથી, હિન્દી લીધું છે? ગુજરાતી ન્યાં ક્યાંથી આવ્યું? અહીં ૯૫ પાનું ચાલે છે અને તમારે આની કોર પાનું ક્યાંથી આવ્યું? હિન્દી છેને? પાનું ફેર કેમ છે? કારણ કે અહીં વંચાય છે અહીં, ન્યાં લ્યે છે આની કોર. કહો, સમજાણું આમાં? પાનું ફરી જાય છેને અનાદિનું! અહીં કહે છે, સાંભળને ભાઈ! મોટો પ્રભુ પડ્યો છેને આખો. નીરાગ થવાનું કારણ એવો ચૈતન્ય ભગવાન જ નીરાગ થવાનું કારણ છે. કેમકે પોતે જ નીરાગસ્વરૂપ છે. સમજાણું કાંઈ? નીરાગ થવા માટે રાગ ઘટાડું એ લક્ષ છે જ નહિ એનામાં. વસ્તુમાં નથી. શુદ્ધજીવમાં એ ચેતનકર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? એ ઘટાડવા માટે રાગ ઉપર લક્ષ કરીને ઘટે એ વસ્તુમાં છે જ નહિ. ઘટાડો ભાઈ આ રાગને. શું ધૂળ ઘટાડે? જેમાં નથી તેમાં દૃષ્ટિ આપ્યે, એકાગ્ર થયે તે પર્યાયમાં ઉત્પન્ન થતા નથી, એવો જે દ્રવ્યસ્વભાવ તેને નીરાગ સ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સત્‌ની ખબર ન મળે, એની શ્રદ્ધાની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે, શું ત્યાગ, શું અત્યાગ, એમને એમ હાલી નીકળ્યા. સમજાણું કાંઈ?

હવે '**णिस्सल्लो**' દેખો! '**નિદાન, માયા અને મિથ્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે;...**' શું કહે છે? ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ સત્ ચિદ્ આનંદ ધ્રુવસ્વરૂપ, શુદ્ધભાવ, શુદ્ધ જીવાસ્તિકાય સ્વતત્ત્વ એ નિઃશલ્યસ્વરૂપે જ છે. વસ્તુ સ્વભાવ નિઃશલ્યસ્વરૂપે છે. નિદાન નથી જેમાં. નિદાન કરે છેને? આ કરીએ તો કાંઈક મળે.

સ્વર્ગ મળે, આ મળે. ક્યાં હતું એમાં તો મળે? માયા-કપટ, મિથ્યાભ્રાંતિ એમાં નથી. '**ત્રણ શલ્યોના અભાવને લીધે...**' વસ્તુ જીવાસ્તિકાય ધ્રુવસ્વભાવ પરમાનંદની મૂર્તિ જેના અવલંબે નિઃશલ્ય દશા પ્રગટ થાય તે વસ્તુ નિઃશલ્ય છે. સમજાણું કાંઈ? નિઃશલ્યોવ્રતી. એવું આવે છે. આવે છેને? તત્ત્વાર્થસૂત્ર. વ્રતી હોય એ નિઃશલ્ય હોય. પાંચમે ગુણસ્થાને કે છઠ્ઠે ગુણસ્થાને જે વ્રતધારી હોય એ નિઃશલ્ય હોય. નિઃશલ્ય વિના વ્રતી હોઈ શકે નહિ.

શ્રોતા :— ક્યા કારણે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ મિથ્યાદર્શન અને માયાના શલ્યને કારણે. જ્યાં આગળ મિથ્યાશલ્ય છે ત્યાં 'પુણ્યથી લાભ છે, ક્રિયાથી લાભ છે' એવું મિત્યાત્વ શલ્ય છે ત્યાં વ્રત હોઈ શકે નહિ. નિઃશલ્યોવ્રતી એવો પાઠ ઉમાસ્વામી તત્ત્વાર્થસૂત્રમાં કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— હજી ખુલાસો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હજી ખુલાસો? સારુ ભાઈ! ઠીક, ડોસા પણ કામ ધીમું ધીમું કરે છે હળવે હળવે. એ નિઃશલ્યોવ્રતી આવે છેને? શેઠી! નહિ તત્ત્વાર્થસૂત્રમાં? દસ દિવસમાં આવે. તો કહે છે કે ભાઈ! આ જે નિઃશલ્ય છે એ છે તો વસ્તુ. જેમ પહેલી નિર્ગ્રંથ કીધી એ વસ્તુ ભગવાન ચૈતન્યજ્યોત અનંતઆનંદનું ધામ એકલી દ્રવ્ય વસ્તુ એને જીવ કહીએ. એ જીવમાં ત્રણ શલ્યોનો અભાવ ત્રિકાળ છે. હવે જ્યારે એને વ્રતની દશા પ્રગટ થાય પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની ત્યારે તેને નિઃશલ્યો આત્મા જે છે એનો આશ્રય કરવાથી સ્થિર થાય ત્યારે એને મિથ્યાશલ્ય, માયાશલ્ય પર્યાયમાં હોય નહિ. મિથ્યાશલ્ય પર્યાયમાં હોય નહિ, માયાશલ્ય હોય નહિ, નિદાનશલ્ય હોય નહિ. ત્યારે નિઃશલ્યને આશ્રયે એને વ્રતની દશા, ચારિત્રની દશા પ્રગટ થાય છે. પણ જેને મિથ્યાશલ્ય પડ્યું છે અને એને વ્રત અને ચારિત્ર આવે (એમ) ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? સમજાય છે? હિન્દી આવી જાય છે થોડું પાછું.

નિદાન, માયા, મિથ્યાત્વ—ત્રણ રહિત ભગવાન પ્રભુ બિરાજમાન ચૈતન્ય છે. એ પરમેશ્વરનો ભેટો કરવો હોય તો પરમેશ્વરમાં કહે છે આ ત્રણ શલ્ય નથી. ઈ આ પરમેશ્વર હોં પોતાનો. પણ એ શલ્યરહિત થાય તો મળે. કેમકે એ શલ્યરહિત વસ્તુ છે. સમજાણું કાંઈ? ઓલી તો વિશેષ સ્થિરતાની વાત કહી કે જેને ચારિત્રદશા પ્રગટ થાય પંચમ ગુણસ્થાનનું ચારિત્ર, છઠ્ઠા ગુણસ્થાનનું ચારિત્ર એને તેની પર્યાયમાં મિથ્યા, માયા અને નિદાન શલ્યનો નાશ હોય તો તે થાય, નહિતર થાય નહિ. પર્યાયમાં, દ્રવ્યમાં તો છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ પણ આકરી વાત લાગે માણસને. કોઈ દિ' અભ્યાસ નહિ અને એને દરકાર નહિ.

અરે..! આવા કાળાકેરના કાળ ગયા માથે, ચોર્યાશીના અવતાર એમાંથી આવ્યો આ અવતાર, હવે આમાંથી ક્યાં જઈશ? એના પત્તાનો વિચાર પણ નથી એને. સમજાણું કાંઈ? મારું શું

થશે? આ જુઓને અત્યારે આ કોરના ઢગલા (થાય છે). આહા..! કચ્ચરઘાણ કચ્ચરઘાણ સવારથી સાંજ સુધી ઘાણી પીલાય છે. આવા કોર તો હમણાં થયા નથી હોં! સામું જોવું નથી. અહીં સામું જોવું નથી કે હું કોણ છું? પછી આવા અવતાર થાય. ઢોરની ખુરીને નીચે પકડાઈને મરી ગયા અનંતા. ન્યાં એને કહે કે તું ઢોર મને મારી નાખે છે? ન્યાં સામો પડતો હશે? તું ઢોર છોને. તને તો રોટલા પણ માંડ માંડ ઘાસના મળે છે, આને દાણા પણ મળતા નથી. આહા..! કચ્ચરઘાણ! આમ જુઓ તો ઢગલા, આમ જુઓ તો ઢગલા! એવા અવતારમાં અનંતવાર અવતાર મિથ્યાશલ્યને લઈને કર્યા છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ તો ઘટાડ્યા, મંદ કર્યા મંદ, પણ અભિપ્રાયમાં રાગ કરવા જેવો છે એમ માન્યું એટલે અભિપ્રાયમાં તો અનંતો રાગ અને કષાય પડ્યો છે. આહા..હા..! આ તો બધું ઊડાડી દે છે.

આ વ્રત ને ક્રિયાઓ બિચારા કરે છે, અપવાસ-બપવાસ કરે છે. પણ કરતો હતો કે દિ'? ધૂળમાં? મિથ્યાત્વભાવને કરે છે ઈ. અરે..! આ બાયડી બિચારી વર્ષીતપ કરે, આ બધા કાંઈક બિચારા દાન, દયા, વ્રત પાળે, આ ફલાણું કરે, સામાયિક કરે, પોષા કરે ઈ કહે છે કે ધર્મ નહિ, ધર્મ નહિ. ભગવાન પાસે જા. આહા..! પ્રભુ! એ ક્યાં તારી ક્રિયા ધર્મ હતી? અને કરે એને પણ કે દિ' ધર્મ હતો? અને તું પ્રરૂપણા કર કે એમાં ધર્મ છે. તું મિથ્યાદષ્ટિ મૂઢ છો. સમજાણું કાંઈ? રાગ કરે કે કરાવે કે કરતો હોય એને ઠીક માને એ તો આત્માનું અહિત એવા મિથ્યાત્વભાવને સેવે છે. ઈષ્ટોપદેશમાં ઈ આવે છે કે નહિ? એવી પ્રરૂપણા કરે, માને એ ઈષ્ટ ઉપદેશ નથી, એ અનિષ્ટ ઉપદેશ-અહિતકર ઉપદેશ છે. સમજાણું કાંઈ?

કહે છે, નિદાન, માયા, મિથ્યા—ત્રણ શલ્યનો અભાવ. જેની વૃત્તિમાં આત્માના આશ્રયે લાભ થાય એવી દષ્ટિ નથી અને રાગ ને કષાયની મંદતા ને નિમિત્તની અનુકૂળતા અને આહાર-પાણીની નિર્દોષતા એનાથી મારા પરિણામ સુધરશે, એવું જેના મિથ્યાશલ્યમાં ભાવમાં પડ્યું છે એવા મિથ્યાદષ્ટિના શલ્યવાળાને વ્રત, ચારિત્ર હોતા નથી. સમજાણું કાંઈ? એવાઓને વ્રત ને ચારિત્ર માનનાર એને પણ મિથ્યાદષ્ટિનું પોષણ થાય છે.

શ્રોતા :— એના મનમાં પણ ન આવે કે અશુદ્ધ આહાર લવ!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એવો વિકલ્પ નથી આવતો કે આ મારા માટે બનાવ્યું છે ઈ ખબર છે. હજી લાંબુ થાય તો પાછા તમે આવી જશો ભેગા એમાં. કાલે જ કહ્યું છેને પાછું, પરમ દિ'. સમજાણું કાંઈ? એને ખાસ ઉદ્દેશીને સવારે સાતથી બાર (વાગ્યા) સુધી બધું બનાવે આ પાણી ને આ ટાઢા ને આ ઊના. લુગડુ-બુગડુ બાંધે આમ. આહાર શુદ્ધ, વચન શુદ્ધ, બધું શુદ્ધ. બધો દોષ. એને માટે બનાવ્યો એમાં શુદ્ધ ક્યાંથી આવ્યો? શેઠ! એમ કહેતા હતા. બધાને માટે બનાવ્યું છે. બધામાં ઈ ભેગો આવ્યો કે નહિ? બધાને માટે,

તો ખાવાવાળા માટે બનાવ્યું. ખાવાવાળા ચાર હતા અને બનાવ્યું દસનું. શેઠ! આકરું છે. અમે તો બહુ અનુભવ્યું છેને ઈ.

અમારા ગુરુ હતાને ગુરુ, એ તો પાંચ-સાત ઘર હોય કોઈ ગામડામાં, તો અમે તો ચાર ગાઉનો વિહાર કરીને ચાલીએ. ગામમાં ન જઈએ પહેલા. ગામમાં જઈએ નહિ. બહાર બેસીએ. રસ્તા ઉપર ન બેસીએ. રસ્તામાં કોઈ દેખે ત્યાં ન બેસીએ. અંદર નેરુ હોયને નેરુ વેળુનો, આઘા જઈને બેસીએ. ટાણું થાય નવ, સાડા નવ જ્યારે, એ લોકો ગામમાં દાળ, ભાત થઈ ગયા હોય, લોટ બાંધી દીધો હોય પછી અંદર ગરીએ. એટલે જઈને તરત ન્યાં પકડીએ. શું તૈયાર છે? લાવો. એક પાણી પણ આટલું ન નાખી શકે. એવો આહાર, અમારી લાઈન એવી હતી હીરાજી મહારાજની. બીજો આવું સાંભળે શેઠિયા જેવું અત્યારે કરે તો.. અર..ર..ર..! આ તો બધા ભ્રષ્ટ થઈ ગયા. એ તો પહેલેથી એવી પ્રરૂપણા કરે જાઈએ ત્યાં ભાઈ, પહેલેથી. સાધુ માટે કરીને આપશે તે ગર્ભમાં ગળાશે. એવું કહે.

અમારે એમ થયું હતું. કળાવડ ગયા, ભાવનગર. રાડ નાખે. ભાવનગરવાળાએ કોઈ દિ' જોયું ન હોય. અને અમારી એ વખતની આહાર લેવાની ગોચરી, પચ્ચીશ-પચ્ચીશ, ત્રીસ ઘર થાય ત્યારે માંડ માંડ પૂરું થાય. આ તો અમને ઓળખે કે આપણા ઉમરાળાના આપણા મહારાજ છે, ભાઈ! ધ્યાન રાખજો એમ કહે. નહિ લ્યે. ઈ કડક સાધુ છે. રાડ નાખે ગામમાં. ત્રણસો-સવા ત્રણસો. પછી તો છપાવ્યું એણે, મહારાજ માટે કરીને આપશે તો ગર્ભમાં ગળાશે. જુઓ આ વાત. આ ૧૯૭૭ની સાલની વાત છે. ભાવગનર પહેલાં ગયેલા.

શ્રોતા :— આ તો ગૃહસ્થોની કમજોરી છે. પહેલાં મહારાજ માટે આહાર બનતો ન હતો, હવે બને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બસ, થઈ રહ્યું ત્યારે. બેયને મિથ્યાદષ્ટિપણું છે. એને ખબર છે કે મારી માટે બનાવે છે અને લેવું, નિર્દોષપણે માનવું એ દષ્ટિ મિથ્યાત્વ છે. અને દેનાર કહે કે બનાવ્યું છે અને એને દેવું એ મિથ્યાદષ્ટિનું સેવન કરે છે. પછી બહુ લાંબુ ચાલ્યું જશે ઉતરવામાં. કહો, સમજાણું કાંઈ? એટલે બહુ લાંબુ ન કર્યું. આ તો થોડું કહેવાય એટલું (કહ્યું).

મિથ્યાત્વશલ્યના અભાવ માટે આત્મા નિશલ્ય છે. સમજાય છે કાંઈ? આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આમાં કાંઈ કોઈ લપછપ, ગપસપ ચાલે નહિ. આહા..હા..! એ.. ભગવાનભાઈ! હવે શું આવ્યું? '**सयलदोसणिम्मुक्को**' છેને? ઓલામાં નિર્દોષ હતો, નિર્દોષ શબ્દ હતો, એકલો હતો. અહીંયા સર્વદોષવિમુક્ત. કેવો છે આત્મા? આ આત્મા કેવો છે? શુદ્ધ ભગવાન જેની દષ્ટિ થતા, જેને જ્ઞેય કરતા જ્ઞાન સમ્યક્ થાય? બીજાને જ્ઞેય બનાવતા, બીજાનું લક્ષ કરતા સમ્યગ્દર્શન, જ્ઞાન થાય નહિ ત્રણકાળમાં. જેને ધ્યેય કરીને ઠરતા ચારિત્ર થાય. બીજાને લક્ષ કરીને છોડતા ચારિત્ર થાય એ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? એવો જે ભગવાન

આત્મા '**શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને...**' જુઓ, પાછું નાખ્યું. પહેલું કહ્યું હતુંને, શુદ્ધ જીવાસ્તિકાય. '**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે...**' નોકર્મ ભેગું નાખ્યું '**સર્વદોષવિમુક્ત છે;...**' ભગવાન સર્વદોષ (રહિત છે). શરીર અને નોકર્મ એટલે આહાર. શરીર, સમજાય છે? ઈ નોકર્મ, આહાર નોકર્મ, પુણ્ય-પાપનો ભાવ ભાવકર્મ, જડકર્મ દ્રવ્ય. એનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો તો અભાવ છે. આહાર લેવો એવી વસ્તુ જ આત્મામાં નથી. સમજાય છે કાંઈ? વિકલ્પ એ દુઃખ છે. નિર્દોષ લેવાની વૃત્તિ એ પણ સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ આ!

ભાઈ! આ શરણું લીધા વિના ત્રણકાળમાં ઉદ્ધાર ને નિસ્તાર નથી. સમજાય છે? ભગવાન શુદ્ધ નિશ્ચયથી જોઈએ આત્મા, જેને જોવાથી, જેને માનવાથી, જેમાં એકાગ્ર થવાથી મોક્ષનો માર્ગ પ્રગટે એવો ભગવાન એમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ છે નહિ. આહા..હા..! આ વાત એણે અંતરમાં જરી વિચારીને મનન કરવું જોઈએ. એમને એમ માનવું, એમને એમ ચાલ્યું જાય એમ ન જોઈએ.

આખી ચીજ છેને મોટી. વસ્તુસ્વરૂપ જ જ્યાં અનાદિ-અનંત ભાવ, વિકલ્પો, દ્રવ્યકર્મો જડ અને નોકર્મ વાણી અને આહાર આદિ બધી ચીજો એમાં તો એનો અભાવ છે વસ્તુમાં. એવી ચીજનું અવલંબન લેતા જે દશા પ્રગટે એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. વચમાં જરી વિકલ્પ આવે ઈ એને લક્ષે પ્રગટ્યો નથી. ફક્ત વ્યવહાર એ પરલક્ષે પ્રગટે છે. સમજાય છે કાંઈ? નિર્દોષ આહાર લેવાની વૃત્તિ આદિ પરલક્ષે પ્રગટે છે. પરલક્ષે પ્રગટેલી વસ્તુ બંધનું કારણ છે, વસ્તુમાં એ નથી અને એની પર્યાયમાં એ લાભનું કારણ નથી, પણ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

નિષ્કામ છે ભગવાન. પોતે નિષ્કામ છે. સ્વભાવની પરિપૂર્ણતાથી ભરેલો ભગવાન એને શી કામના? કામ વિનાની ચીજ એને શું કામના? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદના રસબોળ તત્ત્વથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! શું કહે છે આ તે! મૂળ તો આત્મા અરૂપી ખરોને, એટલે અરૂપી એટલે જાણે કાંઈ નહિ. આહા..હા..! પણ અરૂપી એટલે કે અરૂપી એટલે જ સર્વસ્વ અહીં તો આત્મા. દળ છેને, અસંખ્યપ્રદેશી ચૈતન્યદળ છે, ભાઈ! આખો આત્મા દેહ પ્રમાણે જ્ઞાનાનંદથી ઘોળાયેલું આખું તત્ત્વનું બિંબ આખો પ્રભુ છે. એ શીતળ શીલા ભગવાન આત્મા રજકણથી પાર અંદર પડેલું તત્ત્વ જેને શરીર, કર્મ (સાથે) કાંઈ સંબંધ નથી. એકક્ષેત્રાવગાહ રહેવું એમ પણ કહેવું એ નિમિત્ત-નૈમિત્તિકનો વ્યવહાર છે. પોતે પોતાના શુદ્ધ સ્વક્ષેત્રમાં અનંતગુણના ધામરૂપે ભગવાન પોતે બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'સર્વજ્ઞ સ્વામિ સાંભળો.' હે નાથ! તારી કહેલી વાત તો આ છે. દાસ પછી ભક્તને

સંભળાવે. 'સર્વજ્ઞ સ્વામિ સાંભળો...' હે સર્વજ્ઞ નાથ! આપે કહેલી વાત અમે સમજ્યા છીએ, કહીએ છીએ આપ સાંભળો. કહો, સમજાણું આમાં? આહા..હા..! કહે છે, ભગવાન આત્મા સર્વદોષવિમુક્ત છે. બસ! વિમુક્ત હોય તો પછી એને દોષ ટાળવાનું રહ્યું ક્યાં? ઈ ટાળવો પણ નથી ખરેખર તો. સર્વદોષવિમુક્ત ભગવાન આત્મા છે તેમાં એકાગ્ર થાય એટલે દોષની ઉત્પત્તિ ન થાય, તેને ટાળ્યો એમ કહેવામાં આવે છે. ભગવાન આત્મા દોષના ત્યાગનો કર્તા પરમાર્થે આત્મામાં છે જ નહિ. ત્યાગનો કર્તા ન હોં! પહેલા આવી ગયું છે સમયસારમાં. દોષના ત્યાગનો કર્તા આત્મા પરમાર્થે સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

નિષ્કામ છે. '**નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...**' શું કહે છે? જેને 'ભગવાનને મળું, બહારના પરમેશ્વરને મળું' એવી તો ઈચ્છા નથી, પણ 'નિજપરમતત્ત્વને પ્રાપ્ત કરું' એવી ઈચ્છા એમાં નથી. સમજાણું કાંઈ? નિજસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એને પ્રાપ્ત કરું એવી વિકલ્પની વૃત્તિઓની ઈચ્છાનો જેમાં અભાવ છે. ઓહો..હો..! પરમાત્માને મળવું અને મોક્ષની ઈચ્છા એ જુદું, આ તો હવે નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ. રુચિ એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ. ઈચ્છા ક્યાં થઈ એમાં? વસ્તુમાં ક્યાં ઈચ્છા છે? રુચિમાં ક્યાં ઈચ્છા છે? એ તો અંતર્મુખમાં નિષ્કામ વસ્તુ છે. અહીં તો પરમતત્ત્વ કહ્યું છે. સાંભળો!

પરમેશ્વરને મોક્ષતત્ત્વ નહિ, સંવર, નિર્જરા નથી. અહીંયા તો શુદ્ધ નિશ્ચયથી નિજપરમતત્ત્વ, 'ભગવાન નિજસ્વરૂપ એની હું પ્રાપ્તિ કરું' એવી ઈચ્છાનો જેમાં ત્રિકાળ અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુમાં 'હું મને મળું' એવી ઈચ્છા હોય? સૂર્ય સૂર્યને મળે એવી ભાવના હશે? ઈચ્છા હોય? સૂર્ય કહે, હું મારા પ્રકાશને મળું, લાવો. શેઠ! સૂર્યને એવી ઈચ્છા છે કે હું અંધકારનો નાશ કરું? એમ ભગવાન ચૈતન્યસૂર્ય જેને નિજસ્વરૂપને મળું, મળવું એટલે શું પણ? ચૈતન્યમૂર્તિ પ્રકાશ જ છે એમાં વળી 'મળું મને' એવી ઈચ્છા ક્યાં હતી એમાં. આહા..હા..! રંગરોજ કરી નાખ્યો છેને, જુઓને! નિષ્કામ ભગવાન આત્મા નિષ્કામ છે, વસ્તુ નિષ્કામ છે. એ નિષ્કામને આશ્રયે પર્યાય નિષ્કામ પ્રગટ થાય છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧૨, રવિવાર, તા. ૧૭-૦૪-૧૯૬૬,
ગાથા-૪૪ થી ૪૬, શ્લોક-૬૯, પ્રવચન નં. ૫૩

શુદ્ધ જીવસ્વરૂપ. એનો અર્થ થયો કે પર્યાયમાં મલિનતા અને અશુદ્ધતા છે. સમજાણું? શુદ્ધ જીવસ્વરૂપ કહેતા એની પર્યાયમાં અવસ્થામાં અશુદ્ધતા સંસાર છે. વસ્તુનું ત્રિકાળી સ્વરૂપ છે એ ધ્રુવ ચૈતન્ય મહારત્ન એમાં એ અશુદ્ધતા નથી. એવો જે શુદ્ધ ધ્રુવસ્વભાવ તે સમ્યગ્દર્શનનું

કારણ છે. સમજાણું? સમ્યગ્દર્શનનું ધ્યેય એ છે. મહા પરમાત્મસ્વરૂપ શુદ્ધ જેમાં સંસાર, રાગાદિ કાંઈ નથી. એવી ચીજની અંતરમાં દૃષ્ટિ કરવી એનું નામ મોક્ષનો માર્ગ છે. આ નિયમસાર કહે છેને. અહીં આવ્યું છે આપણે જુઓ, નિષ્કામ સુધી આવ્યું છે.

જેને.. કામ સાથે ઓલો ક્રોધ નાખ્યો છે. નિષ્કામ અને નિઃક્રોધ. છેને સામે બેય? '**શુદ્ધ નિશ્ચયનયથી નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...**' વસ્તુ શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યબિંબ જેને પોતાનું તત્ત્વ પામવાની પણ ઈચ્છા નથી, એવી ઈચ્છા એના સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું? '**નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...**' નિજતત્ત્વની વાંછા શું? છે એની વાંછા શું? સૂર્ય સૂર્યની વાંછા કરે? શેઠી!

શ્રોતા :— આ રૂપિયાની વાંછા તો સૌ કરે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ ધૂળની ઈચ્છા એને ક્યાં છે? આ હોવાપણું એ ચીજ એવી છે કે એની વાંછા જ જેમાં નથી. સમજાણું કાંઈ? આ તો બધી ધૂળની ને બહારની ઈચ્છા કરે એ તો પાપ છે. આ તો જ્ઞાયક ચૈતન્યતત્ત્વ એક સમયમાં પરમતત્ત્વ મહાન, એકલો ચૈતન્યરતન એ અંતર દૃષ્ટિમાં જણાય એવું, બીજે કોઈ કારણે જણાય નહિ, એવું નિષ્કામ છે. તેથી એને ક્રોધ પણ નથી.

'**નિશ્ચયનયથી...**' શુભ-અશુભ, '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિ...**' જુઓ, વિકારની પરિણતિ એ પરદ્રવ્યપરિણતિ કીધી. સમજાણું? શુભ અને અશુભરાગ, શુભાશુભ (રાગ)...

શ્રોતા :— શુભથી તો સંવર થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ ક્યાં? આખી વાત જ નથી. ઉંધું માર્યું છે. શું કરે? શુભરાગ સાથે આત્મા એક છે જ નહિ. અંધકાર અને સૂર્ય બેય એક છે નહિ ત્રણકાળમાં. શું થાય? કાળને કંઈ... એવા જીવને એ કાળે શું થાય એમાં? કોઈ કોઈને કરી દ્યે એવું છે? અને ઈ કોઈથી કરી દ્યે એવી ચીજ નથી. કેમકે સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત ચૈતન્યરત્ન છે એ કોઈથી મળે અને કોઈથી પ્રાપ્ત થાય એવું એના સ્વરૂપમાં જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ શુભ કે અશુભ, પ્રશસ્ત-અપ્રશસ્ત બધી પરદ્રવ્યની પરિણતિ, વિકારી વિકલ્પો એનો અભાવ હોવાથી '**નિઃક્રોધ છે,...**' એમાં વિરોધનો ભાવ એ ક્રોધ છે. એનાથી રહિત તે નિઃક્રોધ છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભ બેય. શુભની રુચિ એ સ્વભાવની અરુચિ ક્રોધ છે મિથ્યાત્વ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચિદ્ઘન આનંદકંદ એની રુચિ છોડીને રાગની, શુભની રુચિ એને આત્મા પ્રત્યે દ્વેષ અને ક્રોધ છે. સમજાણું કાંઈ? શશીભાઈ! જ્યાં વસ્તુ જ વિરોધ છે, સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે એની રુચિનો અર્થ કે વિરુદ્ધ ભાવનો પ્રેમ છે, આ સ્વભાવનો તેને દ્વેષ છે. સમજાણું કાંઈ? એથી તેનામાં દ્વેષનો ભાગ જે ક્રોધ એ સ્વરૂપમાં છે જ નહિ. શું માનતા હશે આમાં? કઈ રીતે બેસાડતા હશે? ખબર પડતી

નથી. શુભ-અશુભ, પ્રશસ્ત-અપ્રશસ્ત દ્રવ્યનો અભાવ હોવાથી તે નિઃક્રોધ છે.

શ્રોતા :— બે નય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— બે નય છે એટલે શું? વ્યવહારનય છે એટલે એક જાણવા માટે ચીજ છે. વ્યવહારનયનો વિષય વિકલ્પાદિ છે એનાથી તો ત્રણકાળમાં આત્મા એક થયો નથી. સમજાણું કાંઈ? ધીરૂભાઈ! આહા..હા..! અંધકાર અને સૂર્ય બે ક્યે દિ' એકઠા હશે? એમ ચૈતન્યસૂર્ય ભગવાન એની સામે પુણ્ય-પાપનો વિકલ્પ એ અંધકાર છે. જેમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો પ્રકાશનો જેમાં અભાવ છે. એ પરિણતિ રહિત ભગવાન છે તેને અહીં નિઃક્રોધ કહેવામાં આવે છે. આ વાત એવી છે કે જેને આત્માર્થી થવું હોય, નિજાર્થ પ્રાપ્ત કરવો હોય તો આ વસ્તુ કેવી છે એવી એને પહેલી રુચિમાં લેવી જોઈએ. વાત આમ છે. બાકી વાતથી અને બહારથી વાદવિવાદથી કંઈ પાર પડે એવું નથી. સમજાણું કાંઈ? એકલા જાણપણાથી પણ પ્રાપ્ત થાય એવું નથી, તેમ એકલી ક્રિયાકાંડ રાગની મંદતા કરે તોપણ પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. સમજાય છે? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણી ગયો માટે મળી જાય એ તો બીજી ચીજ છે. પરલક્ષી વસ્તુ એ આત્મામાં છે જ નહિ. એ ભણતર જ આત્મામાં નથી, એમ અહીં તો કહે છે. આહા..હા..! અગિયાર અંગનો ઉઘાડ, નવ પૂર્વનું જ્ઞાન વસ્તુમાં જ નથી, એ તો પરલક્ષી વસ્તુ છે. સમજાણું કાંઈ?

ચૈતન્યસૂર્ય સત્ શાશ્વત પદાર્થ તેની પરપરિણતિનો તેમાં અભાવ હોવાને લઈને તે નિઃક્રોધ છે. એમ પદ્મપ્રભમલધારિદેવ મુનિએ ટીકા કરી છે. આહા..હા..! એવો શુદ્ધ જીવસ્વભાવ ભગવાન પોતે જ છે. એની સત્તાનો અંતર સ્વીકાર એવી મહાસત્તા શુદ્ધનો અંતર્મુખનો સ્વીકાર એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? સ્વીકાર (એટલે) આદર અંદર સન્મુખમાં એ. એના સ્વરૂપના તરફ વલણનો ઝુકાવ. ઝુકાવ થયો એટલે પર તરફથી વિમુખ થયો એ સ્વીકાર. ઠીક શેઠી વળી... સ્વીકાર એટલે આદર. ઉપાદેય કહેશેને હમણાં, હમણાં કહેશે. જુઓ, હમણાં જ કહેશે છેલ્લે. '**સ્વરૂપ ઉપાદેય છે.**' એમ છેલ્લો શબ્દ કહેશે. પાછળથી કહેશે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયથી સદા પરમસમરસીભાવસ્વરૂપ હોવાને લીધે...**' ખરેખર નિશ્ચય સત્ સ્વરૂપ હોવાને લીધે. કેટલાક કહે કે આખો દિ' આત્મા.. આત્મા અહીં તો માંડે છે. એક જણાએ કીધું. ૧૯૯૫માં કહ્યું હતું. દસ મહિના અને દસ દિ' રહ્યા. ૯૫, રાજકોટ તમારું. ત્યારે કહે, આ તો એક આત્મા આત્મા જ કરે છે. ફૂટે છે એવું તે દિ' કહેતા હતા. એવું અહીં સાંભળ્યું પરમ દિ'. એક જણ કહે છે કે અહીં તો આત્મા આત્મા જ ફૂટે છે. આ ક્રિયા શુભ, અમે ત્યાગી થયા, આ કરવું, આ પાળે ઈ સારો કહેવાય એ વાત તો આવતી નથી આમાં. આત્મા સિવાય છે શું? તારે શું કરવું છે પણ? શરીરની ક્રિયા કરવી છે? રાગ કરવો છે? છે શું પણ તારે? આહા..હા..! અરે..! ભગવાન!

આત્મા એટલે પરમાત્મા અને પરમાત્મા એટલે સાક્ષાત્ પોતે પરમેશ્વરનું જ રૂપ છે ઈ.

એને એ રીતે દૃષ્ટિમાં લીધા વિના ત્રણકાળમાં એને ધર્મની શરૂઆતની પહેલી લીટી પણ શરૂ નહિ થાય. સમજાય છે કાંઈ? શું થાય હવે! કહે છે કે એ ચીજ એવી છે કે કોઈથી દેવાય એવી છે? નિજ ચીજ એવી છે કે બીજાથી લઈ શકાય એવી છે?

શ્રોતા :— ગુરુના પ્રતાપથી પ્રાપ્ત થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ નિમિત્તથી વાતું બધી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સદા પરમસમરસીભાવસ્વરૂપ...**' એમાં વિકલ્પનું સ્થાન જ નથી. એકલો સમરસી પિંડ પડ્યો છે. ચૈતન્યગોળો શરીર-દેહના અંધકારમાં જુદો. સમજાણું કાંઈ? આ શરીર તો માટીનું પૂતળું, અંધકારની કોઈ કોટડીમાં બેઠો બેઠો આમ જોવે, એમ આ શરીરના રજકણમાં બેઠો ભગવાન પોતે અને પરને જોવે એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પરમસમરસીભાવ. એમ. પછી આ ઠીક અને આ અઠીક એવું સ્વરૂપમાં છે નહિ. એકલું સમરસી નથી લીધું. ત્રિકાળી ધ્રુવ પરમસમરસ. પરમ પરમ સમરસ. એકલો સમતા વીતરાગી અકષાય સ્વભાવનો રસકંદ છે, એને આત્મા કહેવામાં આવે છે. એ આત્મા જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આ સ્વીકારની વ્યાખ્યા થઈ. શેઠી! '**હોવાને લીધે નિર્માન છે;...**' સમરસ, સમતા પડ્યો છે એમાં વળી માન કેવું? વીતરાગ સમરસી તત્ત્વ આખું. ધ્રુવ સત્ અનાદિ-અનંત સત્ એવો ભગવાન આત્મા પરમસમરસીભાવને લઈને નિર્માન છે, નિર્માન છે.

'**નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે.**' આ છેલ્લો શબ્દ છે. '**णिम्माणो**' અને '**णिम्मदो**'ની વ્યાખ્યા જુદી કરી. ...સહિત અને મદરહિત બેની વ્યાખ્યા જુદી (કરી). મદની વ્યાખ્યા એ કરી કે ખરેખર વસ્તુ પોતે અંતર્મુખ હોવાને લીધે બહિર્મુખના જેટલા વિકલ્પ આદિ છે એ વસ્તુમાં અંતર છે નહિ. નિઃશેષપણે, સમસ્તપણે '**અંતર્મુખ હોવાને લીધે...**' વસ્તુ અંતર્મુખ અંતર્મુખ અંતરમાં હોવાને લીધે નિર્મદ છે. મદ ક્યાં? હું આ એવું છે ક્યાં? અંતર્મુખ વસ્તુ જ એવી અખંડાનંદ પડી છે.

'**ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ નિત્યનિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.**' લ્યો, આ શબ્દ આવ્યો. ઓલામાં પણ આવ્યો હતો છેલ્લો. સમજાણું? ન્યાં પણ આવ્યું હતું, આવો આત્મા ખરેખર ઉપાદેય છે એમ આવ્યું હતું. ૪૩ના છેલ્લા શબ્દમાં. '**વિશુદ્ધ સહજસિદ્ધ...**' વિશુદ્ધ સહજસિદ્ધ '**નિત્યનિરાવરણ...**' કાયમી નિરાવરણ પ્રભુ વિશુદ્ધ સહજસિદ્ધ એમ પાછું. નિજકારણસમયસાર. પોતાનો નિજ સ્વભાવ કારણસમયસાર આત્મા, કારણપરમાત્મા. નિજકારણપરમાત્મા એવા સમયસારનું સ્વરૂપ તે ઉપાદેય છે. સમજાણું કાંઈ? આ બધા અર્થો કરીને છેલ્લો સરવાળો (કરે છે). આત્મા આવો કહ્યો પણ શું કરવા એ કહ્યો? એવો ભગવાન આત્મા પોતાને પોતે જ પોતાના સ્વરૂપને ઉપાદેય તરીકે સ્વીકારવા જેવું છે.

'**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં**

૮મા શ્લોક દ્વાર) કહ્યું છે કે :—' પ્રવચનસારમાં કહ્યું છે એનો આધાર પોતે પદ્મપ્રભમલધારીદેવ આપે છે. બોલો!

(मन्दाक्रांता)

इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।
सश्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव।।

'मुक्त एव' આવ્યું. સમયસારમાં આવે છેને?

'શ્લોકાર્થ :— એ રીતે...' બધા બોલો કહ્યા એ રીતે. ઉપર કહ્યું છે હોં! આમાં પ્રવચનસારમાં. **'પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા)...'** ભગવાન આત્મા પરદ્રવ્યનો કર્તા કર્મ આદિના પરિણમનના નાશ દ્વારા. **'તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...'** આત્મા પરનો કર્તા, પર કાર્ય એની ભ્રાંતિનો નાશ અને આત્મામાં છ પ્રકારના ભેદ પડે એના ભાવનો પણ નાશ. એકમાં છ પ્રકારનો ભેદ શો? કર્તા-કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ષટ્કારક. ૧૨૬ ગાથા છે, પાછળ, પ્રવચનસાર. કર્તાકર્મનો અધિકાર છેને ત્યાં. અજ્ઞાનપણે પણ હું જ વિકારનો કર્તા અને કર્મ બધું હતું, જ્ઞાનપણે હું જ મારા સ્વભાવનો કર્તા આદિ છું. કોઈ બીજો મારે છે નહિ. ૧૨૬મી ગાથામાં પ્રવચનસારમાં. એનો આ છેલ્લો (કળશ) છે. હજી તો અહીં રાડો પાડે છે કે ના, પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ. અર..ર..ર..! કોઈ પૂછનાર પણ છે? અને જીભને કાંઈ વાંધા આવે એવું છે અત્યારે? આહા..હા..!

અહીં તો કહે છે, આ આત્મા વસ્તુ એ કર્મના રજકણ કે શરીરની કોઈપણ પર્યાયનો કર્તા કે એ શરીરાદિ પર્યાયનું કાર્ય કે શરીરાદિની પર્યાયનું સાધન બિલકુલ નથી. સમજાણું કાંઈ? જુઓ, આ આંગળી ચાલે એનો કર્તા-કર્મ આત્મા નથી એમ કહે છે. જડની પર્યાય એનો કર્તા આત્મા બિલકુલ નથી. આત્માનું, એ જડની પર્યાય આમ થઈ એ કાર્ય-કામ બિલકુલ નથી. એ જડનું આમ થવું એમાં આત્મા કાંઈક સાધનપણે નીવડ્યો (એમ બિલકુલ નથી). પ્રેરક કાંઈક સાધન પ્રેરક છે કે નહિ? પણ પ્રેરક વિના હાલતો હશે? આ એમને એમ કેમ હાલે? પ્રેરકપણે પણ સાધન છે જ નહિ ભગવાન આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? જીવની દયાનું કાર્ય કરે આત્મા એમ ખરું કે નહિ? આવો તો ધર્મ હોય ભગવાનનો? અહિંસા પરમોધર્મ પોકાર કરે છે એ શું કરવા કરે છે? દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન. આવતું નથી? એઈ..! તુલસીદાસમાં એમ આવે છે, લ્યો. દયા ધર્મનું મૂળ છે. એ તો પરની દયાની વાતું કરે છે. આ તો સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેમ તેને રાખવો એનું નામ દયા કહેવાય છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જડના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ તો એનો આધાર પણ નહિ હોં! આ જડનો આત્મા આધાર છે? પણ વાત ખરીને, જુઓ, જીવતો હોય ત્યાં સુધી શરીર આમ રહે, લ્યો. અકડાઈમાં રહે આ આંતરડા સરખા અને ઓલો નીકળી (જાય એટલે આમ થઈ જાય). એઈ..! રાજમલજી! અત્યારે જાઓ, મડદાને આમ સરખું બેસાડી જુઓ! જીવ છે ત્યાં સુધી આમ કડક બેસે. ઓલો નીકળે એટલે થઈ રહ્યું, આમાં કાંઈ ન મળે. માંડ માંડ બેસાડે. મરી ગયા પછી બેસાડેને સાધુને. બાંધવો પડે. અહીં બાંધે, એક અહીં બાંધે ખાનગી, દોરડું ન દેખાય એટલે. અરે.. અરે..! આ તે કંઈ ... એઈ..! એ પર્યાય એનાથી થાય, આત્માથી બિલકુલ થતી નથી. આ કડકપણે અત્યારે શરીરની પર્યાય દેખાય છે એ જડને કારણે છે, આત્માના પ્રેરકને કારણે બિલકુલ નથી. આહા..હા..! આમ આવો આમ, ઉત્તમચંદભાઈ! વડીયાથી આવ્યા છે. શું કહ્યું આમાં? પણ હાથ હલાવવા માંગે તો હલે, ન હલાવવા માંગે તો ન હલે. પ્રત્યક્ષ દેખાય છે કે નહિ?

શ્રોતા :— એ જ તો જેચંદભાઈની ફરિયાદ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— જેચંદભાઈને બીજી ફરિયાદ છે. એ તો એને ઓલું શરીર હાલતું નથીને એટલે કહે, હાય.. હાય..! પહેલાં ચલાવતો હતો એમ. પહેલાં તો હું બધું ચલાવતો હતો, અભિમાનનું. એ તો એને કારણે ચાલતું હતું, એને કારણે અટકે. આત્માને કારણે હાલતું નથી અને આત્માને કારણે અટક્યું નથી.

શ્રોતા :— (તે દિ' તો ચાલતું હતુંને?)

પૂજ્ય ગુરુદેવશ્રી :— તે દિ' પણ હાલતું નહોતું, પણ મફતનું અભિમાન (કર્યું હતું). એ અભિમાન, એ પણ અભિમાનના સડકા પાછા અત્યારે હોય. તે દિ' આમ ચલાવતા હતા મોટરને. ધૂળમાં ચલાવતા હતા. આત્માને ધૂળમાં રગદોળ્યો!

અહીં તો કહે છે, ભગવાન! તું ચૈતન્યજ્યોત છો. તારી ક્ષેત્રની મર્યાદા છોડીને શું પરમાં જા છો? કે પરના કામ તારા હોય અને પરની પ્રેરકતા તારે લઈને પ્રેરક થઈને ચાલે ઈ? આહા..હા..! **'તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...'** એ ભ્રાંતિ છે. આહા..હા..! મેં કર્મ બાંધ્યા ને મારા કર્મના ઉદય આવ્યા ને મારે કર્મ ભોગવવા પડ્યા. અરે..! મૂઢ છો. ભ્રમ છે તને આ. સમજાણું કાંઈ? આ લાડવા મેં ખાધા, મેં બરાબર ખાધા ને મેં બરાબર પચવ્યા ને આમ કર્યું ને પછી મારા દસ્ત બરાબર લાવ્યો-દસ્ત સાફ લાવ્યો. મૂઢ છે. મૂઢ! તને શું થઈ ગયું આ? શેઠ! માને છે ઈ મૂઢ માટે ચાલે છે. ચૈતન્યસૂર્ય પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છોડીને શું પરને અડે છે? અડે છે કે પરને હલાવે અને કામ કરે એ આત્મા? આહા..હા..!

અહીં તો છ પ્રકારના ભેદનો વિકલ્પ પણ એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? 'નિર્મળ સ્વભાવનો કર્તા, નિર્મળ સ્વભાવ મારું કામ, નિર્મળ સ્વભાવનું હું સાધન, નિર્મળ સ્વભાવ

में करीने में लीधो अने दीधो, निर्मळ स्वभाव ध्रुवमांथी आव्यो, पूर्वनी अवस्था गई अने निर्मळनो आधार हुं'—એ છ પ્રકારના ભેદનો વિકલ્પ પણ ભ્રાંતિ છે. સમજાય છે કાંઈ? ૧૨૬નો શ્લોક છે. આવે છેને, ભાઈ શશીભાઈ! કર્તા, કર્મ નહિ ચાર બોલ. અજ્ઞાનમય ચાર, જ્ઞાનમય ચાર આવે છે ભાઈ એ. આહા..! '**કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે...**' આહા..હા..! સરવાળો તો ભગવાનમાં લાવ્યા છે કહે છે. એકલો જાણનાર દેખનાર ભગવાન હું છું. મારા સ્વભાવ સાથે મારા આત્મા સાથે મારો જ્ઞાનસ્વભાવ એકમેક છે. ભેદ અને રાગ મારી સાથે એકમેક નથી. આહા..હા..!

'**ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...**' એના પણ નાશ દ્વારા. બીજું પરનું અભિમાન આદિનો કર્તા નહિ પણ આ છ પ્રકારના ભેદની ભ્રાંતિનો નાશ. જેણે આખરે શુદ્ધ ભગવાન આત્મતત્ત્વ ચૈતન્ય પરમાત્મા પોતે જિનસ્વરૂપે બિરાજમાન એને ઉપલબ્ધ કર્યો છે. પર તરફની ભ્રાંતિ છેદીને સ્વભાવ તરફમાં એકતામાં તત્ત્વને ઉપલબ્ધ કર્યું છે. કહો, સમજાણું? '**એવો આ આત્મા,...**' જોયું? પોતે પોતાની ભ્રાંતિનો નાશ કર્યો અને પોતે પોતાના આત્માને પ્રાપ્ત કર્યો એટલે પરની સાથેની વાત છે નહિ. '**એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો,...**' એવો આ ભગવાન આત્મા ચૈતન્યમાત્રરૂપ નિર્મળ તેજ ચૈતન્યમાત્ર પ્રકાશનો પુંજ નિર્મળ તેજ અરૂપી ચૈતન્યમાત્ર નિર્મળ તેજ જળહળ જ્યોતિએ સૂર્યએ બિરાજમાન ભગવાન વિશદ નિર્મળ, વિશદ નિર્મળ તેજ એવું ચૈતન્યનું એમાં લીન રહ્યો થકો. એકાકાર દૃષ્ટિએ અને ચારિત્રએ સ્થિર થયો થકો '**પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.**' આહા..હા..! સર્વદા. હવે ફરીને અવતરે કે રાગ થાય કે જન્મ કરવો પડે એ છે નહિ. આ પર્યાયની વાત કરી. વસ્તુ તો મુક્ત જ છે, પણ આ પર્યાયમાં આવું છે એમ કહે છે. પોતાના સહજ મહિમાના પ્રકાશમાન વડે સ્વાભાવિક મહિમાનો પ્રકાશ, દેખો! એનો જ્યાં મહિમા અંદર થયો, રાગાદિનો કર્તા અને જ્ઞાનાદિના કર્તાના ભેદો, પરના કર્તાપણાનો નાશ કરી પોતાના મહિમાના પ્રકાશમાં લીન થયો. એ રીતે સર્વદા, હવેથી સર્વદા મુક્ત જ રહેશે. એ દશામાં જ પરિણમતો આત્મા રહેશે. સમજાણું કાંઈ? એ પ્રવચનસારનો આધાર આપ્યો પોતાની ટીકામાં ...

'**વળી (૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**'

(मन्दाक्रांता)

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंघातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।
स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं
यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्।।६९।।

'**શ્લોકાર્થ :— જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે,...**' ભગવાન આત્મા પોતે જ્ઞાનજ્યોતિ વડે, ચૈતન્યના પ્રકાશના સ્વભાવ દ્વારા પાપ નામ પુણ્ય અને પાપ એવો અંધકાર ભાવ એનાથી સમૂહ નામ અસંખ્ય પ્રકારના વિકલ્પો એનો નાશ કર્યો છે. આહા..! અહીં તો પાપ જ ગણ્યું છે બધાને. રાડ નાખે એ લોકો! પવિત્ર નિજાનંદ ભગવાન એનાથી શુભાશુભભાવ એ બધોય પાપ છે, પાપરૂપી અંધકાર છે. સમજાણું કાંઈ? '**જેણે...**' એટલે આત્માએ પોતાની '**જ્ઞાનજ્યોતિ વડે...**' પુણ્ય-પાપના ભાવના વિકલ્પો જે અંધકાર એનો જે સમૂહ એટલે ઘણા પ્રકાર એનો નાશ કર્યો છે. એટલે હતો પર્યાયમાં ખરો આ. શુદ્ધ જ હતો પર્યાયમાં એમ નહિ. દ્રવ્યે શુદ્ધ હતો એ વર્ણન કર્યું. વસ્તુએ શુદ્ધ હતો એ વર્ણન કર્યું. પર્યાયમાં અશુદ્ધ હતો તો શુદ્ધ સ્વભાવને આશ્રયે, એમ કીધુંને, જ્ઞાનજ્યોતિ વડે. શુદ્ધસ્વભાવને આશ્રયે વિકારના અંધકારના સમૂહનો જેણે પર્યાયમાં નાશ કર્યો છે.

'**જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે,...**' ભગવાન નિત્યાનંદ નિત્ય શાંતિ, નિત્ય વીતરાગતા, નિત્ય સ્વચ્છતા, નિત્ય પરમેશ્વરતા એવા આનંદ આદિ. છેને? અનંતગુણ છે. જે નિત્ય આનંદ આદિ એટલે અનંત '**અતુલ મહિમાનો ધરનાર છે,...**' સમજાણું? જેની તુલના.. કોણ તુલના? પરમેશ્વર પોતાના ગુણની તુલના કોની સાથે કરે? કોની સાથે કરવી? નિત્ય આનંદ. ભગવાન આત્મા અતીન્દ્રિય નિત્ય નિત્ય કાયમી આનંદી, કાયમી આનંદી આત્મા, કાયમી સ્વચ્છ આત્મા, કાયમી પરમેશ્વર આત્મા. એ આદિ અતુલ મહિમા. જેની તુલનામાં, જેની ઉપમામાં, જેને તરોવરમાં કોઈનો મેળ કરીને કહેવાય એવી ચીજ નથી. '**અતુલ મહિમાનો ધરનાર છે,...**' એવો તે પોતે ધરનાર જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? (એની સાથે બીજા કોઈની) તુલના થઈ શકે એમ નથી. લગન કરેને? તો ઠોઠ વર હોય તોપણ વખાણ બહુ કરે. એવું નથી પાછું હોં! સમજવું. સાધારણ નમાલો હોય તોપણ એ વખતે રાજા, વરરાજા એમ કહે કે નહિ? એનો બાપ પણ વરરાજા કહે. અહીં તો કહેવું છે કે કાંઈ ન હોય તો કહે, આ તો મહાસ્વરૂપ જ આવું છે એમ કહેવું છે. આ તો છે એની મહિમાની વાત છે. ઓલી તો મફતની ત્યાં બે દિ' ચડાવવો હોય ઘોડે. ધૂળમાય છે. આહા..!

ભાઈ! તારી મહિમાનું શું કહેવું, પ્રભુ! તારી મહિમા ભગવાનના મુખમાં પણ પૂરી ન પડે એવો તું છો. આહા..! એવો અતુલ મહિમાનો ધરનાર આત્મા છે. '**જે સર્વદા અમૂર્ત છે,...**' ત્રણે કાળે અમૂર્ત છે. ઓલા કહે કે કર્મને લઈને મૂર્ત છે. હવે સાંભળને.

શ્રોતા :— ઈ પર્યાયની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પણ ઈ પર્યાય પણ નથી અહીં તો. એ પર્યાયે તો કીધું છે નિમિત્તની અપેક્ષાએ. સર્વદા અમૃત ભગવાન છે ત્રણેકાળે! સમજાણું કાંઈ?

'**જે પોતામાં અત્યંત અવિચળપણા વડે...**' પરમાત્મા નિજસ્વભાવે ભગવાન પોતાના

અવિચળ મહિમાને લઈને '**અત્યંત અવિચળપણા વડે...**' પોતામાં અત્યંત અવિચળ '**ઉત્તમ શીલનું મૂળ છે,...**' આહા..! ઉત્તમ સ્વભાવનું એ મૂળ છે. ઉત્તમ શીલ, શીલ, શીલસ્વભાવ. ઉત્તમ શીલનું એ મૂળ છે. '**તે ભવભયને હરનારા...**' જે સ્વભાવ અંદર છે એ ભવભયને હરનારા '**મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.**' ભવભયને હરનાર એ મોક્ષલક્ષ્મીનો ઐશ્વર્યવાન છે એ તો. એ મુક્ત થયેલી બધી શક્તિ એનો એ સ્વામી છે. આહા..! '**ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.**' એને હું વંદું છું. એમ કહેતા હું જ પોતે અંતરમાં આદર કરું છું. સમજાણું કાંઈ? એ ૪૪ થઈ. ૪૫-૪૬.

'**અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.**' લ્યો. છેને શરૂઆત? મૂળ ટીકામાં છે, હેઠે પણ શબ્દો છે.

वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।
संठाणा संहणणा सव्वे जीवस्स णो संति।।४५।।
अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४६।।

આ શ્લોક દરેક સૂત્રમાં આવે છે. સમયસારમાં, પ્રવચનસારમાં, નિયમસારમાં, પંચાસ્તિકાયમાં, અષ્ટપાહુડમાં અને ધવલમાં, બધા શાસ્ત્રમાં આ ૪૬મો શ્લોક આવે છે. સમજાણું કાંઈ?

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.
જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

'**ટીકા :— અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ...**' એટલે શુદ્ધભાવ જે કીધો તે. એ શુદ્ધભાવને કારણપરમાત્મા કહેવાય છે, એ શુદ્ધભાવને શુદ્ધ કારણજીવ કહેવાય છે. (ફલાણાભાઈ) બહુ અસ્થિર બહુ પણ! આ (ચારે બાજુ) જોયા જોય કરે છે. અસ્થિરતા ઘણી પણ હોં! સમજાણું કાંઈ? શું કહે છે? આ પરમસ્વભાવભૂત એવો જે કારણપરમાત્મા, પરમસ્વભાવ કહો, શુદ્ધભાવ કહો, કારણજીવ કહો, કારણપરમાત્મા કહો. સમજાણું કાંઈ? એનું સ્વરૂપ '**તેને સમસ્ત પૌદ્ગલિક વિકાસમૂહ નથી એમ કહ્યું છે.**'

'**નિશ્ચયથી...**' એટલે ખરેખર ભગવાન આત્મા કારણપ્રભુને એટલે પરમસ્વભાવભૂત ભગવાન સમયસાર આત્માને '**પાંચ વર્ણ,...**' નથી. '**પાંચ રસ,...**' નથી. '**બે ગંધ, આઠ સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો,...**' વિજાતીય વિભાવવ્યંજનપર્યાય, જોયું? જડની લીધી બધી. ચૈતન્યજાતથી જુદી શરીરની આકૃતિની જડની

વિજાતીય પર્યાય એવો વિભાવવ્યંજનપર્યાય, ભગવાન આત્મામાં એ નથી. એ પુદ્ગલોના જ છે. અસ્તિ-નાસ્તિ કરશે. પુદ્ગલોને જ છે અને જીવોને નથી. શરીરની આકૃતિની વિભાવવ્યંજનપર્યાય, આત્માની પણ તે પ્રકારે એવી પર્યાય હોવા છતાં આનાથી ભિન્ન વિજાત, ચૈતન્યની જાતથી વિજાત એવા પુદ્ગલો એની વિકારી વ્યંજનપર્યાયો એ પુદ્ગલોને જ છે, આત્મામાં એ નથી.

'**કુબ્જાદિ સંસ્થાનો,...**' સંસ્થાન જે કુબ્જાદિ છેને એ આત્મામાં નથી. પુદ્ગલના છે એમ કહે છે ઈ. આ આકૃતિ બધી, શરીર આવા, એ આકાર બધા પુદ્ગલને છે. સમજાણું? '**વજ્રર્ષભનારાચાદિ સંહનનો...**' સંસ્થાન લીધું. હવે હાડકાની મજબુતાઈની પર્યાય. '**વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્ગલોને જ છે,...**' સમજાણું? '**જીવોને નથી.**' ભગવાન આત્મા કારણપ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જે સમ્યગ્દર્શનનો આધાર, જે સમ્યક્જ્ઞાનનું શરણ, જે સમ્યક્ચારિત્રનો આધાર એવો ભગવાન આત્મા એમાં આ બધા છે જ નહિ ત્રણે કાળમાં. '**સંહનનો પુદ્ગલોને જ છે, જીવોને નથી.**'

'**સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને...**' શું કહે છે? જુઓ, સંસારદશામાં આત્માની ત્રિકાળી પરમશક્તિનો સ્વભાવ એ દ્રવ્ય અને એની વર્તમાન વિકૃત અવસ્થા સંસારદશાની અંદર, એક સમયની અંદર '**સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે,...**' ચેદણામાંથી કાઢ્યુંને ઈ. ચેદણા છેને ઈ નવું એ રીતે કર્યું છે. '**चेदणागुणमसद्दं**' છેને, એમાંથી કાઢ્યું. સમજાણું? સંસારદશામાં સ્થાવરનામકર્મ સહિત સંસારી જીવને. જુઓ, એ કર્મની વાત નિમિત્તપણે સિદ્ધ કરે છે. ભગવાન આત્મામાં પર્યાયમાં જે કર્મફળચેતના હરખ-શોકનો ભાવ (થાય) એ એક સમયની દશામાં છે, એ સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને હોય છે. સ્થાવરનામકર્મનું નિમિત્તપણું છે, નૈમિત્તિક એનું કર્મફળ હરખ-શોકનું વેદન એકેન્દ્રિય જીવને પર્યાયમાં છે. સમજાણું કાંઈ? '**કર્મફળચેતના હોય છે,...**' સમજાણું આમાં કાંઈ? આ જુઓ લીલોતરી આ અનંતકાય, કોર બધા જીવો એકેન્દ્રિય છે. એમાં અનંતજીવ છે અને એક સમયની પર્યાયમાં-અવસ્થામાં સ્થાવરનામકર્મનું નિમિત્ત છે અને એમાં હરખ-શોકનું વેદન નૈમિત્તિક પર્યાય છે, વસ્તુ સ્વરૂપમાં એ છે નહિ.

શ્રોતા :— (એકેન્દ્રિયને એકલું દુઃખ છે કે સુખ પણ છે?)

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, ઠીક કહે છે ઈ. એમ કે આ એકેન્દ્રિયને એકલું દુઃખ છેને. કોઈ વખતે હોય થોડું, એકલું (દુઃખ) ન હોય. કર્મફળચેતના છે, એમાં પણ છે. સમજાય છે? શુભાશુભપરિણામને એ કરે છે એકેન્દ્રિય જીવ. હરખ-શોક એવી કર્મફળચેતના છે. શું પૂછ્યું સમજાણું આમાં? આ એકેન્દ્રિયની વાત ચાલે છે વળી એમાં કર્મફળચેતના એટલે દુઃખનું એકલું (વેદન) છે કે કોઈ રતિ આદિનું, કોઈ સુખની કર્મફળચેતના હશે કે નહિ? થોડું છે, પણ એ બધું કર્મફળચેતનામાં જાય છે. કર્મચેતના જુદી વાત લેશે.

આ તો ચેતના છે ઈ સિદ્ધ કરે છે અને ઈ ચેતના.. સમજાણું? એકેન્દ્રિયને એ છે. **'ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત કર્મફળચેતના હોય છે.'** કર્મ, કર્મ એટલે કાર્ય. કર્મચેતના કહેવી છેને. કાર્યસહિત-કર્મસહિત કર્મફળચેતના છે એમ લીધું, ભાઈ! ઓલામાં એકલી કર્મચેતના લીધી. પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં એકેન્દ્રિયને કર્મફળચેતના, ત્રસને કર્મચેતના લીધી છે. અહીંયા સંસારીજીવને કર્મસહિત-કાર્યસહિત કર્મફળચેતના હોય છે. બેય છે. બે કહી, હવે ત્રીજી રહી.

'કાર્યપરમાત્માને...' કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા આત્મા **'કારણપરમાત્માને...'** ત્રિકાળ એને **'શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** શુદ્ધજ્ઞાનચેતનાના બે પ્રકાર. ભગવાન આત્મા ત્રિકાળી એમાં ત્રિકાળ શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ અને કાર્યચેતના પરમાત્મા થયા તેને પર્યાયમાં કાર્યચેતના. શું કહે છે સમજાય છે? એકેન્દ્રિય જીવ હોય તો ફક્ત રાગ-દ્વેષના ફળને ભોગવે એવી જ એની ચેતના છે. સ્વરૂપમાં એનું કારણસ્વરૂપ છે એમાં તો શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ છે. સમજાણું? એકેન્દ્રિય જીવની પર્યાયમાં એને હરખ-શોકનું ફળ ભોગવવું એવી જ એની ચેતના ત્યાં રોકાઈ ગયેલી છે એકેન્દ્રિયની. છતાં એનો કારણ દ્રવ્યસ્વભાવ જે છે કારણપ્રભુ એમાં શુદ્ધ જ્ઞાનચેતના ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ?

શું આ કહે છે આમાં? એ કરી શું શકે છે? ભોગવી શું શકે છે? અને જ્ઞાતાપણું શું છે? એમ ત્રણનું વર્ણન કરે છે. એકેન્દ્રિય જીવમાં એ ભોગવી શકે છે હરખ-શોકને મુખ્યતાએ. કર્મચેતનાને ગૌણ કરી. સમજાણું કાંઈ? વીર્ય મંદ છેને, વીર્ય મંદ છે. જ્યાં વીર્યની ઉગ્રતા છે ત્યાં કર્મચેતના ગણવામાં આવી. કર્મ એટલે? રાગ-દ્વેષનું કરવું વીર્યની સ્ફુરણાથી એને કર્મચેતના કીધી છે. વિકલ્પોની સ્ફુરણામાં એકાકાર થઈને રાગ કરું એ કર્મચેતના કહેવાય છે. જે જીવનો ઊલટો પુરુષાર્થ કર્મચેતનામાં છે. એકેન્દ્રિયને કર્મફળચેતનાનો ઊલટો પુરુષાર્થ છે. એકલું હરખ-શોક સુખ-દુઃખ આદિનું ભોગવવું. પણ પરમાત્મદશા જ્યાં પ્રાપ્ત થઈ પર્યાયમાં-અવસ્થામાં એને શુદ્ધ જ્ઞાનચેતનાનું એકલું વેદન-અનુભવ છે. એને હરખ-શોકની કર્મફળચેતના કે રાગાદિનું કાર્ય કરવું એ કેવળજ્ઞાની પરમાત્માને હોતું નથી. સમજાણું કાંઈ?

'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને...' હવે કારણ પાછું લીધું એ કારણપરમાત્મા દરેક જીવ છે. દરેક આત્મા કારણસ્વરૂપ ભગવાન જ છે. કારણસ્વરૂપ. પરમાત્મદશાનું કારણ. પરમાત્મદશાનું કાર્ય પર્યાય છે. એનું કારણપરમાત્માને શુદ્ધ જ્ઞાનચેતના તો ત્રિકાળ છે કારણઆત્મામાં. અને કાર્યપરમાત્માને પર્યાયમાં-અવસ્થામાં શુદ્ધ જ્ઞાનચેતનાનું વેદન છે. સમજાય છે કાંઈ? એમ કહીને કહે છે કે એકેન્દ્રિય જીવ શરીરની પ્રતિકૂળતાને વેદતો નથી. એના હરખ-શોકના વિકલ્પને વેદે છે. અને આ ત્રસ જીવો બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય એ જીવને કર્મચેતના રાગદ્વેષના કાર્યસહિત હરખ-શોકને ભોગવે છે. એ જડના કાર્ય કરતો નથી અને એ જડને ભોગવતો નથી. સમજાણું કાંઈ?

'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.' વસ્તુ ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવસ્વરૂપ શુદ્ધભાવ એને કારણચેતના, શુદ્ધજ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું? અને એના ફળરૂપે અંદર ભગવાન આત્મા પોતામાં એકાકાર થઈ પૂર્ણ કેવળજ્ઞાનના પર્યાયને પ્રગટ કરે એને કાર્યચેતના કહેવામાં આવે છે. કહો, સમજાણું?

શ્રોતા :— બહુ ઊંડું છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઊંધું નથી, ઊંડું છે. એ જ મેં કીધું, તમારી સામે કીધું. તમે ઊંડું કીધું એટલે મેં કીધું, ઊંધું નથી અને ઊંડું છે એમ કીધું. આ ઊંધું નથી એટલે તમને ઊંડું લાગે છે. .. આ શરીરને ભોગવવું ને આ ભોગવવું એ ઊંધું છે, એ છે નહિ. એટલે એને ઊંડું લાગ્યું એમ કીધું. શેઠી! આહા..હા..!

શ્રોતા :— મગજ ફરે છે, પ્રભુ!

પૂજ્ય ગુરુદેવશ્રી :— મગજ ચક્કર ખાય છે, કહે છે.

અહીં તો કહે છે કે પ્રભુ! તું આત્મા કારણસ્વરૂપે શુદ્ધ આનંદકંદ શુદ્ધચેતનાના અનુભવ સ્વરૂપ જ તારું ત્રિકાળ છે. પણ એકેન્દ્રિય જીવમાં પર્યાયમાં હરખ શોકના વેદનની મુખ્યતાએ હરખ શોકના વિકારની વેદનદશા વેદે છે, બસ. શરીરને વેદે કે દુઃખને વેદે કે કોઈ એને અગ્નિમાં સળગાવે ડુંગળીને અગ્નિમાં મૂકે તો એ અગ્નિનું એને વેદન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ડુંગળીમાં અનંત જીવ છે એને તેલમાં તળે તો ફટ દઈને.. એક સમયમાં અનંતજીવ. કહે છે કે એ જીવની પર્યાયમાં એને દુઃખનું કે હરખ-શોકનું જ કર્મફળ વેદન છે. અગ્નિનું નહિ, તેલનું વેદન એને છે નહિ કોઈ દિવસ, એમ કહે છે. સમજાણું કાંઈ? અને ત્રસ જીવ જે છે જેને વીર્યની કંઈક ઉઘાડ દશા વધી છે, એને વીર્ય ઓછું છે એકેન્દ્રિયને, વીર્યવાળા બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવ, નારકી આદિ જીવ. એ રાગ દ્વેષના-કાર્યને કરતો રજકણને કાર્યને, ધંધાના કાર્યને, શરીરના કાર્યને બિલકુલ નહિ કરતો. ઊંડું કીધું પછી થોડું... સમજાણું?

ત્રસ જીવને અંદરમાં વીર્યની ઉઘાડ દશા સ્ફુરણા જેને છે, બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિયને, એટલે બહુ તો એ રાગને, દ્વેષને કરે છે અંદરમાં. એ સિવાય બીજા રજકણને ફેરવે કે દુકાનના ધંધા કરે કે આ જીભને હલાવે, ત્રણકાળમાં એ કામ કરતો નથી. એવું નીકળે છે કે નહિ? એઈ..! પંડિતજીને પૂછો ભઈ અમારે. આહા..હા..! અને એ ત્રસ ભોગવે તો શું ભોગવે? હરખ-શોકના ભાવને ભોગવે. શરીરના રોગને ભોગવે, આ શૂળ આવે શરીરમાં એને ભોગવે (એમ) ત્રણકાળમાં નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભગવાન પરમાત્મા ભોગવે જ્ઞાનના આનંદની ચેતના અને ત્રિકાળ ભગવાનસ્વરૂપ આત્મામાં શુદ્ધ જ્ઞાનચેતનાનું વેદન ત્રિકાળ પડ્યું છે એ તો. સમજાણું? એમ કરીને એ ચેતનાની વ્યાખ્યા વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧૩, સોમવાર, તા. ૧૮-૦૪-૧૯૬૬,
ગાથા-૪૫, ૪૬, શ્લોક-૭૦, પ્રવચન નં. ૫૪

અહીં સુધી આવ્યું, જુઓ, જ્ઞાનચેતના શબ્દ છેને અંદર એની વ્યાખ્યા કરે છે. વજ્રર્ષભનારાચાદિ સંહનન આદિ પુદ્ગલોનો તો અભાવ છે જ, જીવોને નથી. થોડુંક પછી ચાલ્યું છે, ફરીને લઈએ છીએ. જુઓ, ત્રીજી લીટી છેને. જીવની સંસારદશામાં.. અહીં વાત તો શુદ્ધભાવની કરવી છે, પણ એને અશુદ્ધભાવ પણ છે એ આદરણીય નથી. અંદર ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના તે આદરણીય છે. એ બતાવવા આ અશુદ્ધચેતનાની વાત કરે છે. સમજાણું કાંઈ? આત્મા અનાદિ-અનંત શુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ એવો પદાર્થ છે. એને ખરેખર પર કર્મ આદિનો સંબંધ છે નહિ, વિકારનો એને સંબંધ પરમાર્થે છે નહિ, પણ એની પર્યાયમાં-અવસ્થામાં '**સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને...**' એકેન્દ્રિય જીવને. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ એકેન્દ્રિય જીવ છે. એને સ્થાવરનામકર્મસહિત સંસારી જીવને '**કર્મફળચેતના હોય છે,...**' એને તો હરખ અને શોકનું વેદવું એકલું એવી ચેતના હોય છે. સમજાણું? એકેન્દ્રિય જીવને સ્થાવરનામકર્મનું નિમિત્ત ઉદય અને એની અંતર દશામાં એકલું દુઃખનું વેદન, એ સુખ-દુઃખ એટલે બધું દુઃખ જ છે, એ દુઃખના વેદનનું ફળ એમાં એની ચેતના વેદાઈ જાય છે, રોકાઈ ગઈ છે. સમજાણું કાંઈ? એ માટે એ ચેતના આદરણીય નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

'**ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત...**' કાર્ય એટલે? અંદરના પુણ્ય-પાપના વિકલ્પોનું કાર્ય, એમ. કાર્ય એટલે સંસારના દેહના કાર્ય એ કાર્ય તો એ કરી શકતો નથી.

શ્રોતા :— વ્યવહારથી કે નિશ્ચયથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોઈ રીતે. વ્યવહારથી એટલે શું? પરદ્રવ્યની પર્યાય કોઈ રીતે કરી શકતો નથી. આ જે કાર્ય છે એ એના સ્વરૂપમાં પુણ્ય અને પાપના ભાવ તેનું કર્તૃત્વરૂપી કાર્ય એ અજ્ઞાનભાવમાં ત્રસ જીવો વીર્યના વિકાસવાળા છે માટે વિકારના કર્તાનું કાર્ય તે કરી રહ્યા છે. એ ચેતના આદરણીય નથી. એમ સિદ્ધ કરવું છેને અહીં શુદ્ધભાવ (અધિકારમાં). સમજાણું કાંઈ? પરના કાર્ય કરે છે એ પ્રશ્ન તો અહીંયા છે જ નહિ. આ તો સંસારી જીવને, ઓલા પણ સંસારી હતાને સ્થાવરવાળા, આ ત્રસ સંસારી, કાર્યસહિત જરી વીર્યની સ્ફુરણા છે, એથી રાગ, દ્વેષ, શુભ, અશુભ વિકલ્પો, મલિન પરિણામની જાત વિકારનું કાર્ય કરે. એનું નામ કર્મચેતના કહેવાય છે. બીજું કાંઈ નહિ કરે. બોલવાનું, ચાલવાનું, દુકાનની વ્યવસ્થાનું...

શ્રોતા :— બોલવાનું ન કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— બોલવાનું ન કરે એમ કહે છે અહીંયા. એ જડની પર્યાય (છે).

શ્રોતા :— ક્યારે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— અત્યારે, ક્યારે શું? અત્યારે. બોલવાનું કામ નહિ, હીરા-માણેક હાથમાં લેવાનું કામ નહિ. એ કોઈ કામ આત્મા કરતો નથી. અજ્ઞાનદશામાં પણ એ વિકારના પરિણામનું, પુણ્ય-પાપના ભાવનું કાર્ય કરે, બસ! કે જેને અહીંયા કર્મચેતના કહેવામાં આવે છે કે જે દૃષ્ટિમાં હેય કરવાલાયક છે. સમજાણું કાંઈ?

અને '**કર્મફળચેતના હોય છે.**' પુણ્ય-પાપના ભાવનું કરવું અને હરખ-શોકનું વેદવું એ અજ્ઞાનપણામાં સંસારી અવસ્થામાં આ હોય છે. સમજાણું કાંઈ? એને સંસારદશામાં પણ કોઈ દિ' એક રજકણનું કાર્ય કરે એ નથી અને કોઈ રજકણને વેદે-ભોગવે એ પણ એનામાં નથી. સમજાય છે કાંઈ? સંસારદશામાં પણ સ્થાવર હો કે ત્રસ હો, એ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદકંદ છે એને ભૂલી સ્થાવર તે વિકારને વેદવાનું કાર્ય કરે એટલે અનુભવે, ત્રસ જીવ વિકારના કાર્યસહિત હરખ શોકને વેદે-ભોગવે-અનુભવે. બસ! આ સિવાય એ કાંઈ કરતો નથી. કહો, સમજાય છે આમાં?

શ્રોતા :— કર્મફળ..

પૂજ્ય ગુરુદેવશ્રી :— કર્મફળ કીધુંને, કર્મ એટલે રાગ-દ્વેષ એનું ફળ હરખ-શોક. પહેલું કીધુંને કર્મચેતના—કાર્યસહિત એટલે કર્મસહિત. કર્મ એટલે પુણ્ય-પાપનો ભાવ. કર્મ જડ-ફડની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એની પર્યાયમાં એની ભૂમિકાની હયાતીમાં રાગ-દ્વેષના ભાવના કાર્યસહિત હરખ-શોકને વેદવાનું ત્રસ જીવ કામ કરે. બસ! એ સિવાય કાંઈ કરતો નથી. સમજાણું કાંઈ? પણ તે હરખ-શોકનું વેદવું અને પુણ્ય-પાપને કરું એવું વિકલ્પનું કર્તવ્ય ધર્મીજીવને દૃષ્ટિમાં લેવાલાયક નથી. આહા..હા..! ભારે!

'**કાર્યપરમાત્માને...**' હવે શુદ્ધજ્ઞાનચેતના લ્યે છે. સર્વજ્ઞ પરમેશ્વરને. કાર્યપરમાત્મા એટલે સર્વજ્ઞ પરમાત્માને '**અને કારણપરમાત્માને...**' સર્વજ્ઞ પરમેશ્વર થયા એ કારણપરમાત્મામાંથી થયા. ત્રિકાળ કારણપરમાત્મા અનંતગુણનો પિંડ એને આશ્રયે થયા એવા કારણપરમાત્માને '**શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' એને તો એકલી શુદ્ધજ્ઞાનચેતનાનું વેદન... ભલે કારણમાં વેદન એ વેદન પણ શક્તિરૂપે કાયમ એનું વેદન શુદ્ધજ્ઞાનનું જ એને વેદન છે. ત્રિકાળ દ્રવ્યસ્વભાવમાં શુદ્ધ ચેતનનું જ વેદન છે. શુદ્ધજ્ઞાનચેતના જ એને છે ત્રિકાળ આત્મામાં. રાગનું કરવું કે રાગનું ભોગવવું એ શુદ્ધકારણપરમાત્મા અંતર સ્વરૂપમાં એ છે નહિ. સમજાણું કાંઈ? અને કાર્યપરમાત્માને તો અંદરમાં પણ શુદ્ધજ્ઞાનચેતના અને પ્રગટમાં પણ શુદ્ધજ્ઞાનચેતના જ એને એકલી હોય છે. ઓલા કહે, 'આ કરે, આ કરે.' અહીં કહે, 'ન કરે, ન કરે.' નપરદ્રવ્યનું ન કરે તે દિગંબર જૈન નહિ.' અહીં કહે કે 'પરદ્રવ્યનું કરે એ માને તે જૈન નહિ.' કહો,

પોપટભાઈ! આહા..હા..!

જૈન પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એની પર્યાયમાં એને શુદ્ધજ્ઞાનચેતના જ વર્તે છે. સમજાણું કાંઈ? પરને જાણે છતાં એનું ચેતવું એમાં નથી એમ કહે છે, ભાઈ! આહા..હા..! એનું વેદન નથી એને. આહા..હા..! પોતામાં જ સ્વપરપ્રકાશની શુદ્ધચેતના પ્રગટ થઈ છે એનું એને વેદન છે. આ શુદ્ધજ્ઞાનચેતના છે. સમજાય છે કાંઈ?

આ સંસારમાં પણ એમ કહે છે કે અજ્ઞાનીને પણ રોગનું વેદન છે નહિ, એમ કહે છે. જેચંદભાઈ! ... સાંભળવામાં તો ધ્યાન રાખે છે. કહો, સમજાણું કાંઈ? સાંભળવામાં ધ્યાન રાખે છે. કહે છે, સંસારદશામાં એકેન્દ્રિય કે ત્રસ જીવ એટલે ત્રસમાં પંચેન્દ્રિય આવ્યાને? માણસ, દેવ, નારકી, ઢોર આવ્યાને? નારકીના જીવ આવ્યા? સાતમી નરકના આવ્યા કે નહિ એમાં? સાતમી નરકના નારકીના પંચેન્દ્રિય ત્રસ જીવ એ પણ પોતાના પુણ્ય-પાપના ભાવનું કરવું અને હરખ-શોકનું વેદવું એ કરે છે. એ સાતમી નરકના નારકી પણ સંયોગી જે અગ્નિની પીડા અંદર છે, ઠંડીની પીડા એને એ વેદતા કે અનુભવતા નથી. કહો, સમજાણું આમાં? એમ મનુષ્યપણામાં સોળ રોગે ઘેરાયેલો, કંઠમાળ.. શું કહેવાય? ભગંદર, જલંધર, શૂળ, શ્વાસ, કફ... સમજાય છે? કેટલા રોગ હશે બીજા? ઘણી જાતના રોગ હશેને? તાવ એવો છ ડિગ્રીનો તાવ.

કહે છે કે ભાઈ! તું આત્મા છો. તારી ભૂમિકામાં સ્વભાવનું વેદન ન હોય તો તારે વિકારનું વેદન છે અને વિકારનું કરવું એટલો તારો અધિકાર છે. સમજાણું કાંઈ? પરને કરતો પણ નથી અને પરને ભોગવતો પણ નથી. રતિભાઈ! નિરાંતે જુવાનીમાં રળશું પછી વૃદ્ધાવસ્થામાં ખાશું. શેઠી! હમણાં રળીએ. પણ રળે કોણ? એમ કહે છે અહીં. અત્યારે તું રળવાનું કહે તો રાગને રળે એટલે રાગને કર. એ સિવાય હરામ કોઈ પૈસો મેળવવાનું કામ કરે અને છોડવાનું કામ કરે એ આત્મામાં છે જ નહિ એમ કહે છે અહીં.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ તો ઘણીવાર લાખવાર કહેવાય છે. એઈ..! આ તો કો'ક નવા આવ્યા હોય એને માટે જરી સ્પષ્ટીકરણ છે. ઈ તો અહીં ઘણા વર્ષથી સાંભળે છે. સમજાણું આમાં?

ભગવાન આત્મા દેહના રજકણથી જુદો, કર્મના રજકણથી જુદો, ચૈતન્યસ્વરૂપે બિરાજમાન અનાદિ-અનંત જ્ઞાનઘન, બસ! જો એ અજ્ઞાનભાવે કરે તો તે પુણ્ય-પાપના શુભાશુભભાવને કરે અને તેમાં તેને હરખ-શોકનું વેદન કર્મફળ એટલે વિકારી કાર્યનું ફળ વેદે. એ સિવાય એક રજકણને કરે કે કોઈ રજકણ દાળ, ભાત, શાક, બાયડીના શરીરને આત્મા ભોગવે એ ત્રણકાળ-ત્રણલોકમાં બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ. કહો, શેઠી!

શ્રોતા :— પોતાને મર્યાદિત ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— મર્યાદિત તો એના ક્ષેત્રમાં હોય કે બહાર ગરી જાય? એના અસંખ્ય પ્રદેશમાં અનંતગુણના ધામરૂપ ભગવાન પોતાના સ્વભાવની શક્તિના સત્તાને ચેતનને ભૂલે તો તેની દશામાં પર્યાયમાં રાગ-દ્વેષને કરે અને હરખ-શોકને ભોગવે. એટલો એનો અધિકાર અજ્ઞાનમાં છે. અજ્ઞાનમાં પણ એનો અધિકાર પોતાની પર્યાયને છોડી આગળ જઈને કોઈના કામ કરે કે કોઈને અનુભવે કે કોઈથી કામ લ્યે એવું એની દશામાં ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! સમજાય છે આમાં? આ ધંધા-બંધા હુશિયાર માણસ કેટલો કરતા હશે? એના મામાના છોકરાઓ કેટલું લાવે છે, શીંગના દાણા ને શું કહેવાય? ખટારા ખટારા. ખટારા નીકળે છેને, પછી અહીં પગે લાગવા આવે. જરી ડોકીયું કરી જાય. કહો, એ ખટારા-બટારાના વેપાર આત્મા કરી શકે કે નહિ? આહા..હા..! માસ્તર! આ ભણાવવાનું કામ કરી શકે નહિ, ભાષા દ્વારા, પુસ્તક દ્વારા?

શ્રોતા :— દેખાય છે, પણ આપ ના પાડો છો!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એમ કે આ કંપાઉન્ડમાં ના પાડે, બહાર... પણ આ ભાષા જે થવી એ આત્માનું કાર્ય જ નથી એમ કહે છે અહીં. ચોપડી આમ ઊંચી નીચી થવી એ આત્માનું કાર્ય જ નથી. અને છોકરો જે ભણવા બેઠો એ ચોપડી ઊંચી નીચી કરે એ એનું કાર્ય નથી. એનું કાર્ય તો ત્યાં રાગ થવો એટલું કાર્ય છે. આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ બધી સમજવા જેવી વાતું છે. એ તો એનો ઉઘાડ વધારે હોય તો. 'હિંમતભાઈ બહુ આવા છે, સમજાવનાર છે' એમ કહેવાય, છોકરાઓ કહે, બીજું શું? કહો, સમજાણું આમાં? બીજાને ભણાવવાના કાર્યને જીવ કરે, ત્રણકાળમાં બનતું નથી એમ કહે છે. કરો નક્કી, શું છે એનામાં? ચેતનામાં શું ચેતી શકે છે? શું કરી શકે એટલે કે ચેતી શકે છે? સમજાણું કાંઈ આમાં? શું બીજાને ભાષા દ્વારા, વાણી દ્વારા બોલીને ભણાવી શકે છે? રતિભાઈ! ભાઈ! એના પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી પરદ્રવ્યની મર્યાદા બહાર છે. પરદ્રવ્યની કોઈપણ પર્યાયના કાર્યને અજ્ઞાની મૂઢ જીવ પણ કરતો નથી અને વેદતો નથી. આહા..હા..!

હાથમાં લાડવો હોય, સૂતરફેણી.. સૂતરફેણી યાદ આવી ફાવાભાઈની. પણ હોય બહુ ઊંચી બરફી, સાલમપાક આવે છેને. આમ દાંતની જરૂર ન પડે એને. કહે છે કે હરામ એ આંગળી હલાવતો હોય આત્મા અને એ આમ કરવામાં જીભ ઊંચી કરી શકતો હોય આત્મા તો હરામ છે. આત્માની પર્યાયમાં એ રાગનું કામ કરે, એ સિવાય કાંઈ કરતો નથી. આહા..હા..! અને એ ક્ષણે એ લાડવો ને બરફી ભાંગવા મંડે એ ક્રિયા જડની જડને કારણે (થાય), એનું લક્ષ જાય ત્યાં એને ઠીક લાગે એ જ્ઞાનમાં જણાય કે આ મને ઠીક છે, એવો રાગ

કરે. એ રાગને વેદે. બાકી બરફીને આત્મા વેદી શકે એ ત્રણકાળ-ત્રણલોકમાં આત્માની પર્યાયમાં એ અધિકાર નથી. સમજાણું કાંઈ? આ ભારે વાત, ભાઈ!

આ બાયડી હુશિયાર હોય એ સારો શિરો કરે, લાડવા કરે. હુશિયાર હોય કે નહિ બહાર? બીજા બડથોલ જેવાને બેસાડો તો બધું બગાડી નાખે. એવા જાળીવાળા ઢોકળા-બોકળા કરે. નહિ? ઢોકળા થાય છે કે નહિ એવા? સરખા ચોસલા પડે તો જાણે બરફીના ચોસલા જોઈ લ્યો. એક ખૂણો આમ અને આમ ખૂણો નથી આવતા? આવે છેને? આમ કરે ને આમ કરીને આમ ચોસલું કરે. એ જો સરખું હોય તો જાણે મેસુભનું પીળું ચોસલુ જોઈ લ્યો, ખાય ત્યારે ખારું લાગે ભલે. પણ એવી રીતે સરખા આમ ને આમ ને ... એ તે કંઈ કળાની વાત છે કે કળા વિના થાતા હશે?

ઈ અહીં કહે છે કે હરામ એની કળાથી ત્યાં કાર્ય થતા હોય તો. કહો, શેઠ! અરે.. અરે..! ભારે વાત, ભાઈ! એ વખતે એને રાગ થયો એ રાગનું પરિણમન એણે કર્યું. ખાવાની ક્રિયા કાળે જડની ક્રિયામાં એને જરી પ્રેમ થયો, આહા..! એ પ્રેમ રાગને વેદે છે. પરચીજને કરે અને વેદે એના ત્રણકાળમાં સપનામાં એની પર્યાયમાં નથી.

શ્રોતા :— રાગને જ કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— બીજું શું કરે છે? ઈ જ આ માંડી છે સમજાવવા માટે. જેચંદભાઈ! હખ આવતું નથી, આમ આમ કર્યા કરે એ રાગને કરે છે, બીજું કાંઈ હરામ કરે તો. શરીર-બરીરને ફેરવે-બેરવે હરામ છે, એમ કહે છે. આહા..હા..! અરે..! એટલું એને સ્વતંત્રપણું પરથી ભિન્ન છે એટલો ખ્યાલ આવે તો 'આ વિકાર મારું સ્વરૂપ નહિ, હું તો ત્રિકાળ આનંદકંદ છું' એમ દૃષ્ટિ કરવાનો એને અવકાશ મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના છે અને ત્રિકાળી પ્રભુ આત્માને શુદ્ધજ્ઞાનચેતના (છે). બેને જ્ઞાનચેતના છે. '**તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને...**' હવે ફળ બતાવે છે જરી '**સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' જોયું? કર્મચેતના જ્યારે શુદ્ધજ્ઞાનચેતના છે ત્યારે તે કારણપરમાત્મા ત્રિકાળમાં, કાર્યપરમાત્મા પર્યાયમાં સહજફળરૂપ શુદ્ધજ્ઞાન, એના વેદનમાં પણ એકલું આનંદનું શુદ્ધજ્ઞાનચેતનાનું જ વેદન હોય છે. પોપટભાઈ! કેવળીને સહજજ્ઞાનના ફળનું વેદન છે અને કારણપરમાત્માને સહજજ્ઞાનના ફળનું અનાદિ વેદન છે. સમજાણું કાંઈ? શક્તિરૂપે. આહા..હા..! શું કીધું જુઓ,

કાર્યસમયસારને (અર્થાત્) સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માને કે કારણસમયસારને (અર્થાત્) ત્રિકાળી જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો ઘન જે કાર્યનું કારણ એને સહજફળ—સ્વાભાવિક ફળ છે. કેવળીને પણ સ્વાભાવિક અતીન્દ્રિય શુદ્ધજ્ઞાનચેતનાના આનંદનું ફળ છે. અને કારણપરમાત્મા ત્રિકાળ આત્મા છે એમાં એ સ્વાભાવિક ફળરૂપ શુદ્ધચેતના અનાદિથી પડી છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આથી,..**' જીવમાં-નિગોદના જીવમાં શુદ્ધજ્ઞાનચેતનાનું સહજફળ પડ્યું છે એમ

કહે છે. અનંતા નિગોદના જીવ એના શક્તિમાં સહજશુદ્ધજ્ઞાનચેતના કર્તૃત્વરૂપે અને સહજ જ્ઞાનફળ વેદન ફળરૂપે અનાદિનું પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખી પ્રભુ જીવરાશિ, જેટલી જીવરાશિ અનંત (છે) એના અંતર કારણમાં શુદ્ધજ્ઞાનચેતનારૂપી કામનું અને એનું સહજફળરૂપી આનંદનું, ફળરૂપે ત્રિકાળ આત્મામાં બધા ભગવાનમાં પડ્યું છે. કાર્ય થાય ત્યારે તેને પરમાત્મદશામાં નિર્વિકારી શુદ્ધ ઉપયોગનું જ્ઞાનચેતના કાર્ય અને શુદ્ધ ઉપયોગમાં પરમ આનંદના વેદનરૂપી ફળ. સમજાણું કાંઈ?

'**આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજકારણપરમાત્મા...** ' દેખો! આ કારણે આમાં સિદ્ધ એ કર્યું છે, આ કારણે '**સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ...**' સ્વાભાવિક જ્ઞાનચેતનાસ્વરૂપ ત્રિકાળ, સ્વાભાવિક શુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ ત્રિકાળ '**નિજકારણપરમાત્મા...**' પોતાનો નિજ પ્રભુ આત્મા '**સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી...**' ભગવાન આત્મા સર્વદા એકરૂપ હોવાથી '**ઉપાદેય છે,...**' એ ભગવાન આત્મા ત્રિકાળ આનંદકંદથી ભરેલો, શુદ્ધ જ્ઞાનચેતનાથી ભરેલો અનાદિ-અનંત પરમાત્મા પોતે '**સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ...**' ભગવાન આત્મા ધ્રુવ રહેવાથી. એ લાવ્યા શુદ્ધભાવ. અધિકાર ચાલે છે ઈ લાવ્યા. આવી દશા હોવા છતાં એને ત્રિકાળી ભગવાન શુદ્ધજ્ઞાન શુદ્ધભાવ એ જ અંતરમાં ઉપાદેય, અંતરમાં આદરણીય, આશ્રય કરવાલાયક હોય તો એ આત્મા ત્રિકાળી કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— ... વર્ણન પર્યાયનું...

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ વર્ણન તો પર્યાયનું કર્યું પણ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ ત્રિકાળ શુદ્ધ જ્ઞાનચેતના પ્રભુ ભગવાન બિરાજે છે એ જ આદરણીય, ઉપાદેય અને આશ્રય કરવાલાયક છે. ધર્મીજીવને એનો આશ્રય કરવાલાયક છે, બીજું કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એમ, હે શિષ્ય! તું જાણ.**' એમ લખ્યુંને. પાઠમાં છે ખરુંને, '**जाण अलिंगग्गहणं**' છેને ૪૬ ગાથા. '**अरसमरूवगंधं**'માં છેને છેલ્લું. '**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं**' જુઓ, એ તો કુંદકુંદાચાર્યનું વચન છે. જાણ. એનો અર્થ કર્યો. '**હે શિષ્ય! તું જાણ.**' આદેશ કર્યો. ભાઈ! તારા ભગવાનમાં તો ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના અને આનંદચેતના પડી છે. એ આનંદચેતના ત્રિકાળી પડી છે અને જ્ઞાનચેતના કાર્યરૂપે ત્રિકાળી પડી છે. આહા..હા..! ક્યાં એને વિશ્વાસ? અને ક્યાં એના વિશ્વાસના વહાણ ચલાવવા? ભગવાન આત્મા પૂર્ણ આનંદની ચેતના અને જ્ઞાનની ચેતનાના સત્ત્વના સ્વભાવથી ત્રિકાળ ભરેલું તત્ત્વ એ જ સમ્યગ્દૃષ્ટિ જીવે આદરણીય કરવાલાયક છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન થાય ત્યાં સુધી એ જ આદરણીય છે. કહો, સમજાણું? આહા..હા..! હવે આમાં પુણ્યભાવ આદરણીય અને પુણ્યભાવથી કલ્યાણ થાય એ ક્યાં રહ્યું? કેમ કર્યું?

'એવી રીતે એકત્વસપ્તતિમાં...' હવે આધાર આપે છે પોતે ટીકાકાર. **'(શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(मन्दाक्रांता)

आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः सान्नापि भिन्ना ह्ल तथैव।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे
भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्।।

વાહ! એકત્વ અધિકાર છેને? આ એકત્વ, આ પરથી પૃથકત્વ. એકત્વ, સર્વવિશુદ્ધમાં એકત્વ, પરથી પૃથકત્વ (કહ્યું).

આચાર્ય મહારાજ કહે છે, પદ્મનંદી આચાર્ય દિગંબર સંત ભાવલિંગી મહાત્મા જંગલમાં વનમાં વસતા થકા (કહે છે), **'મારું એમ મંતવ્ય છે...'** એમ કહે છે, જુઓ, વનવાસી દિગંબર સંત જંગલમાં વસતા પરમાત્માને સાધનારા કહે છે કે મારું તો એ મંતવ્ય છે, ભાઈ! કે **'આત્મા જુદો છે...'** ભગવાન આત્મા જુદો છે **'તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે;...'** પાછળ પાછળ જનારું એમ કીધું છે. ભાષા જુઓને. ભાષા તો જુઓ! આત્મા કર્મ લઈ જાય છે અને કર્મ આત્માને લઈ જાય છે એમ છે જ નહિ. જુદાં તે જુદે જુદાં પોતે પોતાને કારણે જાય છે. એ માટે આમ શબ્દ વાપર્યો છે. એકત્વ અધિકાર છે, વંચાઈ ગયો છે વ્યાખ્યાનમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ તો બીજી વાત કરી છે. સ્વભાવસ્વરૂપ તે પોતે સ્વભાવથી જાય-આવે એ પાંગળો છે, એમ કહે છે. ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એક સમયની વિકૃત અવસ્થા વિનાનું તત્ત્વ એ ક્યાં જાય? એ ક્યાં આવે? એ (કર્મ) તો પાંગળું છે. સમજાણું કાંઈ? એ વસ્તુનો સ્વભાવ તો જેમ છે તેમ ત્રિકાળ છે એમ બતાવવું છે ત્યાં. એથી એને કર્મ લઈ જાય અને કર્મ રાખે. કર્મ એટલે વિકૃત અવસ્થા અને કર્મ બેય એક માન્યે જાય, આવે. આત્મસ્વભાવ છે તે ક્યાં જાય? વસ્તુ ભગવાન આત્મા અનંતગુણની રાશિનો ઢગલો એ પોતે ક્યાં જાય? ક્યાં આવે? શેમાં ભળે? અને શેમાંથી ટળે? આહા..હા..! સમજાણું કાંઈ? એથી ત્યાં કર્મ એને વિકાર કરાવે છે એમ સિદ્ધ નથી કરવું. ભગવાન આત્મા શુદ્ધ પ્રભુ આત્મબ્રહ્મ આનંદકંદ એ પોતે વસ્તુ સ્વભાવે ક્યાં જાય? શેમાં ભળે? શું રાગમાં ભળી ગયો છે ઈ? કર્મમાં ભળી ગયો છે ઈ? ગતિના ઉદયમાં ભળી ગયું છે એ તત્ત્વ? આહા..હા..! સમજાણું કાંઈ? પરમાં તો નહિ પણ એની વિકૃત સમયની ઉદયદશામાં ભળી ગયું છે તત્ત્વ? આહા..હા..! એ બતાવવું છે ત્યાં.

ભગવાન ચૈતન્યગોળો... લ્યો વળી ગોળો. આ બરફના ગોળા છોકરા ખાતા નથી? કોઈ કહેતું હતું, ગોળો ખાઈશ નહિ હોં તાવ આવશે. એક છોકરાએ ખાધો હશે અને તાવ આવ્યો હશે. સમજાણું કાંઈ? બરફનો ગોળો ખાધો હતોને? તાવ આવ્યો. હવે ખાઈશ નહિ હોં! ખાવામાં પૈસા દેવા પડે ઈ ... મફતના પૈસા જાય. બરફ ખાય છોકરા. તાવ આવ્યો હતોને? એમ કરીને કહે, બરફ ખાઈશ નહિ હવે. સાંભળતો હતો. કાંઈક લાગે છે. અંદર હોય એ ખરું. ડબલ વાત પણ હોય અને એક વાત પણ હોય અને ઘણી બધી વાત હોય. ... આવે એમાં પૈસા બગાડી નાખે નહિ, તાવ આવ્યો હોય એને બતાવે કે જો, તાવ આવ્યો હતોને ખાઈને, માટે ખાવો નહિ. બરફને બગાડવો નહિ. પૈસા ન બગાડવા, એમ.

અહીં કહે છે, ભગવાન આત્મા પ્રભુ અનંત ગુણરાશિનો કંદ પોતે જુદો છે અને '**તેની પાછળ પાછળ જનારું...**' જોયું? આત્મા કર્મને લઈ જનારો એમ નહિ. ભઈ, આત્મા જાય ત્યાં આત્મા કર્મને લઈ જાય અને કર્મ જાય તો આત્માને કર્મ લઈ જાય. ના. આત્મા પોતે જ્યાં પોતાની યોગ્યતાથી જાય ત્યાં કર્મ પાછળ પાછળ પોતાથી જાય છે.

શ્રોતા :— ... પણ પાછળ-પાછળ જ કેમ જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પણ એનો પર્યાયનો ધર્મ. પાછળ શું વળી? છાંયો છાંયો કેમ પાછળ જાય છે? કહો. શરીર છે ત્યાં છાંયો શું છે? છાંયા પર ચીજ છે. એ શરીરની છાંયા નથી. છાંયાના પુદ્ગલોની જાત બીજી છે. શું કીધું? શરીર ચાલે ત્યાં ઈ છાંયો સાથે કેમ ચાલે છે? એ છાંયા બીજા અનંતા રજકણનો સ્કંધ છે. સમજાય છે? એ આ જ્યાં શરીર આમ ચાલ્યું તો ઈ ચાલે છે, શરીરને કારણે નહિ. ઈ ચાલે એટલે ઓલા અનંતા સ્કંધનું પરિણમન ભિન્ન ભિન્ન થાય છે ત્યાં. સમજાણું? ન્યાં આ છાંયો મટીને અહીં છાંયો (આવ્યો) ત્યાં અનંતા સ્કંધનું પરિણમન ન્યાં બીજું થાય છે. આ છાંયો ન્યાં જાય છે એમ નથી. આહા..હા..!

આ તો રજકણની હયાતીવાળું તત્ત્વ પાછળ પાછળ જાય છે એમ કહે છે. આ બીજી વાત છે. એ જ રજકણો પોતાની પર્યાયની લાયકાતથી જ્યાં આત્મા જાય ત્યાં પોતે પોતાથી જાય છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! બેય જુદાં. એકત્વ અધિકાર. એકત્વ અધિકાર. આત્મામાં શરીર નહિ, કર્મ નહિ અને કર્મમાં આત્મા નહિ. સમજાણું કાંઈ? આત્મા પોતાની લાયકાતની દશાથી જ્યાં ગતિ કરે પોતાથી ત્યાં કર્મ પણ પોતાની લાયકાતને કારણે ગતિ કરે છે. પાછળ પાછળ જાય પોતાને કારણે, આત્માને કારણે નહિ. આહા..હા..! હવે આપણે જૈનમાં તો કર્મ લઈ જાય આત્માને અને આત્મા કર્મ બાંધે એવી વાતું છે, કહે છે લ્યો. એઈ..! મોહનભાઈ! એમ છે જ નહિ.

ભગવાન આત્મા કર્મ બાંધે? કર્મ જડ વસ્તુ રજકણ છે એ તો, અજીવતત્ત્વ છે, અજ્ઞાનતત્ત્વ છે. આત્મા જ્ઞાનતત્ત્વ અજ્ઞાનતત્ત્વને બાંધે, ભેગા કરે અને એકઠા કરે? સમજાણું? અને આત્મા

કર્મને લઈ જાય સાથે? અહીંયા તો આત્મા જુદો છે માટે જુદી કર્મની ચીજ એ પોતાને કારણે આત્માની પાછળ પાછળ જાય. આ તો બરાબર છે, હોં! ઓલો છાંયો એ જુદી ચીજ છે. આ તો એના એ રજકણો જાય છે. અને શરીર જતા એ શરીરના રજકણો એના એ આમ છે, ઓલા સ્કંધના રજકણો એ નથી. અહીં જે છાંયારૂપે પરિણમ્યા હતા, ઈ આમ જ્યાં બીજે જાય ત્યાં ત્યાંના સ્કંધો છાંયારૂપે થાય, અહીં પડ્યા રહ્યા ન્યાં નવા થયા. શેઠ!

શ્રોતા :— હટાવી દે તો નહિ હટે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોણ હઠાવે? સ્વરૂપમાં ઠરે એટલે કર્મ એની મેળાએ વયું જાય એમ કહે છે. જુદું છેને એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છાંયા જોઈને ભૂત એને લાગે તો? ભૂત આવ્યું, એ ભૂત આવ્યું. ભાગ ભાગ. ક્યાં ભાગીશ પણ? પાછળ પાછળ આવ્યું આ તો. મેં હાથ ઊંચો કર્યો તો ત્યાં પણ હાથ ઊંચો થયો. એમ થાય કે નહિ? આમ હાથ કરે તો ત્યાં હાથ આમ થાય. એ.. ભૂત (છે). પણ એ તો પુદ્ગલના સ્કંધની છાંયા છે. સમજ તો ખરો. આહા..હા..!

'**આત્મા અને કર્મની અતિ નિકટતાથી...**' દેખો! એનો સંબંધ કરવાથી હોં! '**જે વિકૃતિ થાય છે...**' ભિન્ન પાડતા તો વિકૃત હોય નહિ પણ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સમીપમાં લક્ષ કરે તો વિકૃતિ થાય છે. એ આત્માને કારણે વિકારદશા થાય છે. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે આત્માથી જુદી છે. જોયું? એ પણ એવી જ રીતે જુદી એને કારણે જાય છે મારી સાથે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ તો જ્ઞાનનો ગોળો આખો, ચૈતન્યબિંબ પ્રભુ એને આ કર્મ એને કારણે આત્માની સાથે સાથે જાય અને કર્મના લક્ષે થયેલી નિકટતાથી-સમીપતાથી વિકાર એ પણ એની સાથે જાય છે, આત્માના સ્વભાવમાં એ છે જ નહિ. આત્માના સ્વભાવને લઈને વિકાર સાથે ચાલે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સમયનો વિકૃત ભાવ એ પણ ભગવાન ચૈતન્યગોળો જ્યાં જ્યાં ફરે ત્યાં એ પણ સાથે સાથે જાય છે, કહે છે. આહા..હા..! ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ એ રાગને પણ સાથે નથી લઈ જતો, એમ કહે છે. એના સ્વભાવમાં ક્યાં છે એ વસ્તુ? વિકાર ઉત્પન્ન થાય એ વિકાર અવસ્થા પણ ભગવાન અખંડ આનંદકંદની સાથે જાય છે. જુદે જુદાં છે કહે છે. એ પણ જુદો હોં પાછું. જેમ ઓલું કર્મ જુદું એમ સમીપતાથી વિકૃતભાવ એને કારણે આમ જાય છે. સ્વભાવે સ્વભાવને કારણે જાય, વિકાર વિકારને કારણે જાય. બેય જુદાં છે. સમજાણું આમાં? આહા..હા..! આ એકત્વ બતાવવું છેને. સ્વભાવ ભગવાન ચિદાનંદ પ્રભુ એકત્વ સ્વભાવે બિરાજમાન પરથી પૃથક્ છે, રાગથી પૃથક્ છે, કર્મથી પૃથક્ છે. આત્મા જાય ત્યાં કર્મ એને કારણે જાય, આત્મા જાય ત્યાં વિકાર એને કારણે વિકૃતની અવસ્થા ક્ષેત્રાંતર થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે.' કહો, આ દિવસ, ઘડી, એક દિ', બે દિ', ચાર દિ' એમ કહેવાય છેને? એ બધું ભગવાન આત્માથી જુદું છે. ક્ષેત્ર-બેત્ર આ મકાન ને આ ક્ષેત્ર ને આ ફલાણું, ઢીકણું એમ કહે છેને? આ અમારા મકાન ને આ અમારા નવ ખોળિયા ને આ અમારા ફલાણા, ઢીકણા. બધું આત્મ ભગવાનથી જુદું છે. કહો! જ્યાં બે-પાંચ, દસ વર્ષ રહ્યો હોય ત્યાં એ ક્ષેત્ર લાગે કે નહિ મારું? એ મકાન, એ ક્ષેત્ર. અહીં જન્મ્યા છીએ, અહીં મોટા થયા છીએ. ના, જન્મે કોણ? અને મોટો ક્યાં થાય? ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ જે ક્ષેત્રમાં દેખાય એ ક્ષેત્રથી તદ્દન જુદો છે. કહો, પોપટભાઈ! વઢવાણમાં મકાન-બકાન છે કે નહિ કાંઈ? નવા કરાવ્યા છેને હવે અહીં. એ ક્ષેત્રથી જુદો છે કહે છે. મકાન તો મકાનમાં રહ્યું. આ શેઠીએ કરાવ્યા, જુઓ, અહીં કરાવ્યા, ન્યાં જયપૂર કરાવ્યા છે. કહે છે કે કોઈએ કરાવ્યું નથી અને ક્ષેત્ર એનું આત્માનું છે જ નહિ એમ કહે છે. આહા..હા..! **'કાળ-ક્ષેત્રાદિક જે છે...'** જે છે પણ છે ખરી વસ્તુ આદિ. **'તે પણ (આત્માથી) જુદાં છે.'** આહા..હા..!

'નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે...' દરેક પદાર્થ પોતપોતાના ગુણની કળા નામ પર્યાય, ગુણ અને એની પર્યાય. દેખો! કાર્ય. દરેક દ્રવ્ય પોતાના ગુણ અને ગુણની કળા નામ પર્યાય એટલે કાર્ય એનાથી અલંકૃત નામ યુક્ત છે. દરેક દ્રવ્ય પોતાના ગુણ અને કાર્યથી યુક્ત છે. પર્યાયથી યુક્ત એટલે કાર્યથી યુક્ત છે. સમજાણું કાંઈ? રજકણે રજકણ એનું દ્રવ્ય, એના ગુણ અને એની પર્યાયથી અલંકૃત નામ સહિત છે. એટલે એ દ્રવ્યના ગુણની કળાને બીજો દ્રવ્ય-ગુણનો પર્યાય કળા કરે, કાર્ય કરે એમ બનતું નથી. સમજાણું કાંઈ? **'નિજ નિજ ગુણકળાથી...'** દરેક વસ્તુ પોતપોતાની શક્તિની કળા નામ કાર્યથી, શક્તિ અને એનું કાર્ય પર્યાય એનાથી અલંકૃત, અલંકૃત એનાથી જ શોભિત છે, એનાથી જ યુક્ત છે, એનાથી સહિત છે. દરેક દ્રવ્ય એના ગુણ અને પર્યાયથી સહિત છે એને બીજું દ્રવ્ય એની પર્યાયથી સહિત કેમ કરાવે? એ પર્યાયરહિત છે તો પર્યાયસહિત કરાવે? સમજાણું આમાં કાંઈ?

શ્રોતા :— મોરની કળા તો મોર કરતો હશેને?

પૂજ્ય ગુરુદેવશ્રી :— મોર એની પર્યાયમાં (કળા) કરે. કળા જડમાં શું કરે? ધૂળ. એ મોરપીછાનો એક એક રજકણ એનું દ્રવ્ય એના ગુણની પર્યાયની કળા, કળા નામ કાર્યસહિત તે પરમાણુ છે. મોરનો આત્મા એ કાર્યને કરે એમ વસ્તુ નથી. કારણ કે મોરનો એક આત્મા છે, એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના કાર્યથી અલંકૃત યુક્ત છે, એ રજકણો એના ગુણપર્યાયથી અલંકૃત યુક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! છગનભાઈ! શું હશે આ? તમે બધા કાર્યકર્તા કહેવાતા હતાને? કહેવાતા હતા. તે દિ' તો કહે કે કરી દઈએ અમે ગામનું.

નિજ નિજ ગુણકળા. દેખો! પ્રત્યેક આત્મા, પ્રત્યેક રજકણ, પ્રત્યેક કાળનો અણુ, ધર્માસ્તિ,

અધર્માસ્તિ, આકાશ પોતાની શક્તિરૂપે ગુણ, એની કળારૂપે પર્યાય એનાથી અલંકૃત શોભિત, શોભિત છે, યુક્ત છે, સહિત છે. '**આ બધુંય જુદે જુદું છે...**' આહા..હા..! ભારે વાત, ભાઈ! એકત્વની ગાથા પણ આધારમાં એવી મૂકી! કહો, સમજાણું? બીજાના દ્રવ્યની પર્યાયને શોભા દઈ શકે, લૂંટી શકે એવું કાંઈ છે કોઈ દ્રવ્યમાં કે નહિ? બીજા ઝાઝા દ્રવ્ય શું કામના? આત્માને કામ ન આવે તો કામના શું? આત્માને કામના એના ગુણની પર્યાય અલંકૃત સહિત તે એનું કામ. આહા..હા..! આ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવનું આ કથન છે. સમજાણું? એનું જ્ઞાન એમ કહે છે. એના જ્ઞાનમાં એમ જણાણું છે.

એ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનું જ્ઞાન એમ જાણે છે કે દરેક પદાર્થ અનંત જેટલા છે તે દ્રવ્ય પોતાની શક્તિરૂપે ગુણોનો પિંડ અને એની પર્યાયનો અલંકૃત એની અવસ્થાના કાર્યની અલંકૃત શોભિત એની પર્યાયથી શોભિત છે. એ પર્યાય એનાથી એ સહિત છે, બીજાને કારણે પર્યાય સહિત છે એમ કોઈ દ્રવ્ય જગતમાં ત્રણે કાળમાં છે નહિ. ઓહો..હો..! ભારે વાત, ભાઈ! અરે..! જવાનજોધ જેવા માણસ હોય, પચ્ચીસ પચ્ચીસ વર્ષના, મોટી લોઢાની લાકડી આમ અધમણની હોય એને લઠ કરીને ચાલતા હોય, લ્યો આમ ધમ ધમ. લાકડાની શું કરવા રાખે? હલકી હોય. ઓલી મારવામાં કામ આવે. કો'ક દિ' બળદ, સિંહ સામે આવ્યો હોય તો. જોડા પહેરે આમ ધમ.. ધમ. અને એમાંથી પચ્ચીસ-પચાસ સરખાઈના હોય સાથે અને બધાએ આવડા આવડા ... જોડા પહેર્યા અને હાથમાં ઓલું હોય. ચાલો, ચાલો. ઝપટ કરો, માર્ગ કાપો, માર્ગ કાપો. શેઠ! શું થતું હશે? આ બધે ફરવા જાતા નથી? ફરવા જાય ત્યાં છોકરાઓ બહુ ઝપટ કરે હોં! કોણ મોઢાઆગળ પોગે છે ને કોણ દોડે છે અને કોણ હાંફે છે. આટલું ચાલ્યો તોપણ હું હાંફ્યો નથી હોં! અને તું આટલે આવ્યો ત્યાં હાંફી ગયો એમ કહે. અરે.. અરે..!

દરેક દ્રવ્ય પોતાના ગુણની કળા નામ પર્યાય, કળા નામ અવસ્થા, કળા નામ દશા એનાથી અલંકૃત છે, એનાથી જ એનો અલંકાર છે, એ જ એના અલંકાર સહિત-યુક્ત છે. એ ન હોય તો તે દ્રવ્ય હોઈ શકે નહિ. આહા..હા..! કહો, શુકનચંદજી! કેટલું કરે હવે? ઘંટીનું પડ આમ હલાવી શકે કે નહિ? હલાવતા? ભઈ ઘંટીને હલાવો, સારો લોટ કરો, લોટ. તાજો લોટ કરો, આમ કરો, ઘંટીને હળવી કરો. લાકડું હોય એને ખેંચી રાખો. પાટલી ખેંચો તો ઉપરની પડ આમ દબાય, તો ઝીણો લોટ થાય. જાડું કરવું હોય તો પાટલીને આમ ખોસે જરી અંદર આઘી નાખે અને પડ ઊંચું થાય તો જાડો લોટ થાય. અરે.. અરે..! આ તે ભ્રમણા. કેટલી ભ્રમણા પણ!! એમાં એકવાર નજર થઈ હોય તો કરે ઈ ખ્યાલ રહી જાય બધો. તે દિ' જોયું હોયને? અત્યારે કોણે જોયું હતું ન્યાં? ઘંટીને હળવી કરો. હવે તો ઘંટા ક્યાં રહ્યા તમારે? ઘંટી હળવી કરો, ભારે કરો એમ બોલે. સમજાય છે? કોણ ભારે કરે? અને કોણ હળવી કરે? સાંભળને. એક એક પરમાણુ પોતાની ગુણની પર્યાયના અલંકાર યુક્ત

છે એને બીજો કરી શકે ઈ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..!

'(અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે).' આહા..હા..! પરની દયા પાળી શકે એવું આમાં આવે કે નહિ? ભાઈ! ભગવાનના ઉપદેશમાં ઈ છે જ નહિ, બાપા! તને ખબર નથી. ભગવાન તો કહે છે કે એની પર્યાયથી સહિત એ છે તો એની પર્યાય તું ક્યાં કરે છે? તારી પર્યાયથી નવરો છો તું તે એની પર્યાય કરવા જાય છે? કે એ પર્યાય વિનાનું છે કે એ પર્યાય તારાથી થાય એમાં? આહા..હા..! શાંતિ થઈ જાય ફટ દઈને એને. શરીરના રજકણે રજકણની પર્યાય એને કારણે પરિણમી રહી છે. એને લઈને આત્મામાં દુઃખની પર્યાય થાય એ ત્રણકાળમાં છે નહિ, એમ કહે છે.

શ્રોતા :— શરીરના કારણે દુઃખ નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— બિલકુલ નહિ. પરદ્રવ્યની પર્યાયને કારણે અહીં દુઃખની પર્યાયનું થવું નથી. સમજાણું? જેચંદભાઈ! હળવે હળવે... આવું સ્પષ્ટીકરણ થાય છે એની અપેક્ષાએ તો હા પાડેને. પછી ભલે ઉંહકારા કરે અંદર. પણ એ ઉંહકારો પણ જડના રજકણની પર્યાયથી પરિણમતો થાય છે અને દુઃખનો ભાવ તે જીવે પોતે કર્યો તો થાય છે. એ ઉંહકારાથી નહિ અને વેદન થયું દુઃખનું માટે ઉંહકારો થયો એમ પણ નહિ અને શરીરમાં રોગ છે માટે ઉંહકારો થયો એમ પણ નહિ, શરીરમાં રોગ (છે) માટે દુઃખનો દ્વેષ થયો એમ પણ નહિ. એમ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? સૌના ચોકા જુદાં છે, કહે છે. સોના સ્વતંત્ર સ્વરાજ્યમાં બિરાજમાન દરેક દ્રવ્ય છે.

શેઠ! શું કરે આ બીડીનું ને આ તમાકુનું? કેટલી તમારે તો મોટરું છે. જાઓ, અહીં મોકલો, અહીં મોકલો. કહે છે, કાંઈ કરતો નથી. ઓલા ગામમાં ... ત્યાં અમુક મોકલજો. કેવી મોટર કહેવાય ઈ? એકદમ ચાલે ઈ. સાધારણ મોકલજો, બીજે ઠેકાણે સારી મોકલજો. ગમે ત્યાં ચાલે એવું છેને? જીપ ગમે ત્યાં ચાલી જાય. ખેતર-બેતર આડીઅવળી, ઓલી મોટર મોકલશો નહિ, ભાઈ! એ તો અમુક પાક્કી હોય ત્યાં જાશે. આવું કહેવું અને વળી કહે કે આપણાથી કાંઈ થાય નહિ. આહા..હા..! એ કહેવાની પર્યાય આત્માની નથી. પરમાણુ પોતાની પર્યાયથી યુક્ત સહિત તે ભાષા શોભી રહી છે. આત્માને કારણે ભાષા ત્રણકાળમાં ત્રણલોકમાં થતી નથી. આહા..હા..! 'ભગવાનની ધ્વનિ નહિ? તો પ્રમાણ નહિ રહે.' એવા પ્રશ્ન થાય છે. હવે સાંભળને ભગવાન! તું ઊંધું ક્યાં મારે છે? ભગવાનની ધ્વનિ હોય? ભગવાનને તો જ્ઞાન હોય, આનંદ હોય. એને હોય. ભગવાનને વાણી હોય? જડ હોય? જડની પર્યાય જડથી શોભી રહી છે. ભગવાન છે માટે વાણીની પર્યાય થાય છે એમ નથી. આમ જુદે જુદાં તત્ત્વોની દૃષ્ટિ કર્યા વિના એ પરથી ખસીને સ્વમાં આવી શકશે નહિ. સમજાણું કાંઈ?

'વળી (આ બે ગાથોઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે

છે) :—' લ્યો.

(मालिनी)

असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्
रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।
इत जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां
भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्।।७०।।

'**શ્લોકાર્થ :— બંધ હો કે ન હો...**' ભગવાન આત્માની સાથે કર્મના નિમિત્તનો બંધ હો કે નિમિત્તનો અભાવ થઈને મોક્ષ હો, '**સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ...**' બધું વચિત્ર મૂર્તદ્રવ્યજાળ '**(અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે...**' ભગવાન શુદ્ધ પરમાત્મા પોતે એનાથી આ બધું તદ્દન વ્યતિરિક્ત નામ જુદું છે. જુઓ, આ પોતે મુનિ (કહે છે). '**એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.**' જુઓ ભાષા! એમ જિનદેવ પરમેશ્વર વીતરાગદેવનું વચન એ નિમિત્તથી કહ્યું પાછું. બુધપુરુષોને કહે છે. એ ડાહ્યા પુરુષોને એમ કહે છે કે તારા ભગવાન શુદ્ધ સ્વરૂપથી બધું તદ્દન નિરાળું છે. તારે અને એ સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! એમ '**जिनपति**', છેને '**जिनपति**'? એટલે જિનદેવ. આહા..હા..! '**वक्ति शुद्धं**' એનું શુદ્ધ વચન. વચનોને શુદ્ધ વચન કહ્યા. વચન તો છે ઈ છે, પણ ઓલું સત્યનું પરિણમન છેને. વાણીમાં સત્ય સ્વપર કહેવાની તાકાત છે. વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. એવી યથાર્થ વાણી છે એને અહીંયા શુદ્ધ વચન કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એ '**બુધપુરુષોને કહે છે.**' ડાહ્યા પુરુષોને એમ કહે છે. મૂર્ખાઓને કહેશે તો એ સમજશે નહિ, કહે છે. આહા..હા..! ભગવાનનું જિનપતિનું વાક્ય શુદ્ધ છે. '**वक्ति शुद्धं**' છે. પોતે શુદ્ધ છે અને વાણી પણ શુદ્ધ છે. 'વચનામૃત વીતરાગના' કહેવાયને? પણ એ વાણી બુધપુરુષોને એમ કહે છે, કે તારા શુદ્ધ જીવને અને પરને કાંઈ સંબંધ નથી, નથી, ત્રણકાળમાં નથી. એવા શુદ્ધ જીવને તું સમજ. એમાં દષ્ટિ કર અને એમાં તું રમ એમ ભગવાનની વાણીમાં એમ આવે છે.

'**આ ભુવનવિદિતને (—આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ.**' દેખો! આ જગતપ્રસિદ્ધ સત્ય છે, કહે છે. જુદાં જુદાં છે એ જગતપ્રસિદ્ધ છે. જુદાં કહેવું, અનંત કહેવું, અનંત આત્મા કહેવા એ તો જગતપ્રસિદ્ધ થઈ ગયું. અનંત છે ભિન્ન ભિન્ન '**ભુવનવિદિતને (—આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ.**' એમાં વિશેષ વ્યાખ્યા છે થોડી...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૧૪, મંગળવાર, તા. ૧૯-૦૪-૧૯૬૬,
શ્લોક-૭૦, ૭૧, ગાથા-૪૭, પ્રવચન નં. ૫૫

નિયમસાર, મોક્ષનો માર્ગ. એની ૪૬ ગાથાનો છેલ્લો કળશ (છે). થોડો એક શબ્દ રહ્યો છે થોડો. આ આત્મામાં અવસ્થામાં બંધ હો, સંબંધ કર્મનો કે રાગાદિનો, કે સંબંધ ન હો **'સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ...'** બધા પ્રકારના વિકલ્પો અને રાગાદિ મૂર્ત કર્મ આદિ એ **'શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે...'** ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય એનાથી એ બધુંય જુદું જુદું જુદું ત્રિકાળ જુદું છે. સમજાણું? **'એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.'** એમ વીતરાગી વાણી ડાહ્યા પુરુષોને એમ કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ સંસારાવસ્થામાં હો કે મોક્ષમાં, વસ્તુ તો ત્રિકાળ રજકણ અને રાગથી નિરાળી ચીજ છે. સમજાણું કાંઈ?

શુદ્ધભાવ અધિકાર છેને. એકલો ચૈતન્યસૂર્ય સત્ત્વ, સત્ સત્તા એ સંસારની એક કૃત્રિમ ક્ષણિક અવસ્થાના ભાવમાં હો કે નિર્મળ અવસ્થા-દશા (હો), વસ્તુ તો ત્રિકાળ એકરૂપ વિકૃત વર્ણ, ગંધ, રસ આદિ જડની કળા કે રાગના ભાવ એનાથી તદ્દન ભગવાન આત્મસ્વભાવ તદ્દન વ્યતિરિક્ત જુદો છે. એમ વીતરાગની વાણી સત્ય બુધપુરુષોને કહે છે. સમજાણું કાંઈ?

'આ ભુવનવિદિતને...' કહે છે કે આ તો જગતમાં પ્રસિદ્ધ છે કે જડ તે ચૈતન્ય ન હોય અને ચૈતન્ય તે જડ ન હોય. એ તો જગતમાં પ્રસિદ્ધ છે તો **'હે ભવ્ય! તું સદા જાણ.'** દેખો! સદા એમ જાણ કે હું ચૈતન્ય શુદ્ધ ચૈતન્યજ્યોત છું. મારે અને વાણીને, ખોંખારાને, ક એવો જે અવાજ ઉઠે એ બધા પદાર્થ મૂર્ત છે, એનાથી તદ્દન નિરાળું મારું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ આત્મા બોલતો નથી, આત્મા ખોંખારો ખાતો નથી.

શ્રોતા :— ક્યો આત્મા?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ આત્મા.

આત્મા ચૈતન્યજ્યોત કહીએ તેમાં ખોંખારો અવાજ, અ, ક એવો ધ્વનિ એ તદ્દન મૂર્ત છે એનાથી ભગવાન તદ્દન નિરાળું તત્ત્વ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ કંઠને, પણ એ તો જડ (છે). ચૈતન્યના તત્ત્વથી કંઠનું તત્ત્વ તદ્દન જુદું છે.

શ્રોતા :— શુદ્ધ જીવને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ત્રિકાળ જીવમાં. શુદ્ધ એટલે જીવ જ એને કહીએ. જીવ જ એને કહીએ કે જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેને જીવ કહીએ. કહો, એમાં કંઠ સારો ને આમ, કહે

છેને માણસ. કંઠ તો કંઠમાં રહ્યો જડનો, મૂર્તની પર્યાય. એમાં આત્મામાં ક્યાં આવી (પર્યાય)? અવાજ આત્મામાં ક્યાં આવ્યો?

શ્રોતા :— અવાજથી તો ઓળખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— અવાજથી ઓળખાતો નથી, એ તો જ્ઞાનથી ઓળખાય છે. જ્ઞાનસ્વરૂપ તે આત્મા છે. બધાને દેખવાવાળો દેખે તે આત્મા છે. દેખાય તે આત્મા નહિ. દેખવાવાળું તત્ત્વ તે આત્મા છે.

અહીં શું વચન છે? વીતરાગદેવનો આ મહાન સિદ્ધાંત સત્ય છે એમ કહે છે. અને તે ભુવનવિદિત છે, એમ. જગતમાં એ પ્રસિદ્ધ છે. જડ તે ચૈતન્ય ન હોય અને ચૈતન્ય તે જડ ન હોય. બેય જુદે જુદાં છે. એમ શિષ્યને (કહે છે), '**હે ભવ્ય! તું સદા જાણ.**' સદા જાણ. હવે ૪૭ (ગાથા).

जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।
जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.

વળી સંસારી કહેવા અને ... એવા એમ કહે છે.

'**ટીકા :— શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે...**' ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યજ્યોત વિજ્ઞાનનું ઘન તત્ત્વ એની દૃષ્ટિએ, દ્રવ્યાર્થિકનયે, દ્રવ્યસ્વરૂપ વસ્તુસ્વરૂપ એનો કાયમી અસલ સ્વભાવ જોનારની દૃષ્ટિએ જોઈએ. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે...**' એમ શબ્દ છે. '**સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**' કહો, સમજાણું આમાં? સંસારી દશામાં કે મુક્ત દશાની પર્યાયમાં કાંઈ ફેર નથી, વસ્તુના તત્ત્વના સ્વભાવ જોતા. સંસાર કે મુક્તના દશામાં પર્યાયમાં (ભેદ છે), વસ્તુસ્વભાવ જોતા વસ્તુમાં કાંઈ ફેર નથી. કહો, સમજાણું? હવે જરી સિદ્ધની વાત કરે છે. સિદ્ધ કેમ થયા એમ બતાવીને એને સંસારી સાથે મેળવશે.

'**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' નિકટ નિકટભવ્ય જેની મુક્તિની તૈયારી થઈ અને મુક્તિ પામ્યા. અતિ-આસન્ન નિકટ જેનો મુક્ત સ્વભાવ પ્રાપ્ત થવાની લાયકાતવાળા થયા '**તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...** ' સંસારદશામાં મુક્તના નજીકપણે જેની મુક્તિ હતી એવા જીવો સંસારના ક્લેશથી થાકેલા જીવ. એ સંસારના રાગ-દ્વેષ અને વિકારથી થાક્યા હતા, થાક લાગ્યો હતો. દુઃખથી વેદનથી થાક લાગ્યો હતો. સમજાણું કાંઈ? ભગવાન આત્માના આનંદસ્વરૂપ એનાથી વિરુદ્ધ ચાર ગતિના ભાવ એ બધો ક્લેશ, દુઃખ હતું. '**સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...**' એમ કેમ કહ્યું? જુઓ, એણે પુરુષાર્થ કર્યો એમ કહે છે. કોઈ કર્મ મંદ પડ્યું અને આમ થયું

એમ છે નહિ. સંસારના ક્લેશ. ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એનાથી આ વિકલ્પની જાળ એ ક્લેશ છે. ચાર ગતિના ભાવ એ બધા ક્લેશરૂપ છે. જુઓ, એ સંસારક્લેશથી થાક્યા. એ શુભ-અશુભભાવ બધો સંસારક્લેશ છે. સમજાણું કાંઈ? એમાંથી થાક્યા. થાક લાગે ઈ વિસામો ગોતે. શું કહે છે? મહાક્લેશ. ભગવાન આત્મા અનાકુળ આનંદનો ધામ છે સ્વભાવ ભગવાન. અનાકુળ શાંત.. શાંત.. શાંત.. એમાં તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ પણ જેમાં ક્લેશ છે, જે સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એકલું ચૈતન્યબિંબ એની દશામાં જે ચાર ગતિના ભવના કારણરૂપ ભાવ ક્લેશ લાગ્યા, ક્લેશ લાગ્યા. સમજાણું કાંઈ?

'સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા...' પાછા હોં! મનમાં જેને દુઃખ લાગ્યું છે, ક્લેશ સંસાર. આ ઈન્દ્રના ઈન્દ્રાસનના ઈન્દ્રાણીઓના ભોગ તરફની વૃતિ પણ દુઃખરૂપ અને ક્લેશ લાગી છે. અબજો રૂપિયાની સગવડતાના સંગમાં પડ્યા એને આમ અંદર લક્ષ જાય છે તો બહારમાં એને ક્લેશ લાગે છે. અરે..! શીતળસાગર ભગવાન આત્મા એમાંથી આ વિકલ્પની જાળ તે ક્લેશ, ક્લેશ, ક્લેશ, ક્લેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— સંસારક્લેશ તો... દુર્ગતિમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :— દુર્ગતિ કોણે કીધી? ચાર ગતિ ઈ દુર્ગતિ જ છે. ચાર ગતિ પહેલેથી કીધી છે. જે ભાવથી સ્વર્ગ મળે તે પણ ક્લેશ છે. જે ભાવથી નરક મળે તે ભાવ ક્લેશ છે. જે ભાવથી પાંચ, પચાસ કરડો, અબજ રૂપિયા મળે એ ભાવ ક્લેશ છે. જે ભાવથી પ્રતિકૂળતા નરકના સ્થાન મળે એ ભાવ પણ ક્લેશ છે. સગવડતા કોને કહેવી? કીધુંને, સગવડતામાં લક્ષ જવું કે 'આ મને મળી' એ ભાવ ક્લેશ છે. આહા..હા..! ઈ તો સવારમાં આવ્યું હતું કે નહિ? આહા..હા..!

ભાઈ! કહે છે, પ્રભુ! આમ ક્લેશ લાગ્યા હોં! રાજકુમાર આમ અઢાર અઢાર વર્ષના, આમ સાંભળ્યું.. અરે..! ભગવાન પરમાત્મા પાસે જયકુમારે દીક્ષા લીધી એમ સાંભળ્યું. ભરતના પુત્રો આવે છેને? ૧૦૮ રાજકુમાર મહા મણિરતનના પૂતળા જેવા આમ રમતા હતા હોં! ગેડીએ, મણિરતનની ગેડીએ. જયકુમાર છન્નુ કરોડ પાયદળનો સેનાપતિ, જેને પિતાજીએ મેઘેશ્વરની ઉપમા આપી છે. ભરતજીએ. એ દીક્ષિત થઈ ગયા. ભગવાન પાસે નગ્ન મુનિ થઈ ગયા. જ્યાં કાને અવાજ પડે છે, આહા..! અરે..! આ ક્લેશથી હવે જઈ ભાગીએ. સમજાણું કાંઈ? એવા સંસારના ક્લેશથી થાકેલા ચિત્તવાળા. સમજાણું?

દીક્ષા થાય છેને. દીક્ષા લેવા એના માતા-પિતા પાસે કહે, માતા! આ સંસાર ક્લેશ હવે અમારાથી સહન નથી થતું. પણ આ મણિરતનની શિલાઓ પડી છેને મકાનમાં? મણિરતનની શિલાઓ. આ તમારી શું કહેવાય? લાદી નહિ. મણિરતનની શિલાઓ-લાદી. ઘરમાં મણિરતનની શિલાઓ. આખા મકાનમાં હોં! દીકરા! છેને આ? માતા! અગ્નિની જ્વાળા અમને દેખાય છે, ક્લેશ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમારો શીતળસાગર ભગવાન જેમાં પ્રવેશ

કરવાથી શાંતિના શેરડા, આનંદના ઝરણા ઝરે એવા ભગવાન આત્મા પાસે જવા જાઈએ છીએ હવે. માતા! થાકી ગયા છીએ, થાકી ગયા. પણ આ બધું છેને? શું છે પણ આ? માતા! જ્યાં નજર નાખીએ છીએ ત્યાં ક્લેશ ઉત્પન્ન થાય છે. ત્યાં ક્યાંય શાંતિ નથી. આહા..હા..!

છ ખંડના ચક્રવર્તીઓ ભાગ્યા હશે, શું કરવા ભાગ્યા હશે? સમજાણું કાંઈ? છન્નુ હજાર સ્ત્રીની આમ સંપદા, પણ આ ભાનસહિતની, પાત્રતાસહિતની વાત (છે), હોં! આહા..હા..! એમાં અંતર આત્મા આનંદસ્વરૂપ એની અંતરમાં રુચિની જમવટ જ્યાં અંતર થઈ છે, કંઈ જગતમાં ચોર્યાશીના અવતારનો કોઈ ભવ, ભાવ અંદર રુચતો નથી, રુચતો નથી. સમજાણું કાંઈ? આમ ભાન વિના નીકળી જાય એમ ન કહ્યું. સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા કહ્યા. આમ તો અનંતવાર બાવા થઈ ગયા, નગ્ન મુનિ દિગંબર આદિ. એને અંતર વસ્તુ શું છે, એની કેટલી પાત્રતા જોઈએ એની દશામાં, સમજાય છે? એ વસ્તુની સ્થિતિ અલૌકિક ચૈતન્ય ભગવાન આત્મા એવા આનંદસાગરને જરી સ્વાદમાં લીધો છે. સમજાય છે કાંઈ? એથી આ ક્લેશ, સંસાર થાક.. થાક.. થાક.. પ્રભુ! આ સંસારક્લેશથી અમે થાક્યા છીએ.

એવા '**સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' જુઓ ભાષા! છેને? સ્વાભાવિક આત્માના આનંદના આશ્રયમાં સ્વાભાવિક વૈરાગ્ય તત્પર થવાથી, સ્વાભાવિક વૈરાગ્ય. (સંસારનો રસ) ઊડી ગયો છે અંદરથી. અંતરના સત્તાના ચોસલા આનંદની આગળ સહજ .. મન થાકી ગયું છે આમ. સ્વાભાવિક અભાવ, પરના અભાવરૂપ સ્વભાવનો ભાવ એમાં એને વૈરાગ્ય વૈરાગ્ય પરથી થઈ ગયો છે. સમજાણું કાંઈ? '**સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...**' સ્વાભાવિક '**વૈરાગ્યપરાયણ થવાથી...**' આહા..હા..!

સમયસારમાં આવે છેને આઠમી ગાથામાં, ભાઈ! મુનિઓ સંતો ધર્મ કહે છે, સાંભળનારા આમ ટગટગ, ટગટગ ઘેંટાની પેઠે જોવે છે, હોં! અરે..! આ શું છે? આ શું છે? આઠમી ગાથામાં આવે છે. સાંભળનારા આવા હોય ... કહે છે. આહા..હા..! કોઈ બીજો વિકલ્પ નથી, બીજું લક્ષ નથી. આમ ટગટગ (જોવે છે). ઘેંટા જેમ ચાલેને એક પછી એક, એમ આ અનુકરણ કહેનાર તત્ત્વના સ્વભાવનું શું કહે છે આ? એને આમ ટગટગ, ટગટગ, ટગટગ જોવે છે. એવો પાઠ છે. આહા..હા..! એને અંદરમાં જ્યારે વૈરાગ્ય થાય છે તો આ એને કહે છે કે ભાઈ! એ આત્મા તો આનંદ અને દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય એવો આત્મા છે. ભાઈ! એ આત્મા શરીરને, રાગને પ્રાપ્ત થાય એ આત્મા હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં તો અસ્તિથી વાત કરી. ભાઈ! જે આત્મા આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને પ્રાપ્ત થાય, પ્રાપ્ત થાય આમ વળીને પ્રાપ્ત થાય, રાગાદિથી પરથી વળીને આને પ્રાપ્ત થાય તેને આત્મા કહીએ. આહા..હા..! સમજાણું?

ટીકાકાર શું કહે છે જુઓ તો ખરા! આમ આ ભડકામાંથી ભાગે જેમ સળગતો હોયને, સળગતું ઘર હોય અને એમાંથી જેમ ભાગે, એમ ભગવાન આત્માની શીતળતાની દૃષ્ટિ જ્યાં

થઈ છે, એ વિકલ્પના ક્લેશથી ભાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી છે કે નહિ થોડી? અહીં તો કેટલાક વાટ જોઈને બેઠા છે કેટલાક. કહો, સમજાણું આમાં? આહા..હા..! એ ક્લેશથી ભાગીને ભગવાનને ભેટો કરવા જાય છે. હવે નહિ રે નહિ! એવો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્મા અંદર રુચ્યો છે, અંદર રુચ્યો છે. આમ અંદર દૃષ્ટિમાં આમ દેખાય છે. સમજાય છે? એકલું ચૈતન્યનું નૂર જ્ઞાનાનંદ ભગવાન છે. એમ અંતરમાં રુચિમાં, અભિપ્રાયમાં બેસી ગઈ છે ચીજ. એ સંસારના ક્લેશથી થાકી અને હવે અંદરમાં જવા માંગે છે. આહા..હા..!

શ્રોતા :— ભડકાથી ભાગ્યા એ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ કીધુંને એ ભડકો તો આ ભડકો. એ ક્લેશના ભડકા, પુણ્ય પાપના વિકલ્પોનો ભડકો સળગે છે ત્યાંથી ભાગે છે, એમ કહે છે. બહારની ક્યાં વાત છે અહીં અંદરમાં. આહા..હા..! ઈ એક શ્લોક કહેતા કીધુંને, હમણાં નહોતું કીધું રાતે ભાઈ? એ ચૌદમા અધ્યયનમાં એક આવે છે. એ વખતે. એ જીવનો અધ્યાય આવે છે. એમાં શ્લોક આવે છે. બેને જાતિસ્મરણ થાય છે. બે છોકરાને, નાના બાળક છે (તેને) જાતિસ્મરણ થાય છે. આત્માનું જ્ઞાન, ભાન થાય છે. એ બધી કલ્પિત વાતો લખી છે અમુક. પણ આપણે એ શૈલીથી... સમજાણું? પછી માતા-પિતા કહે છે, જ્યારે રજા નથી આપતા ત્યારે કહે છે, 'અજૈવ ધમ્મમ પડિવઙ્ઙ્યામો, જહિં પવન્નામ પુણં ભવામો, અણાગયં નેવ ... કિંચી, તથા ... વિણહી તુરાગમ..' હે માતા! જનેતા! હે પિતા! 'અજૈવ ધમ્મમ પડિવઙ્ઙ્યામો...' માતા! ક્લેશથી અમે થાકેલા છીએ અને આજ જ અમે આત્માના ચારિત્રને અતીન્દ્રિય આનંદને અંગીકાર કરશું. 'જહિં પવન્નામ પુણં ભવામો...' હે જનેતા! તને એકવાર રોવરાવી અને આ દીક્ષિત થઈને ફરીને અમે બીજો ભવ નહિ કરીએ. 'જહિં પવન્નામ પુણં ભવામો' હે માતા! અમે આત્માના આનંદના સ્વરૂપની સ્થિરતા ગ્રહણ કરી 'ન પુણં ભવામો' માતા! ફેર અવતરશું નહિ હવે. કોલકરાર કરીએ છીએ, માતા! આહા..હા..! એ અંતરની પાત્રતા અને અંતરના આનંદના ઉછાળા.. સમજાય છે કાંઈ?

અને કહે છે પછી એક ત્રીજું પદ 'અણાગયં ન એવ અત્થી કિંચી' હે માતા! અનંતકાળમાં અણપામેલી કોઈ ચીજ બાકી રહી નથી. આ જગતમાં અનંતી ચીજોમાં અણપામેલી બહારની કોઈ ચીજ બાકી રહી નથી. સમજાય છે કાંઈ? એ ભગવાન એક અણપામેલો આત્મા એને પહોંચવા પ્રભુ અમે હવે નીકળીએ છીએ. આહા..હા..! 'અણાગયં ન એવ અત્થી કિંચી' અનંતકાળમાં માતા! શું નથી મળ્યું? સ્વર્ગ મળ્યા, અબજોપતિ થયા, રાણીઓ હજારો મળી, શરીરની નીરોગતા અનેકવાર શરીરના ચામડાના પ્રકાશ અનંતવાર એવા મળ્યા, માતા! જગતની કોઈ ચીજ અણપ્રાપ્ત છે એવો કોઈ સમય રહ્યો નથી. '...' માતા! શ્રદ્ધા કરો, શ્રદ્ધા કરો, ક્ષમા કરીને રજા આપો. સમજાય છે કાંઈ? બે છોકરાઓને જાતિસ્મરણ થાય છે, બ્રાહ્મણના.

એણે તો વાત કલ્પી છે, પણ આપણે એમાંથી આ વસ્તુ-તત્ત્વ કાઢવું છે. સમજાય છે કાંઈ? એકદમ આમ કહે છે, માતા! રજા દે, જનેતા! રજા દે. ફરીને અમે જનમ નહિ લઈએ હોં! આહા..હા..! આ તે કોલકરાર! નહિ જન્મીએ, મા! બીજી મા નહિ કરીએ હવે. થઈ એ થઈ, માતા! રજા દે. સિદ્ધપદમાં જવાની રજા દે હવે. આ સિદ્ધપદની ગાથા છેને. ઈ કહીને કહે છે, જુઓ હજી કહેશે.

એક '**સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' તત્પર થયા પાછા. સમજાણું કાંઈ? એ સ્વભાવના હિલોળે ચડેલા વૈરાગ્યમાં ભગવાન આત્માના અંતર્મુખમાં સ્વાભાવિક બહારથી વૈરાગ્યપણાની અંતર દશાને પ્રાપ્ત. તત્પર શબ્દ પડ્યો છે. આહા..હા..! '**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**' દેખો! જેણે ભાવમાં વીતરાગતા પ્રગટ કરી છે, ત્રણ કષાયનો નાશ પ્રગટ કર્યો છે, દ્રવ્યમાં જેને નગ્નદશા ઉત્પન્ન થઈ છે, સહજ દ્રવ્યમાં નગ્નદશા જેને થઈ ગઈ છે, અંતરમાં જેને ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગદશાના હિલોળે હિંચકે છે અંદરમાં. એવો ભાવ અને દ્રવ્ય એવા લિંગને ધારણ કરીને. શબ્દો તો એમ જ આવેને. દ્રવ્યને પણ ધારણ કરીને એમ આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સંસારથી નીકળ્યા, જેણે પાછું સામું જોયું નથી એની સામે. એવા અહીં લીધા છે. એવા જીવો જેને અંદરમાં ભગવાન આત્મા જેને અંદરમાં રમી રહ્યો દૃષ્ટિમાં. પ્રભુ! અમારા સંસારના ક્લેશથી અમે હવે થાકી ગયા. પ્રભુ! હવે દ્રવ્ય-ભાવ મુનિપણું આપો એમ કહે છેને, ભાઈ! પ્રવચનસારમાં. પ્રભુ! સંત મુનિ દિગંબર હોય છે. ધ્યાની, જ્ઞાની, આનંદી, અતીન્દ્રિય આનંદના અનુભવના છોલંછોલા ઉઠતા હોય જ્યાં. આહા..હા..! પ્રભુ! અમને દ્રવ્ય-ભાવલિંગ આપો. આહા..હા..! અપાતું હશે? એ નિમિત્તથી કથન છે. ઈ અહીં ગ્રહણ કરીને એમ કહ્યું છે, ધારણ કરીને કહ્યું છે. પોતાનો સ્વભાવ આનંદમાંથી પ્રગટ કરી અંદરમાં અને દ્રવ્ય નિમિત્ત તો નગ્ન દશા સહજ થઈ ગઈ છે અને અઠ્યાવીશ મૂળગુણ મુનિને યોગ્ય જે છે અલિંગ, અચેલ આદિના વિકલ્પોની સહજ સ્થિતિએ ઊભો છે.

પછી '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' જુઓ, ખુબી આ. પરમગુરુ ધર્માત્મા જ્ઞાની સાચા ધર્માત્મા અંતરના અનુભવના જેણે ઉકેલ થયા છે. સમજાણું કાંઈ? એવા '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' ત્યાં પણ એમ આવે છેને? ભાઈ! પ્રવચનસારમાં એમ આવે છે, પ્રસાદથી. એ ભાષા (છે). એ શૈલી બધી આણે આચાર્યની પરંપરાથી... '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' શું કહેવાય છે આ? સિદ્ધપણું પ્રાપ્ત થયા એ કઈ રીતે થયા, એવો આત્મા સંસારી પણ એના જેવા જ છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ...**' જોયું? ગુરુએ મહેરબાની કરીને એને આગમ આપ્યા છે, એની કૃપાથી આપ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વચ્છંદે ભણ્યો અને સ્વચ્છંદે વાંચ્યા એ તો અનંતવાર કર્યું, એમાં કાંઈ

માલ થયો નહિ. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. કાંઈ જરીયે લાભ નહિ, ચાર ગતિમાં રખડવાનો લાભ (મળ્યો). સમજાણું કાંઈ? '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' શું? '**પરમાગમના અભ્યાસ વડે...**' જુઓ, અહીં તો એટલી જ વાત લીધી. પરમાગમનો અભ્યાસ એટલે કે પરમજ્ઞાનનો અંતર અભ્યાસ એમ કહે છે. આગમ એટલે જ્ઞાન. આહા..હા..! આગમ-બાગમ ક્યાં, પરમઆગમ જ એને કહીએ. અહીંયા સમ્યક્જ્ઞાન ચૈતન્યમૂર્તિ ભગવાન એને જ અહીં પરમાગમ કહીએ. આગમ એટલે શબ્દ-વાણીને આગમ ક્યાં કહ્યા છે. સમજાણું કાંઈ? આહા..!

'**પરમાગમના અભ્યાસ વડે...**' સર્વજ્ઞ પરમેશ્વરે ગુરુએ પોતે કૃપા કરીને આપેલા આગમ એમાં પોતે અંદર પરમાગમનો અભ્યાસ, અંતરના જ્ઞાનાનંદનો અંતર્મુખનો અભ્યાસ એ પરમાગમનો અભ્યાસ. જુઓ, અહીં ઈ કહેવાનું શું કારણ છે? કે વિકલ્પ અને વ્યવહારથી સિદ્ધક્ષેત્ર પમાતું નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ એની અંતરમાં પરમાગમનો અભ્યાસ કર્યો. પરમજ્ઞાન, આગમ એટલે પરમજ્ઞાન. વસ્તુ ચૈતન્યમૂર્તિ છે એને પરમજ્ઞાન જે અંતર નિર્મળ પ્રગટ થયું એવા પરમજ્ઞાન વડે અંદર ધ્યેયમાં અભ્યાસ કરીને. ઈ પરમજ્ઞાનમાં મોક્ષમાર્ગ ત્રણે નાખી દીધો, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! એટલે? કે ગુરુએ અને આગમે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું કે આ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત એની દૃષ્ટિ અનુભવ જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ. એ મોક્ષનો માર્ગ અહીં પરમાગમમાં નાખી દીધો. આગમે એમ કહ્યું હતું, ગુરુએ એમ કહ્યું હતું. આગમમાં એમ કહ્યું છે અને ગુરુએ પણ એમ કહ્યું. એનો એણે કર્યો અંદર જ્ઞાન પરમાગમનો અભ્યાસ. પરમ જ્ઞાનાનંદ પર્યાય નિર્મળ નિર્મળ એનો અંતર્મુખ થવાનો અભ્યાસ.

એ '**વડે સિદ્ધક્ષેત્રને પામીને...**' એ વડે સિદ્ધક્ષેત્રને પામીને. આહા..હા..! સમજાણું કાંઈ? સિદ્ધક્ષેત્રને પામીને એટલે ઉપરનું ક્ષેત્ર હશે? પોતાની નિર્મળ દશાને પામીને. સમજાણું કાંઈ? આ ઉપાય પણ સાથે બતાવ્યો. '**અવ્યાબાધ (બાધારહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન...**' જુઓ, બાધારહિત સકળ-વિમળ (અર્થાત્) નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન. ભગવાન ચિદાનંદની શક્તિની વ્યક્તતા, વ્યક્ત થયા. '**કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ...**' કેવળસુખ જુઓ ભાષા વાપરી છે. એક સુખરૂપ, એક દર્શનરૂપ, એક જ્ઞાનરૂપ! '**કેવળવીર્યયુક્ત...**' એકલું આત્મબળ જેની સ્ફુરણા એટલી વીર્યની, ચૈતન્યના આનંદને રચે એવી વીર્યની સ્ફુરણા પ્રગટ થઈ ગઈ. એવા યુક્ત '**સિદ્ધાત્માઓ થઈ ગયા...**' લ્યો. આવા સહિત સિદ્ધાત્માઓ થઈ ગયા. સમજાણું કાંઈ?

'**કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે,...**' લ્યો. જે અનંત સિદ્ધાત્માઓ આ વિધિએ આત્માના અંતર્મુખના અભ્યાસથી, આનંદકંદના દર્શન, જ્ઞાન, ચારિત્રના નિર્વિકલ્પ અંતરના અનુભવથી જે સિદ્ધ થયા એ કાર્યસમયસારરૂપ છે. એ આત્માને કાર્યસમયસાર કહેવામાં

આવે છે. એણે કૃતકૃત્ય કાર્ય પૂરું કર્યું બધું, કહે છે. આહા..હા..! '**જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે,...**' પોતાની નિર્મળ પૂર્ણ દશા, જે શક્તિનું સત્ત્વ જે શુદ્ધજીવ અહીંયા કહે છે એવાને અવલંબીને આ અભ્યાસ કર્યો. એનાથી આ દશા પર્યાયમાં પ્રાપ્ત થઈ. એ પર્યાય કહો કે કાર્ય કહો. એ કાર્યસમયસારરૂપ થયા. દ્રવ્ય હતું તે કારણસમયસારરૂપ હતું. પર્યાયની પૂર્ણ પ્રાપ્ત થયા તે કાર્યસમયસારરૂપ થયા. સમજાણું કાંઈ? **જે 'કાર્યશુદ્ધ છે.'** લ્યો. એ કાર્ય અપેક્ષાએ શુદ્ધ છે. ભગવાન કાર્ય અપેક્ષાએ શુદ્ધ છે. જુઓ આ કાર્ય!

'**જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.**' લ્યો, ભવવાળા છેને? પાઠમાં છેને? ભવમલિના. '**भवमल्लिय**' એમ છેને? ભવમાં લીન પર્યાયવાળા હોવા છતાં વસ્તુ તો એવીને એવી છે.

શ્રોતા :— ... પરમગુરુના પ્રતાપથી થાય છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ પરમગુરુ ચૈતન્યમૂર્તિ એના પ્રસાદથી પર્યાય પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ? પાત્રતા હોય એને એવું હોય જ! પાત્રજીવ હોય એને નિમિત્ત એવું હોય જ, બીજું હોય જ નહિ. પણ એ પોતે પ્રાપ્ત કરે ત્યારે ઓલું નિમિત્ત કહેવામાં આવે. આમ વાત છે.

શ્રોતા :— એ વાત છે ... ચીથરી રાખીને...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ચીથરી એટલે શું? ચીથરી સમજો છો? નથી સમજતા. ઉપરથી. ઝેરી નહિ, અંદરથી નહિ ઉપરથી. આહા..! અંદરની ઊંડી એક જ પરમસત્ય છે. બહારનું એવું નિમિત્ત હોય છે, હોય છે, હોય છે. સાચા અનુભવી જ્ઞાની જેને ઉપદેશમાં સાચા નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? પણ એ અંદરમાં પરમાગમનો અભ્યાસ કરે છે એનાથી સિદ્ધક્ષેત્રને પામે છે એમ કહ્યું છે.

શ્રોતા :— અનાદિ ... પરમગુરુની કૃપાથી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઈ કૃપાથી આત્માની. આહા..હા..!

શ્રોતા :— ગુરુની કૃપા નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોની કૃપા કામ આવે પણ? એની પાત્રતા ન હોય ત્યાં કૃપા કામ શું આવે કોઈની? ઈ કહે છે અહીં તો.

શ્રોતા :— કૃપા એના ઉપર જ કહેવાયને.

પૂજ્ય ગુરુદેવશ્રી :— એના ઉપર કહેવાય. કીધુંને, અમને ગુરુએ, કુંદકુંદાચાર્ય જેવાએ કહ્યુંને, સમયસારમાં ન કહ્યું? અમને અમારા ગુરુએ, અમે આમ સાંભળતા હતા ગુરુ પાસે તો અમને ગુરુએ... કુંદકુંદાચાર્ય જેવા હોં મુનિ પોતે. સમજાણું? સર્વજ્ઞથી '**માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' મહેરબાનીથી અમને ઉપદેશ આપ્યો છે. આહા..હા..! એનો અર્થ કે અમે પાત્ર એવા હતા, ઈ સાંભળવાના કામી તે કામી એવા

હતા કે પામે છૂટકો કરીએ, એમ. સમજાણં કાંઈ? જુઓ, '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' પાછો અનુગ્રહપૂર્વક ઉપદેશ. કૃપાથી ઉપદેશ આપ્યો. આહા..હા..! સમજાણું? એટલી ન્યાં વાત છે. ઓલું તો '**સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન,...** ' અમને અંતરમાં પ્રચુરસ્વસંવેદન અતીન્દ્રિય આનંદનું વેદન જાગ્યું એ અમારો વૈભવ એ વડે અમે આ શાસ્ત્રને કહેશું એમ કહે છે. સમજાણું કાંઈ? એમને એમ ભગવાન કહે છે અને અમે કહીએ છીએ એમ નહિ. એ વૈભવને દર્શાવું છું. પણ કહે છે કે પ્રમાણ કરજે હોં! પ્રમાણ કરજે (અર્થાત્) અનુભવ કરજે, ભાઈ! અનુભવથી પ્રમાણ કરજે. એમ એમ હા એમ નહિ, અંદરમાં મેળવીને અંતરમાં જઈને.. આહા..! માર્ગ આ (છે એમ પ્રમાણ કરજે)! સમજાણું કાંઈ? અમારા ગુરુએ પ્રસાદરૂપે આપ્યું કહે છે. બીજા નહોતા ઘણા સાંભળનારા?

ભગવાન સિદ્ધ પરમાત્મા થયા એની રીત કહી અને જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી, તેવા જ શુદ્ધનિશ્ચયથી સત્‌ના સ્વરૂપને, સત્‌ના સ્વરૂપને એનું સત્ત્વ જોઈએ તો તે સિદ્ધ સમાન જ એનું સત્ત્વ છે. ભવવાળા જીવો છે તે, સિદ્ધાત્માઓ જેવા છે તેવા જ છે! એવા. જેવા તે સિદ્ધાત્મા છે તેવા જ! ભગવાન આત્મા એક સમયની વિકલ્પની અવસ્થાની વૃત્તિ છોડીને જુઓ તો આખો આત્મા સિદ્ધ સમાન જ આત્મા છે. સમજાણું કાંઈ?

'**જેવા તે સિદ્ધાત્માઓ છે...**' આ કહ્યા એવા હોં! આ રીતે. પાછું સિદ્ધપણું આ રીતે જ પમાય, બીજી રીતે ન પમાય. '**તેવા જ શુદ્ધનિશ્ચયનયથી...**' તેવા શુદ્ધ નિશ્ચય એટલે સત્ય દૃષ્ટિથી જોઈએ તો તે સંસારી જીવો તેવા જ છે. નિગોદથી માંડીને બધા ભગવાન એવા સિદ્ધ સમાન જ છે. એ સિદ્ધ પરમેશ્વરસ્વરૂપે બધા પરમાત્મા નિશ્ચયના સત્‌થી જોવે તો એવા જ છે. '**જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે,...**' જે કારણે તે સંસારી જીવો. જે કારણ કીધુંને શુદ્ધનિશ્ચયથી. '**જે કારણે તે સંસારી જીવો...**' શુદ્ધ સિદ્ધ સમાન છે '**તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત...**' શુદ્ધ સત્ત્વની દૃષ્ટિથી જુઓ તો એ તો તદ્દન સિદ્ધ સમાન ભગવાન આત્મા અત્યારે છે. એ કારણે જે કારણે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે તે જ કારણે એટલે તે શુદ્ધ નિશ્ચયથી જુઓ. એમ. '**જન્મજરામરણથી રહિત...**' છે. વર્તમાનમાં પણ ભગવાન આત્મા જન્મજરામરણથી રહિત જ વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણાદિ રહિત...**' છે. જન્મ પણ નથી, વૃદ્ધાવસ્થા પણ નથી અને મરણ પણ નથી. રોગરહિત છે. '**અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...**' આહા..હા..! શક્તિનું સત્ત્વ છેને એનું શક્તિ આખું. સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ, અનંતવીર્ય આદિ આઠ ગુણો લીધા છે એના. સમજાય છે? એની પુષ્ટિથી, પુષ્ટિથી એટલે

સમૃદ્ધિથી, એ આઠ ગુણની સમૃદ્ધિથી. એ સંસારી બધા જે દષ્ટિએ તેને સિદ્ધાત્મા જેવા કહ્યા તે જ દષ્ટિએ તેને જન્મજરામરણરહિત કહ્યા અને તે જ દષ્ટિએ તેને આઠ ગુણસહિત કહ્યા છે. આહા..હા..! સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન આદિ, વીર્ય આદિ આઠ ગુણ છેને સિદ્ધના? એની પુષ્ટિથી, પુષ્ટિ એટલે સમૃદ્ધિથી તુષ્ટ છે. આનંદમય છે. સંસારી જીવ પણ આઠ ગુણની સમૃદ્ધિથી આનંદમય છે. કહો, પોપટભાઈ! અત્યારે હોં!

શ્રોતા :— આઠ ગુણવાળો તો છે જ! તો બહારનો આનંદ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઠીક! ધૂળમાંય નથી. એ તો કહે છે, આનંદની કલ્પના તો મૂઢતા એની દશામાં છે. વસ્તુમાં તો આઠ ગુણની પુષ્ટિની સમૃદ્ધિથી આનંદમય છે. ઓલી તો દુઃખદશા હતી, દુઃખમય છે, ક્લેશ છે. નહોતું કહ્યું પહેલું? આહા..હા..! સંકલ્પ-વિકલ્પ જેટલા પ્રમાણમાં ચોર્યાશી લાખ અવતારના કોઈ ભવના ભાવ બધો ક્લેશ, ક્લેશ અને ક્લેશ (છે). એ ક્લેશમય દ્રવ્ય નથી. એ તો એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ? એક સમયની દુઃખની દશા તરવરતી ઉપર ઉપર છે, વસ્તુમાં નથી. વસ્તુ તો કીધીને, સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન. દેખો! અનંતવીર્ય.. આહા..હા..! સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની પુષ્ટિનો અર્થ કર્યો સમૃદ્ધિ અને તુષ્ટનો અર્થ કર્યો આનંદ. પંડિતજીએ સહેલું કરી નાખ્યું છે એમાં શબ્દાર્થ કરીને.

એ આઠ ગુણોની સમૃદ્ધિથી, કહે છે કે એની પાસે આઠ ગુણની સમૃદ્ધિ પડી છે એમાં. એ સમૃદ્ધિથી આનંદમય છે. આહા..હા..! આ દુનિયાની બહારની સમૃદ્ધિ તે દુઃખરૂપ છે, અંદર કલ્પના ક્લેશ (છે). સમજાણું કાંઈ? આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય પુષ્ટ પુષ્ટ છે, અંદર પુષ્ટ છે. સમજાણું? એનાથી તુષ્ટ છે. પુષ્ટિથી તુષ્ટ છે. સમૃદ્ધિથી આનંદમય છે. આ સમૃદ્ધિથી આનંદમય છે. આ દુનિયા બહારની હોળીની સમૃદ્ધિથી ત્યાં અંદર રાગદ્વેષ ક્લેશમય છે. પોપટભાઈ! આહા..હા..! શું કીધું? ઠંડુ ઠંડુ. ધૂળમાંય નથી, હોળી છે ત્યાં. આહા..હા..! એ તો પર જડ છે. એના ઉપર લક્ષ આપે.. ઓલા બધા બેસેને, આમ બેસે. મરી ગયો છો, સાંભળને. જીવતો જીવ અંદર આઠ ગુણની સમૃદ્ધિથી આનંદ છે એમાં જોતો નથી અને આ અમને અહીં (આનંદ) છે. એ તો ક્લેશ સળગ્યો છે તારી પર્યાયમાં. ઠંડી ઠંડી. આ તો હોળી સળગે છે, સાંભળને. ... રાખ્યો ઈ બહારમાં? ક્લેશ, ક્લેશ. એના તરફનું લક્ષ તે ક્લેશ.

આ તો ભગવાન આત્મા પૂર્ણાનંદ અનંત, આઠ ગુણો આદિ વ્યવહારથી કીધુંને, અનંત ગુણો તો છે એ તો નિશ્ચયથી છે. '**(આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.)**' લ્યો. જેવા સિદ્ધ ભગવાન એવા સર્વ આત્મા. આઠ ગુણની ઋદ્ધિથી આનંદમય છે. એ આઠ ગુણની ઋદ્ધિથી આનંદમય છે. એમાં આઠ ગુણની ઋદ્ધિ અનાદિ-અનંત પડી છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ કહો કે આઠ ગુણની પુષ્ટિ અંદર પડી છે એ ભાવ કહો, એનાથી આનંદમય વસ્તુ છે. સમજાણું કાંઈ?

'(હવે, ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(अनुष्टुभ)

प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।
नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।

'**શ્લોકાર્થ :— જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને...**' સુબુદ્ધિઓ નામ સમ્યગ્દૃષ્ટિ જીવને કે કુબુદ્ધિ નામ મિથ્યાદૃષ્ટિ જીવને '**પ્રથમથી જ શુદ્ધતા છે,...**' આહા..હા..! વસ્તુ તો શુદ્ધતા અનાદિ-અનંત પડી છે. સમજાણું કાંઈ? સમ્યક્જ્ઞાનીને એમ કહે છે, સુબુદ્ધિ એટલે. કે મિથ્યાજ્ઞાનીને એ તો અવસ્થાની વાત થઈ. પહેલેથી જ શુદ્ધતા ભગવાન આત્મામાં પરિપૂર્ણ શુદ્ધ પુષ્ટ પુષ્ટ તુષ્ટ આનંદમય પડી છે. પ્રથમથી જ શુદ્ધતા ધ્રુવપણે, શુદ્ધતા નિત્યપણે, શુદ્ધતા અસલી તત્ત્વ સત્ત્વપણે તો શુદ્ધતા તો સુબુદ્ધિ, કુબુદ્ધિને પહેલેથી અંદરમાં છે. સમજાણું કાંઈ? સુબુદ્ધિને સમ્યક્પણે પર્યાયમાં પ્રગટ થાય છે, કુબુદ્ધિને પ્રગટ છે નહિ. વસ્તુ તો બેયને શુદ્ધપણે ત્રિકાળ ધ્રુવ પડ્યો છે. આહા..હા..!

'**તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?**' પદ્મપ્રભમલધારિ મુનિ કહે છે. અરે..! એનામાં હું કાંઈ પણ ભેદ જરી પણ જુદાઈ, સિદ્ધ અને સંસાર અથવા સુબુદ્ધિ અને કુબુદ્ધિ, વસ્તુ અંદર છે એ તો છે જ. તેમનામાં કાંઈ પણ જુદાઈ, ભેદ એટલે જુદાઈ '**હું ક્યા નયથી જાણું?**' આહા..હા..! વસ્તુ તે વસ્તુ પડી છે પરમબ્રહ્મ આનંદ એકલો જ્ઞાનગોળો. એ જ્ઞાનનો બરફનો ગોળો. આ ખાય છેને બરફગોળા? ગોળો ગોળો કાંઈક કહે છેને? ખાય છે આ. આ શીતળગોળો ઠંડો આનંદકંદનો અનાકુળ અવિકારી સ્વભાવ એવો જ્ઞાન અને આનંદનો શીતળગોળો એમાં, કહે છે કે સુબુદ્ધિ અને કુબુદ્ધિનો વસ્તુમાં ભેદ શી રીતે હું જાણું? વસ્તુભેદ હોય તો વસ્તુ જ ન રહે ઈ. આત્મા તે આત્મા. 'સર્વ જીવ છે સિદ્ધસમ', 'સર્વ જીવ છે જ્ઞાનસમ' લ્યો એમ લીધું ઓલામાં, યોગસારમાં છેને? 'સર્વ જીવ છે જ્ઞાનમય'. ઓલામાં સિદ્ધસમ 'જે સમજે તે થાય.' ... એમ કીધું, સર્વ જીવ છે જ્ઞાન. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યના નૂરના તેજથી ભરેલું ભગવાન તત્ત્વ છે. એમાં સુબુદ્ધિ અને કુબુદ્ધિના મૂળ તત્ત્વમાં પહેલેથી શુદ્ધતા છે. એમાં કઈ નયથી એને શુદ્ધતા નથી એમ કહું? અથવા કઈ નયથી એમાં ભેદ કહું વસ્તુમાં? કારણ કે ભેદ વસ્તુમાં ક્યાં છે.

'(**તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.**)' લ્યો. આહા..હા..! એ તફાવતનો તફાવત તોડે, તફાવત નથી એને પર્યાયમાં તફાવતને તોડે એને તફાવત ટળે. સમજાણું કાંઈ? સ્વભાવમાં તફાવત નથી અને પર્યાયમાં તફાવત છે. એ પર્યાયની દૃષ્ટિ છોડી સ્વભાવની દૃષ્ટિ કરે તો પર્યાયમાં તફાવત જે જરી મલિનતા છે એ ટળીને નિર્મળાનંદ થાય, સિદ્ધ સમાન થાય, એ સિવાય બીજી કોઈ રીત નથી. ૪૭ કીધી, ૪૮ થશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૦)), બુધવાર, તા. ૨૦-૦૪-૧૯૬૬,
ગાથા-૪૮, શ્લોક-૭૨, પ્રવચન નં. ૫૬

નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે કે જેને પહેલો સંબંધ કંઈ હોય છે વિકાર સાથે, ભગવાન આત્મા એને કર્મ અને રાગનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ અનાદિનો છે. વસ્તુ પોતે શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ છે આત્મા. પણ એની પર્યાય એટલે અવસ્થામાં વિકાર અને કર્મ જડ એનો એક સમયનો વ્યવહારનયે સંબંધ છે. સમજાણું? એ સંબંધ મોક્ષમાર્ગથી છૂટે છે. મોક્ષમાર્ગ શેમાંથી પ્રગટ થાય? મોક્ષમાર્ગ કોને આશ્રયે પ્રગટ થાય એનું આ વર્ણન છે. સમજાણું?

આત્મા, જેવા શરીરરહિત સિદ્ધ પરમાત્મા શુદ્ધ નિર્મળાનંદ પૂર્ણ દશાને પ્રાપ્ત છે એવો જ આ આત્મા દેહમાં બિરાજમાન શુદ્ધ આનંદકંદ છે. એવા આત્માના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેને શરીરાદિનો વર્તમાન સંબંધ એક સમયનો દેખાય છે એ વસ્તુના સ્વરૂપની દૃષ્ટિએ જોતાં એ સંબંધ નથી. સમજાણું કાંઈ? એ ચૈતન્યસૂર્ય છે આત્મા. ચૈતન્યનો સૂર્ય આનંદકંદસ્વરૂપ શુદ્ધ સનાતન અનાદિ-અનંત સ્વયંસિદ્ધ પદાર્થ (છે). એને, જેમ સિદ્ધ પરમાત્મા અશરીરીને કાંઈ શરીરાદિનો સંબંધ નથી એવી જ રીતે આત્મતત્ત્વને અંતરના સ્વભાવદૃષ્ટિથી જોતા એને પર સાથે કાંઈ સંબંધ નથી. એ વાત ૪૮માં વિશેષ વર્ણવે છે.

असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।
जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।
અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, એ રીત જાણ સૌ સંસારીને. ૪૮.

બેય સિદ્ધ કરે છે.

'**ટીકા :— વળી આ, કાર્યસમયસારમાં...**' કાર્યસમયસાર એટલે પરમાત્મદશા પૂર્ણ થઈ આત્માની નિર્મળ પૂર્ણ દશા પ્રગટ થઈ એને કાર્યસમયસાર કહે છે. કહો, શેઠી! આત્મામાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ એવો એનો અચિંત્ય, અનંત સ્વભાવ, સત્ત્વ સ્વયંસિદ્ધ છે. એની અંતરમાં આનંદમાં એકાગ્ર થઈને પૂર્ણ એકાગ્રતાથી પ્રાપ્ત પૂર્ણ આનંદ, અનંત જ્ઞાનાદિની શુદ્ધતા, પૂર્ણ શુદ્ધ દશા-અવસ્થા એને સિદ્ધપદ કહે છે, એને કાર્યસમયસાર કહે છે, એને પર્યાયની પૂર્ણતાની શુદ્ધતારૂપે સમયસાર કહે છે. જેવું '**કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં...**' કારણ એટલે વસ્તુ. એક સેકંડના અસંખ્યભાગમાં ભગવાન આત્મામાં શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણસંપન્ન પ્રભુ એવો કારણપરમાત્મા પોતાનો નિજ સ્વભાવ અને સિદ્ધની દશાનું

કાર્ય, એ બેમાં પરમાર્થે તફાવત છે નહિ, ફેર બેમાં નથી. સમજાણું કાંઈ?

કાર્યસમયસારમાં એટલે આત્માની પૂર્ણ નિર્મળ દશા પ્રાપ્ત પરમાત્મા એમાં અને કારણપરમાત્મામાં. આ વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં અનંત જ્ઞાનસૂર્ય પૂર્ણ આનંદઘન સ્વરૂપ વસ્તુ દ્રવ્યસ્વભાવ એમાં અને કાર્યસમયસારમાં કાંઈ અંતર દૃષ્ટિએ જોતાં કાંઈ ફેર નથી. કહો, સમજાણું આમાં? એ કથન છે. જુઓ, '**તફાવત નહિ હોવાનું કથન છે.**'

'**જેવી રીતે લોકાગ્રે...**' એ સિદ્ધ કરે છે કે પરમાત્મદશા જ્યાં આત્માને પૂર્ણ થાય છે એનું ક્ષેત્ર રહેવાનું વ્યવહારે લોકના અગ્રે છે. જે આત્માની નિર્મળાનંદ શક્તિ અને સ્વરૂપ છે એવું જ્યાં અંતર દશામાં પ્રગટ થયું પર્યાયમાં પૂર્ણાનંદ કાર્ય પ્રગટ થયું એની રમણતા તો સ્વક્ષેત્રમાં અને સ્વભાવમાં છે, પણ પરક્ષેત્ર તરીકે લોકઅગ્રે સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે એમ અહીંયા સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? લોકાગ્રે સિદ્ધ પરમેષ્ઠી પોતાના શુદ્ધ સ્વરૂપની પૂર્ણાનંદની પ્રાપ્તિનો અનુભવ જેને પૂર્ણ થયો છે એવા સિદ્ધ ભગવંતો મહા અનંતઆનંદ આદિના અનુભવના મહિમાવાળા '**નિશ્ચયથી...**' ભગવાન પરમાત્મા શરીરરહિત સિદ્ધ પરમાત્માને '**પાંચ શરીર પ્રપંચના અભાવને લીધે...**' પરમાત્મા અશરીરી સિદ્ધ ભગવાન જે નમો લોએ સવ્વ સિદ્ધાણં એવા સિદ્ધ પરમાત્માને પાંચ શરીર—ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ ઈ છે ખરા, જગતમાં છે એ, પણ સર્વજ્ઞથી સિદ્ધ થયેલા ન્યાયથી અનુમાન, અનુભવથી સિદ્ધ થઈ શકે એવા છે, પણ એ શરીરો પાંચ પ્રકારના છે એ સિદ્ધને નથી. એ પાંચ પ્રકારના શરીરનો વિસ્તાર, પ્રપંચ એટલે એનો વિસ્તાર એનો અભાવ છે. હવે અહીં સિદ્ધોને નહિ, અહીં આત્માને નથી એમ સિદ્ધ કરવું છે.

પરમાત્મસ્વરૂપ જેવું પરમાત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ દશામાં થઈ ગઈ એને જેમ ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ—પાંચ શરીરનો નિમિત્ત સંબંધ સંસારીને છે, એને એ નિમિત્ત સંબંધ પણ નથી. સમજાય છે કાંઈ? આ તો પાંચ શરીરનું સ્વરૂપ પણ સિદ્ધ કર્યું છે, ભાઈ! આહા..હા..! પુદ્ગલો પરમાણુની દશા આ માટીની, આ ઔદારિક દશા, એક વૈક્રિયક નારકી અને દેવની દશા, એક તૈજસ શરીર અંદર છે, એક રજકણ કાર્મણના પિંડનો જથ્થો છે ઈ કાર્મણ અને એક આહારક શરીર. મુનિને શંકા થાય તો.. એવા પાંચ શરીરના રજકણો પુદ્ગલના પરમાણુનો પિંડ એને પર્યાયરૂપે શરીર કહેવામાં આવે છે. એવા શરીરનો સંબંધ પ્રપંચ સિદ્ધ ભગવાનને નથી. એવી રીતે સંસારીમાં પણ એ પાંચ શરીરનો સંબંધ અહીં નથી. છેલ્લો શબ્દ છે. '**તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે...**' શુદ્ધદૃષ્ટિથી જોતાં ભગવાન અંતર નિર્લેપ અખંડાનંદ પ્રભુ એની દૃષ્ટિથી જોતા એ વસ્તુમાં પાચ શરીરનો નિમિત્તરૂપે વર્તમાન સંબંધ છે એ વસ્તુના સ્વરૂપમાં સંબંધ છે નહિ. આહા..હા..!

આ બધી જડની ક્રિયા માટીની છે. આ શરીરનું હાલવું, ચાલવું, બોલવું એ આત્માનું કાર્ય છે નહિ અને આત્મા કરતો જ નથી. સમજાય છે કાંઈ? બોલવું, ચાલવું, હાલવું, સંકલ્પ વિકલ્પ આદિ બધુંય પુદ્ગલનું ખરેખર જડનું કાર્ય છે. આહા..હા..! એ તો ચૈતન્યસૂર્ય છે. જ્ઞાનાનંદ ભગવાન અનંતગુણનો પિંડ શુદ્ધ એ વસ્તુ અને શરીરને કાંઈ સંબંધ નથી. એવી અંતરમાંદષ્ટિ કરવી. વસ્તુ ભગવાન આત્મા અનંતઆનંદ, જ્ઞાનનો સૂર્ય ચૈતન્યસત્તા મહાધામ છે એવી અંતર્મુખ દષ્ટિ કરવી એથી અંતરના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય. એવું આ તત્ત્વ છે એમ અહીંયા કહેવામાં આવે છે. કહો, શેઠી! આહા..હા..! પાંચ શરીરનો અભાવ છે. આહા..હા..! શરીર જ જ્યાં નથી તો શરીરની ક્રિયાઓ આત્મામાં છે એ છે જ નહિ.

શ્રોતા :— કઈ નયે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— નિશ્ચયનયે. વ્યવહારનયે પણ એનામાં છે તો નહિ, પણ નિમિત્તથી એમ કહેવામાં આવે કે આને શરીરનો સંબંધ છે. એ વ્યવહારથી ઉપચારથી કથન છે, વસ્તુના સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! વ્યવહારનયથી કાંઈ શરીરની ક્રિયા કરી શકે છે એમ નથી. સમજાય છે કાંઈ? તદ્દન ચૈતન્ય ભિન્ન, જડ ભિન્ન. જુદે જુદાં ત્રણે કાળ જુદાં છે. ચૈતન્યસૂર્ય અરૂપી ભગવાન જુદો, આ જડના પરમાણુના રજકણનું દળ તદ્દન જુદું. કોઈ કોઈના કાર્યને કરે એવું કોઈ તત્ત્વમાં છે નહિ. એટલે શરીરથી આત્મા કામ કરે કે વાણી બોલે શરીર દ્વારા કે બીજાને સમજાવે એ શરીરનો સંબંધ જ આત્માને નથી. શેઠ!

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— શું જોવામાં આવે છે? જોવામાં શું આવે છે? એ તો જડ છે એમ જોવામાં આવે છે. પોતાની અંદર અરૂપી જ્ઞાનઘન આત્મા છે. જ્ઞાનઘન અને શરીર બે તદ્દન ભિન્ન છે. કહો, સમજાય છે કાંઈ? દેખવાવાળો છે એ દેખે છે તેને એની સાથે કાંઈ સંબંધ નથી. દેખવા-જાણવાવાળો એ તો ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? આ દેખાય છે એ તો જડ છે. દેખાય છે તે જડ છે, દેખે છે તે ચૈતન્ય છે. બે ચીજ તદ્દન ભિન્ન છે. કહો, સમજાણું આમાં? શું દેખાય છે? દષ્ટિમાં ફેર છે એમ કહે છે.

ભગવાન ચૈતન્યસત્તા મહાધામ જ્ઞાનાનંદની મૂર્તિ આત્મા એમાં શરીર છે એમ દેખાય છે એ દષ્ટિ જૂઠી છે. સમજાય છે કાંઈ? જડમાં જડ અને ચૈતન્યમાં ચૈતન્ય. બેય તત્ત્વો તદ્દન જુદાં છે. અજીવને લઈને જીવ અને જીવને લઈને અજીવ એમ વસ્તુમાં નથી. આહા..હા..! આ બોલવું ને હાલવું ને આ કર્યું ને આ કર્યું.. એ આત્મા વડે થાય છે એ બિલકુલ નથી. શરીરની જડની ક્રિયા જડ વડે જડમાં જડને કારણે થાય છે. આત્મા જાણવા અને દેખવવાળું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? કહો, સમજાણું આમાં? આવી દષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે એમ કહે છે. આહા..હા..! શરીરની હોવાપણાની દષ્ટિ ઉઠાવીને ભગવાન આત્મા ચૈતન્ય

જ્ઞાનજ્યોત અનંતગુણનો પિંડ છે એના ઉપર દૃષ્ટિ હોવાપણે મૂકવી એનું નામ સત્યની પ્રતીતિ અને સત્યનું દર્શન છે. કહો, પોપટભાઈ!

પાંચે શરીરના પ્રપંચ-વિસ્તાર ભગવાન સિદ્ધને નથી. એમ આ આત્મા ભગવાનસ્વરૂપ એકલો જ્ઞાયક ચૈતન્યજ્યોત, જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો સૂર્ય પ્રભુ આત્મા છે ચૈતન્યસૂર્ય બિંબ. એમાં અંતર નજર નાખતા એને શરીરનો કાંઈ સંબંધ નથી. એમ નજર ચૈતન્યના અરૂપી જ્ઞાનઘનમાં અંદર નજર કરવી, એની પ્રતીતિ કરવી, એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? કોઈ દેહાદિની ક્રિયા એ ધર્મ છે એમ ત્રણકાળમાં નથી. આ તો માટી જડ છે. વચ્ચે પૂજા આદિનો ભાવ શુભ આદિ આવે એ પણ ધર્મ છે એમ નહિ. સમજાણું કાંઈ? એ તો વચમાં સ્થિરતા ન હોય એટલે અશુભથી બચવા એવા ભાવ આવે. વસ્તુમાં નથી રાગાદિ પછી... અહીં કીધુંને, કાર્મણશરીર જ નથી, લ્યો. આહા..હા..! આવ્યું કે નહિ પાંચમાં? કાર્મણશરીર ૧૪૮ પ્રકૃતિનો પિંડલો જેને કહીએ એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :— પાછળ-પાછળ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— પાછળ જાય એને કારણે, આત્માને શું છે? એને કારણે એ જાય છે, આત્માને કારણે આત્મા છે. પાછળ પાછળ જાય એટલે શું છે? પાછળનો અર્થ શું થયો? એ એને કારણે જુદો છે એમ થયું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! તારું સ્વરૂપ જ જ્ઞાનજ્યોત અનાકુળ આનંદકંદ છે એમાં વળી આ ઔદારિક શરીર તને છે એ વસ્તુ કેમ શોભે છે તને? આ તો જડ માટી ધૂળ છે. માટી પુદ્ગલનો પિંડ છે. પ્રભુ ચૈતન્ય તો આનંદઘન અનંતગુણનો રાશિ પુંજ પિંડ ચૈતન્ય છે. એને શરીરની ક્રિયા ને શરીરનું આમ ઊંચા-નીચું કરવું અને હાથ... કરવા એ આત્મામાં છે જ નહિ. શેઠી! શું કરવું પણ ત્યારે? અરે..! કાર્મણશરીર જ નથીને એમ કહ્યું પહેલું તો પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..! અનંત રજકણથી જ્ઞાનાવરણીય બન્યું, અનંત રજકણથી દર્શનાવરણીય બન્યું, એક એક કેવળજ્ઞાનાવરણીય બન્યું અનંત રજકણથી, એક એક પ્રકૃતિ ૧૪૮ એ જડમાં છે, તારામાં એ છે નહિ. કાર્મણશરીર જ આત્મામાં નથી. આહા..હા..! ત્રણે કાળમાં નથી. એક સમય હોય તો ત્રણે કાળ હોય. વસ્તુ સ્વરૂપ છે જ્યાં અરૂપી ચૈતન્યગોળો આનંદકંદ ભિન્ન પડ્યો છે એમાં કાર્મણશરીર-ફરીરની ગંધ છે નહિ. સમજાણું કાંઈ? એવી આત્મામાં અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યક્ સત્ય સ્વીકાર છે. સત્ય સ્વભાવનો સ્વીકાર ત્યારે કહેવાય છે, જેવું સત્યસ્વરૂપ ભગવાન અરૂપી જ્ઞાનઘન, શરીરના રજકણથી, કર્મથી ભિન્ન એવો અંતર દૃષ્ટિમાં સ્વીકાર થવો એનું નામ સત્યદર્શન અને સમ્યક્ કહેવાય છે. આહા..હા..!

'અશરીરી' છે,...' એક વાત લીધી. એવી રીતે સંસારમાં જીવો પણ શુદ્ધનિશ્ચયના બળે, એમ એક નયના બળેનો અર્થ. વસ્તુના સંબંધવાળી નયથી રહિત સંબંધ વિનાની નયથી

દૃષ્ટિએ જોતા ભગવાન આ આત્મામાં પણ પાંચ શરીરનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયથી...**' ખરેખર '**નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...**' આહા..હા..! સિદ્ધ ભગવાન મનુષ્ય, નારકી, દેવ અને ઢોર-પશુ એના પર્યાયોનો ત્યાગગ્રહણ સિદ્ધને નથી. આ જન્મ એટલે ગ્રહણ અને મરણ એટલે ત્યાગ. આ જાણે જન્મ સંયોગ કહ્યો અને પછી મરણનો વિયોગ થયો શરીરનો. એ ચાર ગતિનો સંયોગ અને વિયોગ સિદ્ધને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એક દેહ પૂરો થયો ત્યાં બીજો દેહ સંબંધ.. જા બીજી ગતિએ. આ ગતિ પૂરી, આયુષ્ય પૂરું (થયું). એ ભાવ બીજી ગતિ. કહે છે કે આ ગતિનો સંયોગ પાછો આ ગતિનો વિયોગ, વળી બીજી ગતિનો સંયોગ એવું જે સંયોગ (વિયોગ) ગ્રહણત્યાગ સિદ્ધને નથી, એમ આ આત્માને પણ નથી. આહા..હા..!

ભગવાન આત્મા મનુષ્યની ગતિના સંબંધમાં છે અને છૂટીને દેવગતિના સંબંધમાં આવે એવો ગ્રહણત્યાગ આત્માના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એક મનુષ્યના ભવમાં પૂર્વે હતો અને પાછો બીજા મનુષ્યભવના સંબંધમાં આવ્યો, ઓલાનો ત્યાગ થયો અને આનું ગ્રહણ થયું એવું આત્મામાં છે નહિ. આહા..! કહો, સમજાણું આમાં? ભગવાન વસ્તુ અરૂપી અનંત આનંદકંદ પ્રભુ એની અંતર દૃષ્ટિએ જોતા એ તત્ત્વને એક ગતિનું ગ્રહણ અને બીજી ગતિનું આ ગ્રહણના ત્યાગ વખતે ગ્રહણ, ત્યાગ અને ગ્રહણ વસ્તુમાં છે જ નહિ. સંબંધ જ નથી ત્યાં ત્યાગગ્રહણ ક્યાંથી આવ્યો? વ્યવહાર વર્તમાન નયે ગતિનું સંબંધ અને છૂટવું હતું, વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ખરેખર મનુષ્યનો, નારકીનો... જુઓ, ગતિ સિદ્ધ કરે છે પાછી હોં! ચાર ગતિ છે. મનુષ્યગતિ છે, નારકીની ગતિ છે, હંબગ નથી, પર્યાયમાં અવસ્થાના સંબંધમાં છે. પશુગતિ છે, દેવગતિ છે એ લોજિકથી બધું નિશ્ચિત કરે છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે પર્યાયના સંબંધમાં જોયું એ છે. સ્વભાવની દૃષ્ટિમાં નથી એમ બેય વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ એક દેહની એક ગતિનું ગ્રહણ અને બીજી ગતિનો ત્યાગ. પાછો આનો ત્યાગ થઈને બીજી ગતિનો સંબંધ (થાય) એ તો વ્યવહારનયે ગતિનો સંબંધ છે. વસ્તુ ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાનાનંદનો કંદ પ્રભુ એવી અંતર દૃષ્ટિએ જોતા એ નયના બળે તત્ત્વને જોતા ગ્રહણત્યાગ ગતિનો આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આ એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. એને શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવદ્રવ્ય કહેવામાં આવે છે. શુદ્ધદ્રવ્યાર્થિક વસ્તુ. ભગવાનધામ આનંદકંદ ધ્રુવધામ કે જેને ગતિનો સંબંધ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ત્યાગગ્રહણના અભાવે લીધે 'અવિનાશી' છે,...**'

એમ આત્મા પણ, આ આત્મા પણ અત્યારે, અત્યારે ગતિના ગ્રહણત્યાગ વિનાનું એનું પરમાર્થે સ્વરૂપ છે. એથી ભગવાન આત્મા સંસારી જીવો પણ શુદ્ધનયની દૃષ્ટિના ધ્યેયને લક્ષે એ અવિનાશી તત્ત્વ છે. એને ગતિ થવી અને જવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. કહો,

સમજાણું આમાં?

ત્રીજો બોલ '**अणिंदिया**'. બે આવ્યાને, '**असरीरा**' અને '**अविणासा**' બે બોલ આવ્યા. હવે સિદ્ધ ભગવાન અતીન્દ્રિય છે, એવો જ આ આત્મા અતીન્દ્રિય અત્યારે છે. આહા..હા..! '**પરમતત્ત્વમાં સ્થિત...**' સિદ્ધ પરમાત્મા અશરીરી પ્રભુ પરમતત્ત્વ આત્મા એમાં સ્થિત, અંતરમાં હોં, '**સહજદર્શનાદિરૂપ...**' અંદર ત્રિકાળી. '**પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ...**' સહજદર્શન, જ્ઞાનાદિ '**કારણશુદ્ધસ્વરૂપને...**' સિદ્ધ ભગવાન પોતાનું કાયમી આનંદ અને જ્ઞાન, દર્શનનું રૂપ એવું જે કારણશુદ્ધસ્વરૂપ. સિદ્ધ ભગવાનનો આત્મા જે શુદ્ધ દ્રવ્ય છે દ્રવ્ય, એ દ્રવ્યમાં જે ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે વસ્તુમાં, વસ્તુમાં એવા શુદ્ધ સ્વરૂપને કારણશુદ્ધસ્વરૂપને '**યુગપદ્ જાણવામાં સમર્થ...**' એક સમયમાં એ પોતાનું ત્રિકાળી સ્વરૂપ જાણવાને સમર્થ છે.

'**એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...**' એવા સ્વાભાવિક જ્ઞાનના પ્રકાશ વડે '**જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે...**' એ વસ્તુમાં છે જ નહિ. વસ્તુ સિદ્ધ ભગવાનના દ્રવ્યમાં અને પર્યાયમાં કાંઈ છે જ નહિ. એના દ્રવ્યમાં ત્રિકાળ દર્શન, જ્ઞાન, આનંદ, સંશય રહિત સ્વભાવ એને જાણવાનો એનો સ્વભાવ છે. '**એવા સ્વરૂપવાળા હોવાને લીધે '**અતીન્દ્રિય**' છે,...**' સિદ્ધ ભગવાન અતીન્દ્રિય છે. એવી રીતે આ આત્મા પણ વર્તમાનમાં વસ્તુની ઈન્દ્રિયો જડ અને તેના તરફના લક્ષવાળી ખંડખંડ ઈન્દ્રિયો એ બધો વ્યવહારનયનો વર્તમાનનયને જાણવાનો વિષય. એને છોડીને ત્રિકાળી અતીન્દ્રિય આનંદકંદને જોવો તો એ ભગવાન પોતે જાણનાર-દેખનાર પોતાના સ્વભાવથી સ્વભાવને જાણનાર-દેખનાર, ઈન્દ્રિય વડે જાણવું-દેખવું એ એના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ?

સિદ્ધ ભગવાન જેમાં વર્તમાનમાં પર્યાયે અતીન્દ્રિય છે, એમ આ ભગવાન આત્મા પણ સંસારી રખડતા વિકૃતની અવસ્થાના સમયવાળા વસ્તુની દૃષ્ટિએ જુઓ તો એ અતીન્દ્રિય જ્ઞાનથી જોવાવાળો આત્મા છે. મોટી વાત! આ ઈન્દ્રિયો તો માટી છે, આ જડ છે. અંદર ખંડ ખંડ ઈન્દ્રિય જે ક્ષણિક અવસ્થા છે પરલક્ષ છે એ તો વર્તમાન એક સમયની વિકૃત દશા છે. એ સિવાય આખો જ્ઞાનઘન જુઓ, ચૈતન્ય જ્ઞાનઘન એ તો અતીન્દ્રિયસ્વરૂપ છે, અતીન્દ્રિયથી જ જાણનારો-દેખનારો આત્માનો સ્વભાવ છે. ક્યારે? ...ભાઈ! ક્યારે? અત્યારે? આ તો ત્રણે કાળના આત્મા એવા જ છે. જેટલી જીવરાશિ અનંત છે એ પોતાના સ્વરૂપથી દર્શન, જ્ઞાન, ચારિત્ર જેમ કારણસમયસારને જાણે એવો જ આત્મા પોતાના સ્વરૂપને જાણે દેખે અતીન્દ્રિયથી એવું જ એનું સ્વરૂપ છે. ઈન્દ્રિયથી જાણવું એવું એનું પરમાર્થે સ્વરૂપ છે નહિ. આહા..હા..! એવા આત્મા ઉપર અંતરદૃષ્ટિ કરવી, અતીન્દ્રિય ભગવાન આત્મા ઈન્દ્રિયથી પાર છે, ખંડખંડ ઈન્દ્રિયના એક સમયના અંશથી પણ પાર ભિન્ન છે, એવો શુદ્ધભાવ, એવો જ્ઞાયકભાવ, એવો શુદ્ધદ્રવ્ય, દ્રવ્ય નામ વસ્તુનો સ્વભાવ એ દૃષ્ટિએ જોતા એ ભગવાન આત્મા

અતીન્દ્રિય મૂર્તસ્વરૂપ છે, અતીન્દ્રિય મૂર્તસ્વરૂપ, અતીન્દ્રિયસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

શ્રોતા :— મુક્તિના સામ્રાજ્યમાં તો સુખ જ સુખ છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સુખ જ અતીન્દ્રિય આનંદ જ છે એમાં. ધૂળમાં સુખ ક્યાંય નથી બીજું બહારનું માનેલું એમાં. મૂઢ થઈને કલ્પે છે. શેઠી! ધૂળમાં ક્યાં સુખ હતું? શરીરમાં માટીમાં? હાડકા, માંસ, ચામડા, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસા, ધૂળ, મકાન-હજીરા એ તો જડ માટી ધૂળ છે. એમાં સુખ છે? અજ્ઞાની પોતાના અતીન્દ્રિય આનંદના સ્વભાવને ચૂકીને 'આમાં મને ઠીક પડે છે' એમ મૂઢપણે અજ્ઞાની મિથ્યા માન્યતામાં ભ્રમમાં પડેલો સુખ છે એમ માને છે. પણ એ ભ્રમ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! ભ્રમણા ઊભી કરી, અહીં મને મજા છે, અહીં મને મજા છે. પાંચ-પચાસ લાખ મળે, ધૂળ મળે ધૂળ થોડી, બે-ચાર કરોડની મળે તો આહા..! ધૂળમાંય નથી, એ તો માટી છે, ધૂળ છે. શરીર માંસનું હાડકાનું આ ચામડાનું. સુંવાળુ દેખાય એ તો માટી જડ છે આ. લાડવા, દાળ, ભાત, શાક એ માટી ધૂળ છે, જડ છે. એમાં છે સુખ?

શ્રોતા :— આપ જેટલી સહેલાઈથી ધૂળ કહો છો એટલ જ ઘેલાઈથી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઘેલાઈથી, સહેલાઈનો અર્થ શું? એ છે કે નહિ? ધૂળ નથી ત્યારે એ ચૈતન્ય છે? ચૈતન્યનો જેમાં અભાવ તેને ધૂળ અને અચેતન કહેવામાં આવે છે. વાત બે ને બે ચાર જેવી સીધી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યની જ્યોત પ્રભુ અનાદિ-અનંત છે, એમાં પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ અચેતન છે એટલે કે એમાં ચૈતન્યના તેજનો અભાવ છે. આ તો માટી પ્રત્યક્ષ છે. જેમાં શુભ અને અશુભભાવ થાય એ ચૈતન્ય નથી. એ ચૈતન્યની જાતથી વિપરીત વિકલ્પની જાત એ ચૈતન્યને રોકનાર વિપરીત અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો વળી આ શરીર, વાણી, લાડવા, દાળ, ભાત જડ માટી છે ઈ, ઈ તો ધૂળમાં છે, ધૂળનું અસ્તિત્વ છે, માટીનું અસ્તિત્વ છે. શાસ્ત્રકાર એને પુદ્ગલનું અસ્તિત્વ કહે છે. પુદ્ગલાસ્તિકાય કહે છે, પુદ્ગલાસ્તિકાય. પુદ્ગુલનું પુરાવું-ગળાવું હોવાપણે સમૂહનો પિંડ એ છે. એમાં કાંઈ આત્માને સુખ છે અને શાંતિ છે, એમાં આ જ્ઞાન એનાથી થાય છે (એમ) એમાં છે નહિ. સમજાણું?

એવો સ્વરૂપવાળો હોવાથી અતીન્દ્રિય છે. એમ સંસારમાં રહેલો આ ભગવાન એવો સહજજ્ઞાનજ્યોતિ વડે સમસ્ત સંશય દૂર થવાથી. સંશય એનામાં છે જ નહિ, સ્વરૂપમાં હોં! પર્યાયમાં સંશય છે એ તો વ્યવહારનયનો વિષય છે. વસ્તુના સ્વરૂપમાં સંશય, ભ્રમ આદિ છે જ નહિ. અખંડાનંદ ભગવાન ધ્રુવ ધાતુ ચૈતન્ય એમાં દૃષ્ટિ કરવાથી પોતે જ્ઞાન ને દર્શન ને આનંદને વેદનારો અતીન્દ્રિયસ્વરૂપ છે. કહો, સમજાણું આમાં?

હવે, '**णिम्मला**'. '**મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે**

'**નિર્મળ**' **છે...**' ઈ જરી આકરો બોલ છે. શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યબિંબ અનાદિ-અનંત સ્વયંસિદ્ધ પદાર્થ (છે). એમાં જે આ ક્ષયોપશમ, ઉપશમ, ઉદયાદિ ભાવ છે એ વિભાવસ્વભાવ મળજનક છે. એ રાગ-દ્વેષભાવ છે એ તો મળ પોતે છે, પણ જ્ઞાનનો વિકાસ ઉઘાડ છે થોડો, વિકાસ વિકાસ જેને ક્ષયોપશમ કહે છે એ પણ મળજનક છે અહીં તો કહે છે. કેમકે એનું લક્ષ કરવાથી મેલ વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? મળજનક ક્ષયોપશમ આદિ. ચારે ભાવો બધા વિભાવસ્ભાવ છે.

ઉદયભાવ—પુણ્ય અને દયા, દાન, વ્રત પરિણામ એ ઉદય રાગ, જે આત્માના સ્વભાવમાં અભાવ છે. ક્ષયોપશમભાવ (અર્થાત્) એ રાગને જાણવાનો વિકાસ, વિકાસનો ઉઘાડભાવ એક સમયની દશા એનો ચૈતન્યમાં અભાવ છે. એક સમયની પર્યાયનો વિકાસ છે કે નહિ પણ વિકાસ તરીકે? વિકાસ ન હોય તો જાણે કોણ? આ શરીર છે, આ ફલાણું છે. ધ્રુવ તો અંદર એકરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ક્ષાયિક આદિ ભાવ એ વિભાવસ્વભાવ. એક પારિણામિક(ભાવ) સિવાય. સમજાણું કાંઈ? શુદ્ધભાવ શબ્દે પરમપારિણામિક ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ કરતાં જ નિર્મળતા પ્રગટ થાય. આ ચાર ભાવના લક્ષે નિર્મળતા પ્રગટ ન થાય. માટે ચારે ભાવને એ અપેક્ષાએ મલિન કહેવામાં આવ્યા છે. આહા..હા..! ભારે ભાઈ! પાછા મળજનક કહ્યા છે.

પર્યાયમાં એટલે અવસ્થામાં પુણ્ય-પાપનો વિકલ્પ કે ક્ષયોપશમ વિકાસનો અંશ થોડો એને લક્ષ કરતાં તો રાગ જ થાય છે. એટલે એ ક્ષયોપશમ આદિ ભાવને મળના ઉત્પન્ન કરનારા કહેવામાં આવ્યા છે. એવા મળના ઉત્પન્ન કરનારા રાગ-દ્વેષ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ અને ક્ષાયિકભાવ, ક્ષાયિકદશા હોય તોપણ તેને આશ્રયે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. વિસ્તાર લ્યે છે હવે, જુઓ, પચાસ સુધી ગાથા આવશેને? આહા..હા..! ભગવાન ચૈતન્યઘન પરમપારિણામિક સ્વભાવ અનાદિ-અનંત તત્ત્વ એ એક જ નિર્મળ તત્ત્વ છે. જેને અહીં શુદ્ધભાવ કહે છે કે જેને શુદ્ધદ્રવ્યાર્થિકનયનું તત્ત્વ કહ્યું છે. એ સિવાયના ચાર પર્યાયભાવ, પર્યાયભાવ સમજાય છે કાંઈ? અવસ્થાના ભાવ. છે ખરા અવસ્થા હોં, પાછું ઈ સિદ્ધ કરે છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવું તત્ત્વ બીજે ન હોય એમ પણ સાથે સિદ્ધ કરતા જાય છે. ક્ષયોપશમ બીજે ન હોય. લ્યો, ક્ષયોપશમ એટલે શું? પર્યાયમાં કંઈક વિકાસ અને કંઈક વિઘ્ન એવી દશા તે પણ મળને ઉત્પન્ન કરવાનું કારણ છે. આહા..હા..! સમજાણું? આમ તો ક્ષયોપશમ સ્વભાવનો અંશ છે, પણ એને આશ્રયે લક્ષ કરતા તો એ વસ્તુમાં એક સમયની દશા છે. એ દશામાંથી દશા પ્રગટ થાતી નથી. દશામાંથી શાંતિ પ્રગટ થાતી નથી. ક્ષયોપશમ દશામાંથી શાંતિ અને સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મળના ઉત્પન્ન કરનારા ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક અને ઉદય (આદિ) ચાર ભાવ ચાર પર્યાયો છે અને શુદ્ધપારિણામિક ત્રિકાળ તે દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! કહો, સમજાણું

આમાં? આ આકરું પડે એવું છે. મૂળ ઓલામાં ઉથાપે એમાં ક્ષયોપશમ મળજનિત કહે એમાં શું સમજવું? એઈ..! મનસુખભાઈ!

શ્રોતા :— મોટાનો આશ્રય લેવાથી...

પૂજ્ય ગુરુદેવશ્રી :— મોટાનો આશ્રય એટલે ભગવાન આત્મા. મોટામાં મોટો પ્રભુ પોતે નિજ પરમાત્મા છે. સમજાણું કાંઈ? દેવચંદજી કહે છે ભગવાનની સ્તુતિમાં, દેવચંદજી થઈ ગયા છેને આ ખતરગચ્છમાં, તપગચ્છ શ્વેતાંબરમાં. એ કહે છે કે 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિતાં? તેમ પ્રભુ સેવક થયા નિશ્ચિંતા' પણ એનો અર્થ આ આત્મા મોટો, ન્યાં બેસ ત્યારે એમ કહે છે. ભગવાન કંઈ આપી દ્યે એવું નથી. પરમાત્મા કંઈ દઈ દે એવું નથી. પરમાત્મા પાસે નથી તારું તત્ત્વ. તારું તત્ત્વ આખું એક સમયમાં આવતું નથી તો પરમાં ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ભગવાન આનંદઘન અનંતગુણનો પિંડ પ્રભુ જેમાં એક સમયની દશાનો પણ તત્ત્વનો જેમાં અભાવ છે, તો બહાર જે તત્ત્વો છે એનો તો એમાં અભાવ છે જ. આહા..હા..! ઝીણી વાતું બહુ પણ, ભાઈ!

એ ભાવ વિભાવસ્વભાવ છે. ચારે વિકાર એટલે વિશેષભાવરૂપ વિકાર છે, વિકાર્ય છે. એને આશ્રયે વિકાર થાય છે. માટે એનો અભાવ સિદ્ધને છે. એ ભગવાન નિર્મળ છે. એમ આત્મામાં પણ ચાર વિભાવસ્વભાવનો અભાવ છે, અત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું તત્ત્વ સ્વભાવ, ધ્રુવસ્વભાવ એમાં આ પર્યાયોના ચાર પ્રકારનો અભાવ છે. પરવસ્તુનો તો અભાવ છે, આત્યંતિક અભાવ ચાર પરનો, પણ આ તો એક સમયની દશાનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું શુદ્ધતત્ત્વ ભગવાન પરમસ્વભાવી વસ્તુ શુદ્ધભાવ શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયરૂપ તત્ત્વ, એનો અંતર વિષય કરવો, એને ધ્યેય બનાવવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે.

'અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે,...' એ છેલ્લો પાંચમો બોલ. સિદ્ધ ભગવાન પરમેશ્વર પરમાત્મા એને જડકર્મનો સંબંધ નથી, તેમ ભાવ નામ પુણ્ય-પાપના રાગનો સંબંધ નથી. એના અભાવને (લીધે) વિશુદ્ધાત્મા છે. એવી જ રીતે આ આત્મા પણ, **'તેવી જ રીતે...'** જુઓ, **'સંસારમાં પણ...'** સંસારી દશામાં જીવના સ્વભાવમાં પણ. **'આ સંસારી જીવો કોઈ નયના બળે...'** એટલે શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે એટલે શુદ્ધતત્ત્વને જોનારા નયને બળે, અવસ્થાને ન જોતા વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે એ જોનારની દૃષ્ટિએ એ કોઈ નથી, શુદ્ધ છે. ઓલામાં વિશુદ્ધ ભાઈ લીધું હતું. અહીં શુદ્ધ લીધું. સમજાણું કાંઈ? બધાનું .. બધાનું નાખ્યું છેને આમાં? ઓહો..હો..! બધાનો છેલ્લો શબ્દ છેને. **'लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया'**. સંસારી જીવો પણ એવા છે. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. એક સમયમાં ભગવાન આખો પિંડ શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ. બસ! જેના

લક્ષે, જેને ધ્યેયે, જેને આશ્રયે આત્માના જેને વિકારરહિત દશા પ્રગટ થાય એ તત્ત્વ પરમસ્વભાવી ત્રિકાળ છે. કહો, સમજાણું આમાં?

'સંસારી જીવો કોઈ નયના બળે...' કોઈ નયના બળેનો અર્થ કે વર્તમાન સંબંધનો વ્યવહારનયનો વિષય ન જોતા ત્રિકાળ જ્ઞાયકસ્વભાવની ધ્રુવતા, શુદ્ધતા, એકતા પરમાત્મતાને દેખનારા નયે એ આત્મા વર્તમાન પણ શુદ્ધ જ છે. કહો, સમજાણું?

'(હવે, ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ)'

(शार्दूलविक्रीडित)

शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं
शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।
इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक स्वयं
सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।

'શ્લોકાર્થ :— શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...' એટલે વિપરીત કલ્પના, ખોટી માન્યતા અથવા અનિશ્ચય અથવા શંકા અથવા ભેદ પાડવા આટલા અર્થ થયા. શુદ્ધની વિપરીત કલ્પના **'તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** પર્યાયદૃષ્ટિવંતને આ પર્યાયમાં અશુદ્ધતા અને પર્યાયમાં શુદ્ધતા, પર્યાયમાં અશુદ્ધતા અને શુદ્ધતા એવી પર્યાયદૃષ્ટિવંતને એ (વિકલ્પના) મિથ્યાદૃષ્ટિને હોય છે. આહા..હા..! શું કીધું? **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** નામ વિપરીત કલ્પના, ખોટી માન્યતા, અચોક્કસતા, શંકા કે ભેદ પાડવા **'તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...'** એટલે કે ભગવાન આત્મા જેણે શુદ્ધ ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ કરી નથી અને જેની દશા અવસ્થામાં જ જેની દૃષ્ટિ વર્તે છે, અવસ્થા વર્તમાન અવસ્થા, 'આ અશુદ્ધ છે અને અશુદ્ધ ટળીને શુદ્ધ થશે' એમ અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે એને અહીંયા મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં જે શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ધ્રુવ નિશ્ચયના બળે જે શુદ્ધ પરમાત્મા છે એની જેને દૃષ્ટિ નથી એને વર્તમાન દશા ઉપરની દૃષ્ટિ છે. વર્તમાન અંશને એ માનનારો છે. અંશ ઉપર દૃષ્ટિવાળો 'આ અશુદ્ધ છે અને અશુદ્ધતા ટળશે ને શુદ્ધતા (પ્રગટ થશે)' એવી દૃષ્ટિ અવસ્થા ઉપર જેની પડી છે એ વિપરીત માન્યતાથી શુદ્ધ અને અશુદ્ધની વિપરીત કલ્પના કરી રહ્યો છે. ભારે વાત! શું કહ્યું આ? વળી શુદ્ધની વિકલ્પના? શુદ્ધ-અશુદ્ધની શું વાતું છે?

એમ કહે છે કે એક સમયમાં પૂર્ણ શુદ્ધ ભગવાન ચૈતન્ય ધ્રુવ જેના ઉપર દૃષ્ટિ નથી એને વર્તમાન અવસ્થામાં આ અશુદ્ધ છે, એ અશુદ્ધતા ઘટશે, અશુદ્ધતા ટળશે, શુદ્ધતા થશે એ બધી દૃષ્ટિ એના અવસ્થા ઉપર છે. એકલી અવસ્થા ઉપર (દૃષ્ટિ) હોવાને લઈને તે મિથ્યાદૃષ્ટિને આવી કલ્પના ઊભી થાય છે. ભારે વાત, ભાઈ! એનો અર્થ કહે છે કે વ્યવહારનયના આશ્રયમાં

જેની દષ્ટિ છે એને આ શુદ્ધ-અશુદ્ધની વિપરીત કલ્પના ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદનું ધામ, એવી જેની અંતરમાં દષ્ટિ ધ્રુવ ઉપર નથી અને જેની દષ્ટિ વર્તમાન 'આમ પુણ્ય કર્યા, આ પાપ કર્યું, આ ફળ મળ્યું, આ પુણ્ય ફળશે ને પાપ ટળશે ને પછી શુદ્ધતા થશે, પર્યાયમાં શુદ્ધતા થશે અને અશુદ્ધતા ટળશે' એવી એકલી પર્યાય ઉપર જેની દષ્ટિ છે, વર્તમાન અવસ્થાના અંશ ઉપર જેની દષ્ટિ છે એને અહીંયા મિથ્યાદષ્ટિ અને વિપરીત માન્યતાવાળા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— ભેદ તો પાડે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :— શું ભેદ પાડે છે? એકલો અશુદ્ધ છું, પર્યાય ઉપર અંશ ઉપર દષ્ટિ છે. ત્રિકાળ ભગવાન ચિદાનંદ ધાતુ આખી દષ્ટિમાં ઓઝલ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? ક્યાં ભેદ પાડે? કોનો? વર્તમાન લક્ષમાં છે કે આ રાગ છે ને આ પુણ્ય છે ને પછી રાગ ઘટશે, શુદ્ધતા થશે (એમ) એકલી અવસ્થા ઉપર લક્ષ છે. ભેદ ઉપર, અવસ્થા ઉપર જેની માન્યતા છે એ શુદ્ધ-અશુદ્ધની વિપરીત માન્યતા મિથ્યાદષ્ટિને હંમેશાં (હોય છે). હંમેશાં પાછો શબ્દ વાપર્યો છે જુઓને! કારણ કે એક સમયનો વિકલ્પ અને દશા ઉપર જ જેની રુચિ અને પ્રીતિ છે. શું કીધું? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદ ધાતુ અખંડાનંદ પડી છે એના ઉપર જેની દષ્ટિ નથી, એક સમયની વર્તમાન અવસ્થા ઉપર જેની દષ્ટિ છે, એ અવસ્થાદષ્ટિવાળો જ આવી કલ્પનાઓ કરે છે શુદ્ધ અને અશુદ્ધ... વસ્તુમાં એકલી શુદ્ધતા પડી છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સંયોગની તો વાત એકકોર મૂકી દીધી, પણ પ્રભુ એક સમયમાં આખો અખંડાનંદ ધ્રુવ જેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ પ્રગટે એ તો લક્ષમાં, ધ્યેયમાં, આશ્રયમાં લેતો નથી, એકલી અવસ્થા ઉપર લક્ષ રગડ્યા કરે છે. 'આ રાગ છે ને આ રાગ ટળશે ને આ રાગ આમ થાશે' એ અવસ્થાના અંશ ઉપર દષ્ટિ (છે) એને અહીંયા મિથ્યાદષ્ટિ વિપરીત કલ્પના કરનારો કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકલી. વસ્તુના ભાનસહિત અશુદ્ધતા કેટલી છે અને શુદ્ધતા કેમ પ્રગટે એ તો જાણવાલાયક રહી ગયું. સમજાણું કાંઈ?

આ તો વસ્તુસ્વરૂપ અખંડ ચૈતન્યધાતુ ધ્રુવ પડી છે એને તો આડખીલ કરી ઓઝલ કરે છે, આડમાં નાખી દે છે એને. ઓઝલ, ઓઝલ, ઓઝલને શું કહે છે તમારે? પડદો, પડદો. ...માં રાખે છે. સમજાણું કાંઈ? પડદામાં રાખે છે. આ એક અવસ્થાને મુખ્યપણે ભાવે છે. અમારી અવસ્થામાં આ છે કે નહિ? અમને રાગ છે કે નહિ? અમને ગતિ છે કે નહિ? અમને ક્ષયોપશમભાવ છે કે નહિ? અમને ફલાણું છે કે નહિ? એક સમયની અવસ્થા ઉપર જેનો પ્રેમ, રુચિ અને અર્પણતા છે એવા મિથ્યાદષ્ટિને શુદ્ધ-અશુદ્ધની વિપરીત માન્યતાની કલ્પના કે શંકા, એકલા ભેદ પાડવો એ જ એની દષ્ટિમાં છે, એમ કહે છે લ્યો. ખોટી માન્યતા છે, સમજાણું?

'**સમ્યગ્દૃષ્ટિને તો...**' દેખો, સામે સામે નાખ્યું બેય. આહા..હા..! ધર્મીજીવને '**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.**' આહા..હા..! હું ત્રિકાળ ભગવાન આત્મા શુદ્ધ છું અને કાર્ય થાય છે એ પણ પૂર્ણ શુદ્ધ જ છે. અશુદ્ધતા-ફશુદ્ધતા મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધતા છે એનો નિષેધ વર્તે છે. નિષેધ વર્તે એનું જ્ઞાન વર્તે છે. આ વસ્તુ. જુઓ, હંમેશાં શબ્દ વાપર્યો છે. ત્યાં પણ હંમેશાં અને અહીં પણ હંમેશાં. સમજાણું? '**प्रत्यहम्**' ઈને? બીજી લીટી. '**प्रत्यहम्**' ઈ? બેયમાં છે, બેયમાં '**प्रत्यहम्**' છે. બરાબર છે. '**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं, शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**' બેય ઠેકાણે છે. એટલે શું કહે છે? એકલો પૂર્ણાનંદ મહાઘન છે તેના ઉપર તો દૃષ્ટિ કરતો નથી અને બહુ તો એની અવસ્થાના અંશ ઉપર એની દૃષ્ટિ પડી છે. અવસ્થામાં શુદ્ધ ને અશુદ્ધ, શુદ્ધ ને અશુદ્ધની ઘાલમેલ માન્યા કરે છે. એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ અને વિપરીત માન્યતાના ભેદ ઉપરની જેની દૃષ્ટિ છે. આહા..હા..!

'**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ...**' એટલે ત્રિકાળી પ્રભુ, ત્રિકાળી શુદ્ધ ભગવાન અનાદિ-અનંત સ્વયંસિદ્ધ તત્ત્વ શુદ્ધ છે. આદિ-અંત વિનાનું સ્વયં સત્ત્વ તત્ત્વ ભવગાન પોતે કારણતત્ત્વ જેમાંથી કાર્ય સિદ્ધપદ દશા પ્રગટે એ કારણતત્ત્વ શુદ્ધ છે અને કાર્યદશા પ્રગટે એ પણ શુદ્ધ છે. સમજાણું કાંઈ? આકરું લાગે માણસને. જાણે વ્યવહારના... સમ્યગ્દૃષ્ટિ બસ એવો જ? કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ શુદ્ધ જ માને? એઈ..! ઓલું અશુદ્ધ ક્યાં ગયું? સાંભળને! એ અશુદ્ધતા જ્ઞાનમાં જાણવામાત્ર રહી ગઈ, જાણવામાત્ર રહી ગઈ, વ્યવહારનો વિષય હેય થઈ ગયો. આહા..હા..! ઈ તો વાત એમાં કરી છેને. ચાર ભાવનો નિષેધ કર્યો છેને. આહા..હા..! ઓલાને બેસે નહિ, હોં! નહિ, નહિ, નહિ. અશુદ્ધતા ઠેઠ સુધી છે. ચૌદમા ગુણસ્થાન સુધી અશુદ્ધ છે. છેલ્લા સમય સુધી અશુદ્ધ છે. હવે રહેવા દેને વાત કરવી, ભાઈ! 'વાદવિવાદ કરે સો અંધા, સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા'. ભગવાન આત્મા અનંતગુણનો રાશિ પિંડ પ્રભુ પડ્યો છેને. એની દૃષ્ટિ કરને. પર્યાય પર્યાયમાં આ છે ને તે છે, એ ભલે હો, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? આહા..!

સમ્યગ્દૃષ્ટિને તો કાયમ એવી માન્યતા હોય છે કે કારણતત્ત્વ એટલે શુદ્ધ ભગવાન ત્રિકાળી તત્ત્વ અને કાર્ય નામ એનું ફળ આવ્યું એવું જે મોક્ષતત્ત્વ એ બેય શુદ્ધ છે. '**આ રીતે...**' હવે જુઓ પાછી ખુબી શું કહે છે? '**પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' આખા આગમમાં આ કહેવું છે, એમ કહે છે. આહા..હા..! પરમાગમ, સર્વજ્ઞ પરમેશ્વરે ચાર અનુયોગ કહ્યા. ભગવાનની વાણીમાં ચાર અનુયોગ આવ્યા. સર્વજ્ઞની ૐ ધ્વનિ ઈચ્છા વિના (નીકળી). પૂર્ણાનંદની પ્રાપ્તિ પછી ઈચ્છા વિના ૐ નો ધ્વનિ ઉઠ્યો

એના અંદર રચાયેલા ચાર અનુયોગો એ પરમાગમ કહેવાય છે. એ પરમાગમના અતુલ અર્થને. એટલે કે એમાંથી ઉપમા નહિ એવા અર્થને '**સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' આહા..! આમાંથી આ કાઢે કહે છે. જુઓ ભાષા જુઓ, ઓલા કહે, ફલાણા અનુયોગમાં આમ કહ્યું છે, ફલાણા અનુયોગમાં આમ કહ્યું છે. પણ બધા અનુયોગમાં... આ તો આખા પરમાગમમાં સમ્યગ્દૃષ્ટિ એવો અર્થ કાઢે છે, એવો અર્થ તારવે છે કે બધા આગમનો સાર વીતરાગતા છે. વીતરાગતા છે તે સ્વભાવનો આશ્રય કરવો તે જ વીતરાગતા ઉત્પન્ન થવાનો રસ્તો છે. સમજાણું કાંઈ?

કોઈપણ અનુયોગનું કથન હો—કરણાનુયોગનું હો, ચરણાનુયોગનું હો, કથાનુયોગનું હો, દ્રવ્યાનુયોગનું હો—પણ ધર્મીજીવ પરમાગમના અતુલ અર્થ એમાં કહેવાનો એ આશય છે કે પરની ઉપેક્ષા કર, નિમિત્તની, રાગની, પર્યાયની અને ભેદની (ઉપેક્ષા કર). સમજાણું કાંઈ? '**भूदत्थमस्सिदो**' આવ્યુંને? ભાઈ! મૂળ લ્યોને. આ ઈ સિદ્ધાંત કહે છે મૂળ. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભગવાન આત્મા ભૂતાર્થ એક સમયમાં ધ્રુવ ચિદાનંદ જેને આશ્રયે સમ્યગ્દર્શન (થાય) એવો અર્થ ચાર અનુયોગમાંથી કાઢે. સમજાણું કાંઈ? પરમાગમના અતુલ—ઉપમા વિનાના અર્થને સારાસારના વિચારવાળી, સાર અને અસાર પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ અને નિશ્ચયબુદ્ધિ એના સારાસારના વિચારવાળી '**સુંદર બુદ્ધિ વડે...**' સમ્યક્જ્ઞાન વડે જોયું? '**સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ...**' આ વિધિએ '**સ્વયં જાણે છે,...**' આ રીતે એટલે કારણતત્ત્વ શુદ્ધ છે અને કાર્ય પણ શુદ્ધ છે એવું જે અંતરથી જાણે છે '**તેને અમે વંદન કરીએ છીએ.**' આહા..હા..! પોતાનો પ્રમોદ જાહેર કરે છે. જે પરમાગમમાં કહેવું હતું એ સાર તેં પકડ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રના પરમાગમને વિષે જે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથને કહેવું હતું એવો સાર તેં પકડ્યો. શેઠી! આહા..હા..!

છેને? સુંદર એટલે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનને પમાડે એવી બુદ્ધિ. જેમાંથી જ્ઞાનની તારવણી એવી કાઢે કે વિકલ્પ ને ભેદ ને નિમિત્ત ને અંશ છે એ આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક ત્રિકાળ છે એવું સમ્યક્જ્ઞાન બુદ્ધિ કાઢે. એવો સમ્યગ્દૃષ્ટિ એ સ્વયં આ રીતે જાણે છે. જુઓ, પાછો સ્વયં આ રીતે કારણશુદ્ધતત્ત્વ અને કાર્યશુદ્ધતત્ત્વ છે (તેને) સ્વયં જાણે છે. સમજાણું કાંઈ? '**તેને અમે વંદન કરીએ છીએ.**' તેને અમે આદર કરીએ છીએ એટલે વસ્તુ આ જ તારે કરવાની હતી એ તેં કરી, તારે આદરવાની હતી તે આદરી, તારે કાઢવાની શાસ્ત્રની કીધી હતી તે કાઢી. માટે અમે તને વંદન કરીએ છીએ.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ ૧, ગુરુવાર, તા. ૨૧-૦૪-૧૯૬૬,
ગાથા-૪૯, શ્લોક-૭૩, પ્રવચન નં. ૫૭

નિયમસાર શાસ્ત્ર ચાલે છે. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર મુનિ સંવત ૪૯માં આ ભરતક્ષેત્રમાં થયા છે. એ ભગવાન સીમંધર પરમાત્મા વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, એમની પાસે ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રિકાળ જ્ઞાન અને ત્રિકાળ દર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય સહિત પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં મોજૂદ બિરાજે છે. તે સમયે બે હજાર વર્ષ પહેલા પણ તેઓ જ હતા ત્યાં. ત્યાં આયુષ્ય મોટા છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે. બધું સિદ્ધ થયું છે હોં! ત્યાં આગળ કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ અહીં ભરતક્ષેત્રમાં રહેતા હતા એ ત્યાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહીને અહીં આવ્યા અને આ નિયમસાર આદિ શાસ્ત્ર બનાવ્યા છે.

નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ જ્યાંથી ઉત્પન્ન થાય છે એ વાત કરે છે. શુદ્ધભાવ અધિકાર ચાલે છે. આ આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ પૂર્ણ અનંતગુણરાશિ પિંડ ચૈતન્યદ્રવ્ય છે. ભગવાન આત્મા શરીર, કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને એક સમયની વ્યક્ત પ્રગટ જ્ઞાન, દર્શન, વીર્યની અવસ્થા જે પ્રગટ દેખાય છે એક અંશ એનાથી રહિત ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવસ્વભાવ છે તેને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નામ શાંતિ ઉત્પન્ન થાય છે. કહો, ડૉક્ટર! સમજાણું કાંઈ? એની પર્યાયમાં વર્તમાનમાં શરીરનો સંયોગ, કર્મનો સંબંધ, રંગ, ગંધ, રસ, સ્પર્શનો સંબંધ આદિ ચાર ભાવનો નિમિત્તરૂપે વિકારનો સંબંધ આદિ છે, પણ એ એક સમયની દશામાં એ સ્થિતિ છે. તો પૂર્ણ શુદ્ધ સ્વભાવ એક સમયની દૃષ્ટિ છોડીને એક સમયમાં પૂર્ણ આનંદ ધ્રુવ, ધ્રુવ દ્રવ્યસ્વભાવ એનું અંતરમાં લક્ષ કરવાથી, આશ્રય લેવાથી મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ એ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે. એ સ્વભાવનું કથન ચાલે છે. સમજાણું કાંઈ? ૪૯ (ગાથા).

एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।
सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।

૪૯ મૂળ શ્લોક, નીચે હરિગીત.

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

'ટીકા :— આ નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન)

છે.' શું કહે છે? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ ચૈતન્યપિંડ જ્ઞાયક છે એ નિશ્ચયનયથી તે જ અંતરમાં આદરવાલાયક છે અને વ્યવહારનયથી એની પર્યાયમાં રાગ, કર્મ, શરીર આદિનો સંબંધ અને ચાર ભાવનો સંબંધ એક સમયમાં છે તે પણ જાણવાલાયક છે, છે એમ જાણવાલાયક છે, નથી એમ નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. રૂપચંદજી!

ભગવાન આત્મા એની એક સમયની દશામાં-અવસ્થામાં ઉદય વિકાર છે, ગતિ છે, જન્મ મરણના નિમિત્તરૂપ સંબંધ છે અને જ્ઞાનનો વિકાસ આદિ ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક અવસ્થા જેને યોગ્ય છે એવી હોય છે પણ એ વ્યવહારનયનો વિષય ચાર પ્રકારની દશા અને કર્મનો સંબંધ જાણવાલાયક સમ્યક્જ્ઞાનમાં છે, નથી એમ નહિ, પણ આદરવાલાયક એ નથી. પોપટભાઈ! સમજાણું કાંઈ? કોઈ એમ જ કહે કે આત્મામાં પર્યાયમાં રાગ છે જ નહિ, વિકાર છે જ નહિ, તો એ જૂઠ છે. એની પર્યાયમાં-અવસ્થામાં વર્તમાન દશાની અવસ્થામાં વિકૃતભાવ વિકાર આદિ ભ્રાંતિ આદિ છે. ન હોય તો એને પરમાનંદનો અનુભવ હોવો જોઈએ. ઈ છે ઈ વાત બરાબર છે, છે એમ સ્વીકાર કરવો એનું નામ વ્યવહારનયનું ઉપાદેયપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ એ વ્યવહારનયથી હોવા છતાં અંતર સ્વરૂપની દૃષ્ટિથી જોવાથી એ જ્ઞાયક ચિદાનંદ ભગવાન એમાં એ ચાર ભાવનો અભાવ છે. એ ચાર ભાવ સ્વભાવમાં ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? ભાગચંદજી!

'પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે...' શું કહે છે? ભગવાન આત્મામાં વર્તમાન પર્યાય નામ અવસ્થામાં દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય, પાપના વિકલ્પો છે જ નહિ એમ પૂર્વે કહેવામાં આવ્યું હતું. '**તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે એ દૃષ્ટિએ તો એમાં એ વિકારાદિ છે જ નહિ, પણ એકાંત છે જ નહિ તો પર્યાયમાં પણ નથી એમ નહિ. અવસ્થામાં ગતિ છે, કષાય છે, લોભ છે, લેશ્યા છે, વિકાર છે, જ્ઞાનના ક્ષયોપશમનો અંશ પણ છે એમ પર્યાયમાં વર્તમાન દશાની મોજૂદગીમાં એ એક સમયમાં છે. એનો જો નિષેધ કરે તો આત્માનો નાશ થઈ જાય. આત્મા એનાથી રહિત છે એમ કહેવું, છે એનાથી રહિત છે એમ કહેવું, જે વસ્તુ જ નથી એનાથી રહિત ક્યાંથી લાવવું? સમજાણું કાંઈ? એક સમયની દશામાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ અથવા ચાર ભાવ એક સમયની અવસ્થામાં છે. એટલું કબુલ કરવા છતાં ત્રિકાળ સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જુઓ, ઈ નીચે લખ્યું છે. નીચે નોટ છેને?

'પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું...' પ્રમાણ નામ આખું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ વસ્તુ અને એક સમયની દશા, બેનું જ્ઞાન કરવું તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. પ્ર-માણ. ત્રિકાળ જ્ઞાયકનું જ્ઞાન કરવું એ નિશ્ચયનું જ્ઞાન છે, વર્તમાન છે તેનું જ્ઞાન કરવું એ વ્યવહાર છે. બેનું

જ્ઞાન એકસાથે કરવું તેનું નામ પ્રમાણજ્ઞાન છે. શેઠ! મગજને કેળવવું પડશે આમાં.

શ્રોતા :— નહિ કેળવે તો નહિ મળે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— નહિ મળે!

'પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ...' 'શુદ્ધાત્મદ્રવ્યનું...' એક સમયમાં ભગવાન ધ્રુવ ચિદ્‌ઘન આનંદકંદ શુદ્ધ છે. એનું જ્ઞાન તે નિશ્ચયનું જ્ઞાન છે અને એની પર્યાયોનું જ્ઞાન, વર્તમાનમાં રાગ છે, વિકાર છે, કર્મનો સંબંધ વ્યવહારનયથી છે, શરીરનો સંબંધ એક સમયનો એક સમયનો છે અથવા એની દશા, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અવસ્થા એ બેયનું સમ્યક્‌જ્ઞાન હોવું જોઈએ. એકલું તત્ત્વની દૃષ્ટિનું નહિ પણ પર્યાયનું એકલું એ પણ નહિ. સમજાણું કાંઈ? શેઠી!

જૈનદર્શન એ વસ્તુસ્થિતિ છે, એ સંપ્રદાય નથી. સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણનારા આત્મા એમના દ્વારા જણાયેલી, એમના દ્વારા કહેલી વસ્તુ છે. કલ્પિત છે કે આમ છે ને તેમ છે એમ નથી. ભગવાન આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે. એક એક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે, અને એ સર્વજ્ઞ થાય છે, શક્તિમાં છે, પર્યાયમાં પ્રગટ થાય છે. અંતર અનુભવથી જ્યારે એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક પોતાના જ્ઞાનમાં જણાય છે, ત્યારે જ્ઞાનમાં આવ્યું એવું વાણીમાં આવે છે. વાણીમાં આવું સ્વરૂપ આવે છે. જગતમાં છ દ્રવ્ય છે, અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, નિગોદ જીવ અનંત છે, સિદ્ધ જીવ અનંત છે, રાગ જીવને અજ્ઞાનીને અજ્ઞાનમાં રાગ છે, વિકાર છે, એ વિકારને માનનારો 'વિકારમય છું' એમ માનનારો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને આત્માની જેટલી પર્યાયમાં વિકારાદિ ભેદ છે એ બધું છે. એમ છે એમ જો સ્વીકાર ન હોય તો એકાંત મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. એને વસ્તુના સ્વરૂપનું પ્રમાણજ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ?

છે તેમ બન્નેનું 'સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. 'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે'...' શું કહે છે? ભગવાન આત્મામાં એક સમયની વર્તમાન દશામાં વિદ્યમાન વિકારી દશા છે 'એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય...' જેના જ્ઞાનમાં વર્તમાનમાં વિકાર છે એવો સ્વીકાર ન હોય 'તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.' કહો, લાલચંદજી! કહે છેને, સોનગઢવાળા શુદ્ધ શુદ્ધ કહે છે. અરે..! સાંભળ તો ખરો. શુદ્ધ તો વસ્તુ સ્વરૂપે શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા છે. અશુદ્ધતા ન હોય તો... કોઈ પણ પ્રાણી એમ વિચાર કરે કે મારે સદોષતા નથી જોઈતી અથવા મને હિતકર નિર્દોષતા જોઈએ, તો એનો અર્થ એ થયો કે એની દશામાં સદોષતા છે અને સદોષતાનો વ્યય કરીને, નાશ કરીને નિર્દોષતાની પ્રાપ્તિ કરવા માંગે છે અને એ નિર્દોષતા જે અંતર સ્વભાવમાં ત્રિકાળ ન હોય તો નિર્દોષતા આવશે ક્યાંથી? અને સદોષતા જો ત્રિકાળ હોય તો સદોષતા એક ક્ષણિકનો નાશ કરી શકાય નહિ. તો વર્તમાન ક્ષણિક અવસ્થામાં સદોષતા છે. એ સદોષતાનો નાશ કરીને નિર્દોષતા પ્રગટ કરવી છે તો

નિર્દોષતા સદોષના સ્થાનમાં લાવવી છે તો એ નિર્દોષતા ત્રિકાળ સ્વભાવમાં પડી છે તેને આશ્રયે પ્રાપ્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હોય એમાંથી પ્રાપ્ત નામ મળે છે. જો અંતરમાં નિર્દોષ આનંદ અને સ્વભાવ શુદ્ધ ન હોય તો પ્રાપ્તની પ્રાપ્તિ ન થાય અને પર્યાયમાં સદોષતા ન હોય તો સદોષતાનો નાશ કરીને નિર્દોષતા પ્રાપ્ત કરવી એ રહી શકતું નથી. સમજાણું કાંઈ? આ તત્ત્વની ચીજ એવી છે. અજ્ઞાની એકાંત માની લે છે કે આત્મા શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ છે. આત્મામાં કંઈ (અશુદ્ધતા) નથી. શું નથી પણ? શેમાં નથી? પર્યાયમાં નથી? અવસ્થામાં નથી? અવસ્થામાં ન હોય તો લાવો આનંદ. અતીન્દ્રિય આનંદનું એનું મૂળ સ્વરૂપ છે. જો અવસ્થામાં-દશામાં વિકાર ન હોય, ગતિ ન હોય, દોષ ન હોય તો દોષના સ્થાનમાં અતીન્દ્રિય આનંદનો પ્રગટ અનુભવ હોવો જોઈએ. તો અતીન્દ્રિય આનંદનો પ્રગટ અનુભવ નથી તો એની પર્યાયમાં સદોષતા છે, એમ સ્વીકાર કરવો જોઈએ. કહો, બરાબર છે?

કર્મનો નિમિત્ત સંબંધ છે, શરીરનો નિમિત્ત સંબંધ છે, ચાર ગતિ છે, પરિભ્રમણ જન્મ મરણની દશા એક સમયમાં છે, એમ સ્વીકાર કરવો જોઈએ. આહા..! નથી, નથી પણ શું નથી? પર્યાયમાં વિદ્યમાન છે 'એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું સાચું જ્ઞાન હોઈ શકે નહિ.' સમજાણું કાંઈ? સ્વીકાર નામ છે એટલું. અને છે એનું લક્ષ છોડીને ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદનો આશ્રય કરીને સદોષતાનો નાશ થાય છે, નિર્દોષતા પ્રગટ થાય છે. એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ આવી ગયા. આત્મા ધ્રુવ છે અને એક સમયની અવસ્થા વર્તમાન સદોષ છે તેનો વ્યય-નાશ થાય છે, નવી નિર્દોષ અવસ્થા ઉત્પન્ન થાય છે. તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ એ પદાર્થનો સ્વભાવ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો છે તે એમાં સિદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમારે કાંઈ નથી. આવો ઉત્પાદ ને વ્યય ને આવું અમારે સમજવું નથી. શેઠી! આત્માની પર્યાયમાં-અવસ્થામાં વળી દોષ ઉત્પન્ન થાય છે, વળી દોષ નાશ થાય છે એ અમારે સમજવું નથી. મૂઢ છે ઈ. સદોષતા એની દશામાં છે, અનાદિની છે. સમજાણું કાંઈ? એ સદોષતાનો એના જ્ઞાનમાં યથાર્થ સ્વીકાર કરવો જોઈએ. સમજાય છે કાંઈ?

'માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે' એક સમયમાં રાગ છે, દ્વેષ છે, વિકાર છે, મલિનતા છે, દશામાં છે. મલિનતા કોઈ જડમાં છે અને તારી દશામાં નથી એમ નથી. તારી દશામાં મલિનતા જો અવસ્થામાં ન હોય તો મલિનતાના સ્થાનમાં નિર્મળતાનો આનંદનો અનુભવ પ્રગટ હોવો જોઈએ. સમજાણું કાંઈ? અનું જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે. જ્ઞાનનો અર્થ વર્તમાન રાગ છે, દ્વેષ છે, વિકાર છે, મલિનતા છે, અલ્પજ્ઞતા છે, વિપરીતતા-સ્વભાવથી વિપરીત ભાવ છે. આહા..હા..! 'એવી વિવિક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે,...' એ છે એનું જ્ઞાન કરવું તેને ઉપાદેય કહેવામાં આવ્યું.

'તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે' એવી વિવિક્ષાથી નહિ...' પણ આત્માની પર્યાયમાં

રાગ-દ્વેષ, પુણ્ય-પાપ છે એનો આશ્રય કરવાલાયક છે, એનું અવલંબન કરવાલાયક છે, એને ધ્યેય બનાવવાલાયક છે, એમ નથી. શેઠી! ભારે વાત! કાં આત્મા એકલો સદોષ જ સ્વીકારે અને કાં એકલો નિર્દોષ નિર્દોષ છે, એમાં લેપ-બેપ કંઈ છે જ નહિ. તારી મોટી વાત છે. લેપ ન હોય તો નિર્લેપ કરવાનો પ્રયત્ન કરવાનો રહેતો નથી. ડૉક્ટર! 'પર્યાયમાં લેપ છે, સદોષતા છે, વિકારી દશા છે' એમ જ્ઞાનમાં જ્યાં સ્વીકાર ન હોય તો શુદ્ધાત્મદ્રવ્યનું જ્ઞાન પણ તેનું સાચું હોતું નથી. બરાબર છે? તારાચંદજી! સૂક્ષ્મ વાત છે આ.

'વ્યવહારનયના વિષયોનો આશ્રય...' અર્થાત્ આત્માની પર્યાયમાં રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ રાગ છે, ઉદય, ઉપશમભાવ છે, ક્ષયોપશમભાવ છે, પણ એનો '(આશ્રય, આલંબન, ઝુકાવ, સન્મુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે...' શું કહે છે? વર્તમાનમાં એને રાગ, દ્વેષ, પુણ્ય, પાપ છે. જડ તો ભિન્ન છે, આ તો માટી ધૂળ છે. આ તો માટી પુદ્ગલ ધૂળ છે એ તો ભિન્ન જ છે. એની દશામાં, હાલતમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ, ભ્રમણાનો ભાવ એની દશામાં છે, તેને છોડવા માટે જાણવાલાયક છ, પણ એનું લક્ષ કરીને આશ્રય કરવાલાયક છે એમ નથી. ડૉક્ટર! આહા..હા..! ઝુકાવ, આલંબન, ભાવના તો છોડવાયોગ્ય જ છે. 'એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.' પછી આવશે.

'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય,...' દેખો! ભગવાન આત્મા એક સમયમાં અખંડ આનંદકંદ ધ્રુવ શુદ્ધ છે એનો આશ્રય ગ્રહણ અને વર્તમાન પર્યાયના આશ્રયનો ત્યાગ, 'તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.' એમ સમજવું. એનાથી વિરુદ્ધ સમજવું નહિ. સમજાણું કાંઈ? વેદાંત આદિ કહે છેને? આત્મા સર્વથા નિર્લેપ છે. જૂઠ છે. ખબર નથી એને તત્ત્વની. એક જ આત્મા છે. એક જ આત્માની વાત ખોટી છે, એમ છે નહિ, ચીજ એવી હોતી જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક આત્મા હોય તો પછી એને સમજવું, વિચારવું, મંથન કરવું રહ્યું ક્યાં? અને સદોષતા છે તો પોતાના સ્વભાવના લક્ષે સદોષતા ઉત્પન્ન થતી નથી. સદોષતા અન્ય દ્રવ્યના લક્ષે ઉત્પન્ન થાય છે. તો અન્ય દ્રવ્યની હયાતી સ્વીકાર કરવી પડશે. સદોષતાનો સ્વીકાર કરવામાં.. 'ભાઈ! અમારે ધ્યાન કરવું છે ધ્યાન.' 'કોનું ધ્યાન કરવું છે? શું કરવા ધ્યાન કરવું છે? શા કારણે ધ્યાન કરવું છે?' 'ધ્યાન કરવાથી અમને લાભ થશે.' 'તો શું તારી પર્યાયમાં અલાભ છે?' અલાભ છે એનો અર્થ શું છે? વિકાર છે. અને એ વિકાર પલટી શકે છે તો તારી પર્યાય પણ પરિણમન કરે છે. અને દોષ છે તો દોષ છે તો પોતાના આશ્રયે, લક્ષે દોષ ઉત્પન્ન નથી થતો.

ભગવાન આત્માનો સ્વભાવ ત્રિકાળ સદોષ નહિ, નર્દોષ છે. એના આશ્રયે સદોષતા ઉત્પન્ન નથી થતી. તો સદોષતા ઉત્પન્ન થાય છે એ કોઈ બીજાના લક્ષે. ઉત્પન્ન કરે છે

જીવ પણ અન્યનું લક્ષ કરે છે તો બીજી ચીજ છે. અજીવ ચીજ છે, જીવના સ્વભાવથી વિપરીત ચીજ છે એનો સ્વીકાર જેને નથી એને પર્યાયનું જ્ઞાન અને વ્યવહારનું યથાર્થ જ્ઞાન નથી. એને આત્માનું શુદ્ધાત્માનું જ્ઞાન યથાર્થ થતું નથી. સમજાણું કાંઈ? એને કદી સમ્યગ્દર્શન થતું નથી, એને આત્માનું સાચું ધ્યાન થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! 'તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.' અજ્ઞાની એમ માની લે કે કંઈ નથી, કંઈ નથી. બસ, એવો એક વિચાર કરવો. હું રાગ છું. પણ રાગ છે જ નહિ, વિચાર શું કરવો? એ રાગ છે એટલો સ્વીકાર. પછી રાગરહિત મારી વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે એવા સ્વભાવનો આશ્રય કરીને રાગનું અવલંબન જાણવાલાયક છે, પણ આશ્રય કરવાલાયક નથી એવું જ્ઞાન કર્યા વિના તેને સમ્યક્જ્ઞાન કદી થતું નથી. કહો, બરાબર છે? ભારે ભાઈ! વિચારવું બહુ પડે આમાં તો.

'વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી...' દેખો! ત્રીજી લીટી. વ્યવહારનય નામ વર્તમાન દશામાં, વર્તમાન હાલતમાં, વર્તમાન અવસ્થામાં વ્યવહારનયના કથનથી ચાર વિભાવભાવરૂપ પરિણત હોવાથી **'સંસારમાં પણ રહ્યા છે...'** આહા..! સંસારપર્યાય છે. સંસાર કહો કે વિકાર કહો હોં! સંસાર બાયડી, છોકરા, કુટુંબ નથી. એ સવારે આવી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પૂર્ણાનંદ હોવા છતાં એની વર્તમાન દશામાં પલટતી દશામાં વિકાર વિભાવ ચાર ભાવ વિદ્યમાન છે. ઉદયભાવ વિકાર છે, ઉપશમભાવ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે તો છે, ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, વીર્યનો છે અને જ્યારે આત્માનો આશ્રય કરીને ક્ષાયિકસમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો ક્ષાયિકપર્યાય પણ છે. સમજાણું કાંઈ? બહુ સમજવું! આમાં તો સમજવું, સમજવું, સમજવું. સમજવું કોઈ ચીજ નથી? જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તો સમજવું એ જ ચીજ છે. આહા..હા..!

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યું નહિ અભિમાન.' શ્રીમદ્ કહે છે આત્મસિદ્ધિમાં, 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યું નહિ અભિમાન.' 'જે સ્વરૂપ સમજ્યા વિના' પહેલો શ્લોક છે. શ્રીમદ્ રાજચંદ્રને સાત વર્ષે જાતિસ્મરણ થયું હતું. શ્રીમદ્ રાજચંદ્ર થયા છે. ૩૩ વર્ષ ચાર મહિને દેહ છૂટી ગયો અને ઘણું આત્મજ્ઞાન કરીને એક ભવ બાકી રહીને સ્વર્ગમાં ગયા છે, ગૃહસ્થાશ્રમમાં હતા, લાખો રૂપિયાનો મોતી આદિનો વેપાર હતો. રતનલાલજી! આવી દશામાં આત્માનું ભાન હતું અને સાત વર્ષે જાતિસ્મરણ થયું હતું. સમજાણું કાંઈ? રાગાદિ હતા, જાણતા હતા કે છોડવાલાયક છે. એની પહેલા આત્મસિદ્ધના શ્લોક બનાવ્યા એમાં પહેલો શ્લોક બનાવ્યો. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત રે, ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં...' સમજાણું કાંઈ? એ કડી બોલે છે

એમાં, ભાઈ! એ લોકો બોલે છેને ત્યારે. સમજાણું કાંઈ? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' દુઃખ પામ્યો છે. દુઃખ એની દશામાં છે, સંયોગનું નહિ. ભગવાન આત્મા જેવા સ્વરૂપે છે એથી વિપરીત માન્યતાનું એને દુઃખ છે. એવા દુઃખ અનંતવાર ચાર ગતિમાં અનંતકાળથી ભોગવ્યું, પણ એ સ્વરૂપ શું ચીજ છે એને જાણી નહિ અને એ જાણ્યા વિના દુઃખ ભોગવ્યું, ભોગવવામાં આવ્યું.

તો અહીંયા કહે છે કે ભગવાન આત્મા એની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં ચાર વિભાવસ્વભાવ પરિણત. ભાષા ભાઈ લીધી. આહા..હા..! ભાઈ! સાંભળ તો ખરો. તારી ધ્રુવધાતુ ચૈતન્ય ધ્રુવ શુદ્ધ છે છતાં એની દશા-હાલત, એકલો કુટસ્થ આત્મા છે એમ હોઈ શકે નહિ ત્રણકાળમાં. એકલો નિત્ય જ આત્મા છે એમ હોઈ શકે નહિ. નિત્ય હોય તો કાર્ય થઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને એકલો ક્ષણિક હોય તો નિત્ય વિના ક્ષણિક કોના આધારે હોય? નિત્યપરિણામી પદાર્થ ત્રિકાળ સર્વજ્ઞથી સિદ્ધ થયેલો, અનુભવથી સિદ્ધ થાય છે. ત્રિકાળ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્યધાતુ અનંતગુણનો પિંડ એની વર્તમાન દશામાં ચાર ભાવ વિભાવરૂપ પરિણત હોવાથી, પરિણમ્યો છે આત્મા. ઓહો..! શું કહે છે?

ભગવાન આત્મા પરમસ્વભાવ શુદ્ધ રાખતો હોવા છતાં એની દશામાં સંસારમાં ચાર ભાવ વિશેષભાવ રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્ય, પાપ, કામ, ક્રોધના વિકલ્પ પરિણત છે, પરિણમ્યો છે, એ અવસ્થારૂપે થયો છે. એ અવસ્થા જડની છે એમ નથી. સમજાણું કાંઈ? અને એને ઉપશમ કરે છે આત્મા પોતાના સ્વભાવના આશ્રયે તો ઉપશમ પણ એની પર્યાયમાં પરિણત છે અને પોતાની દશામાં ક્ષયોપશમ કરે છે, કંઈક વિકાસ કંઈ વિઘ્ન એવી પરિણતિ પોતાની પર્યાયમાં છે અને ક્ષાયિક પર્યાય છે.

એવા '**ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે, તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' જીવ આવો હોવા છતાં આત્માને અંદર શુદ્ધનયથી જુઓ, ભગવાન આત્માના સમ્યક્જ્ઞાનના શુદ્ધ નેત્રથી જુઓ તો શુદ્ધનયથી '**શુદ્ધગુણપર્યાયો વડે...**' જેવા સિદ્ધ ભગવાન છે અશરીરી પરમાત્મા છે એવો જ ભગવાન આત્મા અનંત શુદ્ધ ગુણો અને આઠ ગુણ જાણે પર્યાય એવા સિદ્ધ ભગવાન સમાન જ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર સ્વભાવની શુદ્ધનયની દૃષ્ટિથી જુઓ તો આત્મા સિદ્ધ સમાન જ વર્તમાન છે. પર્યાયથી જુઓ તો એમાં વિભાવરૂપ પરિણત છે. અર..ર..ર..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'ચેતનરૂપ અનૂપ અમૂર્ત સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો, પણ મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.' બનારસીદાસ કહે છે. બનારસીદાસ પહેલાં બહુ શ્રૃંગારી હતા. પછી આત્મજ્ઞાન થયું. સત્સમાગમ પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન, આત્માનો અનુભવ થયો. આત્માનો અનુભવ થયા પછી આ શ્લોક બનાવે છે.

'ચેતનરૂપ અનૂપ...' ભગવાન આત્મા ચેતનરૂપે અનૂપ ઉપમા કોની દેવી? અમૂર્ત છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ એમાં છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. સ્વભાવ 'પણ મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો'. ભગવાન પોતાના સ્વભાવનો સંગ અનાદિનો છોડીને પરના સંગમાં લક્ષ કરીને મોહના માહાત્મ્યમાં જોડાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણનાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધૈ શિવમારગ વેગે મિટૈ ઘટવાસ વસેરો.' જુઓ, વાત આવી એમાં. પર્યાયમાં મોહ માહાત્મ્ય રાગ-દ્વેષ છે. ....ભાઈ! આહા..હા..! એવી પર્યાયમાં પલટતી દશામાં એમ ન હોય તો દોષ ન હોય તો દોષથી રહિત થવાનું એને રહેતું નથી અને અંદરમાં જો સિદ્ધ સમાન ન હો તો નિર્દોષતા પ્રાપ્તની પ્રાપ્તિ ક્યાંથી થાય? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, શક્તિરૂપે સિદ્ધ સમાન સદાય. પર્યાયમાં મોહ માહાત્મ્ય છે. 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ' મારા સ્વરૂપનું મને ભાન થયું છે. હું ચિદાનંદ આત્મા છું, પર્યાયમાં રાગ છે. 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ કહું ગુણનાટક આગમકેરો'. આગમજ્ઞાનનું હું નાટક કહીશ. સમજાય છે કાંઈ? 'તાસુ પ્રસાદ સધૈ સિવમારગ વેગે મિટે ઘટવાસ વસેરો.' સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં અનાદિથી રાગનો સંગ કરીને, શુદ્ધ ઉપયોગ ચૈતન્યમૂર્તિમાં રાગની એકત્વબુદ્ધિ કરી છે. એનાથી આ ચાર ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે. ઈ એમાં છે. પણ સિદ્ધ સમાન પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એનો સ્વીકાર કરવાથી એ અજ્ઞાનનો નાશ થઈને હું ઘટમાં વસવું છોડી અશરીરી થઈ જઈશ. સોભાગમલજી! બનારસીદાસ કહે છે. ગૃહસ્થાશ્રમમાં હતા. ગૃહસ્થાશ્રમ ક્યાં નડે છે? એના ઘરે રહ્યા. પોતાની પર્યાયમાં થોડો રાગ હતો તો રાગનો આદર નથી. પોતાના આનંદનો આદર (છે). હું સચ્ચિદાનંદ પ્રભુ એક સમયની દશામાં અંતરમાં ઘુસીને ભવગાન આત્માનો પતો લીધો છે, હું શુદ્ધ આનંદ છું. રાગ છે તેને છોડીને ક્રમે ક્રમે વીતરાગ થઈ જશે પછી ઘટમાં રહેવાનો અવસર રહેશે નહિ.

તો અહીંયા કહે છે, બધી વિભાવપર્યાય અવસ્થામાં છે, છતાં '**શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' આહા..હા..! બે વાત. '**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે...**' સંસારી છે પર્યાયમાં. '**(તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદશ છે).**' સિદ્ધ સદશ બધા ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોળવલા સોના જેવા બધા આત્મા પરમાત્મસ્વરૂપે છે, પણ પર્યાયમાં રાગાદિ છે એનો સ્વીકાર ન હોય તો શુદ્ધ આત્માની દષ્ટિ એને થતી નથી. સોભાગમલજી!

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(मालिनी)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।

'**શ્લોકાર્થ :— જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં...**' પ્રથમ દશામાં, પોતાની અવસ્થામાં '**જેમણે પગ મૂક્યો છે...**' પોતાની દશામાં વિકાર છે એમાં પહેલા પડેલો છે '**એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય,...**' જાણવાલાયક એ વ્યવહાર હો, આવો, રાગાદિ હોય છે, પુણ્યાદિ ભાવ હોય છે, વ્યવહારદશાની દશા આત્મામાં હોય છે, હો, છે '**તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત...**' ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ એની અંતર દૃષ્ટિ કરવાથી પરથી રહિત, વિકારાદિ પર્યાયમાં છે એનાથી રહિત, વિભાવથી રહિત, સંયોગની દશાથી રહિત '**એવા પરમપદાર્થને...**' એવો પરમપદાર્થ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ આનંદકંદ એને '**અંતરંગમાં દેખે છે...**' અંતરંગમાં વર્તમાન વિકારનું લક્ષ, રુચિ, આશ્રય છોડીને ત્રિકાળી ચૈતન્ય ભગવાન આત્મામાં દૃષ્ટિ કરે છે '**તેમને એ વ્યવહારનય કાંઈ નથી.**' એને અંદરમાં વ્યવહારનય કંઈ નથી. સમજાણું કાંઈ? બે વાત. છે અને નથી. એનું નામ સ્યાદ્વાદ અને અનેકાંત છે. સમજાણું કાંઈ?

એક સમયની દશામાં છે. વસ્તુનો સ્વભાવ જુઓ તો એમાં નથી. સ્વભાવમાં હોય તો છૂટે નહિ અને પર્યાયમાં છૂટે છે તો સ્વભાવની પ્રગટ દશા (થાય છે). રાગ છૂટતાં તો પ્રગટ દશા પ્રગટ થાય છે. વિકાર ત્રિકાળમાં હોય તો છૂટે નહિ અને વિકાર એક સમયનો છે તો છૂટી જાય છે. રૂપચંદજી! સમજાય છે કે નહિ? થોડું થોડું. આહા..હા..! કહે છે કે ભજન, ભક્તિનો વિકલ્પ વચ્ચે આવે છે એમ કહે છે, પણ એ આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિનયના શુભભાવ હો, હો, આશ્રય કરવાલાયક નથી. એનું લક્ષ, રુચિ છોડીને ચિદાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ છે, વર્તમાન પર્યાયમાં ત્યાં લક્ષ દેવાથી શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં વ્યવહાર-ફ્યવહાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગુજરાતીવાળાને બરાબર સમજાય હોં! એવી કોઈ હિન્દી નથી. પણ એ ભાષા આપણને ન આવડે. એ લોકો ગુજરાતી ન સમજે બરાબર, આપણે ગુજરાતીવાળા (તો સમજી શકે) બહુ જૂની રૂઢિવાળા હોય એને થોડું ન સમજાય. કહો, સમજાય છે કાંઈ? થોડા-થોડા નવા આવ્યા હોય એને સમજવા માટે... આહા..હા..!

ભગવાન આત્મા! અહીંયા તો માખણ કાઢેને માખણ? દોરી (હોય). જ્યારે એક દોરી ખેંચે તો બીજી દોરી ઢીલી કરે છે. આ દોરી ખેંચે તો આ દોરી ઢીલી કરે. એમ ભગવાન આત્મામાં પર્યાયમાં વિકાર સાબિત કરવો હોય તો છે એમ નિશ્ચય કરવો અને જ્યારે સ્વભાવમાં

નથી એમ નિશ્ચય કરે છે તો સ્વભાવમાં નથી એમ નિશ્ચય કરવો. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય મહારાજ મહા સંત દિગંબર મહંત. સ્વર્ગમાં ગયા છે, વર્તમાન કેવળજ્ઞાનની દશા નહોતી તો વર્તમાનમાં સ્વર્ગમાં છે. ત્યાંથી બીજો ભવ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને આત્માની મુક્ત દશા થશે. સમજાણું કાંઈ?

શ્રીમદ્ રાજચંદ્ર પણ પોતાના અનુભવથી કહેતા હતા. ગૃહસ્થાશ્રમમાં હતા. ભગવાન આત્માનો અનુભવ થયો, પર્યાયમાં વિકાર હોવા છતાં સર્વજ્ઞ પરમેશ્વરે જેવો કહ્યો એવો આત્મા, વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ જેવો જાણ્યો એવો આત્મા. બીજા અજ્ઞાની કહે ઈ આત્મા નહિ. એવા આત્માનું અંદર એક સમયમાં પૂર્ણ શુદ્ધનું ભાન થયું. થોડા રાગાદિ દેખાય છે. સમજાણું કાંઈ? છે. પ્રમાદ છે, રાગ છે, પણ એમ કહ્યું કે 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...' શેઠ! ગુજરાતી આવ્યું. 'અશેષ કર્મનો ભોગ છે,...' કંઈક રાગ બાકી છે. થોડો કાળ અનુભવવાલાયક મારો પ્રમાદભાવ દેખાય છે. હું આ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થઈ જાઉં એમ દેખાતું નથી. અંતરના સ્વભાવનું ભાન થયું તો ભાન થયું કે 'અશેષ કર્મનો ભોગ છે' થોડો રાગાદિને ભોગવવાનો લાંબો કાળ એકાદ ભવ દેખાય છે. 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ...' થોડો રાગ બાકી છે. છતાં 'તેથી દેહ એક ધારીને' સ્વર્ગનો ભવ ગણાતો નથી. જ્યારે સાધકદશા પૂર્ણ કરવાલાયક મનુષ્યભવમાં છે તો એક મનુષ્યદેહ ધારણ કરીને હું મારા સ્વરૂપ-સ્વદેશમાં ચાલ્યો જઈશ. પોતાના સ્વરૂપમાં પૂર્ણ પ્રાપ્તિ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ બીજા ભવમાં થશે. આવા પોતાના સ્વરૂપના અનુભવમાં ત્રીસ વર્ષની ઉંમરમાં આમ કહ્યું છે. નવનીતભાઈ! તેત્રીસ વર્ષ અને ચાર માસમાં દેહ છૂટી ગયો. દેહની સ્થિતિ. તેત્રીસ વર્ષ ચાર માસ એ તો દેહની સ્થિતિ, આત્માને શું છે? સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ ભાનમાં એવો નિશ્ચય થઈ ગયો કે મારે એકાદ દેહ ધારણ કરવાની મારી યોગ્યતા દેખાય છે. પછી એક દેહ ધારણ કર્યા પછી હું કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને હું મુક્તસ્વરૂપ પૂર્ણાનંદની પ્રાપ્તિ કરીશ. પોપટભાઈ! એવો નિશ્ચય થતો હશે? ભગવાનને પૂછવું પડતું હશે? સમજાય છે કાંઈ?

કહે છે કે વ્યવહારનય છે. વર્તમાન પર્યાયમાં દેખાય છે વિકારાદિ છે, પણ ચૈતન્યપદાર્થ જ્યાં અંદર જોવે છે એમાં કોઈ વ્યવહાર-ફ્યવહાર નથી. એ દૃષ્ટિનો વિષય છે, સમ્યક્જ્ઞાનનું જે જ્ઞેય ચૈતન્યમૂર્તિ છે તેને અંતરમાં જોવાથી, '**પરમપદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.**' કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! આમાં કરવું શું? એ.. મૂલચંદભાઈ! કરવું શું આમાં? પહેલા આત્માની દશામાં વિકાર છે, ઉદય છે, ઉપશમભાવ છે, ચાર ભાવ છે હોં! ચાર પર્યાય છે. સમ્યગ્દર્શન આદિ હો તો, નહિતર તો ત્રણ તો હોય જ, ઉદય, ક્ષયોપશમ અને પારિણામિકભાવ. પેલા તો બે ભાવ છે, ઉદય અને ક્ષયોપશમ, બે. ભાન થયા પછી ઉપશમ અને ક્ષાયિક હોય છે. પણ અહીં તો સમુચ્ચય પર્યાય લીધી

છેને, પર્યાય લીધી છેને. જ્યાં સુધી સંસાર અવસ્થા છે ત્યાં સુધી ચાર દશા છે છતાં અંતર દૃષ્ટિ કરે પરમપારિણામિક ભગવાન આત્મા ચૈતન્ય વિમળ નિર્મળાનંદ પ્રભુમાં અંતર દૃષ્ટિ દેવાથી વ્યવહાર-ફ્યવહાર અંદરમાં કાંઈ નથી. એવો અંદરનો અનુભવ કરવો, દૃષ્ટિ કરવો, અંતરમાં સ્વઆશ્રય લેવો એનું નામ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.

'વળી, (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—)'

(स्वागता)

शुद्धनिश्चयनयेन विमुक्तौ
संसृतावपि च नास्ति विशेषः।
एवमेव खलु तत्त्वविचारे
शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।

આહા..હા..! ભારે વાત, ભાઈ!

'**શ્લોકાર્થ :— શુદ્ધનિશ્ચયનયથી...**' અર્થાત્ ભગવાન ચૈતન્ય ધ્રુવસ્વભાવ એકરૂપ સ્વભાવ, પરમશાંતરસની પરમશીલા, ભગવાન આત્મા પરમ આનંદ અને શાંત.. શાંત.. શાંતરસ એનો ત્રિકાળ સ્વભાવ એમ અંતરમાં જોવાથી '**મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' વસ્તુ તો વસ્તુ ત્રિકાળ એકસરખી છે. મુક્તિ એ પર્યાય છે અને સંસાર પણ એક પર્યાય છે. આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મામાં સંસાર એક અવસ્થા છે. શરીર, વાણી નહિ, કર્મ નહિ. વિકાર અને વિકારની મંદતા આદિના ભાવ એ પર્યાયમાં છે, સંસાર છે, અવસ્થામાં છે. અવસ્થાનો નાશ થઈને નિર્મળ આનંદકંદની પૂર્ણ કેવળજ્ઞાન દશા પ્રાપ્ત થાય એ સિદ્ધ છે, એ મુક્ત છે. તો એ અવસ્થામાં મુક્ત અને સંસાર છે. વસ્તુની દૃષ્ટિથી જુઓ તો એમાં અવસ્થા છે જ નહિ. આહા..હા..! શું કહ્યું સમજાણું?

'**શુદ્ધનિશ્ચયનયથી...**' ભગવાન આત્મા બંધ અને મોક્ષ તો એક સમયની દશામાં છે. સમજાણું કાંઈ? છે ખરા, રાગ બંધ છે, એનો વ્યય અને વીતરાગપર્યાયનો ઉત્પાદ, એ ઉત્પાદ અને વ્યય એક સમયની દશા છે. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા એકરૂપે દેખો અંદર તો મુક્તિમાં અને સંસારમાં કોઈ તફાવત દેખાતો નથી. સમજાણું કાંઈ? મુક્તિમાં પણ ધ્રુવ ધાતુ ચૈતન્યમૂર્તિ છે ઈ છે. સંસારમાં પણ પર્યાયમાં સંસાર હોવા છતાં શુદ્ધ વસ્તુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ છે ઈ છે. ભારે વાત! આહા..હા..! અવસ્થા છે પણ સુવર્ણનો એક સ્વભાવ જુઓ તો એ અવસ્થાનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? સોનાની.. શું કહે છે તમારે? લગડી. સોનાની લગડી. એ સોનાની વર્તમાન આકૃતિની પર્યાય કુંડળની, કડાની, વિટીની આદિ હો, પણ સોનાનો જોવાથી અવસ્થા સોનામાં નથી. એકરૂપ સોનું જોવાથી શુદ્ધનિશ્ચયથી શુદ્ધસત્તાગ્રાહક દૃષ્ટિથી પરમપદાર્થ ભગવાન આત્મા એકરૂપ રહેનાર (છે). શુદ્ધભાવ અધિકાર છેને. એકરૂપ

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એને નિશ્ચયથી જોવાથી મુક્તિ અને સંસાર બે અવસ્થા ત્રિકાળમાં નથી. રૂપચંદજી! સમજાણું કે નહિ? સોભાગમલજી! આહા..હા..!

શુદ્ધનિશ્ચય ભગવાન આત્માની એકરૂપ દૃષ્ટિથી જુઓ, ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ ચિદાનંદ અનાદિ-અનંત અનંત ધર્મસ્વભાવને ધરનાર એકરૂપ સદશ ધ્રુવ. પેલા ઉત્પાદ-વ્યય છે. સંસારનો ઉત્પાદ, નવો-નવો ઉત્પાદ, સંસારનો વ્યય, મુક્તિની ઉત્પત્તિ. દશા, મુક્તદશા કેવળજ્ઞાનની ઉત્પત્તિ. ઉત્પાદ થયો તો એક સમયની દશા થઈ, વ્યય થયો તો એક સમયની સંસાર અવસ્થાનો વ્યય. એ બેય વ્યવહારનયથી છે. વર્તમાન લક્ષ કરવાથી વર્તમાન દશા છે, પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરવાથી એમાં બંને નથી. આહા..હા..! સોનું તો સોનું જ છે. સમજાણું કાંઈ?

પાણી શીતળ છે એનો સ્વભાવ એકરૂપ છે. વર્તમાનમાં અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું છે, ઈ ઉષ્ણ છે પછી શીતળતા (પણ થઈ છે). ઉષ્ણનો અભાવ, શીતની અવસ્થા ઉત્પન્ન થઈ પણ સ્વભાવ જુઓ તો એકરૂપ શીતળ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા એક આત્માની વાત ચાલે છે હોં, એક એક આત્માની, પ્રત્યેક આત્મા. વિકારનો સંબંધ જોવાથી બંધ છે અને વિકારના સંબંધનો અભાવ થવાથી મુક્તિ છે. એ તો અવસ્થામાં ક્ષણિક અવસ્થામાં પલટવું થયું પણ વસ્તુ તરીકે જુઓ ધ્રુવ તો મુક્તિ અને સંસારમાં બેયમાં વસ્તુમાં તફાવત નથી, વસ્તુ તો જેવી છે તેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આમ જ ખરેખર,...**' આમ જ ખરેખર '**તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં)...**' વાસ્તવિક ભગવાન આત્મા પોતાના શરીર પ્રમાણે હોવા છતાં, હોવા છતાં કહે છે? શું કહે છે? હોને પર ભી. એ ભૂલ પડે છે કોઈવાર. ... એક સમયમાં શરીર પ્રમાણે નિત્ય હોવા છતાં અને સ્વભાવ ત્રિકાળ (રહેવા છતાં) વર્તમાન અવસ્થામાં બંધ, મુક્તિની અવસ્થા હોવા છતાં તત્ત્વ વિચારતાં.. દેખો, ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવ એકરૂપ સદશ પરમાત્મા પોતાનું સ્વરૂપ એનો વિચાર કરતા '(-**પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.**' જુઓ, શુદ્ધ તત્ત્વના રસિલા પુરુષો આમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ કંદ પ્રભુ, ધ્રુવ જેવો સર્વજ્ઞ પરમેશ્વરે જોયો છે, ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના જ્ઞાનમાં આત્મા ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ ત્રિકાળ એકરૂપ અને એક સમયની અવસ્થા ભગવાને જોઈ છે. પણ એ તો અવસ્થાદૃષ્ટિ કહો, વ્યવહારનય કહો, વર્તમાન જ્ઞાનનો વિષય કરવાથી 'છે' એમ કહો, પણ ત્રિકાળ દૃષ્ટિમાં શુદ્ધ તત્ત્વના રસિક પુરુષ,... ભગવાન આત્મા જ્ઞાયક એ જ્ઞાયક છે, દ્રવ્યસ્વભાવ એ દ્રવ્યસ્વભાવ જ છે, વસ્તુસ્વભાવ એ વસ્તુસ્વભાવ જ છે એમ શુદ્ધ પરમાર્થના રસિક (પુરુષો કહે છે). સમ્યગ્દૃષ્ટિ તત્ત્વના રસિક છે. આહા..હા..! અજ્ઞાની વિકારનો રસિક છે. આહા..! સમજાણું કાંઈ? અશુદ્ધતા હો, જ્ઞાની એના રસિક નથી. સમજાણું કાંઈ? અને અશુદ્ધતાનો નાશ કરવો એણ પણ નથી.

ત્રિકાળ શુદ્ધ છે એનો આશ્રય કરતાં શુદ્ધતા પ્રગટ થાય છે અને અશુદ્ધતાનો નાશ થાય છે. એવું અવસ્થામાં છે પણ અંતર દષ્ટિ કરવાથી શુદ્ધ તત્ત્વરસિક પુરુષ આમ કહે છે. ભગવાન આત્મા ચિત્‌પિંડ ચિત્‌પિંડ પરમેશ્વર, તું જ સાક્ષાત્ પરમેશ્વર છો. તારો પરમેશ્વર એકરૂપ તારાથી દૂર નથી, તારાથી દૂર નથી. સમજાણું કાંઈ? મૂળચંદજી! ઈ કહ્યું હતુંને? નહિ? શું કહેવાય? ... નહોતું આવ્યું? (નાટક સમયસાર) (૪૮)માં છેને? (બંધ દ્વાર).

'**કેઈ ઉદાસ રહૈ પ્રભુ કારન, કેઈ કહૈ ઉઠિ જાંહિ કહીંકિ,...**' બનારસીદાસ કહે છે, '**કેઈ પ્રનામ કરે ગઢિ મૂરતિ, કેઈ પહાર ચઢૈ ચઢિ છીંકિ. કેઈ કહૈ અસમાનકૈ ઊપરિ, કેઈ કહૈ પ્રભુ હેઠિ જમીંકિ, મેરો ધની નહિ દૂર દિસન્તર,...**' બનારસીદાસ કહે છે બંધ અધિકારમાં. '**મેરો ધની નહિ દૂર દિસન્તર, મોહીમૈં હૈ મોહિ સૂઝત નીંકિ.**' સમજાણું કાંઈ? તારાચંદજી! '**મેરો ધની નહિ દૂર દિસન્તર,**' એક સમયની અવસ્થા હો પણ મારો પરમાત્મા, પરમેશ્વર તો મારી પાસે જ, હું જ પરમેશ્વર છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**મેરો ધની નહિ દૂર દિસન્તર,**' કોઈ દિશાંતર નથી કે લટકે છે માથે, મેરુ પર્વત ને શું કહેવાય આ? સમેદશિખર ઉપર ભગવાન નથી એમ કહે છે. શત્રુંજય ઉપર ભગવાન નથી. '**મેરો ધની નહિ દૂર દિસન્તર, મોહીમૈં હૈ મોહિ સૂઝત નીંકિ.**' જુઓ, '**સૂઝત નીંકિ.**' તો એ પર્યાયથી સૂઝે છે. પણ પર્યાય દ્રવ્યને જોવે છે. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયને એકલી દેખે એ વ્યવહારનય છે, પણ એ પર્યાય વર્તમાન ત્રિકાળને દેખે એનું નામ નિશ્ચયનયનો વિષય છે. ભગવાન પરમેશ્વર એકરૂપ છે એમાં બે ભેદ પડતા નથી. એમ તત્ત્વના રસિકજન પુરુષો કહે છે. એવો પોતાનો ત્રિકાળ સ્વભાવ ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો જાણીને પર્યાયમાં વિકાર છે એમ માનીને પોતાના સ્વભાવનો આશ્રય કરવો તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ ૨, શુક્રવાર, તા. ૨૨-૦૪-૧૯૬૬,
ગાથા-૫૦, પ્રવચન નં. ૫૮

નિયમસાર ચાલે છે, એનો શુદ્ધભાવ અધિકાર. બહુ ગાથા સરસ છે, માખણ છે.

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

'**ટીકા :— આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.**' શું કહે છે? આ ગાથામાં ત્યાગવાયોગ્ય હેય કોણ છે? અને ઉપાદેય કોણ છે? ત્યાગ નામ છોડવાલાયક કોણ છે? ગ્રહણ કરવાલાયક કોણ છે? એનું અહીંયા કથન છે. બહુ મર્મની ગાથા છે. આત્મામાં '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' આત્મા વસ્તુ છે અનંતગુણ શુદ્ધ ચૈતન્યપદાર્થ છે. એની વર્તમાન પર્યાયમાં વિભાવગુણપર્યાયો છે. રાગ, દ્વેષ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ અને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારને અહીંયા વિભાવગુણપર્યાય કહેવામાં આવ્યા છે. જરી સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છે. એની એક સમયની પર્યાયમાં જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના રાગ થાય છે એ બધા સમ્યગ્દષ્ટિને હેય છે. મોતીલાલજી! આહા..હા..! એ તો હેય છે, પણ વિભાવગુણપર્યાય... ઉદયભાવ તો હેય છે જ પણ આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય થાય છે એ પણ અહીંયા વિભાવ-વિશેષગુણપર્યાયમાં ગણીને હેય કહેવામાં આવી છે. સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? '**જે કોઈ વિભાવગુણપર્યાયો...**' (અર્થાત્) ચારે ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાય છે. ચાર પ્રકારની આત્માની અવસ્થામાં દશા છે. પરદ્રવ્ય તો હેય છે જ, કર્મ શરીર તો પરદ્રવ્ય છે, પોતાની પર્યાયથી એક સમયમાં પૃથક્ છે પણ પોતાની પર્યાયમાં જેટલા વ્રત, અવ્રત, દયા, દાન, ભક્તિ, પૂજા આદિના ભાવ (થાય છે) એ વિકલ્પને ઉદયભાવ કહે છે. અને આત્મા ચિદાનંદસ્વરૂપ એનું અંતર આનંદનું લક્ષ કરીને જે ઉપશમ સમ્યગ્દર્શન થાય છે, ઉપશમ ચારિત્ર પર્યાયમાં થાય છે અને ક્ષયોપશમ સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે અને ક્ષાયિક દર્શન આદિ સમ્યક્ થાય છે એ બધાને વિભાવગુણપર્યાયો કહેવામાં આવ્યા છે.

'**તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' વર્તમાન એ છે તો જાણવાલાયક છે એ અપેક્ષાથી વ્યવહારનયથી આદરણીય કહેવામાં આવ્યા હતા. ઉપાદેયનો અર્થ એ કે છે. આત્માની પર્યાયમાં ઈ છે. રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે, સમજાણું કાંઈ? અને પોતાની પર્યાયમાં ક્ષાયિકસમકિત થાય, ઉપશમસમકિત થાય, એ બધા છે. વ્યવહારનય નામ વર્તમાન જ્ઞાનનો વિષય કરવાલાયક એક સમયની અવસ્થા વિદ્યમાન છે, છે. એ અપેક્ષાથી પૂર્વ ગાથામાં આદરણીય-ઉપાદેય-જાણવાલાયક, છે તેને ઉપાદેય કહેવામાં આવ્યા હતા. સમજાણું કાંઈ?

'**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચિદ્ઘન દ્રવ્યસ્વભાવ અખંડાનંદ પ્રભુ એના જ્ઞાનના બળે '**તેઓ હેય છે.**' પાઠમાં પહેલા પરદ્રવ્ય કહ્યું છે, પછી પરભાવ કહ્યું છે, પછી હેય કહ્યું છે. ટીકામાં પહેલા હેય કહ્યું છે, પછી પરભાવ કહીને પરદ્રવ્ય કહ્યું છે. આખી વસ્તુની ટીકા બરાબર છે. સમજાણું કાંઈ? પાઠમાં તો શું

કહેવાય તમારી? કવિત્વની રચના માટે ત્યાં છે. પણ એનું તાત્પર્ય હેય, પરભાવ ઈતિ પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? સવાર કરતા અત્યારે જરી સૂક્ષ્મ વાત છે. સવારે તો મરણ નહિ, વ્યથા નહિ, રોગ નહિ એની વાત હતી. એ તત્ત્વની દૃષ્ટિમાં છે જ નહિ. કેમકે એમ માને તો પરને પોતાના માનવાનું મિથ્યાત્વ લાગે છે. ચંદુભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં... ડૉક્ટર ગયા? ત્યાં બેઠા છે. અહીંયા આવો અહીંયા ડૉક્ટર. ... પુસ્તક છે કે નહિ? કે ખલાસ થઈ ગયા? જુઓ, શું કહે છે? કે ભગવાન આત્મા એક એક પોતાનો આત્મા, એની પર્યાય નામ અવસ્થા, દશા, હાલતમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પ્રકારની પર્યાય વિદ્યમાન છે. મોક્ષમાર્ગી જીવને ચાર છે. મોક્ષમાર્ગ ન હોય તો એને ઉદય અને ક્ષયોપશમ બે પ્રકારની પર્યાય છે. આત્માનું સમ્યગ્દર્શન, અનુભવ આત્માનો થયો તો સમ્યગ્દૃષ્ટિને પોતાની પર્યાયમાં ઉદય છે, ઉપશમ છે, ક્ષયોપશમ અને ક્ષાયિક એવી ચાર પર્યાય હોય છે. અજ્ઞાનીને ઉપશમ અને ક્ષાયિક એવી પર્યાય નથી હોતી અનાદિના. એમાં રાગ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પ જે ઉઠે છે એ ઉદય છે અને પોતાની પર્યાયમાં જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસનો અંશ વર્તમાન છે તે એક સમયની અવસ્થા ક્ષયોપશમ છે. સમ્યગ્દૃષ્ટિને પોતાના શુદ્ધસ્વભાવની ઉપાદેયતા આગળ એ બધી પર્યાય હેય છે. આહા..હા..! મોતીલાલજી! બહુ સૂક્ષ્મ વાત છે. આહા..હા..! શું કહે છે જુઓ,

એ વિભાવપર્યાયો વ્યવહારનયથી કહી હતી એ છે ખરી. છે, વિભાવગુણપર્યાય છે એમ કહ્યું છેને? છે ખરી. એમ નથી કે પર્યાયમાં કોઈ રાગ નથી, અશુદ્ધતા નથી. કર્મની વાત નથી. પરદ્રવ્ય તો પોતાની એક સમયની પર્યાયમાં પણ નથી, એની તો અહીંયા વાત નથી. પરદ્રવ્ય પરદ્રવ્યમાં રહ્યા. પોતાની નિજ સત્તાની અવસ્થામાં-પર્યાયમાં જે વિકાર શુભ-અશુભ વિકલ્પ થાય છે તેને અહીંયા ઉદયભાવ કહે છે, તેને અહીંયા વિભાવગુણપર્યાય કહે છે. એ સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને અંતર સ્વભાવની ઉપાદેયતા આગળ તે પર્યાય હેય છે. આહા..હા..! શેઠી! બહુ ગડબડ અત્યારે તો ચાલે છે.

કહે છે કે '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમા ભાગમાં ચૈતન્યપિંડ જ્ઞાયકમૂર્તિ અનંતગુણનું એકરૂપ, અનંત શક્તિરૂપ એક શક્તિ દ્રવ્ય એવી અંતર દૃષ્ટિ કરવાથી તેના બળે તે હેય છે. પોતાની પર્યાયમાં થવાવાળી ચાર પ્રકારની દશા હેય છે. લક્ષ કરવાલાયક નથી, આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા હેય કહ્યું છે. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ પરમ.. પછી લેશે, પરમ સ્વભાવકંદ એકરૂપ. એ પણ આધારઆધેયની વાત કરશે, ભગવાન આત્મા સ્વભાવિક દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ જે ત્રિકાળ વસ્તુ છે એવા જે અંતઃતત્ત્વસ્વરૂપ છે એ સ્વદ્રવ્ય છે એનું એકરૂપ જે પરમ સ્વભાવ છે તે જ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય નામ અંગીકાર, આદરણીય, ધ્યેય કરવાલાયક છે. આહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

આ ચાર ભાવ અવસ્થામાં છે તો અવસ્થામાંથી નવી અવસ્થા ઉત્પન્ન નથી થતી. પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. તેથી એ ચાર પ્રકારની પર્યાય, ક્ષાયિકસમકિત હો તોપણ અહીંયા વિભાવગુણપર્યાય ગણીને, વિશેષ અવસ્થા ગણીને હેય કહેવામાં આવી છે. આહા..હા..! પુસ્તક રાખ્યું છે કે નહિ? અહીં છે, ઠીક! આ કેવી વાત હશે? શેઠ!

શ્રોતા :— આગેવાન હોય એટલે એને કહી દેવું પડે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીં તો બધા આગેવાન જ છે આત્મામાં. બીજાના આગેવાન બની કોણ શકે છે?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં આત્મામાં બે અંશ છે. એક ત્રિકાળી ધ્રુવ અંશ છે અને એક વર્તમાન વિશેષ અવસ્થારૂપ, પર્યાયરૂપ, વિશેષભાવરૂપ એક દશા છે. પરમાં નહિ, પરને લઈને નહિ. એ તો પ્રશ્ન અહીંયા છે જ નહિ. આહા..હા..! પોતાની પર્યાયમાં એટલે અવસ્થામાં પલટવું થાય છે એ પર્યાયમાં જેટલા રાગ દ્વેષ, દયા, દાન, ભક્તિ, પૂજાના વિકલ્પ ઉઠે છે અને પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ, આનંદ આદિ પર્યાય પ્રગટ થઈ તો એ પર્યાયને પણ અહીંયા તો હેય કહેવામાં આવી છે. કેમકે એ પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. સમજાણું કાંઈ? ધર્મની પર્યાયને પણ અહીંયા હેય કહેવામાં આવી છે. આહા..હા..! ધર્મી એવો ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણની ચૈતન્યશીલા પિંડ આખો અખંડ છે ઈ આદરણીય છે. કેમકે એમાંથી નવી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. એ દ્રવ્યસ્વભાવ એક સમયમાં સત્તા પરમાનંદમૂર્તિ વસ્તુ સામાન્ય સ્વભાવ એકરૂપ ભાવ ત્રિકાળરૂપ ભાવ એનું લક્ષ અને ધ્યેય કરવાથી ધર્મની વૃદ્ધિ, ધર્મનું ટકવું અને ધર્મની શુદ્ધિ, પુષ્ટિ થાય છે. પોતાની વર્તમાન પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન નથી થતી અને શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. આહા..હા..! ..ભાઈ! ભારે વાત.

શ્રોતા :— આવું સાંભળ્યું ન હોય!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એમ હોય? વકીલ છે તો ન સાંભળ્યું હોય તો સાંભળીને હવે. જ્યાં ત્યાં ઘણે ધક્કા ખાય છે એ તો. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ શુદ્ધ ચિદ્‌બિંબ અનંતગુણનું એકરૂપ એનું અંદર લક્ષ કરવું, આશ્રય કરવો, અવલંબન લેવું, આદરણીય કરવું. આદરણીય કરવાનો અર્થ એને ધ્યેય બનાવવું. એને ધ્યેય બનાવવાથી વસ્તુ ત્રિકાળ છે તે ઉપાદેય થાય છે સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શનમાં, સમ્યક્‌ચારિત્રમાં, સમ્યગ્દર્શન અને જ્ઞાનનું જે ચારિત્ર નિર્મળ થયું એ પણ આત્માને હેય છે. આહા..હા..! વાત સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? એ અમારું ગુજરાતી આવી જાય છે, ગુજરાતી આવેને થોડું? સમજાય છે કાંઈ? આહા..હા..! પ્રભુ! ચૈતન્ય ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ પરમ આનંદકંદ પ્રભુ આત્મા એના આશ્રય આગળ, એ જ સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય છે, એની આગળ એની પર્યાય વિકારી હો કે નિર્વિકારી હો, અહીંયા

હેય કહેવામાં આવી છે. નવનીતભાઈ! આહા..હા..!

'**શા કારણથી?**' હવે ભાઈ શા કારણથી કહે છે. શા કારણથી? હેય શા કારણથી? પાઠમાં તો એમ લીધું, '**पुव्वुत्तसयलभावा**' છે. '**परदव्वं परसहावमिदि हेयं।**' ટીકાકાર સ્પષ્ટ કરે છે કે એ પરપર્યાય પોતાનું ત્રિકાળી સ્વરૂપ નથી. અંતર્મુખ લક્ષ કરવાલાયક એ વર્તમાન પર્યાય નથી. સમજાણું કાંઈ? એ ચિદાનંદ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એની અંતર દૃષ્ટિ કરવાથી એ ચાર પ્રકારની પર્યાય હેય કહી, છોડવાલાયક કહી, ત્યાગવાલાયક કહી, આશ્રય કરવાલાયક નથી એમ કહ્યું. આહા..હા..! '**શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' દેખો, શાંતિભાઈ! પુસ્તક રાખ્યું છે કે નહિ? આ તો ઝીણું છે, ઘડિયાળથી બહુ ઝીણું છે આ તો. આહા..હા..! ઘડિયાળમાં તો ધૂળમાંય કાંઈ નથી કરતો, મફતનો અભિમાન કરે કે આ મેં કર્યું અને મેં આમ કર્યું. ધૂળમાં જડની પર્યાય કોણ કરે ત્રણકાળ-ત્રણલોકમાં? સમજાણું કાંઈ? એક શબ્દ છે ભાઈ ત્યાં એમાં. દ્રવ્ય પણ બન્યું બનેલું છે અને ભાવ પણ બન્યા બનેલા છે અને પર્યાય પણ થવાવાળી બની બનેલી છે, કોને કરવું છે? એક શબ્દ છે. દ્રવ્ય બનેલું છે, ભાવ બનેલા છે અને થવાનું પણ બનેલું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય પણ બનેલું છે, ગુણ પણ બનેલા છે જ, પર્યાય પણ થવાની હોય તે થાય જ છે. તારે કોને કરવા છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા તો ઈ કહે છે કે થવાવાળી પર્યાય થાય છે, થઈ છે વિકાર અવસ્થામાં દશામાં અને અવસ્થામાં જરી સ્વભાવનો આશ્રય કરીને ક્ષાયિકસમકિત પર્યાયમાં થયું તે હેય છે. કારણ કે આશ્રય કરવાલાયક નથી. પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા તે જ ઉપાદેય છે. કેમકે એમાંથી નવી પર્યાય પ્રગટ થાય છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? પાછું હેયનું કારણ મૂક્યું. '**શા કારણથી?**' હેય કેમ કહ્યું? આત્મા પરમ સ્વભાવ ભગવાન એકરૂપ સામાન્ય ધ્રુવ અને એની વર્તમાન દશામાં ચાર પ્રકારની અવસ્થા (થાય છે). એ ચાર પ્રકારની અવસ્થા... શું છે આ? ઓલામાં ભાષા બીજી છે. 'દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ, કરના ભી સાથ બના હૈ, હોના ભી સાથ રહા હૈ. બને બનાયે જડ ચેતનમેં અન્ય ક્યા કરને જાવે રે? જ્ઞાનેશ્વર દ્રવ્ય બના...' અહીં તો બનેલું છે એ તો જુદી વાત છે, પણ અહીંયા તો થવાવાળી પર્યાય થાય છે એના ક્રમસર થવાના કાળે, એ પણ પર્યાય ધર્મની પર્યાય હો, અધર્મના દયા, દાન, વ્રતના પરિણામ હો, બધાને અહીંયા હેય કહ્યા છે. કેમકે એક સમયની પર્યાય આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! અવલંબન કરવાલાયક નથી. પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. એમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. ઓહોહો..!

સર્વજ્ઞ વીતરાગે કહેલું તત્ત્વ, એ પર્યાય ને ગુણ અને દ્રવ્ય. વસ્તુ એક, એની શક્તિ અનંત અને એની અનંતી અવસ્થા-દશા. તો કહે છે કે ધર્મીજીવને સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળા

જીવને પોતાનો ભગવાન આત્મા એકસ્વરૂપી પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જેવો ધ્રુવ જોયો તે જ આશ્રય કરવાલાયક, ત્યાં દૃષ્ટિ મૂકવાલાયક છે. આહા..હા..! વર્તમાન દૃષ્ટિ પ્રગટ થાય તે પણ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! એ.. શેઠ! ક્યાં રહ્યા તમારા દાનના પૈસા અને દાનના ભાવ? ભાવ હોં, પૈસા નહિ. હજી તો અહીંયા હેય કેમ કહ્યું? છોડવા લાયક છે. આત્માની પર્યાય જે પ્રકારની થાય છે તે બધી છોડવાલાયક છે, ત્યાગવાલાયક છે, ગ્રહણ કરવાલાયક નથી. કેમ નથી? કે એ પરસ્વભાવ છે. એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની અપેક્ષાથી એક સમયની ચાર પ્રકારની દશા પરસ્વભાવ છે. સ્વસ્વભાવ આ તો એ પરસ્વભાવ છે. આહા..હા..! ચીમનભાઈ! કોઈ દિ' અભ્યાસ કર્યો નહિ. અભ્યાસ વિના એની રુચિ શું ચીજ છે એની ખબર નથી. અમે થઈ ગયા ધર્મી, લ્યો. શું ધર્મી કોને કહે છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

આ વાણી, દેહ, કર્મ એ રૂપે તો આત્મા એક સમય પણ નથી થતો. એક સમય એ રૂપે તો થતો નથી. કેમકે એ તો પૃથક્ ચીજ છે. એ તો હેય જ્ઞેય છે. છોડવાલાયક જ્ઞેયરૂપ જાણવાલાયક છે. પણ પોતાના અસ્તિત્વમાં, મોજૂદગીમાં.. સમજાય છે કાંઈ? પોતાની મોજૂદગીમાં એક સમયની દશા, અવસ્થા, પર્યાય, હાલત કહો એ પણ હેય છે. કેમ? કે પરસ્વભાવ છે. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! પરસ્વભાવ કઈ અપેક્ષાથી છે? એક સમયમાં પ્રભુ ચિદ્‌ઘન આનંદકંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એ સ્વસ્વભાવ છે. તો એની પર્યાયમાં જેટલા ભાવ થાય છે એ બધા પરસ્વભાવ છે. આહા..હા..! સાંભળ્યું નથી, કોઈકે તો હજી જિંદગીમાં સાંભળ્યું પણ નથી. સમજાણું કાંઈ? પરસ્વભાવ.

'**અને તેથી જ પરદ્રવ્ય છે.**' સમજાણું કાંઈ? એકદમ પરદ્રવ્ય કહ્યું છે. અમારે પંડિતજી કાલે કહેતા હતા કે એકદમ પરદ્રવ્ય, પરદ્રવ્ય કહે છે. પરદ્રવ્ય... પરદ્રવ્ય... પણ શું પણ પરદ્રવ્ય? અહીંયા લખ્યું છે, '**परदव्वं परसहावमिदि हेयं।**' એકદમ પરદ્રવ્ય... પરદ્રવ્ય નહિ. હેય છે, લક્ષ કરવાલાયક નથી. કેમકે પરસ્વભાવ છે તેથી પરદ્રવ્ય છે. આહા..! વજુભાઈ! આહા..હા..! વીતરાગમાર્ગ આવો હશે? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું તત્ત્વ જ આવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણકાળ-ત્રણલોક તીર્થંકરદેવે જોયા, એવા કહ્યા, એવા જાણવામાં આવ્યા એમ જાણવાલાયક કાયમી અસલી ચીજ શું છે? ઈ કહે છે કે અસલી ચીજ તો પ્રભુ અંતર્મુખ થવું, ધ્રુવસ્વભાવનો આશ્રય કરવો એનું નામ ધ્રુવને ઉપાદેય કર્યો કહેવામાં આવ્યો છે. એ સિવાય ચાર પર્યાય.. આહા..હા..! ક્ષાયિકસમકિતની પર્યાય, ક્ષયોપશમચારિત્ર છઠ્ઠે ગુણસ્થાને હોય છે, સાચા મુનિને, સમ્યગ્દૃષ્ટિને, ભાવલિંગ પોતાનો શુદ્ધ ભગવાન આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદ થયા, કહે છે કે એ પણ પરસ્વભાવ છે. હેય છે કેમકે પરસ્વભાવ છે. પરસ્વભાવ છે તો સ્વ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાથી તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ.. પોપટભાઈ! બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. હજી તો શરીરનું કરી

દઈએ શરીર. શરીરની ક્રિયા આત્મા કરે, પરની ક્રિયા આત્મા કરે, પરની દયા આત્મા પાળે, પરની હિંસા આત્મા કરે. મૂઢ છો. ઈ ક્યાંથી લાવ્યો? પરદ્રવ્ય શું નકામું છે કે પોતાનું કાર્ય કર્યા વિનાનું રહે છે કે તું એનું કાર્ય કરી દે? સમજાણું કાંઈ? સ્વાહા.. પૂજા કરે છે કે નહિ? આ પર્યાય તારી છે? તારાથી થાય છે જડની ક્રિયા? એ તો જડની છે. આહા..! 'એનો હું આત્મા કરનારો છું' એવી માન્યતા તો મૂઢ જીવની છે.

પણ અહીંયા તો કહે છે, પોતાની પર્યાયમાં થવાવાળી દશા એ પરસ્વભાવ છે. ત્રિકાળી ધ્રુવસ્વભાવની અપેક્ષાથી એક સમયની અંશ દશા ત્રિકાળી સ્વભાવની અપેક્ષાથી તેને પરભાવ કહેવામાં આવ્યા છે. પરસ્વભાવ! આહા..હા..! રાડ નાખેને. ક્ષાયિકભાવ એ પરસ્વભાવ. નવરંગભાઈ! નિયમસાર દેખી.. અરે..! ક્ષાયિકસ્વભાવ, ક્ષાયિકભાવ તો કેવળીને હોય, સિદ્ધને હોય. એક સાધુ દ્રવ્યલિંગી, દ્રવ્યલિંગ પણ નહિ, એકે વાંચ્યું એમાં, આવે છેને એમાં? ૪૧માં આવે છેને ૪૧, '**णो खइयभावठाणा**' ઈ. દેખો! '**णो खइयभावठाणा**' પાઠ છેને? દેખો, '**णो खइयभावठाणा**' દેખો ૪૧માં. ક્ષાયિકભાવ આત્મામાં નથી. રાડ નાખી ગયો વાંચતા. સમજ્યા? આહા..હા.. આ? અર..ર..ર..! ક્ષાયિકભાવ તો સિદ્ધને હોય છે. હવે સાંભળ તો ખરો.

શ્રોતા :— આવી વાત સાંભળવામાં કેવી રીતે બરદાશ્ત કરી શકાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :— કોની સહન કરવાની શક્તિ હોય? શું કહે છે? આ વસ્તુ એવી છે એમાં ક્યાં પ્રશ્ન? આહા..હા..! સહન કોને કરવું છે? પરને તો સહન કરી શકતો નથી ત્રણકાળમાં. 'શરીરની ક્રિયા અને પરની ક્રિયા, દયા પાળી શકું છું' એમ ત્રણકાળ-ત્રણલોકમાં નથી. મૂઢ જીવ પરની ક્રિયાનો કર્તા થાય છે.

અહીં તો કહે છે કે પોતાના અસ્તિત્વમાં, પોતાની મોજૂદગીમાં જે ચાર પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે તે પણ પરભાવ હોવાથી, હેય હોવાથી, કેમ હેય? પરભાવ હોવાથી, કેમ? પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષાયિકભાવ ત્યાંથી લીધો હતો એણે. આમાં હતું ઈ ત્યાંથી નાખ્યું. લ્યો, ઈ જ આવ્યું. 'द्रव्य बना है, भाव बना है, होना भी साथ बना है. बने बनाये जड चैतन्यमें अन्य क्या करने जावे जी?' અહીં તો કહે છે કે અન્યનું કરવું તો છે જ નહિ, પણ પોતાના સ્વભાવના આશ્રયે જે પર્યાય ઉત્પન્ન થાય છે કે પરલક્ષી જે દયા, દાન, વ્યવહારરત્નત્રય જેને કહે છે એ વ્યવહારરત્નત્રય પણ હેય છે અને નિશ્ચયરત્નત્રય જે સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે તે પણ હેય છે. આહા..હા..! ભગવાન! ઈ પર્યાય છેને, હાલત છે, દશા છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ભગવાનની અપેક્ષાથી તે નિશ્ચયરત્નત્રય સમ્યક્ પર્યાય હેય છે. કેમકે પરભાવ છે, એક સમયની દશા છે માટે તે પરદ્રવ્ય છે. જુઓ, એમાં છે. વાંચ્યું છે ક્યાં તમે આટલા વકીલ થઈને?

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— પણ હવે ધર્મનો વિષય કરવો હોય એને હોય કે નહિ? આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા.. ઓહો..! ટીકા પણ કેટલી સરસ કરી છેને! હેય એકદમ કઠણ લાગેને, તો કહે છે, હેય-ત્યાગ. બે શબ્દ લીધાને? હેય કહો કે ત્યાગ કહો. ઉપાદેય કહો કે ગ્રહણ કહો. બે શબ્દ લીધાને પહેલા. મૂળ પાઠમાં છે. ભગવાન! એકવાર સાંભળ તો ખરો. તારી મહાન પુંજી અંદર પ્રભુ પડ્યો છે. એક સમયમાં ભગવાન પુંજી પડી છે. દેવશીભાઈ ક્યાં ગયા? દેવશીભાઈ ગયા? ઈ કહેતા હતા કે સવારમાં આ સમજાણું. પોતાની પુંજી સંભાળે તે શેઠ. પોતાનો એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એની સંભાળ કરે તે શેઠ. જાધવજીભાઈ! એ.. શેઠ! અંતર એક સમયમાં ભગવાન પૂર્ણાનંદનો કંદ એક ધ્રુવ છે એની સંભાળ કરે, દૃષ્ટિ કરે એ શેઠ છે, બાકી બધા હેઠ છે, અનુચર છે. અનુચર આવ્યું હતુંને? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ભાઈ! કેટલાક તો વળી એમ કહે કે ઈ સોનગઢનું છે. અરે..! ભગવાન! સોનગઢનું છે કે ભગવાનના ઘરનું છે? પણ કદી સાંભળ્યું નથી. જૈનદર્શન વીતરાગ સર્વજ્ઞનું કહેલું કથન શું છે ઈ સાંભળ્યું નથી. એ.. સોનગઢવાળા વ્યવહારનો તો લોપ કરી નાખે છે. એ.. ચીમનભાઈ! હવે સાંભળને! આશ્રય કરવાલાયક નથી.

ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ અંતર્મુખ લક્ષ કરવાથી નવી ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે. એ સિવાય વ્યવહારરત્નત્ર તો હેય છે જ. કેમકે વ્યવહારરત્નત્રય તો બંધનું કારણ છે. પણ નિશ્ચયરત્નત્રય પોતાના સ્વભાવના અવલંબનથી પ્રગટ થયા, વીતરાગી પર્યાય, અહીં કહે છે કે તે હેય છે. આહા..હા..! કેમ? કે પરસ્વભાવ છેને, ભાઈ! એ ત્રિકાળી એકરૂપ સ્વભાવ નથી. પરમાત્મા ત્રિકાળી અખંડાનંદ ધ્રુવ જે સ્વરૂપે છે એવા ઈ નથી. એક સમયની દશા અવસ્થા છે, પરસ્વભાવ છે અને.. શા કારણથી એના બે અર્થ કાઢ્યા. '**શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' પરસ્વભાવ છે માટે તે પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો અર્થ સમજ્યા? ત્યાં પછી પરદ્રવ્ય લીધું. સમયસારનો શ્લોક છેને, એમાં એ લીધું. '**सिद्धान्तः अयम्**' નહિ? ત્યાં એમ લીધું કે વિવિધ પ્રકારના ભાવ (પ્રગટ થાય છે) તે હું નહિ. કારણ કે તે બધા મને પરદ્રવ્ય છે. સમયસારમાં પણ એમ જ કહ્યું છે. આ શ્લોક છે. સમજાણું કાંઈ? ૧૮૫મો શ્લોક છે સમયસારનો. ભાઈ! તારી મહાન પુંજી સત્ સત્ સત્સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અનંતગુણનું એકરૂપ ભગવાન એનું તારે લક્ષ, ધ્યેય અને (એને જ) આદરણીય કરવાનો છે, બીજું કાંઈ આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય છે. એક વાત લીધી.

'**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' હવે સ્વદ્રવ્યની વાત કરે છે. પોતાની પર્યાયમાં-અવસ્થામાં જેટલી ચાર પ્રકારની પર્યાય થાય છે, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જેટલા ભેદ છે તે વિભાવગુણપર્યાય છે. તેનાથી ભગવાન આત્મા અંતરમાં ત્રિકાળ રહિત છે.

'**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...**' પાઠમાં એમ છેને? '**सगदव्वमुवादेयं अंतरतच्चं**'. ભગવાન આત્મા એ ચાર પ્રકારની પર્યાય જે વિભાવ અવસ્થા છે તેનાથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વ, ચિદ્‌ઘન, પિંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એ સ્વદ્રવ્ય ઉપાદેય છે. જુઓ, પહેલા ઉપાદેય કહીને ખુલાસો કરશે. ઓલામાં હેય કહીને ખુલાસો કર્યો. હેય કહી, પરભાવ કહી, પરદ્રવ્ય કહ્યું. અહીંયા સ્વદ્રવ્ય ઉપાદેય (કહ્યું). સ્વદ્રવ્ય એને કહ્યું, શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, અંતઃભાવસ્વરૂપ, અંતઃ ચૈતન્યના કાયમી અસલી નિજ ધ્રુવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ ધ્રુવ અંતઃતત્ત્વ છે તે જ સ્વદ્રવ્ય ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને એ સ્વદ્રવ્ય અંતઃ ભાવ ત્રિકાળ છે તે જ ઉપાદેય નામ આદરણીય અને સ્વીકાર કરવાલાયક છે. આહા..હા..! આમાં છે કે નહિ? લોકો એમ કહે છે કે એ.. સોનગઢવાળા કહે છે. પણ તેં સાંભળ્યો જ નથી વીતરાગમાર્ગ. સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જે ફરમાવે છે, મહાવિદેહમાં ફરમાવે છે તે જ કુંદકુંદાચાર્ય ત્યાંથી આઠિ દિન રહીને આવ્યા, મુનિ તો હતા ભાવલિંગી સંત, આત્માનુભવમાં આનંદમાં (રહેતા હતા), ઘણી વિશેષ સ્પષ્ટતા ત્યાં જઈને થઈ, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાણું કાંઈ? એ.. મૂળચંદજી! ક્યાં ગયા ડૉક્ટર? આ માલ માલ આવ્યો છે આજે. આજ દૂર બેઠા છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

સ્વદ્રવ્ય ઉપાદેય. કેમ? કે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય. અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય. સ્વદ્રવ્યને પણ આધાર પરમપારિણામિકનો કહેશે. કારણ કે ઓલો '**अप्पा**' શબ્દ પડ્યો છેને? '**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा**' છેલ્લો શબ્દ છેને, '**अप्पा**'. એ આત્માને કારણસમયસાર કહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા એટલે પરમસ્વભાવ ત્રિકાળ ભાવ તે આત્મા. એ નિશ્ચયનયનો આત્મા. વ્યવહારનયનો આત્મા ચાર પર્યાયનું લક્ષ અને વિષય એ વ્યવહારનયનો આત્મા. આહા..હા..! આત્મામાં પણ વ્યવહાર અને નિશ્ચય. સૂક્ષ્મ છે, કીરીટભાઈ! તમારે જુવાન માણસને આ ક્યાં..? સાંભળવામાં તો આવ્યું. નવનીતભાઈને લઈને લ્યો. ઈ તો આવે છે આમાં. શું છે આ? આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ એમની વાણીમાં આ આવ્યું સમવસરણમાં. સો ઈન્દ્રની ઉપસ્થિતિ. ઈન્દ્રો, શકેન્દ્ર, ઈશાનઈન્દ્ર આદિ ભગવાનના સમવસરણમાં બિરાજમાન હતા. મહાવિદેહક્ષેત્રમાં કે અત્યારે અહીંયા જ્યારે ભગવાન મહાવીર આદિ હતા, એ ભગવાનની વાણીમાં આ આવ્યું છે. આવ્યું છે તે અહીંયા શાસ્ત્રના કથનમાં આવ્યું છે. સમજાણું કાંઈ? હવે કહે છે, '**ખરેખર...**' વાસ્તવમાં એમ. '**સહજજ્ઞાન...**' ત્રિકાળ. જ્ઞાનસ્વભાવ ત્રિકાળ. સ્વભાવિક જ્ઞાન ધ્રુવ ત્રિકાળ. '**સહજદર્શન...**' દર્શન-દ્રષ્ટા સ્વભાવ ત્રિકાળ. '**સહજચારિત્ર...**' શાંતિ, શાંતિ, શાંતિનો સાગર એવી સહજ શાંતિ ત્રિકાળ અને '**સહજપરમવીતરાગ સુખાત્મક...**' સ્વભાવિક અંતરમાં પરમ રાગરહિત સુખસ્વરૂપ ભગવાન આત્મા પડ્યો છે. આહા..હા..! સહજજ્ઞાન, સ્વભાવિક ત્રિકાળ. સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર-સ્થિરતા

ત્રિકાળ અને સહજ સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ, આત્મક એટલે સુખસ્વરૂપ એવા '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...**' એવા શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. જુઓ, અંતઃતત્ત્વની વ્યાખ્યા. ઓલામાં કહ્યું હતુંને? શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. એ સ્વદ્રવ્ય ઉપાદેય કીધું. એ અંતઃતત્ત્વસ્વરૂપ શું? કે આ. ભગવાન આત્મા સામાન્ય જ્ઞાન ત્રિકાળ, દર્શન ત્રિકાળ ચારિત્ર શાંતિ ત્રિકાળ અને પરમ વીતરાગસુખસ્વરૂપ સ્વભાવ ગુણ ત્રિકાળ એ સ્વદ્રવ્યનો આધાર. આ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ સ્વદ્રવ્ય. આહા..હા..! માથે છેને? '**सगदव्वमुवादेयं अंतरतच्चं**'.

ભગવાન આત્મા અનંત અનંતજ્ઞાન, અનંતદર્શન જેનો સ્વભાવ છે એને હદ શી? વસ્તુનો જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, શાંતિ નામ ચારિત્રસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ એની મર્યાદા શું? જેનો સ્વભાવ સ્વયંસિદ્ધ અનંત બેહદ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમસુખ વીતરાગ એવા શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ સ્વદ્રવ્ય, એ સ્વદ્રવ્ય. અહીં સુધી આવ્યું, '**सगदव्वमुवादेयं अंतरतच्चं**'. હવે '**अप्पा**' આવે છે. આહા..હા..! આમાં તો સૂઝ પડે નહિ એટલે બિચારા કાઢી નાખે. નિયમસાર મૂકી દે એકકોર! આહા..હા..!

આ તો મોક્ષમાર્ગનો અધિકાર છે. નિયમસાર. નિયમ નામ મોક્ષમાર્ગ, સાર નામ વ્યવહાર રહિત નિર્મળ દશા. પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન એના અંતર લક્ષે-આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે તેને નિયમ કહે છે. સાર (અર્થાત્) વ્યવહારરત્નત્રયના વિકલ્પથી રહિત તેને નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. એ નિશ્ચયમોક્ષમાર્ગને અહીંયા પરદ્રવ્ય કહ્યું છે. આહા..હા..! કેમકે નિયમસાર, મોક્ષમાર્ગની પર્યાયની (પર્યાયને આશ્રયે) વૃદ્ધિ ન થાય, વૃદ્ધિ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ગડબડ. હજી તો કાંઈક પરદ્રવ્યને લક્ષે થાય ને ફલાણાને લક્ષે થાય ને આને લક્ષે થાય. અહીં તો કહે છે કે તારી ચાર પર્યાયના લક્ષે નવી પર્યાય થતી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

સહજપરમવીતરાગસુખસ્વરૂપ ભગવાન શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ સ્વદ્રવ્ય. એને સ્વદ્રવ્ય કહ્યું. એનો આધાર. ઈ આધારઆધેયસંબંધ કહીને આધારઆધેયના ભેદ પણ એમાં નથી. અહીં તો ચાર બોલ કહ્યાને. એકરૂપ, એનો આધાર એકરૂપ, ભેદનો આધાર એકરૂપ. સમજાણું કાંઈ? અનંતદર્શન સહજદર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદનું લક્ષ કરવાથી પણ રાગ ઉત્પન્ન થાય છે. ભારે વાત, ભાઈ!

અહીંયા તો કહે છે કે આવા જે ચાર બોલ (કહ્યા) એવું સ્વદ્રવ્ય એનો આધાર '**સહજપરમપારિણામિકભાવલક્ષણ સહજ...** ' સ્વભાવિક '**(પરમપારિણામિકભાવ જેનું લક્ષણ છે...**' જેનું નામ જેનું લક્ષણ-સ્વરૂપ છે એવો '**કારણસમયસાર છે.**' એ '**अप्पा**'નો અર્થ કર્યો. કારણસમયસાર નામ ધ્રુવ એકરૂપ પરમસ્વભાવ. આહા..હા..! માથું ફરી જાય એવું છેને. જેચંદભાઈ! ચક્કરે ચડે એવું છે કે નહિ આમાં? ભાઈ! ચક્કર ઊતરી જાય એવું છે આ તો.

મહા પરમ સ્વરૂપ ભગવાન આત્મા અનાદિ સ્વયંસિદ્ધ તત્ત્વ બિરાજમાન પ્રભુ છે આત્મા. એને જ અહીંયા આત્મા કહેવામાં આવ્યો છે. '**अप्पा**' તેને આત્મા કહે છે. આહા..હા..! નિશ્ચયનયનો આ આત્મા. વળી આત્મામાં પણ બે ભાગ. પરમાં તો વાત ક્યાં રહી? આત્મા કર્મ બાંધે ને આત્મા કર્મ છોડે ને આત્મા શરીરની ક્રિયા કરે એ તો ક્યાં! મિથ્યાદષ્ટિ માને છે એવું તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ઉત્તમચંદભાઈ! છેને પુસ્તક? વાંચનાર છે. ભગવાન આત્મા જે વારંવાર સ્મરણમાં લેવાલાયક, વારંવાર જ્ઞાનમાં ધ્યેય કરવાલાયક, વારંવાર જેના લક્ષે ભગવાન આત્માની પર્યાયમાં જાગ્રત દશા ધર્મની થાય એવો ભગવાન કારણસમયસાર ત્રિકાળ. એ વીતરાગી કેવળજ્ઞાનના કાર્યનું ઈ કારણ છે. આહા..હા..! પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા પર્યાયમાં-અવસ્થામાં. સર્વદર્શી, સર્વઆનંદ, સર્વચારિત્ર એ જે અનંત ચતુષ્ટયની પર્યાય છે તે કાર્ય છે, પર્યાય, એ કાર્યનું કારણ એ ત્રિકાળી આત્મા છે. સમજાણું કાંઈ?

શ્રોતા :— આવું આપ મુંબઈમાં નહોતા કહેતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :— મુંબઈમાં ક્યાં કહે, આ બધા સાધારણ બેઠા હોય, અમારે કો'ક દિ' રહેવું હોય. હજી તો પરખતા હોય ત્યાં. રાજકોટમાં આવે છે. રાજકોટમાં તો પરિચય ઘણોને. એઈ..! ક્યાં ગયા રતિભાઈ? પ્રભુભાઈ ક્યાં ગયા? એને કીધું કે તમે નહોતું કહ્યું? મેં કહ્યું, રાજકોટ આવવાનું છે. કીધું હતું. વિનંતી નહોતી કરી પહેલાં કંઈ. એની પહેલાં મેં કહ્યું હતું, હવે અહીં રહેવું. વળી પંદર દિ' ત્યાં. રાખો એક વર્ષમાં. રાખો, થોડું તો રાખો! એ.. રતિભાઈ! ત્યાં સાંભળનારા શ્રોતાઓ ઠીક છે. ત્યાં લાલભાઈના .. લોકો તૈયાર થઈ ગયા છે ઘણા સમજવા માટે. સમજાણું આમાં? આહા..હા..!

કહે છે, ભાઈ! એક સમયની દશા-પર્યાય, ઓલા વેદાંતવાળા જેવું કો'કને લાગે આમાં હોં! પણ અહીં તો પર્યાય છે ઈ સિદ્ધ કર્યું છે. અને જેમાંથી લક્ષ છોડવું છે એ ચીજ શું છે? ધ્યાન કરો. પણ કોનું ધ્યાન કરે? પર્યાય છે, રાગ છે, એક સમયની દશા છે. ત્રિકાળી જ્ઞાયક ભગવાન અનંતગુણનો પિંડ એકરૂપ પરમાત્મા છે. બે છે તો એકનું લક્ષ છોડીને એકમાં આવવું. પણ બે વસ્તુ ન હોય તો કોનું લક્ષ છોડવું અને કોને ઉપાદેય કરવું? આહા..હા..! હજી તો બહારની ક્રિયાકાંડમાં બિચારા મૂઢ જીવ મિથ્યાત્વ ખોસે અને માને કે હું ધર્મ કરું છું. આહા..હા..! શુભભાવ કદાચિત્ થોડો હોય તો કહે કે અમારો ધર્મ છે. સ્વામિ થાય છે ધૂળનો, વિકારનો. સમજાણું કાંઈ? શુભ-અશુભ પરિણામનો સ્વામિ થાય છે તે સહજાનંદ ચૈતન્યનું સ્વામિપણું છોડી દે છે. આહા..હા..! ત્યાગ કરે છે, પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે અને રાગને ગ્રહણ કરે છે.

અહીંયા તો કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવો અનુભવ કરીને ચારિત્રદશામાં, સમકિતી પણ એમ જ કહે છે. ઈ અહીં ભક્તિ આગળ આવશે. પોતે કહે છે, આમ જે કહે તે મુક્તિને પામે છે. કહે એટલે જાણે, એમ મૂળ તો. પાછળ છેને (૭૪)

કળશમાં? **'वक्ति' 'इत्थं व्यक्तं वक्ति'**. આમ જે સ્પષ્ટપણે કહે **'તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.'** કહેનો અર્થ કંઈ કથન આત્માનું નથી. આત્મામાં એ જાણે. આમ આત્મામાં જાણે. ભગવાન આત્મા એક સમયમાં સામાન્યમાંથી વિશેષ થાય છે, તો સામાન્યનો આશ્રય કરવાલાયક છે એમ વક્તવ્યમાં સ્પષ્ટ કહે છે અને એમ સ્પષ્ટ અંદર જાણે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પ્રાપ્ત થાય છે, તે જ અલ્પકાળમાં કેવળજ્ઞાનની મુક્તિને પ્રાપ્ત થાય છે, બીજાને મુક્તિ થતી નથી. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા :— મુક્તિ ન થાય તો શું થાય ત્યારે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— સંસાર! નરક આદિ ચાર ગતિ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...'** ભગવાન આત્મા.. દ્રવ્ય લીધુંને, ગુણ લીધાને ભેદ, એને જ દ્રવ્ય કહ્યું. એનો આધાર એકરૂપ પરમાત્મા. એક સ્વરૂપે ભગવાન અનંતગુણરૂપ છે તે હોવા છતાં એકરૂપ વસ્તુ સહજ સ્વભાવિક પરમપારિણામિક જેમાં કોઈ અપેક્ષા નથી. ચાર પ્રકારની પર્યાયમાં તો અપેક્ષા છે. વિકારના ઉદયમાં નિમિત્તની અપેક્ષા (છે). વિકાર કરે છે જીવ. અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા છે. આહા..હા..! એ ચાર ભાવ સાપેક્ષ છે. એક ત્રિકાળી ભાવ નિરપેક્ષ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી ઓલો વિકાર કરે ઈ સાપેક્ષ છે કે નિરપેક્ષ? ઈ હજી ત્યાં અટક્યા. હવે સાંભળ તો ખરો. વિકાર નિરપેક્ષ આત્મા કરે છે. નિશ્ચયથી આત્મા વિકાર કરે છે કર્મની અપેક્ષા રાખ્યા વિના. કર્મની અપેક્ષા કહેવું તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? વિકાર આત્મા પોતાની પર્યાયમાં (કરે એમાં) પરની અપેક્ષા નિશ્ચયથી નથી, વ્યવહારથી નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા માટે છે. હજી વિકલ્પ રાગ છે એની સ્વતંત્રતાની શ્રદ્ધાની પણ ખબર નથી, એને એક સમયની પર્યાય ક્ષયોપશમ પ્રગટ છે તેની સ્વતંત્રતાની ખબર નથી. મારું જ્ઞાન તો ઈન્દ્રિયથી થાય છે. આ પર્યાયમાં થાય છે ઈ ઈન્દ્રિય છે તો થાય છેને. મન હોય તો થાયને. પોતાની પર્યાયમાં પણ પરની અપેક્ષા આવે તો થાય એમ માને. તેને એક સમયની પર્યાય વિનાનું ત્રિકાળી સ્વયંસિદ્ધ નિરપેક્ષ તત્ત્વ (ક્યાંથી બેસે)? આહા..હા..! સમજાણું કાંઈ?

આવું અંતર ઉપાદેય સ્વદ્રવ્ય છે પરમસ્વભાવભાવ એનો જ આશ્રય કરવાથી ધર્મ ઉત્પન્ન થાય છે, ધર્મની વૃદ્ધિ થાય છે અને એના આશ્રયે ધર્મ ટકે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક શ્લોકમાં આવું છે. પર્યાય પણ સિદ્ધ કરી. પર્યાય નથી એમ નહિ. વીતરાગે જાણ્યા છે આવા ચાર ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ઈ સર્વજ્ઞ સિવાય ક્યાં હોતા જ નથી. સમજાણું કાંઈ? આત્મા ભગવાન ત્રિકાળ હોવા છતાં પર્યાયમાં ચાર ભાવ છે. સંસારી જીવને છે. ઈ આવ્યું હતુંને પહેલાં? સંસારી જીવને નહોતું આવ્યું? વિભાવપરિણામ સંસારમાં પણ વિદ્યમાન છે. ત્રીજી લીટી, ૪૯ (ગાથા). **'ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં**

પણ રહ્યા છે...' ચાર પ્રકારની દશા અવસ્થા છે, નથી એમ નહિ. આકાશના ફૂલ નથી. આકાશના ફૂલ જેવી વસ્તુ નથી, છે, પણ એ આશ્રય કરવાલાયક નથી, એની ઓથે જવા લાયક નથી, એનું આલંબન કરવાલાયક નથી. આહા..હા..!

જે આ ત્રિકાળ ભગવાન ધ્રુવ છે એનું લક્ષ કરવાથી દષ્ટિ ઠરે છે. કારણ કે ધ્રુવ છે ત્યાં દષ્ટિ જાય તો ઠરે. ક્ષણિક ક્ષણિક અવસ્થામાં દષ્ટિ જાય તો ક્ષણિક અવસ્થા તો પલટે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ થોડો છે. પણ હવે સવારે જે અધિકાર હતો એ આવ્યો. અધિકાર આવે ઈ આવેને. આ તો ગાથા જ ૫૦મી આજે આવી છે. કાલે ૪૯મી પૂરી થઈ હતી, આજે કંઈ ખેંચીને નથી લાવ્યા. ચીમનભાઈ! આહા..હા..! વસ્તુ તો ત્રણકાળ ત્રણલોકમાં આવી છે. સર્વજ્ઞ પરમેશ્વર પાસે જાય તો આ સાંભળવા મળે. ઈન્દ્રો પાસે સમકિતી પાસે (જાય તોપણ) આ જ સાંભળવા મળે, ગણધરો પાસે આ જ, શાસ્ત્ર તપાસે તો શાસ્ત્રમાંથી પણ આ જ નીકળે છે. સમજાણું કાંઈ? આહા..હા..! માથુ ફરી જાય એવું છે! શું કહે છે?

એક સમયની અવસ્થા, વળી એ અવસ્થાથી બીજી ચીજ કઈ હશે? એક સમયની પ્રગટ દશા, વળી દશા એ દશા પરદ્રવ્ય. આખું વળી બીજું (દ્રવ્ય), વળી બીજી કઈ આખી ચીજ રહી ગઈ? પણ જેના આશ્રયે પર્યાય થાય એ પર્યાયવાન તત્ત્વ છે કે નહિ? સમજાણું કાંઈ? મહાન પિંડ ચૈતન્યપિંડ ભગવાન એકસ્વરૂપે સામાન્ય વસ્તુ એવો દ્રવ્યસ્વભાવ હયાતી, મોજૂદગી, મહાન મોજૂદ તત્ત્વ પરમસ્વભાવભાવ તે જ સ્વદ્રવ્ય હોવાથી, એ સ્વભાવ હોવાને લીધે સ્વદ્રવ્ય છે અને સ્વદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય છે. સમજાણું કાંઈ? એ સિવાય ચાર ભાવ જાણવાલાયક છે, છે એમ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. એમ ૫૦મી ગાથા આખા મોક્ષમાર્ગની પર્યાય કોનાથી ઉત્પન્ન થાય છે એ અધિકાર કહ્યો. પર્યાય પ્રગટ થઈ એના આશ્રયે પર્યાય નથી થતી. પ્રગટ થયેલી શુદ્ધિને આશ્રયે શુદ્ધિ નથી થતી. ધ્રુવના આશ્રયે શુદ્ધિ થાય છે. એવા આત્માનું લક્ષ અને ધ્યેય કરવું તે જ ધર્મની ઉત્પત્તિનું કારણ છે. બીજું કોઈ ધર્મની ઉત્પત્તિનું કારણ નથી.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ ૩, શનિવાર, તા. ૨૩-૦૪-૧૯૬૬,
ગાથા-૫૦, શ્લોક-૭૪, પ્રવચન નં. ૫૯

નિયમસાર ચાલે છે. ૫૦મી ગાથાનો કળશ છે હવે. ૫૦માં કહ્યું એના આધાર માટે પદ્મપ્રભમલધારિદેવ અમૃતચંદ્રાચાર્યદેવનો આધાર આપે છે.

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।

આ સમયસારનો કળશ છે. શું કહે છે? જુઓ,

'શ્લોકાર્થ :— જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત...' જેમના મનનો, જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત છે. છે પુસ્તકમાં? **'જેમના ચિત્તનું...'** ચિત્ત નામ જ્ઞાન. જેનો જ્ઞાનનું ચરિત્ર નામ એનું આચરણ નામ અભિપ્રાય. જેના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત છે, ઉદાર છે, ઉચ્ચ છે, ઉક્કૃવળ છે **'એવા મોક્ષાર્થીઓ...'** જુઓ, એવા મોક્ષાર્થી. જેના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત, ઉદાર, ઉચ્ચ, ઉક્કૃવળ છે. **'એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...'** અહીંયા નિશ્ચય સિદ્ધાતંનું સેવન કરો. શું? **'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...'** હું નામ ભગવાન આત્મા શુદ્ધ. પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ તરીકે ચિદ્ઘન અનંતગુણનો પિંડ વસ્તુ હું, હું જેને કહીએ, હું તો શુદ્ધ ચૈતન્યમય, જ્ઞાનમય એકલું ત્રિકાળ સ્વરૂપ એક, ભેદ નહિ, એક જ્ઞાનમય શુદ્ધ ચૈતન્ય એક સ્વરૂપે પરમજ્યોતિ. પરમચૈતન્યજ્યોતિ છું. સદૈવ એવો છું. સમજાણું કાંઈ? જેનો સમ્યક્ ઉક્કૃવળ અભિપ્રાય છે એ મોક્ષાર્થી પોતાના આત્માને એક સમયમાં શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ જાણે છે, માને છે. ચીમનલાલભાઈ!

શ્રોતા :— ન સમજ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :— આમાં ન સમજાય? આવી વકીલાત અત્યાર સુધી કરી છે. નથી આવતું આવું?

કહે છે કે ભાઈ! આ આત્મા છેને આત્મા, એમાં બે અંશ. પરના અંશની અહીંયા વાત નથી. પરની સત્તાનો આત્મામાં સંબંધ નથી. એની તો અહીંયા વાત છે જ નહિ. ભગવાન

આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ અને વર્તમાન પર્યાયનો અંશ રાગદ્વેષ આદિ અથવા વિકાસ આદિ, જ્ઞાનનો, દર્શનનો વિકાસ એ અંશ હોવા છતાં અભિપ્રાય ધર્માત્માનો એવો હોય છે અને એવા સિદ્ધાંતનું સેવન કરો કે હું તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ શુદ્ધ છું. સમજાણું કાંઈ? રાગાદિ ક્રિયા હું નથી, દેહની ક્રિયા હું નથી. આહા..હા..! શરીરાદિની જડની પર્યાય થાય છે તે હું નથી. અંદર દયા, દાનાદિ વિકલ્પ ઉઠે છે અથવા ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠે છે રાગ, છે, પણ એ હું નથી. સમજાય છે કાંઈ?

હું એક શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયક સામાન્ય સ્વભાવ એક હું, એકાગ્ર થવાથી એકમાં દૃષ્ટિ જાય છે અને એકમાં દૃષ્ટિ જવાથી એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? ધર્મીનો અભિપ્રાય આવો હોવો જોઈએ અને આવો હોય છે તો એને આ ભલામણ કરે છે કે આવા સિદ્ધાંતનું તારે સેવન કરવું. આહા..હા..! નવનીતભાઈ! હું ત્રિકાળ શુદ્ધ છું. ચૈતન્યમય એક પરમ ઉત્કૃષ્ટ જ્યોતિ છું. આવો સદૈવ છું. ત્રિકાળ મારું સ્વરૂપ તો ચૈતન્યમય પરમાનંદમય એકરૂપે છું. આવો અભિપ્રાય કરવો એનું નામ ધર્માત્માનો ઉદાત્ત અભિપ્રાય કહેવાય છે. ઉદાત્ત કેમ કહ્યું? બધું છોડી દીધો. ઉદાત્ત અભિપ્રાય. પર્યાયમાં રાગ હોવા છતાં લક્ષ છોડી દીધું. ઉદાત્ત થયો છે, ઉદાર થયો છે, ઉજ્જ્વળ અભિપ્રાય થયો છે. આહા..હા..! ત્રણ અર્થ કર્યા છેને, ઉદાર, ઉચ્ચ અને ઉજ્જ્વળ. ઉદારતા .. છે. એક સમયની પર્યાયમાં રાગાદિ હોવા છતાં 'હું ત્રિકાળ ચૈતન્ય છું' એવો અભિપ્રાય કરવો એનું નામ ઉદારતા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભારે ઝીણું.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યાં .. હતું? એ ત્રિકાળ સમયમાં છે જ નહિ. એક સમયની દશાને ગૌણ કરીને વ્યવહાર કરીને, ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે, અભાવ કરીને નહિ. તમારો ઉત્તર આપ્યો. છે એનો. છેને? એક સમયની પર્યાય-અવસ્થા છે. ગૌણ કરીને વ્યવહાર કરીને નથી અને મુખ્ય સ્વભાવ મુખ્ય કરીને નિશ્ચય કરીને એ ભૂતાર્થ એક જ મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? હું તો..

જુઓ, અમૃતચંદ્રાચાર્યદેવ મુનિ સંત હતા એ આદેશ કરે છે, આદેશ કરે છે. ભાઈ! તું ભગવાન છોને. એક સમયમાં પૂર્ણ શુદ્ધ છોને. આનંદમય ચૈતન્યજ્યોત છેને ત્રિકાળ જેનો સ્વભાવ છે એની બેહદતા અચિંત્ય આનંદ આદિ સહિત ચૈતન્યમય હું છું. એવા અભિપ્રાયમાં સ્વ તરફનું વલણ કરીને આવા સ્વભાવનું સેવન કરો, 'હું તો સદૈવ ચૈતન્યજ્યોત છું.' રાગાદિ ઉત્પન્ન થાય છે એને જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. આહા..હા..! શેઠી! સૂક્ષ્મ વાત છે, ભાઈ! પરને જાણવું તો ક્યાંય રહ્યું પણ અંદરમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે.

પોતાનો ચૈતન્ય ભગવાન આત્મા સામાન્ય એકરૂપ ચૈતન્યમય જ્યોતિ એવી અંતર દૃષ્ટિ

કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! ...ભાઈ! હજી આ પહેલું સમ્યગ્દર્શન હોં! ચારિત્ર અને વ્રત ક્યાંય રહી ગયા.

શ્રોતા :— ... વ્રત કહેવાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાં વ્રત ક્યાંથી આવ્યા? એકડા વિનાના મીંડા ક્યાંથી આવ્યા? મીંડા કર્યા. એકડાનું મીંડું પણ જુદી જાતનું હોય છે. એકડા પછીનું મીંડુ બીજી જાત અને એકડાનું મીંડુ બીજી જાત છે. સમજાય છે કાંઈ?

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— કરે. રખડવું હોય તો રખડે છે, રખડવાની ચીજ છે અનાદિથી. સમજાણું કાંઈ? અહીં તો મુક્તિ થવાની શું વસ્તુ છે ઈ વાત ચાલે છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ સમવસરણના મધ્યમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં પરમાત્મા સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ એવી આવી, એની રચનામાં ગણધરે શાસ્ત્ર બનાવ્યા એ શાસ્ત્રમાં આ કહેવામાં આવ્યું. સિદ્ધાંત સેવન કરો એમ કહ્યુંને? ભાઈ! લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો. ઈ આવે છે કે નહિ? છ ઢાળામાં આવે છે. લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો. શેઠ! આવે છે? નવનીતભાઈને આખી મોઢે છે, કંઠસ્થ. દૌલતરામ કહે છે. લાખ વાતની વાત એટલે કે અનંત વાતની વાત. ભગવાન એકલો શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વરૂપ છે એવો અભિપ્રાય કરો. નવનીતભાઈ! કહ્યું છે? એ તો પંડિત પણ કહી ગયા છે. વિચાર કરતા નથી.

શ્રોતા :— આર્ષગ્રંથ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— આર્ષગ્રંથ જ છે. સમકિતી બોલે છે એ વાણી બધી આર્ષગ્રંથ છે. આહા..હા..! પોતે કહે છે મુનિ, મારા મુખમાંથી પરમાગમ ઝરે છે. મુનિ મુનિ છે, આચાર્ય નથી. ઓલા કહે, નહિ, મુનિના કથન નહિ. આચાર્યના (લાવો). અરે..! પ્રભુ! શું કરે છે તું? તારા અભિપ્રાય સાથે મેળ ન ખાય એટલે મુનિને જ ઊડાવી દેવા! સમજાણું કહે છે? મુનિ કહે છે, સમ્યગ્દષ્ટિ કહે છે બધું (એક જ છે). દષ્ટિના અભિપ્રાયની વાતમાં સિદ્ધમાં અને સમકિતીમાં કોઈ ફેર નથી. આહા..હા..! તિર્યંચ હોય એક દેડકો એનું સમ્યગ્દર્શન અને સિદ્ધનું સમ્યગ્દર્શન એમાં કોઈ ફેર નથી.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ અચિંત્ય આનંદકંદ ચૈતન્યમય એમ અંતરમાં દષ્ટિ કરવી એ સામાન્યમાં એકરૂપમાં લક્ષ કરવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. એ વિના ધર્મની શરૂઆત થતી નથી. લાખ વાત પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત લાખ કરે, ક્રોડ કરે તો એમાં રાગ મંદ હોય તો પુણ્ય બંધાઈ જશે. ધર્મ અને અબંધસ્વભાવી ભગવાનને લક્ષમાં લીધા વિના અબંધપરિણામ ઉત્પન્ન નહિ થાય.

શ્રોતા :— સિદ્ધાંત(માં લખ્યું છે કે) પરંપરાએ થશે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાંય પરંપરા નહિ થાય. રાગની પરંપરા અનર્થનું કારણ છે.

સમજાણું કાંઈ? એ તો વ્યવહારનયથી સમ્યગ્દૃષ્ટિને રાગ આવ્યો, રાગનો અભાવ કરીને સ્થિર થશે એ અપેક્ષાથી પરંપરા કહેવામાં આવ્યું છે. રાગ વીતરાગતાનું કારણ થાય? વિભાવ સ્વભાવનું કારણ થાય? ત્રિકાળ સ્વભાવ આત્માનો શાંતિનું કારણ થાય છે એમ અહીંયા કહે છે. વર્તમાન પર્યાય પણ શાંતિનું કારણ નહિ, નવી શાંતિનું હોં! સમજાણું કાંઈ?

શ્રોતા :— એને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— પરને જાણવું છેને. રાગ પર છે, સ્વભાવ નથી. પરના આશ્રયે જાણવું એનું નામ વ્યવહાર છે, સ્વને જાણવું એનું નામ નિશ્ચય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

એ ચૈતન્યબિંબ પોતાના ત્રિકાળ જ્ઞાયકસ્વભાવને જ્ઞેય કરીને અભિપ્રાયમાં એનો આદર કરવો એવા સિદ્ધાંતનું સેવન કરો એમ કહે છે. દેખો, પહેલી કરવાની વસ્તુ આ છે. શરૂઆતમાં પહેલી કરવાની વસ્તુ હોય તો આ છે. સમજાણું કાંઈ? આ તો દયા, દાન, વ્રત, ભક્તિ છે તો ત્યાં સમ્યગ્દર્શન છે, ચાલો ભાઈ! છે જ નહિ, મૂઢ છે. ન્યાં ક્યાં કાંઈ ભાન છે? રાગ કરું, રાગનો કર્તા થાય છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવમાં રાગ નથી અને રાગનો કર્તા થવું (મિથ્યાત્વ છે). રાગ ઉત્પન્ન થાય છે એ બીજી વાત છે, પણ હું રાગને રચું, કરું તો ત્રિકાળ સ્વભાવ વિકારમય થઈ જાય છે. વિકારરહિત સ્વભાવ છે. વિકારને કરું એમ વસ્તુની દૃષ્ટિમાં અભિપ્રાયમાં છે જ નહિ. સમજાણું કાંઈ? બાલચંદજી! આહા..હા..! આચાર્યોના કથન છે કે કોના છે આ? સમજ્યા?

આ તો બહુ ઓલામાં આવ્યું છે, કર્મ જ કરે, કર્મ જ કરે, કર્મ જ કરે. જો કર્મ પરાધીન ન કરે તો કર્મ સાબિત નથી થતા, એમ લખ્યું છે. તો કર્મ સાબિત નથી થતા, એમ લખ્યું છે. કર્મ છે એ આત્માને પરાધીન કરે છે. પર્યાયદૃષ્ટિથી પરાધીન કરે છે. બિલકુલ ખોટી વાત છે. આત્મા પોતાના સ્વભાવને ચૂકીને કર્મનું લક્ષ કરીને પરાધીન વશ જીવ પોતાથી થાય છે. પર પરાધીન કરે એમ ત્રણકાળ-ત્રણલોકમાં નથી. કોઈએ પ્રશ્ન કર્યો છે, સમજ્યાને? તમે કર્મની પરાધીનતા કહો છો, પરાધીન એ કરે છે તો એનો ઉપદેશ પ્રમાણિક કેમ માનવો જોઈએ? એમ પ્રશ્ન કર્યો છે કોઈએ. પ્રશ્ન કરનારની વાત સાચી કે કર્મ પરાધીન કરે છે પરદ્રવ્ય, તો એ પરાધીન કરે છે, તો પરાધીન કરે છે એનો ઉપદેશ સાચો કેમ માનવો? કારણ કે એ પરાધીન થઈને તો બોલે છે, માને છે. ઉપદેશક કર્મથી પરાધીન છે. સમજાણું? છે આમાં? 'કર્મોદયકા યથાર્થ સ્વરૂપ સમજ લિયા ઉસકા ઉપદેશ અપ્રમાણિક કૈસે હો સકતા હૈ?' પ્રશ્ન કરનાર એમ કહે છે. પ્રશ્નકાર 'આપને લિખા હૈ કિ ક્ષપકશ્રેણિ દસમ ગુણસ્થાનમેં ઘાતિયા કર્મોદયકા ઔર આત્મપરિણામકા પરસ્પર ડિગ્રી ટુ ડિગ્રી નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હૈ.' એમ એમાં લખ્યું છે. ડિગ્રી ટુ ડિગ્રી. 'અબ પ્રશ્ન ઉઠતા હૈ કિ જિસકી સમજને સ્વયં નિઃશંક હોકર ડિગ્રી ટુ ડિગ્રી કર્માધીનતા સ્વીકાર કી ઉનકી સમજ પરાધીન હોનેસે ઉસકે ઉપદેશકી પ્રમાણિકતા

કૈસે?' કર્માધીન છે એટલે એના ઉપદેશની સત્યતા સ્વાધીન રહી નહિ. કોઈએ પ્રશ્ન બરાબર કર્યો છે. કોઈ છે જ્ઞાનચંદ્ર. એમ.એ.સી. શંકા એની છે કે કર્મને આધીન જો આત્મા થાય છે તો પરવશ આધીન થાય એનો ઉપદેશ પ્રમાણિક કઈ રીતે હોઈ શકે? વિમલચંદજી! પ્રશ્ન તો બરાબર છે કે નહિ? તો કહે છે કે નહિ, ઈ સિદ્ધાંત પ્રમાણે માને છે, એમ કહે છે. 'જિસને કર્મોદયકા યથાર્થ સ્વરૂપ સમજ લિયા હૈ ઉસકા ઉપદેશ અપ્રમાણિક કૈસે હો સકતા હૈ?' એ તો કર્મને આધીન છે એવું જ કર્મનું સ્વરૂપ છે. મૂઢ છે. એમ હોય જ નહિ. આહા..હા..! ગજબ છેને! આવા શાસ્ત્રને આ બધા માનનારા એવા!

ભગવાન આત્મા કર્મનો ઉદયભાવ થાય છે જડ એ તરફ આધીન થવું-ન થવું પોતે સ્વતંત્ર છે. કોઈ પરપદાર્થ પોતાને દોષ કરાવે તો દોષ છૂટવાનો અવસર છે જ નહિ. સમજાણું કાંઈ? અને પહેલા તો પ્રશ્નકારે સમજીને પ્રશ્ન કર્યો છે. જો કર્મથી પરાધીન છે તો પછી દૃષ્ટિ પણ કર્મને પરાધીન થઈ ગઈ એની. દૃષ્ટિ કર્મને આધીન થઈ ગઈ અને એનો સત્યનો ઉપદેશ પ્રમાણિક કઈ રીતે માનવો? સમજાણું કાંઈ?

આત્મા સ્વતંત્ર ભગવાન એક સમયમાં શુદ્ધ ચિદ્‌ઘન છે એવો અભિપ્રાય થયો તો એની પર્યાયમાં પણ વિકાર થાય છે પોતાની નબળાઈથી થાય છે, તેનો એ જ્ઞાની જાણનાર છે. જાણનાર ક્યારે રહેશે? પર કરાવે છે, પર કરાવે છે એમાં જાણનારો ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? 'પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય છે, જ્ઞાનાનંદમય છે, એકરૂપ સ્વરૂપ છે' એવી દૃષ્ટિ અભિપ્રાય થયો પછી રાગ થાય છે, નબળાઈને કારણે નબળાઈથી રાગ થાય એનો જાણનાર રહે છે. જ્ઞાની રાગનો કર્તા થાય છે અને રાગ પરથી થાય એમ જ્ઞાનીના અભિપ્રાયમાં નથી. રાગનો કર્તા અને રાગ પરથી થાય છે એવો અભિપ્રાય જ્ઞાનીનો હોતો જ નથી ત્રણકાળમાં. ચીમનલાલભાઈ! આ બધા ભેગા થઈને નક્કી કરવું પડશે. આ બધું પાણી ચાલ્યું છે. મોટા માણસો મોટા વકીલ છો તો .... કેમ છે? કહો, સમજાણું કાંઈ?

ઓહો..! આત્મા અચિંત્ય પરમેશ્વરપદ જેના પેટમાં પડ્યું છે. પ્રભુતા તો એનો ગુણ છે. આહા..હા..! ભગવાન આત્મા એની એક શક્તિ પ્રભુતાથી ભરી પડી છે. એવી અનંત શક્તિઓને પ્રભુતા પ્રભુતા કરાવી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૭ શક્તિ છેને, ૪૭ શક્તિઓ, એમાં પરમેશ્વરપદ પ્રભુતા (શક્તિ છે). પ્રભુતાનો અર્થ સ્વતંત્રપણે શોભાયમાન પોતાની પ્રભુતાથી (શોભે) તેનું નામ પ્રભુત્વ છે. સ્વતંત્રપણે શોભાયમાન. સ્વતંત્રપણે ભગવાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિર થઈને સ્વતંત્રતાની પ્રસિદ્ધિ કરે છે એવો પોતામાં ગુણ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં પરાધીન કરે એવો પર્યાયમાં ગુણ નથી. દ્રવ્ય-ગુણમાં તો ગુણ છે જ નહિ, પણ પરવસ્તુ આત્માને પરાધીન કરે એવું દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ, પર્યાયમાં એમ નથી. પર્યાયનો ધર્મ પરને આધીન થાય એટલું એમાં પોતાને કારણે થાય છે. આહા..હા..! ભારે કર્મનું જોર પણ જગતમાં! કર્મ.. કર્મ. હવે એની વ્યાખ્યા સાંભળવી.

એને કર્મના જોરે થાય એનું સાંભળવું ઉપદેશ. એટલે આત્માનું જોર શું છે એનો ઉપદેશ (જો કોઈ આપે) તો કહે, ના, ઈ પ્રમાણિક નથી. એ પ્રમાણિક નહિ. કારણ કે કર્મના જોરથી થાય (એમ જે માને) એ એનું પ્રમાણિક જ્ઞાન છે, એમ કહે છે. આહા..હા..! એ દાખલો એમ આપ્યો છે. ભગવાન! શું કરે છે ભાઈ તું? બાપુ! એના પરિણામ વેદનકાળે આકરા પડશે, નાથ! તને આકરા પડશે. કોઈનું કોઈને જોખમ નથી. ચીમનલાલભાઈ! આહા..હા..!

વીતરાગ શાસન એક સમયમાં ત્રિલોકનાથ પરમાત્માનો હુકમ છે એવો અમૃતચંદ્રાચાર્ય હુકમ ફરમાવે છે. સમજાણું કાંઈ? ભગવાન! તું તો પરમેશ્વર છોને, ભાઈ! તારા ઝુલામાં ઝુલવાવાળો તારો પુરુષાર્થ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? સ્વતંત્રતાથી શોભાયમાન તારી ચીજ છે. પરતંત્ર થવું તારા દ્રવ્ય-ગુણમાં છે જ નહિ. પર કરાવી દે એવું તો પર્યાયમાં પણ નથી. પણ દ્રવ્ય-ગુણમાં તો પરને આધીન થવું એવો દ્રવ્ય-ગુણમાં ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં રાગ થવાની યોગ્યતાનો ભાવ છે. એ પરને આધીન આત્મા સ્વતંત્ર થાય છે, સ્વતંત્ર થઈને.

ભાઈ! ઈ આવ્યું છેને? ઈશ્વરાધીન. ૪૭ નયમાં નહિ? ૪૭ નય આવે છેને. સમજાણું? સમકિતી જ્ઞાની એમ માને છે. ઈશ્વરનય છેને ઈશ્વરનય. જુઓ, **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની પેઠે. ૩૪.'** આ ૪૭ નય અમૃતચંદ્રાચાર્યે બનાવી છે. આત્મદ્રવ્યમાં એવો એક ગુણ છે એમાં, પર્યાયનો ધર્મ હોં, પર્યાયના ધર્મની વાત ચાલે છે. વર્તમાન પર્યાયનો ધર્મ. ઈશ્વરનયે, પોતાની પર્યાયમાં ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે. કર્મને આધીન થવું અને વિકાર થવો એવો પોતાની પર્યાયનો ધર્મ છે. કર્મથી થાય છે એવો ખરેખર પર્યાયમાં ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય તો સ્વતંત્ર છે. વસ્તુ, વસ્તુ, વસ્તુ ભગવાન એની અનંત શક્તિઓ સ્વતંત્ર છે. તો સ્વતંત્ર થઈને પોતાના અભિપ્રાયમાં, હું ચૈતન્ય છું, રાગાદિ ઉત્પન્ન થાય છે એ મારા પરિણામ નથી, એનો હું જાણનાર છું. પણ એ જાણનારો જે જ્ઞાનથી નય લ્યે છે. પેલી દૃષ્ટિની અપેક્ષાથી વાત કરી. જ્ઞાનની અપેક્ષાથી લે છે કે હું શુદ્ધ ચૈતન્ય છું એવો અભિપ્રાય થયો, જ્ઞાનમાં જરી નબળાઈથી રાગ થાય છે, ન હોય તો વીતરાગતા થઈ જાય. તો કહે છે કે એ પર્યાયનો એવો ધર્મ છે કે પરને આધીન થઈને રાગને કરે, ભોગવે. સાથે બીજી નય છે.

'આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫.' હરણને સિંહ આમ થાપ મારે સ્વતંત્રપણે. એમાં એને હરણનો કે કોઈનો ડર નથી. મારફાડ. જુઓને આ સિંહ. ભગવાનના દસમા ભવે મહાવીર ભગવાનનો જીવ નહિ? હરિભાઈએ બહુ સારું કર્યું છે. નહિ? ફોટામાં આવ્યું છેને ભાઈ? કે આ સિંહ.. ભગવાનનો દસમો ભવ હતો, મહાવીર ભગવાનનો. સિંહમાં

હતા. ફટ.. હરણના ટાંગા.. મુનિ આવ્યા ઉપરથી. આહા..હા..! 'આ શું? મારી સામે કોઈ આવે નહિ, આવતા હોય એ ચાલ્યા જાય, સામે આવતા હોય તો ચાલ્યા જાય, આ શું?' 'અરે..! સિંહ! અમે સર્વજ્ઞ ભગવાન પાસે સાંભળ્યું છે, આપ તો દસમા ભવે મહાવીર તીર્થંકર થવાના છો.' આહા..હા..! સમજાણું કાંઈ? 'આપ તો દસમા ભવે ચોવીસમા છેલ્લા તીર્થંકર થવાના છો, આ શું કરો છો?' આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. હરણને આમ સ્વતંત્ર ફાડતો હતો. એ સ્વતંત્ર પુરુષાર્થ કરીને અંદર ઊતરી ગયા. સમજાણું કાંઈ?

આત્મામાં ઉગ્ર પુરુષાર્થ અનંત પડ્યો છે. ભાન નથી. રાંક થઈને ફરે, પામર થઈને ફરે. મહા પરમેશ્વરપદ પોતાના નિજપદમાં છે એની સંભાળ કરે નહિ અને અમને બીજો વિકાર કરાવે, બીજો મને હેરાન કરે છે, ચાર ગતિમાં કર્મ લઈ જાય છે. મૂઢ છો. કર્મ તો જડ છે. સમજાણું કાંઈ? સ્વતંત્રપણે ભોગવનાર છે. હરણને સ્વચ્છંદે ફાડી ખાતો સિંહ. ખાય છેને? સિંહને જરીયે ડર છે? હરણ શું, કેટલો મોટો વાઘ સામે આવે તો પણ સિંહનું જોર છે. સમજ્યા? ભગવાન આત્મામાં એવી એક અનીશ્વર નામની યોગ્યતા છે સ્વતંત્ર કે રાગને તોડીને સ્વતંત્રતા અરાગની પર્યાય પ્રગટ કરે એવો એનો ધર્મ છે.

અહીં કહે છે કે અરે.. આત્મા! કર્મને આધીન થતો હોય તો આવો સિદ્ધાંત સેવન કરવાનો ઉપદેશ કોને કરવો? શું કહ્યું સમજાણું? કર્મને આધીન છે તો કર્મ કરાવે, તો હવે એને ઉપદેશ દેવાનું તો બનતું નથી. કર્મને ઉપદેશ આપવો કે ભાઈ! તું ચાલ્યો જા. તું દોષ કરાવે છે, તો ચાલ્યો જા! તેને નિર્દોષ કરવો છે. ઓહો..! આખું ભર્યું છે હોં આમાં. મિથ્યાદૃષ્ટિથી એકલા લખાણ ભર્યા છે. આ જૈન ગેજેટ.

શ્રોતા :— શેઠિયા પૈસા આપે છેને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— શેઠિયાને ક્યાં ભાન છે? આમાં વકીલો પણ બધા એવાને એવા અંદર ફરતા હોય છે. નવનીતભાઈ! વકીલને ખાલી શું કરવા રાખવા? એમના ભાઈ ત્યાં શેઠ છે, કલોલ કલોલ. મોહનલાલજી.

અહીં તો કહે છે, પ્રભુ! જો કર્મ પરપદાર્થ તને દોષ કરાવે છે તો તું અભિપ્રાય કર કે આત્મા જ્ઞાયક ચિદાનંદ છે એવો અભિપ્રાય કર. આવો અભિપ્રાય કરવાનો અવસર તો રહેતો નથી. આહા..હા..! ડાલચંદજી! આચાર્ય શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય અને અનંત જ્ઞાની, ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ ચૈતન્યજ્યોતિ જળહળ જ્યોતિ, સત્ શાશ્વત તત્ત્વ એનો અભિપ્રાય કર કે હું શુદ્ધ ચિદાનંદ છું. પર્યાયમાં નબળાઈ છે તેનો હું જાણનાર છું, તેનો હું કર્તા-ફર્તા નથી. તો આવો ઉપદેશ જીવને આપે છે તો જીવની પુરુષાર્થ કરવાની સ્વંતત્રતા હોય તો આપે છે કે નહિ, ભાઈ! કર્મ તને ઊંધો-ઊલટો અભિપ્રાય કરાવે છે. એ કર્મ ખસી જાય તો ઉપદેશ વ્યર્થ ગયો. ઉપદેશ દેવાનું કંઈ રહ્યું નહિ.

શ્રોતા :— ઉપવાસ કરે તો કર્મ ખસી જાય!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ધૂળમાં ઉપવાસ છે, અપવાસ છે. ઉપ તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એની ઉપ નામ સમીપમાં વસવું અંદરમાં એકાકાર થઈને એનું નામ ઉપવાસ છે.

શ્રોતા :— કર્મ વસવા ન દ્યે તો શું કરીએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :— બસ, ઈ વાત છે. આહા..હા..! આ અપવાસ લાંઘણું છે. આત્માના ભાન વિના અપવાસ આદિ કરે છે એ તો અપવાસ છે. અપ નામ ભુંડો વાસ. રાગની મંદતા થોડી હોય તો માને કે અમારે ધર્મ થઈ ગયો, નિર્જરા થઈ ગઈ, સંવર થઈ ગયો. એ.. મૂળચંદજી!

શ્રોતા :— રાગ પણ મંદ એટલે થાય છે, કર્મ મંદ થાય છે એટલે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ રાગ પણ કર્મ મંદ થાય તો થાય. તારે આધીન તો કાંઈ રહ્યું નહિ. આ ઉપદેશ શું કરે છે?

'**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...**' દેખો! જેનો સ્વતંત્ર પુરુષાર્થ કરવાનો અભિપ્રાય છે '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...**' કર્માર્થી છે ઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન પ્રતીતમાં લે, શ્રદ્ધામાં લે, અભિપ્રાયમાં લે કે એ ભગવાન ચિદાનંદ એકરૂપ છે. 'સેવન કરો' એમ કહ્યું છે. શેઠી! કર્મ કરાવે તો સેવન કરો એમ કહેવાનું વ્યર્થ થયું. આચાર્યનો ઉપદેશ વ્યર્થ થયો. એ.. મૂળચંદજી!

શ્રોતા :— આઠમેથી આગળ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીં ચોથા પહેલાની વાત છે. સાંભળ તો ખરો. જે અનાદિથી મિથ્યાદષ્ટિ છે એને કહે છે કે જો તારું ચરિત્ર ઉદાર છે, જા અંદર ચૈતન્યમાં. પર્યાયદષ્ટિ છોડી દે, 'રાગ મારું કર્તવ્ય' (એવી માન્યતા) છોડી દે, પરનું કર્તૃત્વ એ તો ત્રણકાળમાં છે નહિ. ભગવાન આત્મા જ્ઞાયક છે અને સદાય છું હોં પાછું, હું ત્રિકાળ આવો છું. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**અને આ જે ભિન્ન લક્ષણવાળા...**' દેખો! શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ એ મારું સ્વરૂપ અને જે ભિન્ન લક્ષણવાળા. પોતાનો ચૈતન્ય ભગવાન જ્ઞાયકજ્યોતથી ભિન્ન દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિના વિકલ્પ જે રાગ ઉઠે છે એ ભિન્ન લક્ષણવાળા છે. મારા લક્ષણથી એનું લક્ષણ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ શુભરાગ ઉઠે છે દયા, દાન, ભક્તિ, શ્રવણનો વિકલ્પ એ ભિન્ન લક્ષણ છે, આત્માના લક્ષણથી એનું જુદું લક્ષણ છે. શેઠી! આહા..હા..!

'**આ જે...**' પાછું સિદ્ધ કરે છે હોં! પ્રગટ થાય છે એમ સિદ્ધ કરે છે. છે ખરા. મારી પર્યાયમાં-અવસ્થામાં આ જે ભિન્ન મારો સ્વભાવ ચૈતન્યજ્યોતથી ભિન્ન લક્ષણવાળા. મારા લક્ષણથી જુદાં લક્ષણવાળા '**વિવિધ પ્રકારના...**' દેખો! એક પ્રકારનો નથી. શુભભાવ પણ અસંખ્ય પ્રકારના છે, અશુભ પણ અંસખ્ય પ્રકારના છે, એક પ્રકારના નથી. તો વિવિધ

નામ અનેક પ્રકારના શુભ અને અશુભરાગ થાય છે એ ભાવ પ્રગટ થાય છે. પર્યાયમાં પ્રગટ થાય છે, સ્વભાવમાં નહિ. અવસ્થામાં-વર્તમાન દશામાં પ્રગટ થાય છે એમ અસ્તિત્વ સિદ્ધ કર્યું. '**તે હું નથી...**' સમજાણું કાંઈ? એ તો નથી એ પણ એક ઉપદેશનું કથન છે. પણ 'હું શુદ્ધ ચૈતન્યમય છું' તો રાગાદિ નથી એમ એમાં આવી જાય છે. આહા..હા..! અસ્તિમાં નાસ્તિ (આવી જાય છે).

આ બાજુ ભગવાન આત્મા ચૈતન્યમય જ્યોતિ પરમ છે એમ જ્યાં અભિપ્રાય અંતર્મુખ થયો તો રાગાદિ પ્રગટ થાય છે તો સમજાવવામાં કેવી રીતે સમજાવવું? છે, એ છે તો મારી અસ્તિના લક્ષમાં દૃષ્ટિમાં જે આત્મા આવ્યો એમાં એ નથી એવું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? 'અને આ' છેને? એક તો આ ચૈતન્યમય ત્રિકાળ છું અને બીજા આ ભિન્ન લક્ષણવાળા. મારા સ્વરૂપથી અન્ય લક્ષણવાળા પૃથક્ વિવિધ પ્રકારના. એક પ્રકાર સિવાયના અનેક પ્રકાર. જુઓ, એમાં લીધું હતું એક. શેમાં? '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ...**' એક સ્વરૂપ ઉપર દૃષ્ટિ. અને પર્યાયમાં અનેક પ્રકારના વિકલ્પ ઉઠે છે, થાય છે, થાય છે, પ્રગટ થાય છે, આવે છે તે હું નથી. એનો અર્થ કે હું શુદ્ધ જ્ઞાનમય છું એવો અભિપ્રાય થયો તો રાગાદિ મારામાં નથી. એકમાં આવા અનેક ભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે હું નથી...**' એ પણ એક સમજાવવામાં લીધું. આ નથી એમ નાસ્તિ થઈ જાય છેને, ઈ અપેક્ષાથી તે હું નથી. 'આ રાગ ઉત્પન્ન થાય તે હું નથી' એવી દૃષ્ટિ ત્યાં નથી કરવી પડતી. વિવિધ પ્રકારના વિકલ્પ ઉઠે 'તે હું નથી' એમાં તો લક્ષ રાગ ઉપર ગયું. સમજાણું કાંઈ? સમજાવવામાં શું આવે? ભગવાન આત્મા એક સ્વરૂપે જે ચૈતન્ય એનો જ્યાં અંતર અભિપ્રાય, દૃષ્ટિ થઈ તો એમાં વિવિધ પ્રકારના અનેક વિકલ્પ ઉઠે છે ઈ એમાં છે નહિ. છે નહિ એવું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવાય છે. આહા..હા..! ...લાલભાઈ! આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન. ચારિત્ર તો પછી. જેવું સ્વરૂપ જોયું શુદ્ધ છે તેમાં ઠરવું, રમવું, જામવું, લીન થવું, અતીન્દ્રિય આનંદમાં લીન થવું, અતીન્દ્રિય આનંદનો ઉગ્રપણે પુરુષાર્થ કરવો, ભોગવવો એનું નામ ચારિત્ર છે.

શ્રોતા :— આપની વ્યાખ્યા બધી જુદી છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— સમજે નહિ પણ આ સાંભળશે કે નહિ? જુદી વ્યાખ્યા છે, પણ છે સાચીને! દુનિયા કલ્પના કરે કે નગ્ન થઈ જવું, કપડા છોડી દેવા. એ તો જડ છે. અને રાગ મંદ થાય એ ચારિત્ર. એ તો રાગ છે. મંદ ક્યાં ચારિત્ર ક્યાંથી આવ્યું? ચારિત્રમાં ચર શબ્દ પડ્યો છે. ચર-શેમાં ચરવું? ઢોર ચરવા માટે બહાર જાય છે કે નહિ? તો શું ખાલી જમીનમાં ચરવા જાય છે? શું કહે છે? ઘાસ, ઘાસ હોય ત્યાં ચરવા જાય છે કે વિના ઘાસમાં ચરવા જાય છે? એમ જ્યાં માલ પડ્યો છે અંદરમાં ચિદાનંદ અતીન્દ્રિય આનંદમય એમ દૃષ્ટિમાં લીધું એમાં ચરવું, એનો અનુભવ કરવો, લીન થવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..!

સાથે પંચમહાવ્રતાદિના વિકલ્પ ઉઠે છે તે ચારિત્ર નથી, એ તો રાગ છે, ચારિત્રનો દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા શેઠિયાઓએ કે વકીલો આદિ બધાએ દરકાર જ કરી નથી સત્યની. આહા..હા..! આવી ચીજ પરમસત્ય ભગવાન આત્મા મારા લક્ષણથી, મારા સ્વરૂપથી, મારી જાતથી વિપરીત જાતવાળા જે વ્યવહાર વિકલ્પ ઉઠે છે એ મારી ચીજમાં નથી, મારી ચીજમાં નથી તો એને છોડું, બનાવું અને એનાથી મને લાભ થાય એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે...**' હવે લ્યે છે કારણ. ઓલામાં કહ્યું હતુંને કારણ કે. કહ્યું હતુંને એમાં? આ કારણે પર હેય છે, એમ. હવે ક્યા કારણે એ હું નથી? ક્યા કારણે એ રાગ વિકલ્પ ઉઠે છે તે હું નથી? ક્યા કારણે? '**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' પહેલાં ભાવ કહ્યું હતું. જે પ્રકારના ભાવ પ્રગટ થાય છે એમ કહ્યું હતું. આની જેમ. પહેલાં પરભાવ (કહ્યું), પછી પરદ્રવ્ય (કહ્યું). અહીં એની સાથે સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારી ચીજ તો પરમશુદ્ધ આનંદકંદ છે એના ઉપર દૃષ્ટિ દે અને એમાં લીન થા એ તારું કર્તવ્ય અને એ તારો મોક્ષનો માર્ગ છે. સમજ્યા? શું આવ્યું? '**जं कज्जं**' '**णियमेण य जं कज्जं**' એ શબ્દ પહેલા આવી ગયો છે. નિશ્ચયથી જે કરવાલાયક છે તે આ વસ્તુ છે. શુદ્ધ ચિદાનંદમયની દૃષ્ટિ કરવી અને સ્થિર થવું એ જ તારું નિશ્ચયથી કરવાનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? વચ્ચે રાગ થાય છે, ભક્તિ હોય છે એ અશુભથી બચવા માટે આવે છે એમ કહેવામાં આવે છે, બાકી તો તે સમયે આવવાવાળો રાગ (આવે છે). તે સમયે આવવાવાળો રાગ થાય છે. હો, પણ મારી વસ્તુમાં નથી. જેમાં હું છું એમાં એ રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ પ્રથમ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આહા..હા..! સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ અને થઈ ગયા વ્રતધારી ને તપ ને ચારિત્ર. પછી આ વખાણ કરે, ઓહો..હો..! એ નવનીતભાઈ! આહા..હા..! એકસાથે પંદર પંદર અપવાસ, દસ દસ અપવાસ. બાપા! અને પંચમકાળમાં એ અપવાસ. ચોથા આરાના તો માસખમણ જેવા લેવા એમ વળી પાછા કહે. હવે ધૂળમાંય અપવાસ નથી, સાંભળ તો ખરો. ભગવાન ચિદાનંદની જ્યોત દૃષ્ટિમાં આવ્યા વિના રાગનો અભાવ, સ્વરૂપની સ્થિરતા ત્રણકાળમાં કદી થતી નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :— આ વ્રત, તપના જે પરિણામ છે એ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ પરિણામ લાંઘણ. શું પરિણામ છે? લાંઘણ કરી લાંઘણ. આજનો દિવસ છે, ધમાલ છે આજે. છેને અક્ષય તૃતિયા. અરે..! ભગવાન તો આત્માના ધ્યાનમાં સ્થિર થયા ઈ. બહારમાં તો આહાર નહોતો મળ્યા. એ તો આનંદમાં ઝુલતા હતા. સમજાણું કાંઈ? ઋષભદેવ ભગવાને પહેલા છ મહિનાના ઉપવાસ કર્યા હતા, પછી છ મહિના ભીક્ષા માટે જતા હતા, મળતો નહોતો. આનંદમાં ઝુલતા હતા, અતીન્દ્રિય આનંદમાં. વિકલ્પ

આવતો હતો તો ભીક્ષા માટે જતા હતા. જ્યાં અનુકૂળ સંયોગ ન દેખે તો વિકલ્પ તોડી નાખે, સ્વરૂપમાં ઠરી જાય. આવું બાર મહિના ચાલ્યું. એનું નામ વર્ષીતપ છે. આ એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. સમજ્યા? આજે ભગવાનની દેખાદેખી કરે. ભગવાને કર્યું એવું મેં કર્યું. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. બધા હેરાન થવાના રસ્તા છે. મિથ્યાત્વનું અભિમાન (સેવ કે) આવા હું અપવાસ કરું છું અને આમ અપવાસ કરું છું. એ.. નટુભાઈ! તમારા ગામમાં બહુ ચાલતું હશે અત્યારે.

શ્રોતા :— બહુ મોટા પ્રમાણમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :— મોટા પ્રમાણમાં ચાલે છે. હોય જ ને. શું છે પણ? આહા..હા..! કોઈ રાગ મંદ હો, કદાચ શુભભાવ બંધાઈ જાય, પણ બંધાય છેને? અબંધ નહિને?

ભગવાન અબંધસ્વરૂપમાં... આ તો આત્માની શાંતિનું ખુન છે. સમજાણું કાંઈ? શુભરાગ થાય અને રાગી થાય. ખુશી (થાય).. આહા..હા..! અરે..! ભગવાન! રાગ તો આત્માની શાંતિને લુંટવાવાળો છે એ રાગમાં તારો રાજીપો થાય છે તો આત્માની શાંતિમાં તારો અનાદર છે. ...ભાઈ! દુર્લભ વસ્તુ જ એવી છે.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— બધું મિથ્યાત્વનું પોષણ છે.

શ્રોતા :— એ પણ મળે અને એ પણ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ પણ મળે, શું મળે છે? એમાં તો મિથ્યાત્વનું પોષણ થાય છે. શું મળ્યું? પુરુષાર્થ કરે અને ન મળે? કદી સાંભળ્યું જ નથી, પુરુષાર્થ શું કરવાનો છે એ તો ખબર નથી. અને એનું જ્ઞાન કરવું, વિચાર કરવો, નિર્ણય કરવો એ પુરુષાર્થ નથી? એ તો કરવું નથી અને આ કરવું છે. ધૂળમાં છે. એ તો અનંતકાળથી કરે છે. એમ છે જ નહિ. પહેલા હતું એવી અત્યારે ચીજ નથી. આહા..હા..!

શ્રોતા :— વ્યવહારે સાચું!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ક્યાં છે વ્યવહાર સાચો? સમજાણું કાંઈ?

'તે બધાય મને પરદ્રવ્ય છે.' અભિપ્રાય સમકિત થવાનો, પણ સમકિત પોતાના પુરુષાર્થથી થાય છે કે એને કારણે થાય છે? આનું જાય, આનું જાય. વકીલ હોય ઈ ત્યાં બધે પોષણ આપે. પોષણ આપ્યા છેને ત્યાં. બીજો રસ્તો જ નથી આ સિવાય ત્રણકાળ-ત્રણલોકમાં. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. ભગવાન ચૈતન્યજ્યોતિ અનંત ગુણની ગાંસડી એમાં અંતર દૃષ્ટિ કરવી એ જ પહેલું કરવાનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :— સવારે તો પ્રમોદ હતો...

પૂજ્ય ગુરુદેવશ્રી :— પ્રમોદ તો કાગળમાં બહુ આવે પણ પાછા ગપ્પા પણ મારે ... તમને ખબર નથી હજી. ન્યાં અંદરમાં ભાષણ આપે પાછા. એ બધા આવે છેને, એ

આવે છેને કાગળમાં. ચીમનલાલભાઈએ ભાષણ આપ્યું. એઈ..! નવનીતભાઈ! એને ખબર હશે. ભાષણ આપ્યું હોય એમાં લખ્યું હોય. બહુ સારું.

શ્રોતા :— પરમપૂજ્ય મુનિ!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, એવા મારે ગપ્પા. આમાં આવતું હોં! એઈ..! આ તો વાત એવી છે, ભાઈ!

સર્વજ્ઞ તો કહે છે, કુંદકુંદાચાર્ય કે અમે કહીએ છીએ એવો માર્ગ છે એનાથી વિરુદ્ધ કહે છે એની પ્રશંસા કરવી એ અમારી નિંદા છે. અષ્ટપાહુડમાં છેને, અષ્ટપાહુડમાં છે છઠ્ઠા છઠ્ઠા અધ્યાયમાં. સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને છોડીને કુદેવ-કુગુરુ-શાસ્ત્રનો આદર કરે છે, પ્રશંસા કરે છે એ સત્દેવનો અનાદર કરે છે, ગુરુની શ્રદ્ધા એને છે જ નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :— કઠણ છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— કઠણ શું? સહજ સ્વભાવ છે એમાં કઠણ શું? વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમાં આમ છે એમાં કઠણ શું? સમજાણું કાંઈ? અને કઠણ કહીને.. ઈ કહ્યું છે અનુભવપ્રકાશમાં દીપચંદજીએ. તું કહે છે કે આ કાળમાં આ વાત કઠણ છે. તો તું એવો છો કે એને કરવાની ભાવનાની ચાહના તેં છોડી દીધી છે. અનુભવપ્રકાશમાં છે. બધી વાત છે, બધા ઉત્તર આવ્યા છે. અનુભવપ્રકાશ, ચિદ્વિલાસ. શું કહેવાય? દીપચંદજીએ અનુભવપ્રકાશમાં લખ્યું છે, તું કહે છે કે આ કાળમાં... સમજ્યા? અનુભવપ્રકાશ છે પણ પાનું કયુ હશે? અનુભવપ્રકાશને? જુઓ, નીકળ્યું. કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે. તમારા પ્રશ્નનો ઉત્તર. દરેક પ્રશ્નના ઉત્તર શાસ્ત્રમાં લખ્યા છે. કોઈ એમ જાણે કે આજના સમયમાં... આ ગુજરાતી છે. કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપની શ્રદ્ધા કરવી એ કઠણ છે. તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. નવનીતભાઈ! તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. કેમકે સ્વરૂપને કઠણ કહે છે તો એને એ તરફનો પુરુષાર્થ કરવાનું રહેતું નથી. **'આજથી અધિક પરિગ્રહ ચોથા કાળના પુણ્યવંત નર ચક્રવર્તી આદિ તેમને હતો.'** પરિગ્રહ આદિ. અને **'આને તો થોડો છે, તે પરિગ્રહ જોરાવરીથી (બળજોરીથી) એના પરિણામમાં આવતો નથી. એ પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ખૂંચે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે. ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે?'** સમજાણું કાંઈ? અરે.. પ્રાણી! જરી કઠણ કહે છે.

'પર પરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બતાવે છે.' વિકાર કરવો અને એ ક્રિયા કરવી એ પરિણામ સુગમ અને **'નિજ પરિણામ વિષમ બતાવે છે. દેખો! અચરજની વાત છે કે દેખે છે, જાણે છે, છતાં 'દેખ્યો ન જાય, જાણ્યો ન જાય' એમ કહેતાં લાજ પણ આવતી નથી!'** રતનલાલજી! અનુભવપ્રકાશ હોં! દીપચંદજી સાધર્મી થાય. પહેલાના સમ્યગ્દૃષ્ટિ સાધર્મી ગૃહસ્થાશ્રમમાં હતા એમની તો બહુ અલૌકિક વાત! એમના

દર્શનમાં ફેર નથી. કહે છે કે પોતે દેખે, જાણે એ દેખ્યો ન જાય. પણ દેખે, જાણે તો દેખ્યો, જાણ્યો ન જાય? આ કેવી વાત તારી? એમ કહેતા લાજ પણ આવતી નથી. **'સંસારચાતુરીમાં ચતુર, પોતાને જાણવામાં શઠ...'** શેઠી! **'એવો હઠ-ધીટતાથી પકડી પકડીને પર-રતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવબુદ્ધિને વિસરીને, ભારે ભવ બાંધીને (આંધળો બની) અંધધંધામાં ધાયો, પોતે ઓળખાયો નહિ; હવે શ્રી ગુરુપ્રતાપથી સત્સંગ મેળવો,...'** પુરુષાર્થ કર કહે છે. ઘણું લખ્યું છે. અનુભવપ્રકાશ.

શ્રોતા :—

પૂજ્ય ગુરુદેવશ્રી :— ઘણા આવી ગયા છે અહીં તો અને એના દાખલા પણ આપીએ શાસ્ત્રના આધારે. રામજીભાઈ કાયદો કાઢીને આપે કે નહિ? અહીં કાયદા કાઢીને આપીએ છીએ. એ.. શેઠી! આહા..હા..!

એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો અભિપ્રાય કરવામાં કોણ તને રોકે છે? બીજું કરવું તને સુગમ થઈ ગયું, નિજ પરિણામ શુદ્ધ કરવા એ તને વિષમ થઈ ગયું. શું થઈ ગયું તને? સમજાણું કાંઈ? આહા..હા..! **'તે બધાય મને પરદ્રવ્ય છે.'** સમજાણું કાંઈ?

'વળી, (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—'

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

જુઓ, મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત જંગલમાં વસનારા. એ મુનિરાજ કહે છે. પોતાના અનુભવ દષ્ટિ અને ચારિત્ર રમણતામાં રહે છે એમને વિકલ્પ આવ્યો તો કહે છે. અરે..! **'શુદ્ધજીવાસ્તિકાયથી અન્ય...'** ભગવાન આત્મા શુદ્ધ જીવ અસ્તિકાય કહ્યું, જુઓ, કારણ કે અન્યમતિ આદિ અસંખ્યપ્રદેશી તત્ત્વ છે એમ નથી માનતા. શુદ્ધ જીવ અસ્તિ અને કાય. બે સાથે લીધા. શુદ્ધ જીવ છે અને અસંખ્યપ્રદેશી છે. એવી વસ્તુ છે એટલે એવો શબ્દ લીધો. શુદ્ધ જીવ પરમાનંદમૂર્તિ અસ્તિ, અસંખ્યપ્રદેશી કાય સમૂહ તેનાથી **'અન્ય...'** એવો ભગવાન આત્મા એનાથી **'અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો...'** દેખો! આ બધા પુદ્ગલદ્રવ્યના ભાવ છે. પુણ્ય, પાપ, કામ, ક્રોધ, વિકલ્પ એ પોતાના સ્વભાવની જાતિ નથી એ અપેક્ષાથી વ્યવહાર દયા, દાન, વ્રતને પણ પુદ્ગલના ભાવ કહી દીધા છે. અચેતન છે. કારણ કે આત્માની જાગ્રતિનો અંશ રાગમાં નથી.

એક **'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે...'** એવા જે **'બધા પુદ્ગલદ્રવ્યના**

ભાવો...' ઓલામાં .. કહ્યું હતુંને. બધા વિકલ્પમાત્ર શુભાશુભભાવ બધા પુદ્ગલમય છે. '**તે ખરેખર અમારા નથી.**' ખરેખર ભગવાન ચિદાનંદ નિર્મળાનંદ કાયમની અસલી ચીજ એમાં એ નથી. એક સમયની દશામાં ઉત્પન્ન થાય એ ત્રિકાળમાં નથી. '**આમ જે તત્ત્વવેદી...**' જુઓ ભાષા! આવા જે તત્ત્વના જાણનારા '**સ્પષ્ટપણે કહે છે...**' પાઠ આવો છે '**इत्थं व्यक्तं वक्ति**'. આવા તત્ત્વવેદી (અર્થાત્) તત્ત્વના જાણનારા '**સ્પષ્ટપણે કહે છે...**' કહે છે એ તો ભાષા લીધી છે, પણ આવા તત્ત્વવેદી સ્પષ્ટપણે જાણે છે એમ લેવું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જીવાસ્તિકાયનો પિંડ પ્રભુ ચૈતન્યજ્યોત ધ્રુવ પોતાના સ્વક્ષેત્રમાં બિરાજમાન છે તેનાથી બધા પુદ્ગલદ્રવ્ય ખરેખર મારા નથી.

'**આમ જે તત્ત્વવેદી...**' ભગવાન આત્મા શુદ્ધ તત્ત્વ, શુદ્ધભાવ એને જાણનાર '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' એવો આત્મા અતિ અપૂર્વ સિદ્ધિ. અનંતકાળમાં કદી મુક્તિ થઈ નથી એવી મુક્તિને પ્રાપ્ત થાય છે. આ મુક્તિનો ઉપાય છે, બીજો ઉપાય નથી. મોક્ષમાર્ગ છેને આ નિયમસાર. આવા તત્ત્વવેદી જાણે છે. ઈ જાણે છે એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આવી ગયા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. પહેલાં જાણે તો ખરો, જ્ઞાન તો કરે પછી સ્વરૂપ શુદ્ધ આ છે, આવું છે એવી દૃષ્ટિ કરવી અને અન્ય જે પુદ્ગલદ્રવ્યના ભાવ છે ખરા, મારી ચીજ નથી, મારી મૂળ ચીજમાં એ નથી, અસલી ચીજમાં એ ... નથી. રાગ અદ્ધરથી ઉત્પન્ન થવાવાળો વિકાર છે. તે ખરેખર મારો નથી, વ્યવહારથી કહેવામાં આવે છે. આવા તત્ત્વને જાણનારા, આવા તત્ત્વને આમ માને એ તત્ત્વને જાણનાર છે. સમજાણું કાંઈ?

સ્પષ્ટપણે કહે છે. '**व्यक्तं**' સ્પષ્ટ, પ્રગટ. પોતાનો આત્મા જ્ઞાયકજ્યોત છે, રાગથી ભિન્ન છે એમ અંતરમાં જાણે છે, અનુભવે છે તે મોક્ષમાર્ગમાં છે. સમજાણું કાંઈ? અને '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' '**मग्गो मग्गफलं**' બેય લઈ લીધા. માર્ગ અને માર્ગનું ફળ. માર્ગ શું? પોતાનું તત્ત્વ શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ, અભિપ્રાય અને સ્થિરતા એ માર્ગ, એ તત્ત્વવેદી અને 'મારામાં આ (રાગાદિ) નથી' એવો યથાર્થ અનુભવ કરે છે (તે) અતિ અપૂર્વ સિદ્ધિ (પામે છે). અનંતકાળમાં આત્માની પ્રાપ્તિ, સ્વાત્મોપલબ્ધિ ન થઈ તેને અલ્પકાળમાં સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. આવો મુક્તિનો માર્ગ દ્રવ્યના આશ્રયે પ્રગટ કર્યો, વેદે છે, જાણે છે તેને અલ્પ કાળમાં મુક્તિ થાય છે. રાગ ને દયા ને વિકલ્પ કરે છે એને મુક્તો-બુક્તો નથી. અને માને તે નિગોદમાં જાય છે. કહો, સમજાણું કાંઈ? એક સિદ્ધગતિ છે, એક નિગોદગતિ છે. સિદ્ધમાં અનંત જીવ છે, નિગોદમાં અનંત છે. સિદ્ધમાં અનંત આનંદ છે, નિગોદમાં અનંત દુઃખ છે. સિદ્ધ અલ્પ ક્ષેત્રમાં અનંત છે, પેલા પણ અલ્પ ક્ષેત્રમાં અનંત જીવ છે. નિગોદના જીવ છે હોં! અસ્તિ નિગોદના અનંત પ્રાણી. એનાથી વિરુદ્ધમાં આ આત્માની આવી દૃષ્ટિ, જ્ઞાન કરે છે તે અલ્પ કાળમાં અપૂર્વ સિદ્ધિને પ્રાપ્ત થાય છે. આ એનો ઉપાય અને એનું ફળ બે એમાં લીધું. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ વદ ૫, સોમવાર, તા. ૯-૫-૧૯૬૬,
ગાથા-૫૧ થી ૫૫, શ્લોક-૭૫, પ્રવચન નં. ૬૦

આ નિયમસાર શાસ્ત્ર છે, એનો શુદ્ધભાવ અધિકાર. આ પાંચ ગાથા છેલ્લી છે. રત્નત્રયના સ્વરૂપનું કથન એમાં છે. નિયમસાર છેને આ. એટલે નિયમસાર એટલે મોક્ષમાર્ગ એનું એમાં પાંચ ગાથામાં કથન (છે).

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.
ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.
જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે;
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

'**ટીકા :— આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' એમાં '**પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :—**' એટલે કે વ્યવહારરત્નત્રય આ પ્રમાણે છે. વ્યવહારસમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યક્જ્ઞાન, વ્યવહારસમ્યક્ચારિત્ર એનું પહેલું સ્વરૂપ કહે છે. '**વિપરીત અભિનિવેશરહિત**

શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...' વ્યવહાર છેને. વિપરીત આગ્રહ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના (અર્થાત્) મુક્તિના પરંપરાહેતુ. સાક્ષાત્ હેતુ તો નિશ્ચયસમકિત છે અને વ્યવહાર છે તે પરંપરા હેતુભૂત છે. નિમિત્ત પરંપરા છે એમ કહેવામાં આવ્યું છે.

'**ભવગંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...**' પહેલું એ લીધું. પાંચ પરમેશ્વર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એનું '**ચળતા-મલિનતા-અગાઢતારહિત...**' ચળપણું નહિ, મલિનતા નહિ અને અસ્થિર નહિ. એવું '**ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું...**' પંચપરમેષ્ઠીની સાચી ભક્તિયુક્ત સહિત '**તે જ સમ્યક્ત્વ છે.**' વ્યવહારસમકિત એને કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? આત્માના અનુભવ સમ્યગ્દર્શનમાં આ પંચપરમેષ્ઠીનું વ્યવહારસમકિત નિમિત્તભૂતે છે. એથી એનું અહીં પહેલું વર્ણન કર્યું છે. '**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ...**' આ સર્વજ્ઞ સિવાય પરમેશ્વર ત્રિલોકનાથે કહેલા પદાર્થ એનાથી વિપરીત પદાર્થના કથનારા એના પ્રત્યેનો આગ્રહનો અભાવ '**તે જ સમ્યક્ત્વ છે—એવો અર્થ છે.**' એ વ્યવહારસમકિત છે એવો એનો અર્થ છે. વિષ્ણ-બ્રહ્માદિએ જે કલ્પિત કરેલા છે સર્વજ્ઞ સિવાય એના (કહેલા) પદાર્થ પ્રત્યેના આગ્રહનો અભાવ તેને અહીંયા વ્યવહારસમકિત કહેવામાં આવ્યું છે, એવો અર્થ છે. હવે જ્ઞાન લેશે.

'**સંશય,...**' આ આમ હશે કે તેમ હશે એવું નહિ. એ અજ્ઞાન (છે). '**વિમોહ,...**' આ શું હશે, કાંઈ ખબર પડતી નથી. '**વિભ્રમ...**' વિપરીત એનાથી '**રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે હોં આ હજી. વ્યવહાર ભેદોપચાર છે. '**ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે...**' સર્વજ્ઞ હશે એ જિન હશે કે સાચા દેવ કોઈ શિવ હશે? '**(-એવો શંકારૂપભાવ) તે સંશય છે; શાક્યાદિકથિત...**' શાક્ય એટલે બૌદ્ધ. બૌદ્ધ આદિ કથિત '**વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે;...**'

'**અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.**' એ ત્રણ રહિત જેનું સાચું વ્યવહારું સર્વજ્ઞના કહેલા પદાર્થોનું જ્ઞાન હોય એને વ્યવહારજ્ઞાન નિમિત્તરૂપે પરંપરા મોક્ષનું, પરંપરા નિમિત્ત જ્ઞાન કહેવામાં આવે છે. આવું હોય છે. અને '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.**' આ વ્યવહાર. પાપના પરિણામથી નિવૃત્તિરૂપ ભાવ-પરિણામ તેને વ્યવહારચારિત્ર કહે છે. શુભપરિણામ પંચમહાવ્રતાદિના પરિણામ છે એને અહીં નિવૃત્તિથી આમથી લીધું છે. '**આમ ભેદોપચાર...**' એટલે ભેદ વ્યવહારથી રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એટલે પર્યાય છે. જુઓ, એ વ્યવહાર પણ છે એમ કહે છે. સમજાણું? વ્યવહાર નથી એમ નહિ.

શ્રોતા :— નિશ્ચય પહેલા!

પૂજ્ય ગુરુદેવશ્રી :— પહેલા-ફહેલા નથી. નિશ્ચય થાય તેને આવું હોય છે. કહો, સમજાણું કાંઈ? આ ૫૧મી ગાથા શરૂ થાય છે.

'**તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે...**' વ્યવહારસમકિત છે. એ પણ વ્યવહાર. સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તત્ત્વોમાં આ છોડવાયોગ્ય છે, આ આદરવાયોગ્ય છે એવું વિકલ્પાત્મક વ્યવહારુ જ્ઞાન તેને સમ્યક્ વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. હવે આ વાંધાવાળું આવ્યું. તકરાર લ્યે છેને લોકો આમાં. '**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ...**' એ સમકિત, આ સમકિત એટલે ત્યાં તો નિશ્ચયસમકિત છે. સમજાણું કાંઈ? આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ-શ્રદ્ધા. આત્મા અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ એની અનુભૂતિમાં શ્રદ્ધા, અનુભવમાં 'આ આત્મા' એમ જ્ઞાન... શ્રદ્ધા તેને નિશ્ચયસમકિત કહેવામાં આવે છે. એ નિશ્ચયસમકિતમાં એવા પરિણામનું બાહ્ય સહકારીકારણ, બાહ્ય સહકારી-સાથે રહેનારું નિમિત્તકારણ '**વીતરાગ-સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું...**' પરમેશ્વર સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' દેખો, અહીં બધું આવ્યું, ભાઈ! બધી પદાર્થની સ્થિતિને વર્ણન કરનારી ભગવાનની વાણી. થોડું આવે છે એમ આવેને? અહીં તો સમસ્ત પદાર્થની, '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' આખી દુનિયાના છ દ્રવ્ય અને લોકાલોકના પદાર્થ એને કહેવામાં સમર્થ એવું '**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ...**' નિમિત્ત છે. જેને સમ્યગ્દર્શન નિશ્ચય થવાનું છે એને આવી વાણી વીતરાગની સર્વ દ્રવ્યને પદાર્થને પ્રતિપાદન કરનારી એ દ્રવ્યશ્રુત બાહ્ય સહકારી નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સિવાય અજ્ઞાનીની વાણી બાહ્ય નિમિત્ત પણ હોઈ શકતી નથી. કહો, સમજાણું આમાં? આમાં પણ વાંધા કરે છે જુઓ હવે પછીના.

ભગવાનનું કહેલું, સર્વજ્ઞ પરમેશ્વર.. કારણ કે એનો કહેલો પદાર્થસમૂહ એ બરાબર છે. ભગવાન જાણેલો, સર્વજ્ઞે જાણેલો જે પદાર્થસમૂહ એનું દ્રવ્યશ્રુત, કહેલા શાસ્ત્રો એ જ્ઞાન આત્માને નિશ્ચયસમ્યગ્દર્શનમાં બાહ્ય સહકારી બાહ્ય નિમિત્ત તરીકે (હોય છે). જુઓ, સહકારી આવ્યું આમાં. પહેલા ન આવ્યું. ભાઈ! સાથે આવ્યું. નિશ્ચય છે ત્યાં બાહ્ય સહકારી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જે મુમુક્ષુઓ છે...**' આ શબ્દના અર્થમાં હવે ફેર કરે છે. '**જે મુમુક્ષુઓ છે...**' એટલે કોઈ ધર્માત્મા છે, તત્ત્વજ્ઞાની છે, ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચારિત્રવંત છે, મોક્ષમાર્ગ જેને પ્રગટેલો છે એવા મુમુક્ષુઓ છે '**તેમને પણ...**' ઓલી વાણીને તો બાહ્ય સહકારીકારણ કહ્યું પણ આને પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' પોતાના પદાર્થના નિર્ણયમાં એનો મુમુક્ષુનો જે અભિપ્રાય-આશય '**(સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' સમજાણું કાંઈ? અંતરંગ હેતુ કહ્યા છે. છે તો એ બાહ્યપદાર્થ. ધર્મી સમકિતી જીવ, જ્ઞાની જીવ સમકિત પામનારને છે તો બાહ્ય પણ વીતરાગની વાણી બાહ્ય સહકારી તરીકે ગણી ત્યારે એ મુમુક્ષુના ભાવને એને અંતરંગ તરીકે ઉપચારથી કહ્યું છે. સમજાણું કાંઈ? '**જે મુમુક્ષુઓ છે...**' ધર્માત્મા જીવ છે એમને પણ ઉપચારથી સમકિતી જીવને પદાર્થના નિર્ણયના હેતુપણાને

લીધે એ સમકિતના પરિણામને એને બાહ્ય પુરુષને, ધર્માત્મા જીવને ધર્મ પામનારને ધર્માત્મા જીવ અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવ્યા છે. મુખ્ય તો એના અભિપ્રાયનું વજન છે. વાણીનું બાહ્ય સહકારી કારણ ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.' કોને? જે મુમુક્ષુ ધર્માત્મા છે, જેને સમ્યગ્દર્શન પરિણામના અંતરંગ ઉપચારી હેતુ કહ્યા છે તેમને દર્શનમોહના ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમભાવ હોય છે. માટે તેને અહીં અંતરંગ હેતુ કહેવામાં આવ્યા છે. છે તો બાહ્ય એ પણ, ઉપચારથી ઓલા કરતાં ફેર પાડવા. ઓલાને બાહ્ય સહકારીકારણ કહ્યું હતું, આને ઉપચારથી પદાર્થમાં અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાણું? પાઠ એવો છે. એ લોકો એવો અર્થ કરે છે કે નહિ, એમ નહિ. જે સમકિત પામે છે એને દર્શનમોહ આદિના અંતરંગ હેતુઓ છે. દર્શનમોહનો ક્ષયોપશમ, ક્ષાયિક કે ઉપશમ કર્મનો એને અંતરંગ હેતુ છે, એવો અર્થ કરે છે. એની સામે મોટો વાંધો આ છે. એમ છે જ નહિ પાઠમાં. કેટલાક કહે છે, એ પાઠ જ ફેરફાર છે. ટીકાનું બરાબર મેળવાળું નથી. કહો, વજુભાઈ! સમજાણું આમાં?

આત્માના સમ્યગ્દર્શન અનુભવમાં ઉપાદાનકારણ તો પોતે પોતાનો આત્મા પણ તેમાં બાહ્ય સહકારી-સાથે રહેનારું નિમિત્તકારણ સર્વજ્ઞની વાણી, સર્વજ્ઞનું કહેલું દ્રવ્યશ્રુત એ સિવાય કોઈનું દ્રવ્યશ્રુત એને નિમિત્ત હોઈ શકે નહિ. કહો, મગનભાઈ! બીજા કોઈનું નહિ? આ તો પૂર્વનું યાદ કર્યું. કહો, સમજાણું? ન્યાલભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ જેણે એક સમયમાં આખી દુનિયા ત્રણકાળ-ત્રણલોક જોયા. એની વાણી નીકળી તે વાણી સમ્યગ્દર્શન પામનારને, સમ્યગ્દર્શન પામનાર નિશ્ચય પોતે, એને એ વાણી બાહ્ય સહકારી, બાહ્ય સાથે નિમિત્તરૂપ હોય એમ અહીંયા ભગવાને કહ્યું છે. એ સિવાયની બીજાની કોઈ વાણી બાહ્ય નિમિત્ત હોઈ શકે નહિ. અજ્ઞાનીની નહિ, મિથ્યાદષ્ટિની નહિ. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાની એટલે ભગવાન સિવાયના કહેલાઓ એનું નિમિત્ત નહિ અને મિથ્યાદષ્ટિ હોય એની પણ વાણી એને નિમિત્ત નહિ. કહો, રતિભાઈ!

અંતરંગ હેતુ કહ્યા છે એનો અર્થ ઈ. પંચાસ્તિકાયમાં એમ લીધું છે બંધમાં કે આત્મામાં યોગ જે કંપે છે એ બંધનો બાહ્ય હેતુ છે. છે તો એનો... પંચાસ્તિકાયમાં ૧૪૮ ગાથામાં એમ લીધું છે કે આત્મામાં બંધના બે કારણ—એક યોગ કંપે તે અને એક કષાય મિથ્યાદર્શન અને કષાયભાવ તે. એમાં યોગ છે તે બાહ્યકારણ ગણવામાં આવ્યું છે, મુખ્ય નથી, મૂળ કારણ નથી. ખરું એને મિથ્યા અભિપ્રાય અને રાગદ્વેષ બંધનું કારણ છે. છે તો યોગ અને કષાય બેય એની પર્યાય. જીવની દશા છે, છતાં યોગને બાહ્યકારણ કહ્યું છે, મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષને અંતરંગ કારણ કહ્યું છે. એમ અહીંયા છે તો બેય બાહ્ય, સમજાય છે? છતાં એકને મુખ્ય કરીને એમનો અભિપ્રાય જ્ઞાનીઓનો છે એ જ્ઞાનીપુરુષ જ ધર્મ પામનારને અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

અને એમની વાણી, સર્વજ્ઞની વાણી... ત્યાં સર્વજ્ઞ જ મૂક્યા હતા. કારણ કે મુમુક્ષુઓ પણ સર્વજ્ઞનું જ તત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો એ મુમુક્ષુ એને કહે છે. તો એ વાણીને બાહ્ય નિમિત્ત તરીકે ગણ્યું અને એ ધર્માત્મા પુરુષને અંતરંગ હેતુ તરીકે ઉપચારથી કહ્યું છે. એ વાણી કરતા એના અભિપ્રાયને અને એના આશયને નિમિત્તરૂપે વિશેષ ગણવામાં માટે અંતરંગ હેતુ કહ્યો છે, નહિતર છે તો બેય બાહ્ય. સમજાણું કાંઈ? રતિભાઈ! આ નિમયસાર ચાલ્યું છે કે નહિ તમારે ત્યાં? યાદ ન હોય. એ વ્યવહારની પહેલી વાત કરી અને આ પણ વ્યવહારની કરી. નિશ્ચય પામનારમાં વ્યવહાર બે આવા હોય એમ બતાવે છે. સમજાણું કાંઈ? નિશ્ચય અનુભવ સમ્યગ્દર્શનનો અને અનુભૂતિમાં બાહ્યકારણ આવા બે હોય એમ અહીંયા વ્યવહારની સાથે વ્યવહારની વાત આ કરી. સમજાણું?

'હવે અભેદ-અનુપચાર-રત્નત્રય પરિણતિ...' હવે નિશ્ચય લ્યે છે. ઈ કર્મથી જ માંડે છે. આજે બહુ આવ્યું છે. આ લોકો કહે છે કે કર્મથી વિકાર થાય નહિ. વિકાર કર્મનું કાર્ય છે એમ શાસ્ત્ર કહે છે. આ કહે છે, વિકાર કર્મનું કાર્ય નથી. રતનચંદજી ખુબ લખે છે. 'નહિ, કર્મથી જ વિકાર થાય, કર્મથી રાગદ્વેષ થાય, કર્મથી જ મોહ થાય, કર્મથી જ થાય.' એવું આવ્યું છે. જૈન ગેજેટ. આ ખોટું ખોટું તદ્દન. વિકાર કર્મથી ન થાય તો પછી વિકાર આત્માનો સ્વભાવ થઈ જશે. સ્વભાવ થઈ જાય તો કોઈ દિ' નીકળશે નહિ. માટે વિકાર કર્મથી થાય એમ જો માનશે તો ટળી શકશે. કર્મ ટળે તો ટળે એમ. આહા..! કેટલી ઊંધાઈ! એક બેને લખાણ મોટું લખાણ કર્યું છે. ઉદયપુરના ભાગચંદજીની સ્ત્રી છે એ. ઉદયપુરના શેઠ છેને એ. આ ફુલચંદજીના સગા થાય છેને. ખુબ લેખ લખ્યો છે અહીંનો અનુકૂળ. ખુબ લખ્યું છે, ત્રણ પાના લખ્યા છે. ઉપકારને અનુપકાર તરીકે કરો છો શું ગજબ કરે છે! જૈન સંદેશમાં. એમાં કાંઈ લખેલું... જૈન ગેજેટમાં છે. અરસપરસ હોયને. નર્મદાબેન, છે કોઈ ડાહી બાઈ છે. ... ત્રણ પાનામાં હોં, બહુ લખ્યું છે. તમે શું આરોપ દ્યો છો? આવા ચારિત્રભ્રષ્ટ થશે ને ફલાણું થશે... ખુબ લખ્યું છે, ખુબ લખ્યું. અહીનું અનુકૂળ. ફૂલચંદજીને કીધું, તમે એમને એમ જ અનુભવ... એવા પંડિતોને ખોટા ઠરાવો છો. એ તો મોક્ષમાર્ગપ્રકાશક ... પંડિત મળ્યા ત્યાં મોટા કુંદકુંદાચાર્ય અને ટોડરમલ! એમ લખ્યું છે. ત્રણ પાના ભરીને લખ્યા છે. એના શેઠાણી તરીકે છેને, એટલે ના ન પાડે. આહા..હા..! શું કરો છો આ ઉપકારને બદલે અનુપકાર? અને બધા આરોપના ઢગલા નાખો છો ત્યાં, શું કરો છો તમે આ? એમ બહુ લખ્યું છે. આહા..હા..! આવું તત્ત્વ સ્વતંત્ર એને કર્મને લઈને વિકાર થાય અને કર્મ ન હોય તો ન થાય. મારી નાખીને પરાધીન (કરી નાખ્યા). એક એ જૈન સિદ્ધાંતનો સાર છે, કર્મથી વિકાર ન માને તો એ આગમને માનતા નથી (એમ એ લોકો કહે છે).

અહીં ઈ કહે છે જુઓ આ. ન્યાં એમાંથી આ કાઢ છે. જે સમ્યગ્દર્શન પામનાર છે એને દર્શનમોહાદિનો ક્ષય હોય એને. એમ એમાંથી કાઢે છે. કારણ કે એને કર્મ કાઢવું છેને.

અહીં એમ નથી. અહીં તો કહે છે, સમ્યગ્દર્શન પામનાર જીવને સમ્યગ્દૃષ્ટિ જ એને નિમિત્ત હોય. કે જેને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થયો હોય એ એને નિમિત્ત હોઈ શકે. સમજાણું? હવે અહીંયા કહે છે, નિશ્ચય વસ્તુ શું? નિશ્ચયસમ્યગ્દર્શન શું? નિશ્ચય એટલે સાચું જ્ઞાન શું? અને સાચું અંતર ચારિત્ર શું? કે જે યથાર્થ મોક્ષનો માર્ગ છે. આ વ્યવહાર તો ઉપચાર તરીકે નિમિત્ત તરીકે કહેવામાં આવે છે.

'**અભેદ-અનુપચાર...**' જ્યાં ઉપચાર નથી, આરોપ નથી, વ્યવહાર નથી એવી રત્નત્રયપરિણતિ. ભગવાન આત્માની સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ રત્નત્રય એવી પરિણતિવાળા. જુઓ પરિણતિ એટલે પર્યાયવાળા. આમાં તો ચોખ્ખી વાત છે, રત્નત્રયપરિણતિ છે. આ કોઈ રત્નત્રય ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. અભેદ અનુપચાર રત્નત્રય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે અભેદ છે, અનુપચાર એટલે ઉપચાર નથી નિશ્ચય છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એને આશ્રયે પ્રગટેલી પર્યાય એવા જીવને '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' એવું પોતાનું તત્ત્વ. ટંકોત્કીર્ણ એટલે જેમ છે તેવું જ્ઞાયક ધ્રુવ, જ્ઞાયક જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર જ્ઞાયક ચૈતન્યસૂર્ય. જ્ઞાયક જેનો એક સ્વભાવ છે, '**જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વ...**' એવું નિજપરમતત્ત્વ. કેવું નિજપરમતત્ત્વ છે? જેનો ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે. એકરૂપ જ્ઞાયક અભેદ રાગ નહિ, સંયોગ નહિ, પર્યાયભેદ નહિ, ગુણસ્થાન ભેદ નહિ, શુભાશુભપરિણામ નહિ, પ્રમત્ત-અપ્રમત્ત નહિ, એકલો જ્ઞાયકભાવ, એકરૂપે પાછું. ટંકોત્કીર્ણ એટલે ટાંકણાથી ખોદીને જેમ અંદરથી કાઢે એવી ને એવી ચિદબિંબ અંદર જ્ઞાનસૂર્ય પ્રભુ ધ્રુવ અનાદિ-અનંત ચૈતન્યરાશિનો પિંડ એવો જ્ઞાયક જેનો એટલે નિજપરમતત્ત્વનો. નિજપરમતત્ત્વનો '**એક સ્વભાવ છે...**' એક સ્વરૂપ જેનું છે.

'**એવા નિજપરમતત્ત્વની...**' પોતાના પરમતત્ત્વની '**શ્રદ્ધા વડે,...**' આહા..હા..! એના વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય એમ લેવું ત્રણેનો અર્થ ત્યાં આગળ. સમજાણું કાંઈ? ઓલું તો પરંપરા વ્યવહાર કહ્યું. અહીં તો એ વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. છે, પાંચમી લીટીમાં છે. શા વડે? આ આત્મા નિજતત્ત્વ, નિજપરમતત્ત્વ કેવું છે? નિજપરમભાવ, એક જ્ઞાયકભાવ છે, અભેદ છે, ધ્રુવ ચૈતન્યમૂર્તિ એકસ્વભાવે છે એની શ્રદ્ધા વડે. એની શ્રદ્ધા વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. આહા..હા..! ગતકાળમાં નહોતી થઈ એવી પરમાત્માની પર્યાય આવા સમ્યગ્દર્શન વડે થાય છે. સમજાણું કાંઈ? જુઓ, ઓલામાં એમ નહોતું કહ્યું કે આમ થાય. ફક્ત આમ છે, છે એમ કહ્યું હતું. વ્યવહારનું સ્વરૂપ બતાવ્યું હતું. .. હેતુ સાધારણ વાત કરી હતી.

અહીં તો ભગવાન આત્મા એકલો અભેદ જેમાં પર્યાયભેદ નહિ, રાગ નહિ, ગુણી-ગુણભેદ નહિ એવું જે પોતાનું તત્ત્વ પાછું હોં! ભગવાનનું ભગવાન પાસે રહી ગયું. નિજપરમતત્ત્વ

કે જેનો એક જ્ઞાયકસ્વભાવ છે. જેનો એક ભગવાન જ્ઞાયકસ્વરૂપ સ્વભાવ છે. એની તત્ત્વની શ્રદ્ધા વડે-એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે નહિ થયેલી અનંતકાળમાં (એવી) સિદ્ધપર્યાય થાય છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહાર વડે તો પરંપરા નિમિત્તભૂત કીધું. એ ટળીને પછી સ્થિરતા થશે. નિમિત્ત છે બાહ્યમાં. એકલો જ્ઞાયકભાવ. રાજકોટમાં તો ખુબ.. આ ફેરી પંદર દિ'ના વ્યાખ્યાન થયા રાજકોટમાં એવા તો... સાંભળનારા.. લાલભાઈ અમારા માંગનારા એવા માખણ માખણ માંગે. છઠ્ઠી, સાતમી, અગિયારમી અને પંદરમી. માખણ જ લીધું છે એકલું. થોડા વખતમાં હતા તમે. પંદર દિ'ની મોસમ હતી ન્યાં. સવાર-બપોર વ્યાખ્યાન. રાતે તો ઝડી પડે ઝીણા તત્ત્વોની. પૂછવામાં સેંકડો શાસ્ત્રનો ટોટલ. સ્વાધ્યાય ઘણી. લાલભાઈએ બહુ તૈયાર... કેમ, અતુલભાઈ! વાંચતા તે પંદર દિ'ની મોસમ મોટી હોં! મોટી મોસમ! એવી કે કોઈ કોઈ અર્થ તો આ જિંદગીમાં થયા નથી એવા થયા છે. છઠ્ઠી ગાથાના અને એવા એવા તો કેટલાય. જેમ ઓલા પ્રકાર હોય એની લાઈનના હોય એ પ્રમાણે નીકળેને. શું કહે છે આ?

ઓલા વ્યવહારસમકિતને એમ કહ્યું હતું કે પરંપરા હેતુભૂત કહ્યું હતું ન્યાં. બીજી લીટી. પંચપરમેષ્ઠી પ્રત્યેની.. છેને? ભક્તિ તે સમકિત છે એ પરંપરા હેતુ કહ્યું હતું. અને આ નિશ્ચયસમકિત ભગવાન જ્ઞાયકસ્વરૂપ એકરૂપ. જ્ઞાયક તે જેવા સર્વજ્ઞે જોયા અનંતગુણરૂપવાળું જ્ઞાયક, એકસ્વરૂપ જેનો સ્વભાવ છે એવી અભેદ અંતર દૃષ્ટિ થવી એ નિજતત્ત્વ એવું છે. એવી જ અંદર અનુભવજ્ઞાન થઈને પ્રતીત થવી. સમજાણું? તે શ્રદ્ધા વડે '**નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે...**' અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. આહા..હા..! અનંતકાળમાં એ પરમાત્મપદ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે દશા થઈ નહોતી એ નિશ્ચયસમ્યગ્દર્શન દ્વારા, પછી ત્રણ ભેદ લેશે, આવી સિદ્ધપર્યાય તેની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ?

'**તદ્જ્ઞાનમાત્ર...**' તદ્જ્ઞાનમાત્ર, તદ્જ્ઞાનમાત્ર '**(-તે નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ...)**' કેવું નિજતત્ત્વ કીધું? કે જ્ઞાયક જેનો એક સ્વભાવ છે, જ્ઞાયક ચૈતન્ય જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવું નિજપરમતત્ત્વ તેના જ્ઞાનમાત્ર, તેના જ્ઞાનમાત્ર. બીજું કોઈ જ્ઞાન નહિ. વ્યવહારુ જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન એ બધું વ્યવહારમાં જાય છે. આહા..હા..! તેથી તદ્જ્ઞાનમાત્ર એમ શબ્દ વાપર્યો છેને. તે નિજપરમતત્ત્વનું જ્ઞાનમાત્રસ્વરૂપ તેનું જ્ઞાન. જ્ઞાયકનું જ્ઞાન. નિજપરમતત્ત્વ એવો આત્મા એ જે જ્ઞાયકસ્વભાવ છે એનું જ્ઞાન, એનું જ્ઞાન.

'**એવા અંતર્મુખ પરમબોધ વડે...**' એવા જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા એના જ્ઞાન વડે. એ પાછું વિશેષ (ભેદ પાડીને કહ્યું કે) અંતર્મુખ બોધ. શાસ્ત્રજ્ઞાન આદિ બહિર્મુખ બોધ છે બધો. સમજાણું કાંઈ? અંતર્મુખ બોધ, જ્ઞાયકનું જ્ઞાન (એ) અંતર્મુખ બોધ એ વડે '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' એ વડે અનંતકાળમાં નહિ થયેલી સિદ્ધપર્યાય થાય છે. ઓહો..હો..! આ આત્મા એક જ્ઞાયકસ્વભાવ... એનું તદ્જ્ઞાન, તેનું જ્ઞાન, અંતર્મુખ બોધ, તેનું જ્ઞાન, અંતર્મુખ

બોધ. સ્વસ્વભાવના અંતર્મુખ બોધ વડે આત્માને સિદ્ધપદની પર્યાય એ જ્ઞાન વડે થાય છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારુ જ્ઞાન વડે તો પરંપરા કહેવામાં આવ્યું. ખરેખર તો એ બંધનું જ કારણ છે, પણ નિમિત્ત ગણીને પરંપરા કહ્યું છે.

ભગવાન આત્મા એકલો જ્ઞાયકસ્વરૂપ જે નિજપરમતત્ત્વ એનું જે જ્ઞાન, તેથી કહ્યું કે તદ્જ્ઞાનમાત્ર. તેનું જ્ઞાનમાત્ર, બીજું જ્ઞાન નહિ. સમજાણું? એ તો હેય-ઉપાદેય તો વ્યવહારજ્ઞાન કહ્યું. કહ્યુંને બીજી લીટીમાં? '**જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' તે વ્યવહારજ્ઞાન છે. આ છોડવાયોગ્ય છે, આ આદરવાયોગ્ય છે એવું જે જ્ઞાન એ વિકલ્પ જ્ઞાન છે, એ પરંપરા નિમિત્ત છે, ખરેખર સિદ્ધિની પર્યાયનું સાક્ષાત્ કારણ નથી. આહા..હા..! '**અંતર્મુખ પરમબોધ વડે...**' સિદ્ધપર્યાય આત્માની પ્રગટ થાય છે. તે ધ્રુવનું જ્ઞાન અંતર્મુખ તે ધ્રુવપદ સિદ્ધપર્યાયને પ્રાપ્તનું કારણ છે. કહો, સમજાણું આમાં? હવે ચારિત્ર.

'**અને તે-રૂપે...**' એટલે જે જ્ઞાયક જેનો એક સ્વભાવ એવું જે નિજપરમતત્ત્વ તે રૂપે, તે પરમતત્ત્વરૂપે '**અવિચળપણે સ્થિત...**' એમાં સ્થિરતા. જ્ઞાયક જેનો એક સ્વભાવ એવું જે નિજપરમતત્ત્વ એમાં અવિચળપણે. અવિચળ-ચળપણું નહિ, અસ્થિરતા નહિ એવું સ્થિર, સ્થિર સ્વરૂપમાં, જ્ઞાયકસ્વરૂપમાં તદ્રૂપે સ્થિર. '**સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...**' એ સ્વભાવિક ચારિત્ર છે. પંચમહાવ્રતાદિના પરિણામ પહેલા કહ્યા, પાપથી નિવૃત્ત પરિણામ તે વ્યવહારચારિત્ર છે. આ નિશ્ચય યથાર્થ અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે. ત્રણે બોલ ભેગા થઈ ગયા. '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' અનંતકાળમાં નહિ થયેલી મોક્ષની દશા થાય છે. લ્યો, '**मग्गो मग्गफलं**' બેય સાથે વર્ણવ્યા. પહેલા કહ્યું હતુંને, માર્ગ અને માર્ગનું ફળ કહેશું. એ અહીં બેય કીધું. માર્ગ આ અને માર્ગનું ફળ સિદ્ધ ભગવાન. મોક્ષ થવો તે માર્ગનું ફળ છે. આહા..હા..!

'**જે પરમજિનયોગીશ્વર...**' જે પરમજિનયોગીશ્વર વીતરાગી સંત એને '**પહેલા પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે.**' એટલે છઠ્ઠા ગુણસ્થાન સુધી એને પાપક્રિયાની નિવૃત્તિ, પંચમહાવ્રતના પરિણામ એવું વ્યવહારથી ચારિત્ર, વ્યવહારનયના ચારિત્રમાં હોય છે. છે પરમજિનયોગીશ્વર. પરમશુદ્ધચૈતન્યની એકતા યોગ જોડ્યો છે તેવા. એને પહેલા એટલે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં એને પાપક્રિયા-અશુભના સાવદ્યયોગનો ત્યાગ, સાવદ્યયોગનો ત્યાગ એવી '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે.**' વ્યવહારનયનું ચારિત્ર હોય છે એમ કહે છે. ન સમજાણું? એ રાગાદિ અશુભરાગ ટળે છે માટે એને વ્યવહારનયનું ચારિત્ર કીધું છે. ખરેખર ચારિત્ર છે નહિ, પણ રાગની તીવ્રતાને ટાળીને મંદતામાં આવ્યો, દૃષ્ટિસહિત સમ્યગ્દર્શનસહિત છે, સમ્યક્જ્ઞાનસહિત છે, સ્થિરતા આદિ પ્રગટી છે. એને પંચમહાવ્રતના પરિણામને સાવદ્યયોગની નિવૃત્તિ તરીકે ગણીને એને વ્યવહારચારિત્ર છે તો બંધનું કારણ પણ વ્યવહારે અનુકૂળ નિમિત્ત ગણીને વ્યવહારચારિત્ર

કહેવામાં આવે છે.

બેને બહુ લખ્યું છે, ઈ પણ લખ્યું છે, ખુબ લખ્યું છે. ચારિત્રને પાપ કે ચારિત્ર બંધવાળું છે અને ચારિત્ર વિકારવાળું છે તો ક્યા ચારિત્રનું કહે છે? એ તો શુભરાગને વિકારવાળું કહે છે. એને તમારે ચારિત્ર માનવું છે? ચારિત્ર તો બીજું છે. એમ ખુબ લખ્યું છે. ચારિત્ર નિષેધે છે. ક્યા ચારિત્રને વિકાર કહે છે? જે સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર એને તો મોક્ષનું કારણ કહે છે. પણ તમે કષાયની મંદતાના પરિણામને ચારિત્ર માનતા હો તો એને એ વિકાર કહે છે બરાબર કહે છે. મોક્ષમાર્ગને પ્રકાશનો પ્રચાર હોવો જોઈએ એમ લખ્યું છે. માટે મોક્ષમાર્ગ પ્રકાશનો પ્રચાર, પ્રસાર બરાબર હોવો જોઈએ. નહિતર શ્રદ્ધા સુધરશે નહિ એમ લખ્યું છે. સમજાણું કાંઈ? ત્યાં તો વ્યવહારચારિત્રને બંધનું કારણ કહ્યું છે. કોના? ધર્મીજીવના વ્યવહારને. તમારે તો એકલા પંચમહાવ્રતના પરિણામ, એકલા સાવદ્યના, એકલા રાગ મંદના એને તમારે ચારિત્ર માનવું છે, એ ચારિત્ર-ફારિત્ર નથી. ...શીલને તમારે ખોસવા છે. શું કરે? કહો, સમજાણું?

'**પરમજિનયોગીશ્વર...**' જિનયોગી એટલે જિનેશ્વરે કહેલા તત્ત્વો એમાં આત્મ કહેલું તત્ત્વ એમાં જોડાણ કરનારા મુનિઓ એને પહેલી સાવદ્યયોગની પ્રવૃત્તિનો ત્યાગ હોય છે. પચ્ચખાણ એમ લે છેને? સાવદ્યયોગનો ત્યાગ કરે છેને? શુભપરિણામનો ત્યાગ છે એમ કાંઈ પચ્ચખાણમાં વ્યવહારમાં ન હોય. નિશ્ચયમાં એમ હોય (કે) શુદ્ધ ઉપયોગને અંગીકાર કરું છું. નિશ્ચયમાં શુદ્ધ ઉપયોગને અંગીકાર કરું છું, શુભરાગને પણ નહિ. પણ આ વ્યવહારથી જ્યારે આવે, બોલે ત્યારે તો આવે કે સાવદ્યયોગનો ત્યાગ કરું છું. તે વ્યવહાર '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહાનયગોચર તપશ્ચરણ હોય છે.**' એટલે વ્યવહારનું મુનિપણું કહેવામાં આવે છે. વ્યવહારચારિત્રવંતને વ્યવહારમુનિપણું કહેવામાં આવે છે, એ સાચું મુનિપણું નથી. સમજાણું કાંઈ? તે પણ નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન હોય એની વાત અહીં વાત છે. પરમજિનયોગી તો છે. ઓલાની વાતેય ક્યાં છે અહીં.

જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ બધાથી દૂર હઠી એકલા જ્ઞાયકનો અનુભવ કરીને સમ્યગ્દર્શન થયું છે, એકલા જ્ઞાયકનું તદ્માત્ર જ્ઞાન થયું છે, એની પણ સ્થિરતા પણ કેટલીક પરિણતિ થઈ છે, એને પૂર્ણ સ્થિરતાનું ચારિત્ર નથી ત્યારે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં વ્યવહારનયનું ચારિત્ર સાવદ્યયોગનો ત્યાગ (હોય છે). ઈ અપેક્ષાથી અહીં વાત લીધી છે. .. એમ લેને. એમ જ હોયને. શું કહે? નિશ્ચયથી તો એમ છે.

જયધવલમાં તો એમ કહ્યું છે. નિશ્ચયથી તો એમ કહ્યું કે મેં તો શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો હતો. મેં તો આમ બાધા લીધી હતી. પણ આ આહાર-પાણી લેવાનો વિકલ્પ ઉઠ્યો એ તો મારું પચ્ચખાણ છૂટી ગયું. મગનભાઈ! સમજાણું કાંઈ? જયધવલમાં તો એમ કહ્યું છે, મેં જ્યારે મુનિપણું લીધું ત્યારે તો મારે શુદ્ધ ઉપયોગ જ કરવો એ જ મારું મુનિપણું મેં અંગીકાર કર્યું છે. એમાં વચ્ચે આ આહાર-પાણીનો વિકલ્પ આવ્યો, સાંભળવાનો, ફલાણાનો

શુભરાગ એ મારું શુદ્ધ પચ્ચખાણ છૂટ્યું છે. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારનયનું લ્યે છે ત્યારે એમ લ્યે છેને, વ્યવહારથી ગુરુ પાસે આમ (કહે છે), એની પ્રધાનતાથી વાત કરી છે. પણ જ્યારે નિશ્ચયવાળો પોતાથી વાત કરે છે.. સમજાણું? આ તો લીધું છે, દ્યે છે એમ વ્યવહારની વાત હોય છેને, ઈ અપેક્ષાની વાત કરી છે. પણ જ્યાં લેનારની જ્યાં દૃષ્ટિની (વાત કરે ત્યાં) શુદ્ધ ઉપયોગ જ મારે આદરણીય છે. મારું ચારિત્ર સામ્ય છે. પ્રવચનસારમાં પહેલા આવે છેને?

જ્ઞાયક ચૈતન્યમાં પૂર્ણ રમણતા, રાગનો કણ જે ઉઠે તેને ઓળંગીને સ્થિર થવું એ મારું શુદ્ધ ઉપયોગનું મારું ચારિત્ર છે. જયધવલકાર તો કહે છે, મને આહારના, પાણીના વિકલ્પો ઉઠ્યા મારું પચ્ચખાણ તૂટી ગયું. એઈ..!

શ્રોતા :— શુદ્ધોપયોગરૂપ પચ્ચખાણ લીધા છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— હા, ઈ કહે છે. અહીં વ્યવહારની વાત છે. આમ લ્યે છે અને દ્યે છે ઈ અપેક્ષાની વાત છેને. કથન તો સમજવા જોઈએને, કઈ અપેક્ષાના છે. મેં અંદર શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો છે. કષાયનો કણ ઓળંગીને.. પહેલામાં આવ્યું નહિ? કષાયનો કણ જે રાગ આવે આ વ્યવહાર છે (તેને) ઓળંગીને શુદ્ધ ઉપયોગનું સામ્યપણું અંગીકાર કરું છું. પ્રવચનસાર પહેલામાં કહ્યું. કહ્યુંને? સમજાણું કાંઈ?

'**સહજનિશ્ચયાત્મક...**' નિશ્ચયાત્મક એટલે સ્વરૂપ. સ્વભાવિક નિશ્ચયનયસ્વરૂપ, જોયું? નિશ્ચયનયસ્વરૂપ '**પરમસ્વભાવસ્વરૂપ...**' એમ. '**સહજનિશ્ચયાત્મક...**' એટલે નિશ્ચયનયનો વિષય એમ ન લીધું. સ્વભાવિક નિશ્ચયનયસ્વરૂપ જે સ્થિરતા ચારિત્રની એ સહજ નિશ્ચયનયસ્વરૂપ કહી દીધી છે. નય અને નયનો વિષય ત્યાં ભેદ રાખ્યો નથી. સમજાણું કાંઈ? સહજનિશ્ચયનયસ્વરૂપ, સ્વભાવિક નિશ્ચયતત્ત્વ એવી જે સ્થિરતા વીતરાગીદશા એ સ્વભાવિક નિશ્ચયસ્વરૂપ છે, પરમસ્વભાવસ્વરૂપ છે. પરમસ્વભાવભાવસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ છે એવા '**પરમાત્મામાં...**' એવો પરમાત્મા પોતે. સહજનિશ્ચયનયસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ, એમ. સહજનિશ્ચનયાત્મક. સહજનિશ્ચયસ્વરૂપે પરમસ્વભાવસ્વરૂપ એવો પરમાત્મા પોતે એમાં '**પ્રતપન...**' વિશેષે સ્થિરતા થવી. પ્રતપન (અર્થાત્) શોભા અંદરથી પ્રગટવી. ધ્રુવમાંથી શુદ્ધતા પ્રગટીને શોભા આત્માના આનંદની વિશેષ થવી તેને તપ કહે છે. એને તપ એટલે તેને નિશ્ચય મુનિપણું કહે છે. સમજાણું કાંઈ? એને સાચું મુનિપણું કહે છે, એમ. ઓલાને કહ્યું હતું કે વ્યવહારચારિત્ર છે. વ્યવહારનયમાં વ્યવહારચારિત્ર છે. એને વ્યવહારનયગોચર તપસ્યા (હોય છે). તપસ્યા એટલે મુનિપણું.

અહીં નિશ્ચય ભગવાન આત્મા એની દર્શનશુદ્ધિ, એનું જ્ઞાન, એમાં અવિચળ સ્થિરતારૂપ વીતરાગી દશા તે જ પ્રતપન નામ તે જ તપવું તે મુનિપણું છે. તેને મુનિપણું સાચું કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે કહે છે, આવા મુનિપણાથી, એમ. '**નિજસ્વરૂપમાં**

અવિચળ સ્થિતિરૂપ...' પોતાનો ભગવાન જ્ઞાયકસ્વરૂપ પરમાત્મા એના સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ '**સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.**' આવા તપથી તે ચારિત્ર સ્થિરતાનું હોય છે. આવા મુનિપણાથી નિશ્ચયચારિત્ર હોય છે. કહો, સમજાણું આમાં?

શ્રોતા :— નિશ્ચય તરફ વજન બહુ છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :— વજન અહીં છેને પણ આમાં, જુઓને કેટલું. ઓલું તો છે, વસ્તુ નથી એમ નહિ. વ્યવહાર નથી એમ નહિ, પણ નિશ્ચયમાં વ્યવહારે અનુકૂળ ગણીને નિમિત્ત તરીકે કહ્યું છે. નિશ્ચયથી તો પ્રતિકૂળ છે. સ્વરૂપની દષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની લીનતા એની સાથે આવો વ્યવહાર વ્યવહારે નિમિત્ત તરીકે અનુકૂળ ગણીને એને વ્યવહારચારિત્ર ઉપચારથી કહ્યું છે. ખરેખર તો એ બંધનું જ કારણ છે. પણ એવો ભાવ મુનિ થાય... દ્રવ્યલિંગ ભાવલિંગ મને આપો એમ બોલે છેને? દ્રવ્યલિંગનો વિકલ્પ આવ્યો અને બાહ્યની ક્રિયા... બેય પ્રકારે મને આપો, પ્રભુ! દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો. વ્યવહારની ક્રિયામાં શું થાય? લ્યો, દ્રવ્ય-ભાવલિંગ તમને આપ્યું. આવે છેને, પ્રચનસારમાં? વજુભાઈ! ત્રીજા ભાગમાં આવે છે. પણ બીજું શું થાય? વ્યવહારના કથનો એવા છે. એનું ખાસ પ્રયોજન એનું જ્ઞાન આવું હોય એવું જ્ઞાન કરાવવાનું છે. એને ઠેકાણે ત્યાં આદરણીય માને એટલે આખો કહેવાનો આશય છે એને ફેરવી નાખે છે.

એકલો જ્ઞાયકસ્વભાવ ભરેલો ભગવાન, બસ એની શક્તિની વ્યક્તતા પ્રગટ થાય સ્વભાવની એ જ મુક્તિનું કારણ બાકી બધી સમજવા જેવી વાત છે. સમજાણું કાંઈ? એનાથી સિદ્ધપર્યાય પ્રાપ્ત થાય છે. કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. આ નિયમસાર છે અને એની આ ગાથામાં છે. નિજસ્વરૂપ ભગવાન આત્મા... નિજસ્વરૂપ કહ્યું હતું માથે. '**જ્ઞાયક જેનો એક સ્વભાવ એવા નિજપરમતત્ત્વ...**' કહ્યું હતુંને બીજી લીટીમાં. એવું જે નિજસ્વરૂપ એની અવિચળ સ્થિતિ એમાં. ચિદાનંદ ભગવાન આત્મા એમાં લીન થઈને જે સહજનિશ્ચયચારિત્ર થાય એ આ તપથી એટલે આવી મુનિદશાથી આ દશા થાય. વ્યવહારના ક્રિયાકાંડથી કાંઈ આવું ચારિત્ર થાય નહિ. એમ પાછું સાથે એમ કીધું છે. આવું ચારિત્ર આ તપથી જ હોય છે. આવું ચારિત્ર ઓલા વ્યવહારથી હોય છે એમ નહિ. સમજાણું કાંઈ? માથે કહ્યુંને પહેલું? સ્વાભાવિક નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ એવો પરમાત્મા પોતામાં પ્રતપન એકાકાર થઈને જેમ સોનાને ગેરુ ઓપે એમ ભગવાન આત્મા પોતાની અતીન્દ્રિય આનંદની શોભાને અંતર વધારે છે એને તપ કહે છે. એટલે એને મુનિપણું કહે છે. અને તે નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સ્વાભાવિક નિજચારિત્ર આવા તપથી હોય છે. પાછું આવું ચારિત્ર આવા તપથી હોય છે. એની વાત. એને કારણ ને કાર્ય એમાં નાખ્યા. એવું સ્વરૂપ ઓલા વ્યવહારથી હોય છે એમ નથી.

બીજે ક્યાંય કહ્યું (હોય) એ તો બીજે કહે વ્યવહારની વાતું તો કરે કે નહિ? નિમિત્તનું જ્ઞાન નથી કરાવવું? વ્યવહારમૈત્રી કહે એમાં શું છે? છે વેરી, પણ એને મૈત્રી કહે વ્યવહારથી.

બધા આરોપિત કથન જ એવા હોય છે. સમજાણું કાંઈ? જુઓ, આ વ્યવહારથી વ્યવહારચારિત્ર.. એમ આવ્યું હતુંને એમાં? '**વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' એમ કીધું હતું. આવું ચારિત્રમાં વ્યવહારનયગમ્ય તપસ્યા હોય છે. અહીં કીધું કે આવું પ્રતપન તપ તે સહજનિશ્ચયચારિત્ર આવા તપથી હોય છે. પોતાનું અંદર. પ્રતપન તે નિશ્ચયચારિત્રનું કારણ છે, એનાથી નિશ્ચયચારિત્ર છે. વિકલ્પ તે વિકલ્પનું કારણ છે. સમજાણું આમાં?

'એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(अनुष्टुभ्)

दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।

આધાર આપે છે, પોતે ટીકાકાર બીજા મુનિઓના કથનનો આધાર આપે છે.

'**શ્લોકાર્થ :— આત્માનો નિશ્ચય તે દર્શન છે,...**' પંચપરમેષ્ઠીનો નિશ્ચય તે વ્યવહારદર્શન છે, આ સાચું દર્શન છે. સમજાણું કાંઈ? જ્ઞાયક પરમાત્મા પોતે સ્વરૂપે પૂર્ણાનંદ એનો નિશ્ચય, એનો નિશ્ચય તે દર્શન છે—તે સમકિત છે. કહો, સમજાણું કાંઈ? '**આત્માનો બોધ તે જ્ઞાન છે,...**' એકત્વસપ્તતિ છેને. બે નહિ. આત્માનો બોધ. ભગવાન આત્મા નિજપરમતત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવ એનું જ્ઞાન, એનો બોધ થવો તે જ્ઞાન છે. બીજો બોધ તે જ્ઞાન નથી એમ એનો અર્થ છે. '**આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે;...**' '**स्थितिरत्रैव**' એમ છેને. આત્મામાં સ્થિતિ. જ્ઞાયકસ્વભાવ પૂર્ણ શુદ્ધથી ચૈતન્યરત્નાકર પડેલો છે એવો ભગવાન આત્મામાં જ સ્થિતિ—સ્થિરતા તે ચારિત્ર છે. એને ચારિત્ર કહેવામાં આવે છે.

અને '**આવો યોગ...**' એમ. '**(અર્થાત્ આ ત્રણેની એકતા)...**' યોગ એટલે એકતા. યોગ એટલે ત્રણનું જોડાણ, એમ. આવું દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણનું જોડાણ એટલે એકતા '**શિવપદનું કારણ છે.**' એ મોક્ષપદનું આ કારણ છે. કહો, પદ્મનંદી આચાર્યનો દાખલો આપ્યો. એ મુનિ થયા છે એ હમણાં જ થયા છે. ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાં. સમજાણું?

'વળી, (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :—)'

(मालिनी)

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।
अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः

सहजपरमतत्त्वे संस्थिता चेतना च।।७५।।

'**શ્લોકાર્થ :— સહજજ્ઞાન સદા જયવંત છે,...**' સ્વભાવિકજ્ઞાન ત્રિકાળ જયંવત છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ તે જયવંત છે. આ એની શ્રદ્ધા પણ જયવંત છે. '**તેવી (–સહજ) આ દષ્ટિ સદા જયવંત છે,...**' સ્વભાવિકદષ્ટિ જે ત્રિકાળ સ્વભાવની શ્રદ્ધાનું સ્વરૂપ અંદર દષ્ટિ ત્રિકાળ જયવંત વર્તે છે. એની પ્રતીત–શ્રદ્ધા થવી એ પણ જયવંત વર્તે છે. આહા..હા..! આવી ગયુંને પહેલાં? ઉપયોગમાં આવી ગયું છે, દસમી ગાથામાં. '**તેવું જ (–સહજ) વિશુદ્ધચારિત્ર પણ સદા જયવંત છે;...**' સ્વભાવિકચારિત્ર જે ત્રિકાળ આત્મામાં છે એ સદા જયવંત છે. એમ એને સ્થિરતા થવી તે પણ સદાય જયવંત છે.

'**પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત...**' પાપસમૂહરૂપી મળ, લ્યો. પાપસમૂહરૂપી મળ અને કાદવની પંક્તિથી રહિત '**જેનું સ્વરૂપ છે...**' એ બધું પાપ હોં! પુણ્ય અને પાપ બધું પાપ છે. આહા..હા..! '**એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...**' પરમતત્ત્વમાં સહજપરમતત્ત્વમાં સંસ્થિત–રહેલી '**ચેતના પણ સદા જયવંત છે.**' એવી ચેતના સહજ જયવંત છે અને એની સ્થિરતા પણ સદા જયવંત છે. મોક્ષ અને મોક્ષનો માર્ગ સદા જયવંત છે એમ કીધું છેલ્લું, લ્યો. એમ કરીને આ પહેલો અધ્યાય એટલે આ શુદ્ધભાવ અધિકાર પૂરો કર્યો છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)